૧૮૭૦ ની સાલથીજ સરકારમાંથી કાયદા (કલમબંદીઓ) ઠરાવવાનું શરૂ થયું હતું. પણ એ કાલનાં સ્ટાંપકાયદા સંબંધે કલમબંદી કરવા વિષે કંઇ વિચાર થયો હોય એવું જણાઈ આવતું નથી. સંવત ૧૮૮૩ ની સાલથી તો સરકારથી કાયદા કે કલમબંદીઓ ઠરાવવાનો રિવાજ વધવા માંડ્યો. એનું વિશેષ કારણ એવું દેખાય છે કે સંવત ૧૮૮૩ ની સાલમાં મુંબઇ ઇલાકામાં સન ૧૮૨૭ ના કાયદા (રેગ્યુલેશન) પ્રસિદ્ધ થયા હતા, અને તે પ્રમાણે તે ઇલાકામાં એ કાયદા પ્રમાણે અમલ શરૂ થયો, તેથી તથા લોકોના વ્હેવાર તથા તકરારો વધવાના સંભવ સરકારને નજર આવ્યાથી, આ રાજ્યને માટે પણ તે વખતની લોકોની સ્થિતિ તથા રીતભાત ઉપર નજર રાખી લેખીનિયમો (કલમબંદીઓ) ઠરાવવાની જરૂર સરકારની નજરમાં આવ્યાથી તથા કોર્ટોમાં રીતસર કામ ચલાવવાના ઉદ્દેશથી સરકારમાંથી કલમબંદીઓ (કાયદા) રચવામાં આવી. આ પ્રમાણે સ્ટાંપકાયદા સંબંધે કલમબંદી પણ આજ વખતે એટલે સંવત ૧૮૮૩ (સન ૧૮૨૭) ની સાલમાં થઇ એ કલમબંદી સન ૧૮૨૭ ના બ્રિટિશરાજ્યનો સ્ટાંપ કાયદો(સન૧૮૨૭ નો રેગ્યુલેશન નંબર ૧૮)ના ધોરણને અનુસરીને રચી હોય એમ જણાયછે, ત્યાર પછી સ્ટાંપ એટલે છાપના કાગળ સંબંધે વખતોવખત સરકારમાંથી સુધારો થઈ નવીન કલમબંદીઓ, ઠરાવ, હુકમ, તથા જાહેરનામાં કાઢવાનાં આવ્યાં, અને છેલ્લે સંવત ૧૯૨૩ માં સ્ટાંપનિબંધ પેહેલવેહેલો પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

સંવત ૧૮૮૩ ની સાલમાં દસ્તાવેજી સ્ટાંપકાયદા સંબંધે પેહેલવેહેલી કલમબંદી થઇ; તે પછી સંવત ૧૯૧૧ સુધી દસ્તાવેજી સ્ટાંપ કાયદા સંબંધે નવીન કલમબંદીઓ થઇ હતી કે નહીં એની માહિતી મળી આવતી નથી, પરંતુ એ મુદતમાં કાંઇ ફેરફાર થયો નહોતો એમ સમજાયછે. માત્ર સંવત ૧૮૮૩ પછી સંવત ૧૯૧૧ સુધીમાં સંવત ૧૮૯૦, સંવત ૧૯૦૪, સંવત ૧૯૦૮, તથા સંવત ૧૯૧૧ ની સાલમાં ન્યાયાધીશીની કલમબંદીઓ ઠરાવવામાં આવી. તેમાં પણ કોર્ટફીસ્ટાંપ બદલ જે રોકડ દસ્તુરી લેવામાં આવતી હતી તેમાં થોડો ઘણો ફેરફાર કરવામાં આવ્યાનું જણાયછે. દસ્તાવેજી સ્ટાંપ કાયદા વિષે કાંઇ ફેરફાર ઉપર જણાવ્યા પ્રમાણે થયો નથી એમ દીસેછે.

સંવત ૧૮૮૩ પછી સંવત ૧૯૧૧ ની સાલમાં, એટલે સન ૧૮૫૫ માં, મિતી આષાઢ સુદી ૮ નું જાહેરનામું સરકારથી પ્રસિદ્ધ થયું. તેમાં એવો ઠરાવ કરવામાં આવ્યો કે, વારસાઇ, બક્ષીસપત્ર, તથા વ્યવસ્થાપત્ર કરવાનાં હોય, તો સરકારમાં જાહેર કરી સરકાર આજ્ઞાથી છાપકાગળ ઉપર કરતાં જવાં. ત્યારબાદ એજ સાલમાં મિતી પોસ સુદ ૧૧ ને રોજ છ કલમી કલમબંદી સરકારમાંથી સ્ટાંપ કાયદા સંબંધે કરી, તથા તે પછી વખતોવખત હુજૂરથી ખુલાસા આપવામાં આવેલા.

સંવત ૧૯૧૧ પછી સંવત ૧૯૧૭ ની સાલમાં સ્ટાંપકાયદા વિષે ફરી વિચાર થયો હોય એવું જણાયછે; કારણ સંવત ૧૯૧૭ માં, ભાદરવા વદી ૧૪ ને રોજ વડોદરા ન્યાયાધીશી કોર્ટથી જાહેરનામું નીકળ્યું હતું કે, હરેક દસ્તાવેજ તથા ફેરફારગતીઓ કરવાની તે છાપના કાગળ ઉપર કરતાં જવું; એ પ્રમાણે ન કરવામાં આવ્યાથી ફરિયાદ કરતી વખતે દશપટ લાગત ભરવી પડશે વિગેરે. એવો ઠરાવ કરવાનું કારણ એવું દેખાયછે કે, એજ વખતે બ્રિટિશ-ઇલાકામાં સુધારા તથા વધારા સાથે નવીન સ્ટાંપ આક્ટ પેહેલવેહેલો અમલમાં આવ્યો હતો.

(જુઓ સન ૧૮૬૦ ના આક્ટ ૩૬ જે તારીખ ૧ ઑક્ટોબર સન ૧૮૬૦ થી અમલમાં આવ્યો હતો). આ નવીન સ્ટાંપઆક્ટ અમલમાં આવ્યા પછી થોડી મુદતે નવો સ્ટાંપ આક્ટ સન ૧૮૬૦ નો ૨૦ મો અમલમાં આવ્યો તેથી, તથા ઉપર પ્રમાણે જાહેરનામું પ્રસિદ્ધ થએલું છતાં જે પ્રમાણે વહિવટ એકસરખો આ રાજ્યમાં સર્વ ઠેકાણે શરૂ થવાનું નહીં જણાયાથી સરકાર હુજૂરથી (ફડણીસકચેરી તરફથી) સંવત ૧૯૨૧ મિતી જેઠ સુદ ૯ ને રોજ આંક ૩ ની કલમબંદી હરેક પ્રકારના દસ્તાવેજને સ્ટાંપની લાગત કેટલી પડશે એ બાબતની થઈ. એનો અમલ સંવત ૧૯૨૨ ના મૃગસાલથી શરૂ થયો. આ કલમબંદી થયા પછી ન્યાયાધીશી તરફથી સંવત ૧૯૨૧ ના આસો સુદ ૧ ના રોજ નવું જાહેરનામું નીકળ્યું, તેમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે, જાહેરનામાની તારીખથી ૭ માસની અંદર સાદા કાગળ ઉપરના દસ્તાવેજ લોકો પાસે હોય તે છપાવી લેશે તો બાબતની કિંમતની બમણી કિંમત લાગત તરીકે પડશે, અને તે મુદત પછી દશપટ લાગત ભરવી પડશે, અને તે વિના દસ્તાવેજ મંજૂર થશે નહીં. ઉપર પ્રમાણે જાહેરનામું નીકળ્યા પછી પણ લોકોએ એ જાહેરનામાનો લાભ બરોબર લીધો નહોતો. ઉપરની સંવત ૧૯૨૧ ની કલમબંદી સંબંધે તથા લોકોની હરકતો સંબંધે પછી કેટલાક ખુલાસા તથા હુકમો હુજૂરથી થયા હતા એમ જણાય છે.

સંવત ૧૯૨૧ ની સાલની કલમબંદીનો અમલ બહુ દિવસ ચાલ્યો નહીં હોય એવું દીસે છે. કારણ એ પછી સંવત ૧૯૨૨ ની સાલમાં કેટલાએક ખુલાસાના હુકમો નીકળ્યા હતા. સંવત ૧૯૨૩માં જેઠવદિ ૧૩ મૃગસાલનું જાહેરનામું ચાર કલમી [illegible]માંથી કાઢવામાં આવ્યું. તેમાં કિયા કિયા પ્રકારના દસ્તાવેજને કેટલી કિંમતનો સ્ટાંપ જોઈએ તે બાબત તથા સંવત ૧૯૨૧ આખર જે લોકોએ સાદા કાગળ ઉપર દસ્તાવેજ કર્યા હશે તે બાબત, દશપટ લાગત ન લેતાં રહેમનજરથી દુપટ લાગત લેવા વિષે હુકમ થયો. સદર જાહેરનામામાં એમ પણ ઠરાવવામાં આવ્યું હતું કે, આ જાહેરનામાની તારીખ સુધી જેણે જેણે સાદા કાગળ ઉપર દસ્તાવેજ કર્યા હશે તેણે તેણે આ જાહેરનામાની તારીખથી ચાર મહિનાની મુદતમાં દસ્તાવેજ છપાવી લેવા. કદાપિ એ મુદતમાં કોઈ છપાવી નહીં લે તો મુદત ગયા પછી, એટલે ચાર મહિના ગયા બાદ, દશપટ લાગત લેઈને દસ્તાવેજ છાપવામાં આવશે. ઉપર મુજબ ઠરાવ થયો છતાં પણ બરાબર તજવીજ ન રહ્યાથી તથા કેટલીએક હરકતો હુજૂરની નજરમાં આવ્યાથી સંવત ૧૯૨૩ની સાલમાં (સન ૧૮૬૭ માં) સ્ટાંપ એટલે છાપના કાગળ વિષે પ્રથમજ નિબંધ છપાઈને પ્રસિદ્ધ થયો. સંવત ૧૯૨૩ના આસો આખરપર્યંત થએલી કલમબંદીઓ, જાહેરનામાં, સરક્યુલરો, તથા હુકમોની યાદીઓનો વિચાર કરીને આ સાલમાં આ નિબંધ કરવામાં આવ્યો હતો. એજ વખતે સ્ટાંપકાયદા સંબંધે બ્રિટિશઇંડિયામાં પણ સન ૧૮૬૭નો આક્ટ ૨૬ અમલમાં આવ્યો હતો પરંતુ તેનું ધોરણ વિચારમાં લેઈને એ નિબંધ કર્યો હોય એમ દીસતું નથી. આ નિબંધ પ્રસિદ્ધ થયા પછી તરતજ એ નિબંધમાંના કેટલાએક ઠરાવમાં દુરસ્તી કર્યા વિષે હુજૂરથી સંવત ૧૯૨૩ ફાગણ સુદ ૮ નો ફડણીસ કચેરીનો આંક ૩૯૯નો હુકમ કાઢવામાં આવ્યો. તથા તે પછી પુરવણી સ્ટાંપનિબંધ સંવત ૧૯૨૩ ના આખર ઠરાવવામાં આવ્યો. આ બન્ને નિબંધ અમલમાં આવ્યા પછી તે સંબંધે ખુલાસા થયા હતા, તથા સાદા કાગળ ઉપરના દસ્તાવેજ છપાવી લેવા બાબત થોડી મુદત આપવામાં આવી હતી.

સંવત ૧૮૮૩ થી સંવત ૧[illegible] ની સાલ [illegible]

નહોતો. કોર્ટફી સંબંધે રોકડ દસ્તુરી લેવામાં આવતી હતી અને એ વ્યવસ્થા સંવત ૧૯૨૧ ની સાલમાં દિવાની નિબંધમાં પણ જણાવેલી છે. ત્યાર પછી પણ દસ્તુરીની રોકડ રકમ કોર્ટફી સબંધે લેવાનો રીવાજ જારી રહ્યો. માત્ર સંવત ૧૯૨૩ ના સ્ટાંપનિબંધમાં અરજી, વકીલપત્ર, વિગેરે કેટલીક બાબતો આઠ આનાના સ્ટાંપ કાગળ ઉપર કોર્ટમાં દાખલ કરવા વિષે ઠરેલું હતું. તેવી વ્યવસ્થા સંવત ૧૯૨૫ નો નિબંધ અમલમાં આવતા સુધી ચાલી હતી એમ જણાય છે.

સંવત ૧૯૨૫ (સન ૧૮૬૯)ની સાલમાં એકંદર પાછલા નિબંધ તથા ખુલાસા વિગેરેનો સરકાર હુજુરથી વિચાર થઇ નવો સ્ટાંપનિબંધ ઠરાવામાં આવ્યો. એના ઉપર " નિબંધ ૪ " એમ લખ્યું છે. એનો અમલ માગશર સુદ ૧૫ સંવત ૧૯૨૫ થી શરૂ થયો. (જુઓ મા. સરન્યાયાધીશની સરક્યુલર નંબર ૬ માગશરસુદ ૧૫ સંવત ૧૯૨૫). આ નિબંધમાં દસ્તાવેજી તથા કોર્ટફી સ્ટાંપ વિષે ઠરાવ એકત્ર કરેલા હતા. આ વખતે બ્રિટિશ ઇલાકામાં દસ્તાવેજી સ્ટાંપ વિષે નવો આક્ટ સન ૧૮૬૯નો ૧૮ નો શરૂ થયો હતો, અને જે તા. ૧ જાનેવારી સન ૧૮૭૦થી અમલમાં આવ્યો હતો. એ વખતે પણ એ આક્ટનું ધોરણ આ નિબંધ રચવામાં લીધેલું નહીં હોય એવું જણાય છે. પરંતુ આ રાજ્યના તે વખતના લોકોના વ્યવહાર, રીતભાત, તથા સ્થિતિ અને તે સાથે પાછલા નિબંધના ઠરાવ તથા રેગ્યુલેશન સન ૧૮૨૭ નો ૧૮ મો તે રચવામાં વિચારમાં લીધેલા હોવાનું એ નિબંધ જોયાથી જણાય છે. આ નિબંધમાં સંવત ૧૮૮૩ થી સંવત ૧૯૨૪ સાલ આખર થયેલા સાદા કાગળ ઉપરના દસ્તાવેજ તથા સહી કરેલાં ખતાં વિગેરે છાપી લેવા વિષે ફરી ઠરાવ કરેલો હતો.

સંવત ૧૮૮૩ (સન.૧૮૨૭)થી સ્ટાંપખાતાની વ્યવસ્થા વિગેરે ફડણીસકચેરી તરફ સોંપવામાં આવેલી હતી. એ વ્યવસ્થા વિગેરે સન ૧૮૭૫ સુધી ચાલુ રહી. એ મુદતમાં સ્ટાંપસંબંધે કલમબંદીઓ, તથા નિબંધ, વિષે ખુલાસા, હુકમો વિગેરે ફડણીસકચેરીથી તથા મહાલાનિહાય સરન્યાયાધીશી તરફથી નીકળતાં હતાં, પણ ઘણા ખરા હુજુરના ખુલાસા ફડણીસ કચેરીથી નીકળેલા જોવામાં આવે છે. સન ૧૮૭૫ માં સ્ટાંપખાતાની વ્યવસ્થા થોડી મુદત સુધી રા. બા. હુજુરઆસિસ્ટંટ સાહેબ તરફ રહી. અને તે પછી મુલ્કીખાતામાં એટલે રા. બા. મહાલાનીહાય સરસુભાસાહેબ તરફ તે સોંપવામાં આવી. સન ૧૮૭૫ ની સાલથી ઇંગ્રેજી ઇલાકાના વહિવટ પ્રમાણે સ્ટાંપ કાયદા સંબંધે ઘણાખરા ખુલાસા તથા સરક્યુલરો નામદાર વરિષ્ઠકોર્ટથી થવા લાગ્યા, તથા સ્ટાંપખાતાની અંતરવ્યવસ્થા સંબંધી સરક્યુલરો વિગેરે હુજુરસ્ટાંપખાતામાંથી નીકળવા લાગ્યા.

સંવત ૧૯૨૫ નો સ્ટાંપનિબંધ અમલમાં આવ્યો તેજ વખતે નવો દિવાની નિબંધ સરકારમાંથી ઠરી તે પણ અમલમાં આવ્યો. આ વખતથી લોકોના વ્યવહાર તથા રીતભાત, સ્થિતિમાં સુધારો વધવા લાગ્યો. તેજ પ્રમાણે લોકોમાં વધારે જોરથી વિદ્યાવૃદ્ધિનો પ્રસાર થવા લાગ્યો. કોર્ટોમાં દાવા વિગેરે તકરારો વધવાનું શરૂ થયું. આ પ્રમાણે દિનપર દિન વધારો થવાનું શરૂ થયું. રેલવે વિગેરે સાધનો મળવાથી લોકોનો સંબંધ બ્રિટિશ ઇલાકાના લોકોસાથે પણ વધવાથી કાયદાની બારીકાઇના તકરારો વધવા લાગી, દસ્તાવેજના જુદા જુદા પ્રકાર જે સંવત ૧૯૨૫ ના સ્ટાંપનિબંધમાં થોડા જણાવ્યા છે તે કરતાં વધારે બારીકાઇથી લોકોમાં દસ્તાવેજના પ્રકાર થવા લાગ્યા જેથી દસ્તાવેજનું સ્વરૂપ શું છે ને તેને શા ધોરણ પ્રમાણે સ્ટાંપ જોઇએ એ વિગેરેની

તકરારો પડવા લાગી. આ વિગેરે હરકતો ન પડે એ માટે સરકારથી સંવત ૧૯૪૨ સન ૧૮૮૬ માં નવો સ્ટાંપનિબંધ પ્રસિદ્ધ થયો. જે હાલમાં આ રાજ્યમાં ચાલેછે. એ નિબંધમાં સર્વે ઠરાવો દસ્તાવેજના સ્ટાંપવિષે છે. પરંતુ ઓ કોર્ટફી સ્ટાંપસંબંધે સંવત ૧૯૨૭ ના નિબંધનાં ઠરાવ તથા તે વિષે થયેલા ખુલાસા અદ્યાપ કાયમ રહ્યા છે. આ નવો નિબંધ ખાત્ર સન ૧૮૭૯ નો આકટ ૧ લા ઉપરથી જરૂરીયાત ફેરફાર કરીને કરેલો છે. આ નવો સ્ટાંપનિબંધ પ્રસિદ્ધ થયા પછી કેટલાક કારણથી કેટલીક મુદત સુધી અમલમાં આવ્યો નહોતો પણ પછી તે આખેર મિતી શ્રાવણ સુદ ૬ સંવત ૧૯૪૬ મુગી તા. ૧-૮-૮૯ થી અમલમાં આવ્યો (જુઓ હુજુરસ્ટાંપ જાવક નંબર ૧૧૧૧, તા. ૨૫-૫-૮૯નું મહાલાનીહાય સરસુબા સાહેબનું જાહેરનામું). સદર સ્ટાંપનિબંધ તા.૧ આગષ્ટ સન ૧૮૮૯ થી અમલમાં આવશે એમ એ જાહેરનામામાં આપેલું છે. ઉપર કહેલા નવાસ્ટાંપનિબંધની કલમ ૨ માં ઠરાવ્યું છે કે, "સદરહુ તારીખે તથા એ તારીખ પછી સંવત ૧૯૨૫ ની સાલનો સ્ટાંપનિબંધ દસ્તાવેજને સ્ટાંપ લગાડવાના સંબંધ પુરતો રદ કર્યો છે. તેજ પ્રમાણે આ સંબંધમાં આ નિબંધના નિયમવિરૂધ્ધ આ પેહેલાં થયેલા ઠરાવ, તથા સરક્યુલરોમાં જે નિયમ હશે તે આ નિબંધથી રદ થયા છે એમ સમજવું. પરંતુ આ નિબંધ અમલમાં આવતા પેહેલથયેલા દસ્તાવેજને આ નિબંધ લાગુ નથી. પણ સંવત ૧૯૨૫ ની સાલનો નિબંધ તથા તે અન્વયે થયેલા ઠરાવ, તથા સરક્યુલરોમાં જે નિયમ હોય તે સર્વ લાગુ છે એમ સમજવું".આ પ્રમાણે વિશેષ ઠરાવ આ નિબંધની કલમ ૨ માં કર્યો છે.

હાલના નવાસ્ટાંપનિબંધમાં દસ્તાવેજ લાગતને પાત્ર છે કે નહીં, ને હોય તો કેટલી લાગતને પાત્ર છે એ સંબંધે આખરનો ઠરાવ કરવાનો અધિકાર નિબંધની કલમ ૪૩ થી ૪૪ સુધીમાં નામદાર વરિષ્ઠકોર્ટને આપેલો છે, તથા સ્ટાંપ કાગળો વિષે તથા સ્ટાંપ ખાતાની અંતરવ્યવસ્થા વિષે તથા સ્ટાંપનિબંધના હેતુ પારપાડવા વિષે નિયમ કરવાના અધિકાર મુલકીખાતામાં નિબંધની કલમ ૪૮ પ્રમાણે મેહેરબાન મહાલાનિહાય સરસુબા સાહેબને સોંપેલો છે, તથા સ્ટાંપખાતા ઉપરની દેખરેખ પણ એઓસાહેબ તરફ છે.

ઉપર પ્રમાણે સ્ટાંપનિબંધ સંબંધે થોડી માહિતી આપેલીછે. એ ઉપરથી નવીન સ્ટાંપનિબંધ અમલમાં આવતાં પેહેલાંના ઠરાવ, ખુલાસા, સરક્યુલરો વિગેરેનો સંગ્રહ કરવાનું, ઉપર જણાવેલા કારણથી મેં બંધ રાખ્યુંછે.

નવા સ્ટાંપનિબંધમાં ઘણા ભાગે દરેક બાબત વિષે ખુલાસોછે, તથા તે લોકોના વ્યવહારમાં અડચણો ન પડે એમાટે કરેલોછે ખરો. પરંતુ તેમાંના નિયમ તથા ઠરાવ ઘણા લોકો બરાબર સમજેલા નહીં હોવાથી લોકોને આ નવીન નિબંધ સંબંધે અડચણો આવેછે, તથા એ નિબંધ વિષે કેટલાએક લોકોના મનમાં કાલ્પનિક હરકતો આવે છે; તેવીજ રીતે સ્ટાંપકાયદાનો અમલ જે સરકારી અમલદારને કરવો પડેછે એવા ન્યાયાધીશ, નોંધણીઅમલદાર, વિગેરેની આગળ કામના સંબંધે આવેલા દસ્તાવેજ લાગતને પાત્ર છે કે નહીં અને હોયતો કેટલી લાગતને પાત્રછે. એ વિષે સંશય આવવાનો સંભવ છે; તેજ પ્રમાણે ધંધામાં જેમને સ્ટાંપકાયદા સંબધે જોવું પડેછે એવા વકીલ, વેપારી વિગેરેને પણ એ સંબંધે સંશય આવવાનો સંભવ છે. ઉપર પ્રમાણે સંશય, નવોસ્ટાંપનિબંધ અમલમાં આવ્યા પછી આવવાથી, આ નિબંધ પ્રમાણે તે બાબત

સ્ટાંપ નિબંધ પરિશિષ્ટની રકમ.	બ્રિટિશ ઇંડીયન સ્ટાંપ આક્ટની પરિશિષ્ટની રકમ.	સ્ટાંપ નિબંધની રકમ.	બ્રિટિશ ઇંડીયન સ્ટાંપ આક્ટ પરિશિષ્ટની રકમ.
ખુલાસો નથી એવી	પરિશિષ્ટ ૧ ની રકમો	પરિશિષ્ટ ૨	પરિશિષ્ટ ૨
,,	૨૬	રકમ ૨	રકમ ૧૩
,,	૨૭	રકમ ૩	,, ૧૫
,,	૩૧	રકમ ૪	,, ૧૭
,,	૩૮	રકમ ૫	,, ૧૮
,,	૪૦	ખુલાસો નથી.	રકમ ૧
,,	૪૧	,,	,, ૩
,,	૪૨	,,	,, ૪
,,	૪૫	,,	,, ૫
,,	૪૬	,,	,, ૬
,,	૪૭	,,	,, ૭
,,	૪૮	,,	,, ૮
,,	૫૧	,	,, ૯
,,	૫૫	,,	,, ૧૦
,,	૫૬	,,	,, ૧૧
,,	૫૮	,,	,, ૧૨
,,	૫૯	,,	,, ૧૪
પરિશિષ્ટ ૨.	પરિશિષ્ટ ૨.	,,	,, ૧૬
,, રકમ ૧	રકમ ૨		

—०x०—

ઠરાવમાં અથવા ખુલાસામાં જે જે ઠેકાણે અન્ય ગ્રંથ અથવા પ્રિવિ હાઇકોરટના ઠરાવ વિગેરે આધાર લીધા છે તે વિષેની માહિતી.

ગ્રંથ વિગેરેનું નામ.	ગ્રંથ વિગેરેનું પાનું.	આ પુસ્તકનું પાનું.
આક્ટ, સન ૧૮૭૯ નો ૬ ઠો.		
આ આક્ટની કલમ ૯		૧૪૦, ૧૪૩
,, ,, ૨૩		૧૧૩
,, ,, ૨૪		૩૩૧,૩૩૨
,, ,, ૩૩		૧૪૦,૧૪૨
,, ,, ૩૪ રકમ ૧.		
,, ,, ૩૫		૪૬૫
,, ,, ૩૬		
,, ,, ૩૯		૩૩૩
,, ,, ૫૬		૧૪૦,૧૪૩
આ આક્ટની પરિશિષ્ટ ૧, રકમ ૧૩		૩૫૪
,, ,, ૨૫		૯૨
,, ,, ૩૮		૨
,, ,, ૪૪		૩૫૪
આક્ટ કરાર આક્ટ સન ૧૮૭૨ નો ૯ મો.		
આ આક્ટની કલમ ૭૩—૭૪		૩૨૮
,, કલમ ૨૩૯		૨૧૬,૨૨૦
ટ્રસ્ટઆક્ટ સન૧૮૭૨નો ૨ જો કલમ ૬		૧૧૭, ૧૧૯
ટ્રાન્સફરઆફપ્રાપરટીઆક્ટ સન ૧૮૮૨નો ૪થો, કલમ ૧૨૨,૨૭૧		
ઇન્ડિયનલારીપોર્ટસ.—		
,, મુંબઇ સીરીજના,		
,, વા. ૧	૨૬૭	૧૭૨
,, વા. ૨	૧૧૩	૧૨૩,૧૨૫
,, વા. ૩	૨૧	૧૦૦,૧૦૧
,, વા. ૪	૩૨૬	૨૬૪,૨૬૭
,, વા. ૫	૮૯	૩૮૧,૩૮૨
,, ,,	૧૮૮	૩૧૩,૩૧૫
,, ,,	૪૭૦	૩૩૦,૩૦૨
,, વા. ૭	૧૩૭	૩૦૪
,, વા. ૮	૧૩	૧૦૦,૧૦૧
,, વા. ૯	૫૦	૪૮
,, ,,	૪૩૫	૩૮,૪૦,૧૫૦
,, વા. ૧૧	૪૬૨	૧૨૬
,, વા. ૧૪	૫૧૧	૨૬૪,૨૬૭

ગ્રંથવિગેરેનું નામ.	ગ્રંથ રિપોર્ટનું પાનું.	આ પુસ્તકનું પાનું.
ઇંડીયન લૉ રિપોર્ટસ:—		
,, મદ્રાસ સીરીજના,		
,, વા. ૪	૩૮૧	૧૦૦,૧૦૧
,, વા. ૫	૧૯	૩૩૦,૩૩૨
,, વા. ૭	૩૪૯	૨૩૧
,, વા. ૯	૫૩૨	૧૪૦,૧૪૪
,, અલાહાબાદ સીરીજના,		
,, વા. ૩	૧	૧૨૩,-૧૨૫
,, કલકત્તાસીરીજના		
,, વા. ૮	૨૭૪	૧૨૩, ૧૨૬
,, વા. ૧૧	૧૨૧	૬૮, ૬૯
,, વા. ૧૮	૩૯	૧૪૦,૧૪૪
હાઈ કોરટ રિપોર્ટસ:—		
,, મુંબઈહાયકોરટના,		
,, વા. ૫	૯૨	૧૦૦, ૧૦૧
,, વા. ૭	૧૦	૨૭૭
,, વા. ૧૦	૩૫૪	૧૬૫
,, મદ્રાસ હાયકોરટના.		
,, વા. ૩	૩૬૩	૧૨૩,૧૨
,, વા. ૮	૩૧	૧૨૩,૧૨૬
હાયકોરટના છાપીલ ઠરાવ.—		
,, મુંબઇ હાયકોરટના,		
,, સન૧૮૮૧	૧૧૨	૨૬૭
,, ,, ૧૮૮૨	૧૯૫	૬૯, ૭૦
,, ,, ૧૮૮૪	૩૧૮	૧૦૨
,, ,, ૧૮૮૬	૮૩	૬૯,૭૦
,, ,, ,,	૧૩૯	૨
,, ,, ૧૮૮૮	૨૨૩	૩
,, ,, ,,	૨૨૭	૬૯, ૭૦, ૭૪
,, ,, ,,	૨૫૯	૩
મ્યાકસવેલકૃત સ્ટયાટુટનો ગ્રંથ, આવૃતી બીજી.		
,, ,, પૃ૪ ૧૭,૩૦૪,૩૦૫		૧૪૦,૧૪૪
,, ,, ,, ૩૪૯		૭૩,૭૪,૮૦ ૮૧

ગ્રંથ વિગેરેનું નામ.	લખાણ વિગેરેનું પાનું.	આ પુસ્તકનું પાનું.
મ્યાનુઅલ — પંજાબ રજીસ્ટ્રેશન રૂલ ૪૫		
સ્ટાંપ મ્યાનુઅલ — ઇંટરપ્રેસિડન્સીયલ, પુનુસ્વામી કૃત, સન ૧૮૮૬ની આવૃતિ.		
ભાગ ૧ લો	૫૨	૧૪૨
એ મ્યાનુઅલ સાથે આપેલા ફોર્મના પૃષ્ઠ.		
	૯	૨૨૭
	૧૦, ૧૧	૩,૨૭૨
	૫૯	૪૦૬
	૮૭	૫૬,૫૭,૫૮
	૮૭	૧૭૧
	૧૧૫	૩૦૪
	૧૨૩	૩૨૯,૩૩૬
	૧૫૦	૧૦૮
	૧૯૪	૨૭૬,૩૨૦
	૨૧૩, ૨૧૭, ૨૧૮	૨૬૭
	૨૩૬	૩૯૭
	૨૫૧	૨૧૬,૨૨૦
	૨૫૨	૪૦૩
	૨૬૨	૪૦૬
રેવિન્યુ ખાતાની રૂલ — આ રાજ્યની, તા. ૨૦—૮—૮૬.		
કલમ ૨ તથા ૫		૧૦૮

———✦———

અનુક્રમણિકા.

(આ પુસ્તકમાં કિયા પૃષ્ઠે કિયા નંબરનો ઠરાવ અથવા ખુલાસા વિગેરે છે તે બાબતની.)

સન ૧૮૮૯—૯૦.

વરિષ્ઠકોરટના ઠરાવ.

સમજુતી.

જે નંબર ઉપર આ *ચિન્હ છે તે ઠરાવ મહત્વનો છે અને તે બીજા ઠરાવ થયા છે તેમાં વિચારમાં લીધો છે અથવા લાગુ કર્યો છે એમ સમજવું.

સ્ટાં. ખુ. ર. નંબર. અથવા ખુલાસાનો નંબર.	સાલ.	જે કલમ પ્રમાણે ખુલાસો પુછેલો હોય તે કલમ.	ફેસલાની અથવા ખુલાસાની તારીખ	આ પુસ્તકનું પૃષ્ઠ.

પરચુરણ ઠરાવ, જાહેરનામાં, સરકયુલરો, તથા ખુલાસા.

બાબત.

•	પરચુરણ ઠરાવ, વરિષ્ઠકોરટનો.	૪-૧૧-૮૯	૪૨
•	જાહેરનામું, હુજુરકચેરીનું.	૩૦—૯-૮૯	૪૩
૬૩૩	હુજુરમેમો, હુજુરકચેરીનો.	૨૩—૮-૮૯	૪૩
૩૧	સરકયુલર, મ. સરસુભા કચેરીનો.	૮-૧૦-૮૯	૪૪
૭	,, વરિષ્ઠકોરટનો.	૧-૧૧-૮૭	૪૪
૫૯	,, મ. સરસુભા કચેરીનો.	૩૦-૧૨-૮૯	૪૫
૨	,, વરિષ્ઠકોરટનો.	૧૯-૯-૮૯	૪૫
૪૫૭	ખુલાસો, વરિષ્ઠકોરટનો.	૨-૧૨-૮૯	૪૬
૩૭	ખુલાસો, નોં. ખા. મુ. અધિકારીનો.	૫-૧૧-૮૯	૪૭
૧૮૫	,, ,,	૩૦-૧૧-૮૯	૪૭

સન ૧૮૯૦-૯૧.

વરિષ્ઠકોરટના ઠરાવ.

૩૧	૧૮૮૯-૯૦	નિયમની કલમ ૧૧.	૧૬—૮-૯૦	૫૦
૬૯	,,	,,	૩૦—૮-૯૦	૫૨
૩૩ *	,,	,,	૩—૯-૯૦	૫૪
૩૯ *	,,	,,	,,	૫૬
૫૬	,,	,,	૪—૯-૯૦	૫૭
૭૨ *	,,	,,	૩—૯-૯૦	૫૯
૧૭	,,	,,	૬—૯-૯૦	૬૦
૪૮ *	,,	,,	૧૮-૧૦-૯૦	૬૩
૫૪ *	,,	,,	,,	૬૫
૧૮ *	,,	,,	૨૮-૧૦-૯૦	૬૭
૫૦	,,	નિબંધની કલમ ૪૩.	,,	૬૯
૩૦	,,	નિબંધની કલમ ૪૧.	૩૦-૧૦-૯૦	૭૧
૩૨ *	,,	,, કલમ ૪૩.	૩૧-૧૦-૯૦	૭૩
૪૯	,,	નિયમની કલમ ૧૧.		૭૫

રટાં. ખુ. ૨ નંબર.	સાલ.	જે કલમ પ્રમાણે સવાલ પુછેલો હોય તે કલમ.	ફેસલાની તારીખ.	આ પુસ્તકનું પૃષ્ઠ.
૫૭	૧૮૮૯—૯૦	નિયમની કલમ ૧૧.	૩૧-૧૦-૯૦	૭૭
૬૦	૧૮૯૦—૯૧	,,	૩-૧૧-૯૦	૭૮
૩૪	૧૮૯૦—૯૧	નિબંધની કલમ ૪૩.	૪-૧૧-૯૦	૭૯
૨૭ તથા }	૧૮૮૯—૯૦	નિયમની કલમ ૧૧.	,,	૮૨
૨૮ }	,,	,,	,,	૮૨
૫૫	,,	,,	૨૫-૧૧-૯૦	૮૩
૩૧	૧૮૯૦—૯૧	,,	૨૭-૧૧-૯૦	૮૫
૩૫	,,	,,	,,	૮૭
૪૭ *	૧૮૮૯—૯૦	,,	,,	૮૯
૩૬	૧૮૯૦—૯૧	,,	૨૮-૧૧-૯૦	૯૧
૨૧	,,	,,	,,	૯૩
૩૮	૧૮૮૯—૯૦	,,	,,	૯૫
૪૫ *	,,	,,	,,	૯૭
૪૭ *	૧૮૯૦—૯૧	નિબંધની કલમ ૪૩.	,,	૯૯
૨૨	,,	,,	૨૯-૧૧-૯૦	૧૦૧
૨૫ *	,,	નિયમની કલમ ૧૧.	,,	૧૦૩
૫૦	,,	,,	૪-૧૨-૯૦	૧૦૬
૬૪	૧૮૮૯—૯૦	,,	,,	૧૦૯
૧૫	,,	નિબંધની કલમ ૪૩.	૩૦-૧૨-૯૦	૧૧૧
૨૬	,,	નિયમની કલમ ૧૧.	૩૧-૧૨-૯૦	૧૧૩
૬૬ *	,,	,,	,,	૧૧૬
૧૬	,,	,,	,,	૧૨૦
૩૭ *	,,	,,	,,	૧૨૩
૪૧	,,	,,	,,	૧૨૭
૪૨	,,	,,	,,	૧૨૯
૬૭	,,	,,	,,	૧૩૧
૬૯	૧૮૯૦—૯૧	,,	,,	૧૩૪
૫૯	,,	,,	૧-૧-૯૧	૧૩૬
૨૩ *	૧૮૮૯—૯૦	,,	૧૮-૨-૯૧	૧૩૯
૨૫	,,	,,	૨૦-૨-૯૧	૧૪૫
૩૪	,,	,,	,,	૧૪૬
૩૫	,,	,,	,,	૧૪૮
૫૨	,,	,,	,,	૧૪૯
૫૮	,,	,,	,,	૧૫૧
૬૫	૧૮૯૦—૯૧	,,	૨૧-૨-૯૧	૧૫૨

સ્ટાં. ખુ. ર. નંબર.	સાલ.	જે કલમ પ્રમાણે ખુલાસો પુછેલો હોય તે કલમ.	ફેસલાની તારીખ.	આ પુસ્તકનું પૃષ્ઠ.
૬૪ *	૧૮૫૦-૫૧	નિયમની કલમ ૧૧.	૫-૩-૫૧	૧૫[illegible]
૭૭ *	,,	નિબંધની કલમ ૪૪.	૬-૩-૫૧	૧[illegible]
૩૬ *	૧૮૪૯-૫૦	નિયમની કલમ ૧૧.	૧૭-૩-૫૧	૧૬૨
૩૪	,,	,,	૨૦-૩-૫૧	૧૬૫
૫૮ *	૧૮૫૦-૫૧	નિબંધની કલમ ૪૩.	૨૩-૩-૫૧	૧૬૭
૧૦૦	,,	,,	૩૦-૩-૫૧	૧૭૨
૪૩	૧૮૪૯-૫૦	નિબંધની કલમ ૧૧.	૬-૪-૫૧	૧૭૩
૪૪ *	,,	,,	,,	૧૭૫
૪૬ *	,,	,,	૧૦-૪-૫૧	૧૭૮
૫૩	,,	,,	૧૩-૪-૫૧	૧૮૨
૫૯ *	,,	,,	,,	૧૮૫
૧૦૪	૧૮૫૦-૫૧	,,	,,	૧૮૭
૬૧ *	૧૮૪૯-૫૦	,,	૧૮-૪-૫૧	૧૮૮
૧૦૭	૧૮૫૦-૫૧	,,	,,	૧૯૨
૬૩	૧૮૪૯-૫૦	,,	૨૧-૪-૫૧	૧૯૪
૬૨	,,	,,	૨૭-૪-૫૧	૧૯૬
૩	૧૮૫૦-૫૧	,,	,,	૧૯૯
૬૮	૧૮૪૯-૫૦	,,	૨૮-૪-૫૧	૨૦૧
૧૦૬	૧૮૫૦-૫૧	,,	૨૯-૪-૫૧	૨૦૫
૭ *	,,	,,	૪-૫-૫૧	૨૦૯
૨૩	,,	નિબંધની કલમ ૪૧.	૪-૫-૫૧	૨૧૧
૧૫	,,	નિયમની કલમ ૧૧.	૬-૫-૫૧	૨૧૪
૨૪	,,	નિબંધની કલમ ૪૧.	૧૪-૫-૫૧	૨૧૬
૨૯	,,	નિયમની કલમ ૧૧.	૧૪-૫-૫૧	૨૨૧
૨૬	,,	,,	૧૮-૫-૫૧	૨૨૪
૨૭	,,	,,	,,	૨૨૬
૨૮	,,	,,	,,	૨૨૯
૩૨ *	,,	નિબંધની કલમ ૪૧.	,,	૨૩૨
૩૩	,,	,,	,,	૨૩૫
૧૦૯	,,	,, કલમ ૪૪.	૨૦-૫-૫૧	૨૩૭
૪૫	,,	નિયમની કલમ ૧૧.	૨૫-૫-૫૧	૨૪૦
૫૨	,,	,,	૨૭-૫-૫૧	૨૪૨
૭૦	,,	,,	,,	૨૪૪
૭૩	,,	,,	,,	૨૪૫
૧૨૧	,,	,,	,,	૨૪૭

સ્ટાં. ખુ. રૂ. નંબર.	સાલ.	જે કલમ પ્રમાણે ખુલાસો પુછેલો હોય તે કલમ.	ફેસલાની તારીખ.	આ પુસ્તકનું પૃષ્ઠ.
૪૨ *	૧૮૯૦-૯૧	નિયમની કલમ ૧૧.	૨૯-૫-૯૧	૨૪૯
૧૩૭	,,	,,	૩૧-૫-૯૧	૨૫૧
૯૦	,,	,,	૨-૬-૯૧	૨૫૩
૪	,,	,,	૩-૬-૯૧	૨૫૫
૭૭	,,	,,	,,	૨૫૯
૧૧૪	,,	,,	,,	૨૬૨
૪૬ *	,,	નિબંધની કલમ ૪૩.	૪-૬-૯૧	૨૬૪
૯૭	,,	નિયમની કલમ ૧૧.	,,	૨૬૮
૧૧૬ *	,,	,,	,,	૨૭૦
૯૭	,,	,,	,,	૨૭૩
૯૪	,,	,,	૫-૬-૯૧	૨૭૫
૧૧૮	,,	સુભાસાહેબના લખાણથી.	૬-૬-૯૧	૨૭૭
૩૮	,,	જુનાસ્ટાંપનિબંધ પ્રમાણે.	૭-૬-૯૧	૨૭૯
૬૬	,,	નિયમની કલમ ૧૧.	,,	૨૮૧
૬૮	,,	,,	૧૦-૬-૯૧	૨૮૩
૯૨	,,	,,	,,	૨૮૫
૧૨૪	,,	,,	,,	૨૮૮
૧૨૫	,,	,,	,,	૨૯૦
૧૨૬	,,	,,	,,	૨૯૨
૯૫	,,	,,	,,	૨૯૪
૧૧૭	,,	જુનાસ્ટાંપનિબંધ પ્રમાણે.	,,	૨૯૬
૬૭	,,	નિયમની કલમ ૧૧.	,,	૨૯૯
૭૯	,,	નિબંધની કલમ ૪૧.	૧૨-૬-૯૧	૩૦૦
૧૦૩	,,	,, કલમ ૪૩.	૧૫-૬-૯૧	૩૦૨
૩૯	,,	,, ,,	૧૭-૬-૯૧	૩૦૫
૪૯	,,	,, કલમ ૪૧.	,,	૩૦૭
૬૩	,,	નિયમની કલમ ૧૧.	,,	૩૦૯
૭૫ *	,,	નિબંધની કલમ ૪૪.	૧૯-૬-૯૧	૩૧૩
૮૬	,,	,,	૨૧-૬-૯૧	૩૧૫
૧૨૭	,,	,, કલમ ૪૩.૨	૩-૬-૯૧	૩૧૯
૧૩૭	,,	,,	,,	૩૨૦
૧૩૮	,,	નિયમની કલમ ૧૧.	,,	૩૨૩
૧૩૪	,,	,,	,,	૩૨૫
૮૧	,,	,,	૨૪-૬-૯૧	૩૨૮
૧૩૦	,,	,,		૩૩૦

મહત્વના ખુલાસા, સરક્યુલરો તથા ઠરાવહુકમ.

ડિસ્ટ્રિક્ટકોરટના ખુલાસા.

સ્ટાંપ સ.ર. નંબર.	સાલ.	શેરા નંબર.	ખુલાસાની તારીખ.	આ પુસ્તકનું પૃષ્ઠ.
૨૦	૧૮૮૯-૯૦	૪૭	૨૫-૮-૯૦	૪૧૯
૧૯, ૨૧ તથા ૨૨	,,	૪૬	૨૨-૮-૯૦	૪૧૯
૮ તથા ૯	૧૮૯૦-૯૧	૪૮	૨૫-૮-૯૦	૪૨૦
૧૧	,,	૫૧	૨૬-૮-૯૦	૪૨૧
૧૩	,,	૯૯	૩૧-૮-૯૦	૪૨૧
૨૪	,,	૧૫૯	૧૩-૯-૯૦	૪૨૨
૩૭-૪૦ તથા ૪૧	,,	૩૭૯ તથા ૧૬૪૯	૭-૧૧-૯૦ ૨૬-૭-૯૧	૪૨૨ ૪૨૩
૫૩	,,	૬૮૬ તથા ૬૮૭	૩૧-૧૨-૯૦	૪૨૪
૬૧	,,	૬૮૮	૩૦-૧૨-૯૦	૪૨૪
૪૦ તથા ૬૫ અને ૩,૫, તથા ૭૧	૧૮૮૯-૯૦ ૧૮૯૦-૯૧	૧૦૭૦	૩-૪-૯૧	૪૨૫
૧	,,	૩૫૧	૮-૬-૯૧	૪૨૬
૬૦	,,	૧૪૫૯	૧૦-૬-૯૧	૪૨૭
૧૩૬	,,	૧૫૩૮	૨૭-૬-૯૧	૪૨૭
૮૨	,,	૧૪૯૧	૧૯-૬-૯૧	૪૨૮
૧૪૭	,,	૧૫૮૭	૪-૭-૯૧	૪૨૯
૧૪૪	,,	૧૬૯૬	૨૩-૭-૯૧	૪૨૯
૧૫૯	,,	૧૬૯૭	૨૩-૭-૯૧	૪૩૦
૦	,,	૧૨૭	૯-૯-૯૦	૪૩૧
૦	,,	૩૧૯	૩૦-૧૦-૯૦	૪૩૧
૦	,,	૪૫૯	૨૪-૧૧-૯૦	૪૩૨

હજુર સ્ટાંપખાતાના ખુલાસા, તથા ઠરાવહુકમ.

આ પુસ્તકમાં નાખેલા નંબર.	બાબત.			
૧	ખુલાસો.	૨૦૭૩	૨૭-૭-૮૯	૪૩૨
૨	,,	૧૧૭૩	૧૪-૧૧-૮૯	૪૩૩
૩	,,	૫૨૯	૨૮-૫-૯૦	૪૩૪
૪	,,	૫૩૩	૨૪-૫-૯૦	૪૩૫

આ પુસ્તકમાં નાખેલો નંબર.	બાબત.	શેરાનંબર.	ખુલાસાની તારીખ	આ પુસ્તકનું પૃષ્ઠ.
૫	ખુલાસો.	૫૩૪	૨૪—૯—૯૦	૪[illegible]
૬	,,	૫૩૫	૨૪—૯—૯	૪૩૬
,,	,,	૬૧૯૩	૨૨—૭—૯૧	૪૩૧
૭	,,	૫૪૮	૨૪—૯—૯૦	૪૩૯
૮	,,	૫૭૬	૨૪—૯—૯૦	૪૩૯
૯	,,	૨૮૧૪	૨૮—૧—૯૧	૪૪૦
૧૦	,,	૪૦૯૭	૯—૪—૯૧	૪૪૦
૧૧	,,	૬૧૯૫	૨૨—૭—૯૭	૪૪૧
૧૨	વટહુકમ.	૨૦૪૭	૧૭—૫—૯૧	૪૪૧
૧૩	,,	૩૧૫૮	૩૦—૬—૯૧	૪૪૨
૧૪	,,	૩૧૮૭	૩—૭—૯૧	૪૪૨
૧૫	,,	૩૨૬૩	૧૩—૭—૯૧	૪૪૩
૧૬	,,	૩૨૬૪	૧૩—૭—૯૧	૪૪૩
૧૭	,,	૩૩૨૨	૧૮—૭—૯૧	૪૪૪

વરિષ્ઠકોર્ટ નોંધણીખાતાના સરક્યુલરો.

૧	સરક્યુલર નંબર.	૬	૧૨—૧—૯૧	૪૪૫
૨	,,	૭	૨૬—૧—૯૧	૪૪૫
૩	,,	૧૨	૬—૩—૯૧	૪૪૬
૪	વટહુકમ.	૧૪	૨૨—૫—૯૧	૪૪૭

આ પુસ્તકમાં ટિપમાં જે ખુલાસા વિગેરે આપ્યા છે તે વિષે.

શેરાનંબર.	બાબત.	શેરાની તારીખ.	પૃષ્ઠ.
૫૫૯	ખુલાસો, નોં. ખા. મુ. આ.	૧૧—૨—૮૮	૭૬
૩૬૦	,, ,,	૧૯—૭—૮૮	૯૦, ૨૫૯
૩૯૭	,, ,,	૨૭—૭—૮૮	૧૫૬
૧૦૯	જાહેરનામું. મ. સરસુબા કચેરીનું.	૮—૯—૮૫	૧૬૭
૧૧૧૧	,, ,,	૨૫—૫—૮૯	૧૬૯
૩૦૭	ખુલાસો અરજી લગત, વરિષ્ઠકોર્ટનો.	૫—૧—૯૧	૧૭૧
૩૩૫	ખુલાસો, નોં. ખા. મુ. આ.	૩૦—૬—૮૭	૧૮૧
૧૩૬	,, ,,	૨૦—૧—૯૧	૧૮૧
૩૩૬	,, ,,	૧૯—૧૦—૮૬	૩૨૩
૯૭૮	,, વરિષ્ઠકોર્ટનો.	૩૦—૧૧—૭૬	૩૬૪
૩૫૪	અભિપ્રાય ,,	૩૧—૧—૯૧	૩૭૯
૦	ઓધાછુટના લેખવિષે માહિતી ૧૨૩		
	કઠારાનું ખાતું એટલેશું તેનીમાહિતી.......................૩૦૨		

श्री.

નવીન સ્ટાંપનિબંધ અમલમાં આવ્યા પછી થયેલા ઠરાવ, ખુલાસા, સરક્યુલરો, વિગેરેનો સંગ્રહ.

સન ૧૮૮૯—૯૦.

વરિષ્ઠકોરટના ઠરાવ.

ખાનબાહાદુર અરદેશરજી રૂસ્તમજી, ચીફજસ્ટિસ, તથા રાવબાહાદુર જ. સ. ગાડગીલ, જજ્ય, તથા રાવબાહાદુર અંબાલાલ સાકરલાલ, જજ્ય, એઓ સાહેબની રૂબરૂ.*

ફેસલ તા. ૨૧—૧૦—૮૯.

પટેલ રઘનાથ ભુલજી રેહેવાશી મોજે દંતાલી તાલુકે પેટલાદ—અરજદાર (દત્તક લેનાર).

મોતીભાઇ ઘોરીભાઇ રેહેવાશી આણંદ જીલ્લે ખેડા—દત્તક થનાર.

(નવી સ્ટાંપનિબંધની કલમ ૪૨ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

કિયા દસ્તાવેજને સ્ટાંપની જરૂર નથી—દત્તકપત્ર—દત્તકપત્રને સ્ટાંપલાગતની માફી.

નવીન સ્ટાંપનિબંધ પ્રમાણે જે દસ્તાવેજનો સમાવેશ પરિશિષ્ટ ૧ માં થતો નથી તેને સ્ટાંપની જરૂર નથી.

દસ્તાવેજનો મુસદ્દો જોતાં દત્તકપુત્રને સાધારણ રીતે મળે નહીં એવું માલકીપણું દસ્તાવેજથી આપેલું દેખાતું નથી, અથવા દત્તકલેનારના મુવા પછી જે હક્ક અથવા કબજો મળવાનો તે દસ્તાવેજથી તેને આપેલો દેખાતો નથી, માટે હાલના મજકુરનો દસ્તાવેજ દત્તકપત્રના સ્વરૂપનો માનવો જોઇએ.

દત્તકપત્રના સ્વરૂપના દસ્તાવેજને સ્ટાંપની જરૂર નથી.

હકીકત.

અરજદાર પટેલ રઘનાથ ભુલજી એણે વરોદરાપ્રાંતના મેહેરબાન રાવબાહાદુર સુભાસાહેબ તરફ તારીખ ૨૪ માહે આગષ્ટ સન ૧૮૮૯ નો અરજ રજુ કર્યો કે, રજુ કરેલા દત્તકપત્રનો મુસદ્દો જેની નકલ નીચે *સાદ્યંત આપી છે તેને સ્ટાંપ

* દી. સ્ટાં. ખુ. ૨. નંબર ૧ સન ૧૮૮૯-૯૦. ઠરાવ ઉપર નંબર ૨૧, સાધારણ રજીષ્ટરનો પડયો છે. પરંતુ આગળ અનુક્રમ પાડેલો છે તે પ્રમાણે જે અનુક્રમ નંબર આવેલો તે અહીં દાખલ કર્યો છે. આ ઠરાવ વડોદરાવત્સલના ગ્યાઝેટ ભાગમાં તા. ૧૧—૪—૯૦ ના રોજ પૃષ્ઠ ૧૨૦ ઉપર છાપેલો છે.

* દસ્તાવેજના મુસદ્દાની નકલ.

"સંવત્ ૧૯૪૫ના વરખે મીતી———તારીખ———દિને પટેલ મોતીભાઇ ઘોરીભાઇ, રેહેવાશી મોજે આણુંદ, તાલુકે આણંદનાને, હું લખીઆપનાર, પટેલ રઘનાથ ભુલજી, રહેવાશી મોજે દંતાલી, તાલુકે પેટલાદના તે આ લેખથી લખી આપું છું કે, મારે પેટ પુત્રસંતતી નથી અને થવાનો સંભવ નથી, ને મારી વૃદ્ધાવસ્થા થઇ છે. તમો મારી બેનના દીકરાના દીકરા થાઓ છો, તેથી તમોને દ્વામુષ્યાયણ દત્તક કરી મારી તમામ સ્થાવર જંગમ મિલકતના તથા મારા સરવે જાતના હક્કોના તમોને માલીક કર્યા છે. આ લખ્યું તે સહી છે. મે મારી અક્કલ હુંશિયારીથી ને સાવચેતીથી તમોને ઠરાવેલા છે તે કબૂલ છે. તા.———".

કેટલી રકમનો જોઈએ તે વિશે ખુલાસો મળવો. તે ઉપરથી મેહેરબાન સુબાસાહેબે પેટલાદ મહાલ જાવક નંબર ૩૧ તારીખ ૬ સપ્ટેમ્બર સન ૧૮૮૯ નું લખાણ આ તરફ કર્યું છે. જેમાં સદરહુ મુસદ્દો બક્ષિસપત્ર હોવા વિશે પોતાનો મત આપ્યો છે.

ઠરાવ.

સુબાસાહેબે જે લખાણ આ તરફ કર્યું છે તે સ્ટાંપનિબંધની કઈ કલમના આધારે કર્યું છે તે પોતાની યાદીમાં લખ્યું નથી; પરંતુ તે સ્ટાંપનિબંધની કલમ ૪૧ પ્રમાણે કર્યાનું માનવામાં આવે છે.

દસ્તાવેજનો મુસદ્દો જોતાં તેમાં બે વાતો લખી છે. દત્તક કર્યા વિશેની વાત, તથા તમામ સ્થાવરજંગમ મિલકત તથા પોતાના સર્વે હકના માલીક કર્યા વિશેની વાત, એવી રીતે બે વાતો લખી છે, પણ સુબાસાહેબ પોતાની યાદમાં લખે છે તે પ્રમાણે એ દસ્તાવેજમાં મિલકત દત્તકથનારને તાબે આપ્યાની વાત લખી નથી. મિલકત વિગેરેના માલીક કર્યાનું જે દસ્તાવેજના મુસદ્દામાં અરજદારે લખ્યું છે તે દત્તકપુત્ર કર્યાની અંગભૂત વાત સમજવાની છે. કારણ દત્તકથનાર મોતીભાઈએ દત્તક લીધાના કારણથી દત્તકલેનારની મિલકત વિગેરેનો માલીક વારસ તરીકે દત્તકલેનારના મુવા પછી ધર્મશાસ્ત્ર પ્રમાણે થવાનો તે વાત દસ્તાવેજમાં દર્શાવી છે. એટલોજ અર્થ દસ્તાવેજનો થાય છે. દત્તકપુત્રને સાધારણ રીતે મળે નહીં એવું માલિકપણું દસ્તાવેજથી આપેલું દેખાતું નથી, અથવા દત્તકલેનારના મુવા પછી જે હક અથવા કબજો મળવાનો તે હાલ આપેલો દેખાતો નથી, માટે હાલના જેવા મચકુરનો દસ્તાવેજ દત્તકપત્રના સ્વરૂપનો માનવો જોઈએ. બક્ષિસપત્રના સ્વરૂપનો માની શકાય નહીં. એવા દસ્તાવેજને સ્ટાંપ જોઈએ કે નહીં એ બાબત વિચાર કરતાં એવા દસ્તાવેજનો સમાવેશ નવા સ્ટાંપ નિબંધના પરિશિષ્ટ ૧ની કોઈપણ રકમમાં થતો નથી. અહીંના સ્ટાંપનિબંધ અંગ્રેજી સ્ટાંપ આક્ટ, સન ૧૮૭૯ ના ૧ લા, ઉપરથી જરૂરિયાત ફેરફાર કરીને કરેલો છે. સદરહુ અંગ્રેજી આક્ટમાં દત્તક લેવાના અધિકારપત્રને સ્ટાંપ તે આક્ટના પરિશિષ્ટ ૧ ની રકમ ૩૮ માં રૂ. ૧૦ નો ઠરાવ્યો છે. સદરહુ રકમ પ્રમાણે રકમ અહીંના નિબંધના પરિશિષ્ટમાં દાખલ કરી નથી. તેનું કારણ એમ દેખાય છે કે, દત્તક લેવા સંબંધે અધિકારપત્ર સ્ત્રીઓને બંગાળામાં આપવામાં આવે છે. તેવું અધિકારપત્ર આપવાનો રીવાજ આ રાજ્યમાં કવચિત છે, અને અધિકારપત્રવિના પણ દત્તક લેવાય છે. દત્તક લેવાના અધિકારપત્રવિશે રકમ અંગ્રેજી આક્ટના પરિશિષ્ટમાં છે તોપણ હાલના જેવા દસ્તાવેજનો સમાવેશ દત્તક લેવાના અધિકારપત્રમાં થતો નથી અને એવા સ્વરૂપના દસ્તાવેજ ફક્ત દત્તકપત્ર થાય છે, તથા તેને સ્ટાંપની જરૂર નથી એવા ઠરાવ થયેલા છે. (જુઓ મુંબાઈ હાઈકોર્ટના છાપીલ ઠરાવ—બાઈ કૃષ્ણા કોમ રામચંદ્ર અમરસીંગ રાજે દત્તકલેનાર, તથા પ્રતાપજી રામચંદ્ર રાજે દત્તકથનાર, ફેસલ તારીખ ૫-૭-૮૬, નીકાલ કરનાર સારજન્ટ, ચીફ્જસ્ટિસ તથા નાનાંભાઈ હરિદાસ તથા બર્ડવુડ બે જજયો છાપીલ ઠરાવબુક સન ૧૮૮૬. પૃષ્ઠ ૧૩૯; તથા અંબાઈ કોમ યશવંત, દસ્તાવેજ કરનાર, તથા

રાવજી વલદ યશવંત દસ્તાવેજ કરીલેનાર, ફેસલ તા. ૧૬–૭–૮૮, નિકાલ કરનાર, સારજંટ, ચીફજસ્ટિસ તથા નાનાભાઇ હરિદાસ તથા બર્ડવુડ બે જજ્યો, છાપીલ ઠરાવ-બુક, સન ૧૮૮૮ પૃષ્ઠ ૨૨૩, તથા માલપા બીન ઇરસપા તથા શીલપા કોમ ગુરૂપા વિગેરે. ફેસલ તા. ૩૧–૭–૮૮ ચીફજસ્ટિસ, સારજંટ તથા નાનાભાઇ હરિદાસ તથા બર્ડ-વુડ બે જજ્યો, છાપીલ ઠરાવ, સન ૧૮૮૮, પૃષ્ઠ ૨૫૯, તથા ઇન્ડરમેસીડેન્શીયલ સ્ટાંપ મ્યાન્યુઅલનો ફોલ પૃષ્ઠ ૧૦–૧૧ તથા પંજાબ રજીસ્ટ્રેશન રૂલ ૪૫ છે. નવીન સ્ટાંપનિબંધ પ્રમાણે જે દસ્તાવેજનો સમાવેશ પેહેલા પરિશિષ્ટની રકમમાં થાય છે તેટલાનેજ માત્ર સ્ટાંપ જોઇએ (જુઓ નિબંધની કલમ ૫), અને તેમાં જેનો સમાવેશ થતો નથી તેને સ્ટાંપની જરૂર નથી.

ઊપરનાં કારણોથી મુસદ્દાવાળો દસ્તાવેજ ફક્ત દત્તકપત્ર છે અને તેને સ્ટાંપ-નિબંધ પ્રમાણે સ્ટાંપની જરૂર નથી એવો ઠરાવ કરવામાં આવેછે.

ખા. બા. ખરસેદજી રૂસ્તમજી, ચીફજસ્ટિસ, તથા રા. બા. જ. સ. ગાડગીલ, જજ્ય, તથા રા. બા. અંબાલાલ સાકરલાલ, જજ્ય, એઓસાહેબની રૂબરૂ. *

ફેસલ તા. ૨૩–૧–૯૦

ગોસાંઇ રામગીર વિશ્વનાથગીર રેહેવાશી વડોદરા. અરજદાર.

(સુભાએ કરેલા ઠરાવ ઉપર અરજ, નિબંધની કલમ ૪૪ પ્રમાણે).

સ્ટાંપનિબંધ કલમ ૨૮ તથા ૩૫–સુભાના ઠરાવ ઉપર અરજ.

અમુક દસ્તાવેજને સ્ટાંપ જોઇએ કે નહીં ને જોઇએ તો કેટલો એ બાબે ખુલાસો સુભા-સાહેબ પાસેથી મેળવવો હોય તો કલમ ૨૮ લાગે છે, કલમ ૩૫ લાગુ પડતી નથી. કલમ ૨૮ મુજબ એક માસમાં સુબાસાહેબ તરફ અરજ કરવી જોઈએ અને તે પ્રમાણે નહીં કરી હોય તો એ કલમ મુજબ થવાને કાંઇ ઉપાય નથી.

હકીકત.

અરજદાર રામગીરની ઓરત સૂરજને બાઈ અમરત કોમ લાલગીર માન-ગીર કે જે સૂરજની મા થાય તેણે સંવત ૧૯૪૫ના શ્રાવણ સુદ ૧૨ના રોજ પોતાની આખરઅવસ્થામાં અને અવશાન સ્થિતિમાં પોતાના ગુજર્યા પછી તેની મિલકત

* ડી. સ્ટાં. ખુ. ર. નં. ૨ સન ૧૮૮૯–૯૦. આ ઠરાવ ઉપર નંબર ૨૨ સાધારણ રજીસ્ટરનો પડયોછે, પરંતુ અનુક્રમ પ્રમાણે જે નંબર આવેછે તેજ અહીં દાખલ કર્યોછે. આ ઠરાવ વડોદરા-વત્સલના ગ્યાઝેટ ભાગમાં તારીખ ૧૮–૫–૯૦ના રોજ પૃષ્ઠ ૧૨૫ ઉપર છાપેલો છે.

લેઇ તેનું ક્રિયાખરચ કરી મિલકત ભોગવવી એવા મજકુરનો એક દસ્તાવેજ રૂ. ૦-૮-૦ ના સ્ટાંપ ઉપર કરી આપેલો જેની નકલ આ સાથે * સામીલ છે.

સદરહુ દસ્તાવેજને કેટલો સ્ટાંપ લગાડવો એ બાબેનો ખુલાસો પુછવા અરજદારે વડોદરા પ્રાંતના સુભાસાહેબ તરફ સ્ટાંપનિબંધની કલમ ૨૮ મુજબ અરજી કરી તે ઉપર સુભાસાહેબે અરજદારને જવાબ આપ્યો છે, દસ્તાવેજની મીતીથી એક માસ ઉપરાંત મુદત થઇ ગયા પછી અરજદારે દસ્તાવેજ રજુ કર્યો છે માટે તેમના તરફથી ખુલાસો આપવાનો આધાર નથી.

સદરહુ ઠરાવ ઉપર અરજદારે આ કોરટમાં અરજી કરી છે તેમાં તેનું કહેવું છે કે, સ્ટાંપનિબંધની કલમ ૬૫ ઉપર નજર રાખી સુભા સાહેબે ખુલાસો આપવો જોઇતો હતો.

ઠરાવ.

અમુક દસ્તાવેજને સ્ટાંપ જોઇએ કે નહીં ને જોઇએ તો કેટલો જોઇએ, એ બાબતનો ખુલાસો સુભાસાહેબ પાસેથી મેળવવો હોય તો તેને કલમ ૨૮ લાગે

---

* દસ્તાવેજની નકલ.

"શ્રી વડોદરાના રહેવાસી ગોસાંઇયણ બાઇ સુરજ, ગોસાંઇ રામગીરજી વીશ્વનાથગીરજીની ઓરત, ઠેકાણું મીયામહમદની વાડીમાં, જોગ, લખીઆપનાર, ગોસાંઇયણ બાઇ અમરત કોમ લાલગીરજી માનગીરજીની વિધવા, રેહેવાશી ગામ કોઠારાની, હાલ રેહેવાશી વડોદરામાં મદનના ઝાંપા નજીક પરદેશી ફળીઆમાંની, જત. વારસપત્રનો ઠરાવ લખી આપું છું કે, તમો મારી સગી દીકરી થાઓ છો, ને બીજો અમારે ઓરસ દીકરો નથી. તેથી અમારી સ્થાવર જંગમ મિલકતના પડયા પાનનાં તમો માલીક છો, તથા તમારા વારસાનો હક છે. હમો જીવીએ ત્યાંસુધી ખાઇને દેવનું ભજન કરીશું ને હમો દેવલોક થયા પછી ઉત્તરક્રિયા ન્યાતના સીરસ્તા મુજબ કરી અમોને દેવલોક પોહોંચાડવા માટે આ વારસપત્રનો ઠરાવ તમોને લખી આપ્યો તે અમારે કબુલ મંજુર છે. અમારી ભોંય તથા ઘરનું ગભાણ ગામ કોઠારામાં અમારા ભાગનું છે તેનાં તથા અમારી બીજી હરેક મિલકતનાં તમે માલીક છો. આ ઠરાવ અમોએ રાજી ખુશીથી અક્કલહુશીઆરીથી સાવચેતીથી વારસપત્રનો ઠરાવ લખીઆપ્યો છે તે અમોને કબુલ મંજુર છે. મીતી સંવત ૧૯૪૫ના શ્રાવણ શુદ ૧૨ ને ગુરૂવાર. આ ઠરાવ પંચ વિદ્યમાને લખ્યો છે. તારીખ ૮-૮-૮૯.

સહી.

૧ ગોસાંઇ બાઇ અમરત કોમ લાલગીર માનગીર સહી દ. કા. રણછોડ દરજીવન પ્રાણીએ કહેથી સહી કરી છે. ઠેકાણું પાંજરાપોળ કોઠીફળિયામાં.

સાક્ષી.

૧ મહંત રણછોડપુરી ગોવિંદપુરી સાખ દ. પોતે.

૧ ગોસાંઇ ભગવાનપુરી ભવાનીપુરી સાખ દ. પોતે."

છે. કલમ ૩૫ લાગુ પડતી નથી. અને એ કલમ ૨૮ મુજબ એક માસમાં ખુલાસા બાબેની અરજ થવી જોઇએ, તેમ અરજદારે કર્યું નથી, માટે હવે કલમ ૨૮ મુજબ થવાનો કાંઈ ઉપયોગ નથી. સુભાસાહેબે આપેલો જવાબ બરાબર છે. તેમાં હાથ ઘાલવાને કારણ નથી.

અરજદાર જાહેર કરે છે કે મારે આ દસ્તાવેજ નોંધાવવો છે. જો દસ્તાવેજ અરજદાર નોંધણીકામદાર તરફ રજુ કરશે તો આ દસ્તાવેજને સ્ટાંપ જોઇએ કે નહીં, ને જોઇએ, તો કેટલો જોઇએ એ બાબે નોંધણીકામદાર વિચાર કરી યોગ્ય તે તજવીજ કરશે.

ખા. બા. ખરશેદજી રૂસ્તમજી ચીફજસ્ટિસ, તથા રા. બા. અંબાલાલ સાકરલાલ, જજ્ય, એઓસાહેબની રૂબરૂ *.

ફેસલ તા. ૧૬-૧૨-૮૯.

જગન્નાથ સદાશિવ રેહેવાસી શીનોર. વાદી.

(જુના સ્ટાંપનિબંધ સંબંધે ખુલાસો (રેફરેન્સ) પુછેલો છે).

ગીરોના દસ્તાવેજને સ્ટાંપ—વ્યાજનો કરાર.

ગીરોના દસ્તાવેજમાં ગીરોની રકમ ઉપર વ્યાજનો કરાર કર્યાનું પ્રથમ બતાવ્યું હોય અને દસ્તાવેજના છેવટના ભાગમાં એમ જણાવ્યું હોય, કે ગીરોરકમના વ્યાજના બદલે અમુક દાણ લેતા જવી. ઠરાવ થયો કે—કોઈ લેખમાં એક એક વિરૂદ્ધ મજકુર હોય તો જે કરાર પાછળથી કરેલો હોય તેજ કાયમનો સમજવો એવો સાધારણ નિયમ છે. ગીરોદસ્તાવેજનો હેતુ જોતાં ગીરોની રકમ ઉપર માત્ર સ્ટાંપની લાગત લેવી. એ પ્રમાણે જોતાં હાલનો લેખ રૂ. ૫૦૧ ના ગીરોખતનું હોવાથી રૂ. ૨ નો સ્ટાંપ જોઇએ.

હકીકત.

શીનોર મુનસફકોરટના મુકદમા નંબર ૫૪૮ સન ૧૮૮૭—૮૮ના કામમાં વાદીએ નિ. ૨ નો દસ્તાવેજ રૂ. ૫૦૧ ની રકમનો રજુ કર્યો જેની નકલ * આ લગત સામીલ છે. તે દસ્તાવેજને સ્ટાંપ કેટલો જોઇએ તથા દસ્તાવેજના નીચેના ભાગમાં દાણના રૂપીઆ ૫૪ આપવાનો કરાર છે. આ કરાર દસ્તાવેજના કરારથી જૂદો છે કે

---

* દી. સ્યું. પુ. ૨. નંબર ૩ સન ૧૮૮૯-૯૦. ઠરાવ ઉપર નંબર ૩૬ સાધારણરજીષ્ટરનો પડયો છે, પરંતુ અનુક્રમ પ્રમાણે જે નંબર આવેછે તેજ અહીં દાખલ કર્યોછે. આ ઠરાવ વડોદરા વત્સલના ગ્યાઝેટ ભાગમાં તા. ૨૭-૪-૯૦ ના રોજ પૃષ્ઠ ૧૧૩ ઉપર છાપેલો છે.

* દસ્તાવેજની નકલ.

"સંવત ૧૯૩૪ ના વરખે વૈશાખ સુદી ૧૨ દીને આદેહંગ કસબે શીનોરના રાજેશ્રી જગંનાથ સદાશિવ, પારસાત, મોજે આણદીવાસી ભટ જગજીવન નથુરામ દસ્તાખરાણુ દતાન

નહીં ને તેથી તે બીજા કરાર બાબત સ્ટાંપ તથા રજીસ્ટર લાગુત લેવી કે નહીં, એ બાબે ખુલાસો મળવા શીનોર મુનસફ આજમ રાવજી માધવલાલે વડોદરાપ્રાંતના જજ્જ સાહેબ તરફ લખાણ કર્યું છે.

આજમ મુનસફનો અભિપ્રાય એવો છે કે, દસ્તાવેજ રૂ. ૬ ના સ્ટાંપ ઊપર થવો જોઇએ તથા દસ્તાવેજમાંહેના બીજા કરારને સ્ટાંપ તથા રજીસ્ટર લાગત લેવી જોઇએ.

વડોદરા પ્રાંતના પ્રાંતન્યાયાધીશ મેહેરબાન ખાનબાહાદુર અબ્બાસ શમ્સુદીન તૈયબજી એમણે કાંઇ પણ અભિપ્રાય આપ્યા શિવાય મુનસફે લખેલી બાબતોનો ખુલાસો મંગાવવા આ કોરટ તરફ પ્રકરણ રવાના કર્યું છે.

જત. અંગ કિંચારે રૂપીઆ ૫૦૧ અંકે પાંચસેં એક પુરા રોકડા બાબાશાઇ શ્રીમંત રાજેશ્રી ગોપાળરાવ મેરાળને ત્યાંહાં ગુજારત શોભારામને ત્યાંહાં ભરવાને લીધા છે તે દેવા તેનું વ્યાજ માસ એકે શત એકે તેરીખ ટકા ૦ાા= અંકે રામ ચઉદ લેખે પાકા ચડે તે ભરી આપીએ. દેશપરદેશ આપીએ. જ્યારે ધણી માગે ત્યારે આપીએ એ રૂપીઆની સાનમી અઘાટી ભોંય કુંભાં ૬ અંકે છ હમારા પાસા તાળી તમોને લખી આપી છે. તેના ખુટ નિશાનીની વિગત-મોજે ટીંબાની નેળથી ઊગમણું તથા ભટ જેભાઈ કેશવરામના ખેતરથી આતરાતું તથા પટેલ ઊકા કાકાના સરકારી ખેતરથી દખણાતું તથા પટેલ બેચર તળસીના સરકારી ખેતરથી આથમણું છે. એણી વિગતે ભોમ કુંભાં ૬ અંકે છ તમારે ત્યાંહાં ધરાણે મુકી છે તે ઉપર લખેલું વ્યાજ લેવું. તમારે ત્યાંહાં તે ભોમની દાણ અમો ભોગ કુંભાં ૬ ઘેર ખેડીએ છીએ વાસ્તે તેનો ઠરાવ કુંભા ૧ ના રૂપીઆ ૯ પ્રમાણે એકંદર કુંભાં ૬ ના રૂપીઆ ૫૪ અંકે ચોપન તમોને દર સાલે ભરતા જઇશું, તથા એ રૂપીઆ ૫૪ દરસાલ ભરવાના જામીન શીનોરના શુકલ ઉમિયાશંકર પ્રેમાનંદ થયા છે. તે અમો ના ભરીએ તો ઘરઘરાઉ જવાબ કરે. તેમાં હરકત પડે તો એ જમીન અમારી પાસેથી કાઢીને બીજાને સાંથશો તો અમો તકરાર ન લેતાં છોડી દઇશું, તથા એ ભોમને કંઇ હરકત હુલો થાય તેનો જવાબ અમો અમારી મિલકતથી દઇએ. એના જામીન શુકલ ઉમિયાશંકર પ્રેમાનંદ થયા છે તે આપે અપાવે છુટે સહી. અમો જામીનદાર શુકલ ઉમિયાશંકર પ્રેમાનંદ લખી આપીએ છીએ જે, ભટ જગજીવન નથુરામના ભોમને તથા દાણના રૂપીઆ ૫૪ તમોને દરસાલ ભરવાના તેમાં હરકત પડે તો, એમની મિલકતથી પૂરા ના થાય તો, અમારી મિલકતથી તમોને જવાબ દઇએ. એ ભોમ રૂપીઆ આપીએ ત્યારે છુટે સહી. એ લખ્યું સહી. બાપના બોલ સાથે પાળીએ સહી. એ ખત અમો અમારી રાજી રજાવંતથી તથા અક્કલ હુંશીઆરીથી લખી આપ્યું છે તે હમારે તથા હમારા વારસદારને કબૂલ છે સહી. એ લખ્યું તે સહી."

૧ અત્રે મતુ.	૧ અત્રે સાખ.
૧ ભટ જગજીવન નથુરામ લખ્યું સહી. દ. ઊમિઆશંકર પ્રેમાનંદ ધણીના કહેવાથી કરી છે.	૧ ગીરધરલાલ ગોવરધન ધણી બે હજુર સાખ દા. પોતે.
૧ શુકલ ઉમિયાશંકર પ્રેમાનંદ ઊપર લખ્યું તે સહી દા. પોતે.	૧ પરીખ. મોતીભાઇ લાલભાઇ ધણી બે હજુર સાખ દા. પોતે.

કોઇ પણ કાયદાની અગત્યની બાબતનો ખુલાસો આ કોરટથી પૂછવો હોય તો પોતાનો અભિપ્રાય લખીને મોકલવો જોઇએ, એ પ્રમાણે આ કોરટનો સરક્યુલર છતાં તે પ્રમાણે આ કામમાં પ્રાંતન્યાયાધિશસાહેબે કર્યું નથી, તે બરાબર થયેલું નથી.

ઠરાવ.

આ દસ્તાવેજ ગીરોખતનો છે. ગીરોની રકમ ઉપર વ્યાજનો દર કમા-ચઉ આમાં પ્રથમ બતાવ્યો છે, તે મુજબ દરસાલ વ્યાજના રૂ. ૫૨ા થાય, પણ પાછળથી જણાવ્યું છે કે, રૂપીઆના વ્યાજબદલે રૂ. ૫૪ દાણના આપવા. કોઇ લેખમાં એક એકને વિરૂદ્ધ મજકુર આવે એવા કરાર હોય તો જે કરાર પાછળથી લખેલો હોય તેજ કાયમ સમજવાનો છે એવો સાધારણ નિયમ છે. આ દસ્તાવેજ આજમાસે બાર વરસનો છે. તે વખતની સમજુત પ્રમાણે લખાણ થયું છે. માટે હાલના કાયદાના સખ્ત નિયમો લાગુ પાડવા યોગ્ય નથી. કરારનો મુખ્ય હેતુ કે, જે કોરટ અમલમાં લાવી શકે. તે એવો જણાય છે કે, વગર કબજાનું ગીરો છે, તથા વ્યાજ બદલની દર-સાલની રકમ રીણકો ન ભરે તો ગીરોનો કબજો ધનકોએ લેવો. દસ્તાવેજને સ્ટાંપ રૂપીઆ ૧ નો છે, તે રૂપીઆ ૫૦૦ના ગીરો પુરતો છે. પણ દસ્તાવેજમાં રકમ રૂપીઆ ૫૦૧ ની છે. એટલે, રૂપીઆ ૫૦૦ ઉપરના ગીરોને સ્ટાંપ રૂપીઆ ૨ નો જોઇએ. તેટલો સ્ટાંપ રીતસર પૂરો કરી લેવો એવો ઠરાવ અમો કરીએ છીએ.

——o——

ખા. બા. ખરસેદજી રૂસ્તમજી, ચીફજસ્ટિસ, તથા રા. બા. અંબાલાલ સાકરલાલ, જજ્ય, એઓ સાહેબની રૂબરૂ. *

ફેસલ તા. ૧૬-૧૨-૮૯.

પટેલ ઝવેરભાઇ અજુભાઇ રેહેવાશી વડતાલ, તાલુકે નડીયાદ, જીલ્લે ખેડા.	અરજદાર. (દસ્તાવેજ લખીલેનાર).
ગરબડભાઇ કસનદાસ રેહેવાસી મજકુર.	દસ્તાવેજ લખીઆપનાર.

(સ્ટાંપનિબંધની કલમ ૪૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

વેચાણખત—આગળના વેહેવારનો ઉલેખ—એવા ઉલેખમાટે સ્ટાંપ લાગતની માફી.

રૂપીઆ.૨૩૦૦ના વેચાણના દસ્તાવેજમાં આગળના વેહેવારો શાશા થયા હતા તે જણાવ્યું હતું. માટે એવી રીતે કોઇ દસ્તાવેજમાં આગળના વેહેવારનો ઉલેખ કરાય તો તેને સ્ટાંપની લાગત જોઇએ કિંવા નહીં એ પ્રશ્ન પુછેલો હતો. ઠરાવ થયો કે,--આગળના વેહેવાર શા શા થયા હતા તેનો ઉલેખ કોઇ દસ્તાવેજમાં જણાવ્યો હોય તો તે વેહેવારના ઉલેખ સંબંધે સ્ટાંપની લાગત દસ્તાવેજને વધારે લગાડવાનું કારણ નથી. જે પ્રત્યક્ષ તથા વિશેષ વેહેવાર માટે દસ્તાવેજ થયો હોય તે માટેજ કાયદેશીર સ્ટાંપની લાગત લગાડવી જોઇએ.

---

* ડી. સ્ટાં. જુ. ૨. નંબર ૪ સન ૧૮૮૯-૯૦. ઠરાવ ઉપર સાધારણ રજીસ્ટરનો નંબર ૩૭ પડયો છે, પરંતુ અનુક્રમ પ્રમાણે જે નંબર આવે છે તે અહીં દાખલ કર્યો છે. આ ઠરાવ વડોદરાવાત્સલ્યના ચાલીસમા ભાગમાં તા. ૧૨-૭-૯૦ ના રોજ પૃષ્ઠ ૧૬૮ ઉપર છાપેલો છે.

હકીકત.

'અજુભાઈ ઇશ્વરદાસે, વડોદરાપ્રાંતના સુભાસાહેબ તરફ તારીખ ૭-૧૦-૮૯ ની અરજ રજુ કરી કે, રજુ કરેલા વેચાણખતને, જેની નકલ* સાધંત નીચે આપી છે અને જેને રૂપીઆ ૪૬ નો સ્ટાંપ લગાડ્યો છે, તેને કેટલી રકમનો સ્ટાંપ જોઇએ તેનો ખુલાસો મળવો તે ઉપરથી મેહેરબાન સુભાસાહેબે તારીખ ૩૧-૧૦-૮૯ નું લખાણ આં તરફ કર્યું છે કે, આ દસ્તાવેજને રૂપીઆ ૫૦ નો સ્ટાંપ જોઇએ, પણ આ દસ્તાવેજમાં દત્તકની વાત લખી તે રૂપીઆનું કંનસીડરેશન બધાન કરેલું છે, તે વિચારમાં લેવાય કે નહીં તેનો ખુલાસો મળવો જોઇએ વિગેરે.

---

* દસ્તાવેજની નકલ.

" સંવત ૧૯૪૫ ના દારખે ભાદરવા સુદી ૧૫ ને વારસોમ તારીખ ૯ માહે સપ્ટેંબર સન ૧૮૮૯ દીને આદેલંગ. ગામ પડનાલ, તાલુકે નડીઆદ, જીલ્લે ખેડાના પ. ઝવેરભાઇ અજુભાઇ, કસબ ખેતીનો પારસાત, એક ગામ વાસ્તેવંગ, પા. ગરબડભાઇ કસનદાસ, કસબ ખેતીનો, હસતાખરાણ દતવાનજત. વકરીત વેચાણ ભોમ ખેતરાં કીતા ૩ તેની વિગત તથા ઝાડ બીડ સમેતઃ—

૧. ભોમ ખેતર વીંઘાં ૪ નામે, રાઘવજીવાળું તથા ઉરફે શેખવાળું કહે છે, ગામ જોળની સીમનું, તેના ખુટની વિગતઃ—

૨. ભોમ ખેતર વીંઘા ૩ નામે ચારી, ગામ જોળની સીમનું.

૩. ભોમ ખેતર વીઘું ૧ નામે ચારી, તેને ઉરફે ચારડો કહે છે. ગામ જોળની સીમનું ઉપરવાળા કીત્તા ૩ ના ખુટની વિગત,—પૂર્વ પાસાએ અમારૂં ખેતર વીંઘાં પા ગોસાંઇ લખમણગર માણગરને ત્યાં ધરાણે મુકયું છે તે છે, તથા અમારો ચારડો વીંઘાં ૪ નો છે. ઓતરપાસાએ પા. શંકરભાઇ બાજીભાઇનો ચારડો છે તથા પશ્ચિમ પાસાએ શંકરભાઇ બાજીભાઇને ચારડો છે તથા મારગ છે, તથા દક્ષિણ પાસાએ પા. હાંસજી ભીખાભાઇનું ખેતરનામે કડકી વીંઘાં ૮ છે. એણી વિગતે ખુટ ચારની વચલા કીતા ૩ થઇને વીંઘાં ૮ નું વધારા ઘટાડા સુદ્ધાંત તથા સેઢાપાળી વાડવળગણી સુદ્ધાંત તથા કુવા નંગ ૨ ઇંટેરી તે પૈકીના ભાગ ત્રીજા તથા ચોથા સાથે. તે કુવાની વિગત નીચે પ્રમાણેઃ—

૪. પેહેલા કુવાને દખણાતે સેઢે કુવો નંગ ૧ ઇંટેરી છે તેમાંના ભાગ ચોથા સાથે. બાકી ભાગ ત્રણ તમો વિગેરેના છે.

૫. કુવો નંગ ૧ ઇંટેરી અમારો બાપોતી ખેતર વીંઘાં ૮ નામે રાઘવજીવાળું ગામ જોળની સીમનું. તે ખેતરના ખુટ,—પૂર્વ પાસાએ પા. નરસી ડુંગર વિગેરેનું ખેતર છે, પશ્ચિમ પાસાએ મારગ છે, ઓતર પાસાએ કીતા બીજાની ઉપરવાળી ચારી તથા બીજી હમારી ચારી છે, દખણ પાસાએ પા. હાંસજી ભીખાભાઇનું ખેતર તથા બીજી હમારી વીંઘાં ૧॥ વડવાળી જમીન છે; એ ખુટ ચાર વચલા ખેતરને પૂર્વ પાસાને સેઢે કુવો છે તેમાંનો તમોને ત્રીજો હિસ્સો આપ્યો છે. બાકી હિસ્સા બંને મારા છે.

ઠરાવ.

અગલા વેહેવારો થા કર્યા હતા તેનો ઉલેખ કોઇ દસ્તાવેજમાં આવ્યો હોય તો તે વેહેવાર બાબેનો સ્ટાંપ જેમાં ઉલેખ આવી ગયો છે તે દસ્તાવેજને લગાડવાનો નથી. જે પ્રત્યક્ષ તથા વિશેષ વેહેવાર માટે દસ્તાવેજ થયો હોય તે વેહેવાર માટે કાયદેસર સ્ટાંપ જોઇએ. હાલના કામમાં જમીન પ્રથમ રૂ. ૨૨૧૪ માટે ગીરો હતી. તેજ જમીન રૂપીઆ ૨૩૦૦ માટે વેચાણ કરી છે તે બાબે વેચાણ ખત થયું છે તેને વેચાણ રકમ રૂપીઆ ૨૩૦૦ ઉપરનો સ્ટાંપ લગાડવો જોઇએ. અને તે મુજબજ લગાડવાનો હેતુ પક્ષકારનો હતો એમ જણાય છે. રકેલ મુજબ પ્રથમના એક હજારને દરસેંકડે

એ રીતેની મીલકત વીઘાં ૮ કીતા ૩ થઇ તથા કુવા નંગ ૨ ના હિસા તીજા તથા ચોથા સાથે મોજે જોલ પ્રગણે પેટલાદના ગામની સીમની તે પરથમ કીતી બીજાની વીઘાં ૩, સંવત ૧૯૨૬ના અશાડવદી ૨, રૂપીઆ ૮૧૯ આઠસેં ને ઓગણીસ માટે ગીરો મુકેલી, તથા કીતા પેહેલાની મીલકત, સંવત ૧૯૩૮ના માગસર સુદ ૯ રૂપીઆ ૯૦૦ નવસેં માટે વીઘાં ૪ ગીરો મુકેલી તથા કીતા ૩ ની સંવત ૧૯૩૮ના માગસરસુદી ૯ (ના રોજ) બીજી મીલકત તેપૈકી ભાગની વીઘાં ૩ સાથે રૂપીઆ ૪૯૫ ચારસે પંચાણું માટે ગીરો મૂકેલી એ રીતે કીતા ૩ મળી ઊપર મુજબ રૂ. ૨૨૧૪ માટે કુવાના પાણી સાથે અમો વિગેરેએ તમો ઝવેરના કાકા અજુભાઇ ઇશ્વરદાસ તથા તમો વિગેરેને ઊપર મુજબ કબજા સાથે ગીરો આપેલી ત્યારથી તમારા કબજા ભોગવટે ખેડ વાપરની તે તમો ઝવેરને, અજુભાઇએ દત્તપુત્ર કરી લીધાથી આ તમારા નામનો દસ્તાવેજ. ઉપરની મીલકતનો વેચાણીઓ કરી આપ્યો છે. તેની માલ કીમતના રૂપીઆ ૨૩૦૦ અંકે રૂપીઆ તેવીસેં ગામ ચલણી શીહાશાઈ લેઇ વેચાણ આપ્યું છે. આજરોજ પછી એ મીલકત ઉપર અમો અમારા વાલી વારસ ફરજનનો કોઇ પણ રીતનો કોઇપણ પ્રકારનો હક્ક દાવો સંબંધ અલાખો રહ્યો નથી. કરીએ તો રદ છે. તેનો તમારું મન ચાય તેમ સ્વતંત્રપણે ઊપભોગ કરજો. એ ખેતરનો જે સરકાર હક્ક બેસે તે તમો ભરી ઊપજ ખેડી ખેડાવી ખાજો. જાવત ચંદ્રદિવાકર ચંદ્ર સુરજ તપે, આકાશથી તે પાતાળ સુધી અભરામ કુલ ન દાવા વેચાણ આપ્યું છે. આ રૂપિઆ લીધાની વીગત રૂ. ૨૨૧૪ પ્રથમના ગીરોના તમારા ઉપર મુજબના વાળ્યા તથા રૂપીઆ ૮૬ આ દસ્તાવેજના કાગળ સ્ટાંપના રજીસ્ટર વિગેરે ખરચના તથા બાકી અમો ઘેર વાપરવા સારૂં લેઇ એ રીતે ઊપર મુજબના અવેજના રૂપીઆ તેવિસેં પુરા કરી લેઇ આ વેચાણીઓ દસ્તાવેજ લખી આપ્યો છે તે કબૂલ છે. આ ખેતર પેહેલા કીતાનું વીઘાં ૪ તથા બાકી વીઘાં ૪ તમારે ઘેર છે તેને ઊગમણે સેઢે કુવો છે તે કુવે જવાનો તથા આવવાનો અનેજણને દક્ષિણાતે સેઢે મારગ છે, તથા કીતા બીજા તથા તીજાનું તમોને અમોએ વિઘાં ૪ આપ્યું છે તેને દક્ષિણાતે સેઢે થઇને અમો અમારાં ચાર વીઘાંમાં જઇએ તથા આવીએ. ઊપરનાં વીઘાં ૮ ના કીતા ૩ માં પાણી ખેતરાં પાવાં હોય ત્યારે અમારાં જે વચમાં ખેતરાં છે તેને સેઢે થઇને લેઈ જજો તથા કીતા પેહેલાને દક્ષિણાતે સેઢે આંબો નંગ ૧ તથા પશ્ચિમ પાસેને સેઢે રાણ નંગ ૧ તથા ઉત્તરાતે સેઢે લીમડો નંગ ૧ તથા અરડુસો નંગ ૧ તથા કીતા ૨ ને પશ્ચિમ પાસાને

રૂપીઆ ૨ પ્રમાણે રૂપીઆ ૨૦ નો સ્ટાંપ લગાડવો જોઇએ તથા બાકીના રૂપીઆ ૧૩૦૦ માટે દર રૂપીઆ ૫૦૦ ને માટે અગર તેના કોઇપણ ભાગ ઉપર રૂપીઆ ૧૦ મુજબ રૂપીઆ ૩૦ નો સ્ટાંપ જોઇએ. એ રીતે રૂપીઆ ૨૩૦૦ ને માટે રૂપીઆ ૫૦ નો સ્ટાંપ જોઇએ. પણ પક્ષકારે રૂપીઆ ૪૬ નો સ્ટાંપ લગાડ્યો છે તે, એવી સમજથી લગાડેલો હોવો જોઇએ કે, દરસેંકડે રૂ. ૨ પ્રમાણે સરેરાશ રૂપીઆ ૨૩૦૦ ઉપર ગણેલા હોવા જોઇએ તે બરાબર નથી. માટે સુબા સાહેબે કાયદેસર રીતે સ્ટાંપ લાગત પુરી કરી લેવી.

ખા. બા. ખરશેદજી રૂસ્તમજી ચિફજસ્ટિસ તથા રા. બા. જં. સ. ગાડગીલ જડજ, તથા રા. બા. અંબાલાલ સાકરલાલ જડજ એમની રૂબરૂ. *

ફેસલ તારીખ ૨૩ જાનેવારી સન ૧૮૯૦.

(સ્ટાંપનિબંધ કલમ ૪૨ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે.)

દારૂ વેચવાનું લાયસન્સ-તેના ઉલટ લેખને સ્ટાંપ-કલમ ૩ રકમ ૫-પરિશિષ્ઠ ૧ રકમ ૭-પરિશિષ્ઠ ૨ કલમ ૫.

દારૂવેચનારને સરકાર તરફથી લાયસન્સ (પટો) કરી આપવામાં આવે છે તથા વેચનાર પાસેથી ઉલટ કબુલાયત કરી લેવામાં આવે છે એવા પ્રસંગે કબુલાયતને સ્ટાંપ જોઇએ કે નહીં અને

સેઢે બાવળ નંગ ૧ તથા કણુજો નંગ ૧ એ રીતેના ઝાડ નંગ ૬ સાથે એ રીતેની મીલકત તમોને વેચાણ આપી છે. કૂવાનું પાણી પીઆવો કોઇને પીઆવો આપો તેમાંનો ત્રીજા હીસ્સાનો તમો પીઆવો લેજો; ને કુવેપડે આખડે ખરચ હીસા પ્રમાણે આપજો. આ દસ્તાવેજ અમો અમારી રાજી ખુશીથી તથા અકલ હુશીઆરીથી બીન નીશે લખી આપ્યો છે તે કબૂલ છે. ઊપર લખ્યા પ્રમાણે બાપના બોલ સાથે પાળીએ.

૧ અત્રે મતુ.	૧ અત્રે સાખ.
૧ પા. ગરબડ કરસનદાસ મતુ દા. પોતે.	૧ પા. દલજી અવલભાઇ દા. પોતાના.
	૧ પા. નરસીભાઈ ડુંગરભાઇ. સાખ દા. પોતે.
	૧ પા. વાધજી રણછોડભાઇ સાખ દા. પોતે.
	૧ પા. વેણીભાઇ બીખાભાઇ દા. પોતે.
	૧ પા. લલુભાઇ પરભુદાસ સાખ દા. પોતે
	૧ લી. પંડયા બાઇશંકર હરીશંકર ધણી સરવે હજુર લખ્યું છે.

---

* ડી. સ્ટાં. ખુ. ર. નંબર ૫ સન ૧૮૮૯-૯૦, ઠરાવ ઉપર નંબર ૪૯ સાધારણ રજીસ્ટરનો પડ્યો છે.

એ ઉલટ લેખ (કબુલાયત) તારીખ ૧--૮--૮૯ પેહેલા કરી આપી હોય અને તેનો અમલ તારીખ ૧-૮-૮૯ થી સાલ આખરૂ કિંવા આગળ ત્રણ વરસ થવાનો હોય તો જુના કાયદા પ્રમાણે અગર નવી સ્ટાંપકાયદા પ્રમાણે સ્ટાંપ લેવો કે શી રીતે ? એ બાબત ઠરાવ થયો કે:—

(૧) દારૂવેચનારને સરકારે જે પટા કરી આપેછે તે પટાની વ્યાખ્યા કલમ ૩ રકમ ૫ માં આપી છે તેમાં આવતો નથી.

(૨) આવો પટો એ કરારના સ્વરૂપનો માનવો જોઇએ. અને એ કરાર સરકારૂ તરફથી કરી આપવામાં આવે છે ત્યારે તેને સ્ટાંપની માફી છે. (જુઓ પરિશિષ્ટ ૨ કલમ ૫),

(૩) પરિશિષ્ટ ૧ રકમ ૩ માં જે દસ્તાવેજ લાગતને પાત્ર છે તેના ઉલટલેખ લાગતને પાત્ર છે એવું લખ્યું છે અને જો મુળ દસ્તાવેજ લાગતને પાત્ર નહીં હોય તો તેના ઉલટલેખ લાગતને પાત્ર છે એવું લખ્યું નથી તેથી સરકારે કરી આપેલા પટાના ઉલટલેખ લાગતને પાત્ર છે એવું માની શકાય નહીં.

(૪) નવા સ્ટાંપનિબંધની કલમ ૨ નાં પારીગ્રાફ ૨ માં સ્પષ્ટ ઠરાવ છે કે આ નિબંધ અમલમાં આવ્યા પેહેલાં થયેલા દસ્તાવેજને આ નિબંધ લાગુ નથી તેથી હાલના લેખને નવીન સ્ટાંપનિબંધ લાગુ નથી.

હકીકત.

વડોદરા શેહેરમા વીલાયતી દારૂ વેચવાના સંબધે સરકારમાંથી લોકોને લાયસન્સ(પટો) આપવામાં આવે છે તે લોકો પાસેથી ઉલટ કબુલાયત લખી લેવાનો વહિવટ છે. આ કબુલાયતને, એટલે, ઉલટલેખને, નવીન સ્ટાંપનિબંધ પ્રમાણે સ્ટાંપ લગાડવો જોઈએ કે શું, તથા આ કબુલાયત, એટલે, ઉલટલેખ, તારીખ ૩૧ જુલાઇ સન ૧૮૮૯ ના પેહેલા લખી લેવામાં આવ્યો હોય તથા તે ઉલટલેખમાં લખેલા મજકુરથી તે ઉલટલેખ તારીખ ૧ આગષ્ટ સન ૧૮૮૯ થી તારીખ ૩૧ જુલાઈ સન ૧૮૯૦ સુધી કિંવા ત્રણ વરસસુધી એટલે તારીખ ૩૧ જુલાઈ સન ૧૮૯૨ સુધી અમલમાં આવવાના સંબંધનો હોય તો તે ઉલટલેખને હાલના નવા સ્ટાંપનિબંધ પ્રમાણે સ્ટાંપ લાગશે કિંવા જુના સ્ટાંપનિબંધ પ્રમાણે લાગશે એ બાબતનો ખુલાસો મળવા માટે મેહેરબાન વડોદરાપ્રાંતના સુબાસાહેબે યાદી નંબર ૧ તારીખ ૫ આગષ્ટ સન ૧૮૮૯થી મેહેરબાન મહાલાનિહાય સરસુબાસાહેબ તરફ લખી. તે પછી પ્રકરણ ચાલી છેવટ નંબર ૧૩૦ તારીખ ૨૭ ડીસેંબર સન ૧૮૮૯નું લખાણ વડોદરાપ્રાંતના સુબાસાહેબ તરફથી સદર ઉપર બતાવેલી બે બાબતનો ખુલાસો મળવા આ કોરટ તરફ પ્રકરણ આવ્યું છે. પટાની તથા ઉલટલેખની નકલ આ જોડે *સામીલ છે.

---

* સરકારે કરી આપેલા પટાની નકલ.

શ્રીમંત સરકાર ગાયકવાડ સેનાખાસખેલ શમશેર બહાદુર વિદ્યમાન વડોદરાપ્રાંતના સુબા.

ભીકાજી ગણેશ, રેહેવાશી શહેર વડોદરા જત, તમે તારીખ ૨૦ માહે જુલઈ સન ૧૮૮૯ ની અરજી કરીને વીલાયતી પીવાનો દારૂ વેચવાની પરવાનગી માગી તે ઉપરથી વડોદરા

વડોદરાપ્રાંતના સુબાસાહેબનો અભિપ્રાય એવો છે કે એવા ઉલટલેખને સ્ટાંપ આક્ટ ૧, પરિશિષ્ટ ૧, અનુક્રમ નંબર ૬ પેટા રકમ (ખ) પ્રમાણે સ્ટાંપ લગાવવો જોઇએ, તથા આ ઉલટ લેખ નવીન સ્ટાંપ આક્ટ અમલમાં આવવાના પેહેલાં થયો છે તેથી આ ઉલટલેખ સાદા કાગળ ઉપર ચાલશે.

શહેરમાં રાવપુરામાં ધીકાંટામાં ચીમણબાઈ ટાવર પાસે તારીખ ૧ માહે ઓગસ્ટ સન ૧૮૮૯ થી તારીખ ૩૧ જુલઈ સન ૧૮૯૦ સુધી દુકાન માંડી તેમાં માર્જીનમાં લખેલા પ્રકારનો વિલાયતી

૧ વાઇન. ૨ ફરમેન્ટેડ લીકર્સ. ૩ પંદર અંડર પ્રુફ કરતાં ઓછો નહીં એવા કસનો સ્પીરીટ.	એટલે હીંદુસ્તાન બહાર તઇયાર થયેલો પીવાનો દારૂ વેચવા બાબત તમારી પાસેથી એક વરસની રૂ રૂપીઆ ૭૫, અંકે રૂ. પંચોતેર બાબાશાઈ લઇને તમને આ પટો આપવામાં આ-

વશે.

૨. જે પ્રકારનો અથવા જે કસનો દારૂ વેચવાનો આ પટો તમને આપવામાં આવે છે તે સિવાય બીજા પ્રકારનો અથવા કસનો દારૂ તમોએ પોતાની દુકાનમાં રાખવો નહીં અગર વેચવો નહી; સ્પીરીટની કસ સાઇકસહાઇડ્રોમીટરથી તપાસવામાં આવશે.

૩. તમોને પટો આપ્યો છે તે પટામાં લખેલા ઠેકાણા સિવાય બીજા ઠેકાણે દારૂ રાખવો નહીં અગર વેચવો નહીં; તેમજ કોઇ પણ પ્રકારે મીશ્ર કરેલો દારૂ સદરહુ દુકાનમાં રાખવો નહીં અગર વેચવો નહીં.

૪. તમે દુકાનમાં રહીને જાતે વેચાણ કરવું જોઇએ. તમે દુકાનમાં હાજર નહીં હશો તથા વેચાણનું કામ બીજા કોઇને સોંપ્યું હશે તો અપકારી સુપ્રિંટેન્ડેન્ટ અથવા તાલુકાના વહિવટદાર કરતાં કમી નહીં એવા દરજાના અમલદારની લેખી મંજુરી પટાની પાછળ લેવી જોઇએ; પરંતુ એ પ્રમાણે જેને નીમ્યા હશે તે તથા દુકાન ઉપરના બીજા નોકર જે ભુલ કરશે તેની જવાબદારી તમારી ઉપર છે.

૫. દારૂની દુકાન સવારમાં સુર્યોદય પેહેલાં તથા રાત્રે દસવાગ્યા પછી ઉઘાડી રાખવી નહીં. તે કરતાં વધારે વાર સુધી ઉઘાડી રાખવી હશે તો અમારી અથવા અમો અધિકાર આપીએ તે અમલદારની પરવાનગી લેવી જોઇએ.

૬. બ્રિટિશ સરકારના અગર બીજા કોઇ લશ્કરી માણસને અગર તેના ઉપયોગ સારૂ બીજા કોઇ શખસને તેના કમાન્ડીંગ ઓફીસરના હુકમ શિવાય તમોએ દારૂ વેચવો નહીં અગર આપવો નહીં.

૭. તમારી દુકાનેથી જે દારૂ વેચાય તે દુકાનમાં, અગર દુકાનની હદમાં અગર દુકાનને લગતી જે જગા તમારા ઉપયોગમાં કે તાબામાં હોય તે જગામાં કોઇને પીવાની અથવા તો દારૂની બાટલી ઉઘાડવાની પરવાનગી આપવી નહીં.

ઠરાવ.

આ વેચનારને સરકાર પટ્ટો કરી આપે છે તે, સ્ટાંપ આક્ટમાં પટાની વ્યાખ્યા જે આપી છે તેમાં આવતો નથી. (જુઓ કલમ ૩ રકમ ૧૬). આ કામનો પટો એ કરારના સ્વરૂપનો લેખ માનવો જોઇએ અને જે અર્થે તે કરાર સરકાર તરફ કરી આપવામાં આવે છે તે અર્થે તેને સ્ટાંપની માફી છે. (જુઓ પુરિશિષ્ટ ૨ કલમ ૫). પરિ-

---

૮. દારૂ જો હીંદુસ્તાન બહારથી સીલબંદ બાટલીમાં આવ્યો હોય તો જેવો સીલબંદ બાટલી આવી હોય તેવીજ વેચવી. બીજા પ્રકારના વાસણમાં આવ્યો હોય તો આવેલા સીલબંદ વાસણમાં અગર હીંદુસ્તાનમાં આવ્યા પછી બાટલીમાં સીલબંદ કરવામાં આવ્યો હોય તે તેવા સીલબંદ બાટલીમાં વેચવો. પરંતુ તમે જે હોટેલ કાહાઢયું છે તે હોટેલમાં જે લોક આવે તેમને બાટલીની સીલ તોડીને દારૂ પીવા આપવાની પરવાનગી આપવામાં આવે છે. પણ તે હોટેલની બહાર સીલબંદ બાટલી સિવાય છુટક દારૂ તમોએ કોઇને પણ લેઈ જવા દેવો નહીં.

૯. બધાની સહજ નજરે પડે એવી રીતે એક પાટીયું તમોએ તમારી દુકાન આગળ મારવું અને તે ઊપર મોહોટા અક્ષરે હેઠલ લખ્યા પ્રમાણે મજકુર લખવોઃ—

"વિલાયતી એટલે હીંદુસ્તાન બહાર તઈયાર થયેલો પીવાનો દારૂ સરકાર પરવાનગીથી વેચવાની દુકાન. દુકાનમાં બાટલી ઉઘાડવાની અથવા પીવાની પરવાનગી નથી."

૧૦. તમારી દુકાનમાં કઇ જાતનો કેટલો દારૂ આવ્યો અને વેચાયો તેનો ખરો હિસાબ તમોએ દરરોજ સારા અક્ષરે લખી રાખવો જોઇએ. એ હિસાબ વહિવટદારના સહી શિકકાવાળી બાંધેલી ચોપડીમાં રાખવો અને કારકુનથી ચઢતા દરજાના મુલકી અગર આપકારી ખાતાના નોકરોમાંથી કોઇ પણ નોકર તે હિસાબ તપાસવાને માગે તો તમોએ તે તપાસવા દેવો જોઇએ.

૧૧. તમોએ તમારી દુકાનમાં અમો ઠરાવી આપીએ તે નમુનાનો સાઈકસ હાઈડ્રામીટર (થરમા મીટર, ટ્રાયગ્લાસ, અને બુક ઓફ ટેબલ્સ સુધાં) હમેશાં રાખવી જોઈએ. ઉપરની કલમમાં લખેલા નોકરોમાંનો કોઈ પણ નોકર તે હાઇડ્રામીટરવડે તમારી દુકાનમાંનો દારૂ તપાસવા માગે તો તમોએ તેનો ઊપયોગ કરવા દેવો જોઇએ.

૧૨. આબકારી નિબંધ પ્રમાણે જેને અધિકાર છે તેવો કોઈપણ શખસ તમારી દુકાન તપાસવાનું કહે ત્યારે તેને તે તપાસવા દેવી જોઇએ.

૧૩. પ્રસિદ્ધ ખરાબ ચાલના લોકોને દારૂ વેચવો નહીં.

૧૪. પ્રસિદ્ધ ખરાબ ચાલના માણુસને દુકાનમાં આશ્રય આપવો નહિ.

૧૫. તમોએ તમારી દુકાનમાં સારી ચાલના નોકર રાખવા.

શિડ્યુલ ૧ રકમ ૩ માં જે દસ્તાવેજ લાગતને પાત્ર હોય તે દસ્તાવેજનો ઉલટ લેખ પણ લાગતને પાત્ર હોવાનું લખ્યું છે અને જો મુળ કરાર લાગતને પાત્ર હોત તો રૂ. ા॥. નો સ્ટાંપ લાગત પરંતુ મુળ દસ્તાવેજ જો લાગતને પાત્ર ન હોય એવા દસ્તાવેજનો ઉલટ લેખ હોય ત્યાં તે લાગતને પાત્ર છે એમ માની શકાય નહીં.

---

૧૬. રોકડ નાણાં સિવાય બીજી કોઇ પણ વસ્તુ લેઇ તમોએ દારૂ વેચવો નહીં.

૧૭. તમારી દુકાનમાં અગર દુકાનના નજીક સુલેહનો ભંગ થાય તો અથવા બીજો કોઇ ગુન્હો થયાનું તમારા જાણવામાં આવતાંજ તમોએ નજીકની પોલીસને ખબર આપવી.

૧૮. લોકોની સુલેહ રેહેવા સારૂં અગર બીજા કોઇ પણ વ્યાજબી કારણસર અમો, જ્યારે જ્યારે તમારી દુકાન બંધ કરવાનો હુકમ તમને આપીએ ત્યારે ત્યારે તે તમારે બંધ રાખવી જોઇએ.

૧૯. તમારી દુકાન નજીક કોઇ પણ પ્રકારનું તોફાન થઇ હંગામો થવાનો સંભવ હોય અથવા હંગામો શરૂ થાય તે વખતે જો કોઇ માજીસ્ટ્રેટ અગર નાયબ ફોજદાર કરતાં જેનો દરજ્જો કમી નહી હોય એવા કોઇ પોલિસ અમલદાર તમારી દુકાન બંધ કરવા બાબત હુકમ કરે તો તે પ્રમાણે તમારે દુકાન બંધ રાખવી જોઇએ.

૨૦. ઉપરની ૧૮–૧૯મી કલમો પ્રમાણે દુકાન બંધ રાખવામાં આવે તે બાબત કોઇપણ પ્રકારનું નુકશાન તમને મળવાનું નથી.

૨૧. ઉપરની પેહેલી તે વીસમી કલમ સુધીમાં લખેલી શરતો વિરૂદ્ધ અથવા આપકારી નિબંધ કે નિયમ વિરૂદ્ધ તમારી પાસેથી અથવા તમારા નોકર ચાકર પાસેથી કોઇપણ પ્રકારનું કૃત્ય થાય તો આ પટો રદ થવાને પાત્ર થશે તથા આપકારી નિબંધ પ્રમાણે તમારા ઉપર કામ પણ ચાલી શકશે. તારીખ માહે જુલાઇ સન ૧૮૮૯ મીતી અસાડ વદ સંવત ૧૯૪૫ મુકામ વડોદરા.

મા૦ સા૦ દેસાઇ વડોદરાપ્રાંતના સુબાની સહી.

ઉલટલેખની નકલ.

શ્રીમંત સરકાર ગાયકવાડ સેનાખાસખેલ શમશેર બહાદુર વિદ્યમાન વડોદરા પ્રાંતના સુબા.

કબુલાયત એસમી બાબાજી બણેશ, રેહેવાસી વડોદરા, જત. અમોએ તા. ૨૦ માહે જુલાઇ સન ૧૮૮૯ની અરજી કરી ને વિલાયતી પીવાનો દારૂ વેચવાની પરવાનગી માગી તે ઉપરથી વડોદરા શેહેરમાં રાવપુરામાં ધીકાંટામાં ચીમણાબાઇના ટાવરપાસે તા૦ ૧ અગષ્ટ સન ૧૮૮૯

જે લેખ દારૂ વેચનાર સરકારને લખી આપે છે તે સરકારે કરી આપેલા પટાના કબુલાતનો ઊલટ લેખ થાય છે સબબ ઊપર બતાવેલા કારણથી તે લાગતને પાત્ર છે એમ માની શકાય નહીં. નવીન સ્ટાંપનિબંધની કલમ ૨ નો પેરીગ્રાફ ૨ માં સ્પષ્ટ ઠરાવ્યું છે કે

થી તા૦ ૩૧ જુલાઇ સન ૧૮૯૦ આખેર સુધી દુકાન માંડીને તેમાં મજકુરમાં લખેલી પ્રકારનો વિલાયતી એટલે હીંદુસ્તાન બહાર તઇયાર થયેલો પીવાનો દારૂ વેચવા બાબતે અમારી

૧ વાઇન.
૨ ફરમેન્ટેડલીકર્સ.
૩ અંદરઅંડરમુફ કરતાં ઓછો નહીં એવો કસનો સ્પીરીટ.

પાસેથી એક વરસની ફી રૂપીઆ ૭૫ અંકે પંચોતેર બાબાશાઇ લઈને અમોને પટો આપ્યો છે.

૨. જે પ્રકારનો અથવા જે કસનો દારૂ વેચવાનો પટો અમોને આપ્યો છે તે સિવાય બીજા પ્રકારનો અથવા કસનો દારૂ અમો પોતાની દુકાનમાં રાખીશું નહીં અગર વેચીશું નહી સ્પીરીટનો કસ સાઇકસ હાઇડ્રામીટરથી તપાસવા દઇશું.

૩. અમોને જે પટો આપ્યો છે તે પટામાં લખેલા ઠેકાણા શિવાય બીજે ઠેકાણે દારૂ રાખીશું નહીં અગર વેચીશું નહીં, તેમજ કોઈપણ પ્રકારે મિશ્ર કરેલો દારૂ સદરહુ દુકાનમાં રાખીશું નહીં અગર વેચીશું નહીં.

૪. અમો દુકાનમાં રહી જાતે વેચાણ કરીશું. અમો દુકાનમાં હાજર નહિ રહીશું તથા વેચાણનું કામ બીજા કોઇને સોંપ્યું હશે તો આપકારી સુપ્રિટેન્ડેન્ટ અથવા તાલુકાના વહિવટદાર કરતાં કમી નહીં એવા દરજ્જાના અમલદારની લેખી મંજુરી પટાની પાછળ લેઈશું. પરંતુ એ પ્રમાણે જેને નીમ્યા હશે તે તથા દુકાન ઉપર બીજા નોકર જે કૃત્ય કરશે તેની જવાબદારી અમારા ઊપર છે.

૫. દારૂની દુકાન સવારમાં સુર્યોદય પહેલાં તથા રાત્રે દસવાગ્યા પછી ઊઘાડી રાખીશું નહીં. તે કરતાં વધારે વાર ઊઘાડી રાખવી હશે તો આપની અથવા આપ જેને અધિકાર આપશો તે અમલદારની પરવાનગી લેઇશું.

૬. બ્રિટિશ સરકારના અગર બીજા કોઇ લશ્કરી માણસને અગર તેના ઊપયોગ સારૂ બીજા કોઈ શખસને તેના કમાડીંગ આફીસરના હુકમ શિવાય અમો દારૂ વેચીશું નહીં.

૭. અમારી દુકાનેથી જે દારૂ વેચાય તે દુકાનમાં અગર દુકાનની હદમાં અગર દુકાનને લગતી જે જગ્યા અમારા ઉપયોગમાં અગર તાબામાં હોય તે જગ્યામાં કોઇને પીવાની અથવા તો દારૂની બાટલી ઊઘાડવાની પરવાનગી આપીશું નહીં.

આ નિબંધ અમલમાં આવવાના પેહેલા થયેલા દસ્તાવેજને આ નિબંધ લાગુ નથી. ઉલટલેખ સદરહુ તારીખ પેહેલા થયા હોય અને તેનો અમલ નવો સ્ટાંપનિબંધ અમલમાં આવ્યા પૂછી થવાનો હોય તેને પણ આ નિબંધ લાગુ થવાનો નથી.

---

૮. દારૂ જે હીંદુસ્તાનની બહારથી શીલબંદ બાટલીમાં આવ્યો તો જેવી શીલબંદ બાટલી આવી હોય તેવીજ વેચીશું. બીજા પ્રકારના વાસણમાં આવ્યો હોય તો આવેલા સીલબંદ વાસણમાં અગર હિંદુસ્તાનમાં આવ્યા પછી બાટલીમાં સીલબંધ કરવામાં આવ્યો હોય તો તેવો સીલબંદ બાટલીમાં વેચીશું. પરંતુ અમે જે હોટેલ કાહાડ્યું છે તે હોટેલમાં જે લોક આવે તેમને બાટલી શીલ તોડીને દારૂ પીવા પાવા આપવાની પરવાનગી લેવામાં આવી છે. પણ તે હોટેલની બાહેર શિલબંદ બાટલી છુટક દારૂ અમો કોઈને પણ લેઈ જવા દઈશું નહીં.

૯. બધાની 'સેહેજ નજરે' પડે એવી રીતે એક પાટીયું અમો અમારી દુકાન આગળ મારીશું અને તે ઊપર મોહોટા અક્ષરે હેઠળ લખ્યા પ્રમાણે મજકુર લખીશું:—

" વિલાયતી એટલે હીંદુસ્તાન બાહાર તઈયાર થયેલો પીવાનો દારૂ સરકાર પરવાનગીથી વેચવાની દુકાન. દુકાનમાં બાટલી ઉઘાડવાની અથવા દારૂ પીવાની પરવાનગી નથી."

૧૦. અમારી દુકાનમાં કંઇ જાતનો કેટલો દારૂ આવ્યો અને વેચાયો તેનો ખરો હિસાબ અમો દરરોજ સારા અક્ષરે લખીશું. એ હિસાબ વહીવટદારના સહી સીકકાવાળી બાંધેલી ચોપડીમાં રાખીશું. અને કારકુનથી ચઢતા દરજાના મુલકી અગર આપકારી ખાતાના નોકરોમાંથી કોઇ પણ નોકર તે હીસાબ તપાસવાને માગે તો તપાસવા દઇશું.

૧૧. અમો અમારી દુકાનમાં તમો ઠરાવી આપશો તે નમુનાનો સાઇકસહાઈડ્રામીટર (થરમામીટર, ટ્રાય ગ્લાસ, અને બુક ઓફ ટેબલ્સ સુદ્ધાં) હમેશાં રાખીશું. ઉપરની કલમમાં લખેલા નોકરોમાંનો કોઇ પણ નોકર તે હાઈડ્રામીટર વડે અમારી દુકાનમાંનો દારૂ તપાસવા માગશે તો અમે તેનો ઉપયોગ કરવા દઇશું તથા દારૂ તપાસવા દઇશું.

૧૨. આપકારી નિબંધ પ્રમાણે જેને અધિકાર છે તેવો કોઈ પણ શખસ અમારી દુકાન તપાસવાનું કહે ત્યારે તેને તે તપાસવા દઇશું.

૧૩. પ્રસિદ્ધ ખરાબ ચાલના લોકોને દારૂ વેચીશું નહીં.

૧૪. પ્રસિદ્ધ ખરાબ ચાલના માણુસોને દુકાનમાં આશ્રય આપીશું નહીં.

૧૫. અમો અમારી દુકાનમાં સારી ચાલના નોકરો રાખીશું.

૧૬. રોકડનાણા સિવાય બીજી કોઈ પણ વસ્તુ લેઇ અમો દારૂ વેચીશું નહીં.

૧૭. અમારી દુકાનમાં અગર દુકાન નજીક સુલેહનો ભંગ થાય તો અથવા બીજો કોઇ ગુન્હો થયાનું અમારા જાણુવામાં આવતાંજ અમો નજીકની પોલીસને ખબર આપીશું

રા. બા. જ. સ. ગાડગીલ એકટીંગ ચીફજસ્ટિસ તથા જડજય રા. બા. અંબાલાલ સાકરલાલભાઈ તથા જડજય રા. બા. આ. સ. બર્વે એઓ ત્રણે સાહેબની રૂબરૂ*

ફેસલ તારીખ ૧૭ માર્ચ સન ૧૮૯૦.

ઠક્કર અંદરજી મંગળજી રેહેનાર વરસડા તાલુકે અમરેલી.		અરજદાર (દસ્તાવેજ લખી લેનાર)
પટેલ ભગવાન રામજી રેહેનાર વરસડા પ્રગણે અમરેલી.		દસ્તાવેજ લખી આપનાર.

(નવી સ્ટાંપનિબંધ સબંધે નોંધણી ખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

સાંથની આપવાની કબૂલાત સ્ટાંપનિબંધ પરિશિષ્ટ ૨ રકમ ૨ દસ્તાવેજનો અર્થ-સાંથ સમજવાવશે.

સ્ટાંપનિબંધની વ્યાખ્યા પ્રમાણે કબૂલાત એક વરસથી અધિક નિયમીત મુદતની ન હોય તો તે ગમે તેટલા રૂપિઆની હોય તોપણ તે પરિશિષ્ટ ૨ રકમ ૨ પ્રમાણે માફીમાં આવે છે, અને તેજ પ્રમાણે તેમાં વાર્ષીક ભાડું કિંવા સાંથ રૂપિઆ ૧૦૦સો કરતાં વધારે રકમની ન હોય તો તે

---

૧૮. લોકોની સુલેહ રહેવા સારૂ અગર બીજા કોઈ વ્યાજબી કારણ સર તમો અમારી દુકાન બંધ કરવાને જ્યારે જ્યારે અમને હુકમ આપશો ત્યારે (ત્યારે) તે અમો બંધ રાખીશું.

૧૯. અમારી દુકાન નજીક કોઇ પણ પ્રકારનું તોફાન થઇ હંગામો થવા સંભવ હોય અથવા હંગામો શરૂ થાય તે વખતે જો કોઈ માજીસ્ટ્રેટ અગર નાયબ ફોજદાર કરતાં જેનો દરજ્જો કમી નહીં એવો કોઇ પોલીસ અમલદાર અમારી દુકાન બંધ કરવા બાબત હુકમ કરે તો તે પ્રમાણે અમો દુકાન બંધ રાખીશું.

૨૦. ઉપરની ૧૮-૧૯ મી કલમો પ્રમાણે દુકાન બંધ રાખવામાં આવે તે બાબત કોઇ પણ પ્રકારનું નુકસાન અમો માગીશું નહીં.

૨૧. ઉપરની પેહેલીથી તે વીસમી કલમ સુધીમાં લખેલી સરતો વિરૂદ્ધ અથવા અપકારી નિબંધ કે નિયમ વિરૂદ્ધ અમારી પાસેથી અથવા અમારા નોકર ચાકર પાસેથી કોઇ પણ પ્રકારનું કૃત્ય થાય તો આપેલો પટો રદ થવાને પાત્ર થશે તથા અપકારી નિબંધ પ્રમાણે અમારી ઉપર કામ પણ ચાલી શકશે. તા. માહે જુલાઇ સન ૧૮૮૯ મિતી અસાડ વદ સંવત ૧૯૪૫. ભીકાજી ગણેશ રેંગે સહી દ. પોતે.

ટીપ—પટા તથા કલટ લેખની નકલ જે ઉપર આપેલી છે તે અપકારી સંબંધે ખાતાના નિયમ છે તેમાં નમુનો નબંર ૫ છે તે પ્રમાણે છે.

---

*હી. સ્ટાં ખુ. ર. નંબર ૬ સન ૧૮૮૯-૯૦.

કબૂલાત પણ અમે તેટલી મુદતની હોય તથાપિ મારીમાં આવે છે, માત્ર એવી બન્ને પ્રકારની કબૂલાત- માં ઉચ્ચક, એટલે ઉચ્ચક રકમ ઠરાવેલી હોવી ન જોઈએ. દસ્તાવેજનો અર્થ તેમાં છાપુરેલા શબ્દ પ્રમાણે હરકત ન હોય તો કરવો જોઇએ દરવીઘે સાંથ ન ઠરાવતાં આખા ખેતર માટે સાંથનો ઠરાવ કરવાનો રીવાજ ઘણો છે.

હકીકત.

મેહેરબાન અમરેલીપ્રાંતના જડર્જ નોંધણીસરકામદાર તરફથી પુછવામાં આવેલો ખુલાસો નવીન સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે કરેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમ્યાન સંવત ૧૯૪૬ના પોષવદી ૫ તારીખ ૧૧ માહે જાન્યુઆરી સન ૧૮૯૦ ના રોજ થયેલો દસ્તાવેજ અમરેલી નોંધણી કામદાર- ના આગળ રજુ થયો છે, જેની નકલ સાદ્યંત આ સોબત* છે. આ દસ્તાવેજ જમીન રૂપીઆ ૪૦૦ માટે એક વરસના ભાડાથી લીધા બાબેનો છે. એ દસ્તાવેજને સ્ટાંપ- નિબંધના પરિશિષ્ટ ૧ ની કલમ ૨૦ રકમ (ક) લાગુ કરવી કે રકમ (ગ) લાગુ

---

*દસ્તાવેજની નકલ.

સ્ટાંપ રૂ. ૨ એનો લગાડેલો છે.

સંવત ૧૯૪૬ ના પોષ વદી ૫, તારીખ ૧૧ જાનેવારી સન ૧૮૯૦ ને દિને લખાવી લેનાર, ઠક્કર અંદરજી મંગળજી, જાતે લુવાણા, રેહેવાશી વરસડા, પ્રગણે અમરેલી જોગ. લખી આપનાર કણબી ભગવાન રામજી જ્ઞાતે લેઉઆકણબી શાખે વિરાણી રેહેવાશી, વરસડા પ્રગણે અમરેલીનો લખી આપું છું કે, નીચે લખેલી ચતુઃસીમાવાળી જમીન ખેડવા તમારી પાસેથી રાખેલી છે તેની સાંથના રૂ. ૪૦૦ અંકે ચારસો પુરા કલદાર ઠરાવ્યા છે તે સંવત ૧૯૪૭ ની સાલ એકની સાંથ ઉપર પ્રમાણે દેવી છે. ને તે સાલની ઉપજ, આગતર પાછતર તમામ અમે લેઈશું ને ઉપર લખી સાંથના રૂપીઆ આપવાનો વદાર (વાયદો) સંવત ૧૯૪૭ ના પોષ સુદ ૨ નો કર્યો છે. તો નીચે લખી જમીનની ઉપજ જે આવશે તેનું તમામનું ખળુ તમો કહેશો ત્યાં તમારા કબજામાં કરીશું ને ઉપર લખ્યા રૂપીઆ તમોને આપી અમો ઉપજ લેઈશું તેમાં કરી તકરાર કરવી નહીં, ખેડવા રાખેલી જમીનની ચતુઃસીમાઃ—

૧ વરસડામાં ખેતર ૧, કોસારીયા વાળું નંબર ૧૩૫ વિઘાં ૩૦–૧૧–૦.

૧ પૂર્વ તરફ ત્રવાડી ચકુ હીરજીનું ખેતર છે.

૧ પશ્ચિમ તરફ કલા દેવદાસનું ખેતર છે.

કરવો એ વિશે સંશય આવ્યાથી અમરેલી નોંધણીકામદારે ખુલાસો મળવા અમરેલી પ્રાંતના નોંધણીસરકામદાર તરફ રિપોર્ટ કર્યો. નોંધણીકામદારનો અભિપ્રાય છે કે, દર વીંઘે અમુક રકમ આપવી એવો ઉલ્લેખ કે કરાર હોય તો, તેનું સાંથનો દસ્તાવેજ કહેવો, અને જે દસ્તાવેજમાં જમીન અમુક વીંઘા અગર કુંભાના રૂપીઆ અમુક, એમ એક આંકડે લખેલું હોય ત્યારે તેને ઉદ્ધડ રકમનો દસ્તાવેજ કહેવો, પછી તે દસ્તાવેજમાં આ દસ્તાવેજ સાંથનો, અથવા ઉદ્ધડ રકમનો છે, એવા બોલ હોય કે નહીં, તેની કંઈ જરૂર નથી. જજ્ય સાહેબ નોંધણીસરકામદારનો અભિપ્રાય છે કે, સદરહુ દસ્તાવેજમાં ચારસો રૂપીઆ ખાસ એક વરસ બાબતના લખેલા છે તેથી તે ઉદ્ધડ રકમનો કરાર નથી માટે દસ્તાવેજ રૂપીઆ ૨ ના સ્ટાંપ ઉપર છે તે બરાબર છે.

ઠરાવ.

દસ્તાવેજ વાંચી જોતાં તે કબૂલાતના સ્વરૂપનો છે. અને તેમાં લખેલા રૂપીઆ ૪૦૦ ની રકમ સાંથની રકમ છે એવું દસ્તાવેજમાં સ્પષ્ટ લખેલું છે માટે તે ઉદ્ધડ રકમ સમજવાની નથી. કેમકે, દસ્તાવેજનો અર્થ તેમાં વાપરેલા શબ્દ પ્રમાણે કરવા હરકત ન હોય તો, વાપરેલા શબ્દ પ્રમાણે અર્થ કરવો જોઇએ. દરવીંઘે અમુક રૂપીઆ સાંથ એવું લખેલું હોય તોજ સાંથ સમજવી એવું કંઈ નથી. સાંથ બદલ આપવા

---

૧ ઉત્તરે ડાહ્યા દેવજીનું ખેતર છે. ૧ દક્ષિણે કીલા મુલા દુધાતનું ખેતર છે.

૧ ખેતર ૧ નામે બાલાદેવ વાળું, નંબર ૧૫૪ વીઘા ૫૮–૧૮–૦

૧ પૂર્વ તરફ પટેલ નારણ દેવદાસ તથા ગોવીંદ ડાયાનાં ખેતરાંનો ઉપમાર્ગ. ૧ પશ્ચિમ તરફ પટેલ ડુંગર તથા રામા નાથાનાં ખેતરાં છે.

૧ ઉત્તરે ખેતરાઉમાર્ગ સીમનો છે. ૧ દક્ષિણે વરસડેથી માચીવાલે જવાનો માર્ગ

૧ વાડી ૧ નામે ડોબરીયા વાળી નંબર $\frac{૩૦}{૨}$, વિઘા ૨૦–૧૬–૦, એકંદર વાડી ૬–૨–૮ છે તે તમામની ચતુઃસીમા તે વાડીમાં ઉપર લખ્યા વીંઘા ૨૦–૧૬–૦ (એમાં) અમારો ભાગ છે.

૧ પૂર્વ તરફ પટેલ ડાહ્યા દેવજી વિગેરેની છીંકલીવાડીનું પડું, ૧ પશ્ચિમ તરફ વરસડેથી સેડુભાર જવાનો રસ્તો.

૧ ઉત્તરે, પડી પાપેણુ. ૧ દક્ષિણે માચીવાળા તથા સેડુભાર જવાનો મારગ.

એ રીતે ચતુઃસીમાવાળી જમીન ઉપર લખ્યા કરારથી એક વરસના કરારે, સંવત ૧૯૪૭ ની સાલ બાબત અમે ખેડવા રાખેલી છે, તો ઉપરના કરાર પ્રમાણે રૂપીઆ આપવા છે. તે ન આપીએ તો, હરેક રીતે વસુલ કરી લેજો. ને સંવત ૧૯૪૭ ની સાલની આગતર પાછતર પેદાશ આવ્યા બાદ જમીનનો કબજો બીન તકરારે છોડી દેવો છે. આ સાંથનો દસ્તાવેજ રાજી ખુશીથી તબીયત ઠેકાણે રાખી લખી આપ્યો તે મને તથા મારા વંશવારસને કબૂલ મંજૂર સહી છે. મિતી સદર. દસ્કત મેતા ભગવાનજી પુરૂશોતમદાસ

ખેતરનો એક રકમ પણ પક્ષકાર ઠરાવી શકે છે ને તે પ્રમાણે ઠરાવવાનો રીવાજ પણ ઘણો છે.

હાલનો દસ્તાવેજ જોતાં તે નવીન સ્ટાંપનિબંધ પરિશિષ્ટ ૨ ની રકમ ૨ માં આવી શકે છે, અને તેથી તેને સ્ટાંપની જરૂર નથી. કેમકે, સદરહુ રકમ ૨ પ્રમાણે-ની કબૂલાત એક વરસથી અધિક નિયમિત મુદતની ન હોય તો, તે ગમે તેટલા રૂપિયાની હોય તો પણ તે માફીમાં આવે છે અને તેજ પ્રમાણે, તેમાં વાર્ષિક ભાડું કિંવા સાંધ રૂપિઆ ૧૦૦ સો કરતાં વધારે ન હોય તો, તે કબૂલાત પણ ગમે તેટલી મુદતની હોય તથાપિ માફીમાં આવે છે. માત્ર એવી બન્ને પ્રકારની કબૂલાતમાં ઉદ્ધડ, એટલે, ઉચ્ચક, રકમ, કંઈ ઠરાવેલી હોવી, ન જોઇએ. માટે પરિશિષ્ટ ૧ ની રકમ ૨૦ ની પેટા રકમ આ દસ્તાવેજને કઇ લાગે છે તેનો વિચાર કરવાની જરૂર નથી.

રા. બા. જ. સ. ગાડગીલ, એક્ટિંગ ચીફજસ્ટિસ, તથા જજ્ય રા. બા. અંબાલાલ સાકરલાલભાઈ, તથા જજ્ય રા. બા. આ. સ. બરવે એઓ સાહેબ-ની રૂબરૂ*

ફેસલ તારીખ ૧૭ માર્ચ સન ૧૮૯૦.

મલેક, નુરભાઈ ગુલાબ બીનફેજુ, જાતે મુસલમાન, રેહેવાસી ગણદેવી.	અરજદાર (દસ્તાવેજ લખી લેનાર)
બાઇ સરફણ, પઠાણ ઇબ્રામખાં ગુલાબખાંની બેટી.	દસ્તાવેજ લખી આપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણી ખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો રેફરન્સ (પૂછેલો છે).

બક્ષીસપત્ર—પરિશિષ્ટ ૧ રકમ ૨૪—વારસપત્ર.

દસ્તાવેજમાં મિલકત સ્વાધિનકર્યાનું વિગેરે લખ્યું હતું. એવો દસ્તાવેજ બક્ષિસપત્ર સમજવાનો છે તથા તેને (પરિશિષ્ટ ૧ રકમ ૨૪ લાગુ પડે છે) એવો દસ્તાવેજ વારસપત્ર થતો નથી.

લખી દેનાર તથા લખાવી લેનારના કેહેવાથી લખી આપ્યો છે. મિતી સદર.

અત્રે	સહી.	અત્રે	સાખ.
૧ પા. ભગવાનજી રામજી ઉપર લખ્યું તે સહી. દા. મેતા દેવચંદ ત્રીકમ ધણી ભગવાન, રામજીના કહેવાથી સહી કરીછે.		૧ ગાંધી ખેમજી મેઘજી ની સાખ દ. પોતે ધણીના કહેવાથી. ૧ ઠા. બેચર જુદાની સાખ દ. પોતે. પટેલ ભગવાન રામજીના કહેવાથી.	

---

* દી. સ્ટાં. ખુ. ૨. નંબર ૭ સન ૧૮૮૯-૯૦.

હકીકત.

ઉપર લખેલા પક્ષકારોના દરમીઆન સંવત ૧૯૪૬ના મહાશુદી ૨, તારીખ ૨૨ જાનેવારી સન ૧૮૯૦, ના રોજ થયેલો દસ્તાવેજ ગણદેવી નોંધણીકામદાર આગળ રજુ થયો, જેની નકલ આદ્યંત આ સોબત* છે. એ દસ્તાવેજનું સ્વરૂપ શું છે તે બાબે આ કામમાં પ્રશ્ન છે. ગણદેવી નોંધણીકામદારે સ્ટાંપનિબંધની કલમ ૩૧ પ્રમાણે સ્ટાંપ સંબંધી નિર્ણય થઇ આવવા, નવસારી પ્રાંતના સુબા સાહેબ તરફ નવસારીપ્રાંતના ઇનચાર્જ નોંધણી સરકામદાર મારફત દસ્તાવેજ મોકલ્યો. તેમણે દસ્તાવેજ સુબા સાહેબ તરફ ન મોકલતાં આં તરફ મોકલ્યો. તેમનો અભિપ્રાય છે કે, દસ્તાવેજ વારસનામાના સ્વરૂપનો છે માટે વારસનામાને કેટલો સ્ટાંપ જોઇએ તેનો ખુલાસો થવા તેમની માગણી છે.

---

*દસ્તાવેજની નકલ.

સ્ટાંપ રૂ ૨ નો લગાડેલો છે.

સંવત ૧૯૪૬ ઓગણીસે છેતાલીસના વરખે મહાશુદી ૨, વાર બુધ, તારીખ ૨૨ માહે જાનેવારી સન ૧૮૯૦, ઇસવી દિને, કસબે ગણદેવીના રહેનાર, મલેક નુરભાઇ ગુલામ બીન ફેજુ ન્યાતે મુસલમાન, લખીતંગ કસબે મજકુરની રેહેનારણ, બાઇ સરફણ, તે પઠાણ ઇબ્રામખાં ગુલાબખાંની બેટી, જત લખી આપું છું જે, તમો મારા પિત્રાઇ ભાઇ થાઓ છો, ને આજ આશરે વરસ આઠ ઉપર થયાં મારૂં કોઈ ન હોવાથી તમે મને ખોરાકી પોષાકી સારી રીતે આપીને મારો જીવ ખુશીમાં રાખ્યો છે. તેમ મારી હયાતી સુધી ખોરાકી (પોષાકી) પૂરી પાડશો અને મારી હયાતી બાદ, એટલે, મારા મુવા પછી ખરચ તમારે કરવો, વળી તમો શિવાય બીજો વારસ નથી ને મારી જે નીચે લખેલી મિલકત છે તેના વારસ તમો શિવાય કોઈ નથી તોપણ આ દસ્તાવેજથી તમને મુકરર વારસ કરી નીચે લખેલી સ્થાવર માલ મિલકત તમને સ્વાધીન કરૂંછું માટે સદરહુ સ્થાવર મિલકત તથા જંગમ મિલકતનો ઉપયોગ તમારે ચાહેતો વારસાના હકથી કરવો, ચાહેતો બક્ષીસ તરિકે માની ઉપયોગ કરવો. તેમાં કોઇની હરકત ચાલે નહીં. ગણદેવી કસ્બાના પઠાણવાડામાં મારા બાપદાદાનું જે ઘર મને મળેલું જેમાં હાલ તમો હમો રહીએ છીએ તે ઘર ઉત્તર દિશાની ઓળે અને દક્ષણ દિશાના સામા દ્વારનું જેની પુરવ કેડે વા. વજીર હુસેનભાઇનું ઘરછે. તથા પશ્ચિમે પઠાણ હયાતખાં મહમદખાંનું ઘર છે એ હદોની વચેનું ઘર માહારૂં તે ઘર જંગમ માલ સાથે તમને વારસ ઠરાવી સ્વાધીન કરૂંછું. એ ઉપર લખેલી મિલકત ઉપર સરવે તરેહનો હક તમારો છે. તમો સિવાય કોઇ-

ઠરાવ.

વારસપત્ર બદલ 'નવા સ્ટાંપનિબંધના પરિશિષ્ટ ૧માં લાગુ ઠરાવી નથી તોપણ હાલના દસ્તાવેજમાં સ્પષ્ટ લખ્યું છે કે "દસ્તાવેજમાં લખેલી સ્થાવર માલમિલકત તમને સ્વાધીન કરૂંછું અને સદરહુ સ્થાવર મિલકતનો ઉપયોગ તમારે ચહિે તો વારસાના હકકથી કરવો, ચાહે તો બક્ષીસ તરીકે માની ઉપયોગ કરવો" માટે આ દસ્તાવેજ બક્ષીસપત્ર સમજી શકાય છે અને તેથી નિબંધની કલમ ૭ પ્રમાણે તેને પરિશિષ્ટ ૧ ની રકમ ૨૪ લાગુ પડે છે માટે સુબાસાહેબે બક્ષીસ આપેલી મિલકતની કિંમત નકકી કરી સ્ટાંપનિબંધની કલમ ૩૩ પ્રમાણે તજવીજ કરવાની છે.

આ પ્રકરણ ઈનચાર્જ નોંધણીસરકામદાર એમની મારફત નોંધણીકામદારે મોકલ્યું તેવું કરવું જોઇતું નહોતું તથા ઇનચાર્જ સરકામદારે તે આ તરફ મોકલ્યું તેમ ન કરતાં પ્રાંતના સુબાસાહેબ તરફ મોકલવું જોઇતું હતું, એટલે તે ગેરમુનાસબ કીધું. આ પ્રકરણ આ કોરટ તરફ આવી ચૂકયું માટે દીનાવધી ન થવા વાસ્તે કાયદાના પ્રશ્નનો ખુલાસો કરવામાં આવ્યો છે.

નો હકક યાને દાવો નહીં અગર કોઇ ખોટો દાવો કરે તો મારા તરફથી તમો બી કોર્ટમાં જવાબ દેવા મુખત્યાર છો. વળી મારા ઘડપણના વખતમાં તમો મારી વતી વાલી થયા ને મને ખોરાકી પોષાકીથી ખુશીમાં રાખી એટલે મેં કોઇના ઉપર ભરોંસો નં રાખતાં મારી ઉપર મુજબની માલ મિલકત તમને સોંપી મારા વારસ તમોને કર્યા છે. આ લખત મારી રાજી ખુશીથી અકલ હુંશિઆરીથી બીનં ગફલતથી લખી આપ્યું તે મને કબૂલ મંજૂર છે. સદરહુ બદલનો દસ્તાવેજ હમોએ તમોને તાં-- માહે ડિસેંબર સન ૧૮૮૩ ના રોજ કરી આપેલો પણ તે મુદત બહાર જવાથી આ દસ્તાવેજ કરી આપ્યો છે તે મને કબૂલ છે. તારીખ મિતિ મજકુર દા. કુવરજી નાગરજીના છે.

૧ અત્રે મતુ.	અત્રે સાખ.
૧ બાઈ સરફન બીબી, તે પઠાણ ઇબ્રામખા ગુલાબખાંની છોકરી મતુ ઉપર લખ્યા પ્રમાણે સહી દા. સાજુ જીણાભાઇ મતુ બાઇના કહેવાથી હયાતીમાં કરૂછે.	૧ બાલભાઈ બનુભાઈ સાખ દા. પોતે ધણી બે હજુર.
	૧ મુહમદખાં પરબતખાં દા. પોતે.
	૧ મલેક નથુ જુમા સાખ દા. પોતે.
	૧ શા. નરોતમ નરસઇદાસ સાખ દા. પોતે.
	૧ લાલભાઇ ગગલભાઇ સાખ દા. પોતે, શાખ બાઇનાં કહેવાથી કરી.

રા. બા. જ. સ. ગાડગીલ, અક્ટિંગ ચીફ જસ્ટિસ તથા જજ્ય રા. બા. અંબાલાલ સાકરલાલભાઈ તથા જજ્ય રા. બા. આ. સ. બર્ વે એઓ સાહેબની રૂબરૂ*

ફેસલ તારીખ ૧૭ માર્ચ સન ૧૮૯૦.

પટેલ કુબેરભાઈ ભુલાભાઈ તથા પટેલ દેસાઇભાઇ અંદરભાઇ તથા પટેલ જવ્હેરભાઇ ગોપાળજી રેહેવાસી ડભોઉ.	દસ્તાવેજ લખી લેનાર.
બાઈ હરીબા, પટેલ ભાઇલાલ રણછોડભાઇની વિધવા	દસ્તાવેજ લખી આપનાર.

(નવા સ્ટાંમ્પ નિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે.)

ફારગતી—વારસપત્ર—પરિશિષ્ટ ૧ રકમ ૨૩.

સ્થાવર તથા જંગમ મિલકતમાં જીવતા સુધી જે હક હતા તે એક બાઇએ છોડી દેઇને તેના વારસોને આપ્યાવિશેનો દસ્તાવેજ કર્યો. ઠરાવ થયોકે, એવો દસ્તાવેજ વારસપત્ર નથતાં ફારગતીના સ્વરૂપનો છે અને તેને પરિશિષ્ટ ૧ રકમ ૨૩ પ્રમાણે સ્ટાંપ જોઇએ.

હકીકત.

ઉપર લખેલા પક્ષકારોના દરમીઆન સંવત ૧૯૪૬ ના મહાશુદી ૩ તારીખ ૨૩ જાનેવારી સન ૧૮૯૦ ના રોજ થયેલો દસ્તાવેજ વસો નોંધણીકામદાર આગળ રૂજુ થયો છે, જેની નકલ સાથંત આ સોબત *છે. એ દસ્તાવેજનું સ્વરૂપ શું છે તે બાબે આ કામમાં પ્રશ્ન છે વસો નોંધણી કામદારનો અભિપ્રાય છે કે, આ દસ્તાવેજ વા-

---

* દી. સ્ટાં. પુ. ૨. નંબર ૮ સન ૧૮૮૯-૯૦.

દસ્તાવેજની નકલ.

સ્ટાંપ રૂ. ૧ નો લગાડેલો છે.

સંવત ૧૯૪૬ના વરખે મહાસુદી ૩ દીને તા ૨૩—૧—૯૦ ઈસવી દીને ગામ ડભોઇના પા. કુબેરભાઇ ભુલાભાઈ, તથા પા. દેશાઇભાઇ અંદરભાઇ, તથા પા. જવેરભાઇ ગોપાળજી, જોગ લા. ગામ ડભોઉની બાઇ હરીબા પા. ભાઇલાલ રણછોડભાઇની વિધવા ભારજા જત લખી આપું છુ કે. હમારા ધણી ગુજરી ગએલા છે અને અમને કંઈ સંતાન નથી, કે અમારી મિલકત ભોગવે, અને તમો અમારા નજીકના પિત્રાઇ થાઓ છો, તેથી તમો અમારી સ્થાવર જંગમ મિલકતના વારસ છો, તેથી સંવત ૧૯૪૨ ના મહાસુદી ૬ ના રોજ દસ્તાવેજ, મિલકત નહીં બગડવા તથા બ્યવસ્થા જાતે કરવા તથા તેની દેખરેખ રાખવા તથા મારા ધણીનું દેવું હતું તેની ફેડ કરવા વિગેરે મતલબનો કરેલો, પણ, હું બાઈ માણસથી કઇ બ્યવસ્થા થઇ શકી નહીં, ઊલટું મિલકત દેવાના જોખમમાં આવી (મિલકત)

રસપત્ર છે માટે તેને સ્ટાંપની માફી જોઇએ, ને જો દસ્તાવેજ સ્ટાંપ લાગતને પાત્ર છે એમ ઠરે તો તેની કિમત કરી લેવી જોઇએ. વડોદરા પ્રાંતના નોંધણી અમલદારનો અભિપ્રાય એ દસ્તાવેજ ફારગતી છે એવો છે. માટે આ પ્રકરણ સ્ટાંપનિબંધની કલમ ૪૩ પ્રમાણે નિર્ણય થવા આ કોરટ તરફ આવ્યું છે.

ઠરાવ.

દસ્તાવેજ વાંચી જોતાં તે વારસપત્રના સ્વરૂપનો નથી; બાઇનો જીવતા સુધી જે હક્ક દસ્તાવેજમાં નિર્દિષ્ટ મિલકતમાં હતા તે તેણે છોડી દીધા છે એમ જણાય છે. માટે આ દસ્તાવેજ સ્ટાંપનિબંધની પરિશિષ્ટ ૧ રકમ ૨૩ પ્રમાણે ફારગતીના સ્વરૂપનો સમજી તે મુજબ સ્ટાંપવિશે તજવીજ કરવી જોઇએ.

ટિપે--આ ઠરાવ થયા પછી ફરી પુરવણી ઠરાવ, સ્ટાંપ ખુલાસા નંબર૯૭-૯૮ સન ૧૮૮૯-૯૦ ફેસલ તારીખ ૪-૧૧-૯૦ નો કરવામાં આવ્યો છે તેમાં સ્ટાંપની લગત કેટલી લેવી વિગેરે વિશે ખુલાસો કરવામાં આવ્યો છે તે પણ જુઓ.

સોંપેલી છે તોપણ મિલકતની સઘળી વ્યવસ્થા રહી શકી નહીં, મારી તમામ સ્થાવર જંગમ મિલકતનો મારો, જે જીવતા સુધીનો હક્ક છે, તે આ દસ્તાવેજથી આજથી આજરોજ છોડી દેઈ તમોને આપ્યો છે. માટે સદરહુ મિલકત વારસાઈ હક્કથી ઉપભોગ કરી ભોગવો અગર દેવાની ફેડ કરવા તથા મિલકતનો તમારી મરજી મુજબ ઉપભોગ કરવા તમો માલીક છો. વળી અમોને જીવતા સુધી પાળો ને મુવે બાળી ન્યાતી રિવાજ પ્રમાણે ઉત્તરક્રિયા કરી સ્વર્ગે અમોને પોહોચાડજો અને ઉપરની મિલકતથી અમારો હક્ક ઉઠાવી તમોને સ્વતંત્ર સોંપ્યા છે, માટે તમારી નજરમાં આવે તે પ્રમાણે ઉપભોગ કરી વ્યવસ્થા કરો તેમાં અમો કોઇ પ્રકારે હરકત કરીએ નહીં ને સદરહુ મિલકતનું વર્ણન નીચે પ્રમાણે ચતુઃસીમા સાથે છે.

* * * *

એની વીગતે નંબર ૧ થી તે નંબર ૨૧ એકવીસ સુધીની સીમતળની જમીન ઝાડ બીડ સુદ્ધાંત, તથા નંબર ૨૨ બાવીસથી તે નંબર ૨૬ સુધી વીંધા નંબર ૨૪ ચોવીસ સુધીના, ઘર ઊભું મેહાડું, તથા નંબર ૨૬ છવીંસ સુધીના ગાંમતળની જમીન સુધાંત તમોને પ્રથમ દસ્તાવેજના કરારથી તમોને સોંપ્યુ છે તે ઉપર અમારા હક્ક દાવો અલાખો આ કરારથી ઉઠાવી આજ દીને લીધો છે. આ દસ્તાવેજ અમો અમારી રાજી ખુશીથી તથા તનદુરસ્તીથી લખી આપ્યો છે તે અમારે કબૂલ મંજૂર છે.

૧ અત્રે સહી. અત્રે સાખ.

૧ બાઇ હરી, બાવાભાઇ રણછોડભાઇની વીધવા આરજા સહી દસકત પા. ભીકાભાઇ જીવાભાઇ.

૧ નાથાભાઇ ગોકળભાઇ સાખ દા. પોતે.
૧ પા. રણછોડ છવજી સાખ દા. પોતે.
૧ પા. ધનભાઇ મથુરાભાઈ સાખ દા. પોતે.
૧ પા. દ્વારકાદાસ બાપુજી સાખ ગામ વસો મધે ગામ ભાદરણના દા. પોતે.
૧ નાથાભાઈ ગોવિંદભાઇ સાખ દા. પોતે વસોના
૧ હરીભાઇ રેવાભાઇ સાખ દા. પોતે વસોના
૧ લી. પા. અમથાભાઇ સામળભાઇ વસો મધે લખ્યું છે.

રા. બા. જ. સ. ગાડગીલ એકટીંગ ચીફજસ્ટિસ તથા જજ્ય રા. બા. અંબાલાલ સાંકરલાલભાઈ તથા જજ્ય રા. બા. આ. સ. બર્વે એઓ સાહેબની રૂબરૂ*

ફેસલ તા૦ ૨૮ માર્ચ સન ૧૮૯૦.

બાઈ લાડકા શેઠ રણછોડદાસ દેવીદાસની વિધવા ઓ રેહેનારી, વરવાળા, મહાલ ઓખામંડળ.	દસ્તાવેજ લખી આપનાર.
રતનસી, તથા દામોદર, તથા ધરમસી નારણદાસ અજ્ઞાનનું પાલણ કરનાર નારણદાસ કાળા રેહેનારી મજકુર.	દસ્તાવેજ લખી લેનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ મુજબ ખુલાસો (રેફરંસ) પુછેલો છે).

વસિયતનામું–બક્ષિસપત્ર—સ્ટાંપનિબંધ, પરિશિષ્ટ ૧ રકમ ૨૪.

દસ્તાવેજમાં ઘણાભાગે વસિયતનામાં જેવો મજકુર છતાં છેલ્લા ભાગમાં મજકુર લખ્યોહતો કે "હાલથી જે તે સઘળો અધિકાર આપી મારો હક્ક મેં આજથીજ ઉઠાવી લીધો છે" આ દસ્તાવેજની ઇબારત ઉપરથી ઠરાવ થયો છે કે, આ દસ્તાવેજ વસિયતનામું ન છતાં બક્ષિસપત્ર છે અને તે પ્રમાણે સ્ટાંપ પૂરેપૂરો જોઇએ.

હકીકત.

ઉપર લખેલા પક્ષકારોના દરમીઆન, તારીખ ૮ ડિસેંબર સન ૧૮૮૯ ના રોજ દસ્તાવેજ થયેલો છે, જેની નકલ આ જોડે સામીલ* છે. એ દસ્તાવેજનું સ્વરૂપ

ઉપર લખેલી મિલકત ગામ ડભાઉની સીમની છે તથા ડભાઉ ગામતળની છે. તારીખ ૨૪–૧–૯૦.

બાઇ હરીબા પા. ભાઈલાલ રણછોડભાઇ સહી દા. ભીકાભાઈ જીવાભાઇ.

---

* ડી. સ્ટાં. ખુ. ર. નંબર ૯ સન ૧૮૮૯–૯૦

*દસ્તાવેજની નકલ.

સ્ટાંપ રૂપીઆ ૫ નો લગાડેલો છે.

હું બાઇ લાડવહુ તે ઓખામંડળ મધ્યે ગામ વરવાળાના રહીશ ઠક્કર રણછોડદાસ દેવી

મૃત્યુપત્ર છે કે બક્ષિસપત્ર છે ને મૃત્યુપત્ર હોય તો એ દસ્તાવેજને કેટલો સ્ટાંપ જોઇએ તથા નોંધણીની લાગત મૃત્યુપત્ર સમજીને લેવી કે બક્ષિસપત્ર માનીને લેવી. એ બાબે આખામંડળના નોંધણીકામદારે અમરેલીપ્રાંતના નોંધણીસરકામદાર તરફ લખ્યું. નોંધણીકામદારનો અભિપ્રાય છે કે એ દસ્તાવેજ બક્ષિસપત્ર છે. દસ્તાવેજમાં ધર્મશાળા બાબે અધિકાર આપ્યા વિશેનો કરાર મોઘમ છે અને તેનો સમાવેશ મૃત્યુપત્રમાં કદાચ થશે. નોંધણીસરકામદારનો અભિપ્રાય એવો છે કે, એ દસ્તાવેજ વસિયતનામું છે, ને ધર્મશાળા બાબેના મોઘમ કરારને સ્ટાંપ નહીં લેવો. સદરહુ પ્રમાણે અભિપ્રાય આપી ખુલાસો પૂછવા તેમના તરફથી આ કોરટ તરફ નંબર ૫૪૭ તારીખ ૧૧ ફેબ્રુઆરી સન્ ૧૮૯૦નું લખાણ આવ્યું છે.

દાસની વિધવા સ્ત્રી, જાતે ભાટિયા, ઉમર આશરે વરસ ૪૩ ની, જત. મારા શરીરમાં હાલ થોડી બીમારી ચાલે છે તેથી હું મારૂં છેલ્લું વસિયતનામું અથવા વીલ કરૂં છું તે મારા હક્કદાર વારસો વિગેરેએ પાળવું.

શ્રીવરવાળા મધ્યે મારા સસરા ઠા. દેવીદાસ હંસરાજની મિલકત, મેડી ૧ તથા એકઢાળિયું ઘર ૧ તે અમારા ભાઈઆતોની ડેલીમાં છે. તેની હદ ચતુઃસીમા દ્વારકા મુનસિફકોર્ટના મુકદમા નંબર ૧૯૮ સં. ૧૯૪૪ માં, નાદારીની ફરિયાદમાં જણાવેલી છે તે તથા વાડો ૧ ગઢનીરાંગ પાસે છે. તથા ધર્મશાળા ૧ તે, તથા મારી સ્થાવર જંગમ મિલકત વિગેરે જે કાંઇ હાલમાં મારી પાસે છે, અથવા મારી મરતી વખતે પળે, તે હું આ લેખતથી મારા વારસાઇહક્કાની તથા મારી પોતાની સઘળી માલ મિલકત ઘર બાર વિગેરે હું મારી રાજી ખુશીથી મારી મોટી બેન મટુબાઇના પુત્રો મારા ભાઇએ રતનસી, તથા દામોદર, તથા ધરમશી નારણદાસ એમને આપું છું તેમાં મારા શિવાય બીજા કોઇનો કાંઇ પણ હક્ક સંબંધ બીલકુલ નથી. તેમ તેઓના પિતા નારણદાસ કાળાનો પણ હક્ક નથી. ભાઈ રતનશી તથા દામોદર તથા ધરમશીની ઉમર હાલ નાની છે. તે સજ્ઞાન થતાં પોતાનો હક્ક સારી રીતે સ્વતંત્રપણે સંભાળી શકે ત્યાં સુધી તેઓનો હક્ક તેઓની તરફથી તેઓના પિતા ઠા. નારણદાસ કાળા જેને મે ખાત્રી તથા ભરોંસાના જાણી કુલમુખત્યારપત્ર ચાર રૂપીઆના સ્ટાંપ ઉપર તા. ૨૩ મી જુલાઇ સન ૧૮૮૭ એ લખી આપેલું છે ને તે આધારે મારૂં કામકાજ પણ કરે છે ને તે પ્રમાણે અમારા ભાણેજો સજ્ઞાન થતા સુધી કર્યા કરે તે કબૂલ છે ને મારા એ ભાણેજો તરફથી મારી હયાતીમાં તથા હું મુવા પછી પણ ઉપર લખેલી સઘળી મારી સ્થાવર તથા જંગમ મિલકત પોતાના તાબામાં રાખી ભાડા વિગેરેનું ઊત્પન્ન કરાવવા વિગેરે સર્વ પ્રકારની વ્યવસ્થા મારા મુવા પછી મારા ભાણેજો તરફથી મારો કુલમુખત્યાર અનેવી નારણદાસ કરે તે કબૂલ છે. ને મારા એ ભાણેજો લાયક ઉમરે આવે ત્યારે તે હક્ક સઘળો પોતાના પિતા નારણદાસ જે મારા બનેવી તથા કુલમુખત્યાર છે તે પાસેથી સંભાળી લે તથા પોતાને ફાવે તેવી વ્યવસ્થા કરે. ઉપર જણાવેલી મેડી ત્રણ મજલા વાળી તથા એકઢાળિયું (ઘર) તે મેડીને લગતું છે, તેનો કબજો ઠા. પ્રાગજી હીરજી ઉર્ફે ક-

ઠરાવ.

દસ્તાવેજ વાંચી જોતાં જો કે તે વસિયતનામું કરીને લખેલો છે ને તેમાં ઘણે ભાગે વસિયતનામું જેવોજ મજકુર છે તો પણ તેના છેલ્લા ભાગમાં મજકુર છે કે "હાલથીજ તે સઘળો અધિકાર આપી મારો હક્ક મેં આજથીજ ઉઠાવી લીધો છે." આ શબ્દોથી બાઇ જીવતાંજ તેનો હક્ક તેણે પોતાના ભાણેજોને આપી દીધો એમ થાય છે. બાઈ મુવા પછી ભાણેજોને કાંઇ હક્ક મળવાનું બાકી રહ્યું નથી. માટે આ દસ્તાવેજ બક્ષિસપત્રના સ્વરૂપનો સમજવો જોઇએ.

રસનદાસ પાસે છે, તે મારે હવાલે થવા માટે મેં એ કરસનદાસ ઉપર, ઉપર લખ્યા નંબર. ૧૯૮ સંવત્ ૧૯૪૪ની નાદારીમાં ફરિયાદ કરી તેનો ફેંસલો મારા લાભમાં તે કોરટથી તા. ૧૫ માહે આગુષ્ટ સન ૧૮૮૫એ થયેલો છે, તે ઉપર અપીલ થયેલી નથી ને એ ઠરાવની બજાવણી થવાની બાકી છે તે મારા તથા મારા ભાણેજો મજકુરવતી મારા વાકેફગાર કુલમુખત્યાર નારણદાસ કાળાએ કરી જગ્યા કબજે કરી લેવી તથા તે સંબંધમાં પોહોંચ્યો પાવતીઓ, ભરપાઇઓ કરી આપવા વિગરે સઘળો હક્ક મારો મેં ઉપર જણાવેલા કુલમુખત્યારને કામ કરવા કરતોજ દીધો છે. ને માલકીતરીકેનો હક્ક સંબંધ મે મારા ભાણેજોનેજ આ રૂઇએ (મારો સર્વત્ર હક્ક) દીધો છે તો તે હક્ક ભાણેજો હાલ નાની ઉમરના છે ત્યાં સુધી મારા બનેવી તથા કુલ મુખત્યાર મારા નારણદાસ કાળાને છે. મારી પાછળ મારી મૃત્યુની સઘળી કારજ ક્રિયા વિગેરે તેઓ મારી મિલકતમાંથી અગર બીજી રીતે કરે અને તેમનું ધ્યાન પોહોચે તે પ્રમાણે મારી પાછળ કારજ ક્રિયા વિગેરેનું સઘળું ખરચ કરે તથા મારૂં લેણું તેમને માલમ પડે તો તે લે તથા વસુલ કરે. મારી સદરહુ મિલકત ઉપર લખેલી સ્થાવરની હાલ કિંમત સુમારે રૂ. ૧૦૦૦ની છે: પ્રથમ તૈયાર કરી ત્યારે વધારે હતી તે ઉપર ધ્યાન દેઈ મેં નાદારીની મારી ફરિયાદમાં કિંમત જણાવી છે. મેડી તથા ઘરનો વાડો પડતર છે. તે સુમારે રૂપીઆ ૫૦ ની કીમતનો છે ધરમશાળા છે તે વેચાણ કે કોઈ રીતે મારગેજ મેલી શકાય તેમ નહી હોવાથી તેની કિંમત આ લેખમાં જણાવી નથી. મારી એ સઘળી મિલકત ઉપર સદરહુ મારા છેઇ વારસ ભાણેજો સિવાય બીજા કોઈનો કાંઇ પણ હક્ક સંબંધ નથી. મે તા. ૩૧ મે ઇસ્વીસન ૧૮૮૬ સંવત ૧૯૪૨ના વૈશાખ વદિ ૧૩ શનીવારના રોજ મારૂં વસિયતનામું આ ભાણેજોના નામનુંજ કરેલું તે પણ હું આ સાથે તેઓને સ્વાધીન કરૂછું. અને તે વસિયતનામાનું લખાણ તે કાયમ રાખેલું છે. માત્ર તેમાંથી હાલ મને યોગ્ય લાગ્યો તેટલો ફેરફાર આ વસિયતનામામાં કરેલો છે. આ છેલ્લું વસિયતનામું મેં મારૂં કર્યું તે મારી હયાતી સુધી તથા મુવા પછી પણ મારે કબૂલ રાખી હાલથીજ તે સઘળો અધિકાર આપી મારો હક્ક મેં આજથી ઉઠાવી લીધો છે. એ રીતે મેં આ વશિયતનામું કર્યું તે દેશ પરદેશ મારે તથા મારા વંશવારસ વિગેરેને કબૂલ મંજૂર છે. આ લેખ મેં મારી રાજી ખુશીમાં જીવ ઠેકાણે રાખી પૂરી સમજુતી તથા શુદ્ધિમાં કર્યો તે કબૂલ મંજૂર છે. આ વસિયતનામાને આ રાજ્યના કાયદા પ્રમાણે જેટલો સ્ટાંપ જોઇએ તેટલો આજ નહીં મળવાથી તે ઘટતો સ્ટાંપ આવતી કાલે લઈ પૂરો કરી

ધર્મશાળા વિશે લખ્યું છે કે, " તે વેચાણ કે કોઇ રીતે મારગેજ મેલી શકાય તેમ નથી." આવા પ્રકારની મિલકત ઊપર જે કાંઇ બાઇનો હક્ક હતો તે બાઇએ ભાણેજોને બક્ષિસ આપ્યો છે એમ સમજવાનું છે. એવા હક્કની કિંમત ભાણેજો અથવા તેમના વાલી જેટલી ગણતા હોય તેટલી સમજવાની છે.

દસ્તાવેજ બક્ષિસપત્ર છે એમ ઠરે છે માટે તેને લગાડેલો રૂપીઆ ૫ નો સ્ટાંપ ઉઘડરીતે અપૂર્ણ છે. માટે નવીન સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે નિયમ થયા છે તે નિયમની કલમ ૧૧ (ક) પ્રમાણે આ દસ્તાવેજ અટકાવી પ્રાંતના સુબા તરફ મોકલવો, એટલે તે આગળની તજવીજ કરશે.

રા. બા. જ. સ. ગાડગીલ, એકટીંગ ચીફજસ્ટિસ તથા જજ્ય રા. બા. અંબાલાલ સાકરલાલભાઈ તથા જજ્ય રા. બા. આ. સ. ખરવે એઓ સાહેબની રૂબરૂ*

ફેસલ તા. ૨૮ માર્ચ સન ૧૮૯૦.

બાઇ સુરજ ગોસાંઇ રામગીર વિશ્વનાથ ગીરની ઓરત રેહેવાસી વડોદરા.	દસ્તાવેજ લખી-લેનાર.
ગોસાંઇયણ બાઇ અમરત કોમ લાલગીરમાનગીરની વિધવા રેહેવાસી હાલ વડોદરા.	**દસ્તાવેજ લખી આપનાર.**

દેઇશ. એજ સવત ૧૯૪૬ ના માગશર વદી ૨ સોમવાર તારીખ ૯. મી ડીસેમ્બર સન ૧૮૮૯ મુકામ બેટ. દા. બેટના રહીશ વા. ગોકળદાસ મુળજી ધણીએ કહ્યા પ્રમાણે લખી આપેલું છે એ સહી.

સહી.	શાખ.
૧ સહી બાઇ લાડકા, નારાયણ રણછોડદાસ દેવીદાસની વિધવા સ્ત્રી દા. ઠા. જેરામ આણંદજીના બાઇ લાડકાના કહેવાથી.	૧ શાખ શ્રી સુરજની.
	૧ સાખ સોની વાલજી ગોપાળજી દા. પોતે. ધણીના કહેવાથી
	૧ સાખ ઠા. નારાયણદાસ કાળાજી દા. પોતાના ધણીના કહેવાથી લાડકાના કુલ મુખત્યારની
	૧ લા. શાખ. ઠા. કરસનદાસ ગોકળદાસ દા. પોતે ધણીના કહેવાથી.

---

* દી. સ્ટાં. ખુ. ૨. નંબર ૧૦ સન ૧૮૮૯—૯૦.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ (ક) પ્રમાણે ખુલાસો (રેફરન્સ કે પુછેલો છે).

વારસપત્ર—સ્ટાંપની માફી.

દસ્તાવેજના મજકુર ઉપરથી જ્યારે વારસપત્રનો દસ્તાવેજ થાય છે ત્યારે તે વારસપત્રના દસ્તાવેજને દત્તક કર્યા વિશેના દસ્તાવેજ પ્રમાણે સ્ટાંપની જરૂર નથી એમ સમજવું.

હકીકત.

ઉપર લખેલા પક્ષકારોના દરમીઆન મિતિ શ્રાવણ સુદી ૧૨ ને ગુરૂવાર સંવત ૧૯૪૫ ના રોજ દસ્તાવેજ થયો જેની નકલ આ જોડે સામેલ* છે. એ દસ્તાવેજ સીનોરના નોંધણીકામદાર તરફ નોંધવા સારૂ રજુ થયો. એ દસ્તાવેજને સ્ટાંપ કેટલો જોઇએ એ બાબે ખુલાસો મળવા તેમણે વડોદરામાંત નોંધણીસર કામદાર તરફ ખુલાસો પુંછ્યાથી તેમના તરફથી એ દસ્તાવેજ વારસપત્ર છે માટે તેને કેટલો સ્ટાંપ જોઇએ એ બાબેનો ખુલાસો પૂછવા આ કોરટ તરફ નંબર ૯૪૬ તારીખ ૨૨ ફેબ્રુવારી સન ૧૮૯૦નું લખાણ આવ્યું છે.

ઠરાવ.

વારસપત્ર બદલ નવા સ્ટાંપનિબંધના પરિશિષ્ટ ૧ માં લાગત ઠરાવી નથી. દત્તક કર્યા વિશેના દસ્તાવેજને નવીન સ્ટાંપનિબંધ પ્રમાણે સ્ટાંપ જોઇએ કે નહીં આ પ્રશ્ન જેવોજ હાલનો પ્રશ્ન છે ને તે બાબે આ કોરટે વરિસ્ટકોરટ દીવાની ખુલાસા ર-

---

*દસ્તાવેજની નકલ.

સ્ટાંપ રૂ. ૦-૮-૦ આઠનો લગાડેલો છે.

શ્રી વડોદરા રહેવાશી ગોસાંઇઅણ બાઈ સુરજ ગોસાંઇ રામગીરજી વીશ્વનાથગીરજીની ઓરત ઠે. મીયાંમહમદની વાડીમાં જોગ. લખી આપનાર ગોસાંઇયણ બાઇ અમરત કોમ લાલગીરજી માનગીરજીની વિધવા રે. ગામ કોડારાના હાલ રે. વડોદરામાં મદનના ઝાંપા નજીક પરદેશીફળીઆમાં જત વારસપત્રનો ઠરાવ લખી આપું છું કે તમો મારી સગી દીકરી થાઓ છો. ને બીજો અમારે ઓરસ દીકરો નથી તેથી અમારી સ્થાવર જંગમમિલકતના પડયા પાનનાં તમો માલીક છો. તથા તમારા વારસાનો હક છે. અમે જીવીએ ત્યાંહાં સુધી ખાઇને દેવનું ભજન કરીશું ને અમે દેવલોક થયા પછી ઉત્તરક્રિયા ન્યાતના શિરસ્તા મુજબ કરી અમોને દેવલોક પોહોચાડવા માટે આ વારસપત્રનો ઠરાવ તમોને લખી આપ્યો અમારે કબૂલ મંજૂર છે. અમારી ભોંય તથા ઘરનું ગભાણુ ગામ કોહારામાં અમારા ભાગનું છે તેના તથા અમારી બીજી હરેક મિલકતનાં તમો માલીક છો. આ ઠરાવ અમોએ અમારી

ઝીસ્ટર નંબર ૨૧ સન ૧૮૮૯–૯૦ના ઠરાવ કર્યો છે તેમાં દત્તક કર્યા વિશેના દસ્તાવેજને સ્ટાંપની જરૂર નથી એવો નિર્ણય થયો છે. તેજ પ્રમાણે હાલના વારસપત્રના દસ્તાવેજને પણ સ્ટાંપની જરૂર નથી એમ ઠરે છે. સદરહુ નંબર ૨૧ સન ૧૮૮૯-૯૦ ના ઠરાવની નકલ આ જોડે સરકામદાર સાહેબને મોકલવી.

ટિપ-સ્ટાંપ ખુલાસા નંબર ૨૧ સન ૧૮૮૯–૯૦ ફેસલ ઠરાવ તારીખ ૨૧-૧૦-૮૯નો પછવાડે પૃષ્ટ ૧ ઉપર આપ્યો છે તે જુઓ.

રા. બા. જ. સ. ગાડગીલ એકટીંગ ચીફજસ્ટિસ તથા જજ્ય. રા. બા અંબાલાલ સાકરલાલભાઈ એઓ સાહેબની રૂબરૂ.*

ફેસલ તા.૪ અપ્રેલ સન ૧૮૯૦.

સરકાર દસ્તાવેજ લખી લેનાર.

કરીમજી ઇસ્માલજી વડોદરા સિટિવહિવટદાર, દસ્તાવેજ લખી આપનાર.

(નવા સ્ટાંપનિબંધની કલમ ૪૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

હુદ્દાનું જામીનખત–પરિશિષ્ટ ૧ રકમ ૩૬.

હુદ્દાના જામીનખતને, સ્ટાંપ પરિશિષ્ટ ૧ રકમ ૩૬ લાગુ પડશે. અને તે ખત રૂ. ૧૦૦૦ કરતાં વધારે રકમનું હોયતો રકમ ૩૬ પેટા રકમ (ખ) પ્રમાણે રૂપીઆ ૫ ની સ્ટાંપની લાગત પડશે.

હકીકત.

આ કામમાં દસ્તાવેજ લખી આપનાર પાસેથી હોદાનું જામીનખત લખી

રાજી ખુશીથી તથા અક્કલહુંશિઆરીથી સાવચેતીથી વારસપત્રનો ઠરાવ લખી આપ્યો તે અમોને કબૂલ મંજૂર છે. મિતિ સં. ૧૯૪૫ના શ્રાવણ સુદી ૧૨ ને ગુરૂવાર. આ ઠરાવ પંચ. વિદ્યમાને લખી આપ્યો છે. તા. ૮–૮–૮૯.

સહી.	સાક્ષી
૧ ગોસાંઇ બાઇ અમરત કોમ લાલગીર માનગીર સહી. દા. કાછીઆ રણછોડ હરજીવન ધણીના કહેવાથી સહી કરી છે ઠે. પાંજરાપોળ કોઠીફળીઆમાં.	૧ મહન્ત રણછોડપુરી ગોવિંદપુરી સાક્ષી દા. પોતે. ૧ ગોસાંઈ ભગવાનપુરી ભવાનપુરી સાક્ષી દા. પોતે.

(લખીતંગ સાથે સાક્ષીઓ ૪ છે).

---

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૧૧ સન૧૮૮૯—૯૦.

લેવાનું છે જેની નકલ આ સાથે સામીલ * છે. તેને કેટલો સ્ટાંપ જોઇએ એ બાબે આ કામમાં પ્રશ્ન છે.

મેહેરબાન વડોદરા પ્રાંતના સુબા સાહેબનો અભિપ્રાય છે કે આ દસ્તાવેજનો સ્ટાંપ રૂ. ૫ નો જોઇએ. સુબાસાહેબે હોદ્દાનું ગીરવીખત કેવું કીએ પ્રસંગે લખાય તેનો પણ ખુલાસો પુછેલો છે.

ઠરાવ.

હોદ્દાના જામીનખતનો મોકલેલો મુસદ્દો વાંચી જોતાં તેને પરિશિષ્ટ ૧ કલમ ૩૬ લાગુ પડશે અને તે રૂ. ૧૦૦૦ કરતાં વધારે રકમનું હોય તો કલમ ૩૬ ની રકમ (ખ)

---

* જામીનખતનો મુસદ્દો.

શ્રીમંત સરકાર ગાયકવાડ સેનાખાસખેલ શમશેર બાહાદુર વિદ્યમાન—હું — જાતે—રહેનાર—હાલ વસ્તી—નો જામીનખત લખી આપું છું કે મને—હુદ્દાની નોકરી ઉપર નિમ્યો છે. સદરહુ હુદ્દાના કિંવા હવે પછી મારી નીમનોક બીજા કોઇ હોદ્દા ઉપર કરવામાં આવે તો તે હોદ્દાનાં જે કામ મને વિશ્વાસથી સોંપવામાં આવશે તે હું યોગ્ય રીતે કરીશ. તથા સદરહુ હોદ્દાના સંબંધથી મારા તાબામાં સરકારી પૈસા, કિંવા માલમિલકત, કિંવા કાગળપત્ર તેમજ સરકાર કામના સંબંધથી રોકડ પૈસા, કિંવા માલમિલકત, કિંવા કાગળપત્ર હશે અથવા આવશે, તે તફરકે કરીશ નહીં. અથવા ઉડાવીશ નહીં. તે પૈસા કિંવા માલમિલકત કિંવા કાગળપત્ર ઉપરી અમલદાર લેખી હુકમ કરે કે તુરતજ રજુ કરીશ, અને તેના બરાબર-હિસાબ જોઇએ તે વખતે આપીશ. હીસાબમાં કાંઇપણ તોટો અથવા ખોટ આવશે તે સરકાર-માં ભરી આપીશ. આ પ્રમાણે કરવામાં ચુકું તો રૂપીઆ—સુધી હું મારી જાત મિલકતથી ધરધરાઉ આપીશ અને એ શિવાય કાયદા પ્રમાણે શિક્ષાને પાત્ર થઇશ. એ બાબત મેં જામીન—રેહેનાર ——ને આપ્યા છે. સદરહુ મજકુર મેં મારી રાજી ખુશીથી તથા અકલ હુશિઆ-રીથી લખી આપ્યો છે તે સહી.-તારીખ—માહે—સન ૧૮-.

સહી.________________ સાક્ષ.________________

હું જાતે________ઊમર________વર્ષનો________રેહેનાર________ને જામીન થઇ લખી આપું છું કે સદરહુ શખસે લખી આપ્યા પ્રમાણે તેના તરફથી વરતણુંક ન થાય તેઅથવા ઉપર લખ્યા વિરૂદ્ધ વરતણુંક થાય તો તેનો આક્ષેપ ન લેતાં તેના ઉપરનો હુદ્દા—

પ્રમાણે રૂપીઆ ૫ લાગત પડશે સુબાસાહેબે પોતાની યાદીમાં બીજો સવાલ ઉઠાવ્યો છે પણ તે હાલના દસ્તાવેજને લાગતો નથી માટે તેનો ખુલાસો હાલ આપવાની જરૂર નથી.

રા. બા. જ. સ. આંડગીલ એકટીંગ ચીફજસ્ટીસ તથા જજ્ય રા. બા.—અંબાલાલ સાકરલાલભાઇ એઓ સાહેબની રૂબરૂ*

ફેસલ તા. ૪ અપ્રેલ સને ૧૮૯૦.

સંઘવી નરોતમ દામજી તથા મેહેતા રામજી વેલજી રેહેનાર અમરેલી. } દસ્તાવેજ લખી લેનાર.

વાલા પુંજારાણા રેહેવાસી ગારસડા તાબે અમરેલી. } દસ્તાવેજ લખી આપનાર.

(નવા સ્ટાંપનિબંધ સબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ (ક) પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે.)

મુદલ રકમ ઉપર સ્ટાંપ—વ્યાજની રકમ મુદલમાં ગણવી કે નહીં—નિબંધની કલમ ૨૦—વટાવની રકમ વ્યાજ પ્રમાણે સમજવી.

કોઇ દસ્તાવેજમાં મુદલ રકમ ઉપર વ્યાજ ઉચક ઠરાવેલું હોય અથવા જેમ જેમ ચઢે તેમ તેમ આપવાનું ઠરાવેલું હોય તોપણ એવા દસ્તાવેજને માટે નિબંધનીકલમ ૨૦ પ્રમાણે ફકત મુદલ રકમ ઉપરજ સ્ટાંપની લાગત પડશે. અને વટાવ આપવાનો ઠરાવ હોય તો વટાવને પણ વ્યાજના સ્વરૂપનો ગણવો જોઇએ.

મુદ્દાનો જવાબ રૂપીઆ ——— સુધી હું મારી મિલકતથી ધરસરાઉ આપીશ. આ જામીનખત મેં મારી રાજી ખુશીથી તથા અકલહુંશિઆરીથી લખી આપ્યું છે સહી. તારીખ ——માહે— સન.

સહી. સાક્ષ.

અમલદારની સહી. તથા હોદ્દો.

---

*ર દી. ટાંપ. પુ. રજીસ્ટર નંબર ૧૨ સન ૧૮૮૯—૯૦. આ ઠરાવ વડોદરા વત્સલ તા. ૨૬ ૪-૯૦ના રોજ પૃષ્ઠ ૧૧ ઉપર છાપેલો છે.

હકીકત.

સદરહુ પક્ષકારોનો દસ્તાવેજ મીતી. મહા શુદી ૧૫ સંવત ૧૯૪૬, તા. ૪ ફેબ્રુઆરી સન ૧૮૯૦ નો દસ્તાવેજ થયો છે એની નકલ આ જોડે સામીલ * છે. દસ્તાવેજમાં વ્યાજ તથા વટાવના ઉધડા રૂપીઆ ૪૨૨ વરસ ૬ ના મળી રૂ. ૮૪૪

---

*દસ્તાવેજની નકલ.

સ્ટાંપ રૂ. ૨—૮—૦ નો લગાડેલો છે.

સંઘવી નરોતમ ધરમજી તથા મેહેતા રામજી વેલજી જાતે કપોળવાણીઆ ધંધો વેપાર કરવાનો, રેહેવાશી અમરેલી, જોગ લખી આપનાર વાલા પુંજારાણા જાતે કાઠી, અટકે મેરામકો રેહેવાશી વરસડા તાબે અમરેલીના લખી આપું છું કે અમોએ આજ રોજ તમારા ખાતાનો હીસાબ કરતાં રૂ. ૧૫૦ એકસો પચાસ કંપની દેવા નીકળ્યા તથા રોકડા રૂ. ૨૭૨ અંકે બસેં બોતેર કંપની રાણી શીક્કાના લીધા મળી રૂ ૪૨૨ અંકે ચારસો બાવીસ તેના વરસ ૬ ના વ્યાજ તથા વટાવના ઉધડા રૂ. ૪૨૨ મળી રૂ. ૮૪૪ અંકે આઠસો ચુંવાળીશ થયા તે રૂપીઆ આપવાના હપતા નીચે પ્રમાણેઃ—

૧૪૦॥ સં. ૧૯૪૭ ના મહા શુદી ૨ ની અંદર. ૧૪૦॥ સં. ૧૯૪૮ ના મહા શુદી ૨ની અંદર.
૧૪૦॥ સં. ૧૯૪૯ ના મહા શુદી ૨ ની અંદર. ૧૪૦॥ સં. ૧૯૫૦ના મહા શુદી ૨ ની અંદર.
૧૪૧ સં. ૧૯૫૧ ના મહા શુદી ૨ ની અંદર. ૧૪૧ સં. ૧૯૫૨ ના મહા શુદી૨ ની અંદર.

કુલ ૮૪૪ આઠસેં ચુવાળીસ કંપની.

એ રીતે ઉપર લખ્યા કાંધા પ્રમાણે રૂપીઆ આપવાના છે. સદરહુ રૂપીઆની થાળમાં અમારા ગરાસની જમીન મોજે વરસડા ગામમાં તથા નાના ભંડારિયા ગામમાં તાબે અમરેલીમાં છે, તે સદરહુ રૂપીઆની થાળમાં લખી આપું છું, તેની ચતુઃશીમાની વિગત નિચે પ્રમાણેઃ—

અમારા વરસડા ગામમાં ખેતર તથા વાડી છે તેમાં અમારો ત્રીજો ભાગ છે તે તમોને લખી આપું છું તેની ચતુઃ સીમાની વિગતઃ—

* * * * * *

એ રીતે ચતુઃશીમાવાળી ખેતરની જમીન તથા તેની ઉપજ સાલ દરસાલની સદરહુ રૂપીઆના થાળમાં લખી આપું છું તો તમામ રૂપીઆ ચૂકતે આપે થાળ છુટે. સદરહુ ઉપર લખ્યા કાંધાં પ્રમાણે રૂપીઆ મારે આપવા છે ને તે પ્રમાણે ન આપું તો અમારી તરફથી રૂપીઆ આપવાના જામીન પટેલ દેવજી મુળજી સાખે ભાવશિયા તથા પટેલ હીરા રતના સાખે

આપવા એવો કરારછે. આ કરારને સ્ટાંપ જોઇએ કે નહીં તેનો ખુલાસો મળવા અમરેલી નોંધણીકામદારે અમરેલી પ્રાંત ન્યાયાધીશ નોંધણીસરકામદારે તરફ લખ્યું તેમણે આ તરફ નંબર ૫૭૨ તા. ૨૨—૬—૯૦ થી ખુલાસો પુછેલો છે. તેમનો અભિપ્રાય છે, કે આ કરારને સ્ટાંપની જરૂર નથી.

ઠરાવ.

સ્ટાંપનિબંધની કલમ ૨૦ માં સ્પષ્ટ લખ્યું છે કે, દસ્તાવેજને પરિશિષ્ટ ૧ માં કહ્યા પ્રમાણે ફક્ત મુદલ રકમ બાબત લાગત પડશે. સબબ વ્યાજ તથા વટાવની રકમ બાબત લાગત લેવાની નથી. વટાવને પણ વ્યાજના સ્વરૂપનો ગણવો જોઇએ, કેમ-

---

રામાણી રે. નાના ભંડારિયા તાબે અમરેલીના તથા પટેલ ભુરા માવા સાખે જોધાણી રહેવાશી વરસડા તાબે અમરેલી વાળાને આપ્યા છે, તો તે રૂપીઆ મારો કંઇ પણ અક્ષેપ ન લેતાંઅર ધરાઉ આપશે તેમાં હરકત કરશે નહીં. રૂપીઆ જામીનદારે આપવા તે દરસાલ નિચે પ્રમાણે આપવા તેનો તપસીલ:—

૬૦—૦—૦ પટેલ દેવજી મુળા તથા હીરા રતના રહેવાશી નાનાભંડારીયા તાબે અમરેલી નાએ આપવા.

૮૦—૮—૦ પટેલ ભુરા માવા રેહેનારી વરસડા વાળાએ આપવાના છે.

એ પ્રમાણે કરારો પ્રમાણે જામીનદારો આપશે. તેમાં કંઇ હરકત કરશે નહીં. આ દસ્તાવેજ અમોએ અમારી રાજી ખુશીથી તથા અક્કલ હુશિઆરીથી તબીયત ઠેકાણે રાખી લખી આપ્યો તે અમારે તથા અમારા વંશવારસોને કબુલ મંજૂર સહી છે. મીતી મહા સુદી ૧૫ સ. ૧૯૪૬ વાર મંગળવાર તા. ૪ માહે ફેબ્રુવારી સન ૧૮૯૦ ઇ. મુકામ અમરેલી.

સહી. સાખ.

૧ લા. વાલા પુંજારાણાની સહી દા. ઓધવજી માધવજી ધણુના કહેવાથી.

૧ દોલા રાળા દેસાની સાખ. દા. આદરજી ધણુના કહેવાથી.

અમો જામીનદાર પટેલ દેવજી મુળા સાખે બાવશિયા તથા પટેલ હીરા રતના સાખે રામાણી રેહેવાશી નાના ભંડારીઆ તાબે અમરેલીના તથા પટેલ ભુરા માવા સાખે જોધાણી રેહેવાશી વરસડા તાબે અમરેલીના તે પુંજારાણા તરફથી જામીન થઇ લખી આપીએ છીએ કે સદરહુ પુંજા રાણા ઉપરના બાંધા પ્રમાણે દરસાલે રૂપીઆ આપશે, તે ન આપશે તો તેનો કંઇપણ

કે રૂપીઆના ઉપયોગ બદલ દેણદાર શાહુકારને જે આપે છે તેમાં તેનો સમાવેશ થાયછે. વ્યાજ ઉચક ઠરાવેલું હોય અથવા જેમ જેમ ચઢે તેમ આપવાનું હોય તોપણ કલમ ૨૦ પ્રમાણે ફક્ત મુદ્દલ રકમ ઉપરજ લાગત પડશે.

રા. બા. જ. સં. ગાડગીલ એક્ટીંગ ચીફજસ્ટિસ તથા જજ્ય રા. બા. અંબાલાલ સાંકળલાલભાઇ એઓ સાહેબની રૂબરૂ*

ફેસલ તારીખ ૪ એપ્રેલ સન ૧૮૯૦.

પટેલ રૂડા ચેપા તથી પીતાંબર મોનજી રહેવાશી દેવલીયા. તાલુકે અમરેલી.	દસ્તાવેજ લખી લેનાર.
ઘાંચી જીવા દાદા. રહેવાશી મજકુર,	દસ્તાવેજ લખી આપનાર,

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ (ક) પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

મુદ્દલ રકમ ઉપર સ્ટાંપ—વ્યાજની રકમ મુદલમાં ગણવી કે નહીં—નિબંધની કલમ ૨૦-વટાવની રકમ વ્યાજ પ્રમાણે સમજવી.

કોઇ દસ્તાવેજમાં મુદલ રકમ ઉપર વ્યાજ ઉચક ઠરાવેલું હોય અથવા જેમ જેમ ચઢે તેમ તેમ આપવાનું ઠરાવેલું હોય તોપણ એવા દસ્તાવેજ માટે નિબંધની કલમ ૨૦ પ્રમાણે ફકત મુદ્દલ રકમ ઉપરજ સ્ટાંપની લાગત પડશે, અને વટાવ આપવાનો ઠરાવ હોય તો વટાવને પણ વ્યાજના સ્વરૂપનો ગણવો જોઇએ.

અક્ષેપ ન લેતાં ઉપર જે ફેડ બતાવે છે તે પ્રમાણે પુંજારાણાનો કાંઇપણ અક્ષેપ ન લેતાં અમારે ધરધરાઉ આપવાના છે તેમાં કાંઈ હરકત કરવી નહીં. સદરહુ રૂપીઆ મારી જાત તથા હરેક મિલકતથી પુરા કરી આપવાના છે. આ જામીન કતબાનો દસ્તાવેજ અમો અમારી રાજી ખુશીથી તથા અકલ હુશીઆરીથી તબીયત ઠેકાણે રાખી લખી આપ્યો તે અમો તથા અમારા વંશ વારસોને કબુલ મંજુર છે તારીખ મિતી સદર.

સહી.	સાક્ષ.
૧ લા. પટેલ દેવજી મુળા સાખે ભાવશિયાની સહી. દા શેઠ રામજી વલભ ધણી દેવજીના કહ્યાથી.	૧ વાઘેલ માણસુર જેઠસુરની સાખ. દા: પોતે.
૧ લા. પટેલ હીરા રતના સહી દા.પારેખ માધવજી ગાંગજી ધણી હીરાના કહેવાથી.	૧ વાલા આંપરાજ રણાની સાખ દા. દામોદરજી ગાંગજી ધણીના કહેવાથી.
૧ પટેલ ભુરા માવા ઉપર લખ્યું તે સહી. દા. શંઘવી ડાહ્યા બેચર તે ભુરાના કહેવાથી સહી કરી છે.	૧ દા. બેચર જેઠા આ દસ્તાવેજ લખી આપનાર તથા લખી લેનારના કહેવાથી લખી આપ્યો છે દા. ખુદ.

---

* ડી.સ્ટાં.પુ. ૨. નંબર ૧૩ સન૧૮૮૯—૯૦

હકીકત.

સદરહુ પક્ષકારોના દરમીઆન મીતી કારતક શુદી ૧૦ સંવત્ ૧૯૪૬ નો દસ્તાવેજ થયો છે. જેની નકલ આ જોડે *સામીલ છે. આ દસ્તાવેજમાં મુદ્દલની રકમ તથા વ્યાજની રકમ ઉચક ઠરાવી કુલ રકમનો દસ્તાવેજ કરેલો છે અને રૂપીઆ પાંછાં આપવાના હપ્તા ઠરાવ્યા છે. વ્યાજની રકમ ઉપર સ્ટાંપ લેપો કે નહીં એ પ્રમાણે આ કામમાં પ્રશ્ન છે. અમરેલી નોંધણીકામદારે મુદ્દલ તથા વ્યાજની કુલ રકમ ઉપર સ્ટાંપ લીધો છે તે બરાબર નથી માટે તપાસણીકામદારે ખુલાસો મળવા અમરેલીપ્રાંતના નોંધણીસરકામદાર મારફત આ કોર્ટ તરફ લખાણ કર્યું છે.

---

*દસ્તાવેજની નકલ.

સ્ટાંપ રૂ. ૭ નો દસ્તાવેજને લગાડેલો છે.

પટેલ રૂડા ચેપા સાખે સાવજા તથા મેહેતા પીતાંબર મોનજી જાતે કુંપી.લવાણીઆ રે. મોજે દેવલીઆ તાબે અમરેલી જોગ લખીતંગ મોજે મજકુર ગામના રહીશ ધાચી જીવા દાદા શાખે પરમાર જત આજરોજ અમે તમારી પાસેથી કરજાઉ રૂ. ૫૬૨॥ અંકે પાંચસે સાડી બાસટ કંપની રોકડા ગણી લીધા છે. તથા તેના વ્યાજના રૂ. ૫૬૨॥ વર્ષ ૫ ના દેવા ઠરાવી જુમલે રૂ. ૧૧૨૫ અંકે અગીયારસો પચીસ કંપની તમોને દેવા ઠરાવ્યા તેની વિગતઃ—

૧૨૫ સં. ૧૯૪૭ના મહાસુદી ૨ દેવા છે.	૧૨૫ સં. ૧૯૪૮ના મહાસુદી ૨ દેવા છે.
૧૨૫ સં. ૧૯૪૯ના મહાસુદી ૨ દેવા છે.	૧૨૫ સં. ૧૯૫૦ના મહાસુદી ૨ દેવા છે.
૧૨૫ સં. ૧૯૫૧ના મહાસુદી ૨ દેવા છે.	૧૨૫ સં. ૧૯૫૨ના મહાસુદી ૨ દેવા છે.
૧૨૫ સં. ૧૯૫૩ના મહાસુદી ૨ દેવા છે.	૧૨૫ સં. ૧૯૫૪ના મહાસુદી ૨ દેવા છે.
૧૨૫ સં. ૧૯૫૫ના મહાસુદી ૨ દેવા છે.	

કુલ રૂ. ૧૧૨૫) કંપની.

એ રીતે કિસ્તો મુજબ રૂપીઆ દેવા છે. જે જે કિસ્ત પડે તે કિસ્તના રૂપીઆ નીચે લખેલી થાળવાળી તે સાલની ઉપજથી તમે તમારી મુખત્યારીથી પુરા કરી લેજો. ને ઉપર લખ્યા તમામ રૂપીઆના થાળમાં નીચે લખેલા ચતુઃસીમા વાળુ ખેતર તથા તેની ઉપજ નીપજ તથા ઓરડીઓ ૨ તમામ હદ હદુદ સાથે તમોને લખી આપ્યા છે. તેની ચતુઃશીમાની વીગતઃ—

* * * * * * * * *

એ રીતે ચતુઃશીમા વાળા ખેતર તથા ઓરડીઓ તથા તેની ઉપજ નીપજ આગતર પાછતર સાલ દરસાલની તથા ઓરડીઓ તમામ હદ હદુદ સાથે વાડાની તમામ જમીન સુદ્ધાં કાટ નળિયા સહીત તમોને થાળમાં લખી આપી કરાર કરી આપુ છું કે, તમોને રૂપીઆ ચુકતે હીસાબે આપીએ સરવે થાળ છુટે, ને તે ઉપર લખ્યા કાંધા પૈકી જે કાંધાના રૂપીઆ

ઠરાવ.

મુદ્દલ રકમ બાબત લાગતુ પડશે વ્યાજ તથા વટાવની રકમ બાબત લાગત લેવાની નથી તેમજ વ્યાજ ઉચક ઠરાવેલું હોય અથવા જેમ જેમ ચઢે તેમ તેમ આપવાનું હોય તો પણ ફક્ત મુદ્દલ રકમ ઉપર લાગત પડશે એવું આ કોર્ટે ઠરાવ્યું છે (જુઓ વરીષ્ટ કોર્ટ દી. ખુ. રજીસ્ટર નંબર ૧૨ સન ૧૮૮૯–૯૦). માટે અમો ઠરાવીએ છીએ કે, આ કામમાં વ્યાજની રકમ ઉપર લાગત લેવાની નથી.

રા. બા. જ. સ. ગાડગીલ જજ્જ તથા જજ્જ. રા. બા. અંબાલાલ સાકરલાલભાઇ એઓ સાહેબની રૂબરે *

ફેસલ તા. ૨૫ જુલાઇ સન ૧૮૯૦.

સા. મગનલાલ હરજીવનદાસ રેહેવાશી ગોઝારીઆ તાલુકે વિજાપુર.	દસ્તાવેજ લખી લેનાર.
બારોટ નીરાંતજી રણછોડ. રેહેવાશી મજકુર.	દસ્તાવેજ લખી આપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણી ખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ (ક) મુજબ ખુલાસો (રેફરન્સ) પુછેલો છે.)

ગીરોના અંગભૂતકરાર–એવા કરારે માટે સ્ટાંપની માફી–ગીરે। આપેલી મિલકત ઉપર નવુ ઘર બાંધવા વિશેનો કરાર–એવા કરાર માટે સ્ટાંપ–સ્ટાંપ નિબંધની કલમ ૭–પરિશિષ્ટ ૧ રકમ ૬–

ગીરો વ્યવહારમાં સાધારણ નિયમ એવો પાળવામાં આવે છે કે ગીરો આપેલી મિલકતના રક્ષણ માટે મિલકત ગીરો રાખનારને જે ખરચ કરવો પડે તે ગીરો મિલકતનો અંગભૂત ખરચ

મુદતસર તમોને ન ભરૂ તો થાળવાલી તમામ મિલકત તમારા સ્વાધીન બીન તકરારે તમોને સોંપવી છે ને તે થાળવાળી મિલકત તમારા થાળમાં રહે ત્યાંહાં સુધી એ જમીન સંબંધે સરવે પ્રકારની ખરખરાજાત મારે શિર છે. આ લખ્યું તે સહી છે. તા. ૨–૧૧–૮૫ મી. કારતક સુદી ૧૦ સંવત ૧૯૪૨ ને શનીવાર. દા. ત્રીભોવન દેવશી ધણી બેના કહેવાથી.

સહી.	સાક્ષી.
૧ લ. ઘાંચી જીવા દાદા ઉપર લખ્યા પ્રમાણે સહી દા. પોના જેરામ પ્રાગજી ધણી બેના કહેવાથી મતુ આપ્યું છે	૧ ઠાકર જીવા ધના શાખ દા. પોતે

* * *

---

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૧૪ સન ૧૮૮૯–૯૦.

માનવામાં આવે છે. તેમજ ગીરો મિલકત ઉપરના હક્કનું સંરક્ષણ થવા માટે જે ખરચ થાય તેપણ ગીરોનું અંગભૂત ખરચ માનવામાં આવે છે અને એવાં ખરચ વિસે દસ્તાવેજમાં સ્પષ્ટ લેખ કર્યો હોય તો પણ તે ગીરોના વ્યવહારથી જુદી બાબત માનવામાં આવતી નથી. એવા પ્રસંગે ગીરો વ્યવહારની અંગભૂત બાબત બદલ વધારે સ્ટાંપ ન લેતા ગીરો વ્યવહાર બદલ સ્ટાંપ બસમાનવો.(ઇ. લા. રી. ૯ મુંબઇ ૫૪ ૪૩૫).

ગીરોના અંગભૂત કરાર કિયા કિયા માનવા એનો નિર્ણય દરએક દસ્તાવેજના સ્વરૂપથી નિશ્ચિત કરવો જોઇએ. સાધારણ નિયમ એટલોજ માનવો જોઈએ કે, ગીરોના કરાર કરી તેના પેટામાં ગીરો મિલકત સંબંધે વ્યવસ્થા શી રીતે રાખવી અથવા સાધારણ દુરસ્તીની વ્યવસ્થા શી રીતે કરવી વિગેરે બદલ, દસ્તાવેજમાં સ્પષ્ટ લખ્યું ન હોય તેપણ જે બાબતો ગીરોનાં કરારના પેટામાં, કાયદો ને દેશરીવાજ પ્રમાણે આવી જાય છે. તે કરારો દસ્તાવેજમાં સ્પષ્ટ લખ્યા હોય તો પણ તે પેટાનાજ કરાર છે, સ્વતંત્ર નથી એમ માનવાનું છે. એવી બાબતો શિવાય બીજી બાબતો જે દસ્તાવેજમાં હશે તે સ્વતંત્ર એટલે જુદી છે એમ સમજવું જોઈએ.

ગીરો ખતમાં સામાન્ય રીતે પડયા આખડયા બાબત મજકુર આવે છે એવો મજકુર ઉપરના સાધારણ નિયમ પ્રમાણે ગીરોના વ્યવહારનો ભાગ માનવો જોઇએ.

ગીરો આપેલી જમીન ઉપર નવું ઘર બાંધવું અને તે સંબંધે જોખમ ગીરો આપનારે માથે લેવું એવો કરાર ગીરોના સાધારણ વ્યવહારનો ભાગ થતો નથી, અને એવા કરાર સંબંધે ખરેખર જુદોજ દસ્તાવેજ થઇ શકે એવા પ્રકારનો તે કરાર છે તથા ગીરો સંબંધેના વ્યવહારની જવાબદારીથી એ કરારની જવાબદારી જુદી માનવી જોઈએ, માટે બે બાબતો મળીને જેટલો સ્ટાંપ જોઇએ તેટલો સ્ટાંપ એવા દસ્તાવેજને લગાડવો જોઇએ, નિબંધની કલમ ૭

એવી જવાબદારી સંબંધે રકમ નક્કી કરેલી ન હોય તો પરિશિષ્ટ ૧ રકમ ૬ તથા કલમ ૨૩ લાગુ થશે.

હકીકત.

ઉપર લખેલા પક્ષકારોના દરમીઆન સંવત ૧૯૪૬ ના પોસ શુદી ૧૪ વાર શની તારીખ ૪ માહે જાનેવારી સન ૧૮૯૦ ના રોજ દસ્તાવેજ થયો જેની નકલ આ જોડે* સામેલ છે. દસ્તાવેજમાં આ ઘર હાલ જીર્ણ થઇ પડી ગયું છે. માટે સદરહુ ઘર તમે ઇંટોનું,

---

*દસ્તાવેજની નકલ.

સ્ટાંપ રૂ. ૨-૮-૦ નો લગાડેલો છે.

સંવત ૧૯૪૬ના પોસ શુદી ૧૪ વાર શની તારીખ ૪ માહે જાનેવારી સન ૧૮૯૦ ના રોજ સી. મગનલાલ હરજીવનદાસ ઉમર વરસ ૪૦ ગ્નાતે દેશાવાળ વાણીઆ, ધંધો દેશાવર

નવીન કરાવી તમારી નજર મધે આવે તેવું કરાવી મરજી માફક ઉપભોગ કરી ભોગવો એમ લખી આગળ "સદર ઘર તમોને નવીન કરાવતાં જે ખરચ થાય તે તથા પડે આખડે ખરચ થાય તે સર્વે રૂપીઆ આપે છુટે" એમ લખ્યું છે. દસ્તાવેજમાં જે ઉપર લખેલા કરીર છે તે અંગભૂત કરાર માનવા કે વિશેષ કરાર માનવા તથા એ કરારને નવીન સ્ટાંપનિબંધ પ્રમાણે કેટલો સ્ટાંપ જોઈએ તે બાબે વિજાપુર નોંધણીકામદારે કડીપ્રાંતના નોંધણીસરકામદાર તરફ ખુલાસો પૂછયો છે. નોંધણીકામદારનો અભિપ્રાય છે કે, સ્ટાંપનિબંધના પરિશિષ્ટ ૧ અનુક્રમ નંબર ૬ માં એનો સમાવેશ થઈ આઠ આનાનો સ્ટાંપ બસ થશે, નોંધણીસરકામદાર તરફથી સદરહું પ્રકરણ આ તરફ નંબર ૯૩૭ તારીખ ૨૭ જાનેવારી સન ૧૮૯૦ સાથે મોકલ્યું છે.

ઠરાવ.

સ્ટાંપનિબંધની કલમ ૭ માં લખ્યું છે કે, જુદી જુદી બાબતો સંબંધી એકજ દસ્તાવેજ થયો હોય તો તે જુદી જુદી બાબતો સંબંધી જુદા જુદા દસ્તાવેજ થયા હોત તો જે એકંદર લાગત પડી હોત તે એકંદર લાગત તે દસ્તાવેજને પડશે.

હાલના કામમાં ગીરો ખત રૂ. ૪૩૫ નું છે તેમાં એવો મજકુર લખેલો છે કે, "આ ઘર (એટલે ગીરો આપેલી જમીન ઉપરનું ઘર) હાલ જીર્ણ થઇ પડી ગયું છે માટે સદરહું ઘર તમે ઈંટોનું નવીન કરાવી તમારી નજર મધે આવે તેવું કરાવી મરજી માફક ઉપભોગ કરી ભોગવો* * *સદરહું ઘર તમોને નવીન કરાવતાં જે ખરચ થાય તે તથા પડે આખડે ખરચ થાય તે તથા ગીરો હકનારૂપીઆ મળી, કુલ જેટલા રૂપીઆ થશે તે સર્વે રૂપીઆ આપે છુટે". પ્રશ્ન એવો છે કે, નવીન ઘર બાંધવા વિશે 'જે મજકુર છે તે ગીરોના કરારનોજ એક ભાગ છે એમ માનવું કે, તે ગીરોના કરારથી જુદો કરાર છે એમ માનવું. જો તે જુદો કરાર ઠરશે તો ગીરોની તથા ઘર બાંધવાની એ જુદી જુદી બાબતો ઠરશે. અને એ પ્રત્યેક બાબત બદલ જુદા દસ્તાવેજ થાત તો જે એકંદર લાગત પડત તેટલી લાગત આ દસ્તાવેજને પડશે. ગીરોના વ્યવહારમાં સાધારણ નિયમ એવો પાળવામાં આવે છે કે, ગીરો આપેલી મિલકતના રક્ષણને માટે જે ખરચ મિલકત ગીરો રાખનારને

રેહેવાનો, રેહેવાશી મોજે ગોઝારીયા તાલુકે વિજાપુર પ્રાંત કડી પારસાત બારોટ નીરાંતજી રણછોડજી ઉમર આશરે વરસ ૬૦ જાતે બારોટ, ધંધો ખેતીનો, રેહેવાશી મોજે ગોઝારીયા તાલુકે વિજાપુર, પ્રાંત કડી જત લખીત પરાંણે ઘર નંગ ૧ મોજે ગોઝારીયા તાલુકે વિજાપુરના ગામમાં અમારે રેહેવાનું મેહેલે બારોટવાડામાં અમારા બાપદાદાની માલકી વ કબજા ભોગવટાનું છે. તેના ચાર ખુંટની વિગત નિચે પ્રમાણે + + એણી રીતે ચાર ખુંટ

કરવો પડે, તે ગીરોમિલકતનો અંગભૂત ખરચ માનવામાં આવે છે. તેમજ ગીરો મિલકત ઉપરના હક્કનું સંરક્ષણ થવા માટે જે ખરચ થાય તે પણ ગીરોનો અંગભૂત જ ખરચ માનવામાં આવે છે. અને એવા ખરચ વિષે દસ્તાવેજમાં સ્પષ્ટ ઉલેખ કર્યો હોય તોપણ તે ગીરોના વ્યવહારથી જુદી બાબત માનવામાં આવતી નથી. તેના અંગભૂત બાબત સમજી વધારે સ્ટાંપ ન લેતાં ગીરો વ્યવહાર બદલનો સ્ટાંપ બસ માનવામાં આવે છે. (જુઓ ઈં. લા. રી. ૮ મુંબઇ પાન ૪૩૫).

ગીરોનાં અંગભૂત કરારે કિયા કિયા માનવા એનો નિર્ણય દરેક દસ્તાવેજના સ્વરૂપથી નિશ્ચિત કરવો જોઇએ. સાધારણ નિયમ એટલોજ માનવો જોઇએ જે, ગીરોનો કરાર કરી તેના પેટામાં ગીરો મિલકત સંબંધે વ્યવસ્થા શી રીતે રાખવી, અથવા સાધારણ દુરસ્તીની વ્યવસ્થા શી રીતે કરવી વિગેરેબદલ એટલે, દસ્તાવેજમાં સ્પષ્ટ લખ્યું નહીંહોય તોપણ જે બાબતો ગીરોના કરારનાપેટામાં કાયદો, ને દસ્તુરીવાજ પ્રમાણે આવી જાયછે તે કરારો, દસ્તાવેજમાં સ્પષ્ટ લખ્યા હોય તોપણ તે પેટાનાજ કરાર છે, સ્વતંત્ર નથી એમ માનવાનું છે; એવી બાબતો શિવાય બીજી બાબતો જે હશે તે સ્વતંત્ર એટલે જુદી છે, એમ સમજવું જોઇએ. ગીરો ખતમાં સામાન્ય રીતે પડચા આખડચા બાબત મજકુર આવે છે અને તે ગીરોના વ્યવહારનો ભાગ, ઉપર બતાવ્યા પ્રમાણે, માનવો જોઇએ. પણ ગીરો આપેલી જમીન ઉપર નવું ઘર બાંધવું અને તે સંબંધે જોખમ ગીરો આપનારે પોતાના માથે લેવું એ કાંઇ ગીરોના સાધારણ વ્યવહારનો ભાગ હોતો નથી, અને ખરેખર એવા કરાર સંબંધે જુદો દસ્તાવેજ થઇ શકે એવા પ્રકારનો તે કરાર છે; કેમકે તે જવાબદારી ગીરો મિલકત સંબંધે નથી. પણ ગીરો મિલકત ઉપર જે નવી ઇમારત થવાની તે સંબંધે છે. માટે એવી જવાબદારી ગીરો સંબંધેની જવાબદારીથી જુદીજ માનવી જોઇએ અને બે બાબતોને મળી જેટલો સ્ટાંપ જોઇએ તેટલો સ્ટાંપ દસ્તાવેજને લગાડવો જોઇએ.

વચલું ઘર અસલ હદ મુજબનું કબજા ભોગવટા સાથે તમોને ઘરાણે આપ્યું છે. તેના ઉપર રૂ. ૪૩૫ અંકે રૂપીઆ ચારસો ને પાંતરીસ પુરા રોકડા શિકકાઇ લેઇ ઉપરનું લખેલું ઘર તમોને ઘરાણે આપ્યું છે. આ રૂપીઆનું વ્યાજ નહીં ને ઘરથારનું ભાડું નહીં. આ ઘરની અવધ વરસ ૫ ચાણુંની કરી આપી (તે)તમારા કબજામાં સોંપ્યું છે. આ ઘર હાલમાં જીર્ણ થઇ પડી ગયેલું છે માટે સદરહુ ઘર તમે ઇંટોનું હવેથી નવીન કરાવી તમારી નજર મધે આવે તેવું કરાવી મરજી માફક ઉપભોગકરી તમો તમારા વંશપરંપરા ભોગવવાને મુખતીયાર છો. તેમાં અમો કોઇ વાતની હરકત કરીએ નહીં. સદરહુ ઘરતમોને નવીન કરાવતાં જે ખરચ થાય તે તથા પડે આખડે તેનો ખરચ થાય તે તથા આ ગીરો હકકના રૂપીઆ મળી કુલ જેટલા રૂપીઆ થશે તે સરવે રૂપીઆ અવધ પુરી થયા પછી જ્યારે છોડાવવા આવીએ ત્યારે આપે રૂપીએ વૈશાખસુદ ૩ છુટે. આ ઘરનો જવાઆવવાનો મારગ ગુદસ્ત છે તેજઠેકાણે થઈ જજો આવજો. આ

નવું ઘર બાંધવા બદલ કેટલો ખરચ કરવો તેની રકમ તે કરી આપવાની તારીખે ઠરાવી શકાતી ન હોય તો મોઘમ કરાર બદલ પરિશિષ્ટ ૧ રૂકમ ૬ પ્રમાણે આઠ આનાનો સ્ટાંપ જોઇએ. પણ ગીરો લેનાર શાહુકારે ધ્યાનમાં રાખવું જોઈએ કે, મોઘમ દસ્તાવેજને જેટલો સ્ટાંપ લગાડેલો હોય તે સ્ટાંપ તેજ જાતના દસ્તાવેજમાં જે મોટામાં મોટી રકમ લખી હોય તે તે રકમ વિશે દસ્તાવેજ કરી આપ્યાની તારીખે પુરતો થાય તે રકમથી અધિક રકમનો દાવો તે દસ્તાવેજ ઉપરથી થઇ શકશે નહી. (જુઓ સ્ટાંપનિબંધની કલમ ૨૩). માટે હાલના કામના પક્ષકારોને નોંધણીકામદારે પુંછવું કે, હાલના દસ્તાવેજ ઉપરથી નવા ઘર સંબંધે નકી રકમની જવાબદારી ઉત્પન્ન કરવા તેઓ માગે છે કિંવા મોઘમ ઉત્પન્ન કરવા માગે છે. જો નકી રકમની જવાબદારી ઉત્પન્ન કરવા માગતા હોય તો દસ્તાવેજ નીચે લખી લેવું કે, નવીન ઘર બદલ અમુક રકમની જવાબદારી પક્ષકાર ઉત્પન્ન કરવા માગે છે અને તે રકમને જેટલો સ્ટાંપ જોઇએ તેટલો પુરો કરી લેવા કાયદેસર તજવીજ કરવી. જો મોઘમ જવાબદારીનો પરિણામ શું થશે તેની સમજણ આપ્યા છતાં તે મોઘમ જવાબદારીજ રાખવા માગતા હોય તો આઠઆનાનો સ્ટાંપ પુરો કરી લેવાની કાયદેશીર તજવીજ કરાવવી.

ઘર ઉપર કોઇ આવી હરકત હેલો કરે અગર વારસ ગેરવારસ આવી વળગે તો અમો તથ અમારા વાલીવારસો વિગેરે જવાબ કરીએ. આ ઘરના ખંડ નંગ ૩ છે, ઓરડો, પરશાળ, તથા માંડવી, ખુલ્લી સરવે સહીત તથા ઘર આગલી જમીન ખુલ્લી સહીત અમારો હક તમોને ગીરવી આપ્યો છે. આ ઘર પૂર્વ પશ્ચિમ પોહોળું કરા જતાં ગજ ૭ ના આસરાનું છે તથા ઉત્તર દક્ષિણ લાંબુ ત્રણ ખંડ મળીને ગજ ૧૮ છે. બાકી આગળની જમીન ખુલ્લી છે. આ ઘર તમો તમારી નજર મધ આવે તેને ભાડે આપી અગર પોતે રહી અગર આડગીરવી મુકી ઉપભોગ કરશો તેમાં અમારી કોઇ પ્રકારની તકરાર નથી. આ દસ્તાવેજ અમો અમારી રાજી ખુશીથી તથા અકલ હુંશિયારીથી બીન કેફથી શુદ્ધ બુદ્ધિથી સાવધાંનપણેથી તગીએત ઠેકાણે રાખી વિંજાપુરમાં આવી લખી આપ્યો છે, તે અમો તથા અમારા વાલીવારસો વિગેરેને કબુલ મંજૂર સહી છે. સદરહુ ઘરના ઉપર કોઇ પ્રકારે હક નથી.

અત્રે. મતુ.

બારોટ નીરાંતજી રણછોડજી મતુ. દા.
બારોટ જસા નારજી ધણીના કહેવાથી.

અત્રે. સાખ.

૧ સા. છગનદાસ નાહાંનચંદ સાખ. ધણી બેહજુર દા. પો.
૧ સા. મોતીચંદ જીવરાજની સાખ. ધણી બેહજુર દા. પોતાના.
૧ લા. સુકલ દુલભરામ છગનલાલ ધણી બેના કહેવાથી લખ્યો છે.

સન ૧૮૮૯—૯૦ સાલમાં ઉપરના ઠરાવ શિવાય બીજા થએલા ઠરાવ, ખુલાસા તથા સરકયુલરો.

ખા. બા. ખરશેદજી રૂસ્તમજી, ચીફજસ્ટિસ, તથા રા. બા. જ. સ. ગાડગીલ જજ્ય એઓ સાહેબની હજુર.

ફેસલ તારીખ ૪ માહે નવેમ્બર સન ૧૮૮૯.

(તુમારી લખાણ આવ્યા ઉપરથી કરેલો ઠરાવ છે).

સરકારી નોકરે પગાર મળવા બાબે મોકલેલો પત્ર અથવા અરજને સ્ટાંપ જોઈએ કે નહીં–મુખત્યારપત્ર–પરિશિષ્ટ ૧ રકમ ૨૫.

પગારના રૂપિઆ ફલાણાને આપવા એ બાબતનું પત્ર અથવા અરજ ઉપરી અમલદાર તરફ આવ્યો હોય તે મુખત્યારપત્ર સમજવાનું નથી. પરંતુ નમુના મુજબ કાયદાસર મુખત્યારપત્ર રૂપીઆ લેનારે લખી લીધું હોય તો તેના ઉપર કાયદાસર સ્ટાંપ જોઇએ.

હકીકત.

સરકારી નોકર રજા ઉપર જતીવખતે તેમનો પગાર લેવા બદલ બીજા ઇસમને અધિકારપત્ર અગર પોતાના ઉપરી અમલદારને અરજ આપી જાય છે તેને નવીન સ્ટાંપઆકટ નીશાણ અ ની યાદીની રકમ મુજબ સ્ટાંપ જોઇએ કે કેમ એ બાબત ખુલાસો મળવા માટે અમરેલી પ્રાંતના જજ્ય સાહેબતરફથી ખુલાસો પુછવામાં આવ્યો, તે સંબંધમાં વિચાર થઈ ઠરાવવામાં આવ્યું કેઃ———

ઠરાવ.

નમુના મુજબ કાયદાસર મુખત્યારપત્ર રૂપીઆ લેનારે લખી લીધું હોય તો તેના ઉપર કાયદેસર રીતે સ્ટાંપ જોઇએ. પણ પગારના રૂપીઆ ફલાણાને આપવા એ બાબતનો પત્ર અથવા અરજ ઉપરી અમલદાર તરફ આવ્યો હોય તો તે મુખત્યારપત્ર સમજવાનું નથી, તથા તેવા પત્ર અગર અરજ ઉપરથી અવેજ આપવાનો વહિવટ છે તથા તે શરૂ રાખવા બાબત હુજુરનો હુકમ છે. (જુઓ આ કોરટનો સરકયુલર નંબર ૭ તા. ૨ માહે નવેમ્બર સન ૧૮૮૭). સદરહુ સરકયુલર મેહેરબાન સરસુબા સાહેબ એમણે પોતાનો સરકયુલર બરાબ પ્રસિદ્ધ કર્યો છે. (જુઓ વડોદરાવત્સલની પુરવણી, મિતિ આસો વદ ૪ સંવત ૧૮૪૫.)

———

(૧) સાદા કાગળ અગર કમીસ્ટાંપ ઉપર થએલા દસ્તાવેજ સંબંધે સ્ટાંપ કાયદા પ્રમાણે. ફોજદારીકામ નહીં ચલાવવા બાબતજાહેરનામું.

હુજુર કચેરી, વડોદરા.

જાહેરનામું. તારીખ ૩૦ જુલાઈ સને ૧૮૮૯.

શ્રીમંત સરકાર ગાએકવાડ સેના ખાસખેલ શમશેર બહાદુર
વિધમાન હજુર આસિસ્ટંટ જયુડીશિયલડીપાર્ટમેન્ટ.

સાદા કાગળ ઉપર અગર કમીસ્ટાંપ ઉપર કોઇએ દસ્તાવેજ કર્યા હોય તો તેની ઉપર સુબાની મંજુરીથી ફોજદારી કામ ચલાવી દંડ કરવા બાબે નવા સ્ટાંપ આકટમાં ઠરાવ છે તે સંબંધે ફરમાવવામાં આવે છે કે શ્રીમંત સરકાર મહારાજા સાહેબની સ્વારી વડોદરે પધારી હુકમ થતા સુધી ફોજદારી કામ ચલાવવાની પરવાનગી આપવી નહીં, એવો હુકમ સુબા તરફ કરવામાં આવ્યો છે અને હજુરથી પણ પરવાનગી આપવામાં આવશે નહીં અને એવા દસ્તાવેજોની સ્ટાંપની રકમ તથા લાગત ભર્યાથી તે ઉપર દાવા ચાલવાને હરકત આવશે નહીં.

નામદાર દીવાન બહાદુર દીવાન સાહેબના હુકમથી,
(સહી) મણીભાઈ જસભાઈ.
હજુર આસિસ્ટંટ.

ઉપરનું જાહેરનામું થયા પછી હુજુંર કચેરીનો મેમો નિચે પ્રમાણે.

નંબર ૬૩૩ — હજુર કચેરી, વડોદરા

મેમો. તા. ૨૩ આગષ્ટ સને ૧૮૮૯.

તમામ સ્ટાંપ સંબંધી મુકરદમા સુબાઓ તરફ કામ ચલાવવા પરવાનગી માગવા સારૂ આવે અને જે હમારા તા. ૩૦ જુલાઇ સન ૧૮૮૯ ના જાહેરનામાની રૂઇએ નીકાલ થવાનો નહીં તે તમામ મુકરદમા હજુર જયુડીશિયલ ડીપાર્ટમેંટ તરફ હુકમ વાસ્તે મોકલવા.

જે જે કોર્ટો દસ્તાવેજો કબજે કરે અને જેમને કામ ચલાવવા બાબત સુબાઓની પરવાનગી માગવાની જરૂર જણાય તેમણે એવાં કામો પોતાના વીભાગના સુબાઓ તરફ મોકલવાં. જેઓ પેહેલા પારીગ્રાફમાં કહ્યા પ્રમાણે હજુરમાં મોકલશે.

(સહી) લક્ષમણ જગંનાથ.
દીવાન.

(૨) નોકર વિગેરે લોકોના મુખત્યાર પત્ર સંબંધે સરક્યુલરો.

(ક) માહાલાનિહાય સરસુભી કચેરીનો સરક્યુલર નંબર ૩૧ તા. ૮-૧૦-૮૯નો+

" કેટલાએક પ્રસંગે નોકરલોકો પોતાના પગાર બીજાને આપવા સારૂ ઉપરી અધિકારી તરફ રીપોર્ટ અથવા અરજ કરતા હતા, અને તે ઉપરથી પગાર આપવાનો વહીવટ ચાલતો હતો. નવીન સ્ટાંપનિબંધ અમલમાં આવ્યા પછી એવા અરજ અથવા રીપોર્ટને મુખત્યારપત્ર ગણી સ્ટાંપ લગાડવો જોઇએ કે કેમ એવી શંકા કેટલાએક ઠેકાણે લેવામાં આવે છે. આ સંબંધમાં હજુરના હુકમથી વરીષ્ટકોરટ તરફથી નંબર ૨૭ તારીખ ૧ નવેંબર સન ૧૮૮૭ નો થયેલો સરક્યુલર * જોવામાં ન આવ્યાથી એવી શંકા લેવામાં આવે છે એમ લાગે છે તે સરક્યુલરની નકલ આ સાથે મોકલી છે તો તે મુજબ વહિવટ રેહેવાનું થવું જોઇએ. તા. ૯ અકટોમ્બર સન ૧૮૮૯"

(સહી) જયસિંગરાવ આંગ્રે.
મા. સ. સુ.

ટીપ—ઉપરના સરક્યુલર વરીષ્ઠ કોરટે કાઢયા પછી નવીન સ્ટાંપ નિબંધ સંબંધે અમરેલી પ્રાંતના જજ્ય સાહેબે ખુલાસો પુછેલો તે ઉપરથી વરીષ્ટ કોરટે ઠરાવ કર્યો છે તે પછવાડે પૃષ્ટ ૪૨ ઉપર આપેલો છે.

+ ઉપરનો સરક્યુલર વડોદરા વત્સલ ગેઝેટમાં તા. ૬-૧૦-૯૦ ના રોજ પૃષ્ઠ ૫ ઉપર છાપેલો છે.

* વ. કો. સ. નંબર. ૭ તા. ૧-૧૧-૮૭ નો નીચે પ્રમાણે છે. મરાઠી ભાષામાં સરક્યુલર છે.

સરક્યુલર.

ગેરહાજર નોકરનો પગાર વિગેરે બીજા ઇસમને આપવા બદલ સાદા કાગળ ઉપર અરજ લેઇ પગાર આપવાનો વહિવટ ચાલે છે. મુખત્યારપત્ર બદલ કાયદામાં નમુનો છે તે પ્રમાણે રીતસર સ્ટાંપ ઉપર મુખત્યારપત્ર લેવામાં આવતું નથી, પણ નવીન સ્ટાંપઆકટ પરિશિષ્ટ ૧ કલમ ૨૫ માં આઠઆનાના સ્ટાંપ ઉપર મુખત્યારપત્ર લેવા વિશે લખ્યું છે માટે કેવો વહિવટ રાખવો એ વિશે એક અધિકારીએ આ તરફ લખાણ કર્યા ઉપરથી હુજુરમાં નંબર ૪૪૯૨ તા. ૩૦ જુલાઇ સન ૧૮૮૭ નું લખાણ કરતાં હાલ જે પ્રમાણે વહિવટ ચાલે છે, તે પ્રમાણે બીજો હુકમ થતાં સુધી ચાલુ રાખવા વિશે નંબર ૭૫ તા. ૨૨ સપટેંબર સન ૧૮૮૭ની યાદી સાદર થઇ છે માટે તે પ્રમાણે વહીવટ રહેશે.

(સહી) ખરસેદજી રૂસ્તમજી.
ચીફ જસ્ટિસ.

(ખ) નોકરલોકોનો પગાર અદા કરવા સાદા કાગળ ઉપરના મુખત્યાર પત્રથી આપવાનો વહીવટ પેનશનને લાગુ કર્યા વિષે સરક્યુલર.

મા. સરસુબા. જા. નં. ૫૯

સરક્યુલર.

પેનશનને સબંધીનિયમની કલમ ૩૫માં પગાર નેમણુંક આસામી વિગેરેમાં અંવેજ અદા કરવાના જે નિયમ છે તે પેનશનને લાગુ સમજવા લખેલું છે.

૨. નોકરલોકોના પગાર સાદા કાગળ ઉપરના મુખત્યારપત્રથી બીજાને આપવાનો વહીવટ ચાલે છે તે ચાલુ રેહેવા બદલ વરીષ્ટ કોર્ટથી નંબર ૭ તારીખ ૨ નવેંબર સન ૧૮૮૭ તથા આ કોરટથી નંબર ૩૧ તા. ૮ અંક્ટોમ્બર સને ૧૮૮૯ ના સરક્યુલરો થયેલા છે.

૩. પેનશન નિયમની કલમ ૩૫ અનવયે નોકરલોકો બાબતના ઉપર લખેલ સરક્યુલરો પ્રમાણે પેનશનદારો માટે વહિવટ રહેવો જોઇએ.

૪. આ સરક્યુલર મેહેરબાન રાવબહાદુર હજુર ઑડીટર સાહેબ તરફથી મે. સેનાપતિ સાહેબ તરફ નંબર ૧૪૫ તારીખ ૨૫ નવેંબર સને ૧૮૮૯ તથા આ તરફ નંબર ૫૨૮ તા. ૨૩ ડીસેંબરનો સન ૧૮૮૯ શેરો આવ્યા ઉપરથી નજરે કરવામાં આવે છે. તારીખ ૩૦ ડીસેંબર સને ૧૮૮૯.

પી. જે. (સહી) કેરશાસ્પજી રૂસ્તમજી.

આ. મા. સર. સુભા.

---

(૩) નવીન સ્ટાંપનિબંધ પરિશિષ્ટ ૧ રકમ ૧૭ સંબંધે સરક્યુલર તથા ખુલાસો.

વરીષ્ટકોર્ટ સરક્યુલર નંબર ૨ સને ૧૮૮૯-૯૦.

" નવીન સ્ટાંપનિબંધના પરિશિષ્ટ ૧ રકમ ૧૭ માં જે નકલ કીંવા ઉતારાને ચારઆનાનો સ્ટાંપ ફરમાવેલો છે તે બાબે કેટલીએક કોર્ટોની ગેરસમજુતી થવાનું જણાઇ આવ્યાથી આ સરક્યુલર કરવામાં આવે છે કેઃ—

જનરલસ્ટાંપએક્ટમાં કોર્ટફીનો સમાવેસ થતો નથી માટે હાલનાં આ રાજ્યનાં નવીન સ્ટાંપનીબંધ ઉપરથી કોરટોમાં જે કોરટફી સ્ટામ્પ લેવા બાબે વહિવટ ચાલતો હોય તેમાં કાંઈ ફેરફાર થતો નથી, નવીન સ્ટાંપનિબંધનાં પરિશિષ્ટ ૧ ની રકમ ૧૩ માં જે નકલ વિશે ચારઆનાનો સ્ટાંપ લેવો ફરમાવેલું છે તે નકલ સરકારમાંથી લઈ બીજા સરકારી અમલદાર તરફ પુરાવામાં રજુ કરવાની હોય તેને માટે છે અસલ ચોપડા અગર દસ્તાવેજ કોઇ પક્ષકારે અગર સાક્ષીએ કોઇ કામમાં રજુ કર્યા હોય તેને પાછા આપતી વખતે તે અસલ ચોપડા અગર દસ્તાવેજની જે નકલ કામમાં રાખવામાં આવે છે તેને એ લાગુ નથી. એ સંબધે કોરટોમાં જે વહિવટ આજ સુધી ચાલે છે તેજ ચાલુ રાખવો જોઈએ. તારીખ ૧૯ સપટેંબર સન ૧૮૮૯."

પે. ૨. (સહી.) ખરસેદજી રૂસ્તમજી.

ચીફજસ્ટિસ.

એ સંબંધે વરીષ્ટકોરટથી ખુલાસો વ. કો. દી. શેરા નંબર ૪૯૭ તારીખ ૨–૧૨–૮૯ નો અમરેલી પ્રાંતનાજજ્ય કોરટ તરફ ગયો છે કે. "આપે નવીન સ્ટાંપ નિબંધનીપરિશિષ્ટ ૧ ની રકમ ૧૮ જોવી જોઇતી હતી; એ રકમમાં લખ્યું છે કે કોર્ટફી નિબંધ અનવયે જે નકલો અગર ઉતારો લાગતને પાત્ર નહીં હોય તે નકલ અગર ફી ઉતારો દસ્તાવેજી ચાર આનાના સ્ટાંપ ઉપર હોવો જોઇએ. કોરટોમાંથો જે નકલ આપવાની તેઓને ચાલુ કોરટફીનિબંધ એટલે જુના સ્ટાંપનિબંધની યાદી નિશાની ૨ લાગુ છે. તેથી કોર્ટફીનિબંધ પ્રમાણે કોરટોમાં ચાલતા આવેલા વહિવટમાં નવીન સ્ટાંપ નિંબધથી ફેરફાર થયો છે એ વિગેરે સમજુત કેટલીક કોરટની થયાથી આ કોરટનો સરક્યુલર નંબર ૨ નો કાઢવો પડેલો છે અને કોરટોના દફતર શિવાય કરીને જે બીજી સરકારી દફતરો છે તે દફતરમાંથી નકલ લેવી હોય તો તેને કોરટફી સ્ટાંપ જોઇએ; માટે અહીંના સદર સરક્યુલરથી જુના વહિવટમાં ફેરફાર થતો નથી તેથી જુનો વહિવટ કાયમ રાખવાની તજવીજ થશે. તારીખ ૨–૧૨–૮૯.

(સહી) ખરસેદજી રૂસ્તમજી.

ચીફજસ્ટિસ.

---

૪. નોંધણીખાતામાંથી થએલા ખુલાસા.

૧. નવીન સ્ટાંપનિબંધની કલમ ૯ વિશે ખુલાસો.

અમરેલી નોંધણી કચેરીની યાદી નંબર ૪૦ તા. ૧૨—૯—૮૯. ના લગત અભિપ્રાય અમરેલી નોંધણીસરકામદાર તરફથી લખી આવ્યાથી વ. કો. નો. ખાતાનો શેરો જા. નંબર ૩૭ તા. ૫–૧૧–૮૯ નો નીચે પ્રમાણે થયો છે;—

" નવીન સ્ટાંપનિબંધની કલમ ૯ માં ક્રિયા ક્રિયા પ્રકારના દસ્તાવેજ ઉપર ચોહોડવાનો સ્ટાંપ લગાડવાનો અધિકાર છે તે વિશે લખ્યું છે તે ઉપરથી એમ નથી નીકળતું કે જે દસ્તાવેજને માટે ચોહોડવાના સ્ટાંપનો ઉપયોગ કરવાનો અધિકાર છે તે ટીકીટ ચોહોડી (દસ્તાવેજ) કરવાને બદલે સ્ટાંપ કાગળ ઉપર થવો જોઈએ. માટે હાલનો દસ્તાવેજ સ્ટાંપ ઉપર થયો છે તે વગર સ્ટાંપનો છે એમ માની શકાય નહીં, તે મહેરબાનને વિદિત થાય તારીખ ૫ માહે નવેંબર સન ૧૮૮૯. "

(સહી) જનાર્દન સખારામ ગાડગીલ.

જ. વ. કો. નો. ખા. મુ. અધિકારી.

૨. પંચનો ઠરાવ તથા તે નીચે પક્ષકારોએ સંમત્તિ આપ્યાનો શેરો કરેલો હોય તો એવા લેખને* સ્ટાંપ વેહેંચણપત્ર પ્રમાણે લેવો એ વિશે ખુલાસો.

સોજીત્રા નોંધણીકામદારે જાવક નંબર ૨૮ તારીખ ૨૭–૯–૮૯ થી ખુલાસો પુછેલો તે સંબંધે વરીષ્ટકોરટ નોંધણી ખાતાનો શેરો નંબર ૧૮૫ તારીખ ૩૦–૧૧–૮૯ નો વડોદરા પ્રાંતના મેહેરબાન સરકામદાર તરફ નીચે પ્રમાણે મોકલ્યો છે.

---

* પંચના ઠરાવની તથા તે નીચે પક્ષકારની સંમત્તિનો શેરો છે તે લેખની નકલ.

(સ્ટાંપ રૂ ૫ નો લગાડેલો છે).

અમો નીચે સહી કરનાર પંચ. (મોજે ત્રંબોવાડનું ખેતર નામે ફતેભાઈ વાલું વી. ૬ છો કીંમત રૂા. ૧૦૦૦ એક હજારનું તેના ભાગની હદ તથા તેમાંનાં ઝાડ વિગેરે સંબંધી

"હાલ નોંધણીકચેરીમાં પંચનો ઠરાવ નોંધાવવા આવ્યોછે એમ માનવાનું નથી. કારણ તે ઠરાવ નીચે પક્ષકારોએ કબૂલ રાખ્યો છે. તથા તકરારી મિલકત અને અપ્યા લીધા બાબતની હકીકત લખી સહીઓ કરેલો છે. તેથી આ એકંદર લેખ વેહેચણપત્રના સ્વરૂપનો થાય છે અને તે પ્રમાણે સ્ટાંપ તથા નોંધવાની લાગત લેવાની છે (જુઓ ઈં. લો. રી. મુબઈ વા. ૯ પાન ૫૦). અને એવા પ્રસંગે પંચોને ન પુછતઠરાવ નીચે સમંત્તિ વિગેરે વીશે જે લેખ થયો છે તેના પક્ષકારને નિબંધની કલમ ૩૭ પ્રમાણે પુછવું જોઇએ. પંચોને આપેલું રાજીનામું ઉપરના દસ્તાવેજ જોડે માગવાની જરૂર નથી તારીખ ૩૦ નવેમ્બર સને ૧૮૮૯ "

(સહી) જ: સ. ગાંઠગીલ.

જ. વ. કો. નો. ખા. મુ. અધિકારી.

તકરારનું સમાધાન કરવા તથા હદ મુકરરે કરવા સોજીત્રાના પા. નરશીભાઈ સીવાભાઇ તથા ગોર ભાઇસંકર બાલાજી તથા ગોર મોતીરામ વિશ્વનાથ એમણે મળી અમોને યોગ્ય અને કાયદેસર રીતે લેખી અધિકાર આપવા ઉપરથી) આ ઠરાવ કરીએ છીએ જે સદર ખેતર ઉગમણ નવી મુકી ભરીજોતાં સોજીત્રાના નવગુંઠા વી. ૩।। સાડાત્રણ વીધાં થયું તેમાં પક્ષકારોના કાગળ પત્ર રીત રીવાજ વિગેરે તપાસતાં નરસીભાઇ સીવાભાઇનો ભાગ પાંચમો અને બાકી નામાં ગોર ભાઈશંકર તથા મોતીરામ નીમોનીમના ભાગદાર જણાયાથી તેમણે તે પ્રમાણે નીસાન શાક્ષ હદો મુકરર કરી જૂદા જૂદા ભાગ કરી આપ્યા છે તેની વિગત નીચે મુજબઃ—

૧ આ ખેતરની આથમણે વી. ૧ એક ને વસા ૮ આઠ ભાઇશંકરના ભાગે આપ્યો છે,

૨ વચમાંનો વી. ૧ એકને વસા ૮ આઠ ગોર મોતીરામ વિશ્વનાથના ભાગે આપ્યો છે.

૩ અને ઉગમણે વી. અડધું ને વસા ૪ ચાર, પા. નરસીભાઇ શિવાભાઇના ભાગે આપ્યો છે.

એ રીતે સદર ખેતર વિઘાં ૩।। સાડા ત્રણ, ઉપર પ્રમાણે ત્રણે ભાગદારોને તેમના હક મુજબ વેંચી આપ્યું છે, અને તે માંહેના ઝાડ જેના ભાગની હદમાં આવે તેની માલકી વહિવટના ઠરાવ્યાથી આ ખેતરના દક્ષણાતા સેઢે ફળો ઝાડમાં આંબા નંગ ૧૨ છે તેમાંથી આથમણા તરફના આંબા નંગ ૫ ભાઈશંકરના ભાગમાં આવ્યાછે. વચમાંના આંબા નંગ ૨ મોતીરામના ભાગની હદમાં આવ્યા છે અને ઉગમણી તરફના આંબા નંગ ૫, પા. નરસીભાઈના ભાગની હદમાં આવેલા છે.

આ ખેતરનો ઉગમણો ભાગ નમીઆણો સરસ છે, અને આથમણો ટેકરો નરસ છે તેથી નરસીભાઇ પાસે સરસ ભાગ બદલ રૂપીઆ પચીશ રોકડા ભાઇશંકરને નરસ ભાગ પેટે ઉપરામણીના અપાવ્યા છેજ.

આ ખેતરની ઉત્તરે ત્રમોવડ જવાનો સરીઆમ રાજમાર્ગ આવ્યાથી હળ, ગાડુ, લાકડુ ગીરીદુ ઢોરઢાંક પાણી વિગેરે લેઇ જવા લાવવા તથા આવવા જવા વિગેરે તમામ તરહેનો રસ્તો પોત પોતાના ભાગમાંથી ઠરાવ્યો છે.

આ ખેતરના અંગની ઉગમણી નવેળી, ડોળીઆ પરસોતમ લલુભાઈ વિગેરેને તેમના ખેતરમાં જવા આવવા માટે મુળથી કાઢી આપેલી છે તે પ્રમાણે હાલમાં તકુબ રાખી છે અને તેમાં ઉગમણા ભાગ વાળા નરસીભાઇ શિવાય બીજા ભાગદારો પૈકી કોઇને કાંઇ હકક નથીજ.

આ ખેતરના પ્રથમના ઉત્પન્નમાં હિસાબે નિકળતાં રૂપીઆ પાંચ ભાઇશંકર પાસેથી નરસીભાઇને મજરે અપાવ્યા છે અને સદર નળીની ઉગમણી વાડ તથા તેમાંનાં ઝાડ નળીથી ઉગમણા ખેતર વાળા સાથે નરશીભાઇનાં સૈયારાં છે.

આ એકઠેર ખેતર ભાઇશંકરના નામે સરકારમાં ચાલે છે માટે તેની સરકાર સલામી ત્રણે જણાએ પોત પોતાના હોસેરસી પ્રમાણે એટલે બે ભાગની ભાઇશંકરે, બે ભાગની ભાઇ મોતીરામે, અને એક ભાગની નરશીભાઈએ ભરવી.

આ ખેતરની ચતુરસીમા નીચે પ્રમાણે:—

૧ ગામ ત્રમોવડ જવાના રાજમારગથી દક્ષણાતા પાસાનુ.

૨ ડોલીઆને જવાને નાળથી આથમણા પાસાનુ.

૩ ડોલીઆ પરસોતમ લલુભાઇ વિગેરેના ખેતરથી ઉતરાતુ.

૪ ભટ કાળીદાસ ભોગીલાલના ખેતરથી ઉગમણુ.

એ રીતે ખુંટચાર વચલું ખેતર તથા તેમાંનાં ઝાડ વિગેરે ઉપર પ્રમાણે ભાગદારોને વેહેંચી આપ્યાં છે. તેમાં તેમને નીમી આપેલા ભાગ તથા ઝાડ પોત પોતે ઉપભોગ વહિવટ કરતા એક બીજાને હરહરકત કરવી નહી * *. તારીખ ૨૯—૫—૮૫.

પા. ચતુરભાઇ દેસાઇભાઇ સહી દા. પોતે.

વકીલ. વાઘજીભાઇ નાથાભાઇ સહી દા. પોતે.

ઉપરનો ઠરાવ અમોએ પક્ષકારોને વાંચી સંભળાવી સમજાવ્યો (છે). તે અમોએ અધિકાર પ્રમાણે તમામ તકરારનું સમાધાન કરી કર્યો છે તે બરોબર અને વ્યાજબી છે, અને તે પ્રમાણે અમોએ ખુશી થઇને ઠરાવમાં બતાવ્યા મુજબના ભાગ તથા ઝાડ વિગેરે કબજે લીધા છે. તા. મજકુર, ૨૯—૫—૮૫.

૧ ગોર ભાઇશંકર બાળાજી સહી દા. પોતે.

૧ પા. નરસીભાઈ શીવાભાઇ સહી દા. પોતે.

૧ ગોર મોતીરામ વિશ્વનાથ સહી દા. પોતે.

સન ૧૮૮૯—૯૦ સાલ સમાપ્ત.

સન ૧૮૯૦–૯૧.

રા. બા. જ. સં. ગાડગીલ જજ્ય તથા રા. બા. અંબાલાલ સાકરલાલ ભાઇ, જજ્ય, એઓ સાહેબની રૂબરૂ*

ફેસલ તા. ૧૬ માહે આગષ્ટ સન ૧૮૯૦.

શા. હિરાલાલ મુળજી રહેવાશી પાદરા——દસ્તાવેજ લખી લેનાર.

બારીના પટેલ કાશાઇ અમથા રહેવાશી મોજે ગોરીયાદ, તાલુકે પાદરા. } દસ્તાવેજ લખી આપનાર.

(નવીન સ્ટાંપનિબંધ સંબંધે નોંધણી ખાતા માટે થએલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

ગીરોખત તથા ગણુવતના દસ્તાવેજનું વેચાણ ખત—સ્ટાંપ નિબંધ પરિશિષ્ટ ૧ રકમ ૧૮.

ગીરો ખત તથા ગણુવતના દસ્તાવેજ ઉપરનો હક્ક વેચાણ આપ્યા વિશે અલાહિદા લેખ કરવામાં આવે તો તે લેખ "બીજાના નામ ઉપર કરી આપવાનો લેખ" એ પ્રકારમાં આવી તેને સ્ટાંપનિબંધ પરિશિષ્ટ ૧ રકમ ૧૮ લાગુ પડશે.

પરિશિષ્ટ ૧ રકમ ૧૮ માં બતાવેલા સ્વરૂપના દસ્તાવેજની લાગત એકવાર કાયદા પ્રમાણે આપવાની જરૂર છે તેથી તેવા દસ્તાવેજ ઉપરનો હક્ક બીજાને આપવામાં આવે તો તેવા વ્યવહારમાં સાધારણ પણે વેચાણનાં વેહેવાર કરતાં ઓછો સ્ટાંપ લેવો યોગ્ય જાણી પરિશિષ્ટ ૧ રકમ ૧૮ ઘડેલી જણાયછે.

હકીકત.

ઉપર લખેલા પક્ષકારોના દરમીયાન સંવત ૧૯૪૬ ના ચૈતર વદી ૧૩ તારીખ ૧૭ એપ્રીલ સન ૧૮૯૦ ના રોજ દસ્તાવેજ થયો જેની નકલ આ જોડે * છે. દસ્તાવેજમાં "દસ્તાવેજ એક રૂા. ૨૫૧) બસેં એકાવનનો સંવત ૧૯૨૭ ની સાલનો સ્ટાંપ

---

* ટી. સ્ટાં. ખુ. ર. નંબર ૩૧ સન ૧૮૮૯–૯૦. આ ઠરાવ વડોદરા વતસલના ગ્યાઝેટ ભાગમા તા૦ ૧–૩ ૯૧ ના રોજ પૃષ્ઠ ૬–૧૦ ઉપર છાપેલો છે.

*દસ્તાવેજની નકલ.

દસ્તાવેજને રૂ. ૨ નો સ્ટાંપ લગાડેલો છે.

સંવત ૧૯૪૬ ના ચૈતર વદી ૧૩, તારીખ ૧૭ એપ્રીલ સને ૧૮૯૦ ગુરૂવાર દીને ખરીદદાર વીસાશ્રીમાળી સા. હિરાલાલ મુળજી રેહેવાશી પાદરાના, જોગ લખી આપનાર વેચનાર

ઉપર મને લખી આપી પોતાના કબજા ભોગવટાની જમીન અમારે ત્યાં કબજાગીરો મુકેલી તે તથા તે કબજા વાળી જમીન પટેલ હિરાભાઇ દાદાભાઇવિગેરે ઇસમોને સંવત ૧૯૪૩ ના વૈશાખ સુદી ૧૪ શે ખેડવા આપેલી તે બાબતનું ગણવત દર સાલે રૂ. ૩૩॥ પુણીચોતરીસનું તેના ત્રણ વરસના ચઢેલા રૂપીઆ બદલ રૂ. ૧૦૦) સો એ રીતે ઉપર લખ્યા પ્રમાણે દસ્તાવેજે એનો અમારો હક્ક હીસ્સો તમોને વેચાણ આપ્યો છે તેના ઠરાવના રૂ. ૩૫૧) ત્રણસો એકાવન. ”

સદરહુ દસ્તાવેજને સ્ટાંપ રૂ. ૨) નો છે તે બરોબર છે કે નહી એ બદલ પાદરા નોંધણીકામદારને સંશય આવવાથી નોંધણીખાતાના નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો પૂછ્યોછે. નોંધણીકામદારનો અભિપ્રાય સ્ટાંપનિબંધના પરિશિષ્ટ ૧ ની રકમ ૧૮ પ્રમાણે સ્ટાંપ બરોબર છે. વડોદરાપ્રાંતના મેહેરબાન નોંધણીસરકામદારના નંબર ૨૨૪૧ તા. ૯–૫–૯૦ થી આ પ્રકરણ આ તરફ આવ્યુંછે.

ઠરાવ.

ગીરવીખત રૂ. ૨૫૧) તથા ગણુવત રૂ. ૩૩॥ આ બે દસ્તાવેજ ઉપરથી પટેલ કાભાઇ અમથાને મળનારો હક્ક તેણે હિરાલાલ મુળજીને તકરારી દસ્તાવેજ ઉપરથી વેચાણ આપ્યો છે, એટલે, સદરહુ બે દસ્તાવેજ ઉપરથી પોતાને મળનારો હક્ક તેણે હિરાલાલ મુળજીના નામ ઉપર તકરારી દસ્તાવેજ ઉપરથી કરી આપવાનો થાય છે, માટે આ દસ્તાવેજને સ્ટાંપનિબંધની પરિશિષ્ટ ૧ ની રકમ ૧૮ લાગુ પડશે.

બારીયા પટેલ કાભાઈ અમથા રેહેવાશી મોજે ગોરીયાદ, તાલુકે પાદરાનો, જત. હું મારી રાજી ખુશીથી લખી આપુછું કે મારૂં લેહણું મોજે પાટોદના પટેલ રાયજી રઘનાથજી વિગેરે જણ ત્રણે દસ્તાવેજ એક રૂા. ૨૫૧ બસો એકાવનનો સંવત ૧૯૨૭ ની સાલનો સ્ટાંપ ઉપર મને લખી આપી પોતાના કબજાભોગવટાની જમીન અમારે ત્યાં કબજાગીરો મુકેલી તે તથ કબજાવાળી જમીન પટેલ હિરાભાઇ દાદાભાઇ વિગેરે ઇસમોને સંવત ૧૯૪૩ ના વૈશાખસુદી ૧૪ શે ખેડવા આપેલી તે બાબતનું ગણુવત દરસાલે રૂ. ૩૩॥ પુણી ચોત્રીસનું તેના ત્રણ વરસના ચઢેલા રૂપીયા બદલ રૂ.૧૦૦) સો એ રીતે ઉપર લખ્યા પ્રમાણે દસ્તાવેજે એનો હમારો હક્ક હીસ્સો તમોને વેચાણુ આપ્યો છે. તેના ઠરાવના રૂ. ૩૫૧ ત્રણુસેં ને એકાવન એવી રીતે કે. રૂ. ૩૦૮ ત્રણુસેં ને આઠ અમારા પાસેના તમારા લેહણા પેટે વસુલ આપ્યા તે તથા રૂ. ૪૩ ત્રેતાળીસની ચીઠી ૧ તમારા પાસેથી લઇ સદર દસ્તાવેજે બે ઉપરથી અમારો હક્ક હીસ્સો ઉઠાવી લીધો છે. તે દસ્તાવેજે સંબંધી કોઈ રીતે કંઇ હરકત થાય તો તેનો

પરિશિષ્ટ ૧ રકમ ૧૮ પેટા રકમ (ખ) માં બતાવેલા સ્વરૂપના દસ્તાવેજની લાગત એક વાર કાયદા પ્રમાણે આપવી જરૂર છે તેથી તેવા દસ્તાવેજ ઉપરનો હક બીજાને આપવામાં આવે તો તેવા વેહેવારમાં સાધારણ વેચાણના વેહેવાર કરતાં ઓછો સ્ટાંપ દેવો યોગ્ય જાણી પરિશિષ્ટ ૧ ની રકમ ૧૮ ઘડેલી જણાય છે. માટે તકરારી દસ્તાવેજને લગાડેલો સ્ટાંપ બરોબર છે.

ટીપ—બીજો ઠરાવ આગળ દિ. સ્ટાં. ખુલાસા ર. નંબર ૭૨ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૩-૯-૯૦ નો જુઓ. એ ઠરાવમાં પરિશિષ્ટ ૧ રકમ ૧૮ પોટ રકમ ૧ ના પ્રકારના દસ્તાવેજ માટે કેટલી રકમ ઉપર સ્ટાંપ લેવો જોઈએ તે ઠરાવ્યું છે.

રા. બા. જ. સ. ગાડગીલ એકટીંગ ચીફજસ્ટિસ તથા જજ્ય, રા. બા. અંબાલાલ સાકરલાલભાઇ એઓ સાહેબની રૂબરૂ*

ફેસલ તારીખ ૩૦ માહે આગસ્ટ સને ૧૮૯૦.

વિપ્ર માવજી ગોવરધન રેહેવાશી અમરેલી. } દસ્તાવેજ લખી લેનાર.

બાવા લાલદાસ જેરામ રેહેવાશી અમરેલી. } દસ્તાવેજ લખી આપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ (ક) પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

યોગ્ય સ્ટાંપ ઉપર થએલો દસ્તાવેજ—નવીન સ્ટાંપનિબંધ સંબંધે કરેલા નિયમની કલમ ૯.

જવાબ હું તથા મારા હરકોઇ વાલી વારસ દેશે. સદરહુ દસ્તાવેજોની સરત પ્રમાણે કાયદેસર વસુલ લેવા તથા તેનો વહિવટ કરવા તમોને પુરા હક્ક આપ્યા છે.

૧ અત્રે મતુ. તત્રે સાક્ષ.

૧ કાબાઇ અમથા મતુ દા. પા. નારણુ પરસોતમ.

૧ બારીયા ગોવીંદ નાહના સાખ ધણીને કહેથી કરી છે ગામ ગોરીયાદના દ. દા. બાઇજી દુલવ.

૧ લ. કેશવલાલ ત્રીભોવનદાસ સાખ દા. પોતે.

---

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૬૯ સન ૧૮૮૯-૯૦.

દસ્તાવેજને સ્ટાંપ કાગળ એક છતાં તેને પુરવણી સારૂ કોરો કાગળ જોડેલો છે. તે એવી રીતે કે શિક્કાવાળી બાજુએ લખી રહયા પછી લાગલોજ કોરો કાગળ જોડી તે ઉપર લખાઇ રહ્યા પછી શીક્કાવાળા કાગળની પાછલી બાજુની ભાગમાં દસ્તાવેજનો થોડોક મજકુર તથા સહી સાક્ષ કરેલી છે, તથા તે શિવાયનો તે બાજુનો સ્ટાંપ કાગળનો ભાગ કોરો લખાયા વગર રહેલો છે. ઠરાવ થયો કે, એવી રીતે દસ્તાવેજ લખ્યો હોય તો તેનેસ્ટાંપસંબંધે નિયમ ૯ ની હરકત છે એમ નથી.

હકીકત.

ઉપર લખેલા પક્ષકારોના દરમીયાન સંવત ૧૯૪૬ ના આશાડ સુદી ૪ ને શનીવાર, તારીખ ૨૧ જુન સને ૧૮૯૦, ના રોજ સ્થાવર મિલકત વેચાણનો દસ્તાવેજ રૂા. ૧૭૯ નો થયો છે તે રૂ. ૪ ના સ્ટાંપ ઉપર છે. આ દસ્તાવેજને સ્ટાંપ કાગળ એક છતાં તેને પુરવણી સારૂ કોરો કાગળ જોડેલો છે. તે શિક્કાવાળી બાજુએ લખી રહ્યા પછી લાગલોજ કોરો કાગળ જોડી તે ઉપર લખાઇ રહ્યા પછી શિક્કાવાળા કાગળની પાછલીબાજુના ભાગમાં દસ્તાવેજનો થોડોક મજકુર તથા સહીસાક્ષી કરેલી છે. તે શિવાયનો તેબાજુનો સ્ટાંપકાગળનો કોરો ભાગ (થોડો) લખાયા વગર રહેલો છે. એવી રીતે કોરો કાગળ મારેલા સ્ટાંપકાગળને લગાડી દસ્તાવેજ લખવામાં આવે તો તે દસ્તાવેજ તારીખ ૪—૪—૮૯ ના રોજ પ્રસિધ્ધ થયેલા નિયમની કલમ ૯ પ્રમાણે યોગ્ય સ્ટાંપ ઉપરનો ગણી નોંધવા લેઇ શકાય કે નહીં એવો પ્રશ્ન અમરેલી નોંધણીકામદારે કાઢી તે વિશે ખુલાસો પુછયાથી મેહેરબાન અમરેલી પ્રાંતના જજ્ય નોંધણીસરકામદાર તરફથી શેરા નંબર ૮૭૧ તા. ૭ જુલાઇ સને ૧૮૯૦ થી પ્રકર્ણ આ તરફ આવેલું છે. મેહેરબાન નોંધણીસરકામદારનો અભિપ્રાય એવો છે કે, સ્ટાંપ સંબંધી નિયમની કલમ ૯ જોતાં દસ્તાવેજના સ્ટાંપના પાછલા ભાગે લખાણ પુરૂં નહીં થઇ શકે એવું હોય તો પાછલી બાજુએ લખ્યા પછી ખુટે તો બીજો કાગળ જરૂર જેટલો જોડવો જોઇએ. અને તે પ્રમાણે ન લખ્યું હોય તો સ્ટાંપ કાયદાના ઠરાવ વિરૂદ્ધ સાદા કાગળ ઉપર લખ્યો ગણી સ્ટાંપનિબંધની કલમ ૧૩ પ્રમાણે તેની વ્યવસ્થા થવી જોઇએ.

ઠરાવ.

હાલનો પ્રશ્ન સ્ટાંપનિબંધ તથા નોંધણીખાતા સંબંધે તારીખ ૩૦—૧૧—૮૯ ના રોજ થએલા નિયમની કઇ કલમ પ્રમાણે નોંધણીકામદારે મોકલ્યો તે લખેલું નથી. આ તરફ આ સંબંધે પ્રશ્ન સ્ટાંપનિબંધની કલમ ૪૧ થી ૪૪ સુધી તથા નોંધણીખાતા માટે થયેલા તારીખ ૩૦—૧૧—૮૯ ના રોજના નિયમની કલમ ૧૧ પ્રમાણે મોકલવા જોઇએ.

સ્ટાંપ સંબંધે નિયમની કલમ ૯ ના અર્થ જે મેહેરબાન નોંધણીસરકામદાર કરવા ધારે છે, તેમ કરવો યોગ્ય દેખાતો નથી. નિયમની કલમ ૯ માં એટલાજ શબ્દ છે કે "જે બાજુએ સ્ટાંપ છાપેલો હોય તે બાજુ લખાઇ રહ્યા પછી તેની પાછલી બાજુ દસ્તાવેજ લખવાને પુરતી (જગા) ન જણાય ત્યારે તે દસ્તાવેજ પૂરો લખવા સારૂ જેટલો અવશ્ય હોય તેટલો સાદો કાગળ જોડવાને હરકત નથી." એનો માયનો એટલોજ વ્યાજબી થાય કે દસ્તાવેજના મજકુરના લખાણ ઉપરથી એમ જણાય કે સ્ટાંપવાળી બાજુ લખી રહ્યા પછી બાકીના રહેલા મજકુરને વાસ્તે પાછલી બાજુ પુરતી થશે નહીં તો સાદા કાગળનો જોડ લગાડવો લોકોની લખવાની રીત પ્રમાણે સ્ટાંપની બાજુના કોરા ભાગના પૃષ્ઠ ઉપર ને તે લગીત જોડ-કાગળ ઉપર પ્રથમ મજકુર આવે અને પછી રહેલો મજકુર સ્ટાંપ કાગળની બીજી બાજુ ઉપર આવે. ને તેમ થવું ઉપરના અર્થથી વિરૂદ્ધ નથી. માટે હાલ મોકલેલા દસ્તાવેજમાં કંઇ રીતે સ્ટાંપના નિયમ પ્રમાણે કઇ ખામી છે એમ જણાતું નથી.

રા. બા. જ. સ. ગાડગીલ જજ્જ તથા રા. બા. અંબાલાલ સાકરલાલ ભાઈ જજ્જ એઓ સાહેબની રૂબરૂ *

ફેસલ તારીખ ૩ માહે સપટેમ્બર સન ૧૮૯૦.

પારેખ. અમીચંદ પીતાંબરદાસ રહેવાશી વીસનગર. | દસ્તાવેજ લખીલેનાર.

પંડયા ભુલા ઊર્ફે ખુશાલ ગુલાબરામ રહેવાશી વીસનગર. | દસ્તાવેજ લખી આપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણી ખાતા માટે થયેલા નિયમનીકલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

હુકમનામું વેચાણના દસ્તાવેજને સ્ટાંપ -- સ્ટાંપનિબંધ ૧ પરિશિષ્ટ રકમ ૨૯ તથા ૧૮.

હુકમનામા ઉપરનો તમામ હક્ક વેચાણ કર્યાના દસ્તાવેજને સ્ટાંપ વેચાણની રકમ ઉપર પરિ-

---

* ટી. સ્ટાં. ધુ. ર. નંબર ૩૩ સન ૧૮૮૯-૯૦. આ ઠરાવ વડોદરાવત્સલ ગ્યાઝેટ ભાગમાં તા. ૧-૩-૯૨ ના રોજ પૃષ્ઠ ૧૦ ઉપર છાપેલો છે.

શિષ્ટ ૧ રકમ ૨૯ પ્રમાણે હોવો જોઈએ. પરિશિષ્ટ ૧ રકમ ૧૮ એમાં જે દસ્તાવેજના વિશેષ પ્રકાર જણાવ્યા છે તેમાં હુકમનામું વેચાણનો લેખ આવતો નથી તેથી રકમ ૧૮ લાગુ થવાની નથી.

હકીકત.

આ કામ નોંધણીતપાસણીકામદાર એમણે જાવક નંબર ૫૬૧ તારીખ ૧૩ એપ્રીલ સન ૧૮૯૦ થી આ તરફ સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાના માટે થયેલા નિયમની કલમ ૧૧ (ખ) મુજબ નિર્ણય થવા મોકલ્યું છે. દસ્તાવેજની નકલ વિસનગર નોંધણીકચેરીમાં નોંધબુક નંબર ૧ વાલ્યુમ ૫, અનુક્રમ નંબર ૯ ઉપર થઈછે.

ઉપર લખેલા પક્ષકારોના દરમીયાન સંવત ૧૯૪૫ ના ભાદરવા સુદી ૧ તા. ૨૭ અગસ્ટ સન ૧૮૮૯ના રોજ હુકમનામું વેચાણનો દસ્તાવેજ થયો છે. તેની હકીકત તેમાં એવી લખી છે કે, વિસનગર મુનસફકોર્ટ મુકદમા નંબર ૯૮૦ સન ૧૮૮૫–૮૬માં હાલના લખી આપનાર વિસનગરના ગોવિંદ જેરામની વિધવા સ્ત્રી બાઈ ખીમી તથા તેના દીકરા અમથા ગોવિંદ ને મગન ગોવિંદ એઓ ઉપર રૂ. ૧૧૮)નું હુકમનામું થયેલું તે હુકમનામા ઉપરથી ખરચ સુદ્ધાંત એકંદર રકમ રૂ ૧૫૦ાા≈ાા. થાય છે. તે હુકમનામા ઉપરથી ખરચ સુધ્ધાંત લેવાની રકમ ઉપરનો હક્ક રૂપીઆ ૧૨૯) શીક્કાઇ રોકડા લેઇ દસ્તાવેજના કરી લેનારને વેચાણ આપ્યો છે. તથા હુકમનામામાં જેટલો લખી આપનારનો હક્ક છે તેટલોજ લખી લેનારને આપ્યો છે ને હુકમનામામાં લખેલા તમામ રૂપીઆના માલીક તમો છો. એવી રીતે દસ્તાવેજમાં મુદ્દાનો મજકુર લખેલો છે. દસ્તાવેજને સ્ટાંપ રૂ. ૧) એકનો છે.

આ દસ્તાવેજ વિશે રાવસાહેબ નોંધણીતપાસણીકામદારે અભિપ્રાય એઓની ઉપલી યાદી નંબર ૫૬૧ તા. ૧૩ એપ્રીલ સન ૧૮૯૦ માં એવો આપેલો છે કે, આ દસ્તાવેજ વેચાણખત પરિશિષ્ટ ૧ રકમ ૨૯ માં આવશે. પરિશિષ્ટ ૧ રકમ ૧૮ માં આ દસ્તાવેજ આવતો નથી.

ઠરાવ.

દસ્તાવેજ વીક્રીખત છે. કોરટનું હુકમનામું વેચવામાં આવ્યું છે સાધારણ વેચાણખતને વાસ્તે પરિશિષ્ટ ૧ રકમ ૨૯ લાગુ પડે છે. જેને પરિશિષ્ટની રકમ ૧૮માં જે વિશેષ પ્રકારના નામ ઉપર કરી આપવાના દસ્તાવેજ બતાવ્યા છે તેમાંના કોઇ કરી આપવાનો લેખ હોય તો તેને તે રકમમાં લખ્યા પ્રમાણે સ્ટાંપની લાગત જોઇએ. પણ કોરટનું હુકમનામું વેચવાનો લેખ સદર રકમમાં બતાવેલા લેખ પૈકી નથી. માટે તેવા વેચાણખતને પરિશિષ્ટ ૧ રકમ ૨૯ પ્રમાણે સ્ટાંપ જોઇએ.

હાલના દસ્તાવેજમાં રૂ. ૧૨૯) એકસો ઓગણત્રીસ માટે હુકમનામું વેચ્યું છે એવું લખ્યું છે, માટે વેચાણની રકમ ઉપર પરિશિષ્ટ ૧ રકમ ૨૯ પ્રમાણે સ્ટાંપની લાગત રૂ. ૪ ચાર લેવી જોઇએ. એ ઇંગ્રેજી સ્ટાંપઆકટ. સન ૧૮૭૯ નો પ્રેહેલો છે તેના સંબંધે પણ એવોજ ઠરાવ થયેલો છે (જુઓ પ્રનુશ્વામીકૃત સ્ટાંપ મ્યાનુઅલ કો પૃષ્ઠ ૮૭).

ટીપ–ઉપર પ્રમાણેજ ઠરાવ દી. સ્ટાંપ મુ. ૨. નંબર ૩૯ સન ૧૮૮૯–૯૦ ફેસલ તા. ૩–૯–૯૦ તથા નંબર ૫૬ સન ૧૮૮૯–૯૦ તા. ૪–૯–૯૦ માં થયો છે.

(પૃષ્ઠ ૫૬ ઉપર આપેલી ટીપમાં જણાવેલા ઠરાવ).

રા. બા. જ. સ. ગાડગીલ જજ્ય, તથા રા. બા. અંબાલાલ સાકરલાલ ભાઈ જજ્ય એઓ સાહેબની રૂબરૂ. *

ફેસલ તા. ૩–૯–૯૦.

પૂર્ણદાસ બાળમુકુંદદાસ, રહેવાશી મોજે કસનગડ તાબે ભરૂચ.	દસ્તાવેજ લખીલેનાર.
બાઇ દેતા પા. ભુદર મનોરની વિધવા રહેવાશી સદર.	દસ્તાવેજ લખી આપનાર.

હુકમનામું વેચાણના દસ્તાવેજને પરિશિષ્ટ ૧ રકમ ૧૮ લાગુ ન થવાથી પરિશિષ્ટ ૧ રકમ ૨૯ વેચાણ ખત પ્રમાણે સ્ટાંપ હોવો જોઈએ.

હકીકત.

આ કામ નોંધાણીખાતાના તપાસણીકામદાર એમણે જાવક નંબર ૨૫૫ તા. ૧૫–૧–૯૦ થી આ તરફ સ્ટાંપનિબંધ સંબંધે નોંધાણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ (ખ) મુજબ નિર્ણય થવા મેહેરબાન વડોદરા પ્રાંતના જજ્ય નોંધણીસરકામદાર સાહેબની મારફતે મોકલ્યું છે દસ્તાવેજ ચોરંદા નોંધણી કચેરીમાં નોંધાઇ પાછો અપાઇ ગયો છે. એની નકલ નોંધબુક નંબર ૪ વાલ્યુમ ૧ અનુક્રમ નંબર ૨ ઉપર થઇ છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમીઆન સંવત. ૧૯૪૬ ના માગસર વદી ૪ તા. ૧૧ માહે ડિસેંબર સન૧૮૮૯ નારોજ હુકમનામાનું વેચાણનો દસ્તાવેજ થયો છે. તેની હકીકત તેમાં એવી લખી છે કે:— હાલના લખી આપનારનું મોજે હળદરવાના પા. હામદ મુસે ઇસબ તથા દાદુ વલી આદમ તથા વલી મુસા એઓના ઉપર છેવટ નામદાર વરીષ્ટકોરટના ઠરાવ નંબર ૯૮ સન ૧૮૮૮–૮૯ નું હુકમનામું રૂ. ૪૯૭–૪–૦

---

* દી. સ્ટાંપ. મુ. ૨. નંબર ૩૯ સન ૧૮૮૯–૯૦.

મુદ્દલ તથા ખરચના રૂ. ૧૨૦—૧૦—૬ મળી કુલ રૂ. ૬૭૭—૧૪—૬ નું લેવાનું થયું, તે હાલના લખીલેનારને રૂ. ૪૫૦ ચ્યારસો પચાસ બાબાશાઇ રોકડા લેઇ કરીઆપનારે વેચાણ આપ્યું છે. એ રીતે મુદ્દાનો મજકુર દસ્તાવેજમાં છે. એ દસ્તાવેજને સ્ટાંપ રૂ. ૩ ત્રણનો છે.

આ દસ્તાવેજ વિષે રાવસાહેબ નોંધણીતપાસણી કામદારે અભિપ્રાય એવોની ઉપરની યાદી નંબર ૨૫૨ તા. ૧૫—૧—૯૦ માં એવો આપ્યો છે કે, એ દસ્તાવેજ વેચાણખત પરિશિષ્ટ ૧ રકમ ૨૯ માં આવશે. રકમ ૧૮માં એ દસ્તાવેજ આવશે નહીં. મે. સરકામદાર પ્રાંત વડોદરા એમનો અભિપ્રાય પોતાના સેરે નંબર ૧૨૯૬ તા. ૧૬—૫—૯૦ માં આપ્યો છે કે પરિશિષ્ટની રકમ ૧૮ રકમ 'ખ' પ્રમાણે આ દસ્તાવેજને સ્ટાંપ જોઇએ.

ઠરાવ.

દસ્તાવેજ વેચાણખત છે. કોરટનું હુકમનામું વેચવામાં આવ્યું છે. સાધારણ વેચાણખતને વાસ્તે પરિશિષ્ટ ૧ રકમ ૨૯ લાગુ પડે છે. જો પરિશિષ્ટની રકમ ૧૮ માં જે વિશેષ પ્રકારના નામ ઉપર કરી આપવાના દસ્તાવેજ બતાવ્યા છે તેમાં કોઇ કરી આપવાનો લેખ હોય તો તેને તે રકમમાં લખ્યા પ્રમાણે સ્ટાંપની લાગત જોઇએ. પણ કોરટનું હુકમનામું વેચાણનો લેખ સદર રકમમાં બતાવેલા લેખ પૈકી નથી. માટે તેવા વેચાણખતને પરિશિષ્ટ ૧ રકમ ૨૯ પ્રમાણે સ્ટાંપ જોઇએ.

હાલના દસ્તાવેજમાં રૂ. ૪૫૦ ચારસો પચાસ માટે હુકમનામું વેચ્યું છે એવું લખ્યું છે માટે વેચાણની તે રકમ ઉપર પરિશિષ્ટ ૧ રકમ ૨૯ પ્રમાણે સ્ટાંપની લાગત રૂ. ૧૦ દસ લેવી જોઇએ. ઈંગ્રેજી સ્ટાંપઆક્ટ સન ૧૮૭૯નો પેહેલો છે તેના સંબંધે પણ એવોજ ઠરાવ થયેલોછે. (જુઓ પૂનુસ્વામી કૃત મ્યાનુઅલ કોષ પૃષ્ઠ ૮૭).

રા બા. જ.સ. ગાડગીલ જજ્ય, તથા રા. બા. અંબાલાલ સાકરલાલભાઇ જજ્ય, એઓ સાહેબની રૂબરૂ*

ફેસલ તા૦ ૪-૯-૯૦.

વોહોરા હુસેન અસ્માલ રેહેવાશી આથરૂણ તાલુકે વેળાછા. દસ્તાવેજલખી લેનાર.
શા. ઘેલાભાઇ તારાચંદ રેહેવાશી નવસારી. દસ્તાવેજ કરી આપનાર.

હુકમનામું વેચાણના દસ્તાવેજને પરિશિષ્ટ ૧ રકમ ૧૮ લાગુ ન થવાથી પરિશિષ્ટ ૧ રકમ ૨૯ વેચાણખત પ્રમાણે સ્ટાંપ હોવો જોઈએ.

હકીકત.

આ કામ નોંધણીખાતાના તપાસણીકામદાર એમણે જાવક નંબર ૮૧૧ તા. ૮—૬—૯૦ થી આ તરફ સ્ટાંપસંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ (ખ) મુજબ નિર્ણય થવા માટે મોકલ્યું છે. આ દસ્તાવેજ નોંધવાનો હુકમ થઇ નવસારી નોંધણીકચેરીમાં નોંધબુક નંબર ૪ વાલ્યુમ ૧ અનુક્રમ નંબર ૪ ઉપર નકલ થઇ પાછો અપાઇ ગયો છે.

* હી. સ્ટાં. ખુ. ર. નંબર ૫૬. સન ૧૮૮૯-૯૦

ઉપર લખેલા પ્રક્ષકારોના દરમ્યાન સંવત ૧૯૪૫ ના આસો સુદી ૧૧ તારીખ ૫ અકટોબર સન ૧૮૮૯ ના રોજ હુકમનામું વેચાણનો દસ્તાવેજ થયો છે, તેની હકીકત તેમાં એવી લખી છે કેઃ—મોજે અથુરણના વોહોરા કાસમજી અસમાલજી તથા નવસારીના શેખ હુસેનલાલ ઉપર લખીઆપનારનો મુકદમા નંબર ૬૪ સન. ૧૮૮૪–૮૫ ના કામમાં કઠોરકોરટમાં રૂા. ૩૫૫ાાના નો દાવાનો તારીખ ૯ જાનેવારી સન ૧૮૮૫ ની રોજ કઠોર મુનસફકોરટમાંથી નીકાલ થઇ હુકમનામું થયું છે તે લખીઆપનાર પાસેથી નગદ રૂ. ૨૦૦ બસો સારૂં લખીલેનારે લીધું છે તેથી સદરહુ હુકમનામું બજાવવા તથા વસુલ લેવા લખીલેનાર માલીક મુખત્યાર છે તથા સદરહુ હુકમનામામાં જેવી રીતે અમો માલીક હતા તેવી રીતે તમો લખીલેનાર આજથી માલીક છો. એવી રીતે મુદ્દાનો મજકુર દસ્તાવેજમાં લખ્યો છે. એ દસ્તાવેજને સ્ટાંપ રૂપીઆ ૨ બે નો છે.

આ દસ્તાવેજ વિષે રાવસાહેબ નોંધણીતપાસણીકામદારે અભિપ્રાય એઓની ઉપલી યાદી નંબર ૮૧૧ તારીખ ૮ જૂન સન ૧૮૯૦ માં એવો આપેલો છે કે, આ દસ્તાવેજ વેચાણખત પરિશિષ્ટ ૧ રકમ ૨૯ માં આવશે. પરિશિષ્ટ ૧ રકમ ૧૮ માં એ દસ્તાવેજ આવતો નથી.

ઠરાવ.

આ દસ્તાવેજ વેચાણખત છે. કોર્ટનું હુકમનામું વેચવામાં આવ્યું છે. સાધારણ વેચાણ ખતને વાસ્તે પરિશિષ્ટ ૧ રકમ ૨૯ લાગુ પડે છે. જો પરિશિષ્ટ ૧ ની રકમ ૧૮ માં જે વિશેષ પ્રકારના નામ ઉપર કરી આપવાના દસ્તાવેજ બતાવ્યા છે તેમાંના કોઇ કરી આપવાના લેખ હોય તો તેને તે રકમમાં લખ્યા પ્રમાણે સ્ટાંપની લાગત જોઇએ પણ કોર્ટનું હુકમનામું વેચવાનો લેખ સદર રકમમાં બતાવેલા લેખ પૈકી નથી માટે તેવા વેચાણખતને પરિશિષ્ટ ૧ રકમ ૨૯ પ્રમાણે સ્ટાંપ જોઇએ.

હાલના દસ્તાવેજમાં રૂ. ૨૦૦ બસો માટે હુકમનામું વેચ્યું છે એવું લખ્યું છે માટે વેચાણની તે રકમ ઉપર પરિશિષ્ટ ૧ રકમ ૨૯ પ્રમાણે સ્ટાંપની લાગત રૂ. ૪ ચાર લેવી જોઇએ. ઇંગ્રેજી સ્ટાંપઆકટ સન ૧૮૭૯ નો ૧ પેહેલો છે તેના સંબંધે પણ એવોજ ઠરાવ થએલો છે. (જુઓ પૂનુસ્વામી કૃત સ્ટાંપ મેન્યુઅલ કોપ પૃષ્ઠ ૮૭).

રા. બા. જ. સ. ગાડગીલ જજ્ય, તથા રા. બા. અંબાલાલ સાંકરલાલભાઈ જજ્ય, એઓ સાહેબની રૂબરૂ *

ફેસલ તારીખ ૩ માહે સપટેમ્બર સન ૧૮૯૦.

ગલાબ કાળીદાસ, રહેવાશી મોજે કંડારી, તાલુકે ચોરંદા. } દસ્તાવેજ લખી લેનાર.

ભગવાન કાનજી, રહેવાશી મોજે કંડારી, તાલુકે ચોરંદા. } દસ્તાવેજ કરી આપનાર.

(આ સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧, પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

ખાંધાખતનું વેચાણખત—તેને યોગ્ય સ્ટાંપ-પરિશિષ્ટ ૧ રકમ ૧૮ પોટપ્રકાર ૧ પ્રમાણે સ્ટાંપની યોગ્ય લાગત કેટલી લેવી તે વિષે.

ખાંધાખતના વેચાણના દસ્તાવેજને પરિશિષ્ટ ૧ રકમ ૧૮ લાગુ થાય છે. પરિશિષ્ટ ૧ રકમ ૧૮ ના પેટાપ્રકાર૧માં બતાવેલા પ્રકારના દસ્તાવેજના વેચાણખતને સ્ટાંપની યોગ્ય લાગત લેવી તે વેચાણની રકમ ઉપર ન લેતાં સદર પેટાપ્રકારમાં બતાવેલા દસ્તાવેજ જે લાગતને પાત્ર હોય તે લાગત પડવાની છે. માટે રૂ. ૬૪ ના ખાંધાખતનું વેચાણ રૂ. ૪૧ માટે કર્યાના લેખને સ્ટાંપ રૂ. ૪૧ ઉપર લેવાનો નહીં છતાં રૂ. ૬૪ ઉપર રૂ. ૦-૮-૦ નો સ્ટાંપ પરિશિષ્ટ ૧ રકમ ૧૮ પોટપ્રકાર ૧ પ્રમાણે પડવાનો છે.

હકીકત.

આ કામ નોંધણીખાતાના તપાસણીકામદાર એમણે જાવક નંબર ૨૫૫ તારીખ ૧૫-૧-૯૦ થી આ તરફ સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ (ખ) મુજબ નિર્ણય થવા મેહેરબાન વડોદરા પ્રાંતના જજ્ય નોંધણીસરકામદાર સાહેબની મારફતે મોકલ્યું છે. દસ્તાવેજ ચોરંદા નોંધણીકચેરીમાં નોંધાઇ પાછો અપાઈ ગયોછે. એની નકલ નોંધબુક નંબર ૪ વાલ્યુમ ૧ અનુક્રમ નંબર ૧ ઉપર થઇછે.

ઉપરના પક્ષકારોના દરમ્યાન સંવત ૧૯૪૫ના ભાદરવા સુદી ૩ તારીખ ૨૯ આગસ્ટ સન ૧૮૮૯ ના રોજ ખાંધાખતનું લેહેણું રૂપીઆ ૬૪ નું હતું તે રૂપીઆ ૪૧ લેઇ વેચાણ આપ્યાનો દસ્તાવેજ થયોછે. તેની હકીકત તેમાં એવી લખીછે કેઃ- કરીઆપનારનું મોજે કંડારીના ગોસાઇ શીવગર સુખદેવગર પાસે સંવત ૧૯૪૨ના કારતક સુદી ૧૧ ની મિતીનું રૂપીઆ ૬૪ નું ખાંધાખતથી લેહેણું હતું, જે ખાંધાખતના પેટે માનમાં ભેંસ નંગ ૧ (તેનો) પરબાર સુધ્ધાંત આપેલી હતી, તે ખાંધાખત રૂપીઆ ૪૧ લઇ વેચાણ આપ્યુંછે. એવી રીતે દસ્તાવેજમાં મુદ્દાનો મજકુર છે. એ દસ્તાવેજને સ્ટાંપ રૂપીઆ ૦-૪-૦ ચાર આનાનો છે.

આ દસ્તાવેજ વિષે રાવસાહેબ નોંધણીતપાસણીકામદારે અભિપ્રાય એવોની ઉપરની યાદી નંબર ૨૫૫ તારીખ ૧૫ જાનેવારી ૧૮૯૦માં એવો બતાવ્યો છે કે, એ દસ્તાવેજ વેચાણખત પરિશિષ્ટ ૧ રકમ ૨૯ માં આવશે. રકમ ૧૮ માં આવશે નહીં. મેહેરબાન વડોદરાપ્રાંત નોંધણીસરકામદાર એમનો અભિપ્રાય પોતાના શેરા નંબર ૧૨૭૧ તારીખ ૧૬ મે સન ૧૮૯૦નો આવ્યોછે કે એ દસ્તાવેજને પરિશિષ્ટની રકમ ૧૮ પેટારકમ "ખ" લાગુ પડશે ને તેને રૂપીઆ ૦-૮-૦ નો સ્ટાંપ જોઇએ.

*ઠી. સ્ટા. ખુ. ૨. નંબર ૭૨. સન ૧૮૮૯-૯૦

ઠરાવ.

હાલના દસ્તાવેજમાં રૂપીઆ ૬૪ ના ખાંધાખતનું વેચાણ રૂપીઆ ૪૧ માટે કર્યુંછે. તેથી એવા દસ્તાવેજને પરિશિષ્ટ ૧ રકમ ૧૮ લાગુ થાય છે. ને સદર રકમના " ખ " પ્રકાર પૈકી પેટા પ્રકાર (૧) પેહેલો એની આગળ છેલ્લું આસન " સ્ટાંપની યોગ્ય લાગત" નું છે તેમાં "તે ખત કિંવા પટ્ટા કિંવા કબૂલાત કિંવા ગીરેવીખત કિંવા વિમાપત્ર જે લાગતને પાત્ર હોય તે લાગત" લેવી એવું લખ્યું છે. માટે હાલના દસ્તાવેજમાં ખાંધાખત રૂપીઆ ૬૪ નું રૂપીઆ ૪૧ માટે વેચ્યું છે તે રૂપીઆ ૪૧ ઉપર સ્ટાંપની લાગત લેવાની ન છતાં વેચેલા મૂળ ખતની રકમ રૂપીઆ ૬૪ ઉપર, સ્ટાંપની લાગત રૂપીઆ ૦-૮-૦ આઠ આનાની લેવી જોઇએ.

———

રા. બા. જ. સ. ગડગીલ જજ્ય, તથા રા. બા. અંબાલાલ સાકરલાલભાઇ જજ્ય, એઓ સાહેબની રૂબરૂ*

ફેસલ તા. ૬ માહે સપ્ટેમ્બર સન ૧૮૯૦,

બાઇ કાશી રહેવાશી વિસનગર.　　　દસ્તાવેજ લખીલેનાર.

જાની હરગોવનદાસ બલાખીરામ રહેવાશી વિસનગર.　　　દસ્તાવેજ લખીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થએલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

અન્નવસ્ત્રના લેખને સ્ટાંપ—ખતની વ્યાખ્યા કલમ, ૩ રકમ ૩ખ-કલમ ૨૨ પેટા રકમ ૨ પ્રમમાણે સ્ટાંપની લાગત માટે આકારણી-પરિશિષ્ટ ૧ રકમ ૮ પ્રમાણે સ્ટાંપ-વિશેષ કરાર માટે સ્ટાંપ. પરિશિષ્ટ ૧ રકમ ૬ (ખ.)

માની પાસે જે મિલકત તથા દસ્તાવેજ હતા તે કબજામાં લેઇ તે બદલમાં દિકરાએ માને તેની હયાતી સુધી રૂ. ૩૦૨ વરસ દહાડે આપવાનો કરાર તથા તે શિવાય ખરચ આપવા સંબંધે તથા બીજી વાતો સંબંધે કરાર કર્યાનો દસ્તાવેજ કરવામાં આવેલો અને તે ઉપર સહી સાક્ષીઓ થયેલી હતી. ઠરાવ થયો કે, એવો દસ્તાવેજ ખતની વ્યાખ્યા કલમ ૩ રકમ ૩ માં આવશે, તથા કલમ ૨૮ પેટા રકમ ૨ પ્રમાણે અન્નવસ્ત્રની વાર્ષિક રકમની બારપટ ઉપર ખત પ્રમાણે સ્ટાંપ જોઇએ. એ શિવાય દસ્તાવેજમાં જે વાતો લખી છે તે બાબત પરિશિષ્ટ ૧ રકમ ૬ (ખ) પ્રમાણે વધારે સ્ટાંપ રૂ. ૦-૮-૦ નો હોવો જોઈએ.

હકીકત.

આ કામ રાજેશ્રી વિસનગર મહાલના નોંધણીકામદારતરફથી મેહેરબાન કડી પ્રાંતના જજ્ય નોંધણીસરકામદાર તરફ ખુલાસા માટે યાદી નંબર ૧૩૬ તારીખ ૨૮-૨-૯૦ થી મોકલ્યું તે ઉપરથી તેઓએ નોંધણીખાતા માટે થયેલા તારીખ ૩૦-૧૧-૮૯ના રોજના નિયમની કલમ ૧૧ રકમ (ક) પ્રમાણે ફેસલો થવા સારૂં કામ સદરહુ સરકામદાર એમણે મોકલ્યું છે. નોંધણીકામદારે કિયા કલમ પ્રમાણે ખુલાસા માટે લખાણ કર્યું છે તે લખ્યું નથી.

---

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૧૭ સન ૧૮૮૯-૯૦. આ ઠરાવ વડોદરાવત્સલના ગ્યાઝેટ ભાગમાં તા. ૮-૩-૯૧ ના રોજ પૃષ્ઠ ૧૧ ઉપર છાપેલો છે.

ઉપર બતાવેલા પક્ષકારના દરમ્યાન સંવત ૧૯૪૫ ના ભાદરવા સુદ ૧૦ ને ગુરૂવારના રોજ હયાતી સુધી દરવરસે રૂ. ૩૦૨ ફરીલેનારાણને આપવા વિગેરે બદલનો દસ્તાવેજ થયો છે તેમાં હકીકત મુદ્દાની એવી લખી છે કેઃ—

" તમારી પાસેથી ગામ ભાલક તથા ત્રાસવાડનાં ખેતર તથા ખતાં તથા ઉઘ્ઘડના દસ્તાવેજ તથા રોકડ લેહેણું તથા ખાતાં વિગેરે તમામ કાગળો અમોએ લીધા છે. તેના પેટે તમોને દરબરસે રૂ. ૩૦૨ અંકે રૂપીઆ ત્રણસો ને બે ગામચલણી તમારી હયાતી સુધી આપ્યે જવા * * તેમાં કોઇ પ્રકારની તકરાર કે વાંધો પાડી રૂપીઆ અટકાવવા નહીં. તે શિવાય શ્રીઇડરના ગુસાંઈ બળવંતગરજી જસવંતગરજી પાસે લેહેણા રૂપીઆ છે તે રૂપીઆ આવે તે હમારા પીતાજીના ખરચમાં તથા તમારે જાતરા કરવામાં વાપરવા. કડીના શુકલ શીવલાલ પુરૂષોત્તમના હાથની ચીઠીનું લેહણું છે તે ચીઠી અમો લીધી છે. તે લેહણું વસુલ આવેતો અમારે તમને આપવા અને તમારી માતાજી બાઇ જડી હયાતી છતાં જે ઘરમાં રહેતા હતા તે ઘર તમો કોઇને ગીરવી આપો તેનો દસ્તાવેજ અમારે કરી આપવો, તેના રૂપીઆ આવે તે, તમારા બાપનું ઘર અમારા પિતાજીએ લીધેલું છે તે ઘરના બદલાના પેટે, અમારે તમોને આપવા. તે રૂપીઆ તમો ત્રણે બેહેનો વેહેંચી લેવા અને જાની નાહના નાઅકજીનાં ઘર બે રાખેલાં તેના દસ્તાવેજ તમારી પાસેથી અમારે લેવા. જાની હરીશંકર શીવશંકરનું ખાતું તમારા પાસેથી માલકની વહિવટચોપડી અમોએ લીધી છે, તે હિસાબ તે ચોપડી મધે છે તે જાની હરીશંકર આવેથી તેનો હિસાબ કરી જે દેવું નીકળશે તે અમો આપીશું." એવી રીતે મુદ્દાનો મજકુર છે તથા તે દસ્તાવેજ રૂ. ૨ ના સ્ટાંપ ઉપર થયેલો છે.

રા. નોધણીકામદારનો અભિપ્રાય છે કે, એ દસ્તાવેજ અન્નવસ્ત્રના સ્વરૂપનો પ્રથમ દર્શનીય લાગેછે. પરંતુ દસ્તાવેજના નીચેના ભાગ વાંચી જોતાં તે ઉપરથી જંગમ મિલકત સંબંધે ફારકતી હોય એમ માનવા હરકત સરખું લાગતું નથી. એવો અભિપ્રાય દસ્તાવેજના સ્વરૂપ વિષે આપી સ્ટાંપલાગત સંબંધે લખે છે કે, એ દસ્તાવેજ અન્નવસ્ત્રનો અગર જંગમમિલકત સંબંધી ફારકતી માનવામાં આવે તો પણ સ્ટાંપ નિબંધની કલમ ૨૨ ની રકમ ૨ પ્રમાણે રૂપીઆ ૩૬૨૪, તે મુજબ પરિશિષ્ટ ૧ ની રકમ ૨૩ નિસાની (ક) મુજબ રૂ. ૧૭ નો સ્ટાંપ તથા દસ્તાવેજના નીચેના ભાગમાં જે મોઘમ બાબતો લખીછે તે સંબંધે પરિશિષ્ટ ૧ ની રકમ ૨૩ નિસાની (ખ)માં જે ઈતર પ્રસંગે રૂપીઆ ૫ નો સ્ટાંપ લખેલો છે તે મુજબ રૂપીઆ ૫ નો

મળી રૂપીઆ ૨૨ ના સ્ટાંપ ઉપર થવો જરૂરનો હતો તે મુજબ ન થતાં રૂપીઆ ૨ ના સ્ટાંપ ઉપર થયેલો છે માટે રૂ.૨ નો વસુલ થતાં રૂપીયા ૨૦ની ટીકીટ લાગવી જોઇએ.

ઠરાવ.

દસ્તાવેજ વાંચી જોતાં તેમાં લખીઆપનાર દીકરાએ માની પાસે જે મિલકત તથા લેહણદેણ વિષેના દસ્તાવેજ હતા તે પોતાના કબજામાં લેઇ તે બદલમાં ને તેની હયાતી સુધી રૂપીઆ ૩૦૨ વરસ દહાડે આપવાનો કરાર કર્યો છે. દસ્તાવેજ નીચે સહી સાક્ષીઓ છે, માટે સ્ટાંપનિબંધની કલમ ૩ રકમ ૩ ની પેટારકમ (ખ) પ્રમાણે તે ખતની વ્યાખ્યામાં આવશે. અને નિબંધની કલમ ૨૨ પેટારકમ ૨ પ્રમાણે સ્ટાંપ કેટલો જોઇએ એ નક્કી કરવાને વાસ્તે વાર્ષિક રકમની ૧૨ પટ કરવી જોઇએ. માટે રૂ. ૩૦૨ ની બારપટ રકમ રૂ. ૩૬૨૪ ના ઉપર સ્ટાંપ રૂ. ૧૭ સત્તરનો લેવો જોઇએ. (પરિશિષ્ટ ૧ રકમ ૮). શિવાય દસ્તાવેજમાં બીજી જે જે વાતો કરવીની લખી છે તે હયાતી સુધી વર્ષાસન આપવાના કરારના શિવાયની છે અને તેનો સમાવેશ નિબંધ પરિશિષ્ટ ૧ રકમ ૬ પેટારકમ (ખ)માં થાય છે. માટે તે કરાર બદલ રૂ. ૦–૮–૦ અર્ધા રૂપીઆનો સ્ટાંપ જોઇએ. તેથી આ દસ્તાવેજને રૂ ૧૭॥ સાડા સત્તરનો સ્ટાંપ જોઇએ. દસ્તાવેજને રૂ. ૨ નો સ્ટાંપ છે માટે નોંધણીકામદારે પ્રાંતના સુબાસાહેબ તરફ દસ્તાવેજ મોકલી દેવો, એટલે તે આગળની તજવીજ રીતસર કરશે.

———

રા. બા. જ. સ. ગાડગીલ જજ, તથા રા. આ. વે. ત્રા. આઠલ્યે જજ, એઓસાહેબની રૂબરૂ*

ફેસલ તારીખ ૧૮ માહે આકટોબર સને ૧૮૯૦.

પટેલ વાઘજીભાઇ નાથાભાઇ રહેવાશી સોજીત્રા. દસ્તાવેજ લખીદેનાર.

ગોર હરીભાઇ જાદવજી રહેવાશી સોજીત્રા. દસ્તાવેજ લખીઆપનાર.

(નવીન સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફ્રન્સ) પુછેલો છે.

દુકાનનો જંગમમાલ વેચાણના દસ્તાવેજને સ્ટાંપની લાગત——પરિશિષ્ટ ૧ રકમ ૨૯ તથા પરિશિષ્ટ ૨ રકમ ૧૦ વિષે વિચાર.

દુકાનનો જંગમમાલ વેચાણ કર્યાના દસ્તાવેજને પરિશિષ્ટ ૨ રકમ ૧ લાગુ ન થતાં પરિશિષ્ટ ૧ રકમ ૨૯ લાગુ થાય છે. એ રકમ પ્રમાણે સ્થાવર તથા જંગમ માલમિલકત જે દસ્તાવેજ ઉપરથી વેચી હોય તેને સાધારણ લાગુ થાય છે. ઠરાવમાં પરિશિષ્ટ ૨ રકમ ૧ કયારે લાગુ થાય છે તથા જંગમમાલના વેચાણખતને એ રકમ શા કારણથી લાગુ થતી નથી તેનો ખુલાસો કર્યોછે.

હકીકત.

આ કામ નોંધણીખાતાના તપાસણીકામદાર એમણે જાવક નંબર ૬૨૪ તારીખ ૨૫ એપ્રીલ સન ૧૮૯૦ થી આ તરફ સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ (ખ)મુજબ નિર્ણય થવા મોકલ્યું છે. આ દસ્તાવેજ નોંધવા હુકમ થઇ સોજીત્રા ટપ્પાની નોંધણીકચેરીમાં નોંધબુક નંબર ૪ અનુક્રમ નંબર ૪ ઉપર નકલ થઇ છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમ્યાન સંવત ૧૯૪૬ કારતક વદી ૧૩ ના રોજ દુકાનનો જંગમમાલ વેચાણનો દસ્તાવેજ થયો છે તેની હકીકત તેમાં એવી લખી છે કે, આપનારે પોતાની દુકાનનો સઘળો માલ વેચાણ આપ્યો છે તે પૈકી કેટલોએક માલ નીચે મુજબ દસ્તાવેજમાં લખ્યો છે.

૭ા	દાદરની શીશીઓ નંગ ૪.	૯)=	ડબા નંગ ૧૯.
૬ાા=	રંગનાં પડીકાં.	૧૬ા	હીંગળોકનાં પડીકાં ૧૨.
૧૦	હીંગળોકના પડીકાં ૨૦.	૯ા	રંગ રાતો પડીકાં ૧૯.
૯ા–	ટોપીયો રેશમની ૫૧.	૧૨)ાા	ટોપીયો ૪૬.
૧૨ા.	પોલકાં ૧૦ રેશમી.	૬	પેટીઓ ૩ ફુટની.
૧૭ા.	અત્તર.	૩૫	કબાટ નંગ ૩.
૯	ફુલીસ્કેપ કાગળ રીમ ૩.	૧૯ા	વેઢ કોડી ૩ જુડા.
૧૫	તજનો અરક.	૩૬	રેશમની છતરીઓ.
૪૭	છતરીઓ ડઝન ૨ા.	૨૦	શીશીઓ ડઝન. ૨૦.
૪૬ાા=	મજલીન તાકા ૧૫.	૧૬ા.	કાશમીર વાર. ૧૧.

ઉપર પ્રમાણે સામાન તથા બીજો પરચુરણ સામાન મળી એકંદર કીમત રૂ. ૧૦૨૬ાા=નું રૂપીઆ ૯૦૧ાા= નવસો દોઢ ને બે આના રોકડા તથા પાછલું દેવું

* દી. સ્ટાંપ. ખુ. ૨. નંબર ૪૯ સન ૧૮૮૯-૯૦. આ ઠરાવ વડોદરાવત્સલમાં તા. ૨૨-૩-૯૧ ના રોજ પૃ૦ ૨૯ ઉપર છાપેલો છ.

રૂ. ૧૨૦ મળી રૂ. ૧૦૨૧ાાઃ= લેઇ વેચાણ આપેલો છે. આ દસ્તાવેજ સાદા કાગળ ઉપર છે.

આ દસ્તાવેજ વિષે રાવસાહિબ નોંધણીનપાસણીકામદારે અભિપ્રાય એ-ઓની ઉપલી યાદી નંબર ૬૨૪ તારીખ ૨૫ એપ્રીલ સન ૧૮૯૦ માં એવો આપેલો છે કે આ દસ્તાવેજ વેચાણખત પરિશિષ્ટ ૧ રકમ ૨૯ માં આવશે. પરિશિષ્ટ ૨ રકમ ૧ માં આવશે નહીં.

ઠરાવ.

દસ્તાવેજ વેચાણખત છે. કરી આપનારે પોતાના દુકાનમાં જંગમમાલ રૂપીઆ ૧૦૨ ગાા=નો રૂપીઆ ૯૨૧ાા= રોકડા લેઇને તથા રૂ. ૧૨૦ દેવા હતા તે વળાવી વેચાણ આપ્યો છે. આ દસ્તાવેજને પરિશિષ્ટ ૧ રકમ ૨૯ લાગુ પડે છે. એ રકમ પ્રમાણે સ્થાવર અથવા જંગમ માલમિલકત જે દસ્તાવેજ ઉપરથી વેચી હોય તેને સાધારણ લાગુ થાય છે. નોંધણીકામદારે પરિશિષ્ટ ૨ રકમ ૧ લાગુ કરી દસ્તાવેજ સાદા કાગળ ઉપરનો ગ્રાહ્ય કરી નોંધ્યો છે. પરંતુ એ રકમ "જંગમ માલ કિંવા વેપારની જણસના વેચાણ બાબત કિંવા વેચાણ માટે કિંવા સંબંધે માત્ર હોય" એવા કરારના લેખને લાગુ થાય છે. હાલના દસ્તાવેજ "જંગમ માલના વેચાણ બાબત કિંવા વેચાણ માટે કિંવા સંબંધે" નથી. પોતેજ વેચાણનો વ્યવહાર દર્શિત કરનાર લેખ છે. તેમાં જંગમ માલ વેચાણ આપી તથા રોકડ રકમ લેઇ માલ કબજે સોંપેલો છે, માટે એવો દસ્તાવેજ પરિશિષ્ટ ૧ રકમ ૨૯ માં આવે છે. જંગમ માલના વેચાણખતને પરિશિષ્ટ ૨ રકમ ૧ લાગુ પાડવાનો હેતુ હોત તો પરિશિષ્ટ ૧ રકમ ૨૯ નીચે "જુઓ માફી પરિશિષ્ટ ૨ રકમ ૧" એવું લખવામાં આવતા પરિશિષ્ટ ૨ રકમ ૧નો ઉલ્લેખ પરિશિષ્ટ ૧ રકમ ૬ નીચે કર્યો છે તેથી સદરહુ રકમમાં જે કરાર કિંવા કરારની યાદી આવવાની તે પૈકી જેને વાસ્તે માફી કરી છે તે પરિશિષ્ટ ૨ રકમ ૧ માં બતાવી છે, માટે જંગમમાલ વેચાણનો આ દસ્તાવેજ માફીમાં આવતો નથી.

હાલના દસ્તાવેજથી વેચાણખતના અવેજની રકમ રૂપીઆ ૧૦૨૧-૧૦-૦ થાય છે માટે એ રકમ ઉપર પરિશિષ્ટ ૧ રકમ ૨૯ પ્રમાણે સ્ટાંપની લાગત રૂપીઆ ૩૦ જોઇએ.

રા. બા. જ. સ. ગાડગીલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે જજ્ય, એઓસાહેબની રૂબરૂ*

ફેસલતારીખ ૧૯—૧૦—૮૯.

પારસી રૂસ્તમજી પેસ્તમજી રહેવાશી બીલીમોરા, તાલુકે ગણદેવી.	દસ્તાવેજ લખીલેનાર.
પારસી પાલણજી નવરોજી રેહેવાશી અધર તાલુકે ગણદેવી.	દસ્તાવેજ લખીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

દુકાનનો માલ વેચાણનો દસ્તાવેજ—પરિશિષ્ટ ૧ રકમ ૨૯ તથા પરિશિષ્ટ ૨ રકમ ૧.

દુકાનનો માલ વેચાણ કર્યાના દસ્તાવેજને પરિશિષ્ટ ૨ રકમ ૧ લાગુ ન પડતાં પરિશિષ્ટ ૧ ની રકમ ૨૯ લાગુ થાય છે. એ રકમ પ્રમાણે સ્થાવર તથા જંગમ માલ મિલકત જે દસ્તાવેજ ઉપરથી વેચી હોય તેને સાધારણ લાગુ થાય છે.

હકીકત.

આ કામ નોંધણીખાતાના તપાસણીકામદાર એમણે જાવક નંબર ૭૭૭ તારીખ ૭ જુન સન ૧૮૯૦થી આ તરફ સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ (ખ) મુજબ નિરણય થવા માટે મોકલ્યું છે. આ દસ્તાવેજ નોંધવા હુકમ થઇ ગણદેવી નોંધણીકચેરીમાં નોંધબુક નંબર ૮, વોલ્યુમ ૧, અનુક્રમ નંબર ૫ ઉપર નકલ થઇ છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમ્યાન સંવત ૧૯૪૫ માગસર વદી ૭ તારીખ ૧૪ ડિસેંબર સન ૧૮૮૯ ના રોજ દુકાનનો માલ વેચાણનો દસ્તાવેજ થયો છે તેમાં મુદ્દાનો મજકુર એવો (છે) કે:—

"બીલીમોરા મધ્યે મારી (લખી આપનારની) ગાંધી તથા લોઢાના કામ વિગેરેની દુકાન હતી તે દુકાન ચલાવવા તથા તેમાંનો માલમતા વેચવા સારૂં મેં (લખી-

---

*દી. સ્ટાં. ખુ. ૨. નંબર ૫૪ સન ૧૮૮૯-૯૦. આ ઠરાવ વડોદરાવત્સલમાં તા.૧૭-૫-૯૧ના રોજ પૃષ્ઠ ૧૦ ઉપર છાપેલો છે.

આપનારે) તમોને ("લખી લેનારને) સંવત ૧૯૪૪ના વૈશાખવદી ૬ ના રોજ ગુમાસ્તો રાખેલો તેથી તમો (લખીલેનાર) આજ સુધી મારા (લખી આપનારના) તરફથી સદરહુ દુકાનનો વહિવટ ચલાવતા હતા. તે દુકાન તમોને તમામ માલમતા તથા લેણદેણ સાથે આજરોજ (લખીઆપનારે) તમોને (લખીલેનારને) રૂપિયા ૪૯૯ અંકે ચારસો નવાણું નગદ રોકડા લેઇને એવેજમાં વેચાણ કરી આપી છે, તો એ દુકાનનો હું જેવી રીતે માલિક હતો તેવી રીતે તેના આજથી માલિક મુખ્ત્યાર છો વ દુકાનમાં જે માલ છે તે માલ તમો તમારા માલકી હકથી વેચવા તથા તેની ઉપજ લેવાના માલીક છો. વ તેમાં તમોને કશી રીતની હરકત થાય નહીં. એ દુકાનને ખાતે જે કાંઇ લેહેણું હોય તેના પણ આજથી તમો માલિક થયા છો, ને જે લેહેણું તમારી નજર પોહોંચે તે રીતે વસુલ કરી લેવાને તમો મુખત્યાર છો. ને તેમજ એ દુકાનમાં આજસુધી જે કાંઇ સાહુકારોનું દેવું છે તે દેવું તમારે પતાવવું, અને તમને કોઇ પુછે તેનો જવાબ તમારે દેવો. માટે આજથી તમારે સાહુકારોને ત્યાં તમારાં નામનાં ખાતાં પડાવીને મારે ખાતે હવાલો પડાવી મને દેવામાંથી મુકત કરી આપવો, તેમજ સદરહુ દુકાન માંડવા સારૂ મેં આ બીલીમોરાના રહેનાર પારસી નસરવાનજી દાદાભાઇ પાસેથી ઘર ભાડે રાખેલું તેનું જે કાંઇ ભાડું દેવું હોય તે ભાડું તમારે ચુકાવી આપવું અને તે દુકાનની ભાડાચીઠી તમારા નામની કરી આપવી અને મારા નામની ભાડાચીઠી તેની પાસેથી તમારે મને કરી આપવી. બીલીમોરાના રેહેનાર પારસી પેસ્તમજી કુંવરજી તથા પેસ્તમજી બેરામજી પાસેથી દુકાન માંડવામાં ઓટલો ભાડે રાખેલો તેની ભાડાચિઠી કરી આપેલી તે ભાડાચિઠી કરાવી મને તમોએ આપી છે તેથી તે ઓટલો તમારે રાખવો હશે તો તે લોકો સાથે બંદોબસ્ત કરી તમારે રાખવો." એવી રીતે મુદ્દાનો મજકુર છે. આ દસ્તાવેજ ઉપર રૂપીઆ ૨॥ નો સ્ટાંપ છે.

આ દસ્તાવેજ વિષે રાવસાહેબ નોંધણીખાતાના તપાસણીકામદારે અભિપ્રાય એઓની ઉપલી યાદી નંબર ૭૯૭ તારીખ ૭ જૂન સન ૧૮૯૦ માં એવો આપેલો છે કે એ દસ્તાવેજને પરિશિષ્ટ ૧ કલમ ૨૯ લાગુ થાય છે.

ઠરાવ.

દસ્તાવેજ વેચાણપત છે. કરી આપનારે પોતાના દુકાનનો માલ રૂ ૪૯૯ રોકડા લેઇને વેચાણ આપ્યો છે. આ દસ્તાવેજને પરિશિષ્ટ ૧ રકમ ૨૯ લાગુ પડે છે. એ રકમ પ્રમાણે સ્થાવર અથવા જંગમ માલમિલકત જે દસ્તાવેજ ઉપરથી વેચી હોય તેને સાધારણ લાગુ થાય છે. નોંધણીકામદારે પરિશિષ્ટ ૧ રકમ ૮ લાગુ કરી દસ્તાવેજ રૂ. ૨॥ ના સ્ટાંપ ઉપરનો ગ્રાહ્ય કરી નોંધ્યો છે, પરંતુ એવા દસ્તાવેજને પરિ-

શિષ્ટ ૧ રકમ ૮ લાગુ થતી નથી. તેમ હાલનો દસ્તાવેજ પરિશિષ્ટ ૨ રકમ ૧ માં પણ આવતો નથી. એ રકમ "જંગમમાલ કિંવા વેપારની જીણસના વેચાણ બાબત કિંવા વેચાણ માટે કિવા સંબંધે માત્ર હોય" એવા કરારના લેખને લાગુ થાયછે. હાલનો દસ્તાવેજ જંગમમાલના વેચાણ બાબત કિંવા વેચાણ માટે કિંવા સંબંધે નથી. તે પોતેજ વેચાણનો વેહેવાર દર્શાવનાર લેખ છે. તેમાં દુકાનનો માલ વેચાણ આપી તથા રોકડ રકમ લેઇ માલ કબજે સોંપેલો છે. માટે એવા દસ્તાવેજ પરિશિષ્ટ ૧ રકમ ૨૯ માં આવે છે. જંગમમાલના વેચાણખતને પરિશિષ્ટ ૨ રકમ ૧ લાગું પાડવાનો હેતુ હોત તો પરિશિષ્ટ ૧ રકમ ૨૯ ના નીચે "જુવો માફી પરિશિષ્ટ ૨ રકમ ૧" એવું લખવામાં આવત. પરિશિષ્ટ ૨ રકમ ૧ નો ઉલ્લેખ પરિશિષ્ટ ૧ રકમ ૬ નીચે કર્યો છે તેથી સદરહુ રકમમાં જે કરાર કિંવા કરારની યાદી આવે તેની તે પૈકી જેના વાસ્તે માફી કરી છે તે પરિશિષ્ટ ૨ રકમ ૧ માં બતાવી છે. માટે જંગમમાલના વેચાણનો આ દસ્તાવેજ માફીમાં આવતો નથી. હાલના દસ્તાવેજથી વેચાણખતની અવેજની રકમ રૂ. ૪૯૯ થાય છે માટે એ રકમ ઉપર પરિશિષ્ટ ૧ રકમ ૨૯ પ્રમાણે સ્ટાંપની લાગત રૂ. ૧૦ જોઇએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓ સાહેબની રૂબરૂ*

ફેસલ તારીખ ૨૮ માહે અકટોબર સન ૧૮૯૦.

પટેલ પ્રતાપ ઉમેદ રેહેવાશી ધનોરા તાલુકે, ચોરંદા.	દસ્તાવેજ લખીલેનાર.
ડોડીઆણ બાઇ રાહાબા કોમ ડોડીઆ ધોરભાઈ ઉમેદ રહેવાશી કંડારી, તાલુકે ચોરંદા.	દસ્તાવેજ લખીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થએલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

વારસપત્ર-કિંવા બક્ષીસપત્ર —પરિશિષ્ટ ૧ રકમ ૨૬.

દસ્તાવેજમાં મુદ્દાનું લખ્યું હતું કે મારે પેટ ફરજન નથી તેથી મારી મિલકત તમોને વારસના હકથી આપી છે. માટે તે તમો તમારા કબજામાં લેઈ ઉપભોગ કરવો ને મારૂં પાલણપોષણ

---

* દી. સ્ટાં. ખુ. ૨. નંબર ૧૮ સન ૧૮૮૯–૯૦. આ ઠરાવ વડોદરાવત્સલમાં તા. ૧૦-૫-૯૧ ના રોજ પૃષ્ઠ ૧૦-૧૧ ઉપર છાપેલો છે.

કરવું ને ઉત્તરક્રિયા વિગેરે સર્વે કરવા તમો કાયદાસર વારસ છો વિગેરે. ઠરાવ થયો કે, દસ્તાવેજમાં વારસના હકથી મિલકત આપી છે, એવું લખ્યું છે એટલા કારણથી એ દસ્તાવેજ વારસપત્ર થતું નથી, પણ એના સ્વરૂપથી બક્ષીસપત્ર થાય છે તથા પરિશિષ્ટ ૧ રકમ ૨૬ લાગુ થાય છે. અને એ દસ્તાવેજથી આપેલી મિલકત તુરત કબજે લેવાનો અધિકાર દસ્તાવેજ કરી લેનારને પ્રાપ્ત થાય છે. (જુઓ. ઇ. લા. રિ. કલકત્તા સીરીઝ વા. ૧૧ પૃષ્ટ ૧૨૧).

હકીકત.

આ કામ રા. ચોરંદા માહાલના નોંધણીકામદારે મેહેરબાન વડોદરાપ્રાંતના જજ્ય નોંધણીસરકામદારની મારફત યાદી નંબર ૮૫ તા. ૨૦—૩—૯૦ થી સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થએલા નિયમની કલમ ૧૧ પ્રમાણે આ તરફ ફેસલો થવા મોકલ્યું છે.

ઉપર બતાવેલા પક્ષકારોનાં દરમ્યાન સંવત ૧૯૪૬ના ફાગણ વદી ૧૨ તારીખ ૧૮ માર્ચ સન ૧૮૯૦ નો દસ્તાવેજ થયો છે તેનો મુદ્દાનો મજકુર નીચે પ્રમાણે છેઃ—

લખીઆપનાર લખી આપે છે કે "મારે પેટે કાંઇ ફરજન નથી. ને તમો (લખી-લેનાર) મારા પિતરાઇ વારસ છો તેથી મારી નીચે લખેલી મીલકત તમોને વારસના હકથી આપી છે. માટે તે તમો તમારા કબજામાં લેઇ ઉપભોગ કરો ને મારૂં પાલણપોષણ તમારે કરવું ને ઉત્તરક્રિયા વિગેરે સર્વે કરવા તમો કાયદાસર વારસ છો. માટે તે પ્રમાણે તમારે કામ કરવું તથા મારા લેણદેણની પણ રીતસર તજવીજ કરી નીકાલ કરવો. મિલકતની વિગત, ઘર નંગ ૧ તથા જમીન કુંભા ડસરવે નંબર ૪૮૫ પૈકીની લખી આપી છે. એ મિલકતની કિંમત રૂા. ૧૦૦૦. ઘરના ચોક ચાલ વાડી સુદ્ધાં ભાંયતળિયા સુદ્ધાં તથા જમીન તમોને વારસાના હકથી આપી છે. માટે તમો ઉપભોગ કરજો ને એ મિલકત ઉપર તમારા સિવાય બીજા કોઇનો દરદાવો નથી " * * * *. દસ્તાવેજ રૂ ૨૦) ના સ્ટાંપ ઉપર થયો છે.

રા. નોંધણીકામદારનો અભિપ્રાય છે કે આ વારસપત્ર છે. વારસપત્રને કેટલો સ્ટાંપ જોઇએ તે બાબત ખુલાસો થએલો નથી તે થવો જોઇએ. મેહેરબાન સરકામદાર સાહેબ પોતાના શેરા નંબર ૧૦૭૮ તા. ૨૭—૩—૯૦માં નોંધણીકામદાર પ્રમાણે મત હોવાનું લખે છે.

ઠરાવ.

હાલનો દસ્તાવેજ વારસપત્ર થતું નથી. કારણ દસ્તાવેજમાં મિલકત કબજામાં લેઇ ઉપભોગ કરવા વિષે તથા લખીઆપનારનું પાલણપોષણ કરવા વિષે લખ્યું છે. હવે દસ્તાવેજમાં વારસના હકથી મિલકત આપી છે એવું લખ્યું છે એટલાકારણથી હાલનો

દસ્તાવેજ વારસપત્ર થતું નથી. તેના સ્વરૂપથી તે બક્ષીશપત્ર થાય છે, અને એ દસ્તાવેજથી આપેલી મિલકત તુરત કબજે લેવાનો અધિકાર દસ્તાવેજ કરી લેનારને પ્રાપ્ત થાય છે. (જુવો ઇન્ડીઅન લા. રિપોર્ટ કલકત્તા સીરીજ વા. ૧૧ પાન ૧૨૧.

દસ્તાવેજ બક્ષીસપત્ર હોવાથી તેમાં લખેલી મિલકતની કિંમત રૂ. ૧૦૦૦ લખેલી છે તેથી સ્ટાંપનિબંધ પરિશિષ્ટ ૧ રકમ ૨૬ પ્રમાણે રૂપીઆ ૨૦ ના સ્ટાંપ ઉપર દસ્તાવેજ થયો છે તે ગેર નથી.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ તથા શે. બા. યેશવંત વાસુદેવ આઠલ્યે જજ્ય, એઓ સાહેબની રૂબરૂ*

ફેસલ તા. ૨૮ માહે અકટોબર સંન ૧૮૯૦.

પારખ ગીરધર વનમાળી, રહેવાશી અમરેલી. દસ્તાવેજ લખીલેનાર.

બાબરીયા વાલેરા ફકીરા. દસ્તાવેજ લખીઆપનાર.

(નવીન સ્ટાંપનિબંધની કલમ ૪૩ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે

રૂ આપવાના કરારનો દસ્તાવેજ—પરિશિષ્ટ ૨ રકમ ૧ પ્રમાણે સ્ટાંપની માફી.

જંગમમિલકત રૂ મણ ૯ દીન આઠમાં આપવાનો કરાર કરી રૂ ના પૈસા અગાઉ લીધા વિષે દસ્તાવેજમાં લખ્યું હતું. એવો દસ્તાવેજ સ્ટાંપની લાગતને પાત્ર છે કીંવા નથી એ પ્રશ્ન છે. ઠરાવ થયો કે એ દસ્તાવેજ જંગમમાલના વેચાણ સંબંધેનો કરાર છે અને તેને સ્ટાંપનિબંધ પરિશિષ્ટ ૧ રકમ ૧ લાગુ થાય છે. એટલે સ્ટાંપની લાગતની માફી થાય છે.

મુંબઇ હાયકોરટે પણ એવા લેખને સ્ટાંપની માફી ઠરાવી છે. (જુઓ મું. હા. છા. ઠરાવ સન ૧૮૮૨ પૃષ્ઠ ૧૯૫, તથા સન ૧૮૮૬ પૃષ્ઠ ૮૩, તથા સન ૧૮૮૯ પૃષ્ઠ ૨૨૭).

હકીકત.

આ કામ મેહેરબાન રાવબહાદુર અમરેલી પ્રાંતના જજ્યની કોર્ટમાં દીવાણી કામમાં દસ્તાવેજ રજુ થયેલો તેને સ્ટાંપની લાગત જોઇએ કે નહીં એનો ફેસલો થવા

---

* ડી. સ્ટાં. ખુ. ૧. નંબર ૫૦ સન ૧૮૮૯-૯૦. આ ઠરાવ વડોદરાવત્સલમાં તારીખ ૧-૬-૯૧ ના રોજ પૃષ્ઠ ૭ ઉપર છાપેલો છે.

માટે યાદી નંબર ૧૩૧ તારીખ ૯ માહે જૂન સન ૧૮૯૦થી આ તરફ મોકલ્યું છે.

ઉપર બતાવેલા પક્ષકારના દરમ્યાન જે દસ્તાવેજ થયો છે તે નિચે પ્રમાણે:—

" પારેખ ગીરધરદાસ વનમાળીદાસ જોગ લખીતંગ બાબરીયા વાલેરા ફકીરા જત. હું લખી આપુછું જે તમોને રૂ મણ ૯ અંકે નવ દર (મણે) રૂપીઆ ૯ા॥ લેખે આપ્યું છે. તે રૂ તમોને દીન ૮ આઠમાં દેવું છે. તે વદાડ ઉપર જાય તો રૂ મણ ૧૦ અંકે દશ દેવું છે. તે કપાસ પેહેલી વીરણીના આવેલો છે તેનું રૂ આપવું છે ને ઉપર લખ્યું રૂ મણ ૯ તેના રૂ. ૮૬ા॥ રોકડા અગાઉ આપ્યા છે. સં. ૧૯૪૬ ના પોસવદ ૯ ને વાર ભોમે તારીખ ૧૪—૧૨—૮૯.

સહી. સાખ.

બાબરીયા વાલેરા ફકીરાની સહી
દા. વોરા હુશન અલી ઐાદલની સાખ
દા. પોતાના ધણીના કહેવાથી લખ્યુ છે."

આ દસ્તાવેજ વિષે ઉપરની યાદી નંબર ૧૩૧ તા. ૯—૬—૯૦ માં મેહેરબાન જજ્ય સાહેબે પોતાનો અભિપ્રાય ખાસ આપ્યો નથી તથા સ્ટાંપનિબંધની કલમ ૪૩ પ્રમાણે ખુલાસા માટે લખાણ કરેલું છે એ લખ્યું નથી.

ઠરાવ.

અમરેલીપ્રાંતના જજ્ય એમણે જે હકીકત પોતાની યાદી નંબર ૧૩૧ તારીખ ૯–૬–૯૦ માં લખી છે તેનો વિચાર કરતાં હાલનો દસ્તાવેજ સ્ટાંપનિબંધ પરિશિષ્ઠ ૨ રકમ ૧ માં આવે છે અને તેથી તેને સ્ટાંપલાગતની માફી થાય છે. તકરારી દસ્તાવેજથી જંગમમિલકત રૂ મણ ૯ દીન ૮ માં દેવું છે. એ વિગેરે કરાર કરી રૂ ના પૈસા રૂ. ૮૬—૧૦—૦ રોકડા અગાઉથી લીધા છે એવું દસ્તાવેજમાં લખ્યું છે ને દસ્તાવેજથી રૂ આપવાનો વાયદો કર્યો છે. માટે તકરારી દસ્તાવેજ જંગમમાલના વેચાણ સંબધેનો કરાર હોવાથી તેને સ્ટાંપનિબંધ પરિશિષ્ટ ૨ રકમ ૧ લાગુ થાય છે. તકરારી દસ્તાવેજના જેવાજ લેખને મુંબઇ હાયકોરટે જંગમમિલકત સંબધે વેચાણ બાબતના કરારનો દસ્તાવેજ માંની સ્ટાંપલાગતની માફી ઠરાવી છે. (જુઓ મુંબઇ હાયકોર્ટ છાપીલ ઠરાવ સને ૧૮૮૨ પૃષ્ઠ ૧૯૫ તથા સન ૧૮૮૬ પૃષ્ઠ ૮૩, તથા સન ૧૮૮૮ પૃષ્ટ ૨૨૭).

ટિપ—આ સંબંધે ઠરાવ ડી. સ્ટાં. ખુ. ર. નંબર ૩૨ સને ૧૮૮૯—૯૦ ફેસલ તારીખ ૩૧-૧૦-૯૦નો ફરી થયો છે તે આગળ જુઓ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જડ્જ, એઓ સાહેબની રૂબરૂ*

ફેસલ તારીખ ૩૦ અકટોબર સન ૧૮૯૦.

હરજીવન પાનાચંદ રહેવાશી ધારી. દસ્તાવેજ લખી લેનાર.

પટેલ મુળજી તેજાઅટોલ રહેવાશી ધારી. દસ્તાવેજ લખીઆપનાર.

(નવીન સ્ટાંપનિબંધની કલમ ૪૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) મુછેલો છે).

ગીરો મિલકત ઉપરનો વધારાનો હક્ક થળીમાં (સાનમાં) આપ્યાનો લેખ—એવા લેખને સ્ટાંપનિબંધની કલમ ૨૧ કયારે લાગુ થાય છે તે વિષે.

મિલકત રૂ. ૧૨૮ માટે ગીરો આપેલી હતી તે મિલકત ઉપરનો વધારાનો હક્ક રૂ. ૧૧૧ માટે થાળમાં આપ્યા વિષે દસ્તાવેજ કરવામાં આવેલો હતો તથા તેમાં વધારે કરાર કર્યો હતો કે લીધેલા રૂપીઆ નહીં આપવામાં આવે તો "રીતસર દાવો કરીને તથા મુળ ગીરો રાખનારને તેના ગીરોના રૂપીઆ આપી બાકીનો થાળ તમારો સમજી તમારા મુખત્યારીથી હરાજ કરાવી તમારા રૂપીઆ લેજો" એવી રીતના દસ્તાવેજને સ્ટાંપની લાગત શી જોઇએ. એ બાબત ઠરાવ થયો કે, પ્રથમના વેહેવારનો અવેજ આપવાની જવાબદારી ધનકોએ (કરી લેનારે) લીધી નથી તેથી નિબંધની કલમ ૨૧ લાગુ થતી નથી માટે એ દસ્તાવેજને સ્ટાંપની લાગત રૂ. ૧૧૧ માટે ગીરોખત પ્રમાણે રૂ. ૧ ની લેવી જોઇએ.

હકીકત.

આ કામ નોંધણીતપાસણીકામદારની યાદી નંબર ૬૫૪ તારીખ ૧૨ ફેબ્રુવારી સન ૧૮૯૦ ના ઉપરથી છેવટ અમરેલી પ્રાંતના મેહેરબાન સુબા સાહેબ એમણે આ તરફ શેરા નંબર ૬૪ તારીખ ૩૦ એપ્રીલ સન ૧૮૯૦નું લખાણ કરી સ્ટાંપ નિબંધની કલમ ૪૧ મુજબ નિર્ણય થવા મોકલ્યું છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમ્યાન સંવત ૧૯૪૬ માગસર વદી ૧૪ તારીખ ૨૧ માહે ડીસેમ્બર સન ૧૮૮૯ ના રોજ જમીનનું ગીરોખત રૂ. ૧૧૧ નો દસ્તાવેજ થયો છે તેની હકીકત તેમાં એવી લખી છે કે, " * * * * તમારા રૂપીઆ ૧૧૧

* રી. સ્ટાં. મુ. ર. નંબર ૩૦ સન ૧૮૮૯-૯૦. આ ઠરાવ વડોદરાવત્સલમાં તારીખ ૭-૬-૯૧ ના રોજ પૃષ્ઠ ૭ ઉપર છાપેલો છે.

અંકે એકસો અગિયાર પુરા બોળીઆ રાણીશીક્કાના લીધા છે. તે રૂપીઆ આપવાનો વદાડ સંવત ૧૯૪૬ ના ચૈત્ર સુદી ૨ નો કર્યો છે, તે ઉપરાંત રાખે તો વ્યાજ માસ ૧ શત ૧ એકે ટકા ૧॥ અંકે દોડ તથા વટાવ ટકા ૬ મુજબ દેવું છે. તેના થાળમાં અમારી સ્થાવર મિલકતની જમીન નામેગુંદાવાળું ખેતર છે તે વિઘાં ૭૫-૧૦ વસાનું સરવે નંબર ૧૨૯ વાળું પટેલ કાળા સાણા અંટાલાના થાળમાં લખી આપેલી તેનો વધારો આ રૂપીઆના થાળમાં લખી આપું છું. તો તમારા રૂ. વ્યાંજવટાવ શીખે ન આપીએ તો તમોએ રીતસર દાવો કરીને જમીન ઉપર કાળા સાણાના રૂપીઆ ૧૨૮ દેવા છે. તેવા તેને આપી બાકીનો માલ તમારો સમજતાં તે તમારી મુખતીયારીથી હરાજ કરાવી તમારા રૂપીઆ વસુલ ખર્ચ શીખે કરજો. તેમાં અમારે કોઇ તરેહની હરકત કે અડચાણ કરવી નથી. * * * *.

આ દસ્તાવેજ વિષે મેહેરબાન સુબાસાહેબનો અભિપ્રાય એઓના ઉપરના શેરા નંબર ૬૪ તા. ૩૦—૪—૯૦ માં એવો આપેલો છે કે એ દસ્તાવેજ રૂપીઆ ૨૩૯ ની લાગતનેપાત્ર હોય એમ લાગે છે પરંતુ એ વિષે અંદેશો રહ્યો છે તેનો ફેંસલો થઇ આવવો જોઇએ.

ઠરાવ.

દસ્તાવેજ વાંચી જોતાં તેમાં રૂપીઆ ૧૧૧ રીણકોએ લીધા છે ને તે સંબંધે જમીન થાળમાં આપી છે. એ થાળમાંનો મજકુર લખતી વખતે બીજે ઠેકાણે રૂપીઆ ૧૨૮ માં જમીન થાળમાં હતી એમ દર્શાવા વધારો આ દસ્તાવેજના થાળમાં આપ્યો છે એમ બતાવ્યું છે. હવે પ્રશ્ન એટલોજ છે કે, આ દસ્તાવેજ ઉપર સ્ટાંપની લાગત લેવી તે બીજા ગીરોના વેહેવારને માત્ર ગણીને લેવી કિંવા પ્રથમના ગીરોનો વેહેવાર ગણીને પણ લેવી. દસ્તાવેજમાં પ્રથમના વેહેવાર બાબત મજકુર હોવાથી બન્ને વેહેવાર માટે સ્ટાંપની લાગત ક્યારે લેવી તે સ્ટાંપનિબંધની કલમ ૨૧ માં લખ્યું છે. તેથી એવી લાગત પ્રથમના વેહેવારનો અવેજ આપવાની જવાબદારી ધનકોએ દસ્તાવેજથી પોતાને શિર લીધી હોય તો માત્ર લેવામાં આવશે. તેવી જવાબદારી હાલના દસ્તાવેજથી ધનકોએ લીધેલી નથી તેથી આ દસ્તાવેજ ઉપર સ્ટાંપની લાગત રૂ. ૧૧૧ માટે રૂપીઆ ૧ લેવી જોઇએ.

દસ્તાવેજ જોતાં તેને રૂપીઆ ૦-૮-૦ નો સ્ટાંપ છે માટે સ્ટાંપનિબંધ પ્રમાણે ખુટતો સ્ટાંપ તથા તે બદલ દંડ લેઇ દસ્તાવેજ ઉપર રીતસર શેરો કરવાની તજવીજ પ્રાંતનાસુબાસાહેબે કરવા માટે દસ્તાવેજ તેમના તરફ મોકલવાનો ઠરાવ કરવામાં આવે છે.

———

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓ સાહેબની રૂબરૂ*

ફેસલ તારીખ ૩૧ ઑક્ટોબર સને ૧૮૯૦.

પારેખ ગોવરધન કરશન. દસ્તાવેજ લખી લેનાર.

મેહેતા ગોપાળજી ભવાન. દસ્તાવેજ લખી આપનાર.

(નવીન સ્ટાંપનિબંધની કલમ ૪૩ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

કપાસ વેચાતો લીધેલો તેના કિંમતના રૂપીઆ આપવાના કરારનો દસ્તાવેજ—એવા દસ્તાવેજને સ્ટાંપ જોઇએ કીંવા નહીં—પરિશિષ્ટ ૨ રકમ ૧ પ્રમાણે સ્ટાંપની માફી.

કપાસ વેચાણ લીધેલો તે સંબંધે કિંમતના રૂપીઆ આપવાનો કરારનો દસ્તાવેજ વેચાણ રાખનારે કરીઆપેલો હતો. એ દસ્તાવેજને સ્ટાંપ જોઈએ કિંવા નહીં જોઇએ એ પ્રશ્ન સંબંધે ઠરાવ થયો કે—એ દસ્તાવેજ જંગમમિલકતના વેચાણ સંબંધે કરાર છે તેથી પરિશિષ્ટ ૨ રકમ ૧ પ્રમાણે સ્ટાંપની લાગતની માફી થાય છે. માટે એ દસ્તાવેજ સ્ટાંપની લાગતને પાત્ર થાય એવા દસ્તાવેજના પ્રકારમાં આવે છે કિંવા નથી એ જોવાનું કારણ નથી. (નિબંધની કલમ ૫ તથા મ્યાકસવેલ કૃત સ્ટચાટ્યુટના અર્થ વિષે ગ્રંથ, આવૃત્તિ ૨, પૃષ્ટ ૩૪૯).

હકીકત.

આ કામ મેહેરબાને રાવબાહાદુર અમરેલીપ્રાંતના જજ્યની કોરટમાં દીવાની મુકદમા નંબર ૬૫૦ સન ૧૮૮૯—૯૦ના કામમાં દસ્તાવેજ રજુ થયેલો તેને સ્ટાંપની લાગત જોઇએ કે નહીં એનો ફેસલો થવા માટે યાદી નંબર ૧૬૪ તારીખ ૨૮ માહે મે સન ૧૮૯૦ થી આ તરફ મોકલ્યું છે.

ઉપર બતાવેલા પક્ષકારોના દરમિઆન જે દસ્તાવેજ થયો છે તે નીચે પ્રમાણે:—

" મેહેતા ગોપાળજી ભવાન શ્રીભંડારીઆંવાળા સંવત ૧૯૪૬ ના માગસર વદી ૫ દીને ખાતું.

પબાના. કપાસ મણ ૧૬ાારા શેર અંકે મણ સાડ સોળ ને શેર અઢી, પાકા તોલનો, આજરોજ વેપારી શંકર લાધાને ઘેરથી અમોએ જોખી.

---

*ગી. સ્ટાં. યુ. ૨. નંબર ૩૨ સન ૧૮૮૯-૯૦. આ ઠરાવ વડોદરાવત્સલમાં તારીખ ૭-૬-૯૧ ના રોજ પૃષ્ઠ ૭ ઉપર છાપેલો છે.

લીધો છે. ૬૨ રૂ. ૩॥ લેખે લીધો છે. તે મણ ૧૬॥૨॥ અઢી શેરના રૂ. ૫૭॥ અંકે રૂપીઆ પોણીઅઠાવનને રામ સાંડા ત્રણ તેનો વહાડ (વાયદો) સંન ૧૯૪૬ના ફાગણ શુદ ૫ થી. માસ ૧॥નો કર્યો છે. દાં મેહેતા ગોપાળજી ભવાન."

ઉપરની યાદી નંબર ૧૨૪ તા. ૨૮—૫—૯૦માં આ દસ્તાવેજ વિષે મેહેરબાન જજ્ય સાહેબે પોતાનો અભિપ્રાય ખાસ આપ્યો નથી. તથા 'સ્ટાંપનિબંધની કલમ ૪૩ પ્રમાણે ખુલાસા માટે લખાણ કરેલું છે એમ લખ્યું નથી.

ઠરાવ.

અમરેલીપ્રાંતના જજ્ય એમણે જે જે હકીકત પોતાની યાદી નંબર ૧૨૪ તારીખ ૨૮—૫—૯૦માં લખી છે તેનો વિચાર કરતાં તકરારી દસ્તાવેજથી જંગમમિલકત, કપાસના વેચાણ સંબંધે કિંમતના રૂપીઆ આપવાનો વાયદો કપાસ વેચાતો રાખનારે કપાસ વેચનારને કરી આપ્યો છે એટલોજ અર્થ કરવાનો છે. તેથી સ્ટાંપનિબંધ પરિશિષ્ટ ૨ રકમ ૧ પ્રમાણે જંગમમિલકતના વેચાણ સંબંધે એ કરાર હોવાથી એ રકમ પ્રમાણે સ્ટાંપની લાગતની માફી થાય છે. માટે તકરારી દસ્તાવેજ સ્ટાંપની લાગતને પાત્ર થાય એવા દસ્તાવેજના પ્રકારમાં આવે છે કિંવા નથી એ જોવાનું કારણ નથી. (સ્ટાંપનિબંધ કલમ ૫ તથા મ્યાક્સવેલકૃત સ્ટચાટુટના અર્થ વિષે ગ્રંથ આવૃતિ ૨ પૃષ્ટ ૩૪૯). તકરારી દસ્તાવેજ પ્રમાંણે હકીકતનો લેખ જંગમમાલ વેચનારે કરી આપ્યો હતો તે જંગમમાલ વેચાણ સંબંધે હોવાથી સ્ટાંપલાગતની માફીમાં આવે છે એવો ઠરાવ મુંબાઇ હાયકોરટે કર્યો છે. (છાપીલ ઠરાવ બુક પૃષ્ટ ૨૨૭ ફેસલ તારીખ ૧૬—૭—૮૮).

ઉપરનાં કારણોથી તકરારી દસ્તાવેજને સ્ટાંપ લાગતની માફી થાય છે.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓ સાહેબની રૂબરૂ*

ફેસલ તા. ૩૧ માહે અક્ટોબર સન ૧૮૯૦.

ઉજમબાઇ શા જેઠા અજરામરની દીકરી તરફથી વહીવટ કરનાર શા. અંબાલાલ ડોસા રહેવાશી કડી.	દસ્તાવેજ લખી લેનાર.
ઠાકરડા વીશાજી જશંગજી રહેવાશી રંગપુરડા તાબેકડી.	દસ્તાવેજ લખી આપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

ઉભોપાક વેચાણ આપ્યા વિશેનો દસ્તાવેજ——એવા દસ્તાવેજને વેચાણખત પ્રમાણે સ્ટાંપ–પરિશિષ્ટ ૧ રકમ ૨૯.

ઉભોપાક વેચાણ આપ્યા વિષેના દસ્તાવેજને પરિશિષ્ટ ૧ રકમ ૨૯ લાગુ થાય છે. એટલે વેચાણખત પ્રમાણે સ્ટાંપ હોવો જોઇએ. રકમ ૨૯ સ્થાવર તથા જંગમમિલકતના વેચાણ વિષે સરખી રીતે લાગુ થાયછે. (જુઓ દી. સ્ટાં. ખુ. ૨.નંબર ૪૮ તથા ૫૪ ફેસલતારીખ ૧૮–૧૦–૯૦(૧).

હકીકત.

આ કામ રાજેશ્રી કડી નોંધણીકામદારે મેહેરબાન કડીપ્રાંતના જજ્ય નોંધણીસરકામદારની મારફત યાદી નંબર ૧૨૬ તારીખ ૧૫ માહે એપ્રીલ સન ૧૮૯૦ થી સ્ટાંપનિબંધસંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે આ તરફ ફેસલો થવા મોકલ્યું છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમિઆન સંવત૧૯૪૫ ના વરખે ભાદરવા વદી ૦) ને વાર બુધ, તારીખ ૨૫ માહે સપ્ટેંબર સને ૧૮૮૯ ના, રોજ દસ્તાવેજ થયો છે તેનો મુદ્દાનો મજકુર નિચે પ્રમાણે છે:—

"જત રૂ. ૫૦ અંકે રૂપીઆ પચાસ પુરા શિક્કાઇ રોકડા લીધા છે તેના પેટે ત્રણ ખેતરોમાં અમોએ જુવાર તથા બાજરીનું વાવેતર સંવત ૧૯૪૫ એટલે ચાલુ સાલમાં કરેલું છે. તે ખેતરનો ઉભોપાક વેચાણ નદાવે આપ્યો છે * * * * *. ખેતરોમાં અમોએ ચાલુ સાલ, એટલે, સંવત ૧૯૪૫ ની સાલમાં બાજરી તથા જુવારનુ

---

* દી. સ્ટાં. ખુ. ૨૭૪૨ નંબર ૪૫ સન ૧૮૮૯–૯૦.

(૧) આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૬૩ તથા ૬૪ ઉપર છે તે જુઓ.

વાવેતર કરેલું છે. તે ઉભોમાલ અમને જુવાર બાજરીનો ઉપર લખેલા રૂપીઆમાં વેચાણ નદાવે આપ્યો છે. તો તેટલા માલના ધણી ચાર તથા દાણા વિગેરેના માલીક છો. તમારા શિવાય બીજા કોઇ મારા વાલી વારસો વિગેરેનો હક્ક દાવો કે અધિકાર નથી. ઉપર લખેલા રૂપીઆ કરતાં જાસ્તી નીપજે તેના ધણી તમો છો. તેમ કમી નીપજે તેના ધણી પણ તમો છો. તમારા શિવાય અમારે પાશેર દાણા તથા ચારનો એકે પુળો તથા સરસવ કાંઇ પણ લેવાનો અમારો હક્ક નથી તમામ માલ દાણા તથા ચાર વિગેરેના માલીક તમો છો, એટલુંજ નહીં પણ અમારી પાસે બીજો કોઇ માગતો હશે તેનો પણ સદર દાણા ચાર લેવાનો હક્ક નથી. તમને વેચાણ આપ્યો છે વળી અમો તમારી રજા શિવાય વાઢીશું પણ નહીં * * *."

રાજેશ્રી નોંધણીકામદાર પોતાની ઉપરની યાદી નંબર ૧૨૬ તા. ૧૫-૪-૯૦ માં પરિશિષ્ટ ૧ રકમ ૬ પ્રમાણે સ્ટાંપ હોવો જોઇએ એવો અભિપ્રાય આપી નોંધની ખાતાના શેરા નંબર ૫૫૯ તા. ૧-૧૨-૮૮નો આધાર (૧) બતાવે છે. તેમાં ઉભાપાકનો નોંધણીનિબંધ પ્રમાણે જંગમમિલકતમાં સમાવેશ કર્યો છે તથા જુના સ્ટાંપનિબંધ નીશાણી ૧ રકમ ૧ પ્રમાણે એવા દસ્તાવેજ ઉપર સ્ટાંપ હોય તો ભુલભરેલું નથી. એવું લખ્યું છે. સદરહુ કામ મેહેરબાન કડી સરકામદારે પોતાના શેરા નંબર ૧૨૯૩ તા. ૨૮-૪-૯૦ થી મોકલ્યું છે.

ઠરાવ.

પ્રસ્તુતના દસ્તાવેજથી ઉભાપાક ઉપરનું તમામ સ્વામિત્વ વેચાણ રાખનારને આપ્યું છે, માટે દસ્તાવેજ વેચાણખત છે. સ્થાવર તથા જંગમમિલકતના વેચાણ વિષે પરિશિષ્ટ ૧ રકમ ૨૯ સરખી રીતે લાગુ છે એવું આ કોરટે ઠરાવ્યું છે. (વ. કો. દી. સ્ટાંપ ખુલાસા નં. ૪૮ તથા ૫૪ ફેસલ તારીખ ૧૮-૧૦-૯૦). માટે હાલના દસ્તાવેજને વેચાણખત ગણી વેચાણની રકમ રૂ. ૫૦ પચાસ શીકકાઇ લખી છે તે ઉપર સ્ટાંપ રૂ. ૧નો લગાડવો જોઇતો હતો.

ટિપ-એજ સંબંધે બીજા ઠરાવ સ્ટાંપ ખુ. ૨. નંબર ૫૭ સન ૧૮૮૯-૯૦ ફેસલ તારીખ ૩૧-૧૦-૯૦ તથા નંબર ૧૦ સન ૧૮૯૦-૯૧ ફેસલ તા. ૩-૧૧-૯૦ના થયા છે તે આ બુકમાં અનુક્રમે પૃષ્ટ ૭૭ તથા ૭૮ ઉપર આપવામાં આવેલા છે તે જુઓ.

---

(૧)-નોંધણી ખાતાનો શેરો નંબર ૫૫૯ તા ૧-૧૨-૮૮ નો એવો છે કે, "નોંધણીનિબંધમાં ઉભાપાકનો સમાવેશ સ્થાવર મિલકતમાં કરેલો નથી તો પેટાની નકલવાળો દસ્તાવેજ ચાલુ સ્ટાંપનિબંધ પ્રમાણેના સ્ટાંપ ઉપર છે તે ભૂલ છે એમ કહેવાય નહીં".

રા. બા. અંબાલાલ સાંકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે; જજ્ય, એઓ સાહેબની રૂબરૂ*

ફેસલ તારીખ ૩૧ માહે અક્ટોબર સન ૧૮૯૦.

નાયક કુંવર વશંન, રેહેવાશી ધમડાછા તાલુકે ગણદેવી.	દસ્તાવેજ લખી લેનાર.
નાયક કુંવર રણછોડ, વલભ રણછોડ, લલુ રણછોડ તથા ગોવન રણછોડ, મજકુર.	દસ્તાવેજ લખી આપનાર.

ઓપાક વેચાણ આપ્યા વિષેના દસ્તાવેજુને પરિશિષ્ટ ૧ રકમ ૨૯, વેચાણખત, પ્રમાણે સ્ટાંપ હોવો જોઇએ.

હકીકત.

આ કામ નોંધણીખાતાના તપાસણીકામદાર એમણે જાવક નંબર ૮૧૭ તારીખ ૮ જૂન સન ૧૮૯૦ થી આ તરફ સ્ટાંપનિબંધ સંબંધે નોંધણી ખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ (ખ) મુજબ નિરણય થવા મોકલ્યું. દસ્તાવેજ નોંધવા હુકમ થઇ ગણદેવી નોંધણી કચેરીમાં નોંધબુક નંબર ૪ પાન ૨૬૧ થી ૨૬૩ પાનસુધી અનુક્રમ નંબર ૩ એ દસ્તાવેજની નકલ થઇ પાછો અપાઇ ગયો છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમિઆન સંવત ૧૯૪૫ ના આસો સુદી ૧૨ ને વાર રવી, તા. ૬ અક્ટોબર સન ૧૮૮૯ ને દીને જે દસ્તાવેજ થયો છે તેનો મુદ્દાનો મજકુર નીચે પ્રમાણેછે:——

" * * * આજદીને તમારી પાસેથી નગદ રોકડા રૂપીઆ ૩૦૦ અંકે ત્રણસો પોળી આ લીધા. તે રૂપીઆના બદલામાં નીચે લખેલી જમીનમાં શેરડીનું તુલ તથા કેળનું તુલ તમને ઉપર લખેલા રૂપીઆમાં વેચાણ આપ્યું છે. તેથી સદરહુ તુલનું તમારી મરજીમાં આવે તેવી રીતે કરાવવા અથવા કરવા મુખતીયાર છો. તે ઉપર હમારો તથા હમારા વંશવારસોનો કશો હક દાવો નથી. સદરહુ તુલનો તમોપીલાવવા તથા પાણી પાવા તથા સાચવવા વિગેરેનું તમામ જોખમ તમારે શીર છે. સદરહુ તુલના જેવી રીતે હમો માલીક આજ સુધી હતા તેવીજ રીતે તમો આજદીનથી માલીક મુકત્યાર છો. સદરહુ તુલની જે ઉપજ થાય તે તમામ લેવાનો હક તમારો છે. સદરહુ તુલ આજથી તમોને વેચાણ આપી તમારા કબજામાં સ્વાધીન કર્યું છે. તુલની વિગત નીચે પ્રમાણે, હમારા વહીવટની જમીન * * * *. એ રીતે ઉપર લખેલી ચાર ખુંટ વચલી જમીનનું શેરડી તથા કેળનું તુલ તમને ઉપર લખેલા રૂપીઆમાં વેચાણ આપ્યું છે. એ તુલ ઉપર હમારો તથા હમારા વારસોનો હકદાવો નથી." દસ્તાવેજ રૂ. ૦-૪-૦ સ્ટાંપ ઉપર કરેલો છે.

---

* દી. સ્ટાં. ખુ. ૨૭૫૨૯ નંબર ૫૭ સન ૧૮૮૯—૯૦.

આ દસ્તાવેજ વિષે રાવસાહેબ નોંધણી તપાસણી કામદારે પોતાના ઉપરની યાદી નંબર ૮૧૩ તા ૯-૬-૯૦ માં પોતાનો મત આપ્યો છે કે, એ દસ્તાવેજને વેચાણખત પ્રમાણે સ્ટાંપ જોઇએ. વેચાણખતની વ્યાખ્યા સ્ટાંપનિબંધમાં આપી નથી તેથી સંશય રહે છે.

ઠરાવ.

પ્રસ્તુતના દસ્તાવેજથી ઉભાપાક ઉપરનું તમામ સ્વામિત્વ વેચાણ રાખનારને સોંપ્યું છે, માટે દસ્તાવેજ વેચાણખત છે. સ્થાવર તથા જંગમમિલકતના વેચાણ વિષે પરિશિષ્ટ ૧ રકમ ૨૯ સરખી રીતે લાગુ છે એવું આ કોરટે ઠરાવ્યું છે. (વ. કો. દી. સ્ટાંપ ખુલાસા નંબર ૫૪ તથા ૬૮ ફેસલ તારીખ ૧૮-૧૦-૯૦). માટે હાલના દસ્તાવેજને વેચાણખત ગણી વેચાણની રમક રૂ. ૩૦૦ ત્રણસો કલદાર લખી છે તે ઉપર સ્ટાંપ રૂ. ૬નો જોઇતો હતો.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓસાહેબનો રૂબરૂ *

ફેસલ તારીખ ૩ માહે નવેંબર સન ૧૮૯૦.

કણબી રણછોડ ગોપાળ રેહેવાશી ખરવાસા તાલુકે પલસાણા. } દસ્તાવેજ લખી લેનાર.

વલ્લભ વનમાળી રેહેવાશી ખરવાસા તાલુકે પલસાણા. દસ્તાવેજ લખી આપનાર.

ઉભાપાક વેચાણ આપ્યા વિષેના દસ્તાવેજને પરિશિષ્ટ ૧ રકમ ૨૯, વેચાણખત, પ્રમાણે સ્ટાંપ હોવો જોઈએ.

હકીકત.

આ કામ નોંધણીખાતાના તપાસણીકામદાર એમણે જાવક નંબર ૧૦૩૨ તારીખ ૩૧ માહે જુલાઇ સન ૧૮૯૦ થી આ તરફ સ્ટાંપનિબંધ સંબંધે નોંધણી ખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ મુજબ નિર્ણય થવા મોકલ્યું છે. આ દસ્તાવેજની પલસાણા નોંધણી કચેરીમાં નોંધબુક નંબર ૪ વાલ્યુમ ૧ ના અનુક્રમ નંબર ૬ પૃષ્ઠ ૧૪૩ થી ૧૪૪ ઉપર નકલ થઇ છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમિઆન સંવત ૧૯૪૬ ના માગશર સુદ ૨ ને વાર રવી, તારીખ ૨૪ માહે નવેંબર સન ૧૮૮૯, ને રોજ દસ્તાવેજ થયો છે તેનો મજકુર મુદ્દાનો નીચે પ્રમાણે છે:—

"તમારી પાસેથી નગદ રોકડા રૂ. ૩૯૯ અંકે ત્રણસોં નવાણું લીધા તે રૂપીઆમાં મજકુર ગામે તથા પલાણા ગામે જમીનો (૮૦-૧૦-૪) નું તુલ તમોને વેચાણ આપ્યું છે + × + ×. જમીનોમાંનું તુલ તમોને આજ દીને ઉપર પ્રમાણે નગદ રૂપીઆ લેઇ વેચાણ આપ્યું છે. તો હવે એ તુલ ઉપર મારો દાવો નથી. જે થાય તે તમારૂં નશીબ. ને એ નંબરોના

---

* દી. સ્ટાં. ખુ. રૂ. નંબર ૧૦ સન ૧૮૯૦-૯૧.

સરકારમાં ભરવાના રૂપીઆ મારે શીર છે તે બદલ તમને કાંઇ નુકસાન થાય નહીં. હું કદાપી ન ભરૂં ને તમારે ભરવા પડે તો આ દસ્તાવેજની રૂઇયે મારી પાસેથી વસુલ કરવા તમો મુખત્યાર છો. અને ખરચ સુદ્ધાંત રૂપીઆ આપવા હું બંધાયલો છું. અને એ તુલની સચવામણિ, રખેવાળ તથા માલ વાઢી વગેરેનો જોખમ તમારે શીર છે. એમાં હમારે લેવા દેવા નહીં. અને એ તુલનો કોઇપણ અસમાની સુલતાની જોખમ લાગે યાને ચોરી ચકોરી થાય તેના જવાબદાર હમે નથી. * * * *".

આ દસ્તાવેજ વિષે રાવસાહેબ નોંધણી તપાસણીકામદારે પોતાની ઉપરની યાદી નંબર ૧૦૩૨ તા. ૩૧-૭-૯૦ માં પોતાની યાદી નંબર ૮૬૩ તા. ૮-૬-૯૦ પ્રમાણે અભિપ્રાય આપ્યોછે, એટલે વેચાણખત પ્રમાણે એ દસ્તાવેજને સ્ટાંપ જોઇએ. વેચાણખતની વ્યાખ્યા સ્ટાંપ નિબંધમાં આપી નથી તેથી સંશય રહેછે.

ઠરાવ.

પ્રસ્તુતના દસ્તાવેજથી ઉભાપાક ઉપરનું તમામ સ્વામિત્વ વેચાણ રાખનારને આપ્યું છે માટે દસ્તાવેજ વેચાણખત છે. સ્થાવર તથા જંગમમિલકતના વેચાણ વિષે પરિશિષ્ટ ૧ રકમ ૨૯ સરખી રીતે લાગુ છે એવું આ કોરટે ઠરાવ્યું છે. (વ. કો. દી. સ્ટાંપ ખુલાસા નંબર ૫૪-૪૮ ફેસલ તારીખ ૧૮-૧૦-૯૦) .માટે હાલના દસ્તાવેજને વેચાણખત ગણી વેચાણની રકમ રૂ. ૩૯૯ ત્રણુસો નવાણું લખ્યા છે તે ઉપર સ્ટાંપ રૂ. ૮ આઠનો લગાવવો જોઇતો હતો.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે એઓસાહેબની રૂબરૂ*

ફેસલ તારીખ ૪ માહે નવેમ્બર સન ૧૮૯૦.

ત્રીભોવન ઇશ્વર. **દસ્તાવેજ લખી લેનાર.**

ગલાબ દાદાભાઇ રહેવાશી કજાપર. **દસ્તાવેજ લખી આપનાર.**

(નવીન સ્ટાંપનિબંધની કલમ ૪૩ પ્રમાણે ખુલાસો (રેફરન્સ)પુછેલો છે).

કપાસ વાયદા પ્રમાણે આપવાવિષે 'બારનું ખાતું—એવા લેખને સ્ટાંપનીમારી-પરિશિષ્ટ ૧. રકમ ૧.

---

* દી. સ્ટાંપ. ખુ. રજીસ્ટર નંબર ૩૪ સન ૧૮૯૦—૯૧.

કપાસ વેચનારે ખાતું પહોંચી આપેલું અને જેની ઉપર તેની સહી તથા લખતંગ કરનારની સહી છતાં તેમાં લખ્યું હતું કે, રૂપીઆ પેટે કપાસ મુદતસર ઝરપીને આપવો અમે તે મુદતસર ન આપવામાં આવે તો ચાલતા ભાવ પ્રમાણે કપાસ આપીએ. એવા મતલબનું કરારનું ખાતું જંગમ માલના વેચાણ માટે કરાર થાય છે અને તેને સ્ટાંપની મારી થાય છે. (પરિશિષ્ટ ૨ કલમ ૧). તથા લાગતને પાત્ર થાય એવા દસ્તાવેજના પ્રકારમાં અથવા બતની વ્યાખ્યામાં એવું કરારનું ખાતું આવે છે કિંવા નથી એ એવા પ્રસંગે પછી જોવાનું કારણું નથી. (નિબંધની કલમ ૫ તથા મ્યાકસવેલકૃત સ્ટસ્યાટુટના અર્થ વિષે ગ્રંથ આવૃત્તિ ૨, પૃષ્ઠ ૩૪૮).

હકીકત.

આ કામ વડોદરા માહાલ મુનસફે, પોતાની કોરટમાં મુકદમા નંબર ૩૯૬ સન ૧૮૯૦–૯૧ ના કામમાં ખાતું રજુ થયેલું તેને સ્ટાંપ જોઇએ કે નહીં તેનો નિરણય થવા માટે નિબંધની કલમ ૪૩ મુજબ મેહેરબાન વડોદરાપ્રાંતના જજ્જ મારફત યાદી નંબર ૧૦૬ તારીખ ૧૬ માહે અકટોબર સન ૧૮૯૦ થી આ તરફ મોકલ્યું છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમીઆન જે ખાતું થયું છે તેનો મજકુર નીચે પ્રમાણે છે:—

"૨૦) અંકે રૂપીઆ વીશ રોકડા પુરા
દેવા તેને (પેટે) કપાસ ધડી ૪ દા.
૧૦૦ જરફીને લીધા છે તે દેવા.
તે કપાસ સં. ૧૯૪૬ ના મહા
સુદી ૨ તોલ કરી આપીએ. વાયદા
વીતે તો ચાલતા ભાવે ખંડીને
રૂપીઆ આપીએ. આ રૂપીઆને
ઉપર લખેલો કપાસ ધડી ચાર કર્યો
છે તે દેવા.
પા. ગલાબ દાદાભાઇ સહી દા.
પોતે.
લી. શા. વીટલ ત્રીકમદાસ ધણી
બે હજુર".

ઉપર લખેલા દસ્તાવેજ વિષે મુનસફ ઉપરની યાદી નંબર ૫૦૬ તા. ૧૧–૧૦–૯૦ માં એવો અભિપ્રાય આપે છે, કે એ દસ્તાવેજ જંગમમાલ સંબંધે કરાર છે તેથી સ્ટાંપ નિબંધના પરિશિષ્ટ ૨ ની કલમ ૧ માં તેનો સમાવેશ થાય છે. એ ખાતાના પ્રથમ-

ના ભાગમાં રૂપીઆ દેવા એવું લખી તેને પેટે કપાસ આપવાનો અને તે મુદતસર ન આપવામાં આવેતો ચાલતો ભાવ આપીએ એવો કરારલેખ છે. અને તેમાં દેણદારની સહી નીચે ખાતું લખનારનું લખીતંગ છે તેથી તે લખીતંગને શાહીદી ગણી કદી નિબંધની કલમ ૩ ની પેટાકલમ ૩ ના પેરેગ્રાફ " ગ "માં ફરમાવ્યા પ્રમાણે તેનો ખતમાં સમાવેશ થઇ શકે છે એમ કહેવામાં આવે પરંતુ સન ૧૮૮૮ ની સાલના નામદાર મુંબઇ હાયકોર્ટના છાપેલા જજમેન્ટના પાન ૨૨૭ માં જે જજમેન્ટ છપાએલું છે તે વાંચીજોતાં હાલના ખાતાનો સમાવેશ માફીમાં થાયછે. મેહેરબાન જજ્ય સાહેબ પોતાનો અભિપ્રાય પોતાની કચેરીના શેરા નંબર ૧૨૫૭ તા.૧૬-૧૦-૮૦ માં મુનસફના જેવોજ આપ્યો છે.

ઠરાવ.

દસ્તાવેજ જોતાં જંગમમાલના વેચાણ માટે કરાર હોવાથી તેને સ્ટાંપનિબંધ પરિશિષ્ટ ૨ રકમ ૧ પ્રમાણે માફી થાય છે. (જુઓ વરીષ્ટકોર્ટ દી. સ્ટાંપ. ખુ. ૨. નં. ૩૨. ફેસલ તી. ૩૧--૧૦--૮૦ તથા મુંબઇ હાયકોરટ છાપીલ ઠરાવ પૃષ્ઠ ૨૨૭ ફેસલ તા. ૧૬-૭-૮૮).

પ્રસ્તુતનો દસ્તાવેજ લાગતને પાત્ર થાય એવા દસ્તાવેજના પ્રકારમાં અથવા ખતની વ્યાખ્યામાં આવે છે કિંવા નથી એ જોવાનું રેહેતું નથી. કેમકે સ્ટાંપનિબંધ કલમ ૫ મુજબ જે દસ્તાવેજને પરિશિષ્ટ ૨ માં માફી હોય તેને પરિશિષ્ટ ૧ પ્રમાણે લાગત લાગે નહીં. (મ્યાક્સવેલકૃત સ્ટાટયુટના અર્થ વિશે ગ્રંથ, આવૃતી ૨, પૃષ્ઠ ૩૪૮).

ઉપરના કારણથી હાલના દસ્તાવેજને સ્ટાંપની લાગતની માફી થાય છે. (પરિશિષ્ઠ ૨ રકમ ૧).

રા. બા. અંબાલાલ સાકરલાલ ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંતવાસુદેવ આઠલ્યે, જજ્જ, એઓસાહેબની રૂબરૂ *

ફેસલતારીખ ૪ માહે નવેંબર સને ૧૮૯૦.

(દી. સ્ટાં. ખુ. ર. નંબર ૮ સન ૧૮૮૯—૯૦ નો ઠરાવ તા. ૧૭—૩—૯૦ નો થયો તેની પુરવણીનો ઠરાવ).

ફારગતીના સ્વરૂપનો લેખ-મિલકતની કિંમત પુરેપુરી ન લખવામાં આવે તો વધારામાં વધારે પડનારી સ્ટાંપની લાગત—મિલકતની કિંમત અથવા મોબદલો બરોબર લખ્યો ન હોય તો પ્રાંતના સુબા તે નક્કી કરી શકે કે કેમ ?

ફારગતીના સ્વરૂપના લેખમાં મિલકતની કિંમત પુરેપુરી લખી ન હોય તો વધારેમાં વધારે રૂ. ૫ ના સ્ટાંપની લાગત પરિશિષ્ટ ૧ રકમ ૨૩ પ્રમાણે પડવાની છે, અને દસ્તાવેજને એ પ્રમાણે લાગત ન હોય તો તે અટકાવવાને પાત્ર થશે.

દસ્તાવેજમાં મિલકતની કિંમત અથવા મોબદલાની રકમ બરોબર લખી નહીં હોય તો તે પ્રાંતના સુબાએ નક્કી કરવી કે કેમ એ પ્રશ્ન વિશે નિબંધ તથા નિયમમાં ખુલાસો નથી.

ઠરાવ.

રાવસાહેબ નોંધણીતપાસણીકામદારે પોતાની યાદી નંબર ૬૦૩ તારીખ ૨૧-૪-૯૦માં જે હકીકત લખી છે તે ઉપરથી દસ્તાવેજનો લખીલેનાર પટેલ કુબેર ભુલાભાઇ વિગેરેઓએ આ કોરટનો ઠરાવ નંબર ૮ સન ૧૮૮૯-૯૦નો તારીખ ૧૭-૩-૯૦ ના રોજ થયો તે પછી મિલકતની કિંમત દસ્તાવેજ નીચે રૂપીઆ ૨૦૦ની જે લખી આપી છે તે સ્ટાંપની લાગત પુરેપુર ન પડે એ માટે લખી છે એવું પ્રથમ દર્શનીય જણાય છે. હાલનો દસ્તાવેજ ફારગતીના સ્વરૂપનો છે અને પરિશિષ્ટ ૧ ની રકમ ૨૩ પ્રમાણે ફારગતીના સ્વરૂપના દસ્તાવેજમાં ગમે તેટલી મિલકતની કિંમત અથવા રકમ લખી હોય તોપણ વધારેમાં વધારે લાગત રૂ. ૫ પડવાની છે. માટે જો પક્ષકાર એટલા રૂપીઆનો સ્ટાંપ ભરવા ખુશી હોય તો તે પ્રમાણે તેની કબુલત લેઇ દસ્તાવેજને સ્ટાંપ લગાડવાની તજવીજ થવા માટે દસ્તાવેજ અટકાવી નોંધણીકામદારે સુબાસાહેબ તરફ મોકલવો, અને સુબાસાહેબ તરફથી લાગત લાધાનો શેરો થઇ આવ્યા પછી નોંધણીનું કામ નોંધણીકામદારે આગળ શરૂ કરવું. પરંતુ જો ઉપર પ્રમાણે કરવા પક્ષકાર નાખુશી બતાવતા હોય તો કચેરીમાં પડેલો દસ્તાવેજ અટકાવી સુબાસાહેબ તરફ મોકલવો. એટલે નિબંધ પ્રમાણે તે યોગ્ય તજવીજ કરશે.

તપાસણીકામદાર એમણે જ્યારે દસ્તાવેજમાં મિલકતની કિંમત અથવા મોબદલાની રકમ બરોબર લખી ન હોય ત્યારે એ રકમ નક્કી કરવા વિષે સુબાસાહેબ

---

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૨૮-૨૯ સન ૧૮૮૯—૯૦

તરફથી તજવીજ થવા વિષે તથા જે નક્કી થાય તે ઉપર સ્ટાંપ વસુલ લેવા વિષે પ્રશ્ન ઉઠાવ્યો છે. પરંતુ એ વિષે નિબંધમાં અથવા નિયમમાં કાંઇ ખુલાસો નથી માટે એ બાબત આ કામમાં વિચાર કરવાનું કારણ નથી.

---

૨૮ બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓ સાહેબની રૂબરૂ*

ફેસલ તારીખ ૨૫ માહે નવેમ્બર સન ૧૮[illegible]

શા. હરીદાસ બુલાખીદાસનો વહીવટકરનાર પરભુ દાશ પિતાંબરદાસ રેહેવાશી સોનગડ.	દસ્તાવેજ લખી લેનાર.
હીમજી ભાઈ આદરજી રહેવાશી સોનગડ.	દસ્તાવેજ લખી આપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

ઘરની ભાડા ચિઠ્ઠી અનિયમીત મુદતની—એવી ભાડા ચિઠ્ઠી ને સ્ટાંપની લાગત –પરિશિષ્ટ ૧ રકમ ૨૦ પેટા રકમ (ખ)—ભાડાની રકમ ઉપર વ્યાજ.

ઘરની ભાડાચિઠ્ઠીમાં કરાર હોયકે ઠરેલું ભાડું ચઢે થડું આપીશું તથા તમો (ઘરનો માલેક) જ્યાંહાં સુધી ઘરમાં રેહેવાદેશો ત્યાંહાં સુધી રહીશું તથા ઘર ખાલીકરી માગશો તે વખત ખાલી કરી આપીશું. એવા મતલબની ભાડાચિઠ્ઠી અનિયમીત મુદતની છે તથા તેને સ્ટાંપની લાગત પરિશિષ્ટ ૧ રકમ ૨૦ પેટારકમ " ખ " પ્રમાણે પડશે.

ભાડું ન આપવામાં આવે તો વ્યાજ આપીશું એ અંગભૂત કરાર છે અને તે માટે સ્ટાંપની લાગત લેવાનું કારણ નથી.

હકીકત.

આ કામ નોંધણીખાતાના તપાસણીકામદાર એમણે જાવક નંબર ૭૩૮ તા. ૨૮–૫–૯૦ થી નવા સ્ટાંપ નિબંધ સંબંધે નોંધણી ખાતા માટે થયેલા નિયમની

---

* દી. સ્પે. ખુ. ૨૭૪૨ નંબર ૫૫ સન ૧૮૮૯–૯૦.

કલમ ૧૧ (ખં) મુજબ નિરણય થવા આ તરફ મોકલ્યું છે. આ દસ્તાવેજ સોનગઢ નોંધણીકચેરીમાં નોંધ બુક નંબર ૧ વાલ્યુમ ૧ અનુક્રમે નંબર ૭ માં નકલ થઇ પાછો અર્પાઇ ગયો છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમિઆન સંવત ૧૯૪૫ આસો વદ ૧ વાર ગુરૂ, તારીખ ૧૦ આકટોબર સન ૧૮૮૯, ના રોજ થયો છે. તેમાં મુદ્દાનો મજકુર નીચે પ્રમાણે છે:—

"* * * તમારૂં ઘર એક બજારમાંનું નળીઆરી ગાળો ૧નું જે હમે તમારે ત્યાં કબજાગીરો લખી આપ્યું છે તેજ ઘર હમો તમારી પાસેથી આંજદીને ભાડે રાખ્યું છે. તે ઘરની ચતુઃશીમા * * * *. એ નિશાનીનું ઘર રાખ્યું છે તેનું ભાડું વરસ ૧ ના રૂ. ૧૯ાા અંકે ઓગણીસ આઠ આના પોળીઆં કર્યાં છે. તે પ્રમાણે ચડુ ભાડું જે વખતે તમો માગશો તેવખત આપીશું ને એ ઘરમાં હમો વસીશું અગર વસાવીશું અગર ખાલી રાખીશું પણતમારા ભાડાના રૂપીઆ ઉપર લખ્યાં પ્રમાણે હમે તમોને આપીશું. એ ઘરની ચણાઇ તથા નળિઆ અમારે શીર છે. એ ઘર હમે ભાડે રાખ્યું છે તે તમો જ્યાંહાં સુધી રેહેવા દેશો ત્યાંહાં સુધી રહીશું. તમો જ્યારે ખાલી કરી માગશો તે વખત ખાલી કરી આપીશું. તેમાં કોઈ વાતની હરકત બતાવનાર નહીં. ને એ ઘરના ચઢેલા ભાડાના રૂપીઆ તમો જે વખત માગશો તે વખત હમો આપીશુ. નહીં આપીએ તો તે રૂપીઆનું વ્યાજ માસ ૧ અંકે સેંકડે એક રૂ. ૧ એક પ્રમાણે જે થશે તે સુદ્ધાં હમારી માલ મિલકતથી તથા હમારી જાતથી હમારા વંશ વારસોથી તમારી જાહાં નજર પોહોંચે તહાંથી તમો રૂપીઆ પુરા કરી લેવા મુખત્યાર છો * *. દસ્તાવેજ રૂ. ૦—૨—૦ ના સ્ટાંપ ઉપર છે તથા નોંધણીનો લાગત બે આના લીધી છે.

આ દસ્તાવેજ વિષે રાવસાહેબ નોંધણી તપાસણીકામદાર પોતાની ઉપરની યાદી નંબર ૭૩૮ તા. ૨૮—૫—૯૦ માં અભિપ્રાય એવો આપ્યો છેકે આ ભાડા ચિઠીને પરિશિષ્ટ ૧ રકમ ૨૦ ની પેટા રકમ (ખ) પ્રમાણે સ્ટાંપ રૂ. ૦—૮—૦ નો તથા નોંધણીની લાગત હાલ દશપટ રકમ ઉપર આકારણી કરેછે તે પ્રમાણે રૂ. ૧ પડવી જોઇએ; વ્યાજનો જે કરાર છે તે અંગભૂત મજકુર સમજવામાં આવે છે.

ઠરાવ.

પ્રસ્તુતના પટામાં નિયમીત મુદત ઠરાવેલી નથી પરંતુ ભાડું ઠરાવેલું છે. તેથી એ પટાના દસ્તાવેજને સ્ટાંપનિબંધની પરિશિષ્ટ ૧ રકમ ૨૦ પેટા રકમ (ખ) લાગુ

થાય છે. માટે પટામાં ભાડાની દરવરસની રકમ રૂ. ૭૯ાા ઠરાવેલી છે તે ઉપર એ રકમ પ્રમાણે આઠ આનાનો સ્ટાંપ લગાડવો જોઇતો હતો. વખતે વખતે માગીશો ત્યારે ભાડું નું આપવામાં આવે તો વ્યાજ આપીશું એ પેટા કરાર અંગભૂત હોવાથી તે વિષે સ્ટાંપની લાગત લેવાનું કારણ નથી. (વળી જુઓ સ્ટાંપ નિબંધ ક. ૨૦). હાલના જેવા પટાને નોંધણીની લાગત શા પ્રમાણેથી લેવી એ વિષે ઠરાવ નોંધણીખાતામાંથી થવાનો માટે આ ઠરાવની નકલ તે ખાતા તરફ પણ મોકલવી.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓસાહેબની રૂબરૂ*

ફેસલ તારીખ ૨૭-૧૧-૯૦.

શા. મગનચંદ રવિચંદ મયતના નામથી વહીવટ ચલાવ-ણાર ચુનીલાલ મગનચંદ.	દસ્તાવેજ લખી લેનાર.
કોળી કલા બીજોલ રહેવાસી કોશા તાલુકે પાટણ.	દસ્તાવેજ લખી આપ-નાર.

(નવા સ્ટાંપ નિબંધ સંબધે નોંધણી ખાતા માટે થએલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

રૂ. ૩ ની પાવતી——કલમ ૩ રકમ ૮ —સ્ટાંપની માફી.

દસ્તાવેજમાં ઢોર ચરાઇના રૂપીઆ પોહોંચ્યા બાબત તથા બીજી બાબતો કથન કારક લખેલી હતી, ઠરાવ થયો કે આ લેખ પાવતીની વ્યાખ્યા (કલમ ૩ રકમ ૮)માં આવતો નથી. તથા સ્ટાંપની લાગતને પાત્ર છે એવા સ્વરૂપનો લેખ નથી તેથી લાગત જોઇએ નહીં.

હી. સ્ટાંપ બુ. રૂ નંબર ૧ સન ૧૮૮૯—૯૦ ફેસલ તા. ૧૮—૧૦—૮૯ નો વિચારમાં લીધો છે.

હકીકત.

આ કામ રા. પાટણ નોંધણીકામદારે મેહેરબાન કડી પ્રાંતના જજ્ય નોંધણી સરકામદારની મારફત યાદી નંબર ૬૭ તા. ૨૬—૮—૯૦ થી આ તરફ મોકલ્યું છે.

---

* હી. સ્ટાં. બુ. રજીસ્ટર નંબર ૩૧ સન ૧૮૯૦—૯૧.

(૧) પાનાંકે પૃષ્ઠ ૧ ઉપર જે ઠરાવ છે તે જુઓ.

ઉપર બતાવેલા પક્ષકારોના દરમિયાન સંવત ૧૯૪૬ ના વરખે પ્રથમ ભાદરવા વદી ૭ નો દસ્તાવેજ થયો છે. તેનો મુદ્દાનો મજકુર નીચે પ્રમાણે છે:—

"અમોએ તમારી ભેંસ નંગ ૧ વાને કાળી સીંગડે ફુલી સાજા સીંગડાવી સંવત ૧૯૪૪ના આશાઢ સુદિ ૩ ના રોજ ચારવા સારૂ તમારી પાસેથી રાખેલી તેના ચરાઇના તે ભેંસ વીયાએ ત્યાં સુધીના રૂ. ૩ અંકે ત્રણ ઠરાવેલા તેથી તે ચરાઇની રૂપીઆ તમારે ત્યાં અમારા ખાતામાં જમા કરાવી તે ભેંસ આજ દીને તમોને પાછી સોંપી છે. ઉપર લખેલા ચરાઇના રૂ. ૩ લીધા બાબત આ પાવતી લખી આપી છે. અમારે કબૂલ મંજૂર છે.

અત્રે મતુ. અત્રે સાખ.

કોળી કલા બીજેલનું મતુ દા. સાંડેસરા નાથાચંદ ખુસાલચંદ ધણીના કહેથી મતુ કર્યું છે. દા. પોતાના.

શા. ઉગરચંદ નાગરચંદની સાક્ષ દા. પોતાના. સાંડેસરા પીતાંબરદાસ હેમચંદની સાક્ષ દા. પોશા ભાઇચંદ રામચંદ ધણીના કહેવાથી લખી આપું છું દા. પોતાના"

આ દસ્તાવેજ રૂપીઆ ૦—૨—૦ના સ્ટાંપ ઉપર છે.

આ દસ્તાવેજ વિષે રા. નોંધણીકામદારને અભિપ્રાય ઉપરની યાદી નંબર ૬૦ તા. ૨૬—૮—૮૦માં એવો આપ્યો છે કે, "આગળ પાછળ ભેંસના સંબંધે વાંધો નહી ઉઠાવવા સારૂ મુનીલાલ મગનચંદે કોળી બીજલપાસેથી ચારવા સારૂ રાખેલી ભેંસ આજરોજ પાછી આપ્યાનો આ દસ્તાવેજ છે. ભેંસની કિંમત નમુદ કરેલી નથી તથા પાવતીની વ્યાખ્યા આ દસ્તાવેજને પણ લાગુ થતી નથી, તેથી આ દસ્તાવેજ મોઘમ જંગમનો ઇતર પ્રકારનો સમજી સ્ટાંપ રૂ ૦—૮—૦નો જોઇએ. અગર પાવતી સમજીએ તો રૂ ૦—૧—૦નો ચિકટનો સ્ટાંપ જોઇએ." મેહેરબાન સરકામદાર પોતાના શેરા નંબર ૩૩૭ તા ૬—૧૦—૯૦માં કાંઇ અભિપ્રાય આપતા નથી. તથા રા. નોંધણી કામદારે પોતાની ઉપરની યાદીમાં નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણી ખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ (ક) પ્રમાણે આ લખાણ કર્યું છે એવું લખ્યું નથી.

ઠરાવ.

દસ્તાવેજ જોતાં રૂ. ૩ ચરાઇના પોહોંચ્યા બાબતનો લેખ છે. એ પાવતીની વ્યાખ્યા સ્ટાંપનિબંધની કલમ ૩ની રકમ ૮ માં આપી છે તેમાં આવતો નથી, તથા

એંસ પાછી સોંપી છે એ વિગેરે વાતો કથન કારક છે માટે હાલનો લેખ સ્ટાંપનિબંધ પરિશિષ્ટ ૧માં લાગતિને પાત્ર છે એવા સ્વરૂપના લેખમાં ન આવ્યાથી તેને સ્ટાંપની લાગત જોઈએ નહીં. (સ્ટાંપનિબંધની કલમ ૫ તથા વ. કો. દી. શા સ્ટાંપ ખુલાસા રજીસ્ટર નંબર ૧).

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલે, જજ્જ, એઓસાહેબની રૂબરૂ*

ફેસલ તારીખ ૨૭ માહે નવેમ્બર સન ૧૮૯૦.

વોહરા ગુલામઅલ્લી સુત દુસિઅઅલ્લી વલદે વોહેરા તયબઅલ્લી ઇબ્રાહમજી, રેહેવાશી ઉંઝા.	દસ્તાવેજ લખીલેનાર.
ઠાકોર વસતુજી ભાલુજી તથા સુત સેંધાજી વલદ ઠાકોર ભલુજી જગતાજી તથા ચોથ રાં ગણેશ જોરા રેહેવાશી વાણાગણ.	દસ્તાવેજ લખીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધસંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

દસ્તાવેજના મજકુર ઉપરથી ઠરેલું સ્વરૂપ——ગીરોખત પરિશિષ્ટ ૧ રકમ ૯.

દસ્તાવેજના મજકુર ઉપરથી તથા સ્વરૂપ ઉપરથી તે ગીરોખત હોવાનું ઠરાવ્યું છે. (પરિશિષ્ટ ૧ રકમ ૯).

હકીકત.

આ કામ રા. સિદ્ધપુર નોંધણીકામદારે યાદી નંબર ૩૫ તા. ૨ આકટોબર સન ૧૮૯૦ થી મેહેરબાન કડી પ્રાંતના સરકામદાર મારફત આ તરફ નવાસ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ (ક) પ્રમાણે નિરણય થવા મોકલ્યું છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમિયાન સંવત ૧૯૪૬ ના જેઠવદી ૮ ના રોજ દસ્તાવેજ થયો છે તેમાં મુદ્દાનો મજકુર નિચે પ્રમાણે:—

---

*દી. સ્ટાં. ખુ. ર. નંબર ૩૫ સન ૧૮૯૦-૯૧.

" * * * * ખેતરનગ ૨ નામે અકુસા વાળા વીઘાં ૩॥ ના આશરે કુવા સુધી તથા ખેતર નામે ટેબાવાળું વીઘાં ૨॥ ના આશરે તે ઉપર રૂ. ૧૨૫ અંકે રૂપીઆ એક સો ને પંચીસ પુરા રોકડા શીકકાઇ પ્રાટણ ચલણના તમારાં ખાતા મધે જમે કર્યા છે. તે ઉપર લખેલાં ખેતર નગ ૨ તથા કુવાના ભાગ હ્યારાના સુધી તેનો ચતુરઘાટ * * *. ઉપર લખેલા ખેતર નગ ૨ તથા કુવાના ભાગ સુધી આપ્યું છે. તેનો કોઇ હરકત હેલો કરે તો ચોધરી ગણેશ જોરા ઘર ઘરાઉ પલાવે. એ ખેતર સરકારી છે ન્તે ખેતર વેચીએ તો રૂપીઆ ઉપર લખેલા નહીં ઉપજે ખુટે રહેતે ચોધરી ગણેશ જોરા ઘર ઘરાઉ આપે. એનાં હવધ વરશ ૫ અંકે વરસ પાંચ ની કરી છે એ ખેતરનો સરકારી વેરો આવે તે ખેતરના માથે છે. ભોમનો ઉજે આવે તે તમો તમારે લેવો. રૂપીઆનું વ્યાજ નહીં. * * *." આ દસ્તાવેજને સ્ટાંપ રૂપીઆ ૧ નો છે.

આ દસ્તાવેજ વિષે તા. નોંધણી કામદાર પોતાની ઉપલી યાદી નંબર ૩૫ તા. ૨-૧૦-૯૦ માં પોતાનો અભિપ્રાય આપે છે કે, દસ્તાવેજમાં અવધ વરસ ૫ ની કરી છે એવા શબ્દો લખ્યા છે. તેથી આશય ગિરોમાં થાય છે. મેહેરબાન સરકામદારે પોતાના શેરા નંબર ૩૮૮ તા. ૧૬-૧૦-૯૦ માં પોતાનો અભિપ્રાય કાંઇ આપેલો નથી.

ઠરાવ.

એકંદર દસ્તાવેજ ના મજકુર ઉપરથી તે ગીરો ખતના સ્વરૂપનો દસ્તાવેજ થાય છે, માટે તેમાં લખેલો મોબદલો રૂપીઆ ૧૨૫ છે તે ઉપર રૂ. ૧ નો સ્ટાંપ છે તે બરોબર છે. (સ્ટાંપ નિબંધ પરિશિષ્ટ ૧ રકમ ૯).

ટીપ—દસ્તાવેજમાં "રૂ. ૧૨૫ તમારા ખાતે જમે કર્યા છે" એ વાકયમાં " અમારા" બદલે "તમારા" શબ્દ પડયા હોય એમ સમજી તથા રૂ. ૧૨૫ ધનકોના ત્યાંહાં કરી આપનારનું ખાતુ હોય તેમાં જમા કરવાના હોય એમ સમજી તથા દસ્તાવેજના છેલ્લા ભાગનો મજકુર વિચારમાં લેઈ ઉપર પ્રમાણે ઠરાવ થયેલો છે એમ સમજવું.

--- * ---

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્જ, એઓ સાહેબની રૂબરૂ.*

ફેસલ તારીખ ૨૭ માહે નવેંબર સન ૧૮૯૦.

બાબુરાવ રામચંદ્ર જોશી, રેહેવાશી વડોદરા, ઠેકાણું વેણીરામભાઇના વાડા પાસે.	દસ્તાવેજ કરીલેનાર.
કુંભાર વીઠલ મોરાર, રેહેવાશી વડોદરા ઠેકાણું વેણીરામભાઇના વાડા પાસે.	દસ્તાવેજ કરી આપનાર.

(નવીન સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

ગીરોની રકમ આપવાની જવાબદારી સાથે મિલકતનું વેચાણખત—એને સ્ટાંપ—નિબંધની કલમ ૨૧—પરિશિષ્ટ ૧ રકમ ૨૯.

દસ્તાવેજમાં લખ્યું હતું કે, રૂ. ૩૦૧ માટે ઘર ગીરો આપવામાં આવેલું છે તેથી એ ગીરોની રકમ રૂ. ૩૦૧ મુળ ગીરવીરાખનારને આપવાની જવાબદારી ઘર વેચાણરાખનાર ઉપર કાયમ રાખી છે અને માલકી હક્ક બાબદ રૂ. ૨૫ લેઇ ઘરમાલકીહક્ક સાથે વેચાણ આપ્યું છે. દસ્તાવેજને સ્ટાંપ રૂ૦-૮-૦નો હતો. ઠરાવ થયો કે, એ દસ્તાવેજ નિબંધની કલમ ૨૧ માં આવે છે અને તેથી વેચાણનો મોબદલો કુલરકમ રૂ. ૩૨૬ નો સમજી એ રકમ રૂ. ૩૨૬ ઉપર પરિશિષ્ટ ૧ રકમ ૨૯ પ્રમાણે સ્ટાંપ રૂ ૮ નો લેવો જોઈએ.

હકીકત.

આ કામ નોંધણીખાતાના તપાસણીકામદાર એમણે જાવક નંબર ૬૮૨ તારીખ ૨૦ માહે મે સને ૧૮૯૦ થી નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે આ તરફ નિર્ણય થવા સારૂ મોકલ્યું છે. દસ્તાવેજની નકલ વડોદરા શેહેરની નોંધણીકચેરીમાં નોંધબુક નંબર ૧, વાલ્યુમ ૩૧, નંબર ૯૬, ઉપર થઇ દસ્તાવેજ પાછો અપાઇ ગયો છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમિયાન સંવત ૧૯૪૫ ના ભાદરવા વદી ૩ ને ગુરૂવાર, તા. ૧૨-૯-૮૯, ના રોજ દસ્તાવેજ થયો છે, તેમાં મુદ્દાનો મજકુર નીચે પ્રમાણેછે:—

" * * અમારૂં માલકી હક્કનું ઘર એક, ઠેકાણા મંજકુરમાં છે, તે ઘર રા. રામકૃષ્ણ દાજી ચીતળેને ગીરો રૂ. ૩૦૧ બાબાશાઇ ચલણી માટે આપેલું તે તેમણે ગીરો રાખેલું છે તે બદલનો દસ્તાવેજ રામકૃષ્ણ દાજી ચીતળેને લખી આપે

* ડી. સ્ટાં. ખુ. ૨. નંબર ૪૭ સન ૧૮૮૯-૯૦.

લો છે. ને તેમની ગીરોની મુદ્દત પૂરી થઇ ગઇ છે. તે ઘર અમો તમોને માલકી હક્ક સાથે વેચાણ આ દસ્તાવેજથી આપ્યું છે. તે ઘરના ખુટ નીચે લખ્યા પ્રમાણે * * * * *. એ રીતે ખુટ ચાર વચલું ઘર ઉપરનો ગીરો હક્ક રામકૃષ્ણ દાજી બીજાળેનો રૂ. ૩૦૧ નો કાયમ રાખીને માલકીહક્ક અમારો હતો તે રૂ. ૨૫ આબાશાઇ તમોએ અમોને આપ્યા તે લેઇ એ ઘર વેચાણ આપ્યું છે. ગીરોની રકમ ગાહાણદારને આપી છોડાવી લેવું ને માલકીહક્કથી વંશપરંપરા વાપર કરવો. તેમાં અમારી હરકત નથી. ને વેચાણ કરવું હોય તો તથા એ વિના બીજી જે સરતથી આપવું હશે તો તે આપવા વિગેરે બાબતમાં તમો મુખત્યાર છો. એ ઘર ઉપર અમારો કોઇ પ્રકારે માલકી હક્ક વિગેરે રાખ્યો નથી." દસ્તાવેજને સ્ટાંપ રૂ. ૦–૮–૦ નો છે.

આ દસ્તાવેજ વિષે રાવસાહેબ નોંધણીતપાસણીકામદાર એમણે ઉપરની યાદી નંબર ૯૮૨ તા. ૨૦–૫—૯૦માં અભિપ્રાય આપ્યો છે કે, સ્ટાંપનિબંધની કલમ ૨૧ પેરેગ્રાફ ૪ માં, એટલે, છેલા પેરેગ્રાફના ઉપરના પ્યારામાં એ દસ્તાવેજ આવે છે. તે પ્રમાણે રૂ. ૩૨૬ ઉપર વેચાણખત સમજી સ્ટાંપ રૂ. ૮, એટલે, વધારે રૂ. ૭–૮–૦નો જોઇએ. મેહેરબાન વડોદરા સિટી સરકામદારનો અભિપ્રાય શેરા નંબર ૩૩ તા. ૩૦—૧૦—૮૯નો નોંધણીકામદાર તરફ ગયો છે, તેમાં એવો અભિપ્રાય છે કે નોંધણીખાતાના શેરા નંબર ૩૬૦ તા. ૧૯–૭–૮૭ (૧) પ્રમાણે રૂ. ૦–૮–૦ ના સ્ટાંપ ઉપર જે દસ્તાવેજ થયો છે તે બરાબર છે તેથી નોંધવા લેવા હરકત નથી. મે. સરકામદાર સાહેબે ખુલાસો આપ્યો છે. તે આપવાને એમને અધિકાર છે કે શું એવો પ્રશ્ન તપાસણી કામદાર એમણે ઉઠાવેલો છે.

ઠરાવ.

દસ્તાવેજ સ્ટાંપનિબંધની કલમ ૨૧ માં આવે છે. માટે મુળ ગીરોરાખનારને આપવાની રકમ રૂપીઆ ૩૦૧ તથા પ્રસ્તુતના દસ્તાવેજથી આપેલી રકમ રૂપીઆ ૨૫ મળી રૂપીઆ ૩૨૬ નો વેચાણનો મોબદલો સમજી એ રકમ રૂ. ૩૨૬ ઉપર પરિશિષ્ટ ૧ રકમ ૨૯ પ્રમાણે સ્ટાંપ રૂપીઆ ૮ આઠનો લેવો જોયતો હતો.

---

(૧) નોંધણીખાતાનો શેરો નંબર ૩૬૦ તા. ૧૯—૭-૮૭ નો છે કે" દસ્તાવેજ જોતા તેમાંનો વિક્રીનો વેહેવાર રૂ. ૭૫ માટે થયો છે, એટલે હવે આ દસ્તાવેજમાંના કરારનો મોબદલો રૂ. ૭૫ ગણાય. માટે તેટલી રકમ ઉપર સ્ટાંપ તથા લાગત લેવી જોઇએ. બીજા માણસ તરફ મિલકત ગીરો રાખી છે તે બાબદનો દસ્તાવેજ જુદો દેખાય છે અને ગીરોના વેહેવાર સંબંધે તે દસ્તાવેજ ઉપર સ્ટાંપ તથા લાગત પડવાની છે." એ શેરો જુના સ્ટાંપનિબંધ પ્રમાણે છે અને નવા સ્ટાંપ નિબંધની કલમ ૨ તથા ૨૧ પ્રમાણે હવે એ ઉપયોગી નથી. પુ. છા.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફ્જસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓસાહેબની રૂબરૂ*

ફેસલ તારીખ ૨૮ માહે નવેમ્બર સન ૧૮૯૦.

અમીન ઝવેરભાઇ જેઠાભાઇ બીન કિશોરદાસ રેહેવાશી મોજે વસો.	દસ્તાવેજ લખીઆપનાર.

(નવીન સ્ટાંપનિબંધસંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

માલમિલકતસંબંધે ટ્રસ્ટ ડીડ (જૂમે)—એવા લેખમાટે સ્ટાંપની લાગતની માફી.

દત્તક લીધેલો છોકરો સગીર હોવાથી તે લાયક ઉમરનો થાય ત્યાંહાં સુધી સ્થાવર જંગમ મિલકત સંબંધે વહિવટ, દેખરેખ, અને ઉપભોગ કરવા માટે દત્તકલેનારે પોતાની હયાતીમાં ટ્રસ્ટી નિમ્યા વિષે લેખ કરેલો. એવા લેખને સ્ટાંપની લાગત જોઈએ કિંવા નહીં? ઠરાવ થયો કે, એ લેખ માટે અહીંના સ્ટાંપ નિબંધમાં ઠરાવ નથી. તથા નિબંધ પ્રમાણે જે દસ્તાવેજનો સમાવેશ પરિશિષ્ટ ૧ માં થાય છે તેટલાનેજ સ્ટાંપ જોઇએ (નિબંધનીકલમ ૫] અને તેમાં જેનો સમાવેશ થતો નથી તેને સ્ટાંપની જરૂર નથી. માટે એ લેખને સ્ટાંપની જરૂર નથી.

(૧)

હી. સ્ટાં. ખુ. ર. નંબર ૧ સન ૧૮૮૯–૯૦ ફેસલ તા. ૨૯–૧૦–૮૯ નો વિચારમાં લીધો છે.

હકીકત.

આ કામ રા. વસો નોંધણીકામદારે મેહેરબાન વડોદરા પ્રાંતના જજ્ય નોંધણી-સરકામદાર સાહેબ મારફ્ત યાદી નંબર ૨૭ તારીખ ૪ માહે આગષ્ટ સન ૧૮૯૦થી આ તરફ સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમે ૧૧ મુજબ નિર્ણય થવા માટે મોકલ્યું છે.

ઉપર લખેલા દસ્તાવેજ કરી આપનારે જે દસ્તાવેજ સંવત ૧૯૪૬ ના શ્રાવણ વદી ૨ વાર શની, તા. ૨ માહે આગષ્ટ સન ૧૮૯૦ ના દિવસે કરી આપ્યો છે તેનો મુદ્દાનો મજકુર નીચે પ્રમાણે છેઃ—

"અમીન ઝવેરભાઇ જેઠાભાઇ બીન કિશોરદાસ રેહેવાશી મોજે વસો, પરગણે પેટલાદ, ઉમર વર્ષ ૫૭, કસબ અમીનાતનો, જત. મારી તબીયત કાચલી રહે છે તેથી આ ક્ષણભંગુર દેહનો ભરોંસો નથી. મારે દીકરા કે દીકરીની પ્રજા નહીં હોવાથી સંવત ૧૯૪૪

* હી.સ્ટાં. ખુ. ર. નંબર ૧૬ સન ૧૮૯૦—૯૧. (૧)પછવાડે પૃષ્ઠ ૧ ઉપર.

ના આસો સુદી ૧૦ ના દિને સાવલીના દેસાઇ કાશીભાઈ ગોકળભાઇના દીકરા નામે ચુનીલાલને દત્તક લીધેલો છે, તેની ઉમર હાલ ૮ આઠ વરસની છે. તેમ મારી ઓરત નામે રૂખ્યાઇ હજી હયાત છે માટે સદરહુ ચુનીલાલ લાયક ઉમર (૨૧) વરસનો થાય ત્યાં સુધી મારી પશ્ચાયત દેખરેખ અને હું ભોગવતો એવી સ્થાવર જંગમમિલકતનો વહિવટ, દેખરેખ અને ઉપભોગ કરવાની મારી સ્ત્રી નામે રૂખ્યાઇ તથા મારા સાળા પિહેજનાં પટેલ નાથાભાઈ જેશંગભાઇ તથા સોજીત્રાના ગઢેલ શીવાભાઇ ઝવેરભાઈ એ ત્રણેને વ્યવસ્થા જોવા ટ્રસ્ટી નીમ્યા છે. માટે એ ત્રણે જણ જેમ હું હયાત હોત ને દત્તકદીકરા માટે જે લાભ સાચવત તેવા લાભ એ ત્રણે જાણાએ સાચવવાને હું નીમું છું. આ કરાર હું મારી રાજી ખુશીથી તથા અકલ હુંશીઆરીથી તથા સાવધપણાથી લખી આપ્યો છે તે મારે કબૂલ મંજૂર છે." સદરહુ દસ્તાવેજને રૂ. ૬ નો સ્ટાંપ છે.

સદરહુ દસ્તાવેજ વિષે રા. નોંધણીકામદારે પોતાની ઉપરની યાદી નંબર ૭ તા. ૪-૮-૯૦ માં એવો અભિપ્રાય આપ્યો છે કે " વહિવટનું ખત મોઘમ છે અને તેને રૂ. ૫ નો સ્ટાંપ બસ છે, તેમાં મિલકતની તપસીલની જરૂર નથી. આ દસ્તાવેજનું વહિવટનું ખતમાંનો મોબદલો લખવા સરખો પણ લખ્યો નહીં ગણી નોંધણીની લાગત રૂ. ૫, તથા લખીઆપનાર ને લખી લેનારની કબુલત લીધેલી છે. મેહેરબાન સરકામદાર સાહેબે પોતાના શેરા નંબર ૬૧ તા. ૨૦-૮-૯૦ માં એ વિષે કંઇ પણ અભિપ્રાય આપ્યો નથી.

ઠરાવ.

પ્રસ્તુતનો દસ્તાવેજ જોતાં એનો સમાવેશ બ્રિટિશ સ્ટાંપ આક્ટ સન ૧૮૭૯ નો તેનું પરિશિષ્ટ ૧, રકમ ૨૫ (કોઇ પણ માલમિલકતના અથવા માલમિલકત સંબંધી ટ્રસ્ટ (જુમ્મો)વિષે ઠરાવ, જ્યારે તે મૃત્યુપત્ર શિવાય બીજા લેખ ઉપરથી કર્યો હોય ત્યારે) માં જણાવેલા સ્વરૂપના લેખમાં કદાચ કરી શકાશે. પરંતુ એવા લેખને માટે અહીંના સ્ટાંપ નિબંધમાં ઠરાવ નથી. એ નિબંધ પ્રમાણે જે દસ્તાવેજનો સમાવેશ પેહેલા પરિશિષ્ટમાં થાય તેટલાનેજ માત્ર સ્ટાંપ જોઇએ. (જુઓ નિબંધની કલમ ૫), અને તેમાં જેનો સમાવેશ થતો નથી તેને સ્ટાંપની જરૂર નથી એવું આ કોરટે ઠરાવ્યું છે. (સ્ટાંપ ખુલાસા રજીસ્ટર નંબર ૧ સન ૧૮૮૯—૯૦, ફૈસલ

તારીખ ૨૯-૧૦-૮૯). માટે હાલના દસ્તાવેજને સ્ટાંપનિબંધ પ્રમાણે સ્ટાંપની જરૂર નથી. નોંધણીની લાગત હાલના લેખને શી લેવી એ વિષે નોંધણીખાતામાંથી ઠરાવ થવા આ ઠરાવની નકલ તે તરફ મોકલવી.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા૦બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓસાહેબની રૂબરૂ*

ફેસલતારીખ ૨૮ માહે નવેંબર સન ૧૮૯૦.

પરીખ વલભરામ ભગવાનદાસ ગુજરેલાના નામથી વહીવટ કરનાર પરીખ બાપુભાઇ વલભરામ રેહેવાશી પાટણ.	દસ્તાવેજ લખી લેનાર.
મંછારામ ભગવાનદાસના નામથી વહીવટ કરનાર મુળચંદ ખેમચંદ રેહેવાશી પાટણ.	દસ્તાવેજ લખી આપનાર.

(નવીનસ્ટાંપ નિબંધ સંબંધે નોંધણી ખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

હુકમનામા ઉપરના હક્કનું વેચાણ-એવા લેખને સ્ટાંપ-પરિશિષ્ટ ૧ રકમ ૧૮ તથા ૨૯. હુકમનામા ઉપરનો પોતાનો હક્ક બીજાના નામ ઉપર વેચાણ કરી આપવામાં આવે તો તે લેખને પરિશિષ્ટ ૧ રકમ ૧૮ લાગુ ન થતાં પરિશિષ્ટ ૧ રકમ ૨૯ લાગુ થશે એમ સમજવું (જુઓ.

(ડી. સ્ટાંપ ખુ. ૨. નંબર ૩૩ સન ૧૮૮૯—૯૦, ફેસલ તા. ૩-૯-૯૦).(૧)

હકીકત.

આ કામ નોંધણીખાતાના તપાસણીકામદાર એમણે જાવક નંબર ૬૬ તારીખ ૨૩ માહે આગસ્ટ સન ૧૮૯૦ થી આ તરફ સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ મુજબ નિર્ણય થવા મોકલ્યું છે. આ દસ્તાવેજની પાટણ નોંધણીકચેરીમાં નોંધબુક નંબર ૪, વાલ્યુમ ૧, પૈકી અનુક્રમ નંબર ૨૧૬ સન ૧૮૮૯-૯૦ ઉપર નકલ થઇ છે.

---

* ડી. સ્ટાં. ખુ. ર૭૯ર નંબર ૨૧ સન ૧૮૯૦-૯૧.

(૧) એ ઠરાવ આ પુસ્તકમાં પછવાડે પૃષ્ઠ ૫૪ ઉપર આપેલો છે તેને અનુસરી હાલનો ઠરાવ કરવામાં આવ્યો છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમિયાન સંવત ૧૯૪૬ ના કારતક વદી ૮ શનીવાર, તારીખ ૧૬ નવેંબર સન ૧૮૮૯, ને રોજ દસ્તાવેજ થયો છે. તેનો મુદ્દાનો મજકુર નિચે પ્રમાણે છેઃ—

" * * અમારે તથા તમારે સહીઆરાખાતે પાટણના રેહેનાર મુંજમદાર નારાયણરાય અમૃતરાય પાસે લેહેણું હતું તે બાબત સદરહુ નારાયણરાય ઉપર અમો તથા તમોએ સન ૧૮૮૭–૮૮ નંબર ૨ નો દાવો રૂ. ૪૬૪૧ નો કડી પ્રાંતના જજ્જ સાહેબની કોરટમાં કર્યો હતો તેનું ચઢતા વ્યાજે નારાયણરાય મજકુર ઉપર હુકમનામું થએલું તે હુકમનામાથી અમો તથા તમોએ દરખાસ્ત નંબર ૪ સન ૧૮૮૯–૯૦ ની જમીની કડીપ્રાંતના જજ્યસાહેબની કોરટમાં આપ્યાથી સદરહુ કોરટમાંથી સદરહુ નારાયણરાયની મિલકત જપ્ત કરવા સારૂ વારંટ દાવો તથા વ્યાજ તથા ખરચ સહ રૂપીઆ ૫૭૮૩–૬–૯ ના વારંટથી પ્રતિવાદીની મિલકત જપ્ત થઇ તે કામ ચાલતાના દરમિયાન અમે અમારા અરધાભાગ બદલ રૂ. ૧૮૦૦ અંકે અઢારસોં શિક્કાઇ માટે અમે તમારી પાસેથી લેઇ અમારો હક્ક સંબંધ અમે ઉઠાવી લેઇ તમોને આપ્યો છે. હવે સદર લખેલા પ્રતિવાદી ઉપર સદર નંબરની દરખાસ્તના કામમાં તથા સદર નંબરના હુકમનામા સંબંધે સરવ પ્રકારે તમો મુખ્ત્યાર છો કે, તમારી નજરમાં આવે તે પ્રમાણે કરી તમો વસુલ કરી લેજો. તેમાં અમારો કાંઇ પ્રકારનો દાવો નથી. * * *. દસ્તાવેજને રૂ. ૯ નો સ્ટાંપ છે.

આ દસ્તાવેજ વિષે રાવસાહેબ નોંધણી તપાસણીકામદારે પોતાની ઉપરની યાદી નંબર ૬૬ તા. ૨૩—૮—૯૦માં એવો અભિપ્રાય આપ્યો છે કે, એ વેચાણખતના સ્વરૂપનો દસ્તાવેજ થશે, કારણ હક્ક એ મિલકત છે અને તે વેચી છે અને એવા લેખને નવીન સ્ટાંપનિબંધ પરિશિષ્ટ ૧, કલમ ૨૯ પ્રમાણે રૂ. ૪૦ નો સ્ટાંપ લેવો જોઇએ, પરંતુ સ્ટાંપનિબંધ ઉપરથી સ્પષ્ટપણું થતું નથી.

ઠરાવ.

પ્રસ્તુતના દસ્તાવેજને સ્ટાંપનિબંધ પરિશિષ્ટ ૧ રકમ ૧૮ લાગુ ન થતાં રકમ ૨૯ લાગુ થાય છે. (જુઓ વ. કો. સ્ટાંપ ખુલાસા રજીષ્ટર નંબર ૩૩ ફેસલ તારીખ ૩–૯–૯૦). દસ્તાવેજમાં રૂ. ૧૮૦૦ માટે હક્ક લીધાનું લખ્યું છે તેથી તે ઉપર સ્ટાંપ રૂ. ૪૦ નો જોઇતો હતો. (સ્ટાંપ પરિશિષ્ટ ૧ કલમ ૨૯).

———

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓ સાહેબની રૂબરૂ*

ફેસલ તારીખ ૨૮ માહે નવેમ્બર સન ૧૮૯૦.

નાયક ગોવિંદ હેમચંદ રેહેવાશી વડનગર. દસ્તાવેજ કરી લેનાર.

બાઇ દુલભી નાયક હેમચંદ જગરૂપની વિધવા રેહેવાશી વડનગર. } દસ્તાવેજ કરી આપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

વ્યવસ્થાપત્ર અથવા બક્ષીસપત્ર—પરિશિષ્ટ ૧ રકમ ૨૪.

માએ પોતાની મિલકત એક છોકરાને સોંપી તેને માલીકઠરાવ્યો છે એવા મજકુરનો દસ્તાવેજ માએ તે એક દીકરાને હયાતીમાં લખી આપ્યો છે. ઠરાવ થયો કે, દસ્તાવેજના ઈબારત ઉપરથી તે વ્યવસ્થાપત્રમાં ન આવતાં બક્ષીસપત્રમાં આવે છે અને તેને સ્ટાંપ પરિશિષ્ટ ૧ રકમ ૨૪ પ્રમાણે જોઈએ.

હકીકત.

આ કામ નોંધણીખાતાના તપાસણીકામદાર એમણે જાવક નંબર ૫૬૦ તારીખ ૧૩ એપ્રિલ સન ૧૮૯૦ થી નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમ ની કલમ ૧૧ (ખ) મુજબ નિર્ણય થવા માટે આ તરફ મોકલ્યું છે. આ દસ્તાવેજની નકલ ખેરાળુ નોંધણીકચેરીમાં નોંધબુક નંબર ૧, વાલ્યુમ ૧૦, નંબર ૮૦ ઉપર થઇ છે અને દસ્તાવેજ નોંધી પાછો અપાઇ ગયો છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમિયાન સંવત ૧૯૪૬ મહાસુદ ૭ ના રોજ દસ્તાવેજ થયો છે. તેમાં મુદ્દાનો મજકુર નીચે પ્રમાણે છે:—

" * * મારી અવસ્થાઘણીજ બુજરૂક થવાથી આ દેહ ક્ષણભંગુર જાણી મારી પાછળ મારીમિલકતમાંતકરાર ન થવા માટે આ વીલપત્ર લખી આપું છું કે, મારે ચાર દીકરા છે તેમાં સૌથીમોટો હરીચંદ, તેનાથી નાનો નરસી, એનાથી નાનો જેચંદ, અને સૌથી નાનો

* દી. સ્ટાં. પુ. ૨૭૪૨ નંબર ૩૮ સન ૧૮૮૯-૯૦.

ગોવિંદ કે મારી આજસુધી ચાકરી તથા પાલણ પોષણ કરે જાય છે. બીજા કોઇ પણ છોકરા, મારી ઉમર વર્ષ ૭૦ ની થઇ, તેમાં ચાકરી કરતા નથી. એટલુંજ નહીં પણ પ્રથમથીજ એ છોકરાઓ ઉમર લાયક થયા કે જૂદા નીકળી મારૂં ખોરાક વિગેરે કંઇ પણ પોષાણ કર્યું નથી. ફક્ત મારો નાનો છોકરો, ગોવિંદ હેમચંદ, તે જ્યારથી ઉમર લાયક થયો ત્યારથી તેણે આજસુધી મારૂં પોષાણ પોતે જાત કમાણીથી કર્યું છે. મારી મિલકતમાંથી તેને કાંઇ પણ પોતાની જાત માટે ખર્ચ કર્યું નથી. પોતે હરેક મેહેનતથી મારી સંભાળ રાખી છે તેમ હાલ હું રહું છું તે ઘર દેવા પેટે અડાણેપટ તેના બાપના દખતનું નાયક પ્રેમચંદ અજરામરને ત્યાંહાં હતું તે પણ મારા દીકરા ગોવિંદે પોતે જાત કમાણીથી રૂ. ૩૩૨ રૂપીઆ ત્રણસેં બત્રીસ પુરા રોકડા સંવત ૧૯૪૬ ના પોસ સુદ ૨ ના રોજ આપી છોડાવ્યું છે, તેમાં સદર મારા દીકરા જૂદા નીકળેલા ત્રણે પૈકી કોઇએ કાંઇ ભાગ આપ્યો નથી, તેમ મારો ખાવીંદ ગુજર્યા તે વખત તેના પૂઠે ખર્ચખુટણ કારજ બદલ રૂ. ૧૧૯ એકસો ઓગણીસ નાયક જીવરામ સામચંદના ત્યાંહુંથી ઉપાડ કરી થયેલા તે પૈકી રૂ. ૭૩॥। પોણીચુમોતેરનો સોનાનો દોરો, નંગ ૧ આપતાં બાકી રૂ. ૪૫ા સવા પીસતાળીસ સદર મારા નાનાદીકરા ગોવિંદે પોતાની જાત કમાઇથી પૂરા કર્યા છે. તેથી હું મારી તમામ મિલકત નીચે પ્રમાણે તમામ તેને સોંપુ છું તેના તપસીલ * * * * *. ઘર ૧ કિંમત રૂપીઆ ૪૦૦ તથા રૂપાના તોડા નંગ ૨, કિંમત રૂપીઆ ૧૯ તથા હેમનું તેડીયું કિંમત રૂ. ૨૨ તથા હાંસડી સોનાની કિંમત રૂ. ૧૩ તથા પાદડીઆ સોનાના કીંમત રૂ ૨૭ તથા કલ્લાનો જોડો રૂપાનો કિંમત રૂ ૧૫ તથા તાંબાપીતળનાં વાસણ રૂ. ૧૩ તથા લાકડાની મંજુ કિંમત રૂ. ૮ * * *. ઉપર પ્રમાણે મિલકતો સદરહુ મારા નાના દીકરા ગોવિંદ હેમચંદને સોંપી માલીક ઠરાવું છું. તેમાં કોઇએ, એટલે મારા ત્રણ દીકરાએ, હરકત વિગેરે કરવી નહિ, કારણ એ દીકરાઓએ મારી ચાકરી પાલણપોષણ જરાપણ કર્યું નથી. આથી સદરહુ ગોવિંદને માલિક ઠરાવું છું, તે મારી હયાતીમાં તનદુરસ્તીથી લખી આપું છું. વળી મારા ચાર દીકરામાં જે હરીચંદ છે, તે ઓરમાઇ તથા બીજા ત્રણ મારા પેટના છે, તેમાં મારા બીજા બે દીકરા તથા એક ઓરમાઇ એ રીતે ત્રણે બીલકુલ ચાકરી તથા મારૂં પાલણ પોષણ વ તેના બાપ હેમચંદનું કારજ દેવું વિગેરે કંઇ પણ પેટે ભાગ આપ્યો નથી. ફક્ત ગોવિંદે મારૂં પોષાણ તથા દેવું કારજ કરેલું છે તેમ મારી હયાતી સુધી પોષાણ કરશે વ મારા પુઠે ખરચ ખુટણ પણ તે ગોવીંદનેજ કરવાનું છે, તેથી મારી આ તમામ મિલકત મારી મારા નાનાદીકરા ગોવીંદને રાજી ખુશીથી વ અકલ હુશીઆરીથી બીન કેફથી લખી આપું છું તે સહી છે. તેમાં બીજો કોઇ વાલી વારસનો દાવો નથી. * * ". દસ્તાવેજને સ્ટાંપ રૂ. ૪ નો છે.

આ દસ્તાવેજ વિષે રાવસાહેબ નોંધણી તપાસણીકામદાર એમણે પોતાની યાદી નંબર ૫૬૦ તા. ૧૩–૪–૯૦ માં અભિપ્રાય આપ્યો છે કે આ દસ્તાવેજ બક્षीस-

પત્ર છે. આપેલી મિલકતનો સરવાળો કરતાં રૂ. ૫૧૨ થાય છે તેથી સ્ટાંપ રૂ. ૧૨ નો જોઈએ એવો આ દસ્તાવેજ છે. ત્રણ છોકરાનો હકક વારસ તરીકે છતાં બાતલ કરી સર્વે મિલકત એક છોકરાને કબજે કરી આપી છે. એ દસ્તાવેજ વ્યવસ્થાપત્રની જે વ્યાખ્યા આપી છે તેમાં કોઈ પણ ભાગમાં આવતો નથી.

ઠરાવ.

દસ્તાવેજની ઇબારત ઉપરથી તે વ્યવસ્થાપત્રમાં ન આવતાં બક્ષીસપત્રમાં આવે છે. (સ્ટાંપ પરિશિષ્ટ ૧. રકમ ૨૪). માટે બક્ષીસ આપેલી મિલકતની કિંમત રૂ. ૫૧૨ ઉપર એ રકમ પ્રમાણે સ્ટાંપ રૂપીઆ બારનો જોઇતો હતો.

રાં. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓસાહેબની રૂબરૂ*.

તા. ૨૮ નવેંબર સન ૧૮૯૦.

ગોસ્વામી શ્રી વીઠલેશરાયજીમહારાજ, સંસ્થાન અમરેલી, તરફથી વહીવટકરનાર મેહતા સામળદાસ મોતીભાઇ રેહેવાશી અમરેલી.	દસ્તાવેજ કરી લેનાર.

સોની મુળજી કલા રેહેવાશી રાજથલી પરગણે અમરેલી. દસ્તાવેજ કરીઆપનાર.

(નવીન સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે.)

ખેતીકરનારાએ ઉપજ જે થાય તેનો ભાગ આપવા વિશેની એક સાલની કબૂલાત—એવી કબૂલાતને સ્ટાંપની માફી-પરિશિષ્ટ ૨ રકમ ૨ તથા ખતની વ્યાખ્યા, કલમ ૩, રકમ ૩ (ગ).

ખેતીકરનારાએ એક સાલમાટે કબૂલાત એવી લખીઆપી કે જમીન ખેડવા લીધી છે તેમાં વરસાદના પાણીની ઉપજમાંથી મારે બે ભાગ લેવાના છે તથા ત્રણ ભાગ જમીનના માલીકને આપવાના છે, તથા કુવાના પાણીના ઉપજમાંથી ત્રણ ભાગ મારે લેવાના છે તથા એક ભાગ માલીકને આપવાનો છે. એવી કબૂલાતને સ્ટાંપની જરૂર છે કે નહીં? એ પ્રશ્ને સંબંધે ઠરાવ થયો કે, એ કબૂલાતમાં વરસ એક કરતાં વધારે મુદત ઠરાવેલી નથી તથા તેમાં ભાડું અથવા સાંથ ઉધ્ધડ રકમથી ઠરાવેલી નથી તેથી પરિશિષ્ટ ૨ રકમ ૨ પ્રમાણે સ્ટાંપની જરૂર નથી. એવા પ્રસંગે

---

* દી. સ્ટાં. પુ. ૨. નંબર ૪૫ સને ૧૮૮૯-૯૦.

દસ્તાવેજ ખતની વ્યાખ્યા, કલમ ૩, રકમ ૩ (ગ) માં આવે છે કિંવા નથી એ જોવાનું પણ કારણ નથી. (નિ. કલમ ૫).

હકીકત.

આ કામ આજમ અમરેલી નોંધણીકામદારે મેહરબાન અમરેલી પ્રાંતના સરકામદાર મારફત યાદી નંબર ૨૭૩ તા. ૧૯ એપ્રેલ સન ૧૮૯૦ થી આ તરફ નિર્ણય થવા સારૂ મોકલ્યું છે. નિયમની કલમ લખી નથી.

ઉપર લખેલા પક્ષકારોના દરમિયાન સંવત ૧૯૪૬ ચૈત્ર વદી ૩૦ શનીવાર, તારીખ ૧૯ એપ્રેલ સન ૧૮૯૦, ના રોજે દસ્તાવેજ થયો છે, તેમાં મુદ્દાનો મજકુર નીચે પ્રમાણે લખ્યો છે:—

"* * * * આપના કબજાની જમીન રાજથલીની સીમની ખેડવા રાખી છે તેની ચતુઃસિમા * * * * (જમીન વિઘાં ૩૩૨) * *, ઉપર લખી જમીન મે ખેડવા આપના પાસેથી રાખી છે, તેના વરસાદના પાણીની ઉપજમાંથી બે ભાગ મારે લેવા છે, ને ત્રણ ભાગ આપને આપવા છે. અને કુવાના પાણીની ઉપજમાંથી ત્રણ ભાગ મારે લેવા છે ને એક ભાગ આપને રાજભાગનો આપવો છે. આપના પુછ્યા વિના વાઢ નાખવી નથી, પૂછી ઉપરી લેઇ જઇ વાઢ નાખવો છે. ખળું આપ કહો ત્યાંહાં કરવું છે. એક સાલનું આ ખેડુંખત છે. સંવત ૧૯૪૭ ના આખેર એટલે સંવત ૧૯૪૭ ના ફાગણ શુદ ૨ આપ ગમે તેને ખેડવા આપજો તેમાં મારે તકરાર કરવી નથી". આ દસ્તાવેજ રૂપીઆ ૫ ના સ્ટાંપ ઉપર થયેલો છે.

આ દસ્તાવેજ વિષે આજમ નોંધણીકામદારે પોતાની યાદી નંબર ૨૭૩ તા. ૧૯–૪–૯૦ માં પોતાનો ખાસ અભિપ્રાય આપેલો નથી. તથા નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતામાટે થયેલા નિયમની કલમ ૧૧ મુજબ લખાણ કર્યું છે એવું લખ્યું નથી. મહેરબાન સરકામદારે પોતાના શેરા નંબર ૭૧૩ તારીખ ૬-૫-૯૦ માં પોતાનો કંઇ ખાસ અભિપ્રાય આપેલો નથી. પરંતુ નોંધણીકામદાર પોતાની સદરહુ યાદીમાં લખે છે કે, માફીના પરિશિષ્ટની કલમ ૨ ના પેહેલા ભાગથી નિઃસંશય માફીમાં ગણવા જેવો આ કરાર એક વરસનો હોવાથી છે. પરંતુ આગલા ભાગ ઉપરથી જે દસ્તાવેજમાં રકમ લખેલી હોય તે બદલ તે માનવાનું છે કે કેમ એટલોજ સંશય આવેલો છે એવું લખે છે, તથા મેહેરબાન સરકામદાર સદરહુ પોતાની યાદીમાં લખે છે કે, હાલનો દસ્તાવેજ ખેડુએ જમીનના માલીકને રાજભાગ બાબત શું આપવું એ બદલનો છે. કોઇની પાસેથી ભાડે કિંવા સાંથે કિંવા ઉદ્ધડ રકમે અથવા બન્ને પ્રકારે ઉપભોગનેમાટે (સ્થાવરમિલકત) લેઇ તે બાબતનો લેખ કરી આપ્યો હોય તો કાયદાની વ્યાખ્યા પ્રમાણે તે કબૂલાત ગણાય છે. હાલના દસ્તાવેજમાં સાંથ અગર ઉધ્ધડ રકમ ઠરી નથી પણ જે ઉત્પન્ન થાય તેમાંથી ભાગ આપવાનો ઠરાવ છે.

એટલે કબૂલાતમાં તેનો સમાવેશ થાય છે કે સ્ટાંપનિબંધની કલમ ૩ ની રકમ ૩ ની નીશાની (ગ) પ્રમાણે ખત છે, એ બાબતનો ખુલાસો થએલો જણાતો નથી અને તે થવાની જરૂર છે. જો કબૂલાત ઠરે તો પછી એક સાલની છે, એટલે ગમે તેટલી રકમની હોય તો પણ સ્ટાંપનિબંધના માફી પરિશિષ્ટ ૨ ની રકમ ૨ માં આવે છે. એટલે સ્ટાંપસંબંધે જોવાનું નથી, અને ખત ઠરે તો ઉત્પન્નમાંથી ભાગ મળવાનો હોવાથી તેના મોબદલા માટે રકમ ઠરાવી શકવા આધાર નથી. આવા પ્રસંગે સ્ટાંપનિબંધની કલમ ૨૩ પ્રમાણે પક્ષકારોએ કરવાનું છે. તેની ખાત્રી માટે નોંધણીઅમલદારને તપાસ કરવાનું કારણ જણાતું નથી.

ઠરાવ.

પ્રસ્તુતનો દસ્તાવેજ કબૂલાતનો લેખ થાય છે અને એવી કબૂલાતમાં વરસ ૧ કરતાં વધારે મુદત ઠરાવેલી નહીં હોવાથી તથા તેમાં ભાડું અથવા સાંથ ઉદ્ધડ રકમથી ઠરાવેલી નહીં હોવાથી સ્ટાંપનિબંધ પરિશિષ્ટ ૨ કલમ ૨ હાલના દસ્તાવેજને લાગુ થાય છે. તેથી સ્ટાંપની લાગતની જરૂર નથી. હાલનો દસ્તાવેજ ખતની વ્યાખ્યામાં આવે છે કિંવા નથી એ જોવાનું કારણ નથી. (નિબંધની કલમ ૫).

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓસાહેબની રૂબરૂ*

ફેસલ તારીખ ૨૮ માહે નવેમ્બર સન ૧૮૯૦.

શા. રાજમલ સોભાગચંદ, ગામ પાટણ, હાલ સિદ્ધપુરના રેહેવાશી.	દસ્તાવેજ કરી આપનાર.
કાળીદાસ માણેકચંદ સિધ્ધપુરના રેહેવાશી.	દસ્તાવેજ કરી લેનાર.

(નવીન સ્ટાંપનિબંધની કલમ ૪૩ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

દુકાનની ભાડાચિઠ્ઠી ખાસ એક વરસની મુદતની—એવી ભાડાચિઠ્ઠીને સ્ટાંપ—પરિશિષ્ટ ૧ રકમ ૨૦ (ક) ક્યારા ૨.

દુકાનની ભાડાચિઠ્ઠીમાં ઠરાવ કે દરમાસનું ભાડું ચઢયા ચઢી આપવું ને માસ ૧૨ થાય ત્યારે દુકાન ખાલી કરાવો તો બીન તકરારથી ખાલી કરી સોંપવું. એ ભાડાચિઠ્ઠીના શબ્દ ઉપર

* ક્રી. રફા. પ્ર. ૧. નંબર ૪૭ સન ૧૮૯૦-૯૧.

થી ખાસ બરસ એકની મુદતની તે છે, તથા તે પછી દુકાનનો માલેક તેખાલી કરાવેલાંહાં સુધી ચાલનારી છે અને તેને સ્ટાંપ પરિશિષ્ટ ૧ રકમ ૨૦ (ક) પ્યારા ૨ પ્રમાણે જોઈએ.

(જુઓ, પ. મું. હા. રી. આં. પૃષ્ઠ ૯૨; ઈ. લા. રી. ૩ મુંબઈ, પૃષ્ઠ ૨૧, તથા ઈ. લા. રી. ૮ મુંબઇ, પૃષ્ઠ ૪૧૩; તથા ઇ. લા. રી. ૪ મદ્રાસ, પૃષ્ઠ ૩૮૧).

હકીકત.

આ કામ સિધ્ધપુર મુનસફે પોતાની કોર્ટમાં દીવાણી દાવામાં દસ્તાવેજ રજુ થયેલો તેને સ્ટાંપ જોઇએ કે નહીં તેનો નિર્ણય થવા સારૂ નિબંધની કલમ ૪૩ મુજબ મેહેરબાન કડી પ્રાંતના જડ્જ સાહેબ મારફત યાદી નંબર ૨૧૨ તારીખ ૮ માહે સપટેંબર સન ૧૮૯૦થી આ તરફ મોકલ્યું છે.

ઉપર લખેલા પક્ષકારોનાં દરમિયાન સંવત ૧૯૪૫ ના શ્રાવણવદી ૬ વાર શુકરને દિવસે દસ્તાવેજ થયો છે. તેનો મુદ્દાનો મજકુર નીચે પ્રમાણે છે:—

"તમારી (દસ્તાવેજ લખીલેનારની) દુકાન નંગ ૧ પસવાદ્દલની પોલની, શેઠ. અનોપચંદ પરસોતમના જોડની અમોએ ભાડે રાખી છે. તેના ભાડાના માસ ૧૨ ના રૂ. ૮ અંકે રૂપીઆ આઠ માસ ૧૨ ના કર્યા છે. તે માસ ૧ રૂ. ૦–૮–૦, દોકડા ૧૬॥૩ માસ ૧ ચઢાચઢી બીન તકરારથી આપવા કર્યા છે. તે માસ ૧૨ થાય ત્યારે બીન તકરારથી તમો ખાલી કરાવો તો કરી સોંપીએ. ઉપર લખ્યું તે સહી. ઉપર લખ્યું તે અકલ હુશીઆરીથી તથા તનદુરૂસ્તીથી લખી આપ્યું છે તે અમારે વકીલ વારસને કબૂલ મંજૂર છે. ઉપર લખ્યા પ્રમાણે સહી. લી. શા. રાજમલ સોભાગચંદના સહી. ઉપર લખ્યું તે સહી. દા. પોતાના * * *." સદરહુ દસ્તાવેજ સાદા કાગળ ઉપર છે.

સદરહુ દસ્તાવેજ વિષે મુનસફે પોતાની યાદી નંબર ૨૧૨ તા. ૮–૯–૯૦ માં એવો અભિપ્રાય આપ્યો છે કે, અરજદારે સ્ટાંપની માફી હોવાને જે આધાર બતાવ્યો છે તે (સ્ટાંપનિબંધ સમજુતીના ટીપણમાં માફીની કલમ ૪) તથા નિબંધના પરિશિષ્ટ ૨ ની કલમ ૨ એ વાંચી જોતાં તેમાં જે દસ્તાવેજને સ્ટાંપની માફી કરી છે તે દસ્તાવેજ ખેડવાસારૂ જમીન સાંથે અથવા ભાડે આપવા બદલની છે. તેમાં દુકાનનો કિંવા ઘરનો સમાવેશ થશે એમ લાગતું નથી. અરજદાર સ્ટાંપ લગાવી આપવા નાકબૂલ છે. સારાંષ રજુ થયેલી ભાડાચિઠ્ઠીને સ્ટાંપ જોઇએ એવો હમારો મત છે. માટે હાલના દસ્તાવેજને સ્ટાંપની જરૂર છે કે નહીં તેનો ખુલાસો આવશે.

ઠરાવ.

પ્રસ્તુતના ભાડાચિઠ્ઠીને સ્ટાંપનિબંધ પરિશિષ્ટ ૨, રકમ ૨ કોઇપણ પ્રકારે લાગુ થતી નથી. કારણ ખેતીકરનારે આપેલી કબૂલાત નથી. એ ભાડાચિઠ્ઠીમાં "મારે

બાર થાય ત્યારે બીનતકરારથી તમે ખાલી કરાવો તો કરી સોંપીએ" એ શબ્દ લખ્યા છે. એ ઉપરથી એ ભાડાચિઠીની મુદત વરસ ૧ ની ખાસ છે તથા તે પછી દુકાનનો માલિક તે ખાલી કરાવે ત્યાહાં સુધી ચાલનારી છે. માટે દસ્તાવેજના શબ્દ ઉપરથી સ્ટાંપનિબંધના કારણ માટે સદરહુ ભાડાચિઠી એકવરસની મુદતની માનવી જોઇએ, તેથી તેનો સમાવેશ સ્ટાંપનિબંધ, પરિશિષ્ટ ૧, રકમ ૨૦ (ક) પ્યારા રૂ માં થાય છે. (જુઓ, ૫ મુંબઇ હાયકોર્ટ, રૂ.પૃષ્ઠ ૯૨, આપીલ શાખા તથા• મુંબઇ ઇં. લૉ. રિપોર્ટ વાલ્યુમ ૩, પૃષ્ઠ ૨૧ તથા મુંબઇ ઇં. લૉ રિપોર્ટ, વાલ્યુમ ૮, પૃષ્ઠ.૧૩; તથા ૪ મદ્રાસ ઇં. લૉ રિપોર્ટ, પૃષ્ઠ ૩૮૧, ઉપરના ઠરાવ જુઓ). માટે એ રકમ પ્રમાણે વરસ ૧ એકની રકમ રૂપીઆ ૮ છે તે ઉપર સ્ટાંપ રૂ. ૦–૨–૦ નો જોઇએ.

ભાડાચિઠી સાદાકાગળ ઉપર છે, માટે આ ઠરાવનો અમલ સ્ટાંપનિબંધ પ્રમાણે મુનસફ કોર્ટે કરવો.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા.બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓસાહેબની રૂબરૂ*

ફેસલતારીખ ૨૯ માહે નવેંબર સન ૧૮૯૦.

દશાઈ દામોદર લાલભાઇ રેહેવાશી પેટલાદ. દસ્તાવેજ કરીલેનાર.

પા. મથુરભાઇ મલાભાઇ રેહેવાશી બાંધાણી. દસ્તાવેજ કરીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધની કલમ ૪૩ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

બીજાને માટે રકમ આપવાની કબુલતની ચિઠ્ઠી—એવી કબુલત ઉપર લખનારનું લખીતંગ હોય તથા કરી આપનારની સહી બીજાએ કરી હોય તો એવી કબુલતનો સમાવેશ કબુલતમાં અથવા ખતમાં અથવા કરારની યાદીમાં કરવો તે વિષે—એવી કબુલત ચિઠ્ઠીને સ્ટાંપ–પરિશિષ્ટ ૧ રકમ ૪ તથા ૬ (ખ).

કોઈ સખસનાવતી રકમ આપવાનું કબૂલ કર્યા વિષે દસ્તાવેજ લખી આપ્યો છે. જેણે દસ્તાવેજ લખ્યો તેની તે ઉપર સહી છે. પછી તેના નીચે દસ્તાવેજ કરી આપનારની સહી (મત) બીજાએ કરીછે. દસ્તાવેજનું સ્વરૂપ શું માનવું તથા તેને સ્ટાંપની લાગત શી પડશે એ બાબત ઠરાવ થયો કે, (૧) એ દસ્તાવેજ "કબુલત "(પરિશિષ્ટ ૧ રકમ ૪)માં જે પ્રકાર કહયા છે તેમાં આવતો

---

* દી. સ્ટાં. મુ. ૨૭૭૪૨ નંબર ૨૨ સન ૧૮૯૦-૯૧.

નથી; તથા (૨) ખતની વ્યાખ્યામાં આવતો નથી. કારણ કરી આપનારનું મતુ બીજાએ કરેલું છે તે સખસે કરેલી સહી સાક્ષી તરીકે કરી છે એવું માનવાને કારણ નથી; (૩) દસ્તાવેજ કરાર કિંવા કરારની યાદીમાં આવે છે અને તેને સ્ટાંપ પરિશિષ્ટ ૧, રકમ ૬ (ખ) પ્રમાણે રૂ ૦-૮-૦ નો જોઇએ."

જુઓ, ઇં. લા. રી. ૧૪ મુંબઈ પૃષ્ઠ ૫૧૧; તથા મું. હા. છા. ઠરાવ સન ૧૮૮૪ પૃ ૩૧૮ ફેસલ તારીખ ૨૪-૧૨-૮૪.

હકીકત.

આ કામ આજમ પેટલાદ મુનસફ એમણે પોતાની કોર્ટમાં મુકદમા નંબર ૧૪૨૬ સન ૧૮૮૯ ના કામમાં રજુ થયેલી કબુલતચિઠીને સ્ટાંપ જોઇએ કે નહીં એનો ફેસલો થવા મેહેરબાન વડોદરાપ્રાંતના જજ્ય મારફત યાદી નંબર ૧૭૫ તારીખ ૨૨ આગષ્ટ સન ૧૮૯૦ થી આ તરફ મોકલ્યું છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમિયાન સંવત ૧૯૪૬ના પોસ વદી ૩ ના રોજ કબુલતચીઠી થઇ છે તેમાં મજકુર નિચે પ્રમાણે છે:—

" * * * જત પટેલ જીવાભાઇ કિશોરભાઇના ઉપર ગામ પેટલાદના શા. જેઠાભાઇ ભગવાનદાસે જપ્તીની દરખાસ્ત કરેલી તેથી તેહને જગ્યા મિલકત જપ્તી કરવા આવેલા તે વખતે પટેલ જીવાભાઇ કિશોરની વત્તી રૂ. ૨૦ અંકે વીસ અમોએ તમોને આપવા કબૂલ્યા છે તે અમો તમોને ઘર ઘરેઉ આપીશું. સંવત ૧૯૪૬ ના પોષ વદી ૩.

દા. પા. બાબરભાઇ પુંજાભાઇ ધણીના કહ્યાથી આ ચિઠી લખી છે.
૧ પા. મથુરભાઇ ગલાભાઇ સહી. દા. પા. લલુ ભગવાનદાસ"

આ કબૂલતુ સાદા કાગળ ઉપર છે.

આ દસ્તાવેજ વિષે આજમ મુનસફ પોતાની ઉપલી યાદી નંબર ૧૭૫ તા. ૨૨-૮-૯૦ માં પોતાનો અભિપ્રાય તથા વાદી (દસ્તાવેજ લખીલેનાર) નું કેહવું એવું બતાવે છે કે, સદર કામમાં દાવાવાળી કબુલત કહીને જે કાગળ રૂજુ થયો છે તેને સ્ટાંપઆક્ટની પરિશિષ્ટ ૧, રકમ ૪ પ્રમાણે સ્ટાંપ જોઇએ નહીં, એમ વાદી કહે છે. તે તેનું કહેવું અમને બરોબર લાગતું નથી. અમારો અભિપ્રાય સ્ટાંપઆક્ટની પરિશિષ્ટ ૧, રકમ ૮ પ્રમાણે સ્ટાંપ જોઇએ. એવી રીતે અભિપ્રાય આપે છે. મેહેરબાન જજ્ય સાહેબ એમણે પોતાના શેરા નંબર ૪૪૧ તા. ૩૦-૮-૯૦ માં અભિપ્રાય આપેલો નથી, પ્રકરણ આ તરફ મોકલ્યું છે. તથા આજમ મુનસફ એમણે સ્ટાંપનિબંધની કલમ ૪૩ પ્રમાણે ખુલાસો થવા પ્રકરણ મોકલ્યું છે એવું લખ્યું નથી.

ઠરાવ.

હાલનો દસ્તાવેજ સ્ટાંપનિબંધ પરિશિષ્ટ ૧, રકમ ૪ માં કબુલાત વિષે જે પ્રકાર કહ્યો છે તે પ્રમાણે નહીં હોવાથી એ રકમમાં આવતો નથી. હવે એ દસ્તાવેજ ખત અથવા કરાર કિંવા કરારની યાદીમાં આવે છે કિંવા નથી એ જોવાનું રહે છે. દસ્તાવેજ જેણે લખ્યો તેની પ્રથમ સહી છે, પછી તેના નિચે દસ્તાવેજ કરી આપનારની બીજીએ સહી કરેલી છે. દસ્તાવેજલખનારે લખીતંગની સહી કરી છે, તથા તે કરી આપનારનું મતું બીજાએ કર્યું છે તે સખસે ફરેલી સહી, સાક્ષી તરીકે કરી છે એવું માનવાને કાંઈ કારણ નથી. (મુંબઇ ઈં. લા. રી. વાલ્યુમ ૧૪ પૃષ્ઠ ૫૧૧). માટે દસ્તાવેજ ખતની વ્યાખ્યામાં આવતો નથી. કરાર કિંવા કરારની યાદીમાં આવે છે તેથી પરિશિષ્ટ ૧ રકમ ૬ (ખ) પ્રમાણે રૂ. ૦–૮–૦ નો સ્ટાંપ જોઇએ. (મુ. છા. ઠરાવ સન ૧૮૮૪ પૃષ્ઠ ૩૧૮, ફેસલ તારીખ ૨૪ –૧૨–૮૪).

દસ્તાવેજ સાદા કાગળ ઉપર થયો છે તેથી ઉપરના ઠરાવનો અમલ નિબંધ પ્રમાણે મુનસફ કોરટે કરવો.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓસાહેબની રૂબરૂ*

ફેસલ તારીખ ૨૯ માહે નવેમ્બર સન ૧૮૯૦.

શા. ખેમચંદ બેહચરદાસ રેહેવાશી પાટણ. દસ્તાવેજ કરી લેનાર.

કોળી ઇજાજી જેસજી તથા કોળી માલાજી ઇજાજી તથા કોળી આલાજી ઇજાજી રહેવાશી ગલોલી વાસણા મગણે પાટણ. } દસ્તાવેજ કરી આપનાર.

(નવીન સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

ખેતીકરનારાએ ઉપજનો ભાગ આપવા વિશે કરી આપેલી કબૂલાત વરસ ૩ ની—પરિશિષ્ટ ૧ રકમ ૩૦ તથા નિબંધની કલમ ૨૩—સ્ટાંપની લાગત નક્કી કરવા સંબંધે નિયમ–પરિશિષ્ટ ૨ રકમ ૨.

ખેતી કરનારાએ ત્રણસાલી કબૂલાત એવી લખી આપી કે, જમીન ખેડવા લીધી છે તેનો ઠરાવ એવો કે, વીઘોટીના રૂપીઆ અર્ધભાગે અમારે ભરવા તથા અર્ધભાગે મુળમાલિકે ભરવા,

---

* ડી. સ્ટાં. ખુ. રજીસ્ટર નંબર ૨૫ સન ૧૮૯૦–૯૧. આ ઠરાવ વડોદરા વત્સલમાં તારીખ ૧૪-૬-૯૧ ના રોજ પૃષ્ઠ ૭ ઉપર છપાયલો છે તથા આજ્ઞાપત્રિકામાં તા. ૪-૬-૯૧ ના રોજ પૃષ્ઠ ૯૧-૯૨ ઉપર પ્રસિદ્ધ થયેલો છે.

તથા ઉપજ નિપંજ જે આવે તે સર્વેમાં તમારે હમારે અરધો અરધ ભાગ છે. એ કબૂલાતમાં ઉપજના અર્ધ ભાગના અજમાસની રકમ તથા સરકાર વિઘોટીની અર્ધ ભાગની રકમ ઠરાવેલી નથી. માટે સ્ટાંપની લાગત શી રીતે નકકી કરવી તથા એ દસ્તાવેજને સ્ટાંપની લાગત જોઇએ કે નહીં ? ઠરાવ થયો કે, હાલના દસ્તાવેજમાં અર્ધ ભાગની ઉપજની અજમાસી રકમ તથા સરકારી વિઘોટીના અર્ધ ભાગની રકમ મળીને કુલ રકમ દરવરસની ૧૦૦ કરતા વધારે ન થતી હોય તો ગમે તેટલી મુદતની કબૂલાત હોય તોપણ તે સ્ટાંપનિબંધ પરિશિષ્ટ ૨ રકમ ૨ માં આવી શકે છે અને તે પ્રમાણે સ્ટાંપની જરૂર નથી. (દી. સ્ટાં. ખુ. ર. નંબર ૬ સન ૧૮૮૯-૯૦ ફેસલ તારીખ ૧૭-૩-૯૦) અને જો એ રકમ રૂ, ૧૦૦ કરતાં વધારે નકકી થાય તો પરિશિષ્ટ ૧ રકમ ૨૦ (ક) પ્રમાણે ૨ લાગુ થઈ એક સાલની સરાસરી રકમ જે થાય તે રકમ બાબતના ખતને (નંબર ૮ જેટલી લાગત પડે છે. તેટલી) પડવાની છે, અને દસ્તાવેજને જે સ્ટાંપ લગાડવામાં આવશે તે બાબત નિબંધની કલમ ૨૩ લાગુ થવાની છે.

હકીકત.

આ કામ રા. નડાવળી નોંધણીકામદારે જાવક નંબર ૪૭ તારીખ ૩ સપટેંબર સન ૧૮૯૦ થી મેહેરબાન કડીપ્રાંતના નોંધણીસરકામદાર મારફત નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ (ક) મુજબ આ તરફથી ફેસલો થવા માટે પ્રકરણ મોકલ્યું છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમિયાન સંવત ૧૯૪૬ જેઠ વદી ૧૩ રવીવારના રોજ દસ્તાવેજ થયો છે તેમાં મુદ્દાનો મજકુર નિચે પ્રમાણે છે:—

“ * * * * અમારા ખેતરા ૪ ગામ ગલોલી વાસણાની સીમમાં છે તે ખેતરો પ્રથમ તમારે ત્યાંહાં કબજા સાથે આડાણે મુકેલાં છે ને એ બાબતનો સ્ટાંપ ઉપર લેખ લખી આપ્યો છે. તે કાયમ રાખી તેજ ખેતરો અમો તમારી પાસેથી વાવેતર કરવા સારૂ રાખ્યા છે. તે ખેતરોની સરવે બીજવાર સુદ્ધા મેહેનત તથા ખરખરા જાત અમારા માથે રાખી છે, ને વીઘોટીના રૂપીઆ મધે અરધા અમારે ભરવા ને અરધા તમારે ભરવા, ને ખેતરોમાં જે દાણા તથા સરસવ એરંડા તથા તલ રૂ, ઘાસ, વિગેરે જે નીપજે તે સરવે તમારે હમારે અરધોઅરધ છે. તમારો અરધ ભાગનો માલ ચુકતે વઇશાખ શુદ ૩ સુધી પોહોંચાડી દઇશું. તે પ્રમાણે ન પોહોંચાડીએ તો સંવત ૧૯૪૭ ના વૈશાખ શુદ ૩ ના રોજ ખેતર પાછું સોંપી દઇશું. ને પોહોંચાડીએ તો આ ભાડાચિઠી સાલ દરસાલ સદર કરાર મુજબ ચાલુ છે. આ ગણોતની આવધ વરસ ૩ ત્રણની કરી છે તે પ્રમાણે અમારે ચાલવું * * * * ” આ દસ્તાવેજ સ્ટાંપ રૂપીઆ ૦-૮-૦ ઉપર છે.

આ દસ્તાવેજ વિષે રા. નોંધણીકામદાર પોતાની યાદી નંબર ૪૦ તારીખ ૩-૯-૯૦ માં પોતાનો અભિપ્રાય એવો આપે છે કે, આ દસ્તાવેજને સ્ટાંપની જરૂર નથી, કારણ સ્ટાંપ નિબંધના પરિશિષ્ટ ૨ ની રકમ ૨ માં વારસીક ભાડું અથવા સાંથ

૧૦૦ રૂપીઆથી અધિક ન હોય અને તે પટ્ટામાં કિંવા કબૂલાતમાં ઉચ્ચ્ડ રકમ કઇ ઠરાવેલી ન હોય ત્યારે "સ્ટાંપની માફી છે, તો આ દસ્તાવેજમાં લખીલેનારને વાર્ષિક ઉપજ મળવી અશક્ય છે. તેમ સરકારધારો લખીલેનારે સરકારમાં ભરવાનો કરાર છે તે દસ્તાવેજનો અંગભૂત કરાર છે તેથી તેને સ્ટાંપની જરૂર નથી. પણ એ વિષે સંશય છે. તથા આં દસ્તાવેજમાં "; અમારાં ખેતરાં ૪ ગામગલોલી વાસણાની સીમમાં છે. તે ખેતરો પ્રથમ તમારે ત્યાંહાં કબજા સાથે અડાણાં મુકેલાં છે ને એ બાબતનો સ્ટાંપ ઉપર લેખ લખી આપ્યો છે તે કાયમ રાખી તેજ ખેતર અમોએ તમારીપાસેથી ખેડવા સારૂ રાખ્યાં છે " એહવો ઉલ્લેખ છે. તે દસ્તાવેજ રો.નં. ૧ તારીખ ૨૫–૮–૯૦ ના રોજ દાખલ થયેલો મંજૂર થયેલો છે.

ઠરાવ.

પ્રસ્તુતનો દસ્તાવેજ કબૂલાતના લેખમાં આવે છે અને તે કબૂલાત ખેતી કરનારે આપેલી છે. એ કબૂલાતમાં ઉચ્ચ્ડ રકમ એટલે ઉચક રકમ કાંઇ ઠરાવેલી નથી, પરંતુ દર વરસે ઉપજનો અરધ ભાગ આપવાનું ઠરાવ્યું છે. તેની અજમાસે રકમ કેટલી તે લખી નથી, તથા સરકારધીધોટીનો અરધ ભાગ ગીરોરાખનાર સાવકારે આપવાનું જે ઠરાવ્યુ છે તેની અરધભાગની રકમ મળીને કુલ રકમ કેટલી તે દસ્તાવેજમાં લખી નથી; માત્ર મુદ્દત વરસ ૩ ત્રણની કરી છે. જો એ રકમ દરવરસની ૧૦૦ રૂપીઆ કરતાં વધારે ન હોય તો ગમે તેટલી મુદતની કબૂલાત હોય તોપણ સ્ટાંપનિબંધ પરિશિષ્ટ ૨ રકમ ૨ માં આવી શકે છે, અને તેથી તેને સ્ટાંપની જરૂર નથી એવું આ કોરટે ઠરાવ્યું છે. (વ. કો. દી. સ્ટાં. પુ. ૨. નંબર ૬ સન ૧૮૮૯–૯૦ ફૈસલ તારીખ ૧૭–૩–૯૦).(૧) માટે પ્રસ્તુતના દસ્તાવેજની દર વરસે અરધ ભાગની આપવાની અજમાસી રકમ તથા અરધ ભાગની ગીરો રાખનારે આપવાની સરકારવીઘોટીની રકમ કેટલી થાય છે તે વિષે રૂજુ કરનાર પાસેથા નોંધણીકામદારે લખી લેવું. જો તે રકમ રૂ. ૧૦૦ કરતાં વધારે ન હોય તો દસ્તાવેજને સ્ટાંપનિબંધ પરિશિષ્ટ ૨, રકમ ૨ પ્રમાણે સ્ટાંપની જરૂર નથી એમ સમજવું. પરંતુ એવી રકમ સો રૂપીઆ કરતાં વધારે રજુ કરનાર પક્ષકાર લખી આપે તો પછી સ્ટાંપનિબંધ પરિશિષ્ટ ૧, રકમ ૨૦ (ક) નો પેરેગ્રાફ ૨ નો લાગુ થઇ એક સાલની સરાસરી રકમ જે થાય તે રકમ બાબતના ખતને (નંબર ૮) જેટલી લાગત પડે છે તેટલી પડવાની છે અને દસ્તાવેજને જે સ્ટાંપ લગાડવામાં આવશે તે બાબત નિબંધની કલમ ૨૩ લાગુ થવાની છે.

હાલનો દસ્તાવેજ રૂ. ૦—૮—૦ ના સ્ટાંપ ઉપર છે અને ઉપરના ઠરાવ પ્રમાણે પક્ષકાર જે રકમ લખી આપે તે ઉપરથી દસ્તાવેજને પરિશિષ્ટ ૧, રકમ ૨૦ પ્રમાણે

(૧) આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૧૭ ઉપર છાપેલો છે.

સ્ટાંપની લાગત વધારે પડશે એવું નોંધણીકામદારને લાગે તો સ્ટાંપનિબંધ પ્રમાણે તથા આ ઠરાવ પ્રમાણે દસ્તાવેજ અટકાવી સુબા તરફ મોકલવો."

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓસાહેબની રૂબરૂ.*

તા. ૪ ડીસેંબર સન ૧૮૯૦.

શા. જીવણ દેવાજી રેહેવાશી બારડોલી. દસ્તાવેજ કરી લેનાર.

પારેખ. અમેદાસ દુલભ રેહેવાશી અસ્તાન તાલુકે પલસાણા. } દસ્તાવેજ લખી આપનાર.

(નવીન સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

ઉભાપાક વેચાણના દસ્તાવેજને સ્ટાંપની લાગત—વેચાણની રકમમાં સરકારધારાની રકમ ગણવા વિષે—ધારાની રકમ ભરવા વિષેનો કરાર ભિન્ન બાબત માનવી કે નહીં—સ્ટાંપનિબંધ કલમ ૨૧ તથા ૭.

ઉભાપાક ઉપરનું તમામ સ્વામિત્વ વેચાણ આપ્યા વિષેના દસ્તાવેજને સ્ટાંપની લાગત વેચાણ ખત પ્રમાણે પડશે. (જુઓ. દી. સ્ટાં. ખુ. ૨. નંબર. ૫૪ તથા ૪૮ ફેસલ તા. ૧૮-૧૦-૯૦). (૧)

ઉભોપાક રૂ. ૫૪૯ માટે વેચાણ આપ્યો છે તથા વધારે કરાર એવો કરેલો કે વેચાણની રકમ ઉપરાંત જમીનના સરકારી ધારાની રકમ રૂ. ૧૭૭ ૪-૯ વેચાણરાખનારે આપવી. એવા પ્રસંગે વેચાણખતનો મોબદલો ધારાની આપવાની રકમ સુદ્ધાંતનો એટલે રૂ. ૭૨૬-૪-૯ નો નિબંધની કલમ ૨૧ પ્રમાણે સમજવો. કારણ ઉભાપાક ઉપરનું સ્વામિત્વ તેને મળેલું છે. તથા ધારો ભરવાની જવાબદારી જમીનના માલેક ઉપરની કાઢી લેઇ વેચાણરાખનાર ઉપર નાખી છે. ધારાની રકમ ભરવા સંબંધે કરાર સ્ટાંપ નિબંધની કલમ ૭ પ્રમાણે ભિન્ન ભિન્ન બાબતનો નહીં છતાં વેચાણના વ્યવહાર સંબંધે એકજ બાબતનો કરાર છે એમ સમજવું.

હકીકત.

આ કામ નોંધણીખાતાના તપાસણી કામદાર એમણે જાવક નંબર ૧૦૩૨ તારીખ ૩૧ માહે જુલાઇ સન ૧૮૯૦ થી આ તરફ સ્ટાંપનિબંધ સંબંધે નોંધણી-

---

* દી. સ્ટાં. ખુ. ૨. નંબર ૫૦ સન ૧૮૯૦-૯૧. (૧) આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૬૩ તથા ૬૫ ઉપર છે.

ખાતામાટે થયેલા નિયમની કલમ ૧૧ (ક) મુજબ નિર્ણય થવા મોકલ્યું છે. આ દસ્તાવેજની પલસાણા નોંધણીકચેરીમાં નોંધબુક નંબર ૪, વાલ્યુમ ૧, અનુક્રમ નંબર ૭, પૃષ્ઠ ૧૪૫ થી ૧૪૭ માં પાનઉપર નકલ થઇ છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમિયાન સંવત ૧૯૪૫ના આસો સુદી ૧૩ ને વારસોમ, તારીખ ૭ અકટોબર સન ૧૮૮૯, ને રોજ દસ્તાવેજ થયોછે. તેના મુદ્દાનો મજકુરનીચે પ્રમાણે છે:—

"તમારા સંવત ૧૯૪૪ના આસો સુદી ૧૩ની મીતીનં મારા નામના સામા દસ્કતના ખાતાની બાકી રૂ. ૨૪૯ તથા એજ મીતીના બીજા ખાતાના રૂ. ૩૦૦ મળી રૂ. ૫૪૯ લેણાં થયા તેના અવેજમાં મારૂં નીચે લખેલું જુવાર, કપાસ વિગેરેનું તુળ તમોને વેચાણ લખી આપી આજથી તમારા કબજા વહીવટમાં આપ્યુંછે. માટે હવે એ તુળ ઉપર મારો કુશો હકક નથી તેમ છતાં કોઇ હિસ્સેદાર ગીરોદાર પેદા થઇ દરદાવો કરે તો રદ્દબાતલ છે, અને તે બાબતનું તમામ જોખમ મારે શિરછે. હવે એ તુળની માલકી હકકથી કુલ વહીવટ તમો જાતે કરો અથવા બીજા પાસેથી કરાવો તથા વેચવા વિગેરે પ્રકારે તમો મુખત્યાર છો. એ તુળવાળી જમીન મારા નામે તથા અસ્તાનના પટેલ જેરામ કુબેરના નામે ચાલેછે તેના સરકારધારાના રૂ. સંવત ૧૯૪૬ના તમારે ભરવા, તમો ન ભરો ને હમારે ભરવા પડે તો આઠ આનાના વ્યાજ સાથે હપતાની તારીખ અમો લેઇશું. તુળ વેચાણ આપ્યુંછે તેની વીગત, અસ્તાન ગામે મારે નામે ચાલેછે તે:—

એકંદર જમીન વીઘાં.	આકાર રૂા.	તુળ.
૫૧-૧૭-૭.	૧૭૯-૪-૯	ભાત, જુવાર, કપાસ અને ઘાસ.

ઉપર પ્રમાણે સરવે સરતો કબૂલ કરી અતુળ વેચાણનો દસ્તાવેજ લખી આપ્યો છે". દસ્તાવેજ સાદા કાગળ ઉપર છે.

આ દસ્તાવેજ વિષે રાવસાહેબ નોંધણી તપાસણીકામદારે પોતાની ઉપરની યાદી નંબર ૧૦૩૨ તારીખ ૩૧-૭-૯૦માં પોતાની યાદી નંબર ૮૧૩ તા. ૮—૬—૯૦ પ્રમાણે અભિપ્રાય આપ્યોછે, એટલે, વેચાણખત પ્રમાણે એ દસ્તાવેજને સ્ટાંપ જોઇએ. વેચાણખતની વ્યાખ્યા સ્ટાંપનિબંધમાં આપી નથી તેથી સંશય રહેછે.

ઠરાવ.

પ્રસ્તુતના દસ્તાવેજથી ઉભાપાક ઉપરનું તમામ સ્વામિત્વ વેચાણરાખનારને આપ્યું છે, માટે દસ્તાવેજ વેચાણખત છે. કારણ સ્થાવર તથા જંગમમિલકતના વેચાણ વિષે પરિશિષ્ટ ૧, રકમ ૨૯ સરખી રીતે લાગુ છે એવું આ કોરટે ઠરાવ્યું છે. (વ. કો. ઠી. સ્ટાં, ખુલાસા રજીસ્ટર નંબર ૫૪ તથા ૪૮ ફેસલ તારીખ ૧૮-૧૦-૯૦)

દસ્તાવેજમાં સરકારધારાના રૂપીઆ ઉભોપાક વેચાણરાખનારે ભરવા એવો કરાર છે, અને ખતમાં ઉભોપાક જે વેચાણ આપ્યો છે તેની સરકારધારાની રકમ રૂપીઆ ૧૭૭-૪-૯ દસ્તાવેજમાં લખી છે. એ રકમની જવાબદારી મુળ જમીનના માલિક, ધારો ભરણાર, (વેચનાર) ઉપર છે. તે જવાબદારી કાઢી લેઇ વેચાણરાખનાર ઉપર નાખી છે. જેથી ઉભાપાક બદલ, વેચાણરાખનારને ખતમાં લખેલી લેણાની રકમ રૂપીઆ ૫૪૯ તથા આ સરકારધારાની રકમ રૂ. ૧૭૭-૪-૯ મળી કુલ રકમ રૂપીઆ ૭૨૬—૪—૯ માટે ઉભોપાક વેચાણરાખનારે રાખ્યો છે તથા એ રકમ માટે ઉભાપાક ઉપરનું સ્વામિત્વ તેને મળ્યું છે એમ કેહેવાને હરકત નથી. (જુઓ સ્ટાંપ મ્યાનુઅલ કોષ પૃષ્ઠ ૧૫૦). આ ધારા ભરવા સંબંધે કરાર સ્ટાંપનિબંધની કલમ ૭ પ્રમાણે ભિન્ન ભિન્ન બાબતનો નહીં છતાં વેચાણારનાં વ્યવહાર સંબંધે એકજ બાબતનો કરાર છે તેથી આ વેચાણના વ્યવહારનો મોબદલો ધારાની રકમ સુદ્ધાંત કુલ રકમનો સમજવો જોઇએ. (સ્ટાંપનિબંધની કલમ ૨૧). જમીનના ધારાની રકમ વેચાણ આપનારે પોતાને માથે લીધી હોત તો કુલ મોબદલામાં એ ધારાની રકમ ગણવી યોગ્ય થાત નહીં, કારણ એ ભરવાની જવાબદારી વેચાણઆપનાર ઉપર તથા પાક ઉપર કાયદા પ્રમાણે છે. (જુઓ રેવ્હેન્યુખાતાની રૂલ તા. ૨૦—૮—૮૬ ની કલમ ૨, ૫), અને ભરવાની ધારાની રકમ વિચારમાં ન લેતાં ઉભોપાક વેચ્યો છે એમ કહેવાય. માટે હાલના દસ્તાવેજને વેચાણખત ગણી વેચાણની રકમ સરકારધારાની ભરવાની રકમ સુદ્ધાંત કુલ રૂપીઆ ૭૨૬-૪-૯ ઉપર સ્ટાંપ રૂપીઆ ૧૬ નો લગાડવો જોઇતો હતો

———

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આંઠલ્યે, જજ્ય, એઓ સાહેબની રૂબરૂ*.

તા. ૪ ડીસેંબર સન ૧૮૯૦.

દયાશંકર પ્રેમશંકર રેહેવાશી પાંદર હાલ ગિજરમ. દસ્તાવેજથી હક્ક ધરાવનાર.

મંછારામ વિશ્વેશ્વર રેહેવાશી ગિંજરમ તાલુકે વેળાછા. દસ્તાવેજ કરનાર.

(નવીન સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

મૃત્યુપત્ર અથવા બક્ષીસપત્ર—પરિશિષ્ઠ ૧ રકમ ૨૪—મિલકતની કિંમત ખરી માનવા વિષે.

સગા ભાણેજને હયાતીમાં તમામ મિલકતનો કબજો સોંપ્યા વિષેનો દસ્તાવેજ તેના સ્વરૂપ ઉપરથી મૃત્યુપત્ર નરતા બક્ષીસપત્ર છે અને પરિશિષ્ટ ૧ રકમ ૨૪ પ્રમાણે સ્ટાંપની લાગતને તે પાત્ર છે.

પક્ષકારે દસ્તાવેજમાં કિંમત લખી છે તે બરોબર નથી એવું માનવાને જ્યાંહા સુધી યોગ્ય કારણ કામ ઉપરથી લાગતું ન હોય ત્યાંહાં સુધી પક્ષકારે લખેલી કિંમત બરોબર છે એમ માનવું યોગ્ય છે.

હકીકત.

આ કામ નોંધણીખાતાના તપાસણીકામદાર એમણે યાદી નંબર ૮૦૭ તારીખ ૭ જૂન સન ૧૮૯૦ થી નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે આ તરફ નિર્ણય થવા સારૂ મોકલ્યું છે. દસ્તાવેજની નકલ વેળાછા તાલુકાની નોંધણીકચેરીમાં નોંધબુકનંબર ૬, વાલ્યુમ ૧, અનુક્રમ નંબર ૧, ઉપર નકલ થઇ પક્ષકારને પાછો અપાઇ ગયો છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમિયાન સંવત ૧૯૪૬ના માગશરવદ ૧ વાર રવી, તારીખ ૮ ડીસેંબર સન ૧૮૮૯,ના રોજે થયોછે. તેમાં મુદ્દાનો મજકુર નીચે પ્રમાણે છે:—

" * * * હાલ હું ઘણોજ માંદો છું તેથી મારી દેહનો મને ભરોંસો નથી, મારે પેટ ફરજન નથી, ને વળી સ્ત્રી પણ નથી, તેથી મારા મુવા પછી મારા પાછળ

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૬૪ સને ૧૮૮૯-૯૦.

મારી મિલકતની વ્યવસ્થા તથા મીરૂં કરમાન્તર વિગેરે કરે એવું ભરોસાવાળું કોઇ માણસ નથી. તેથી મારી રાજીખુશીથી આ વશીયતનામું કરૂંછું તેની વિગત નીચે મુજબ:—

મારી તમામ સ્થાવરમિલકત તથા જંગમમિલકત તથા જજમાનવૃતીમાં ભાગ છે તે તમામનો મેં આજરોજે કબજો છોડી મારો સગો ભાણેજ દયાશંકર પ્રેમશંકર રેહેવાશી રાંદેર હાલ ગિજરમ આવેલો તેને સોંપ્યો છે. તેની વિગત નીચે મુજબ, (ગામ ગિજરમમાં છાપરૂં છાલનું તથા જમીન, વિઘાં ૧૩–૩–૨ તથા ગામ મેલાવની જમીન, વિઘા ૧–૫–૧૫ા તથા આંબાનાં ઝાડ બે છે). * * * * *.

ઉપર મુજબની તમામ સ્થાવર મિલકત ઘર તથા પસાયતાની જમીન તથા આંબાના ઝાડ તથા મારા રેહેણીવાળા ઘરનાં વાડા ઝાડ એ તમામ મિલકત તમોને આજરોજ કબજો છોડી ઉપર મુજબ મારા ભાણેજ દયાશંકર પ્રેમશંકરના તાબામાં આપી માલેક બનાવ્યોછે. એ તમામ સ્થાવરમિલકતની કિંમત આશરે રૂ. ૩૦૦ ત્રણસો છે. તેજ પ્રમાણે મારા રેહેણીવાળા ઘરમાંનો સામાન વિગેરે તથા લેણા બદલની ઉઘરાણીના દસ્તાવેજ તથા ખાતાં વિગેરે આજરોજે સદર ભાણેજના તાબામાં સોંપી માલેક બનાવ્યોછે. એ તમામ જંગમમિલકતની કિંમત આશરે રૂ. ૩૦૦ ત્રણસો છે. બધી સ્થાવર તથા જંગમમિલકતની કિંમત રૂ. ૬૦૦ છસોની આશરે છે. એ તમામ મિલકતનો માલેક મેં આજરોજ રાજી ખુશીથી તથા બીન કેફથી તથા તંદુરસ્તીથી મારા ભાણેજ દયાશંકર પ્રેમશંકરને બનાવ્યોછે. * * * *"

આ દસ્તાવેજ સાદા કાગળ ઉપર છે.

આ દસ્તાવેજ વિષે રાવસાહેબ નોંધણીતપાસણી કામદાર એમનો અભિપ્રાય ઉપલા શેરા નંબર ૮૦૭ તા. ૭–૬–૮૦માં એવોછે કે, દસ્તાવેજ ઉપરથી સ્થાવર તથા જંગમમિલકત હયાતીમાં કબજે આપેલીછે તેથી એ મૃત્યુપત્ર નોંધણીકામદારે માન્યું છે તેવું નહીં છતાં બક્ષીસપત્ર થાયછે તથા બીજા પ્રશ્ન એવા કાઢ્યાછે કે, આ દસ્તાવેજમાં ઘરની તથા જમીનની કિંમત ઉચક ઠરાવી છે. ઘરની કિંમત કેટલી તથા જમીનનો સરકારી ધારો કેટલો તથા નીવળ ઉત્પન્ન કેટલું એ પક્ષકારે લખ્યું નથી. નિબંધની કલમ ૨૪ પ્રમાણે બરોબર છે કે શું. તથા જમીનની ઉપજ લખી હોત તો તેની દસપટ રકમ જે થાય તે કિંમત જમીનની માનવી યોગ્ય થશે કિંવા પક્ષકાર જે લખે તે સદરહુ કલમને માટે યોગ્યછે એ વિષે ઠરાવ થશે. એવા પ્રશ્ન તથા અભિપ્રાયછે.

ઠરાવ.

દસ્તાવેજ કરીઆપનારે મિલકતનો કબજો હયાતીમાં આપી દીધો છે. માટે એ દસ્તાવેજ મૃત્યુપત્ર નહીં છતાં બક્ષીસપત્રના સ્વરૂપનો લેખ થાય છે. પક્ષકારે જે કિંમત મિલકતની લખી છે તે બરોબર નથી એવું માનવાને જ્યાંહાં સુધી યોગ્યકારણ કામ ઉપરથી લાગતું ન હોય ત્યાંહાં સુધી પક્ષકારે લખેલી કિંમત બરોબર છે એમ માની તે ઉપર સ્ટાંપની લાગત આકારવી યોગ્ય છે. માટે હાલના દસ્તાવેજમાં કિંમત રૂપીઆ ૬૦૦ છસો લખી છે તે ઉપર સ્ટાંપ પરિશિષ્ટ ૧, કલમ ૨૪, પ્રમાણે રૂપીઆ ૧૨ બારનો લેવો જોઈતો હતો.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા.બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓસાહેબની રૂબરૂ*

તારીખ ૩૦ ડીસેંબર સને ૧૮૯૦.

મેહેતા હરીશંકર ભવાનીશંકર. ખાતુ પાડી આપનાર.

(નવા સ્ટાંનિબંધની કલમ ૪૩ પ્રમાણે ખુલાસો (રેફ્રન્સ) પુછેલો છે.)

ખાતું તથા તેમાં વ્યાજ આપવાનો કરાર-એવા ખાતાને સ્ટાંપ-નિબંધની કલમ ૩ રકમ ૩-પરિશિષ્ટ ૧ રકમ ૪.

ખાતામાં બાકી કાઢી તે બાકી ઉપર વ્યાજ આપવાનો કરાર હોય તથા ફક્ત ખાતુ પાડી આપનારની સહી હોય તો એવું ખાતું ખતની વ્યાખ્યા, નિબંધની કલમ, ૩ રકમ ૩,માં આવતું નથી ખાતામાં વ્યાજ આપવાનો કરાર છે તેથી મુદતના કાયદા વાસ્તે કરારના સ્વરૂપમાં આવી શકશે, તથા સ્ટાંપનિબંધ પ્રમાણે મુદતના કાયદા મુજબ કરાર ગણવાને પ્રશસ્ત છે એવો કોરટનો વહીવટ ચાલે છે માટે હાલનું ખાતું કરાર કિંવા કરારની યાદીમાં ગણી તે પ્રમાણે રૂપીઆ ૦-૮-૦ નો સ્ટાંપ જોઇએ.

હકીકત.

આ કામ ડભોઇ તાલુકાના મુનસફે પોતાની કોરટમાં મુકદમા નંબર ૭૪૭ સન ૧૮૮૯-૯૦ ના કામમાં ખાતું રજુ થયેલું તેને સ્ટાંપ જોઇએ કે નહીં તેનો નિર્ણય

---

* દી. સ્ટાં. મુ. ૨. નંબર ૧૫ સન ૧૮૮૯-૯૦.

થવા માટે નિબંધની કલમ ૪૩ મુજબ મેહેરબાન વડોદરા પ્રાંતના જજ્જસાહેબ મારફત યાદી નંબર ૧૫ તારીખ ૨૦ જાનેવારી સન ૧૮૯૦ થી આ તરફ મોકલ્યુંછે.

તકરારીખાતાનો મજકુર નીચે પ્રમાણે છે. ખાતું સંવત ૧૯૪૫ ની સાલનું છે.

જ.	ઉ.
	૧૫) બાકી પાછલું પાનું ૧૯ નામું સમજીને આ ખાતાની ચિઠીઓ અમે પાછી લઇ આ ખાતું પાડી આપ્યું છે. આ ખાતાનું વ્યાજ ગાડે લેખે કર્યું છે. મીતિ આસો સુદી ૩. આ ખાતાના પેટે સંખેડા મહાલમાં પગાર લેહેણો છે. તેનું મુખત્યારનામું આપ્યું છે. તે રૂપીઆ આવેથી જમે કરજો. ગાંકે પંદર રૂપીઆ બાબાશાઇ, દા. હરીશંકર ભવાનીશંકર મુકામ ડભોઇ. ”

ડભોઇ મુનસફનો અભિપ્રાય એહવો છે કે, સ્ટાંપનિબંધમાં ખતના જે ત્રણ પ્રકાર બતાવ્યા છે તે પૈકી એકે પ્રકારમાં એ ખાતાનો સમાવેશ થતો નથી. વડોદરાપ્રાંત ન્યાયાધીશ સાહેબનો અભિપ્રાય પણ મુનસફના અભિપ્રાયને મળતો છે, પણ વધારે શંકા એવી કાઢી છે કે, એ ખાતા મધ્યેના કરારથી વાદીને ૧૨ વરસની મુદતનો લાભ મળશે.

ઠરાવ.

સદરહુ દાવાવાળું ખાતું સ્ટાંપનિબંધની કલમ ૩ માં ખત વિષે વ્યાખ્યા આપી છે તેમાંના એકે પ્રકારમાં આવતું નથી. આ ખાતામાં વ્યાજ આપવાનો કરાર છે તેથી તે મુદતના કાયદા વાસ્તે કરારના સ્વરૂપમાં આવી શકશે. સ્ટાંપનિબંધ પ્રમાણે આ ખાતું મુદતના કાયદા મુજબ કરાર ગણવાને પ્રશસ્ત છે. એવો આ કોરટનો વહીવટ ચાલ્યોછે. (જુઓ વરીષ્ટ અદાલત દીવાની શેરા જા. નંબર ૬૧૮ તારીખ ૩૦ નવંબર સન ૧૮૭૭; સ્પેશલ આપીલ નંબર ૫૭ સન ૧૮૮૬–૮૭ ફૈસલ તારીખ ૬ જુન સન ૧૮૮૮; સ્પેશલ આપીલ નંબર ૫૦ સન ૧૮૮૫–૮૬ ફૈસલ તારીખ ૨૪ ડીસેંબર સને ૧૮૮૭; ફિ. સ્પેશલ આપીલ નંબર ૬ સન ૧૮૮૪–૮૫ ફૈસલ તારીખ ૧૨ માર્ચ સન ૧૮૮૫.) બ્રિટીશઇલાકામાં આવા ખાતાને સ્ટાંપનિબંધ પ્રમાણે કરાર માન્યા

નથી, પણ બ્રિટિશકાયદાની કલમ ૨૩ની ભાષાના સંદર્ભ વિશેષ ને આધારેછે તેના કરતાં આ રાજ્યના સ્ટાંપનિબંધની કલમ ૨૦ની શબ્દરચના જૂદી છે. માટે આ ખાતુ કરાર કે કરારની યાદી ગણી તે પ્રમાણે રૂ. ૦-૮-૦ નો સ્ટાંપ લેવો જોઇએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્જ, એઓ સાહેબની રૂબરૂ. *

ફેસલ તારીખ ૩૧ ડીસેંબર સન૧૮૯૦.

બાઇ બોંમીજી, પટેલ કાકાભાઇ દયાળજીની વીધવાજી, રેહેવાશી મોજે કરખડી તાલુકે પાદરા. } દસ્તાવેજ લખીઆપનાર.

(નવીમ સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલાં નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલોછે.)

વ્યવસ્થાપત્ર અથવા વારસપત્ર—દસ્તાવેજનું સ્વરૂપ તથા ઇબારત ઉપરથી અર્થ—દસ્તાવેજમાં વહીવટકરનારનું નામ હોય તો તે એજંટ પ્રમાણે સમજવું.

દસ્તાવેજનો મતલબ એવો હતો કે, દસ્તાવેજ લખીઆપનારે પોતાની હયાતીમાં દીકરીના દીકરાને તમામ મિલકતનો વહીવટકરનાર નિમ્યાનું લખી તેની હયાતીમાં મિલકતનો વહીવટ કરી, લખીઆપનારના મુઆ પછી મિલકતનો માલેક ઠરાવ્યો છે તથા મિલકત કબજામાં સ્વાધિન કરી છે. માત્ર દસ્તાવેજના મથાળે વ્યવસ્થાપત્ર એમ લખ્યું છે. ઠરાવ થયો કે,-દસ્તાવેજની ઈબારતના શબ્દ ઉપરથી તે વ્યવસ્થાપત્રની વ્યાખ્યામાં આવતો નથી. મિલકત સ્વાધીન કરી છે એમ દસ્તાવેજમાં લખ્યું છે તો પણ વહીવટકરનારનો કબજો માલીક તરીકે નહીં છતાં એજંટ (વહીવટ કરનાર) તરીકે છે એમ કહેવાય. માટે દસ્તાવેજ વારસપત્રના સ્વરૂપનો છે અને દી. સ્ટાં. ખુ. નંબર ૭ સન ૧૮૮૯-૯૦ ફેસલ તારીખ ૧૭-૩-૯૦ (૧)નો થયો છે તે પ્રમાણે સ્ટાંપ લગાડવાની જરૂર નથી.

હકીકત.

આ કામ રાજેશ્રી પાદરા નોંધણીકામદારે જાવક નંબર ૧૦૪ તારીખ ૪ જાનેવારી સન ૧૮૯૦ ની યાદીથી વડોદરા પ્રાંતના નોંધણીસરકામદાર સાહેબ તરફ મોકલ્યું તે તેમના શેરા નંબર ૮૧૬ તારીખ ૧૮ એપ્રેલ સન ૧૮૯૦ થી આ તરફ સ્ટાંપનિબંધ સબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ મુજબ નિર્ણય થવા માટે આવ્યું છે.

---

* દી. સ્ટાં. ખુ. ર. નંબર. ૨૬ સને ૧૮૮૯-૯૦. (૧) આ ઠરાવ પછવાડે ૫૪૨૦ ઉપર છે.

ઉપર લખેલો દસ્તાવેજ કરીઆપનારે સંવત ૧૯૪૬ ના પોસ સુદી ૧૨ વાર ગરેઉ, તારીખ ૨ જાનેવારી સન ૧૮૯૦, ના રોજ દસ્તાવેજ કરી આપ્યો છે. તેમાંનો મુદ્દાનો મુજકુર નીચે પ્રમાણે છેઃ—

" મારીવૃદ્ધ અવસ્થા થઇ છે. ને મારે દીકરા નથી, ઘરડપણમાં મારી ચાકરી બરદાસ્ત થાય ને મારી મિલકત સંબંધે મારી પાછળ તકરાર ન ઉઠે તેથી ક્ષણભંગુર દેહનો ભરૂંસો નહીં જાણી હું મારી ખુશીથી મારી હયાતીમાં, મારી મિલકત નીચે મુજબ છે તે વ્યવસ્થા કરવાનું આજરોજ ઠરાવું છું:—

૫૩૦). જમીન વીઘાં ૧૩—૫—૦ મોજે કરખડી તાલુકે પાદરા ગામની સીમની સરકારી, મારા ધણીને ખાતે સરકારમાં ચાલે છે તેની વિગતઃ— * * * * *

એ રીતે એકંદર જમીનવીઘાં તેર ને વસા પાંચ સરકાર દાણ ભરવાના હક્કના છે જેનો અજાફો વીઘે ૧. એકે રૂ. ૪ ગણતાં રૂ. ૫૩ થયા તેના દસપટ, આકારે કિંમતના રૂ. ૫૩૦ પાંચસો ને ત્રીસ મુકયા છે.

૨૦). જમીન કુંભાં ૫૫—૪, સરકારી દર ભરવાના હક્કનાં, જેનો અજાફો રૂ. ૨ મળે (છે) તે દસપટ ગણતાં રૂ. ૨૦ મુકયા છે.

૨૦) જમીન કુંભાં ૦—૩૬—૦ મારા ધણીના નામે સરકારમાં ચાલે છે તેને અજાફો રૂ. ૨ મળે છે તેના દસપટ ગણતાં રૂ. ૨૦.

૫૦૦). ઘર ૧ એક ઇંટેરી અડાળી સુદ્ધાંત ઉભો ઇમલો.

૨૦૦). વાંટાની જમીન કુંભાં ૧—૬૬—૦ મોજે કરખડી ગામની સીમની મારા ધણીના નામે ચાલે છે.

૭૫). કોળીવાડામાં પડતર ગભાણની જગો અમારી તથા પટેલ નાથા માધવ તથા જેશંગ દેસાઇની સહીયારી.

૭૫). ઓરડા ત્રણ ઉપર પ્રમાણે સહીયારા.

૬૬). જંગમમિલકત.

રૂ. ૧૪૮૬

એણી રીતે એકંદર કુલ મિલકત રૂપીઆ ચૌદસો છાશી રૂપીઆની છે તેની નીચે મુજબ વ્યવસ્થા કરવા માટે વહીવટ ચલાવવા મારી દીકરીના દીકરાનામે શંકર બાજીભાઇ, રેહેવાશી વાસદ, તાલુકે આણંદ, જીલ્લે ખેડાનાને ટ્રસ્ટી નિમી તેમના હસ્તકમાં આજરોજ એ મિલકત સ્વાધીન કરી છે, તેથી તેમણે એ મિલકતનો વહીવટ ચલાવવો ને તેની નિચે પ્રમાણે વ્યવસ્થા કરવીઃ—

દરવરસે મારી ખોરાકી પોશાકી બદલ ખરચમાં વાપરવા માટે મને રૂ. ૪૦ અંકે ચાળીશ હું જીવું ત્યાંહાં સુધી આપે જવા.

રૂ. ૪૦૦ મારા ગુજર્યા બાદ મારી ઉત્તરક્રિયા વિગેરે ખરચ માટે રૂપીઆ ચારસો,

દીકરી મારી લાડુ નામની છે તેને સાસરવાસા બદલ તે આવે તે સાલે રૂ. ૧૦ તથા હું ગુજર્યા બાદ રૂ. ૭૫ પંચોતેર હયાત હોય તો તેને આપવા, નહીં હોય તો તેની પ્રજાને આપવા. શાળા પ્રમાણે.

તમો શંકર બાજીભાઇ નાનપણથી મારી ભેગા રહેતા આવેલા છો, ને મારા પેટના દીકરા માફક અદ્યાપ સુધી તમે મારી સારી ચાકરી બરદાસ્ત કરી મારૂં પોષણ કરે ગયેલા છો, અને હું જીવું ત્યાંહાં સુધી પણ તમે તેવીજ રીતે કર્યા જશો એમ મને પુર્ણ ભરૂંસો છે, માટે ઉપર પ્રમાણે વ્યવસ્થા કરતાં બાકીની જે મિલકત રહે તેના મારા ગુજર્યા બાદ તમોને માલેક ઠરાવું છું. માટે મારી હયાતી પછી જે મિલકત ઉપર પ્રમાણે વ્યવસ્થા કરતાં વધે, તેનો તમારી મરજી મુજબ ઉપભોગ કરવો.

સદરહુ મિલકતમાં જમીન છે તે હાલ હું તમારા નામે સરકારમાં દાખલ કરવા કબુલત આપી તજવીજ કરીશ.

ઉપર મુજબ વ્યવસ્થા કરવા માટે આ દસ્તાવેજ મે મારી તનદુરસ્તીમાં સાવધ પણે મારી ખુશીથી કર્યો છે તે મારે કબુલ મંજૂર છે." સદરહુ દસ્તાવેજને રૂ. ૭નો સ્ટાંપ છે.

સદરહુ દસ્તાવેજ વિષે નોંધણીકામદાર એવો અભિપ્રાય આપે છે કે, આ દસ્તાવેજને નવીન સ્ટાંપનિબંધ પરિશિષ્ટ ૧, રકમ ૩૧ માં કહ્યા પ્રમાણે સ્ટાંપ લગાવ્યો છે તે બરોબર છે, પણ જમીનના ઉત્પન્નમાંથી સરકાર હક્ક બાતલ કરી જે રકમ માલીકને મોકલવાની તેનું દશપટ કરી જુના સ્ટાંપનિબંધની કલમ ૧૭ પ્રમાણે આકાર બાંધી દસ્તાવેજની કિંમત ઠરાવી સ્ટાંપ લગાડેલો છે તે બરોબર છે કે નહીં તથા નવીન સ્ટાંપનિબંધની કલમ ૨૨ આવા પ્રસંગે લાગુ થાય છે કે કેમ તેનો ખુલાસો માગે છે.

નોંધણીકામદાર વધારે એમ પણ ખુલાસો માગે છે કે દસ્તાવેજ વ્યવસ્થાપત્રના સ્વરૂપનો છે, ને તેમાં વહીવટચલાવનાર ટ્રસ્ટી નિમેલા છે. તેથી તેની કબુલત દસ્તાવેજ કરીલેનાર તરીકે લેઇ દસ્તાવેજ નોંધવો કે કેમ, કબી ટ્રસ્ટીની કબુલત લેવામાં ન આવે તો પણ આ દસ્તાવેજ કલમ ૫૭ પ્રમાણે નોંધવાને હરકત છે કે કેમ ?

મેહેરબાન નોંધણીસરકામદારસાહેબનો અભિપ્રાય પણ આ દસ્તાવેજ વ્યવસ્થાપત્ર છે ને તેને સ્ટાંપનિબંધની પરિશિષ્ટ ૧ ની રકમ ૩૧ પ્રમાણે સ્ટાંપ બરોબર છે એવો છે. આકારણી વિષે તેમનો મત એવો છે કે દીવાણીકોરટમાં જે રીતે આકારણી થાય છે તે પ્રમાણે થવું બરોબર છે. નોંધણી સંબધે સરકામદાર સાહેબનો અભિપ્રાય એવો છે કે, મૃત્યુપત્રના કામમાં જેવી તજવીજ થઇ નોંધણીનું કામ ચાલે છે તેવું સાંપ્રતના દસ્તાવેજને ચાલવા હરકત નથી.

ઠરાવ.

દસ્તાવેજનો મજકુર વાંચી જોતાં તેના મથાળે "વ્યવસ્થાપત્ર" એમ લખ્યું છે તોપણ તેમાંના ઇબારતના શબ્દ ઉપરથી તે વ્યવસ્થાપત્રની વ્યાખ્યામાં આવતો નથી

દસ્તાવેજ લખીઆપનારે પોતાની દીકરીના દીકરાને દસ્તાવેજમાં લખેલી મિલકતનો વહીવટકરનાર નીમ્યો છે ને દસ્તાવેજમાં લખ્યા પ્રમાણે વહીવટ કરી દસ્તાવેજ લખી આપનારના ગુજર્યા બાદ લખીલેનારને મિલકતનો માલેક ઠરાવ્યો છે. માટે, દસ્તાવેજ લખીલેનારના કબજામાં મિલકત સ્વાધીન કરી છે એમ દસ્તાવેજમાં લખ્યું છે, તોપણ તે વહીવટકરનારનો કબજો માલીક તરીકે નહીં છતાં એજન્ટ (વહીવટ કરનાર) તરીકે કહેવાય. સાંપ્રતનો દસ્તાવેજ વારસપત્રના સ્વરૂપનો છે, ને વારસપત્રને સ્ટાંપ લગાડવાની જરૂર નથી એવું આ કોરટે ઠરાવ્યું છે. (જુઓ સ્ટાંપ ખુલાસા નંબર ૭ સન ૧૮૮૦ ફેસલ તારીખ ૧૯–૩–૮૬). માટે આ દસ્તાવેજને સ્ટાંપ લગાડવાની જરૂર નથી એવું અમો ઠરાવીએ છીએ.

દસ્તાવેજને સ્ટાંપ લગાડવાની જરૂર નથી એવું અમોએ ઠરાવ્યું છે માટે આ દસ્તાવેજમાં સ્થાવરમિલકતની કિંમત આકારેલી છે તે બરોબર છે કે નહીં એ ઠરાવવાની જરૂર રેહેતી નથી.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા, રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓસાહેબની રૂબરૂ.*

ફેસલ તારીખ ૩૧ ડિસેંબર સન ૧૮૯૦.

અબદુલ કૈયમ મુલા અબદુલઅલી, તથા સુલતાન અલી પીરભાઇ રેહેવાશી સિદ્ધપુર.	દસ્તાવેજ લખીલેનાર.
વોહોરા સમસજી પીરભાઇ ગુજરેલાની વારસ દીકરી (૧) વોહોરી બાઇ મરીયમ, તથા (૨) બાઇ જીવણ મયતના વારસ તેણીનો ધણી મહમદઅલી તયબઅલી તથા તેની દીકરી બાઇજેનમ, અજ્ઞાનનું પાલણ કરનાર બદર મહમદઅલી. તથા (૩) બાઇ અલારખી, મયત સમસજીની દીકરી, અજ્ઞાનનું પાલણ કરનાર બાઇ મરીયમ, રેહેવાશી સિદ્ધપુર.	દસ્તાવેજ લખી આપનાર.

(નવીન સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતામાટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલોછે).

સરતી બક્ષીસપત્ર—પરિશિષ્ટ ૧ રકમ ૨૪.

દસ્તાવેજમાં લખેલી જવાબદારીઓ, એટલે, મયતનું દેવું વિગેરે આપવું, એવી સરતથી **લખીલેનારને** દુકાનનો વહીવટ તથા સ્થાવરજંગમમિલકત તથા ચોપડા વિગેરે તમામ ખડકો (**વહીવટ**) આપ્યા વિશેનો દસ્તાવેજ કરવામાં આવેલો હોય તો એવો દસ્તાવેજ સરતી બક્ષીસપત્ર **કેહેવાને**

---

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૬૬ સન ૧૮૮૯–૯૦.

હરકતનથી, અને એવી સરતો દસ્તાવેજમાં હોય તો તે દસ્તાવેજ બક્ષીસપત્રના સ્વરૂપમાંથી બાતલ થઇશકતો નથી. (જુઓ ટ્રસ્ટ આકટ, સન ૧૮૮૨નો ૨, કલમ ૬ ખુલાસો (ઈ); તથા ઠી. સ્ટાં. બુ. ૨. નંબર ૧૯ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા.૨૮-૧૦-૯૦. (બ)માટે દસ્તાવેજ બક્ષીસપત્ર ઠરેછે અને તેને સ્ટાંપ્પારિશિષ્ટ ૧, રકમ ૨૪ પ્રમાણે હોવો જોઇએ.

હકીકત.

આ કામ સિદ્ધપુર તાલુકાના નોંધણીકામદારે યાદી નંબર ૧૧૫ તા. ૨૪-૩-૯૦ સાથે કડીમાંત જજ્ય નોંધણીસરકામદાર તરફ મોકલ્યું તે તેમનીત્તરફથી શેરા નંબર ૧૬૦૭ તા. ૨૩-૬-૯૦થી આ તરફ આવ્યુંછે. સ્ટાંપનિબંધની અગર નિયમની કઇ કલમ પ્રમાણે ખુલાસો પુછેલો છે તે કલમ લખેલી નથી.

ઉપર લખેલા પક્ષકારોના દરમ્યાન સંવત ૧૯૪૬ ના માહાવદી ૮ ગુરૂવાર, તા.૧૩ ફેબ્રુવારી સન ૧૮૯૦ નો દસ્તાવેજ થયો છે. તેનો મુદ્દાના મજકુર નિચે પ્રમાણે છેઃ—અમારાબાપ સમસજી પીરભાઇ જે કે ગુજરીગયેલા છે. તેમની મિલકત તથા અજમેરની દુકાનનો વહીવટ તથા અજમેરની સ્થાવર જંગમમિલકત. સિદ્ધપુરનાં નીજામપુરા મધ્યેનું ઘર નંબ ૧ ઉગમણા દ્વારનું, જેમાં મરનાર સમસજી પીરભાઇ રેહતા હતા તે ઘરમાં હાલ આમો રહીએ છીએ તે ઘર, તથા તે ઘરની અંદરનો સામાન રાચરચિલું, તથા વાસણકુસણ, લુગડુલત્તુ, તથા સોનારૂપાનું ગરેણુંગાંઠું વિગેરે જે કાંઇ માલ ઘરમાં તથા અમારા તાબામાં છે, તે બાદકરતાં બાકીની તમામ મિલકત, એટલે, સિધ્ધપુર મધ્યેનું ડેહેલું તથા દુકાન જે કે પ્રથમ સામાન ગીરવી આપેલા છે તેના નદાવાનો વધારો તથા સિદ્ધપુરના ચોપડા, અજમેરની દુકાન, તથા દુકાન અંદરનો સામાનમાલ, તથા અજમેરની સ્થાવર જંગમ-મિલકત, લહેણું દેવું તથા અજમેરની દુકાનના ચોપડા તથા બીજી કાંઈ દુકાનમાં તથા વેપારમાં સમસજી મજકુરનો ભાગ હોય તે તથા દેશાવરખાતે માલ મોકલ્યો હોય તે સુધ્ધાં, મરનાર સમસમજીનો વહીવટ અમોએ તમોને નીચે લખેલી સરતથી આપ્યો છે. તે સરતોની વિગત. નીચે પ્રમાણેઃ—

૧. મરનાર સમસજીને માથે જે કાંઇ દેવું હોય તે તમામ તમારે આપવું તથા ચુકાવવું

૨. મરનાર સમસજીના માથે જમાનગિરી વિગેરેની જે કાંઇ જવાબદારી આવે તે તમારે ચુકાવવી.

૩. સમસજીની વહુ અમતુલા તથા તેમની મા રાજીબાઇના વારસાના હક્ક બાબેનો નિકાલ જેટલા રૂપીઆ માટે અમોએ કર્યો છે તે તમારે આપવા.

૪. સમસજીનું જમાતખાતાનું દેવું ચુકવવું તથા મહમદઅલી તયબઅલીએ એ જમાતને વચન આપ્યું છે તેમાંથી તેને મોકળો કરવો.

૫. સમસજીના બાપ તથા તેમની બેન એ બન્ને જણાના હજના રૂ. ૨૦૦ તમારે ખરચી હજ કરાવવી, તે સમસજી પીરભાઇની તથા હમારી મા બાઈ જેનમ એ એની હજના રૂ. ૪૦૦ અમારે ખરચ કરીને હજ કરાવવી.

---

(૧) આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૧૭ ઉપર છે તે જુઓ.

૬. સઇયદઇસ્હુકની મસીદ મધ્યે રૂ.૪૦૦ તમારે ખરચવા તથા રૂ.૬૦૦ અમારે ખરચવા

૭. રાજીબાઇનું પાલણપોષણ તમારે કરવું તથા તેમની ઉત્તરક્રિયા તમારે કરવી.

૮. અજમેરની દુકાન જપ્તીમાં છે તે કાયદેસર મદત કરી અમારે ખુલી કરી આપવી, તે બાબે ખરચ થાય તે તમારે આપવું.

૯. સમસજીનાં મુવાબાદ ગામ ઉપેરાના શા. જીવરામના ઘેર સોનાના દાગીના મુકીને રૂપીઆ ઉપાડેલા છે, તેના વધારાના માલીક તમોછો.

૧૦. મરનાર અમારા બાપની વરસની ન્યાત અમારે કરવી * * * આ પૂછી દેવાદારોનું દેવું કેવી રીતે ચુકવવું તે મજકુર છે.

એ રીતે ઉપર લખેલા દેવાદારોનું વ્યાજબી રીતે જે કંઇ દેવું નીકળે તે તમારે ઘરઘરાઉ ચુકાવવું તથા ઉપર લખેલા દેવાદારોનાં નામ મળી આવ્યાંછે તે લખ્યાંછે, તે શિવાય બીજા કોઇનું પણ દેવું સમસજીના ખાતે વ્યાજબી રીતે નિકળે તે તમારે ઘરઘરાઉ ચુકાવવું. તથા સલાટ લલુ મયારામ તથા છગન મયારામ વિગેરેને કાંઇ દેવું સિધ્ધપુર તથા અજમેર વિગેરે કોઇપણ દેશાવર ખાતે સમસજી પીરભાઇના નામની કોઇ પણ જમાતની જવાબદારી આવે તે તમારે ચુકાવવી તથા પતાવવી.

એ રીતે ઉપરની સરતો પ્રમાણે તમામ વહીવટ ઉપર લખ્યા પ્રમાણે અમોએ તમોને આપ્યોછે. તે સરતો પ્રમાણે તમારે ચાલવું ને તેમાં બતાવેલું દેવું તમારે ઘરઘરાઉ ચુકવવું. તેમાં તમારે કોઇ પણ જાતની ચુક કરવી નહીં. ને તે બાબતમાં ચુક થાય તો તેના જામીનદાર વોહરા મહમદઅલી પીરભાઇને તમોએ ઘરઘરાઉ આપ્યાછે તે લખી લેઈ તથા લખાવીને તમોને આ વહીવટ આપ્યોછે. માટે તમો વહીવટ કરો કરાવો લેહેણું વસુલ લો તથા માલ વેચો તેમાં અમારે તથા એ મતુલાનો, એટલે સમસજી પીરભાઇની વહુનો તથા રાજીબાઇ, સમસજીની માનો કોઇ જાતનો દરદાવો રહ્યો નથી. આ દસ્તાવેજ અમારી રાજી ખુશીથી તથા અક્કલ હોશિયારીથી લખી આપ્યોછે તે અમારે કબૂલ મંજૂર છે. આ પ્રમાણે ઠરાવ કરી તમામ વહીવટ એટલે, ખડકો, (૧) તમોને આપ્યોછે તેના નફા નુકસાનના માલીક તમોછો.

સહી. સાક્ષી.

* * * * * *

દસ્તાવેજ રૂ ૫ ના સ્ટાંપ કાગળ ઉપર છે.

નોંધણીકામદાર પોતાની ઉપલી યાદીમાં એમ લખે છે કે, આ કચેરીનો રોજ નંબર ૧ તારીખ ૪–૩–૯૦ ના દસ્તાવેજના સંબંધમાં અહીંથી રીપોર્ટ નંબર ૧૦૬ તા. ૫–૩–૯૦ નો કર્યો છે તે સંબંધમાં વધારે હકીકત જાહેર કરવાની એ છે જે, એ દસ્તાવેજનો સામો લેખ જેમાં કરીઆપનાર પૈકીમાં, એક છોકરી નામે જેનમ તથા બીજી આલારખી એ બે છોકરીઓ અજ્ઞાન ઉમરની છે તેની તરફથી તેના વાલીને તમામ મિલકતનો વહીવટ નદાવે કરી આપવાનો અધિકાર પોહોંચે છે તે દિવાણી કોરટમાં દાવો થયેથી વિચાર થવાનો છે. તોપણ એવી રીતે કોઇ વાલી માણસનું નામ

(૧) વહીવટ.

દસ્તાવેજમાં લખ્યું હોય તો વાલીની કબુલત લેવી કે નહીં એ વિષે સ્પષ્ટ ઠરાવ ન હોવાથી પ્રશ્ન રહે છે, માટે તે બાબે ખુલાસો માગે છે. દસ્તાવેજમાં સ્ટાંપનિબંધની કલમ ૨૪ પ્રમાણે મિલકતની કિંમત દસ્તાવેજમાં સ્પષ્ટ રીતે બતાવી નથી. તે લખી લેવાનું ઠરે ને પક્ષકાર તે લખી આપે નહીં તો મેહેરબાન પ્રાંતના સુબાસાહેબ તરફ નિયમ પ્રમાણે મોકલવાનું નિયમમાં ઠર્યું છે પણ જો મિલકતની કિંમત લખી આપે તો મિલકતની કિંમત બરાબર લખેલી છે કે નહીં તેની ખાત્રી અમારેજ કરવી કે મહેરબાન સુબા સાહેબે, કેમકે ખુટતા સ્ટાંપનો શેરો રકમ લેઇ તેમને કરવાનો છે. કડીપ્રાંતના નોંધણી-સરકામદાર સાહેબે કંઇ અભિપ્રાય આપ્યો નથી.

ઠરાવ.

પ્રસ્તુતનો દસ્તાવેજ વાંચીજોતાં તે ઉપરથી દસ્તાવેજ લખીઆપનાર, મયત વોહરા સમસજી પીરભાઇની દીકરીઓએ પોતાના મયત બાપની, અજમેરની દુકાનનો વહીવટ તથા અજમેરની તથા સિધ્ધપુરની સ્થાવરજંગમ મિલકત તથા ચોપડા વિગેરેનો તમામ ખડકો(૧) દસ્તાવેજ લખીલેનારને આપ્યો છે. તે એવી સરતોથી કે દસ્તાવેજ લખીલેનારે દસ્તાવેજમાં લખેલી મિલકત લેવી, ને દસ્તાવેજમાં લખેલી જવાબદારીઓ એટલે મરનાર સમસમજીનું દેવું વિગેરે આપવું. દસ્તાવેજ લખીઆપનારે દસ્તાવેજ લખીલેનારને માથે કેટલીક જવાબદારીની સરતો નાખી મિલકત આપી હોય તો એવા દસ્તાવેજને સરતીબક્ષીસ પણ કેહેવાને હરકત નથી, ને એવી સરતો દસ્તાવેજમાં હોય તો પણ તે દસ્તાવેજ બક્ષીસપત્રના સ્વરૂપમાંથી બાતલ થઇ શકતો નથી (જુઓ, ટ્રસ્ટ આકટ, સન ૧૮૮૨ નો, ૨ જો, કલમ ૬, ખુલાસો ઇ, તથા આ કોરટનો ખુલાસો નંબર ૧૮ સન ૧૮૮૯–૯૦ ફેસલ તા. ૨૮–૧૦–૯૦ (૨)).

દસ્તાવેજમાં બક્ષીસ આપેલી મિલકતની કિંમત લખેલી નથી. માટે મિલકતની કિંમત લખી લીધા વગર દસ્તાવેજને કેટલો સ્ટાંપ જોઇએ તે હાલ નકકી કહીશકાય નહીં. માટે મિલકતની કિંમત નકકી કરી લેઇ તે કિંમત ઉપર પરિશિષ્ટ ૧, રકમ ૨૪ પ્રમાણે સ્ટાંપ લેવો. સદરહુ પ્રમાણે મિલકતની કિંમત નકકી કરવા સારૂ આ દસ્તાવેજ નોંધણીકામદારે પ્રાંતના સુબાસાહેબ તરફ મોકલી દેવો, એટલે તેઓ આગળની તજવીજ રીતસર કરશે.

---

(૧) ખડકો એટલે વહીવટ. (૨) આ ઠરાવ પખવાડે પૃષ્ઠ ૯૭ ઉપર છે.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફ્જસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ. આઠલ્યે, જજ્ય, એઓ સાહેબની રૂબરૂ. *

ફેસલ તારીખ ૩૧ ડીસેંબર સને ૧૮૯૦.

વોહોરા સમસજી પીરભાઇ, ગુજરેલાની વારસ દીકરી, (૧) વોહોરી બાઇ મરીયમ. તથા (૨) બાઇ જીવાણે મયતની વારસ બાઇ જેનમ તે, અજ્ઞાનનું પાલણકરનાર તેના બાપ મહમદઅલી તૈયબઅલ્લી તથા (૩) બાઇ અલ્લારખી અજ્ઞાનનું પાલણકરનાર બાઇ મરીયમ રેહેવાશી- સિદ્ધપુર.	દસ્તાવેજ લખી લેનાર
અબદુલ્લ કૈયમમુલ્લા અબ્દુલ્લઅલી તથા સુલતાનઅલી પીરભાઈ રેહેવાશી સિદ્ધપુર.	દસ્તાવેજ લખી આપનાર.

(નવીન સ્ટાંપનિબંધ સંબધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફ્રન્સ) પુછેલો છે).

હુલટલેખ—પરિશિષ્ટ ૧ રકમ ૩.

દસ્તાવેજના સ્વરૂપ ઉપરથી તે હુલટ લેખ છે અને તેને સ્ટાંપ પરિશિષ્ટ ૧, રકમ ૩ પ્રમાણે જોઈએ.

આ કામ સિદ્ધપુર તાલુકાના નોંધણીકામદારે મે. કડી પ્રાંતના જજ્ય નોંધણીસરકામદારની મારફત યાદી નંબર ૧૦૬ તા. ૫ માર્ચ સન ૧૮૯૦ થી નવીન સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે આ તરફ મોકલ્યું છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમ્યાન સંવત ૧૯૪૬ ના મહાવદી ગુરૂવાર તા. ૧૩ ફેબ્રુઆરી સન ૧૮૯૦, નો દસ્તાવેજ થયેછે તેનો મુદ્દાનો મજકુર નીચે પ્રમાણે છે:—

" તમારા બાપ વોહોરા સમસજી પીરભાઇ જે ગુજરી ગયેલા છે તેમની મિલકત તથા અજમેરની દુકાનનો વહીવંટ તથા અજમેરની સ્થાવર જંગમ મિલકત સિદ્ધપુરનું નીજામપુરા મધ્યેનુ ઘરનંગ ૧ * * જેમાં મરનાર સમસજીપીરભાઇ રહેતા તે ઘરમાં તમો હાલ રહેછો તે ઘર તથા ઘરની અંદરનો સામાન રાચરચેલું તથા વાસણકુસણ લુગડુંલત્તું તથા સોના રૂપાનું ગરેણું ગાંઠુ, વિગેરે જે કાંઇ માલ તે ઘરમાં તથા તમારા તાબામાં છે તે બાદ કરતાં બાકીની તમામ મિલકત એટલે સિધ્ધપુર મધ્યેનું ડેહેલું તથા દુકાન જે કે પ્રથમ સાનગીરવી આપેલું છે તેના નદાવાનો વધારો ઘટારો તથા સિધ્ધપુરના ચોપડા તથા અજમેરની દુકાન તથા દુકાનની અંદરનો માલ તથા અજમેરની સ્થાવર જંગમમિલકત તથા લેહેણું દેવું તથા અજમેરની દુકાનના ચોપડા તથા બીજી કોઇ દુકાનમાં તથા વેપારમાં સમસજી મજકુરનો ભાગ હોય તે તથા દેશાવર ખાતે માલ મોકલેલો હોય તે સુદ્ધાંત મરનાર સમસજીનો વહીવટ નીચે લખેલી સરતથી લીધો છે તેની વિગતઃ—

---

* ડી. સ્ટાં. જુ. ર. નંબર ૧૬ સન ૧૮૮૯-૯૦.

૧. મરનાર સમસજીના માથે જે કાંઇ દેવું હોય તે તમામ અમારે આપવું.

૨. મરનાર સમસજીના માથે જામીનગીરી વિગેરેની જવાબદારી આવે તે અમારે ચુકવવી.

૩. સમસજીની વહુ તથા તેમની મા, રાજબાઇના, વારસાહક બાબતના રૂપીઆ હમારે આપવા.

૪. સમસજીનું જમાતખાતાનું દેવું ચુકવવું તથા મહમદઅલી તૈયબઅલીએ જમાતને જે વચન આપ્યું છે તેમાંથી તેને મોકળો કરવો.

૫. સમસજીના બાપ તથા તેમની બેન એ બંને જણના હજના રૂપીઆ ૨૦૦ અમારે ખરચવા, તેમજ સમસજી તથા તેમની વહુજી એમના હજના રૂ. ૪૦૦ તમારે ખરચવા.

૬. * * * સય્યદ યુસુફની મસીદમાં રૂ. ૪૦૦ અમારે તથા રૂ. ૬૦૦ તમારે ખરચવા.

૭. * * * સમસજીની માનું પાલણપોષણ જીવતાં સુધી અમારે કરવું તથા ઉતરક્રિયા અમારે કરવી.

૮. અજમેરની દુકાન તમારા વારસોની તકરારથી જપ્તીમાં છે તે તમારે ખુલ્લી કરી આપવી. તે બાબેનો ખરચ અમો આપીશું.

૯. સમસજીના મુવાબાદ ઉપેરાના શા. જીવરામના ઘેર સોનાના દાગીના મુકી રૂપીઆ ઉપાડેલા છે તેના વધારાના માલીક અમો છીએ. × × × આ પછી દેવાદારનુ દેવું કેવી રીતે ચુકવવું તે મજકુર છે. * * *
દેવાદારોનું દેવું અમારે ઘરઘરાઉ ચુકવવું તથા કોઇ પણ જાતની જવાબદારી આવે તે અમારે ચુકવવી.

ઉપરની સરતો પ્રમાણે તમામ વહિવટ ઉપર લખ્યા પ્રમાણે અમોએ તમારી પાસેથી રાખ્યો છે. તે સરતો પ્રમાણે અમારે ચાલવું ને તેમાં બતાવેલું દેવું અમારે ઘરઘરાઉ ચુકવવું. તે બાબતના જામીન માંયાં મહમદઅલી પીરભાઇને આપીએ છીએ. તે અમારી તરફથી કસુર થાય ને દેવું આપવામાં ચુક પડે તો જામીનદાર ઘરઘરાઉ આપે. દસ્તાવેજમાં લખેલા કરાર હમારા જામીનદારને કબૂલ મંજૂર છે. વોહોરા મહમદઅલી પીરભાઇ સિદ્ધપુરના લખી આપુંછું કે આ દસ્તાવેજમાં લખેલી તમામ જોખમદારીના અમો ઘરઘરાઉ જામીન થયા છીએ, દસ્તાવેજ લખી આપનાર તરફથી કસુર થશે તો અમો ઘરઘરાઉ જોખમદાર છીએ. આ પ્રમાણે ઠરાવ કરી તમામ વહિવટ (ખડકો) અમોએ રાખ્યોછે તેમાં નફા નુકસાનમાં માલીક અમો ઘરઘરાઉ છીએ. + + + દસ્તાવેજને રૂપીઆ પાંચનો સ્ટાંપ લગાવેલો છે.

સિદ્ધપુર નોંધણીકામદારનો અભિપ્રાય એહેવો છે કે, આ દસ્તાવેજનો સમાવેશ

"ખત" આ શબ્દમાં પરિશિષ્ઠની કલમ ૮ પ્રમાણે થાય છે. કારણ તેની વ્યાખ્યા એવી છે કે જે વિષે આ પરિશિષ્ટમાં બીજી રીતે ઠરાવ કર્યો ન હોય એવું, તો દસ્તાવેજનો સમાવેશ આ પેહેલા પરિશિષ્ટમાંની કોઇ પણ કલમમાં થતો નથી. માટે તેને વેચાણના સ્વરૂપનો ગણવાને હરકત લાગે, તો પેહેલા પરિશિષ્ટની કલમ ૮ પ્રમાણે તો તેને નિદાન સ્ટાંપ લગાડવો જોઇએ; મિલકતની કિંમત મોઘમ છે માટે તેની કિંમત નક્કી કરાવી લેવી જોઇએ. નોંધણીકામદાર એમ પણ દરસાવે છે કે મિલકતની કિંમત ઘણી હોવી ન જોઇએ પણ સ્ટાંપ કમી થવાના હેતુથી કિંમત નમુદ કરેલી નથી.

ઠરાવ.

પ્રસ્તુતનો દસ્તાવેજ તથા સ્ટાં. ખુલાસા રજીસ્ટર નંબર ૬૬ સન ૧૮૮૯–૯૦ ના કામમાં રજુ થયેલો દસ્તાવેજ(૧) એકજ મીતિએ એટલે માહાવદ ૮ ગુરૂવારના રોજ થયેલો છે. બંને દસ્તાવેજોના મજકુર વાંચી જોતાં નંબર ૬૬ ના કામમાં રજુ થયેલો દસ્તાવેજ મુખ્ય દસ્તાવેજ છતાં સાંપ્રતના કામમાંનો દસ્તાવેજ તેનો ઉલટલેખ છે, ને નંબર ૬૬ ના કામનો દસ્તાવેજ બક્ષીસપત્ર છે એમ ઠરાવી મિલકતની કિંમત કરી તેના ઉપર સ્ટાંપ પરિશિષ્ટ ૧, રકમ ૨૪ પ્રમાણે લેવાનો ઠરાવ થયો છે. માટે પરિશિષ્ટ ૧ કલમ ૩ પ્રમાણે તે દસ્તાવેજ જે લાગતને પાત્ર થશે તે એક રૂપાઆથી અધિક ન હોય તો અસલ દસ્તાવેજ બાબત જેટલી લાગત લેવાની તેટલી લેવી, ને તે દસ્તાવેજ એક રૂપીઆથી અધિક લાગતને પાત્ર થશે તો આ ઉલટલેખ ઉપર રૂ. ૧ નો સ્ટાંપ લેવો.

---

(૧) પૃષ્ઠ ૧૧૬ ઉપર એ દસ્તાવેજ સંબંધે મજકુર છે તે જુઓ.

રી. બા. અંબાલાલ સાકરલાલ, ચિફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓ સાહેબની રૂબરૂ. *

ફેસલ તારીખ ૩૧ ડિસેંબર સેન ૧૮૯૦.

વિમ, વીરજી લવજી, રેહેવાશી ચાંદગઢ તાબે અમરેલી— દસ્તાવેજ લખાવીલેનાર.

વાલા હાથીઆ, તથા જોરખા સુરગ, રેહેવાશી લાવાલીઆ તાબે અમરેલી. } દસ્તાવેજ લખીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતામાટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

ઓધાંધ્રુટનો દસ્તાવેજ(૧)—ગીરોખત—પટા—દસ્તાવેજના સ્વરૂપવિષે નિર્ણય—પરિશિષ્ટ ૧, રકમ ૯—પરિશિષ્ટ ૧ રકમ ૨૦.

મુદ્દલ રૂપીઆના તથા વ્યાજના બદલામાં કરીઆપનારે પોતાનું ખેતર કરીલેનારના કબજામાં આપી આધાધ્રુટથી વરસ ૮ સુધી ખેતરનું ઉત્પન્ન લેવાવિષે તથા મુદત પુરી થયે ખેતર પાછુ આપવા વિષે દસ્તાવેજમાં કરાર કરેલો હતો; તથા તેમાં વિશેષ સરતો એવી કરેલી કે, મુદતની અંદર કંઇ અસમાની સુલતાની થાય તો આગળ વરસ ખેતરની ઉપજ કરીલેનારે લેવી; તથા ઉપજ વિગેરે સંબંધે કોઈ પ્રકારની હરકત થાય તો તેનો કરીઆપનારે જવાબ દેવો તથા કરીલેનારને એ સંબંધે જે ખરચ થાય તેનું વ્યાજ ટકા ૧ લેખે કરીઆપનારે આપવું. એ દસ્તાવેજનું સ્વરૂપ શું માનવું તથા પટા પ્રમાણે અથવા ગીરોખત પ્રમાણે સ્ટાંપ લેવો કે શી રીતે એ પ્રશ્ન સંબંધે ઠરાવ થયો કે—

(૧) દસ્તાવેજના સ્વરૂપથી તે ગીરોખત છે. પટા થતો નથી;

(૨) દસ્તાવેજ અમુક પ્રકારનો છે એનો નિર્ણય દસ્તાવેજમાં તેનું જે નામ આપ્યું હોય તે ઉપરથી માત્ર કરવાનો નથી; તે દસ્તાવેજની ઇબારત તથા દસ્તાવેજ ઉપરથી હક ઉત્પન્ન થાયછે તે ઉપરથી કરવાનો છે. (જુઓ ઇં, લા. રીપોર્ટ, મુંબઇ સીરીજ વા. ૨, પૃ ૧૧૩).

(૩) ગીરોના વ્યવહારમાં ગીરો આપેલી મિલકતના હિસાબની જરૂર નહીં રાખતાં તે ઉપજમાંથી કરજ આપેલી વ્યાજમુદ્દલ સુધાંત રકમનો ફડચો થવાની મુદત કરારની વખતે નક્કી થવાથી તે વ્યવહારનું ગીરોનું સ્વરૂપ નષ્ટ થતું નથી. (જુઓ ઇ. લા. રી. આલહાબાદ સીરીજ, વા. ૩, પૃષ્ઠ ૧; મદ્રાસ હા. કો. રી. વાલ્યુમ, ૩, પાન ૩૬૮ તથા મદ્રાસ હા. કો. રીપોર્ટ, વા. ૮, પૃષ્ઠ ૩૧; ઇ. લા. રી. કલકતા સીરીજ. વા. ૮, પૃષ્ઠ ૨૫૪).

---

* હી. સ્ટાં. ખુ. ૨. નંબર ૩૭ સન ૧૮૮૯–૯૦. આ ઠરાવ વડોદરાવત્સલમાં તા. ૧૧–૧–૯૧ ના રોજ પૃષ્ઠ ૨૦૨–૨૦૩ ઉપર છાપેલો છે.

(૧). ઓધાધ્રુટવિષે માહિતી—કાઠીઆવાડમાં ગીરોનો એક પ્રકાર છે તેને "ઓધાધ્રુટ" અથવા "પુળાધ્રુટ" અથવા "બીડાધ્રુટ" કેહેછે. "ઓધો" એ શબ્દનો અર્થ એમ છે કે અનાજના દાણા સહીત છોડવાઓની

હકીકત.

આ કામ અમરેલી તાલુકાનાં નોંધણીકામદારે જાવક નંબર ૬ તા. ૩–૫–૯૦ની યાદીથી અમરેલી પ્રાંતના મે. નોંધણીસરકામદાર તરફ મોકલ્યું તે તેમના શેરા નંબર ૭૩૮ તા. ૯–૫–૯૦ થી આ કોરટ તરફ સ્ટાંપનિબંધ સંબંધેનાં ધાણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ મુજબ નિર્ણય થવા માટે આવ્યું છે.—

ઉપર લખેલા દસ્તાવેજ કરીઆપનારે સંવત ૧૯૪૬ ના વૈશાખ શુદિ ૧૩ વાર શુકર, તા. ૨ મે સન ૧૮૯૦, ના રોજ દસ્તાવેજ કરી આપ્યોછે. તેનો મુદ્દાનો મજકુર નીચે પ્રમાણે છેઃ—

"આજરોજ નામું સમજી રૂ. ૪૦૦ અંકે ચારસો કંપની ગણીશિક્કાના, બાકી દેવાં કર્યાંછે. તે મુદલ રૂપીઆના તથા વ્યાજના બદલામાં ખેતર એક સરવે નંબર વાળું "ઓધાછુટ" વરસ ૮, એટલે સંવત ૧૯૪૭ ની શરૂ શાલથી સંવત ૧૯૫૪ ની આખરસાલ સુધી વરસ ૮, ખાવા આપ્યું છે તેની ચતુઃશિમા * *. સદરહુ ચતુઃશિમાં વાળું ખેતર સંવત ૧૯૪૭ ની શરૂ સાલથી તે સંવત ૧૯૫૪ ની આખેર સાલ સુધી તમારા વ્યાજના તથા મુદલ રૂપીઆમાં ઉપભોગ લેવા તમારા સ્વાધીન કરૂં છું તથા કબજે સોપું છું. સદરહુ ખેતર તમારી મુખત્યારીથી ખેડવા આપવું. ઉત્પન્ન આવે તે તમારે લેવું છે. ખેતર ઉપર અમારો હક્કહિસ્સો રાખ્યો નથી. * *. સદરહુ જમીનનાં વરસ ૮ પુરાં થયે એટલે સંવત ૧૯૫૪ની આખર સાલની ઉપજ લેઈ ખેતર સોંપવું, ને મુદતની અંદર કોઈ વરસ અસમાની સુલતાની થાય તો આગળ વરસ

પુળી બાંધીને કરેલો જે ઢગલો તેને "ઓઘો" કેહે છે. (નર્મકોષ સન ૧૮૮૩ સાલની આવૃતિ, પૃષ્ઠ ૮૭). કાઠીઆવાડ ડીરેક્ટરીમાં ઓધાછુટનો એમ અર્થ કર્યો છે કે "Mortgage with possession for a fixed term at the end of which the property reverts to the original owner without further payment". (કાઠીઆવાડ ડીરેક્ટરી ભાગ ૧, પૃષ્ઠ ૪૯૬ अ.) ઉપરના આધારથી "ઓધાછુટ" એટલે મુકરર કરેલી મુદત સુધી લીધેલા રૂપીઆ પેટે સાવકારના કબજામાં ગીરો તરીકે સ્થાવરમિલકત ઉપભોગ માટે સોંપવામાં આવેછે અને તે એવી સરતથી સોંપવામાં આવે કે મુકરર કરેલી મુદત વિત્યા પછી કંઈ રકમ આપ્યા શિવાય કબજામાં આપેલી મિલકત મુળમાલીક (ગીરો આપનાર)ને ત્યાંહીં સાવકારે પાછી સોંપી દેવી. એવા પ્રકારના કબજાગીરોના વ્યવહારને "ઓધાછુટ" કહેવામાં આવે છે. એવા દસ્તાવેજ ગણોતપટામાં આવતા નથી.

એવા પ્રકારના કરારને વડોદરાપ્રાંતમાં વળતદાણ કહે છે. કડીતથા નવસારીપ્રાંતમાં "પુળાછુટ" કહે છે. નોંધણીખાતામાંથી જે ખુલાસા થયા છે તેમાં એવા દસ્તાવેજને ગીરોના સ્વરૂપના માનવાને દરકત નથી એવો ઠરાવ કરેલો છે. (નોં. ખાતાનો શેરો નંબર ૨૬૫ તા. ૨૦-૧૨-૮૯). પુ. છા.

ખેતરની ઉપજ ખાવા તમને મજરે આપવુંછે. ઉપજ સંબંધે તેમજ બીજા કોઇ પ્રકારની હરકત થઇ સરકારમાં કામ ચાલે તેનો જવાબ અમારે,તથા અમારા વંશવારસોને આપવોછે. તે સંબંધે તમારે જેટલા રૂપીઆનું ખરચ થાય તેનું વ્યાજ ટકા ૧-૪-૦ લેખે જે વખત માગો તે વખત આપવુંછે. અને × ૯. સદર કરાર પ્રમાણે વરસ ૮ પુરાં થયે અમારે ખેતરની ઉપજ બાબત અમારે તમારે લેવા દેવા નથી.(આ) ખત રાજી ખુશીથી લખી આપ્યુંછે.

સહી. સાક્ષી.

* * * * * *

નોંધણીકામદાર ઉપરની યાદીમાં એવો અભિપ્રાય આપેછે કે, એ દસ્તાવેજ ઓધાછુટ છે, ને સ્થાવર કબજાગીરોના સ્વરૂપનો માનવામાં આવેછે ને તેને સ્ટાંપનિબંધના પરિશિષ્ટની રકમ ૯ પ્રમાણે સ્ટાંપ રૂપીઆ ૨ નો જોઇએ. પરંતુ ઓધાછુટના કરારના સ્વરૂપનો સમાસ ઉધ્ધડ, સાંથ, સ્ટાંપનિબંધનો પરિશિષ્ટની કલમ ૨૦ (ગ) માં થઇ શકે કે નહીં એ સંશય છે માટે એવિષે નોંધણીકામદાર ખુલાસો માગેછે. દસ્તાવેજને રૂ. ૨-૪-૦ નો સ્ટાંપ છે.

ઠરાવ.

અમુક દસ્તાવેજ ગીરોખત છે, પટો છે, વેચાણ ખત છે, કે બીજો કોઇ લેખ છે. એ બાબતનો નિર્ણય તે દસ્તાવેજમાં તેને જે નામ આપ્યુંહોય તે ઉપરથી માત્ર કરવાનો નથી. તે દસ્તાવેજની ઇબારત તથા તે દસ્તાવેજ ઉપરથી પક્ષકારોના જે કાયદાસર હક્ક ઉત્પન્ન થાયછે તે ઉપરથી કરવાનો છે. (જુઓ ઈં. લા. રીપોર્ટ ૨ મુંબાઇ સીરીઝ, શુભા ભટ વિ. વાસુદેવભટ. પાન ૧૧૩).

ગીરોના વેહેવારમાં મુળ વેહેવાર કરજ બાબેનો હોય છે ને તે કરજના તારણ સારૂ આપેલી સ્થાવરમિલકતના સંબંધે ગીરો આપનારને પોતાની મિલકત છોડાવી લેવાનો તથા ગીરોરાખનારને પોતાના પૈસા વ્યાજસાથે વસુલ કરી લેવાનો માર્ગ હોયછે. ગીરો આપેલી મિલકતની ઉપજનો હિસાબ લેવાની જરૂર નહીં રાખતાં તે ઉપજમાંથી કરજે આપેલી વ્યાજ મુદલ સુધાં રકમનો ફડચો થવાની મુદત કરારની વખતે નક્કી થવાથી તે વેહેવારનું ગીરોનું સ્વરૂપ નષ્ટ થતુંનથી. (જુઓ બસંતલાલ વિ. તાપેશ્રીરાય. ઇં. લા. રી. આલહાબાદ સીરીજ, વા. ૩, પૃ૪ ૧; દારાપા વિ. કુંડકરી, મદ્રાસ

હા. કો. રી. વાં. ૩ પાન ૩૬૨; મશુક અમીન વિ. મરમરેડી, મદ્રાસ, હા. કો. રી. વા. ૮, પૃષ્ઠ ૩૧; તથા એક્તારફી હીલ, ઈં. લા. રી. કલકત્તાસીરીજ, વા. ૮ પૃષ્ઠ ૨૫૪).

ઉપરના ધોરણથી સાંમતના દસ્તાવેજના સ્વરૂપનો નિર્ણય કરવો જોઈએ. એ દસ્તાવેજમાં મુદ્દલ રૂ. ૪૭૦ તથા તેના વ્યાજના બદલામાં દસ્તાવેજ લખીઆપનારે પોતાનું ખેતર વરસ ૯ સુધી દસ્તાવેજ લખીલેનારના કબજામાં સોંપ્યુંછે, તેમજ કોઇ વરસમાં અસમાની સુલતાની થાય તો ખેતરની ઉપજ એકવરસ વધારે ખાવા આપવાનો તથા ઉપજ સંબંધે હરકત કરવી કરાવવી નથી, ને હરકત થઇ સરકારમાં કામ ચાલે તેનો જવાબ અમારે તથા અમારા વંશવારસોને આપવોછે, એવા કરાર છે. સદરહુ પ્રમાણે દસ્તાવેજમાં વ્યાજ મુદ્દલની રકમના થાળમાં મિલકત ગીરો આપેલી છે ને રૂપીઆ વસુલ થવામાં કોઇ વરસ અસમાની સુલતાનીની હરકત થાય તો દસ્તાવેજમાં ઠરેલી મુદત વધવાની છે. માટે પ્રસ્તુતનો દસ્તાવેજ ગીરોખત છે એમ અમો ઠરાવીએ છીએ.

સાંમતના કામમાં પક્ષકારોએ જમીનની ઉપજ જે ધારેલી છે તેમાં અસમાની સુલતાનીની હરકત થાય તો દસ્તાવેજમાં લખેલી મુદત વધવી જોઈએ એવો કરાર છે, તેથી એ કરાર અબદુલભાઈ વિ. કાસી, ઈં. લા. રી. મુંબાઇ સીરીજ, વા. ૧૧, પૃષ્ઠ ૪૬૨ માં કહેલા કરારથી ભિન્ન છે.

હાલના કામનો દસ્તાવેજ રૂ. ૪૦૦ નો છે ને તેને રૂ. ૨ નો સ્ટાંપ લગાડવો જોઇએ તે કરતાં રૂ. ૦–૪–૦ નો વધારો લગાડેલો છે એટલે સ્ટાંપ બાબે કાંઇ જોવાનું રેહેતું નથી.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓ સાહેબની રૂબરૂ*.

ફેસલ તારીખ ૩૧ ડિસેંબર સન ૧૮૯૦.

સૈયદ બાપુમીયાં અલામીયાં તથા પીરેમ કરસન મનોર રેહેવાશી અમપુર તાબે અમરેલી. } દસ્તાવેજ લખાવી લેનાર.

સૈયદ મહમદઅલી વલદે રસલમીયાં રેહેવાશી અમરપુર તાબે અમરેલી. } દસ્તાવેજ લખી આપનાર.

(નવા સ્ટાંપ નિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલોછે).

ઓધાછુટનો દસ્તાવેજ—ગીરોખત—પરિશિષ્ટ ૧, રકમ ૯ પ્રમાણે સ્ટાંપની લાગત.

દસ્તાવેજમાં રૂ. ૫૦૦ કરજે લીધા છે. અને તે રૂપીઆના થાળમાં રિણુકોઅ જમીન ધનકોના કબજામાં સોંપેલી છે ને ઠરેલી મુદતમાં અસમાની સુલતાની થાય તો થાળની મુદત વધવાનો દસ્તાવેજમાં કરાર છે. એવા પ્રકારનો ઓધાછુટનો દસ્તાવેજ ગીરોખતમાં આવે છે અને તે પ્રમાણે સ્ટાંપ જોઇએ.(પરિશિષ્ટ ૧, રકમ ૯).

દી. સ્ટાં. ખુ. ર. નંબર ૩૭ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૩૧-૧૨-૯૦નો ઠરાવ હાલના લેખને લાગુ થાયછે(૧).

હકીકત.

આ કામ રા. અમરેલી તાલુકાના નોંધણીકામદારે જા. નં. ૪ તા. ૨૦-૩-૯૦ની યાદીથી અમરેલી પ્રાંતના મેહેરબાન નોંધણીસરકામદાર તરફ મોકલ્યું તે તેમના શેરા નંબર ૭૨૩. તા. ૭-૫-૯૦ થી આ કોરટ તરફ સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ મુજબ નિર્ણય થવા માટે આવ્યુંછે.

ઉપર લખેલા દસ્તાવેજ કરીઆપનારે સંવત ૧૯૪૬ ના ફાગણ વદી ૧૩ વાર બુધ, તા. ૧૯ માર્ચ સન ૧૮૯૦, ના રોજ દસ્તાવેજ કરી આપ્યોછે. તેમાં મુદ્દાનો મજકુર નિચે પ્રમાણે છે:—

"તમારા પાસેથી કરજાઉ રૂ. ૫૦૦ અંકે પાંચસો રોકડા રાણીશિક્કાના

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૪૧ સન ૧૮૮૯-૯૦. (૧) આ ઠરાવ પછવાડે પૃ ૧૨૩ ઉપર છાપેલોછે.

રાજેશ્રી ઢુંઢીબા દાજીને દેવુ સારૂ તથા પરચુરણ વાપરવા સારૂ લીધાછે. તે રૂપીઆના થાળમાં તમારા કબજામાં અમારા કૃપાળગીરાસની(૧) જમીન વીઘાં ૩૮-૪-૦ સૂરવે નંબર ૨૪વાળું ખેતરનું કટકું ૧. મોજે ગીરીયા, તાબે અમરેલી, એ ગામમાં નામે(?) ઢુંઢીબા દાજીને ત્યાં હતું તે તમારા કબજામાં સોંપ્યુંછે. તો સદર ખેતર તમો વરસ ૨૧ માટે ખેડી ખાજો. તે ખેતરની ચતુર્શિમા નીચે મુજબ * * એ રીતે ચતુર્શિમા વાળી જમીનનું કટકું ૧ તમોને વરસ ૨૧ અંકે એકવીસ માટે તમારા પાસેથી ઉપર લખ્યા રૂ. ૫૦૦ અંકે પાંચસો લેઇ સંવત ૧૯૪૭ ની અવલ સાલથી સંવત ૧૯૬૮ ની આખર સાલ સુધી તમોને કબજા સહ સોંપ્યુંછે, તે તમો તમારી મુખત્યારીથી ખેડી ખેડાવી ખાજો, અને તેની ઉપજ પડધું પાન કડબ કાંટો જે આવે તે તમામ ઉપર લખ્યા વરસ સુધી તમે લેજો. એમાં અમારો કંઇ હક્ક નથી, તેમાં કશી તકરાર કરવી નથી. અને ઉપર લખ્યા વરસમાં કોઇ સાલ અસમાની સુલતાની થાય તો તમોને તે મજરે દેવીછે, એ (વિષે) કશી તકરાર કરવી નથી. * *

સહી. સાક્ષી.

* * * * * *

નોંધણીકામદાર ઉપરની યાદીમાં એવો અભિપ્રાય આપેછે કે, આવા કરારના દસ્તાવેજ "ઓધાછુટના" નામથી, પ્રસિદ્ધ છે, આજ સુધી આવા કરારને સ્થાવર કબજાગીરો એ સદરમાં ગણવામાં આવતા, પણ નવા સ્ટાંપનિબંધના સંબંધથી ગીરોમાં માનવાને સંશયછે તો સ્ટાંપનિબંધના પરિશિષ્ટ નંબર ૧ની કલમ ૨૦ ની રકમ (ગ) પ્રમાણે ઉધ્ધડ, સાંથમાં સમાસ થઇ શકશે કે કેમ? જો ગીરો સમજવામાં આવે તો પરિશિષ્ટ ૧ ની કલમ ૮ પ્રમાણે સ્ટાંપ જોઇએ. ઉધ્ધડ સાંથ બાબત પરિશિષ્ટની કલમ ૨૦ રકમ (ગ)ના લાગતમાં તફાવત છે. તે જો લાગુ કરવામાં આવે તો લોકો ઉપર સ્ટાંપનો બોજો વધારે પડશે માટે લોકો ઉપર બોજો કમી પડવા સારૂ જે વહિવટ ચાલેછે તે પ્રમાણે સ્થાવર કબજાગીરોનોજ દસ્તાવેજ માની સ્ટાંપ ગીરો બદલ લેવા વિષે છે.

નોંધણીસરકામદાર સાહેબનો અભિપ્રાય છે કે, દસ્તાવેજ કબજા સહીત એટલે ઘરાણીયો છે, અને તેને સ્ટાંપ કલમ ૨૦ મુજબ નહીં લાગતાં કલમ ૮ પ્રમાણે ખત તરીકે લગાડેલો છે તે બરોબર છે. દસ્તાવેજને રૂ. ૨-૮-૦ નો સ્ટાંપ લગાડેલો છે.

---

(૧) કૃપાળગીરાસનો અર્થ—" Lands or rights received by Bhayats in appanage. Kattiavar Directory page 4-9*a*.

ઠરાવ.

પ્રસ્તુતના દસ્તાવેજમાં રૂપીઆ કરજે લીધેલા છે ને તે રૂપીઆની થાળમાં રિણકોએ જમીન ધનકોના કબજામાં સોંપેલી છે. ને ઠરેલી મુદતમાં અસમાની સુલતાની થાય તો થાળની મુદત વધવાનો દસ્તાવેજમાં કરાર છે. એવા પ્રકારના કરાર જે દસ્તાવેજમાં હોય તે ગીરોખતની વ્યાખ્યામાં આવે છે. એ બાબેનાં વિસ્તાર પૂર્વક કારણો સ્ટાંપ ખુલાસા નંબર ૩૬ સને ૧૮૮૯-૯૦ ફેસલ તારીખ ૩૧ માહે ડિસેંબર સને ૧૮૯૦(૧) માં આપેલા છે. માટે સાંપ્રતનો દસ્તાવેજ ગીરોખત છે. એમ અમે ઠરાવીએ છીએ. દસ્તાવેજને સ્ટાંપ રૂ. ૨-૮-૦ નો લગાડેલો છે તે બરાબર છે.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓસાહેબની રૂબરૂ*.

ફેસલ તારીખ ૩૧ ડિસેંબર સન ૧૮૯૦.

આયર હમીરમેપા રેહેવાશી માલવણ. દસ્તાવેજ લખાવી લેનાર.

વાલા વોલદાન સુથા રેહેવાશી માલવણ. દસ્તાવેજ લખીઆપનાર.

(નવીન સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

ઓધાછુટનો દસ્તાવેજ —ગીરોખત— પરિશિષ્ટ ૧ રકમ ૯.

દસ્તાવેજમાં રૂપીઆ ૧૨૦૦ કરજે લીધાછે અને તે રૂપીઆના થાળમાં રિણકોએ જમીન ધનકોના કબજામાં વરસ ૧૧ સુધી સોંપેલીછે ને ઠરેલીમુદતમાં અસમાની સુલતાની થાય તો થાળની મુદત વધવાનો દસ્તાવેજમાં કરારછે. એવા પ્રકારનો ઓધાછુટનો દસ્તાવેજ ગીરોખતમાં આવેછે. અને તે પ્રમાણે સ્ટાંપ જોઈએ. (પરિશિષ્ટ ૧ રકમ ૯).

ડી. સ્ટાં. ખુ. ર. નંબર ૩૭ સન ૧૮૮૯-૯૦ ફેસલ તારીખ ૩૧-૧૨-૯૦ નો ઠરાવ (૨) હાલના લેખને લાગુ થાયછે.

---

(૧) આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૧૨૩ ઉપર છે તે જુઓ.

* ડી. સ્ટાં. ખુ. ર. નંબર ૪૨ સન ૧૮૮૯-૯૦. (૨) આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૧૨૩ ઉપર છાપેલો છે.

હકીકત.

આ કામ અમરેલીતાલુકાના નોંધણીકામદારે જા. નંબર ૧૬ તારીખ ૨૨-૩-૯૦ની યાદીથી અમરેલીપ્રાંતના નોંધણીસરકામદાર સાહેબ તરફ મોકલ્યું છે તે તેમના તરફથી નંબર ૭૨૪ તારીખ ૭-૫-૯૦ ના શેરા સાથે સ્ટાંપનિયમની કલમ ૧૧ મુજબ ખુલાસો થવા સારૂ આ કોરટ તરફ આવ્યું છે.

ઉપર લખેલા દસ્તાવેજ કરીઆપનારે સં. ૧૯૪૬ ના ચૈત્રશુદી ૨ વાર શનિ તા. ૨૨ માર્ચ સન ૧૮૯૦, ના રોજ દસ્તાવેજ કરી આપ્યો છે તેમાંનો મુદ્દાનો મુજકુર નિચે પ્રમાણે છે:—

"તમારી પાસેથી આજરોજ રૂ. ૧૨૦૦ અંકે બારસો કંપની રોકડા લીધાછે તેના થાળમાં અમારા મુળ ગીરાસની જમીનનાં ખેતરના કટકા ૩ વીઘાં ૧૦૫ ના તથા વાડી એક તેમાંહેલો અમારો ભાગ ચોથાનાં વીઘાં ૫ એ રીતે એકંદર વીઘાં ૧૧૦ લખી આપુંછું. * * * * *
સદરહુ ખેતર તથા વાડી ઉપર લખ્યા રૂ. ૧૨૦૦ માં આઘાછુટ વરસ ૧૧ ના કરારે લખી આપુંછું. તો સદરહુ ખેતરવાડી તમે તમારે કુલમુખત્યારીથી ખેડી અગર ગમે તે ખેડુપાસેથી ખેડાવી જે ઉપજ આવે તે સં. ૧૯૪૭ ના અવલ સાલથી તે સં. ૧૯૫૭ ની આખર સાલસુધી તમામ ઉપજ લેજો. તેમાં હમારે હરકત કરવી નથી. ઉપર લખ્યા વરસમાં અસમાની સુલતાની થાય (તો) ઉપર લખ્યાં વરસ પુરાં થયે જ્યાસ્તી વરસ મજરે દેવા. ઉપરની મુદતમાં હરકત અગર નુકસાન થશે તેની જવાબદારી અમારા શિર છે. * * *. જમીન સંબંધે અમારા ભાઇ ભત્રીજા તરફથી કોઇ જાતની હરકત થશે તો તે અમારા ખરચથી દુર કરી દેવી. તમો કરશો તો તે ખરચના રૂપીઆ વ્યાજ ટક્કા એક સાથે જમીન છોડાવતી વખતે મજરે આપવા છે. સદરહુ દસ્તાવેજ અમે અમારી રાજીખુશીથી તબીયત ઠેકાણે રાખી બાન કરે લખીઆપ્યોછે."

સહી. સાક્ષી.

* * * * * *

નોંધણીકામદાર તથા નોંધણીસરકામદાર સાહેબ એમણે કાંઇ અભિપ્રાય આપેલો નથી. દસ્તાવેજ રૂ. ૭ ના સ્ટાંપ ઉપર છે.

ઠરાવ.

પ્રસ્તુતના દસ્તાવેજમાં રૂ. ૧૨૦ શેકડા લેઇ તેની થાળમાં જમીન ધનકોના કબજામાં રિણકોએ સોંપેલી છે ને ઠરેલી મુદતમાં અસમાની સુલતાની થાય તો થાળની મુદત વધવાનો કરાર છે, તથા જમીનના કબજાને હરકત ન કરવા વિષે તથા રિણકો તરફથી નુકસાન થાય તો તેની જવાબદારી રિણકોએ પોતાના માથે લીધા વિષે દસ્તાવેજમાં કરાર છે. એવા પ્રકારના કરાર જે દસ્તાવેજમાં હોય તે દસ્તાવેજ ગીરોખતની વ્યાખ્યામાં આવેછે, એ બાબેનાં વિસ્તાર પૂર્વક કારણો, સ્ટાંપ ખુલાસા નંબર ૩૭ સન ૧૮૮૯-૯૦ ફેસલતા. ૩૧ માહે ડિસેંબર સન ૧૮૯૦ ના(1) કામમાં આપેલાં છે. માટે સાંપ્રતનો દસ્તાવેજ ગીરોખત છે એમ અમો ઠરાવીએ છીએ. દસ્તાવેજને રૂપીઆ ૭ નો સ્ટાંપ લગાડેલો છે તે બરોબર છે.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓ સાહેબની રૂબરૂ. *

તારીખ ૩૧ ડિસેંબર સન ૧૮૯૦.

ઠક્કર કુરજી માધા રેહેવાશી અમરેલી. દસ્તાવેજ લખાવી લેનાર.

કાજી ફજુભાઇ મહંમદભાઇ રેહેવાશી અમરેલી. દસ્તાવેજ લખીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલોછે).

ઓધાક્રુટનો દસ્તાવેજ—ગીરોખત—પરિશિષ્ટ ૧ રકમ ૯.

દસ્તાવેજમાં રૂપીઆ ૧૦૦ કરજે લીધા છે. અને તે રૂપીઆના થાળમાં રિણકોએ જમીન ધનકોના કબજામાં વરસ ૧૦ સુધી સોંપેલી છે, ને ઠરેલી મુદતમાં અસમાની સુલતાની થાય તો

---

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૧૨૩ ઉપર છે તે જુઓ.

* ડી. સ્ટાં. ખુ. ૨. નંબર ૧૭ સન ૧૮૮૯-૯૦. આ ઠરાવ વડોદરાવત્સલમાં તા. ૧૪-૬-૯૧ ના રોજ પૃષ્ઠ ૭ ઉપર છાપેલો છે.

થાળની મુદત વધવાનો દસ્તાવેજમાં કરાર છે. એવા પ્રકારનો ઓધાછુટનો દસ્તાવેજ ગીરોખતમાં આવે છે. અને તે પ્રમાણે સ્ટાંપ હોવો જોઈએ. (પરિશિષ્ટ ૧ રકમ ૯.)

દી. સ્ટાં. પ્રુ. ર. નંબર ૩૭ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૩૧-૧૨-૯૦ નો ઠરાવ હાલના લેખને લાગુ થાય છે (૧).

હકીકત.

આ કામ અમરેલીતાલુકાના નોંધણીકામદારે જાવક નંબર ૭ તા. ૩ જૂન સન ૧૮૯૦ ની યાદીથી અમરેલીપ્રાંતના નોંધણીસરકામદાર સાહેબ મારફત સ્ટાંપ નિબંધ સંબંધે નોંધણીખાતાં માટે થયેલા નિયમની કલમ ૧૧ મુજબ નિર્ણય થવા માટે આવ્યું છે;—

ઉપર લખેલા દસ્તાવેજ કરીઆપનારે સંવત ૧૯૪૬ ના પોસ શુદિ.૪ વાર ગુરૂ, તા. ૨૬ ડિસેંબર સન ૧૮૮૯, ના રોજ દસ્તાવેજ કરી આપ્યો છે. તેના મુદ્દાનો મજકુર નિચે પ્રમાણે છે.

" તમારી પાસેથી કરજે રૂ. ૧૦૦ અંકે રૂપીઆ સો કંપની રોકડા નગદી લીધા છે. આ રૂપીઆના થાળમાં તમારા કબજામાં અમારી કપાળગીરાસની જમીન અમરેલીની શીમમાં નામે ચોબનવાડીની છે. તે જમીનમાંથી જમીન વિઘાં ૨૫ તમોને ઉપર લખ્યા રૂપીઆના બદલામાં વરસ ૧૦ ખેડીખાવા સોંપી આપી છે. તેની ચતુઃશિમા નિચે મુજબ.— * * * *
એરીતે ચતુઃ શિમાવાલી જમીન વિઘાં ૨૫) અંકે પચીસ તમારા પાસેથી ઉપર લખ્યા રૂપીઆ લેઇ વરસ ૧૦ અંકે દસ વરસ તમને ખેડીખાવાને કબજે સોંપી છે. સદરહુ જમીન તમો સં. ૧૯૪૬ સાલથી સં. ૧૯૫૬ ની સાલસુધી એટલે આખેર સાલસુધી ખેડીખાજો, અને દસવરસમાં કોઇ સાલ અસમાની સુલતાની વરસ થાય તો સદરહુ વરહા અમારે તમોને મજરે દેવું. * * * *
સદરહુ જમીનમાં કંઇ સરકારી હરકત થાય તો તે અમારે શિર છે. જમીનની જે

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૧૨૩ ઉપર છાપેલો છે.

ઉપજ પડયું પાન વિગેરે થાય તે તમો ખાજો. મુદત પુરી થએ કબજો અમોને સોંપવો. દસ્તાવેજ રાજી ખુશીથી લખી આપ્યો છે".

સહી. સાક્ષી.

* * * * * * * *

નોંધણીકામદાર ઉપરની યાદીમાં આ દસ્તાવેજને આ દેશમાં ઓઘાછુટનો દસ્તાવેજ કહે છે એમ કહે છે ને તે સ્થાવર કબજાગીરોના સ્વરૂપનો માનવામાં આવે છે. તેને સ્ટાંપનિબંધના પરિશિષ્ટ ૧ કલમ ૮ પ્રમાણે સ્ટાંપ છે તે બરોબર છે એમ તેમનો અભિપ્રાય છે. પણ ઓઘાછુટના કરારના સ્વરૂપનો સમાસ ઊહ્ડ સાથ સ્ટાંપનિબંધના પરિશિષ્ટની કલમ ૨૦ (ગ) માં થઇ શકશે કે નહીં એ બાબેના સંશય આવવાથી ખુલાસો પુછેલો છે. નોંધણીસરકામદાર સાહેબે કાંઇ અભિપ્રાય આપ્યો નથી. દસ્તાવેજ રૂ. ૦–૮–૦ આઠ આનાના સ્ટાંપ ઉપર છે.

ઠરાવ.

પ્રસ્તુતના દસ્તાવેજમાં રૂપીઆ કરજે લીધેલા છે ને તે રૂપીઆની થાળમાં રિણકોએ જમીન ધનકોના કબજામાં સોંપેલી છે ને ઠરેલી મુદતમાં અસમાની સુલતાની થાય તો થાળની મુદત વધવાનો દસ્તાવેજનાં કરાર છે. એવા પ્રકારના કરાર જે દસ્તાવેજમાં હોય તે ગીરોખતની વ્યાખ્યામાં આવે છે એ બાબેનાં વિસ્તારપૂર્વક કારણો સ્ટાંપખુલાસા નંબર ૩૭ સન ૧૮૮૯–૯૦, ઈસવી તા. ૩૧ માહે ડિસેંબરે સને ૧૮૯૦માં આપેલાં છે. માટે સાંપ્રતનો દસ્તાવેજ ગીરોખત છે, એમ અમે ઠરાવીયે છીએ. આ દસ્તાવેજને સ્ટાંપ રૂ. ૦–૮–૦ નો લગાડેલો છે તે બરોબર છે.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્જ, એઓસાહેબની રૂબરૂ*.

તા. ૩૧ ડિસેંબર સન ૧૮૯૦.

રાવળ સામળ હરીભાઈ તથા રાવળ અદેસંગ હરીભાઈ રેહેવાશી ડભોઉ.	દસ્તાવેજ કરીલેનાર.
બાઇ સરદાર તે રાવળ જીવા હમલની વિધવા સ્રી રેહેવાશી મજકુર.	દસ્તાવેજ કરી આપનાર.

(નવીન સ્ટાંપનિબંધ સબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

બક્ષીસપત્ર—પરિશિષ્ટ ૧ રકમ ૨૪.

દસ્તાવેજ લખીઆપનારે દસ્તાવેજ લખીલેનારને એવીરીતે મુદ્દાનું લખી આપ્યું કે " મારી તમામ સ્થાવર જંગમ મિલકતના વારસ તમે છો, માટે મારી તમામ સ્થાવર જંગમ મિલકત તમો માલિક-હક્કે ઉપભોગ કરી ભોગવજો તેમાં હરકત કરીએ નહીં ને કરીએ તો રદ છે". એવા પ્રકારનો દસ્તાવેજ બક્ષીસપત્ર છે અને તે પ્રમાણે સ્ટાંપ જોઈએ. (પરિશિષ્ટ ૧ રકમ ૨૪).

હકીકત.

આ કામ રા. વસો નોંધણીકામદારે મેહેરબાન વડોદરા પ્રાંતના સરકામદાર તરફ યાદી નંબર ૬૪ તા. ૨૩–૧૨–૯૦ ની લખી તેઉ સાહેબ તરફથી નંબર ૬૨૬ તારીખ ૨૪–૧૨–૯૦ થી આ તરફ નિર્ણય થવા સારૂં મોકલેલું છે. (નિયમની કલમ ૧૧ મુજબ.).

ઉપર લખેલા પક્ષકારોના દરમ્યાન સંવત ૧૯૪૭ માગશર શુદી ૯ શનિવાર, તારીખ ૨૦ ડિસેંબર સન ૧૮૯૦, ના રોજ દસ્તાવેજ થયોછે. તેમાં મુદ્દાનો મજકુર નીચે પ્રમાણે લખ્યોછે:—

"હમારા ધણી ગુજરી ગયાછે. ને મારે પેટે પુત્ર કે પુત્રી કાંઇ ફરજંદ નથી કે વારસાઇ હક્કે માહારી મિલકત ભોગવે, અને તમો હમારા જેઠ થાઓછો, જેથી

---

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૬૯ સન ૧૮૯૦-૯૧. આ ઠરાવ વડોદરાવત્સલમાં તારીખ ૧૪-૬-૯૧ ના રોજ પૃષ્ઠ ૭ ઉપર છાપેલો છે.

સિધીલિટીના વારસ તમો છો, તથા મારી પાછળ કોઇમિલકત ભોગવનાર (પુત્ર કે પુત્રી) સંતાન નહીં હોવાથી મારી તમામ સ્થાવરજંગમમિલકતના વારસ તમોછો. માટે મારી તમામ સ્થાવરજંગમમિલકત તમો માલકીહકકે ઉપભોગ કરી ભોગવો. તેમાં હરકત કરીએ નહીં ને કરીએ તો રદ છે, આપણા જ્ઞાતિરિવાજ મુજબ મને જીવતાં પાળી મુવે બાળી ઉત્તરક્રિયા કરવી; તથા હમારી નણંદ જે કે તમારી બેનને જ્ઞાતરિવાજ મુજબ લુગડાં હું તથા મારા ધણી કરતા તે પ્રમાણે હવેથી તમારે કરવું. આ દસ્તાવેજ વારસાબદ્દલ નહીં કર્યો હોત તો પણ હમારી સિધીલિટીના વારસ તમો છો. × ×.

સહી. સાક્ષ.

* * * * * * *

આ દસ્તાવેજ સાદા કાગળ ઉપર થયેલો છે.

આ દસ્તાવેજ વિષે, રા. નોધાણીકામદારે ઉપરની પોતાની યાદીમાં એવો અભિપ્રાય આપ્યો છે કે, સદરહુ દસ્તાવેજનો સ્ટાંપનિબંધ પરિશિષ્ટ ૧ માં સમાવેશ થતો નથી માટે તેને સ્ટાંપની માફી હોવી જોઇએ. મેહેરબાન સરકામદારે પોતાના શેરાના લખાણમાં પોતાનો કાંઇ ખાસ અભિપ્રાય આપેલો નથી.

ઠરાવ.

પ્રસ્તુતનો દસ્તાવેજ વાંચી જોતાં તેમાં દસ્તાવેજ લખી આપનારે દસ્તાવેજ લખી લેનારને લખી આપ્યું છે કે, "મારી તમામ સ્થાવર જંગમમિલકતના વારસ તમે છો માટે મારી તમામ સ્થાવરજંગમમિલકત તમો માલીકહકકે ઉપભોગ કરી ભોગવો, તેમાં હરકત કરીએ નહીં ને કરીએ તો રદ છે." સદરહુ પ્રમાણે મજકુર હોવાથી દસ્તાવેજ લખીઆપનારે પોતાની હયાતીમાં મિલકત ઉપરનો પોતાનો હક્ક ઉઠાવી લેઇ માલકીહક્કથી દસ્તાવેજ લખીલેનારને મિલકત આપીછે. માટે એ દસ્તાવેજ બક્ષીસપત્ર છે એમ અમો ઠરાવીએ છીએ. દસ્તાવેજમાં દસ્તાવેજ લખીઆપનારનું પાલણપોષણ કરવાવિષે વિગેરે લખેલું છે એટલાજ કારણથી તે બક્ષીસપત્રની વ્યાખ્યામાંથી બાતલ થઇ શકતો નથી માટે સાંપતના દસ્તાવેજને બક્ષીસપત્ર માની તે પ્રમાણે સ્ટાંપ લેવો.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓસાહેબની રૂબરૂ.*

તારીખ ૧ જાનેવારી સન ૧૮૯૧.

ખંડેરાવ રામચંદ્ર ખળદકર, રેહેવાશી અમરેલી. દસ્તાવેજ કરીલેનાર.

વાલા ભીમા હરસુર રેહેવાશી ગાવડકા. દસ્તાવેજ કરીઆપનાર.

('નવીન સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતામાટે થયેલા નિયમની કલમ ૧૧પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલોછે.)

ઓઘાછુટનો દસ્તાવેજ—ગીરોખત--પરિશિષ્ટ ૧ રકમ ૯.

ઓઘાછુટનો દસ્તાવેજ હોવાથી તે ગીરોખતમાં આવે છે, અને તેને સ્ટાંપ પરિશિષ્ટ ૧ રકમ ૯ પ્રમાણે જોઇએ.

દી. સ્ટાં. ખુ. ર. નંબર ૩૭, સન ૧૮૮૯–૯૦ ફેસલ તા. ૩૧–૧૨–૯૦ (૧) ઠરાવ હાલના લેખને લાગુ થાય છે.

હકીકત.

આ કામ અમરેલીતાલુકાના નોંધણીકામદાર તરફથી યાદી નંબર ૭૧ તા. ૨૧ નવેંબર સન ૧૮૯૦, સાથે અમરેલીપ્રાંતના મેહેરબાન નોંધણીસરકામદાર માર્ફત નવીન સ્ટાંપનિબંધ સંબધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે આ કોરટ તરફ નિર્ણય થવા સારૂ મોકલ્યું છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમ્યાન સંવત ૧૯૪૭ ના કારતક શુદિ ૯ વાર ગુરૂ, તા. ૨૦ નવેંબર સન ૧૮૯૦, ના રોજ દસ્તાવેજ થયોછે. તેમાંનો મુદ્દાનો મજકુર નિચે પ્રમાણે છેઃ —

"જત અમારા બાપ હરસુર વેજનંદના ખાતાપૈકી રૂ. ૭૨૫ અંકે સાતસો પચીસ કલદાર મારા ભાગના લીધેલાછે. તેના આજરોજ દસ્તાવેજ લખી આપીએછીએ કે સદરહુ રૂપીઆની થાળમાં અમારા કપાળગીરાસની જમીનનો કડકો એક સરવે

---

* દી. સ્ટાં. ખુ. ર નંબર ૫૯ સન ૧૮૯૦–૯૧. (૧) આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૧૨૩ ઉપર છાપેલો છે.

નંબર ૧૯૨ વિઘાં ૭૫–૫ આકાર રૂ. ૮૨નો હરસુર વેજાનંદના નામમો છે તેમાં અમારો અર્ધભાગ છે તે ઉપર લખ્યા રૂપીઆની થાળમાં કબજા સમેત લખી આપીએ છીએ. તેની ચતુઃશીમા:— * * * ઉપર લખ્યા રૂપીઆ ૬૭૫ પૈકીની મુદત વરસ ૧૪ ની એટલે સં. ૧૯૪૮ થી તે સં. ૧૯૬૧ આખરૂ સાલ સુધી કરી છે. તો તેટલી મુદત સરદહુ જમીનૂ તમોએ તમારે કબજે રાખી જે ઉપજ આવે તે સદરહુ રૂપીઆમાં ખાજો તેમાં અમારે કાંઇ તકરાર કરવી નથી, આ જમીન તમોને વરસ ૧૪ ઓઘાછુટ આપેલી છે.

૨. સદરહુ જમીન તમે જાતે ખેડો અગર ગમે તે ખેડુ પાસેથી ખેડાવો તેમાં અમારે કોઇ જાતની તકરાર કરવી નથી.

૩. જમીનની જમે હમારે સરકારમાં ભરવી પડે છે, તે તથા હવે પછી બીજો કોઇ ઠરાવ થાય તે અમો આપીશું. અમો ન આપીએ અને તમને દેવીપડે તો રૂપીઆ ટકા ૧ાા ના વ્યાજથી જમીન છોડાવતી વખતે જે થાય તે આપી છોડાવવી છે.

૪. જમીન સંબંધી સરકારથી અમારા ભાઈભત્રીજા તરફથી હરકત થાય તે અમે દૂર કરીશું. તમોને દૂર કરવામાં ખર્ચ થાય તે વ્યાજ ટકા ૧ાા પ્રમાણે ગણી જમીન છોડાવતી વખતે આપવું છે.

૫. જમીન ખેડવાની મુખ્તીયારી તમારી છે.

૬. આ જમીન તમારા શિવાય બીજા કોઇના થાળમાં નથી.

૭. ઉપર લખ્યા રૂ. ૬૭૫ અંકે છસો પંચોતેર ઉપર લખ્યા જમીનનાં નંબરનો અરધ ભાગ વરસ ૧૪ સુધી તમોને ખાવા આપ્યો છે. અને રૂપીઆ ૫૦ અંકે પચાસ અંગઉધાર છે. તે બેમાસે આપવા. બેમાસે ન આપીએ તો તેનું વ્યાજ દર સેંકડે રામ બાર પ્રમાણે આપવું છે.

૮. ઉપર લખ્યા વરસ ૧૪ માં અસમાની સુલતાની એટલે બાંટાં થાય તો તે વરસનું વ્યાજ ટકા ૧ પ્રમાણે મજરે દેવું.

એ રીતે કરારથી આ દસ્તાવેજ અમોએ રાજી ખુશીથી તથા અકલહુંશિયારીથી તબીયત ઠેકાણે રાખી બીનકેફે લખી આપ્યો છે. તે અમારે તથા અમારા વંશવારસોને કબૂલ મંજૂર છે.

સર્વેનંબર ૧૯૨ ખેરડીના કેડાવાળું છે. ને રૂપીઆ ૫૦ અંગઉધાર છે. તેનું ખાતું અલાહીદું કરી આપ્યું છે.

સહી. સાક્ષી.

* * * * * *

આજમ નોંધણીકામદાર પોતાની ઉપલી યાદીમાં એમ દર્શાવે છે કે આ દસ્તાવેજને નિબંધના પરિશિષ્ટ ૧ ની કલમ ૮-૯ પ્રમાણે સ્ટાંપ બરોબર છે. મેહેરબાન નોંધણીસરકામદારનો અભિપ્રાય છે કે, આંધાછુટના દસ્તાવેજને ગીરોખતના પેટામાં ગણવો. દસ્તાવેજને રૂ. ૪ નો સ્ટાંપ લગાવ્યો છે.

ઠરાવ.

પ્રસ્તુતના દસ્તાવેજમાં રિણકોએ પોતાના બાપ હરસુર વેજાનંદના ખાતા પૈકી રૂ. ૭૨૫ અંકે સાતસો પચીસ કલદાર મારા ભાગે આવ્યા છે. એમ કહી તે રૂપીઆ પૈકી રૂ. ૬૭૫ ની થાળમાં જમીન ૧૪ વરસ ધનકોના કબજામાં સોંપેલી છે. ને ઠરેલી મુદતમાં અસમાની સુલતાની થાય તો તે વરસનુ વ્યાજ ટકા ૧ પ્રમાણે મજરે દેવાનો કરાર કરી આપ્યો છે. એવા પ્રકારના કરાર જે દસ્તાવેજમાં હોય તે ગીરોખતની વ્યાખ્યામાં આવે છે એ બાબેનાં વિસ્તારપૂર્વક કારણો સ્ટાંપખુલાસા નંબર ૩૭ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા ૩૧ ડિસેંબર સન ૧૮૯૦માં આપેલાં છે. માટે સાંપ્રતનો દસ્તાવેજ ગીરોખત છે એમ અમો ઠરાવીએ છીએ. દસ્તાવેજમાં બીજા રૂ. ૫૦ અંગઉધાર છે તે બે માસમાં આપવા. બે માસે ન આપીએ તો તેનું વ્યાજ દરસેંકડે રૂ. ૦-૧૨-૦ પ્રમાણે આપવું એવો મજકુર છે. એ રૂ. ૫૦ તથા ઉપર લખેલા રૂ. ૬૭૫ મળી કુલ રૂ. ૭૨૫ ઉપર રૂ. ૪ નો સ્ટાંપ લગાડેલો છે તે બરોબર છે.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓ સાહેબની રૂબરૂ*.

ફેસલ તારીખ ૧૭-૨-૯૧.

ફીયીગોર ગણપત મોતીરામ રેહેવાસી પાટણ. સ્ટાંપ ખરીદકરનાર.

(નવા સ્ટાંપ નિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ પુછેલોછે).

ભિન્ન તારીખોએ ખરીદ કરેલા સ્ટાંપકાગળ જોડી તે ઉપર થયેલો દસ્તાવેજ—નોંધણીનિબંધની કલમ ૩૮ તથા નિયમની કલમ ૬૪ તથા નવીનસ્ટાંપ સંબંધે નોંધણીખાતા માટેથયેલા નિયમની કલમ ૫—સ્ટાંપનિબંધની કલમ ૩ રકમ ૧૦, કલમ ૨૯, ૮, તથા ૪૮—સ્ટાંપ નિયમની કલમ ૭.

ભિન્નતારીખે ખરીદ કરેલા સ્ટાંપકાગળ જેની ઉપર સ્ટાંપનિયમની કલમ ૭ મુજબ વેચનારનો શેરો નથી એવા સ્ટાંપકાગળ એકઠા ચોહોડી તે ઉપર થયેલો દસ્તાવેજ યોગ્ય કિંમતના સ્ટાંપકાગળ ઉપર થયેલો છતાં નિબંધની કલમ ૩ રકમ ૧૦ પ્રમાણે યોગ્ય સ્ટાંપ ઉપર થયેલો નથી એવા કારણથી નોંધણીઅમલદાર અટકાવી શકે કે નહીં, તથા નિબંધની કલમ ૩ રકમ ૧૦ પ્રમાણે યોગ્ય સ્ટાંપ ઉપર થયેલો દસ્તાવેજ કેહેવાય કે નહીં? ઠરાવ થયો કે,—

નોંધણી નિબંધની કલમ ૩૮ તથા નોંધણીનિયમની કલમ ૬૪ તથા નવીન સ્ટાંપ નિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૫ નો વિચાર કરતાં યોગ્ય કિંમતનો સ્ટાંપ ન હોય, એટલે, દસ્તાવેજ સાદા કાગળ ઉપર અથવા કમી કિંમતના સ્ટાંપ ઉપર થયો હોય તેવો દસ્તાવેજ અટકાવવા વિગેરેનો અધિકાર નોંધણીઅમલદારને આપેલોછે, તથા યોગ્ય કિંમતના સ્ટાંપ ઉપરનો દસ્તાવેજ થયેલો રૂજુ થાય તો તે નોંધી આપવો જોઇએ એવું એ ત્રણે કલમનો વિચાર કરતાં નિકળેછે, માટે હાલનો દસ્તાવેજ નોંધણીનિબંધ તથા નિયમ પ્રમાણે અટકાવવા આધાર નથી; તેજ પ્રમાણે,:---

સ્ટાંપનિબંધની કલમ ૨૯ મુજબ સ્ટાંપની કિંમત બરોબર છતાં સ્ટાંપના કાગળની સંખ્યાના કારણથી કોઈ દસ્તાવેજ અટકાવી શકાશે નહીં. સ્ટાંપ નિયમની કલમ ૭ વિરૂધ્ધ હાલનો

---

* ડી. સ્ટાં. પુ. ર. નંબર ૨૩ સન ૧૮૮૯-૯૦. આ ઠરાવ "આજ્ઞાપત્રિકામાં" તા ૨૬-૨-૯ ના રોજ પૃષ્ઠ ૩૧-૩૩ ઉપર છાપેલોછે. અને તે વળી વડોદરાવત્સલમાં તા. ૧૫-૩-૯૧ ના રોજ પૃષ્ઠ ૧૫ ઉપર છાપેલોછે.

દસ્તાવેજ છે અને એ નિયમ કાયદાના અંગના છે (કલમ ૪૮) તે અર્થે હાલના જેવા દસ્તાવેજ યોગ્ય સ્ટાંપ ઉપરના ગણાય કે નહીં ? એ પ્રશ્ન સંબંધે ઠરાવ થયો કે:-

(૧) નિબંધની કલમ ૮ તથા ૪૮ તથા તે સાથે ઇંગ્રેજી સ્ટાંપ આકટની કલમ ૯ તથા ૫૯ નો વિચાર કરતાં નિયમની કલમ ૭ માં કરેલો ઠરાવ સ્ટાંપનિબંધનો હેતુ પાર પાડવાસારૂ થયેલોછે એવું કેહેવાય નહીં, અને તેથી નિબંધની કલમ ૪૮ પ્રમાણે એ ઠરાવ થયેલોછે એવું કહી શકાતું નથી, સબબ એ નિયમ સ્ટાંપનિબંધના ધોરણથી વિસંગત તથા ગેરકાયદા કરેલાછે એમ કહેવાય. માટે એ નિયમનો ભંગ થાય તો પણ યોગ્ય કિંમતનો સ્ટાંપ હોય તો યોગ્ય સ્ટાંપન લગાડેલો દસ્તાવેજ ગણાતે નહીં;

(૨) કાયદાની ખામીઓ કેટલાએક પ્રસંગે પુરી કરી લેવાયછે પરંતુ જે કાયદાના નિયમથી પ્રજાઉપર સક્તિ અથવા વિનાકારણ બોજો અગર દંડ પડે તેવી ખામીઓ પુરી કરી લેવાય નહીં. મ્યાકસવેલ કૃત સ્ટચાટુનો ગ્રંથ આવૃતી ૨, પૃષ્ઠ ૧૭, ૩૦૪, ૩૦૫);

(૩), એ નિયમ ૭ સ્ટાંપખાતાની સોઇ માટે કરેલોછે એમ ગણવો જોઈએ અને તેનો અમલ કરવાનો બોજો સ્ટાંપવેચનાર ઉપરજ રાખવો વ્યાજબી જણાયછે. તેના કઇ પણ વરજનથી એક કરતાં અધિક સ્ટાંપકાગળો ઉપર દસ્તાવેજ થયો હોય તો તેવો દસ્તાવેજ યોગ્ય લાગત લગાડેલો ન માનવાથી રૈયતને ત્રાસ થશે ને તેમ કરવું ન્યાયનું થશે એમ દેખાતું નથી.

ઈંગ્રેજી સ્ટાંપ આકટની કલમો ૯-૫૯-૩૩ તથા ઇં. લા. રી કલકત્તા સીરીજ, વો. ૧૮ પૃષ્ઠ ૩૯ તથા ઈં. લા. રી. મદ્રાસ સીરીજ, વા ૮ પૃષ્ઠ ૩૨ એ આધાર વિચાર માટે લીધાછે.

હકીકત.

સદરહુ પ્રકરણ પાટણનોંધણીકામદારે મે. કડીમાંતના જજ્ય નોંધણીસરકામદાર એમની તરફ યાદી નંબર ૧૮૭ તા. ૫ ફેબ્રુઆરી સન ૧૮૯૦ થી મોકલ્યુ તે તેમના તરફથી શેરા નંબર ૧૧૧૨ તા. ૩ માર્ચ સન ૧૮૯૦ થી આ તરફ આવ્યું છે.

પાટણ નોંધણીકામદાર પોતાની ઉપરની યાદીમાં એમ જણાવે છે કે, "તેમની કચેરીનો રોજ નંબર ૩ તા. ૫-૨-૯૦ આ દસ્તાવેજ મિલકતનું ઘરાણીઆખત રકમ રૂ. ૪૧૮ નું છે. સદરહુ દસ્તાવેજ તા. ૨ ફેબ્રુઆરી સન ૧૮૯૦ ના રોજ થયેલો છે તે રૂ. ૨-૮-૦ ઉપર થયેલો છે તે બરોબર છે. પરંતુ અઢી રૂપીઆના એકજ કાગળ ઉપર તે દસ્તાવેજ ન લખતાં એક બે રૂપીઆનો કાગળ તા. ૨૯-૧-૯૦ ના રોજ ખરીદ કરેલો છે અને બીજો રૂ. ૦-૮-૦ આનાનો કાગળ તા. ૩૧-૧-૯૦ ના રોજ ખરીદ કરેલો છે, તે બન્ને કાગળો એક ઠેકાણે ચોહોડી તે ઉપર લખેલો છે. બન્ને કાગળો

જુદી જુદી તારીખે ખરીદ કરેલા હોવાથી, અને તે બન્ને તારીખના રોજ ડેપોમાં પૂરતો સ્ટાંપ શિલક હોવાથી, સ્ટાંપનિયમની કલમ ૮ પ્રમાણે શેરો કરી આપવાને માર્ગ નહોતો, કરીઆપનારે કહે છે. કે, નિબંધની અણવાકફગારીથી એવું થયું છે. માટે એ બાબે શી રીતે કરવું તેનો ખુલાસો નોંધણીકામદાર પુછે છે. આ ખુલાસો નિબંધની અગર નિયમની કઇ કલમ પ્રમાણે પુછેલો છે તે બાબે યાદીમાં નોંધણી-કામદારે લખેલું નથી. કડીમાંત જજ્ય નોંધણીસરકામદાર સાહેબ પોતાના શેરામાં એમ જણાવે છે કે, "રૂ. ૨-૮-૦ ના દરનો સ્ટાંપકાગળ ડીપોમાં શિલક છતાં કિંમત પુરી કરવા માટે રૂ. ૨-૦-૦ ના સ્ટાંપ કાગળને રૂ ૦-૮-૦ આનાનો સ્ટાંપ કાગળ બીજો જોડી દસ્તાવેજ લખેલો છે. મહાલડીપોમાં અગર સ્ટાંપવેન્ડર પાસે જોઇતા દરના કાગળો શિલક નહીં હોય તો તેઓએ શેરો કરી આપ્યાથી પુરી કિંમત કરવા બીજો કાગળ જોડવા હરકત નથી. (નિયમની કલમ ૭). પણ ડીપોમાં અગર સ્ટાંપવેન્ડર પાસે કાગળ જોઇતા દરના શિલક હોય તો એકજ સ્ટાંપ ઉપર દસ્તાવેજ લખવો જોઇએ એવું નિયમની કલમ ૬ માં છે. ને તે પ્રમાણે તે એકજ કાગળ ઉપર ન લખે તો તેના માટે આગળ શી તજવીજ કરવી તેનો ખુલાસો નિબંધમાં અગર નિયમમાં નથી." માટે એ વિષે ખુલાસો માગે છે. નોંધણીસરકામદાર સાહેબે પણ એ સંબંધે પોતાનો અભિપ્રાય આપેલો નથી.

ઠરાવ.

આ કામમાં પ્રશ્ન એટલો છે કે, રૂ. ૪૧૮ નું ઘરાણીઆખત રૂ. ૨॥ ના એકજ સ્ટાંપ કાગળ ઉપર ન લખતાં એક કાગળ રૂ. ૨ નો તા. ૨૯-૧-૯૦ ના રોજ ખરીદ કરેલો તથા બીજો કાગળ આઠ આનાનો તા. ૩૧-૧-૯૦ ના રોજ ખરીદ કરી તે બે કાગળ એકઠા ચોહોડી તે ઉપર દસ્તાવેજ લખેલો છે. પણ તે ઉપર સ્ટાંપ નિયમની કલમ ૭ મુજબ સ્ટાંપવેચનારનો શેરો નથી તો એ દસ્તાવેજ યોગ્ય સ્ટાંપ ઉપર થયેલો કહેવાય કે નહીં?

નોંધણીનિબંધની કલમ ૩૮ માં "યોગ્ય કિંમતના સ્ટાંપ કાગળ ઉપર" કોઇ દસ્તાવેજ થયો નહીં હોય તો નોંધવા નહીં લેવા ફરમાન છે, અને એ નિબંધ અન્વયે થયેલા તા. ૨૯-૭-૮૫ ના નિયમની કલમ ૬૪ માં પણ "દસ્તાવેજ સાદા કાગળ ઉપર હોય અથવા તેહેનો સ્ટાંપ કમી કિંમતનો હોય તો" તે યોગ્ય રીતે

છપાવી લાવવા સારૂ પરત આપવા ફરમાવેલું છે. એ નિયમ હાલનો ચાલુ સ્ટાંપનિબંધ અમલમાં આવ્યા પેહેલા થએલો છે. પરંતુ ચાલુ સ્ટાંપનિબંધ અમલમાં આવ્યા બાદ પણ તેને અનુસરી નોંધણીખાતા સંબંધે જે નિયમો તાં. ૩૦-૧૧-૮૯ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવ્યાછે, તેની કલમ ૫ માં પણ " યોગ્ય કિંમતનો સ્ટાંપ નહોય, એટલે, દસ્તાવેજ સાદા કાગળ ઉપર અથવા કમી કિંમતના સ્ટાંપ ઉપર થયો હોય " તેવો દસ્તાવેજ સ્ટાંપનિબંધની કલમ ૨૯ પ્રમાણે અટકાવી એજ નિબંધની કલમ ૩૧ ના બીજા પારિગ્રાફ મુજબ પ્રાંતના સુબા તરફ મોકલવા ફરમાન છે. એટલે જે દસ્તાવેજ સ્ટાંપની લાગતને પાત્ર છે એવો દસ્તાવેજ યોગ્ય કિંમતના સ્ટાંપ ઉપર ન હોય ત્યારેજ તે અટકાવવા વિગેરેનો અધિકાર નોંધણીઅમલદારોને આપેલો છે. પણ યોગ્ય કિંમત ઉપર જો એવો દસ્તાવેજ થયેલો રજુ થાય તો તે નોંધી આપવો જોઇએ એમ સદરહુ ત્રણે કલમોનો સમગ્ર વિચાર કરતાં નીકળે છે. માટે નોંધણી નિબંધ ને નિયમ પ્રમાણે હાલનો દસ્તાવેજ અટકાવવા આધાર નથી.

હવે ચાલુ સ્ટાંપનિબંધની કલમ ૨૯ (જેની સામ્યતાની બ્રીટિશ સ્ટાંપઆક્ટની કલમ ૩૩ છે.) થી આવા દસ્તાવેજ અટકાવવાને આધાર મળે છે કે નહીં, તે જોવું જોઇએ. એ કલમ મુજબ જે દસ્તાવેજ ઉપર યોગ્ય કિંમતનો સ્ટાંપ મારેલો નથી * * * તે અટકાવી રાખવો એવા શબ્દ છે. ઇંગ્રેજી સ્ટાંપકાયદા પ્રમાણે જ્યારે દસ્તાવેજ કમી કિંમતના સ્ટાંપ ઉપર હોય અગર સ્ટાંપકાયદાના નિયમનો ભંગ કરી લખેલો હોય તો તે યોગ્ય સ્ટાંપ ઉપર લખેલો દસ્તાવેજ ગણાતો નથી. (જુઓ પુનુસ્વામી કૃત સ્ટાંપ મ્યાનુઅલ પૃ૪ પર ભાગ પેહેલો). પણ જે અરથે આ રાજ્યની કલમ ૨૯ માં માત્ર " યોગ્ય કિંમત" ન હોય તો અટકાવવા લખ્યું છે તે અર્થે એ કલમ ૨૯ પ્રમાણે હાલનો દસ્તાવેજ અટકાવવા આધાર નથી. એ ખરૂં છે કે, આપણા સ્ટાંપનિબંધની કલમ ૩૨ માં કમી કિંમત ન હોય તો પણ દસ્તાવેજ અટકાવવાનો પ્રસંગ લખ્યો છે. પણ તે કલમ હાલના કામને લાગુ નથી. તે પ્રમાણે જ્યારે કારણ ઉત્પન્ન થશે ત્યારે વિચાર કરવાનો છે. હાલ એટલું કહેવું બસ છે કે, કલમ ૨૯ મુજબ સ્ટાંપની કિંમત બરોબર છતાં સ્ટાંપના કાગળની સંખ્યાના કારણથી કોઇ દસ્તાવેજ અટકાવી શકાશે નહીં.

હવે વિચારવાની વાત એટલી રેહે છે કે, જે અર્થે સ્ટાંપના નિયમની કલમ ૭. વિરૂદ્ધ હાલનો દસ્તાવેજ છે ને એ નિયમ કાયદાના અંગના છે. (જુઓ સ્ટાંપનિબંધની

કલમ ૪૮) તે અર્થે હાલના જેવો દસ્તાવેજ યોગ્ય સ્ટાંપ વગરનો ગણાય કે નહીં?

આ રજિયના સ્ટાંપનિબંધની કલમ ૩ રકમ ૧૮ માં "યોગ્ય લાગત લગાડેલો દસ્તાવેજ" એનો અર્થ એવો આપ્યો છે કે, "આ નિબંધ અમલમાં આવ્યાની તારીખે તથા તે પછી જે દસ્તાવેજ થયો હશે તેને આ નિબંધ અન્વયે, અને આ નિબંધ અમલમાં આવ્યાની પેહેલાં જે દસ્તાવેજ થયો હશે તેને તે વખત જે સ્ટાંપ-નિબંધ અમલમાં હતો તે નિબંધ અન્વયે સ્ટાંપ લગાડેલો હશે તે દસ્તાવેજ." આ વ્યાખ્યા ઇંગ્રેજી કાયદાને મળતી છે. પણ ઇંગ્રેજી કાયદાની કલમ ૯ માં ફરમાવ્યું છે કે, સ્ટાંપ જે લગાડવો તે સ્ટાંપઆકટ પ્રમાણે કરેલા નિયમ અન્વયે લગાડવો ને એવા નિયમ કરવાની સત્તા સદર કલમ ૯ થી ખાસ આપેલી છે ને તેમાં સ્ટાંપની સંખ્યા નક્કી કરવાનો અધિકાર આપ્યો છે. પણ એ કલમ ૯ ની સામ્યતાની આપણા નિબંધની કલમ ૮ છે, તેમાં એવી સત્તા રાખી નથી, તેથી બ્રિટીશ સ્ટાંપઆકટની કલમ ૯ તથા આપણા નિબંધની કલમ ૮ માં મહત્વનો ફેર છે. વિવિક્ષિત દસ્તાવેજને અમુક સંખ્યાના સ્ટાંપ જોઇએ એવો નિયમ બ્રિટીશ ઇલાકામાં કર્યોછે, તે બ્રિટીશ સ્ટાંપઆકટની સદર કલમ ૯ ના આધારે કરેલો જણાય છે. આપણા સ્ટાંપ નિયમની કલમ ૭ છે, તે સ્ટાંપનિબંધની કલમ ૪૮ ના ભાગ ૨ ના આધારે કરેલી હોવી જોઇએ. પણ આ કલમ ૪૮ ના ભાગ ૨ માં નિબંધનો હેતુ એકંદરીએ પાર પાડવા સારૂ નિયમ કરવાનો અધિકાર મોઘમ આપ્યોછે. ઇંગ્રેજી આકટની કલમ ૯ માં સ્પષ્ટ અધિકાર સ્ટાંપ કાગળની સંખ્યા વાસ્તે નિયમ કરવાનો હતો ને તે શિવાય એકંદર હેતુ પાર પાડવામાટે નિયમ કરવાનો અધિકાર બ્રિટીશ સ્ટાંપઆકટની કલમ ૫૬ (જેની સામ્યતાની આપણા સ્ટાંપકાયદાની કલમ ૪૮ છે) થી આપેલોછે. એટલે કલમ ૫૬ ના શબ્દથી સંખ્યા મુકરર કરવાનો અધિકાર મળે તેવું નહોતું. જે અર્થે આપણા સ્ટાંપ-નિબંધની કલમ ૮ માં સ્ટાંપકાગળની સંખ્યા વિષેનો નિયમ કરવાનો અધિકાર ઇંગ્રેજી આકટમાં આપેલો છતાં અહીં રાખવામાં આવેલો નથી, તે અર્થે એમ સમજવું જોઇએ કે આપણા નિબંધની સદર કલમ ૪૮ ની મોઘમ શબ્દરચના ઉપરથી તેવો નિયમ કર-વાનો અધિકાર આપવાનો હેતુ નહોતો, એટલે, તેવો નિયમ સ્ટાંપનિબંધનો હેતુ પાર પાડવાસારૂ થયેલો કેહેવાય નહીં અને તેથી કરીને સદર કલમ ૪૮ અન્વયે થયેલો કહી શકાતો નથી. શબબ તે નિયમ સ્ટાંપનિબંધના ધોરણથી વિસંગત તથા ગેરકાયદે કરેલો કેહેવાય. માટે તે નિયમનો ભંગ થાય તોપણ યોગ્ય કિંમતનો સ્ટાંપ છતાં તે યોગ્ય સ્ટાંપ ન લગાડેલો દસ્તાવેજ ગણાય નહીં. ઇંગ્રેજી કાયદામાં જ્યાં સંખ્યા વિગેરે બદલ નિયમ કરવા આકટમાં આધાર છતાં તે આધારે નિયમ પણ કરેલાછે ત્યાંહાં પણ

જોડ કાગળ ઉપર નિયમ મુજબ સ્ટાંપવેચનારનો દાખલો ન હોવાના કારણથી જોડ સ્ટાંપ ઉપર કરેલા લેખ યોગ્ય સ્ટાંપ નહીં લગાડેલા ' ગણાયા નથી. (જુઓ ઈ. લા. રી. કલકત્તા સીરીજ, વા. ૧૮, પૃષ્ઠ ૩૯ તથા ઈ. લા. રી. મદ્રાસ, વા. ૮ પૃષ્ઠ ૫૩૨). આ ઠરાવો આજ મુદ્દા ઉપરના નથી, તો પણ તેની અંદર દેખાડેલા વિચાર અમારા અભિપ્રાયને અનુકુળ છે. કાયદાની ખામીઓ "કેટલાએક પ્રસંગે પુરી કરી લેવાયછે. પરંતુ જે કાયદાના નિયમથી પ્રજાઉપર સક્તિ અથવા વિના-કારણ બોજો અગર દંડ પડે તેવી ખામીઓ પુરી કરી લેવાય નહીં. (જુઓ માકસવેલ આન સ્ટાટયુટ્સનો ગ્રંથ પૃ. ૧૭, ૩૦૪ અને ૩૦૫) સ્ટાંપનિયમની કલમ ૭ વાળો નિયમ માત્ર સ્ટાંપખાતાની રોઇ માટે કરેલોછે એમ ગણવું જોઇએ, અને તેનો અમલ કરવાનો બોજો સ્ટાંપવેચનાર ઉપરજ રાખવો વ્યાજબી જાણાયછે તેના કોઇ પણ વરજનથી એક કરતાં અધિક સ્ટાંપકાગળો ઉપર થયો હોય તો તેવો દસ્તાવેજ "યોગ્ય લાગત લગાડેલો" ન માનવાથી રૈયતને ત્રાસ થશે, ને તેમ કરવું ન્યાયનું થશે એમ દેખાતું નથી.

સાંપ્રતના દસ્તાવેજને યોગ્ય કિંમતનો સ્ટાંપ મારેલો છે એમ નોંધણીકામદાર પોતેજ કબૂલ કરેછે. ને જો કે તે દસ્તાવેજ બે જૂદા સ્ટાંપકાગળ જોડીને સ્ટાંપનિયમની કલમ ૭ અન્વયે તે સ્ટાંપકાગળો ઉપર શેરો થયા શિવાય લખાયલો છે તોપણ તે યોગ્ય લાગત ન લગાડેલો દસ્તાવેજ ઉપર દરસાવેલાં કારણોથી કહી શકાતો નથી. માટે હાલનો દસ્તાવેજ યોગ્ય કિંમતના જોડ સ્ટાંપ ઉપર લખેલો છે તેથી તને નિયમની કલમ ૭ થી પણ બાધ આવતો નથી એમ અમો ઠરાવીએ છીએ, ને હુકમ કરીએ છીએ કે, નોંધણીકામદારે એ દસ્તાવેજ નોંધી આપવો.

ટીપ—એ ઠરાવને અનુસરીને દી. સ્ટાં. ખુ. ર. નંબર ૨૫ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૨૦-૨-૯૧ તથા નંબર ૩૪-૩૫-પરતથા ૫૮ સન ૧૮૮૯-૯૦, ફેસલ તા. ૨૦-૨-૯૧ તથા નંબર ૬૫ સન ૧૮૯૦-૯૧, ફેસલ તા. ૨૧-૨-૯૧ તથા નંબર ૨૪ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૨૦-૩-૯૧ ના ઠરાવ થયા છે તે જુઓ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓસાહેબની રૂબરૂ. *

ફેસલ તારીખ. ૨૦-૨-૯૧.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતામાટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

સ્ટાંપવેન્ડરે બીન અધિકારથી સ્ટાંપકાગળ ઉપર શેરો કરેલો હોય એવા સ્ટાંપ ઉપર થયેલો દસ્તાવેજ—સ્ટાંપનિયમની કલમ ૭—નોંધણીનિબંધની કલમ ૩૮ તથા સ્ટાંપનિબંધની કલમ ૨૯.

સ્ટાંપનિયમની કલમ ૭ માં જે ગામમાં સ્ટાંપડિપો હોય તે ગામના ફીવેન્ડરે સ્ટાંપ જોડયાનો દાખલો આપવો નહીં. તે વિરૂધ્ધ વેન્ડરે બીન અધિકારથી સ્ટાંપ કાગળઉપર શેરો કર્યો હોય તો તેથી એવા સ્ટાંપ કાગળ ઉપર થયેલા દસ્તાવેજને નિબંધપ્રમાણે ખામી પોહોચી શકતી નથી. એવો દસ્તાવેજ યોગ્ય સ્ટાંપ ઉપર થયેલો છે એમ ગણવું. (દી. સ્ટાં. ખુ. ર. નંબર ૨૩ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૧૮-૨-૯૧) (૧).

નિયમની કલમ ૭ વિરૂધ્ધ વેન્ડરે શેરો માર્યો હોય તો તે બદલ ખાતાની રૂઇએ વેન્ડર સંબંધે વિચાર કરવાનો છે.

હકીકત.

આ પ્રકરણ મેહેસાણા નોંધણીકામદાર તરફથી યાદી નંબર ૯૬ તા. ૩ અપ્રેલ સન ૧૮૯૦ થી કડીપ્રાંતના જજ્ય નોંધણીસરકામદાર તરફ ખુલાસો મળવા આવ્યું, તે તેમના તરફથી નંબર ૧૨૨૯ તા. ૯ અપ્રેલ સન ૧૮૯૦ શેરા સાથે આ તરફ આવ્યું છે. સ્ટાંપનિબંધ અગર નિયમની કઈ કલમના આધારે આ પ્રકરણ મોકલ્યું છે તે લખેલું નથી.

નોંધણીકામદાર પોતાની યાદીમાં એમ ખુલાસો પુછે છે કે, મેહેસાણામાં સ્ટાંપવેન્ડર છે તે પરવાનાવાળો છે. તે સ્ટાંપનાચિઠીમાં પુરતી કિંમતનો સ્ટાંપ ન હોય તો ખુટતી રકમ બીજા સ્ટાંપથી પુરી જોડવાનો દાખલો આપેછે. તેવા દસ્તાવેજો અહીં રજીસ્ટર થવા આવેછે, ને કેટલાક થયાછે. સ્ટાંપ બાબતના નિયમની કલમ ૭ મુજબ જે ઠેકાણે સ્ટાંપની ડિપો હોય તે ઠેકાણે ફીપરવાનાવાળાએ સ્ટાંપ જોડવાના દાખલો આપવો નહીં એમ સ્પષ્ટ લખેલુંછે. પણ એવો દાખલો આપેલો હોય તો તે સ્ટાંપ ઉપરનો દસ્તાવેજ અગારે નોંધણીમાં લેવો કે નહીં? નોંધણી કામદાર તથા મેહેરબાન નોંધણીસરકામદાર સાહેબે એ સંબંધે પોતાના અભિપ્રાય આપ્યાનથી.

---

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૨૫ સન ૧૮૮૯-૯૦. (૧) આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૧૩૯ ઉપર છાપેલો છે.

ઠરાવ.

જોડ સ્ટાંપ ઉપર શેરો ન હોય તેવા સ્ટાંપકાગળો ઉપર થયેલા દસ્તાવેજ, યોગ્ય સ્ટાંપ ઉપર થએલા ગણવા બાબે આકોરટથી સ્ટાંપ ખુલાસા નંબર ૨૩ સન ૧૮૮૯-૯૦ ફૈસલ તા. ૧૮-૨-૯૧ ના ઠરાવથી ઠરાવવામાં આવ્યું છે. તો પછી તેવો શેરો વેન્ડરે બીનઅધિકારથી કર્યો હોય તેથી દસ્તાવેજની ખામી પોહોંચી શકતી નથી. પણ સ્ટાંપ સંબંધે નિયમની કલમ ૭ ના છેવટ ભાગમાં તેવો શેરો વેન્ડરે ન કરી આપવાનું ફરમાન છતાં તે વિરૂદ્ધ વેન્ડરે શેરો માર્યો હોય, તો તે બદલ ખાતાની રૂઈએ વેન્ડર સંબંધે વિચાર થવાનો છે.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફ્જસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓસાહેબની રૂબરૂ*.

ફૈસલ તારીખ ૨૦-૨-૯૧.

(નવીન સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

ભિન્ન તારીખે ખરીદ કરેલા સ્ટાંપ કાગળ ઉપર થયેલો દસ્તાવેજ–સ્ટાંપનિબંધની કલમ ૨૫ તથા સ્ટાંપ નિયમની કલમ ૭.

ભિન્ન તારીખોએ ખરીદકરેલા સ્ટાંપકાગળ જે ઉપર વેન્ડરનો જોડકાગળ હોવા વિષે શેરો નથી એવા કાગળો ઉપર થયેલા દસ્તાવેજ તે યોગ્ય કિંમતના સ્ટાંપ કાગળ ઉપર થયેલો હોય તો તે નોંધણીઅમલદારે અટકાવવાનો નથી. નોંધણીના કામ સારૂ એવો દસ્તાવેજ "યોગ્ય લાગત લગાડેલો દસ્તાવેજ" માનવો જોઈએ.

ડી. સ્ટાં. ખુ. ર. નંબર ૨૩ સન ૧૮૮૯-૯૦ ફૈસલ તા. ૧૮-૨-૯૧ નો ઠરાવ લાગુ કર્યો છે. (૧).

હકીકત.

આ પ્રકરણ રાવસાહેબ નોંધણી તપાસણીકામદારની જા. નંબર ૪૧૩ તા.૨૭—૨—૯૦ ની યાદી નોંધણી ખાતાના મુખ્યઅધિકારી સાહેબના નામની મેહેરબાન અમરેલી પ્રાંતના જજ્ય નોંધણીસરકામદાર સાહેબ મારફત રવાના કરેલી, તેઓ સાહેબનો આ. નં. ૭૧૫ તારીખ ૬—૫—૯૦ થી આકોરટની નોંધણી શાખા તરફ આવેલી, તે શાખા તરફથી આ દિવાણીશાખા તરફ જા. નં. ૩૪૨ તા. ૩૦—૫—૯૦ ના શેરાથી આવ્યા ઉપરથી

---

* ડી. સ્ટાં. ખુ. ર. નંબર ૩૪ સન ૧૮૮૯-૯૦. (૧) આ ઠરાવ પખવાડે પા ૧૩૯ ઉપર છાપેલો છે.

ઉત્પન્ન થયુંછે. મુળ યાદી આજમ ઓખામંડળ મુનસફ નોંધણીકામદાર મારફત અમરેલી જજ્ય નોંધણીસરકામદાર સાહેબ તરફ રવાના કરવામાં આવ્યા મુળે એ નોંધણીકામદારનો શેરો નંબર ૭૦૦તા. ૨૪—૪—૯૦ નો પણ તુમારમાં મોજુદ છે.

નોંધણીતપાસણીકામદાર પોતાની સરૂ યાદીમાં જણાવે છે કે, ઓખામંડળ નોંધણી-કચેરી તપાસતાં તેમને એમ જણાયું કે, નવો સ્ટાંપનિબંધ અમલમાં આવ્યા પછી સ્ટાંપ-ખાતાના તા. ૪–૪–૮૯ના નિયમની કલમ ૬–૭–૮ વિરૂદ્ધ ભિન્ન તારીખે લીધેલા સ્ટાંપ ઉપર દસ્તાવેજ રેજુ કરનારાએ લખેલા તથા નોંધાયેલા જણાયાછે. એ દસ્તાવેજ પાછા અપાઈ ચુક્યાછે. સ્ટાંપ ભિન્ન ભિન્ન તારીખે લીધેલાછે. તેના કુલ સરવાળાની રકમ દસ્તાવેજમાં લખેલી રકમને લાગના-રા સ્ટાંપ પુરતો છે. પરંતુ પ્રશ્ન એટલો છે કે, એવી રીતે સ્ટાંપકાગળ ઉપર થયેલા દસ્તાવેજ યોગ્ય સ્ટાંપ ઉપર થયેલા છે કે નહીં. કારણ સ્ટાંપવેન્ડરનો દાખલો સ્ટાંપખાતાના તા. ૪—૪—૮૯ ના નિયમની કલમ ૭, ૮ પ્રમાણે નથી અને એજ નિયમની કલમ ૬ માં એકજ સ્ટાંપ ઉપર દસ્તાવેજ કરવા લખ્યું છે, સદર સ્ટાંપખાતાના નિયમ, નિબંધની કલમ ૪૮ પ્રમાણે સ્ટાંપનિબંધ-નો ભાગ છે એવું ઠરેલું છે,અને યોગ્ય લાગત આપેલા દસ્તાવેજની વ્યાખ્યા જે નિબંધમાં આપેલી છે તેમાં નિબંધ પ્રમાણે જે દસ્તાવેજને શ્ટાંપ લગાડેલો હોય તે " યોગ્ય લાગત લગાડેલો દસ્તાવેજ સમજવાનો" છે. તે વિરૂદ્ધ આ દસ્તાવેજો થએલા છે. તેથી તે યોગ્યસ્ટાંપ ઉપર થયેલા નથી એવું મને લાગેછે. માટે નોંધણીખાતા સંબંધે સ્ટાંપખાતાના નિયમની કલમ ૧૧ પ્રમાણે વરીષ્ટકોરટનો ઠરાવ થઈ આવવા લખેછે. આજમ ઓખામંડળ નોંધણીકામદાર પોતાના રવાના શેરામાં એવો અભિપ્રાય જણાવે છે કે, ભિન્ન ભિન્ન તારીખે ખરીદેલા સ્ટાંપ ઉપર સ્ટાંપ ખરી-દીની તારીખ પછી દસ્તાવેજ લખવામાં આવે તો તે દસ્તાવેજ યોગ્ય સ્ટાંપ ઉપરનો નથી એમ માનવાને નિયમ તથા નિબંધમાં કંઈ ખુલાસો નથી. સ્ટાંપ ખરીદ લેતી વખત ખરીદદારે માગેલી કિંમતનો શ્ટાંપ શિલ્લક ન હોય, તો તેને જોડમાં પુરવણી સ્ટાંપ આપેલા ઉપર તેવો દાખલો વેચનારે કરીઆપવા નિયમમાં લખેલુંછે. પણ કોઈ માણસને સ્ટાંપ ખરીદ લેતી વખતે કાંઈ રકમ લેવાની જરૂર હોવાથી જે રકમ લેવાની ધારણા કરી હોય તે રકમ પુરતો સ્ટાંપ ખરીદ કરેલા દસ્તાવેજ લખતી વખતે અગાઉ લેણદારને વધારે રકમ લેવાની જરૂર પડે તો અપુરતો લીધેલો સ્ટાંપ પુરો થવા સારૂ તેટલા પુરતો બીજો સ્ટાંપ ખરીદ કરી બેઉ સ્ટાંપ ઉપર એ દસ્તાવેજ થાય તો તેવો દસ્તાવેજ યોગ્ય સ્ટાંપ ઉપર થયેલો માનવા હમને હરકત લાગતી નથી. કેમકે આવા દસ્તાવેજ નિરઉપયોગી ગણાય તો લોકો ઉપર કાયદાની ઘણી સક્તિ થયા જેવું થશે. અમરેલી પ્રાંતના મે. જજ્ય સાહેબનો અભિપ્રાય કે એવા જોડ સ્ટાંપ ઉપર વેન્ડરના શેરા શિવાય દસ્તાવેજ લખાયલા નોંધવામાં આવી પરત આપવામાં આવ્યા છે તે બરોબર થયું નથી, હવે એ પ્રમાણે ન થવા નોંધણીકામદારને સમજ આપવા અભિપ્રાય છે.

ઠરાવ.

આપ્રકરણમાં ઉઠાવેલો સવાલ આ કોરટ આગળ સ્ટાંપ ખુલાસા રજીસ્ટર નંબર ૨૩

સન ૧૮૮૯–૯૦ ફેસલ તા. ૧૯–૨–૯૧ ના કામમાં આવેલો તે કામમાં એ બદલ સવિસ્તર વિવેચન કરી ઠરાવવામાં આવ્યું છે કે હાલ દરશાવેલા પ્રકારના જોડેલા જોડ સ્ટાંપ ઉપરના દસ્તાવેજ નોંધણીના કામ પુરતા યોગ્ય લાગત લગાડેલા દસ્તાવેજ માનવા જોઈએ. અને એ ઠરાવ આજ્ઞાપત્રકામાં પ્રસિદ્ધ કરવાની ગોઠવણ થઈ છે. માટે એ વિષે અહીં જાદે વિવેચન કરવાની જરૂર રહેતી નથી.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્જ, એઓ સાહેબની હજુર†

ફેસલ તારીખ ૨૦–૨–૯૧.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

ભિન્ન તારીખે ખરીદ કરેલા સ્ટાંપકાગળ ઉપર થયેલા દસ્તાવેજ—સ્ટાંપ નિબંધની કલમ ૨૯ તથા સ્ટાંપ નિયમની કલમ ૭.

ભિન્ન તારીખોએ ખરીદ કરેલા સ્ટાંપ કાગળઉપર વેન્ડરનો જોડ કાગળ હોવા વિષે શેરો નથી એવા કાગળ ઉપર થયેલા દસ્તાવેજ જો યોગ્ય કિંમતના સ્ટાંપ કાગળ ઉપર થયેલા હોય તો તે નોંધણીઅમલદારે અટકાવવાના નથી. નોંધણીના કામ સારૂ એવા દસ્તાવેજ "યોગ્ય લાગત લગાડેલા દસ્તાવેજ " માનવા જોઈએ.

ડી. સ્ટાં. ખુ. ર. નંબર ૨ સન ૧૮૮૯–૯૦. ફેસલ તા. ૧૮–૨–૯૧ નો ઠરાવ લાગુ કર્યો છે (૧).

હકીકત.

આ પ્રકરણ નોંધણી તપાસણીકામદારની યાદી નંબર ૬૯૦ તા. ૨૦ મે સન ૧૮૯૦ ની મેહેરબાન નોંધણીખાતાના મુખ્યઅધિકારી સાહેબ તરફ લખેલી તેઓ સાહેબના શેરા નંબર ૩૪૩ તા. ૩૦ માહે મે સન ૧૮૯૦ ના રોજ આ ખાતામાં આવ્યાથી ઉત્પન્ન થયું છે.

રાવસાહેબ તપાસણીકામદાર પોતાની સદર યાદીમાં ખુલાસો પુછે છે કે, જુદી જુદી તારીખે ખરીદ કરેલા સ્ટાંપ ઉપર દસ્તાવેજ થયેલા હોય તો તે યોગ્ય સ્ટાંપ ઉપરના માનવા કે નહીં, એ બાબત તથા જોડ સ્ટાંપના શેરા શિવાયના દસ્તાવેજ યોગ્ય સ્ટાંપ ઉપરના માનવા કે નહીં, એ બાબતનો અદ્યાપ નિર્ણય થયો નથી માટે ખુલાસો થઇ આવવા લખે છે. આ સંબંધેનો કંઈ પોતાનો અભિપ્રાય તેઓએ આપ્યો નથી. રા. તપાસણીકામદારે પેટલાદ નોંધણી-

---

† ડી. સ્ટાં. ખુ. ર. નંબર ૩૫ સન ૧૮૮૯–૯૦. (૧) પખવાડે પુષ્ઠ ૧૩૯ ઉપર ઠરાવ ૭.

કચેરી તપાશી તેમાં જોડ સ્ટાંપનો દસ્તાવેજ નંબર ૨૨૯ નાનો ઉતારો પણ જોવા મોકલ્યો છે.

ઠરાવ.

આ પ્રકરણમાં રાવસાહેબ તપાસણી કામદારે બે પ્રશ્ન પુછયાનું તેમના લંખાણ ઉપરથી નિકળે છે.

૧. જુદી જુદી તારીખોએ ખરીદ કરેલા સ્ટાંપ જોડી તે ઉપર દસ્તાવેજ લખ્યો હોય તો તેવો દસ્તાવેજ યોગ્ય સ્ટાંપ ઉપર થયેલો માનવો કે કેમ?

૨. જોડ સ્ટાંપ ઉપર નિયમ (સ્ટાંપ સંબંધી)ની કલમ ૭ મુજબ શેરો થયા વગર દસ્તાવેજ થયો હોય તો, તેવો દસ્તાવેજ યોગ્ય સ્ટાંપ ઉપર થયેલો માનવો કે નહીં?

આવાજ પ્રશ્ન સંબંધે આ કોરટગાં સ્ટાંપ ખુલાસા સંબંધી રજીસ્ટર નંબર ૨૩ સન ૧૮૮૯-૯૦ નું પ્રકરણ આવેલું તેનો ઠરાવ તા. ૧૮-૨-૯૧ ના રોજ કરવામાં આવ્યો છે તેમાં આ બેઉ પ્રશ્નો સંબંધે લંબાણથી વિવેચન કરવામાં આવી આવા દસ્તાવેજો થયેલા નોંધણીના કામ પુરતા યોગ્ય સ્ટાંપ ઉપર થયેલા માનવાનું ઠરાવ્યું છે. તે ઠરાવની નકલ તપાસણી-કામદાર તરફ મોકલવાની તજવીજ કરવી.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓસાહેબની રૂબરૂ§.

ફેસલ તા. ૨૦-૨-૯૧.

(નવા સ્ટાંપ નિબંધ સંબંધે નોંધણીખાતામાટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

એકજ તારીખે ખરીદ કરેલા સ્ટાંપકાગળ જેના ઉપર વેન્ડરનો શેરો નથી એવા સ્ટાંપ ઉપર કરેલા દસ્તાવેજ—સ્ટાંપનિબંધની કલમ ૨૯ તથા સ્ટાંપ નિયમની કલમ ૭.

એકજ તારીખે ખરીદ કરેલા સ્ટાંપકાગળ, જે ઉપર વેન્ડરનો જોડ વિષે શેરો નથી, એવા કાગળ ઉપર થયેલો દસ્તાવેજ જો યોગ્ય કિંમતના સ્ટાંપ કાગળ ઉપર થયેલો હોય તો તે નોંધણીઅમલદારે અટકાવવાનો નથી. નોંધણીના કામ સારૂ એવો દસ્તાવેજ "યોગ્ય લાગત લગાડેલો દસ્તાવેજ" માનવો જોઈએ.

---

§ દી. સ્ટાં. ખુ. ર. નંબર ૫૨ સન ૧૮૮૯-૯૦. (૧) આ ઠરાવ પછવાડે પૃ૦ ૧૩૯ ઉપર છાપેલો છે.

રી. સ્ટાં. ખુ. ર. નંબર ૨૩ સન ૧૮૮૯—૯૦, ફેસલ તા. ૧૮—૨—૯૧ નો ઠરાવ કલમ ૭ (૧).

હકીકત.

સદરહુ પ્રકરણ વેળાછા નોંધણીકામદારે મે. નવસારી પ્રાંતના જજ્ય નોંધણીસરકામદાર એમના તરફ યાદી નંબર ૧૧૫ તા. ૨૩-૪-૯૦ થી મોકલ્યું, તે તેમના તરફથી શેરા નંબર ૯૨૪ તા. ૩૦-૫-૯૦ થી આ કોરટ તરફ આવ્યું છે.

નોંધણીકામદાર પોતાની યાદીમાં ખુલાસો પુછે છે કે, તેમની કચેરીમાં રોજ નંબર ૩ તા. ૨૧-૪-૯૦ નો દસ્તાવેજ નોંધવા માટે રજુ થયો છે. સદર દસ્તાવેજ રૂ. ૫૦૦ પાંચસોનો સાનગીરોનો છે. અને સ્ટાંપ રૂ. ૨॥ નો છે, પરંતુ એજ સ્ટાંપ, સ્ટાંપખાતાના નિયમની કલમ ૬ પ્રમાણે એક સ્ટાંપ નહીં છતાં એક, રૂપીઆ બેનો, તથા (બીજો) આઠ આનાનો, મળી રૂપીઆ અઢીના એકજ તારીખે વેચાણ થયેલા છે. એજ સ્ટાંપ ઉપર સ્ટાંપ સંબંધી નિયમની કલમ ૮ પ્રમાણે જોડનો શેરો થયેલો નથી. એ જે સ્ટાંપ જે તારીખે વેચાણ થયેલા છે, તે તારીખે તીજોરીમાં રૂ. ૨॥ અઢીનો સ્ટાંપ શિલ્લકમાં હતો એમ તપાસ કરતાં જણાય છે તો એ રજુ થયેલો દસ્તાવેજ અગર આગલા ઉપર એવો સ્ટાંપ ઉપર થયેલા દસ્તાવેજ આવે તો તે દસ્તાવેજ યોગ્ય સ્ટાંપ ઉપર થયેલા સમજી નોંધવામાટે લેવા કે નહીં. સ્ટાંપનિબંધની કલમ ૩ પેટા રકમ ૧૦ માં યોગ્ય લાગત લગાડેલા દસ્તાવેજની વ્યાખ્યા આપેલી છે તે ઉપરથી એ દસ્તાવેજ યોગ્ય સ્ટાંપ ઉપર થયો છે એમ કહેવું કઠણ છે. નોંધણીસરકામદારસાહેબે પોતાનો અભિપ્રાય કંઈ આપેલો નથી.

ઠરાવ.

હાલના પ્રશ્નનો નિર્ણય સ્ટાંપ ખુલાસા સંબંધી રજીસ્ટર નં. ૨૩ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૧૮-૨-૯૧ ના આ કોરટના ઠરાવથી થઈ જાય છે. તે કામમાં જૂદી જૂદી તારીખે ખરીદેલા સ્ટાંપ જોડી તે ઉપર જોડ સ્ટાંપનો શેરો સ્ટાંપ સંબંધી નિયમની કલમ ૭ મુજબ થયેલો નહીં છતા લખાયેલો દસ્તાવેજ, નોંધણીના કામ પુરતો યોગ્ય સ્ટાંપ ઉપર થયેલો ગણવાનું ઠરાવ્યું છે હાલના પ્રકરણમાં દરશાવેલા દસ્તાવેજના સ્ટાંપ જે જોડ્યા છે તે એકજ તારીખે ખરીદ કરેલા છે. તેટલા ઉપરથી સદર ઠરાવમાં દરશાવેલાં કારણોમાં ફેર પડતો નથી. માટે હાલના જેવો દસ્તાવેજ પણ નોંધણીના કામ પુરતો યોગ્ય સ્ટાંપ ઉપર થયેલો ગણવા અમે ઠરાવીએ છીએ. સદરહુ નં. ૨૩ સન ૧૮૮૯—૯૦ નો ઠરાવ આજ્ઞાપત્રિકામાં પ્રસિદ્ધ કરવાનીગોઠવણ કરવામાં આવી છે. સબબ તે ઠરાવમાં જણાવેલાં કારણોની પુનરૂક્તિ અહીં કરવાની જરૂર ધારી નથી.

શા. બી. અંબાલાલ સાંકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓ સાહેબની રૂબરૂ *.

ફેસલ તા. ૨૭-૨-૯૧.

(નવા સ્ટાંપ નિબંધ સંબંધે નોંધણી ખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ)પુછેલો છે.)

એકજ તારીખે ખરીદ કરેલા સ્ટાંપ કાગળ છે જેના ઉપર વેન્ડરનો શેરો નથી એવા સ્ટાંપ ઉપર કરેલા દસ્તાવેજ—સ્ટાંપ નિબંધની કલમ ૨૯ તથા સ્ટાંપનિયમની કલમ ૭

એકજ તારીખે ખરીદ કરેલા સ્ટાંપકાગળ જે ઉપર વેન્ડરનો જોડ હોવા વિષે શેરો નથી એવા કાગળ ઉપર થયેલો દસ્તાવેજ જો યોગ્ય કિંમતના સ્ટાંપકાગળ ઉપર થયેલો હોય તો તે નોંધણીઅમલદારે અટકાવવાનો નથી. નોંધણીના કામ સારૂ એવો દસ્તાવેજ "યોગ્ય લાગત લગાડેલો દસ્તાવેજ" માનવો જોઇએ.

ડી. સ્ટાં. ખુ. ર. નંબર ૨૩ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૧૮-૨-૯૧ નો ઠરાવ લાગુ કર્યો છે. (૧)

હકીકત.

સદરહુ પ્રકરણ નોંધણીખાતાના તપાસણીકામદાર એમના તરફથી યાદી નંબર ૭૫૬ તા. ૩૧-૫-૯૦ થી આ તરફ આવ્યું છે. રાવસાહેબ નોંધણી તપાસણીકામદાર પોતાની યાદીમાં એમ દર્શાવે છે કે, બ્યારા નોંધણીકચેરી તપાસતાં નોંધબુક નંબર ૧, વાલ્યુમ ૨, અનુક્રમ નં. ૧૭નો દસ્તાવેજ રૂ. ૧૦૦નો છે. એને નવીન સ્ટાંપનિબંધ પ્રમાણે રૂ. ૨ નો સ્ટાંપ છે, પરંતુ એ સ્ટાંપ રૂપીઆ એક એકના બે તારીખ ૨-૫-૮૯ ના રોજ ખરીદ કરેલા છે. તેના ઉપર જોડ સ્ટાંપ આપ્યા બાબતનો શેરો થયેલો નથી. માટે એ રીતે સ્ટાંપ ઉપર થયેલા દસ્તાવેજ યોગ્ય સ્ટાંપ ઉપર થયેલા છે કે નહીં એ શંકા છે, કારણ સ્ટાંપવેન્ડરનો દાખલો સ્ટાંપ ખાતાના નિયમની કલમ ૭-૮ પ્રમાણે નથી અને એજ નિયમની કલમ ૬ માં એકજ સ્ટાંપ કાગળ ઉપર દસ્તાવેજ કરવા લખેલું છે તે પ્રમાણે હાલનો દસ્તાવેજ થયેલો નથી.

રાવસાહેબ નોંધણી તપાસણીકામદારનો અભિપ્રાય છે કે, સ્ટાંપખાતાના નિયમ નિબંધની કલમ ૪૮ પ્રમાણે નિબંધનો ભાગ છે એવું ઠરેલું છે, અને યોગ્ય લાગત આપેલા દસ્તાવેજની વ્યાખ્યા જે નિબંધમાં આપી છે તેમાં નિબંધ પ્રમાણે જે દસ્તાવેજને સ્ટાંપ લગાડેલો હોય તે યોગ્ય લાગત લગાડેલો દસ્તાવેજ સમજવાનો છે. તે વિરૂદ્ધ હાલનો દસ્તાવેજ થયો છે તેથી તે યોગ્ય સ્ટાંપ ઉપર થયેલો નથી માટે એ બાબે ઠરાવ થઇ આવશે.

---

* ડી. સ્ટાં. ખુ. ર. નંબર ૫૮ સન ૧૮૮૯—૯૦. (૧) આ ઠરાવ પછવાડે પૃ ૧૩૯ ઉપર છાપેલો છે.

ઠરાવ.

હાલના પ્રશ્નનો નિર્ણય સ્ટાંપખુલાસા રજીષ્ટર નંબર ૨૩ સન ૧૮૮૯–૯૦ ફેસલ તા. ૧૮–૨–૯૧ ના આ કોરટના ઠરાવથી થઇ જાય છે. તે કામમાં જૂદી જૂદી તારીખે ખરીદેલા સ્ટાંપ જોડી તે ઉપર જોડસ્ટાંપનો શેરો સ્ટાંપ સંબંધી નિયમની કલમ ૭ મુજબ થયેલો નહીં છતાં લખાયેલો દસ્તાવેજ યોગ્ય સ્ટાંપ ઉપર થયેલો ગણવાનું ઠરાવ્યું છે. હાલના પ્રકરણમાં દરસાવેલા દસ્તાવેજના સ્ટાંપ જે જોડયા છે તે એકજ તારીખે ખરીદ કરેલા છે તેટલા ઉપરથી સદર ઠરાવમાં દરસાવેલાં કારણોમાં ફેર પડતો નથી. માટે હાલના જેવો દસ્તાવેજ નિદાન નોંધણીના કામ પુરતો યોગ્ય સ્ટાંપ ઉપર થયેલો ગણવા હમે ઠરાવીએ છીએ. સદરહુ નંબર ૨૩ સન ૧૮૮૯–૯૦ નો ઠરાવ આજ્ઞાપત્રિકામાં પ્રસિદ્ધ કરવાની ગોઠવણ કરવામાં આવી છે, સબબ તેમાં જણાવેલાં કારણોની પુનરુક્તિ અહીં કરવાની જરૂર જણાતી નથી.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓસાહેબની રૂબરૂ *.

ફેસલ તા. ૨૧–૨–૯૧.

(નવીન સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ)પુછેલો છે).

સ્ટાંપવેન્ડરે બીન અધિકારથી સ્ટાંપ કાગળ ઉપર શેરા કરેલા હોય એવા સ્ટાંપ ઉપર ના દસ્તાવેજ—સ્ટાંપ નિયમની કલમ ૭—નોંધણી નિબંધની કલમ ૩૮ તથા સ્ટાંપ નિબંધની કલમ ૨૯.

સ્ટાંપ નિયમની કલમ ૭ માં જે ગામમાં સ્ટાંપડિપો હોય તે ગામના વેન્ડરે સ્ટાંપ જોડયાનો દાખલો આપવો નહીં. તે વિરુદ્ધ વેન્ડરે બીન અધિકારથી સ્ટાંપકાગળ ઉપર શેરો કર્યો હોય તો તેથી એવા સ્ટાંપ કાગળ ઉપર થયેલા દસ્તાવેજને નિબંધ પ્રમાણે બાધ પોહોંચી શકતી નથી. એવા દસ્તાવેજ યોગ્ય સ્ટાંપ ઉપર થયેલા છે એમ ગણવું.(દી. સ્ટાં. ખુ. ર. નંબર ૨૩ સન ૧૮૮૯–૯૦ ફેસલ તા. ૧૮–૨–૯૧) (૧).

નિયમની કલમ ૭ વિરુદ્ધ શેરો માર્યો હોય તો તે બદલ ખાતાની રૂઇએ વેન્ડર સંબંધે વિચાર થવાનો છે.

---

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૯૫ સન ૧૮૯૦—૯૧. (૧) આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૧૩૯ ઉપર છાપેલો છે.

હકીકત.

આ પ્રકરણ ખેરાળુ મહાલના નોંધણીકામદારે કડી પ્રાંતના નોંધણીસરકામદાર સાહેબ તરફ રીપોર્ટ નં. ૫૯ તા. ૨૭-૧૧-૯૦ નો કર્યાથી તેઓ સાહેબે, આ કારટના નોંધણીખાતા તરફ જા. નં ૫૭૨ તા. ૬-૧૨-૯૦ નો શેરો કરી મોકલેલું તે ખાતાતરફથી નં. ૫૪૨ તા. ૧૮-૧૨-૯૦ ના શેરાથી આ દફતરે આવ્યું છે.

રા. નોંધણીકામદાર પોતાના રીપોર્ટમાં એમ જણાવે છે કે, તા. ૨૭-૧૧-૯૦ ના રોજ નંબર ૨-૩ના દસ્તાવેજ નોંધવા માટે રજુ થયેલા. તે બેઉ દસ્તાવેજ એક એક રૂપીઆના સ્ટાંપ ઉપર થવા જોઇએ. પણ તેટલી કિંમતનો સ્ટાંપ તે વખતે શિલ્લક ન હોવાથી સ્ટાંપ નિયમની કલમ ૭ પ્રમાણે આઠ આઠ આનાના સ્ટાંપની જોડ કરી તેના ઉપર ખેરાળુના પરવાનાવાળા વેંડરે જોડનો શેરો કરી પુરી કિંમતનો સ્ટાંપ પક્ષકારને આપ્યો છે. પણ સદર કલમ ૭ મુજબ જ્યાંહાં ડેપો હોય ત્યાંહાં વેંન્ડરે એવો પુરવણીનો દાખલો આપવો નહીં એવું ફરમાન છે ને ત્યાંહાં સ્ટાંપડેપો છતાં વેન્ડરે શેરો કરી આપેલો છે. તો સ્ટાંપવેન્ડર બદલ શું કરવું એ બદલ ખુલાસો માંગતાં જાદેમાં જણાવે છે, કે ત્યાંહાંના વેન્ડરે ઘણા લોકોને એવા દાખલા આપ્યા છે તેમાં પક્ષકારોની કોઇ પ્રકારની કસુર નથી ને તેવા દસ્તાવેજો સદર બદલનો હુકમ આવવા ઉપર બાકી છે તો મરજી પ્રમાણે હુકમ થશે. એ લખાણ નિયમમાં કંઇ ખુલાસો નથી માટે ખુલાસા સારૂ સરકામદાર સાહેબે આ તરફ મોકલ્યું છે તેમાં પોતાનો કંઈ અભિપ્રાય જણાવેલો નથી.

ઠરાવ.

યોગ્ય કિંમતના જોડ સ્ટાંપ ઉપર જોડ સ્ટાંપનો શેરો ન હોય તેવા કાગળો ઉપર થયેલો દસ્તાવેજ નિદાન નોંધણીના કામપુરતા યોગ્ય સ્ટાંપ ઉપર થયેલા ગણવા બાબે, આ કારટથી સ્ટાંપ ખુલાસા નંબર ૨૩ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા.૧૮-૨-૯૧ના ઠરાવથી ઠરાવવામાં આવ્યું છે. તો પછી તેવો શેરો વેન્ડરે બીન અધિકારથી કર્યો હોય તેથી દસ્તાવેજને ખામી પોહોંચી શકતી નથી. પરંતુ સ્ટાંપ સંબંધી નિયમની કલમ ૭ ના છેવટ ભાગમાં તેવો શેરો ન કરી આપવાનું ફરમાન છતાં તે વિરૂદ્ધ વેન્ડરે શેરો માર્યો હોય તો તે બદલ ખાતાની રૂઇએ વેન્ડર સંબંધે વિચાર થવાનો છે. માટે વેન્ડરે અનઆધિકારે જોડ સ્ટાંપ ઉપર શેરા મારેલા દસ્તાવેજ નોંધણીકામદારે અટકાવી રાખ્યા હશે તે હવે નોંધી આપવાની તજવીજ કરવી.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓ સાહેબની રૂબરૂ*.

ફેસલ તા. ૧૧-૩-૯૧.

પા. હરિભાઇ બાજીભાઇ રેહેવાશી મોજે કારવણ તાલુકે ડભોઇ. { દસ્તાવેજ લખી લેનાર.

પા. ડીરધર પરસોતમ રેહેવાશી મજકુર. { દસ્તાવેજ લખી આપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતામાટે થયેલા નિયમની કલમ ૧૧પ્રમાણે ખુલાસો (રેફ્રન્સ) પુછેલો છે.)

દસ્તાવેજમાં કુલરકમની પેટાફોડ તથા તે વસુલ કરવા વિષે ઠરાવ—ભિન્ન બાબતો—નિબંધની કલમ ૭.

કરજને પેટે તારણ તરીકે લખી આપવાની મિલકતના ધોરણે કરજની કુલ રકમનો ફોડ દસ્તાવેજમાં કર્યો હોય તો તેટલા ઉપરથી તે ફોડવાર જુદા દસ્તાવેજ ગણી નિબંધની કલમ ૭ પ્રમાણે સ્ટાંપની લાગત લેવાની નથી. પણ એક બાબતનો દસ્તાવેજ છે એમ સમજી કુલ રકમ ઉપર એકજ લાગત લેવાની છે. માટે ધનકો પાસેથી રૂ. ૧૯૨-૪-૦ લેઈ એ રકમની પેટા ફોડ બાબત જૂદી જૂદી વ્યવસ્થા એવી કરેલી કે. રૂ. ૮૨—૪—૦ માટે જમીન કબજાગીરો તથા એ રકમ માટે વ્યાજ નહીં, તથા જમીનને દાણ નહી ને બાકીના રૂ. ૧૧૦ માટે વ્યાજનો કરાર છતાં રકમ ભરાય નહીં તો રૂ. ૮૨—૪—૦ સારૂ જે જમીન ગીરો આપેલી તે સાનમાં લખી આપી છે. એવી રીતે દસ્તાવેજમાં વસુલ કરવાની રીતની વ્યવસ્થા ભિન્ન બતાવેલી હતી. ઠરાવ થયો કે—નિબંધની કલમ ૭ પ્રમાણે ભિન્ન બાબતો સંબંધે આ દસ્તાવેજ ન છતાં એકજ બાબત સંબંધે થાય છે.

હકીકત.

આ કામ રાવસાહેબ નોંધણીતપાસણીકામદારે યાદી નંબર ૨૨૮ તા.૧૬-૧૨-૯૦ થી આ તરફ ડભોઇ નોંધણીકચેરી તપાસતાં નોંધબુક નંબર ૧, વા. ૧૫, અનુક્રમ નંબર ૨૦૮ ના દસ્તાવેજને સ્ટાંપ શી રીતે લેવો તે બાબે સંશય આવ્યાથી નિયમની કલમ ૧૧ (ખ) મુજબ નિર્ણય થવા સારૂ મોકલ્યું છે.

ઉપર લખેલા પક્ષકારો વચ્ચે સં. ૧૯૪૬ ના શ્રાવણ સુદી. ૨ શુકરવાર તા. ૧૮-૯-૯૦ નારોજ દસ્તાવેજ થયેલો છે. તેમાં મુદ્દાનો મજકુર નીચે મુજબ છે:—

" તમારી પાસેથી અમોએ પ્રથમ રોકડા રૂ. ૧૯૨-૪-૦ લીધેલા છે. તેના પેટામાં અમારી નીચે લખેલી અમારા સરકારીખાતા પૈકીની જમીન વીઘાં ૩ વસા ૧૭ નંબર૪

---

*. હિ. સ્ટાં. પુ. ૨. નંબર ૬૪ સન ૧૮૯૦—૯૧. આ ઠરાવ આજ્ઞા પત્રિકામાં તા. ૭-૫-૯૧ ના રોજે પૃષ્ઠ ૭૭-૭૮ ઉપર પ્રસિદ્ધ થયોછે તથા વડોદરા વત્સલમાં તા. ૨૪-૫-૯૧ ના રોજ પૃષ્ઠ ૧૨ ઉપર છાપેલો છે.

થઈ ને મોજે કારવણની સીમની લખી આપું છું તો એ રૂપીઆ પુરા થતાં સુધી જવાબ કરે. હું રૂપીઆ ન આપું તો એ જમીનથી તથા અમારી બીજી હરેક મિલકતથી તથા જાતથી તમોએ વસુલ કરી લેવા. * * * સદરહુ રૂપીઆ પેટે સદરહુ જમીન ઉપર, તમારો નીચેની વિગતે ગીરો હક્કનો બોજો રાખ્યો છે.

૮૨—૪—૦ રૂપીઆનું વ્યાજ નહીં ને એ જમીનની દાણ નહીં. એ જમીનની અવધ વર્ષ ૧૦ ની કરી છે. અવધ પુરી થાય તે સાલે વાસેલ હોય તો તેની બીજી સાલે ઉપજ લઈ તમોએ કબજો છોડવો. એ પ્રમાણે એટલી રકમ સારૂ કબજા સહિત ગીરવી જમીન સોંપી છે.

૧૧૦—૦—૦ રૂપીઆનું આજ તારીખથી વ્યાજ રામ ૧૨ લેખે ગણી આપીશ ને એ રૂપીઆ વ્યાજ સહિત ન આપું તો એ જમીન સાનમાં લખી આપી છે. તેથી વ્યાજ સુધાંતની રકમ વસુલ લેવી.

૧૯૨–૪–૦

આ દસ્તાવેજને ગીરવી ખતનું સ્વરૂપ ગણી ચાલુ સ્ટાંપનિબંધના પરિશિષ્ટ ૧ ની રકમ ૯ માં ફરમાવ્યા પ્રમાણે રૂ. ૧ નો સ્ટાંપ લગાડેલો છે."

સહી. સાક્ષ.

* * *

નોંધણી તપાસણીકામદાર ઉપરની પોતાની યાદીમાં એવો અભિપ્રાય આપે છે, કે આ દસ્તાવેજમાં રૂ. ૮૨ા માટે જમીન ગીરો આપ્યા વિષે તથા રૂ. ૧૧૦ કરજાઉ લીધા વિષે લખ્યુ છે. દસ્તાવેજને સ્ટાંપ જૂદા જૂદા લેવો કે નહીં એ બદલ લખાણ નંબર ૫૫૯ તા. ૧૩–૪–૯૦ નું કર્યું છે તેમાં અભિપ્રાય જણાવેલો પણ છે, તેવીજ રીતનો આ દસ્તાવેજ છે. હાલના દસ્તાવેજમાં રૂ. ૮૨ા પેટે સ્વતંત્ર ગીરોની મિલકતનો કરાર છે, તથા મિલકત સોંપીછે, ને રૂ. ૧૧૦ માં મૂળ રકમના માટે સાનમાં કાંઇ લખી આપ્યું નથી. ભાવિ કરાર એવો કર્યો છે. કે રૂપીઆ વ્યાજ સહ ન આપું તો એ જમીન સાનમાં લખી આપીછે તેથી વ્યાજ સુધાંતની રકમો વસુલ લેવી એવું લખ્યુંછે. પક્ષકારનો ઉદ્દેશ ભિન્ન ભિન્ન બાબતોનો હોવો જોઇએ, વળી રૂ. ૧૧૦ ગમે તે વખત આપે તો શાહુકારને લેવા પડવાના છે; પરંતુ રૂ. ૮૨ા ગીરોના કાયદા પ્રમાણે વરસ દસના અંદર લેવાય નહીં. માટે આ તમામ હકીકતનો વિચાર થઇ ઠરાવ થઇ આવશે. મારા મત પ્રમાણે ભિન્ન ભિન્ન બાબતનો દસ્તાવેજ સમજી રૂ. ૧–૮–૦ નો સ્ટાંપ જોઇએ, એટલે, રૂ. ૦–૮–૦ નો સ્ટાંપ ઓછો છે.

ઠરાવ.

આ પ્રકરણમાં આવેલા દસ્તાવેજની નકલ વાંચી જોતાં તેમાં લખીઆપનારે ધનકો પાસેથી રૂ. ૧૯૨–૪–૦ લેઈ તેના વળતરની વ્યવસ્થા એવી રીતે કરીછે કે પ્રથમ તો સદરહુ તમામ રકમ પેટે લખીઆપનારે સરકારી ખાતાની પોતાની જમીન વીઘાં ૩ વસા ૧૭ નંબર ૪ વાળી લખી આપી તેમાંથી વસુલ આપવાને માટે મુળ રકમના બે ભાગ, એક રૂ ૮૨–૪–૦ નો તથા બીજો રૂ ૧૧૦ નો, એ રીતે કર્યાછે, તેમાં રૂ. ૮૨–૪–૦ ના વસુલ બદલ એવી વ્યવસ્થા લખીઆપીછે કે, એ રકમનું વ્યાજ નહીં ને એ જમાનનું દસ વરસ સુધી દાણ નહીં વિગેરે, ને અવધ પુરી થયે કબજો છોડવો. એ પ્રમાણે એટલી રકમ સારૂ કબજા સહિત ગીરવી જમીન સોંપીછે અને બાકીની રૂ. ૧૧૦ ની રકમ માટે એવી ગોઠવણ લખી આપીછે કે, એ રકમ સારૂ રામ બાર લેખે વ્યાજનો કરાર કરી તે ભરાય નહીં તો સદરની જમીન સાંનમાં લખી આપીછે તેથી વ્યાજ સુધાંતની રકમ વસુલ લેવાનું લખી આપ્યું છે.

જે રકમને માટે વ્યાજ નથી તે રકમ સારૂ વ્યાજના બદલામાં જમીનના દાણનો અંશ આપ્યોછે એમ સમજવાનું છે. અને જે રકમ માટે વ્યાજ ઠરાવ્યું છે તે રકમ આપવાનું લખી આપનારે જો કે માથે રાખ્યું છે તો પણ જો તેનાથી પુરા ન થઇ શકે તો વ્યાજ મુદલ સહ એ રકમનો બોજો પણ સદરની જમીન ઉપરજ રાખેલો છે, અને દસ્તાવેજની શરૂઆતમાં પણ આખી રૂ. ૧૯૨–૪–૦ ની રકમનો બોજો સદર ત્રણ વીઘાં ને સતર વસાની સઘળી જમીન ઉપરજ રાખેલોછે. એટલે જો કે એકંદર રકમની પેટાફાડ કરી તેના વસુલની જૂદી જૂદી વ્યવસ્થા બતાવી છે તે કારણથી આ દસ્તાવેજ ભિન્ન ભિન્ન બાબતો સંબંધે થયેલો કહી શકાતો નથી.

પ્રથમ આ કોરટ આગળ એક લખાણ ખુલાસા માટે આવેલું હતુ, તેમાં દરશાવેલા દસ્તાવેજમાં શિણુકોએ રૂ. ૭૫ નું કરજ લેઇ તેના નીકાલની એવી વ્યવસ્થા લખી આપી હતી કે, રૂ. ૬૦ ને માટે મિલકત કબજાગીરો લખી આપી અને રૂ. ૧૫ ની રકમ અંગારૂં, રાખી તેને વ્યાજનો કરાર કરી આપેલો. તેમાં આ કોરટે ફક્ત આ દસ્તાવેજમાં રૂપીઆ વસુલ કરવાની રીતિ જૂદી બતાવીછે તથી જૂદી જૂદી લાગત તથા સ્ટાંપ લેવો જોઇએ એમ અમોને લાગતું નથી, એવો વડોદરા પ્રાંતના જજય નોંધાણીસરકામદારનો અભિપ્રાય પસંદ કરી લખી મોકલ્યું હતું. (નોંધણી જાનંબર ૩૯૭ તા. ૨૭–૭–૮૮).(૧)

---

(૧)નોંધણી ખાતાનો શેરો જાવક નંબર ૩૯૭ તા. ૨૭—૭—૮૮ નો મે. વડોદરા પ્રાંતના જજય સરકામદાર સાહેબ તરફ ગયો છે કે, "આ સાથે જે દસ્તાવેજની નકલ સામીલ છે તે જોતાં મ

સબબ હાલનો દસ્તાવેજ ભિન્ન ભિન્ન બાબતો સંબંધે થએલો નસ્તાં એકજ બાબત સંબંધે થયેલોછે એમ અમે ઠરાવીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓ સાહેબની રૂબરૂ. *

ફેસલ તા. ૬-૩-૯૧

સરદાર રણછોડજી મોતીલાલ રહેવાશી વડોદરા. } દસ્તાવેજ કરી લેનાર.

મોદી રણછોડ અમરચંદ રેહેવાશી મજકુર. } દસ્તાવેજ કરી આપનાર.

(નવા સ્ટાંપ નિબંધની કલમ ૪૪ પ્રમાણે કરેલી અપીલ).

અવેજ ઉપાડ કરવા સંબંધે કરાર—નિબંધની કલમ ૨૧-૨૩-ખત પરિશિષ્ટ ૧ રકમ ૮ તથા રકમ ૬ (ખ).

દસ્તાવેજનું સ્વરૂપ એવું હતું કે, લખી લેનારે લખીઆપનારને અમુક કામસારૂ અવેજ ધીરે તો તે અવેજના, ફડચાના સંબંધે લખીઆપનારે અમુક સરતો પ્રમાણે વર્તવું, એટલે, તે અવેજ બદલ અમુક રકમ લેખે વ્યાજ આપવું તથા લખી આપનારને જે અવેજ સરકારમાંથી મળવાનો થાય તે અવેજ લેવા સારૂ તેણે લખી લેનારને મુખત્યારનામું આપવું, વિગેરે. ઠરાવ થયો કે-આ દસ્તાવેજથી વાસ્તવિક ધીરવાનો વેહેવાર થયેલો ગણાય નહીં, તથા તે મુખ્ય લેખ ન ઠર્યાથી નિબંધની કલમ ૨૩ નો નિયમ લાગુ થઇ શકતો નથી. તેથી આ દસ્તાવેજ ખતની વ્યાખ્યામાં આવતો નથી, તેથી પરિશિષ્ટ ૧ રકમ ૮ પ્રમાણે સ્ટાંપ લાગે નહીં, પરંતુ તે કરાર કિંવા કરારની યાદીમાં આવેછે અને તેને પરિશિષ્ટ ૧ રકમ ૬ (ખ) પ્રમાણે સ્ટાંપ જોઈએ.

જુદા જુદા દસ્તાવેજ માની જુદી જુદી લાગત તથા સ્ટાંપ લેવો જોઈએ એમ અમોને લાગતું નથી. ફક્ત આ દસ્તાવેજમાં વસૂલ કરવાની રીત જુદી બતાવી છે તેથી આપ જે અભિપ્રાય (દસ્તાવેજમાં બે કરાર છે ખરા પણ ચાલુ સ્ટાંપનિબંધમાં ઘરાણીયા દસ્તાવેજ બાબતે તથા કરજાઉ ખત બાબદ જુદો સ્ટાંપ તથા રજીસ્ટર લાગત જુદી જુદી ઠરાવેલી નથી. બન્ને માટે એકજ સ્કેલ છે.) આપ્યોછે તેજ અભિપ્રાયને અમો મળતા છીએ તો તે પ્રમાણે આજમ નોંધણીકામદાર તરફ લખશો."

* હી. સ્ટાં. ખુ. ૨. નંબર ૭૭ સને ૧૮૯૦-૯૧. આ ઠરાવ આજ્ઞાપત્રિકામાં તા. ૭-૫-૯૧ ના રોજ પૃષ્ઠ ૭૮-૭૯ ઉપર પ્રસિદ્ધ થયેલોછે તથા વડોદરા વત્સલમાં તા, ૩૧-૫-૯૧ ના રોજ પૃષ્ઠ ૭ ઉપર છાપેલોછે.

જે અવેજ સરકારમાંથી મળવાનો થાય તે લખી લેનારે લેવા વિશે દસ્તાવેજનામું લખ્યું છે તેથી સરકારમાંથી લેહણી થનારૂ રકમ તેના નામે કરી આપીછે એમ આ દસ્તાવેજથી કહી શકાતુ નથી માટે કલમ ૨૧ લાગુ થતી નથી.

હકીકત.

આ કામની હકીકત એવીછે, કે સીટી મુનસફ કોર્ટમાં કિંરકોલ મુકદમા નંબર ૪૪૫ સંવત ૧૯૪૬ ના કામમાં ટાંચ ઉઠાવવા બાબદ દાવો થયેલો, તે દાવો જે દસ્તાવેજના આધારે કરવામાં આવેલો તે દસ્તાવેજ યોગ્ય સ્ટાંપ ઉપર થયેલોછે કે નહીં એટલો આ કામમાં પ્રશ્ન છે.

સદર કામમાં રજુ થયેલા દસ્તાવેજનો મુદ્દાનો મજકુર નીચે પ્રમાણે છે:—

"સરઇઆ રણછોડજી મોતીલાલ ઠેકાણું નરસીંગજીની પોળ, જોગલ્લા. એક ગામ વાસી મોદી. રણછોડ અમરચંદ ઠે. પીપળા શેરીમાં. જત, અમો લખી આપીએ છીએ કે, શ્રીમંત સરકાર ખાનગીમાંથી અમોએ બ્રાહ્મણ ભોજન યા સવારી કામ કરવાનું કંટ્રાકટ રાખ્યુંછે. તે કારખાનું ભરવા સારૂ રૂપિઆનો ઉપાડ તમારે ઘેરથી કરીશું. તે નીચે મુજબ, તથા સરકારમાં કારખાનું બાર માસ સુધી પુરૂ પાડવા તમોને જામીન આપ્યા છે. તેનો ઠરાવ નીચે મુજબ. ખાતાના ઉપાડનું વ્યાજ દર સેંકડે દર મારો રૂ. દસ આણા પ્રમાણે કર્યુંછે તે દીવાળી બાકી અધિક માસ સુદ્ધાં વ્યાજનું વ્યાજ ગણી મજરે આપીશું, ખાતાના ઉપાડની આડત દર સેંકડે આણા આઠ પ્રમાણે મજરે આપીશું; તમારે ત્યાંથી રૂપીઆનો ઉપાડ જેટલા રૂપીઆનો માલ સરકારમાં ભરીશું તેના અજમાસથી લઇશું, તે કરતાં વધારે લઇશું નહીં. કદાપી કોઇ મહીનામાં ભલથી વધારે લીધો હશે તો બીજા માસના ઉપાડમાં મજરે આપીશું. સરકારમાં બે માસની રકમ લેણી થાય ત્યાંહાં સુધી ઉપાડ કરીશું; તે કરતાં વધારે થાય તો તમારી-ખુશી હોય તો આપજો. સરકારમાં રૂપીઆ લેવા સારૂં તમોને કુલમુખત્યારનામું લખી આપ્યુંછે તથા અમારી સહીનો રીપોર્ટ તમોને રૂપીઆ મલવા વાસ્તે રીપોર્ટ પણ કરેલો છે તે મુખત્યારનામા તથા રીપોર્ટના આધારથી લીધે જાા. તમો અમો કશી હરકત કરનાર નથી શાથીકે તમારે ઘેરથી રૂપીઆનો ઉપાડ કરી સરકારી બ્રાહ્મણ ભોજન વિગેરે કરેલુંછે, માટે સરકારમાં અમારા નામથી જે રૂપીઆ જમે હોય તે લેવા તમો માલીક છો,તથા કારખાનામાં જે માલ શીલક હોય તે પણ તમારે કબજે કરજો. એમાં પણ અમારે હકક નથી. તે કરતાં તમારૂં લેહણું નીકળે તો અમારી હરેક સ્થાવર

જંગમ મિલકતથી વસુલ કરી લેજો, તેમાં કશી હરકત કરનાર નથી. તેમાં હમારો યા હમારા વાલી વારશનો કોઇનો પણ હક્ક નથી. સરકારમાં અમારા તરફથી કારખાનું બાર માસમુધી પુરૂં પાડવા તમો જામીન થયાછો. તે અમો ના ભરીએ તો તમારે ભરવું પડે તો તેનું જે નુકશાન થશે તે અમારે શીર છે. કારખાનું ચલાવવા ગુમાસ્તા વિગેરે જે ખરચ કરશો તે તમો મુખત્યાર છો, તેમાં હમો કશી હરકત કરનાર નથી. તમારે કારખાનું ભરવું પડે તો અમો બાખત આવી પડેતો તમે મેહનત કરો તે બદલ ઉચક રૂ. ૩૦૧ અંકે ત્રણસોને એક લેજો. તમારૂં મુખત્યારનામું તમારા વ્યાજ મુદ્દલ હીસાબ ચુકાવીઆપ્યા શિવાય તમારૂં મુખત્યારનામું રદ કરનાર નહીં. આ કરાર અમો અમારી રાજી રંજાવંતથી (તથા) સાવચેતીથી લખી આપ્યોછે તે અમારે તથા અમારા વાલીફરજનોને કબૂલ મંજૂર છે. આ કરાર કારણસર તમારે ફરીયાદ વિગેરે કરવું પડે તેનો ખરચ અમારે શીરછે. સંવત ૧૯૪૫ ના ભાદરવા સુદ ૧૪ વાર સોમ તા. ૯–૯ ૮૯. દા. શા. રણછોડ કાલિદાસ.

સહી. સાક્ષ.

* * * * * *

સદર દસ્તાવેજને કેટલી કિંમતનો સ્ટાંપ લગાડેલો છે એ દસ્તાવેજની નકલ ઉપરથી જણાતું નથી, પણ આજમ સિટી મદતમુનસફના ઠરાવથી તે આઠ આનાના સ્ટાંપ ઉપર થયેલો છે એમ માલુમ પડેછે.

આજમ સિટી મદતમુનસફે દસ્તાવેજને લગાડેલો સ્ટાંપ અપુરતો ગણી સ્ટાંપનિબંધની કલમ ૨૩ ના આધારે તેનો ઉપયોગ તેમના આગળના દાવાના કામ સારૂ થઇ શકતો નથી માટે ટાંચ ઉઠાવવા બદલનો તે દસ્તાવેજને આધારે કરેલો અરજ નામંજૂર કર્યો.

તે ઠરાવ ઉપર સિટીજજ્ય કોર્ટમાં મુળ અરજદારે અપીલ કરી તેમાં સિટી આસિસ્ટંટ જજ્યે એવો ઠરાવ કર્યો કે, સ્ટાંપ નિબંધની કલમ ૩૦ પારિગ્રાફ ૧ અન્વયે ખુટતો સ્ટાંપ તથા દંડની રકમ લેઇ તકરારી દસ્તાવેજનો પુરાવામાં ઉપયોગ થઇ શકેછે, માટે તે પ્રમાણે સ્ટાંપ સંબંધે તજવીજ કરી કામનો નવેસર નિકાલ કરવાનો ઠરાવ કર્યો.

આ ઠરાવ ઉપર મુલ સામાવાળાએ આ કોરટમાં ફિરકોલ સ્પેશલ અપીલ રજુ કરી તેમાં મુખ્ય તકરાર રજુ થયેલા દસ્તાવેજના સ્ટાંપ સંબંધે હોવાથી તે અરજ ફિરકોલ સ્પેશીઅલ અપીલ તરીકે દાખલ ન કરતાં સ્ટાંપ સંબંધી ખુલાસાના રજીસ્ટરમાં દાખલ કરવામાં આવ્યોછે.

ઠરાવ.

સિટી મુનસફ્ કોરટમાં એક કિરકોલ દાવો ટાંચ ઉઠાવવાં બદલ થયેલો.તે દાવો જે દસ્તાવેજના આધારે કરવામાં આવેલો તે દસ્તાવેજ એ દાવાના કામ સારૂ પુરતા સ્ટાંપ ઉપર થયેલો છે કે કેમ એટલો આ કામમાં પ્રશ્ન છે.

આ જમ સિટી મદતમુનસફે એ દસ્તાવેજને લગાડેલો સ્ટાંપ અપુરતો ગણી સ્ટાંપનિબંધની કલમ ૨૩ ને આધારે તેનો ઉપયોગ તેમના આગળના એ દાવાના કામ સારૂ થઇ શકતો નથી માટે ટાંચ ઉઠવાવા બદલનો તે દસ્તાવેજને આધારે કરેલો આરજ નામંજૂર કર્યો.

તે ઠરાવ ઉપર મુળ અરજ કરનારે સિટીજજ્ય કોરટમાં કિરકોલ અપીલ કરી તેમાં સિટી આસિસ્ટંટ જજ્યે એવો ઠરાવ કર્યો કે, સ્ટાંપ નિબંધની કલમ ૩૦ પારિગ્રાફ્ ૧ અન્વયે ખુટતો સ્ટાંપ તથા દંડની રકમ લેઇ તકરારી દસ્તાવેજનો પુરાવામાં ઉપયોગ થઇ શકે છે, માટે તે પ્રમાણે સ્ટાંપ સંબંધે તજવીજ કરી કામનો નવેસર નિકાલ કરવો.

આ ઠરાવ ઉપર મુળ સામાવાળાએ આ કોરટમાં કિરકોલ સ્પેશીઅલ અપીલ રજુ કરી તેમાં મુખ્ય તકરાર રજુ થયેલા દસ્તાવેજના સ્ટાંપ સંબંધે હોવાથી તે અરજ કિરકોલ સ્પેશલ અપીલ તરીકે દાખલ ન કરતાં સ્ટાંપ સંબંધી ખુલાસાના રજીસ્ટરમાં દાખલ કરવામાં આવ્યો છે.

સાંમતના દસ્તાવેજનું સ્વરૂપ એવું છે, કે લખીલેનાર લખીઆપનારને એક અમુક કામ સારૂ અવેજ ધીરે તો તે અવેજના ફડચાના સંબંધે લખીઆપનારે અમુક સરતો પ્રમાણે વર્તવું, એટલે, તે અવેજ બદલ અમુક રકમ લેખે વ્યાજ આપવું, તથા લખીઆપનારને જે અવેજ મળવાનો થાય તે અવેજ લેવા સારૂ તેણે લખીલેનારને મુખત્યારનામું આપવું વિગેરે.

આ દસ્તાવેજને લખીઆપનારે 'કરાર' કહી લખી આપ્યો છે ને તે આઠ આનાના સ્ટાંપ ઉપર લખાએલો છે.

આ દસ્તાવેજ હમે સાધંત વાંચી જોયો છે. તેમાં જણાવ્યા મુજબ લખીલેનાર લખીઆપનારને અવેજ ધીરે, તો લખીઆપનારે તેમાં જણાવેલી સરતો પ્રમાણે ચાલવા બંધાય છે. પણ તે મુજબ અવેજ ધીર્યા પહેલાં તેમાં લખેલી સરતો પાળવાનો

બોજો તેના ઉપર પડીશકતો નથી. વાસ્તવિક ધીરવાનો વેહેવાર આ દસ્તાવેજથી થયેલો ગણાય નહીં. આ પ્રમાણે અવેજ વાસ્તવિક ધીર્યાના સંબંધે હાલનો દસ્તાવેજ મુખ્ય લેખ ઠરતો નથી. તો પછી તેને સ્ટાંપનિબંધની કલમ ૨૩ માં બતાવેલો નિયમ લાગુ થઇ શકતો નથી.

સ્ટાંપનિબંધની કલમ ૩ રકમ ૩ માં જણાવેલા 'ખત' ના ત્રણ પ્રકાર બતાવ્યાછે તેમાંના એકે પ્રકારમાં પણ હાલના લેખનો સમાવેશ થઇ શકતો નથી. કેમકે ઉપર જણાવ્યા પ્રમાણે અવેજ ધીરવાનો વાસ્તવિક વેહેવાર આ દસ્તાવેજથી થયેલો નથી, તે તો અલાહીદા થયેલો છે. એટલે નિબંધના પરિશિષ્ટ ૧, ની રકમ૮ આ દસ્તાવેજને આજમ મુનસફ લાગુ પાડે છે તેમ લાગુ થઇ શકતી નથી.

આ કામની સુનાવણી વખત એવી તકરાર લેવામાં આવી હતી કે, લખી આપનારને મળવાની સરકારમાંથી લેહેણી થનાર રકમ તેણે લખી લેનારને નામે આ દસ્તાવેજથી કરી આપી છે, માટે આ દસ્તાવેજને નિબંધની કલમ ૨૧ અન્વયે લાગત પડવી જોઇએ. પણ ઉપર જણાવ્યા મુજબ એ રકમ લખી લેનારને નામે આ દસ્તાવેજથી કરી આપી છે એમ કહી શકાતું નથી, પણ તે તો લેખમાં દરસાવેલા મુખત્યારપત્રથી કરી આપીછે, એમ સમજવાનું છે. માટે એ કલમ ૨૧ હાલના દસ્તાવેજને લાગુ થતી નથી, એમ અમે ઠરાવીએ છીએ.

આ કારણોથી આ દસ્તાવેજ કરાર અથવા કરારની યાદી છે. માટે તેને પરિશિષ્ટ ૧ ની રકમ ૬ (ખ). મુજબ આઠ આનાની સ્ટાંપની લાગત લગાડીછે તે બરોબરછે એમ અમે ઠરાવીએ છીએ, અને હુકમ કરીએ છીએ કે, એ દસ્તાવેજને લગાડેલો સ્ટાંપ પુસ્તો છે એમ ગણી અવલકોરટે તેમના આગળના કામનો નવેસર નિકાલ કરવો.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજસ, એઓ સાહેબની રૂબરૂ. ×

ફેસલ તા. ૧૭-૪-૯૧.

દવે લાલજી વનમાળીદાસ રેહેવાશી વડનગર. દસ્તાવેજ લખીલેનાર.

દવે દામોદર વીઠલદાસ રેહેવાશી વડનગર. દસ્તાવેજ લખીઆપનાર.

(નવીન સ્ટાંપનિબંધ સંબધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે.)

દસ્તાવેજમાં કુલ રકમની પેટાફોડ તથા તે વસુલ કરવા વિષે ઠરાવ—ભિન્ન બાબતો—નિબંધની કલમ ૭.

કરજને પેટે તારણ તરીકે લખી આપવાની મિલકતના ધોરણે કરજની 'કુલ રકમનો ફોડ દસ્તાવેજમાં કર્યો હોય તો તેટલા ઉપરથી તે ફોડવાર જૂદા દસ્તાવેજ ગણી નિબંધની કલમ ૭ પ્રમાણે સ્ટાંપની લાગત લેવાની નથી. પણ એક બાબતનો દસ્તાવેજ છે એમ સમજી કુલ રકમ ઉપર એકજ લાગત લેવાની છે. માટે ધનકો પાસેથી રૂ. ૩૦૦૦ લેઇ એ રકમની પેટાફોડ બાબત જૂદી જૂદી વ્યવસ્થા એવી કરેલી કે, રૂ. ૧૫૦૦ માટે ઘર કબજાગીરો આપ્યું છે, તથા એ રકમને વ્યાજ નહીં તથા ઘરને ભાડું નહીં, ને બાકીના રૂ. ૧૫૦૦ માટે વ્યાજનો કરાર છતાં એ રકમ માટે બીજી મિલકત સાનમાં લખી આપી છે. એવી રીતે દસ્તાવેજમાં વસુલ કરવાની રીતની વ્યવસ્થા ભિન્ન બતાવેલી હતી. ઠરાવ થયો કે-નિબંધની કલમ ૭ પ્રમાણે ભિન્ન બાબતો સંબંધે આ દસ્તાવેજ ન થતાં એકજ બાબત સંબંધે થાય છે.

દી. સ્ટાં. પુ. ર. નંબર ૬૪ સન ૧૮૯૦—૯૧ ફેસલ તા. ૫—૩—૯૧ નો વિચારમાં લીધો છે(૧).

હકીકત.

આ કામ નોંધણીખાતાના તપાસણીકામદાર એમણે જા. નં. ૫૫૯ તા. ૧૩—૪—૯૦ થી નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ મુજબ નિરણય થવા આ તરફ મોકલ્યું છે. દસ્તાવેજની નકલ ખેરાલુ મહાલની નોંધણીકચેરીમાં નોંધબુક નંબર ૧, વા. ૧૦, અનુક્રમ નંબર ૯૦ ઉપર થઇ દસ્તાવેજ પક્ષકારને પાછો અપાઇ ગયો છે.

× દી. સ્ટાં. પુ. ર. નંબર ૩૬ સન ૧૮૮૯—૯૦. આ ઠરાવ આજ્ઞાપત્રીકામાં તા. ૩૦-૪-૯૧ નારોજ પૃષ્ઠ ૭૫-૭૬ ઉપર પ્રસિદ્ધ થયેલો છે.

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૧૫૪ ઉપર છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમિઆન સંવત ૧૯૪૬ના પોષ સુદી ૧૧ ને વાર બુધ, તા. ૧ જાનેવારી સન ૧૮૯૦ ના રોજ થએલો છે. તેમાં મુદ્દાનો મજકુર નીચે પ્રમાણેઃ—

" * * * તમારા પાસેથી રૂ. ૩૦૦૦ અંકે રૂપીઆ ત્રણ હજાર પુરા રોકડા શીકાઈ લીધા છે. તેના પેટે અમારી સ્થાવર મિલકત ગીરો તથા સાન આપીએછીએ તેની વિગતઃ—

૧. ઉપર લખેલી રકમ પૈકી રૂ. ૧૫૦૦ ઉપર અમારી માલકીનું ઘર ૧, કસબે વડનગરમાં જુના સામરા આગલ છે, તે ઘર ગીરવી આપી તેનો કબજો તમને સોંપ્યો છે. તેનું એટલે રૂપિયાનું વ્યાજ નહીં અને ઘરનું ભાડું નહીં, એવી રીતે તમને ઘર સોંપ્યું છે તેના ચતુરાધાટની વિગત * * * * * *

૧. ઉપર લખેલી રકમો પૈકી રૂ. ૧૫૦૦ અંકે પંદરસોનું વ્યાજ માસ ૧ એકે સેંકડે રામ ૮ આઠ રામ લેખે આપીએ. તેની સાંનમાં કંદોઈ રવા ગોવિંદજી રહેવાસી વડનગરવાળાનું ઘર ૧ જોષી વાડા નજીક મેરાઈ ઘેલા બેચરની ખડકીમાં છે તે ઘર તથા તેના સામેની ઓરડી અમારી છે. મજકુર કંદોઈના પાસે અમારૂં લેહેણું તેના પેટે લખેલું છે તે ઘરનું ખત અમારા ઘેર અસલ છે તે ખત સંવત ૧૯૩૬ ના મહા સુદ ૫ નું સ્ટાંપના કાગળનું રૂ. ૩ ઉપરનું તમને સાનમાં આપ્યું છે તેના ચતુરાઘાટની વિગત + + + એ રીતે હદ મરજાદા વાળું તમને ઉપર લખેલી રકમ પેટે સાનમાં આપેલું છે. તે વ્યાજ સહિત રૂપીઆ આપેથી સાન છુટે. તેનું અસલ ખત તમારા કબજામાં સોપ્યું છે.

સદરહુ કરાર પ્રમાણે ઉપર લખેલા રૂપીઆ લીધાછે તેની અવધ વરસ ૫ પાંચની કરીછે તે પ્રમાણે રૂપીઆ આવેથી મિલકતનો કબજો અમારો લેવો. મુદત વિત્યા બાદ રૂપિયા ન આપીએ તો (ગીરો મુકેલી)મિલકત ઉપર અમારો કશો હક્ક નથી. અને સાનવાળી મિલકત ઉપરથી તમારી રકમ વ્યાજ સાથે વસુલ કરી લેતાં ખુટે તો બીજી અમારી પાસે હરેક પ્રકારની મિલકતથી વસુલ કરી લેશો." દસ્તાવેજને સ્ટાંપ રૂ. ૧૩ નો છે.

આ દસ્તાવેજ વિષે રાવસાહેબ નોંધણી તપાસણી કામદાર એમણે ઉપરની યાદ નંબર ૫૫૯ તા. ૧૩-૪-૯૦ માં એવો અભિપ્રાય આપ્યોછે કે, સ્ટાંપ નિબંધની કલમ ૭ પ્રમાણે આ દસ્તાવેજ ભિન્ન ભિન્ન બાબતનો છે તેથી સ્ટાંપ રૂ. ૧૪ નો આ દસ્તાવેજને જોઇએ તેનાં કારણો નીચે પ્રમાણે છેઃ—

દસ્તાવેજના છેલ્લા ભાગની ઈબારત ઉપરથી બન્ને બાબતો ભિન્ન રાખીછે;

ગીરોના વ્યવહાર સંબંધે જે કાયદાના નિયમ છે તે પ્રમાણે જોતાં હાલના દસ્તાવેજમાં જે તે મિલકત ઉપર જે તે રૂપીઆ લીધાછે તે, તે મિલકત રૂપીઆ આપીને છોડી લેવાનો માર્ગ કુલ રકમ ન આપતાં રેહે છે અને હરેક બાબતનો બીજા સાથે સંબંધ નથી એવી બાબતો છે, તેથી હરેક બાબતો બદલ જૂદો જૂદો સ્ટાંપ જોઇએ, પરંતુ સ્પષ્ટ ઠરાવ એ સંબંધે થવો જોઈએ.

ઠરાવ.

લખીઆપનારે રૂ. ૩૦૦૦ની રકમ લેણદાર પાસેથી લીધી અને તેની નીકાલની વ્યવસ્થા એવી કરી કે, મૂળરકમના બે સરખા ભાગ પાડી એક ભાગને પેટે એક ઘર કબજાગીરો લખી આપ્યું અને બીજા ભાગને પેટે બીજું ઘર જે દસ્તાવેજ લખીઆપનાર તરફે બીજા એક શખસનું લેહેણાપેટે હતું તે સાન લખી આપ્યું. અને એ ભાગ બદલ વ્યાજનો પણ કરાર કરી આપ્યો. એ રીતે તારણમાં બે જૂદી જૂદી મિલકત જૂદા જૂદા હક્કની લખી આપી એકંદર વસુલ પુરૂં કરવાની અવધ વરસ ૫ પાંચની કરી, ને તે અવધ વીતે દસ્તાવેજમાં બતાવેલી ફાડ પ્રમાણે જે તે મિલકતનો તે ફાડ મુજબ કબજા ગીરો કરવાની મુખત્યારી ધનકોને સોંપી તો મૂળ કરજના તારણના બે ભાગ પાડ્યાછે તેને જે સ્ટાંપની લાગત ભરવાની તે દરેક ભાગ ઉપર લેવાની કે કુલ રકમ રૂ. ૩૦૦૦ ત્રણ હજારની તે ઉપર ભરવી જોઇએ, એટલો આ પ્રકરણમાં સવાલ છે.

દસ્તાવેજ સાદ્યંત વાંચી જોવામાં આવ્યો. તે ઉપરથી એમ જણાય છે કે, એકજ દેણદાર સાથે એકજ રકમથી વ્યહવાર એકજ વખતે થયેલો છે. તેથી આ દસ્તાવેજમાં ભિન્ન પ્રકારના વ્યવહાર સામીલ થયેલા છે એવું કહેવા જગ્યો નથી. માટે તેને નિબંધની કલમ ૭ લાગતી નથી એમ ઠરાવવું જોઇએ, અને એક અમુક મિલકત પુરતી ન હોવાને લીધે તથા તારણ એક રીતનું આપવાનો જોગ ન હોવાને લીધે જૂદી જૂદી મિલકત ફાડવાર તારણમાં લખી આપી છે. તેથી પણ એ દસ્તાવેજ સ્ટાંપ નિબંધની કલમ ૭ નીચે આવી શકતો નથી શિવાય એ રકમની અવધ એકજ ઠરાવી છે, તે ઉપરથી પણ બન્ને વ્યવહાર એકજ બાબતનો જણાય છે.

સ્ટાંપ ખુલાસા નંબર ૬૪ સન ૧૮૯૦–૯૧ ના કામમાં તા. ૫–૩–૯૧ ના રોજ આ કોરટે ઠરાવ કરેલો છે (૧) તેનો આશય પણ એવોજ છે કે, લીધેલા કરજને પેટે તારણ તરીકે લખી આપવાની મિલકતના ધોરણે કરજનો કંઇ ફાડ દસ્તાવેજમાં કર્યો હોય તેટલા ઉપરથી તે ફાડવાર જૂદા દસ્તાવેજ ગણી સ્ટાંપની લાગત લેવાની નથી, પણ એક બાબત બદલના એકંદર દસ્તાવેજ બદલ એક લાગતજ લેવાની છે. શિવાય એક કરજ લીધેલી રકમના નીકાલ સારૂ તેના બે ભાગ પાડી એક ભાગ સારૂ મિલકતનું તારણ આપેલું ને બીજો ભાગ અંગાઉ રાખી એક દસ્તાવેજ લખેલો તેવા કામમાં જૂદી જૂદી

---

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૧૫૪ ઉપર છે.

લાગત તથા સ્ટાંપ લેવો જોઇએ એમ અમોને લાગતું નથી એમ આ કોરટથી ઠરેલું છે. (આ કોરટના નોંધણીખાતાનો શેરો નંબર ૩૯૭ તા. ૨૭—૭—૮૮ તથા ૧૦ મું બાઇ હા. ડી. પૃષ્ઠ ૩૫૪ જુઓ.)

સબૂબ હાલનો દસ્તાવેજ પણ ભિન્ન ભિન્ન બાબતો સંબંધે થયેલો ન ગણતાં એકજ બાબત સંબંધે થયેલો છે એમ અમે ઠરાવીએ છીએ. સ્ટાંપ ડુબાવાના હેતુથી કોઇ કંઇ કૃત્ય કરે તેનું ગુન્હાનું કૃત્ય માનેલું છે (જુઓ નિબંધની કલમ ૫૫) પણ તેવો પ્રકાર આ કામમાં નથી.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓસાહેબની રૂબરૂ*.

ફેસલ તા. ૨૦-૩-૯૧

(નવાં સ્ટાંપ નિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

જુના તથા નવા સ્ટાંપ નિબંધ પ્રમાણે ખરીદ કરેલા સ્ટાંપ કાગળ--જોડનો શેરો ન હોવાનો પરીણામ.

જુના સ્ટાંપનિબંધ પ્રમાણે ખરીદ કરેલા સ્ટાંપ કાગળ જે જાહેરનામા નંબર ૧૧૧૧ તા. ૨૫-૫-૮૯ થી રદ્દ થયેલા નથી આવા કાગળ ઉપર તથા નવા સ્ટાંપનિબંધ પ્રમાણે ખરીદ કરેલા સ્ટાંપ કાગળ ઉપર જોડનો શેરો ન છતાં દસ્તાવેજ લખેલો હોય તો તે યોગ્ય લાગત આપેલો દસ્તાવેજ છે.

ડી. સ્ટાં. ખુ. ર. નંબર ૨૩ સન ૧૮૮૯--૯૦ ફેસલ તા. ૧૮--૨--૯૧ નો લાગુ કર્યો છે(૧).

હકીકત.

સદરહુ પ્રકરણ રાવસાહેબ નોંધણીતપાસણીકામદારે આ કોરટ તરફ યાદી નંબર ૪૭૩ તા. ૨૫ માર્ચ સન ૧૮૯૦ થી મેહેરબાન કડી પ્રાંતના જજ્ય નોંધણીસરકામદાર માર્ફત મોકલ્યું, તેઓ સાહેબના શેરા નંબર ૧૨૦૪ તા. ૨૭ માર્ચ સન ૧૮૯૦ થી આ કોરટના નોંધણીખાતા તરફ આવેલું તે ખાતાના શેરા નંબર ૩૨૪ તા. ૪—૪—૯૦ થી આ ખાતામાં આવ્યું.

રાવસાહેબ તપાસણીકામદાર પોતાની મુળયાદીમાં એમ જણાવે છે કે, સિદ્ધપુર માહાલની નોંધણી કચેરીમાં નવો સ્ટાંપનિબંધ અમલમાં આવ્યા પછી કેટલાએક દસ્તાવેજના સ્ટાંપ

---

* ડી. સ્ટાં ખુ. ર. નંબર ૨૪ સન ૧૮૮૯—૯૦. (૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૧૫૪ ઉપર છે.

ઉપર 'જોડવાનો સ્ટાંપ છે' એવા શેરા ન હોવાના દાખલા, તથા ભિન્ન ભિન્ન તારીખે વેચાતા લીધેલા સ્ટાંપ ઉપર થયેલાના દાખલા જણાયા તે બાબત માહિતીનું પત્રક સામીલ રાખેલું આ સાથે છે, તે ઉપરથી જે જે નંબરો ઉપર ચોકડી કરી છે તે તે નંબરના દસ્તાવેજ સંબંધે હકીકત પત્રકના આર્સન ૬—૭ માં દર્શાતિકરી જણાવેછે કે, તા. ૪–૪–૮૯ રોજ થયેલા સ્ટાંપ ખાતાના નિયમની કલમ ૬—૭—૮ વિરૂદ્ધ જોડનો શેરો ન હોય અને એવી રીતે થયેલા દસ્તાવેજ યોગ્ય સ્ટાંપ ઉપર થયેલા છે કે નહીં એ વીષે કંઈ સ્પષ્ટ ઠરાવ થયેલો નથી.

સાથેના પત્રકમાંથી નીચે પ્રમાણે હકીકત જણાવી છે:—

(૧) એકજ તારીખે સ્ટાંપ જૂદા જૂદા લીધેલા છે અને તે ઉપર જોડનો શેરો નથી એવા દસ્તાવેજ;

(૨) મુળ સ્ટાંપ ભિન્ન તારીખનો તથા જોડનો શેરો નથી એવો સ્ટાંપ ભિન્ન તારીખનો એવા દસ્તાવેજ;

(૩) જુના સ્ટાંપ નિબંધ પ્રમાણે વેચાતો લીધેલો સ્ટાંપ મુખ્ય અને પછી બે જોડ સ્ટાંપ શેરો નથી એવા દસ્તાવેજ.

ઉપર પ્રમાણે સ્ટાંપનો ઉપયોગ કર્યા બાબતની હકીકત છે. સ્ટાંપ નિબંધની કલમ ૨૯ તથા કલમ ૩ પેટા રકમ ૧૦ તથા સ્ટાંપ ખાતાના નિયમ તા. ૪–૪–૮૯ ના રોજ થયેલા તેની કલમ ૬–૭–૮ તથા ઈંગ્રેજી સ્ટાંપમાન્યુઅલ પુનુ સ્વામીકૃત તેનો ભાગ ૧, પૃષ્ઠ ૫૨ તથા ડોનાંક સ્ટાંપ આકટ પૃષ્ઠ ૩૯ ઉપરથી એવા દસ્તાવેજ યોગ્ય સ્ટાંપ ઉપર નથી એવું રાવસાહેબ નોંધણી તપાસણી કામદારને લાગેછે. નોંધણીકામદાર (સિદ્ધપુર)નું કેહેવું એમ છે કે થયેલા દસ્તાવેજ સંબંધે લોકોને માફી આપવી. પરંતુ રાવસાહેબ તપાસણી કામદાર જણાવે છે કે, એવા પ્રસંગે માફી આપવા નિબંધમાં કંઈ ઠરાવ નથી, માટે એ વીષે પણ વિચાર થવો. મે. કડીપ્રાંતના જજ્ય નોંધણીસરકામદાર સાહેબે કંઇ અભિપ્રાય દરશાવેલો નથી

ઠરાવ.

સિદ્ધપુર નોંધણીકચેરીમાં કેટલાક દસ્તાવેજ સ્ટાંપની લાગત પુરી કરવા સારૂ નીચે દરસાવ્યા પ્રમાણે જોડ સ્ટાંપ ઉપર તે સંબંધે ડેપોકામદારનો અગર વેન્ડરનો શેરો સ્ટાંપ નિયમની કલમ ૭–૮ અન્વયે થયા શિવાય લખાયેલા તેવા દસ્તાવેજ યોગ્ય ટાંપ ઉપર થયેલા ગણાય કે કેમ, એ પ્રશ્નનો ખુલાસો થવા રાવસાહેબ નોંધણી તપાસણીકામદારનું લખાણ આવ્યાથી આ પ્રકરણ ઉત્પન્ન થયું છે. રાવસાહેબ તપાસણી કામદારે જોડસ્ટાંપ વાપર્યાના જે ત્રણ પ્રકાર બતાવ્યાછે, તે નીચે મુજબ:—

૧. એકજ તારીખે જૂદા જૂદા સ્ટાંપ કાગળ ખરીદ કરી તે જોડી તે જોડયા બદલનો તે ઉપર શેરો ન છતા તે ઉપર લખેલા દસ્તાવેજ.

૧. ભિન્ન ભિન્ન તારીખે ખરીદ કરેલા સ્ટાંપ સદરહુ મુજબ એકઠા જોડી તે ઉપર લખેલા દસ્તાવેજ;

૧. જુના સ્ટાંપ નિબંધ પ્રમાણે વેચાતો લીધેલો સ્ટાંપ એક, અને ચાલુ સ્ટાંપ નિબંધ અન્વયે ખરીદેલા નવા સ્ટાંપ, એ રીતે જોડ જોડી જોડનો શેરો જુના સ્ટાંપ કાગળ ઉપર ન છતાં તે ઉપર લખેલા દસ્તાવેજ.

પ્રથમના બે પ્રકાર સંબંધે વિવેચન કરવાની જરૂર નથી, કેમકે નવીન સ્ટાંપનિબંધ પછી થયેલા નવી જાતના બધા જોડદસ્તાવેજી સ્ટાંપ ઉપર સ્ટાંપનિયમની કલમ ૭-૮ મુજબ શેરો ન હોય તો પણ જો તે મુજબ વાપરેલા સ્ટાંપ કાગળોની કિંમતના સરવાળાની રકમ, તે ઉપર લખેલા દસ્તાવેજની એકંદર સ્ટાંપની પડનારી લાગત બરોબર હોય, તો પછી તેવા દસ્તાવેજ નીદાન નોંધણી સંબંધે યોગ્ય લાગત લગાડેલા ગણવાને હરકત નથી, એમ આ કોર્ટે સ્ટાં. ખુ. ર. નંબર ૨૩ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૧૮-૨-૯૧ ના ઠરાવમાં ઠરાવેલું છે.

હવે ત્રીજા પ્રકાર બદલ વિચાર કરવાનો રેહેછે. એ પ્રકારમાં દરશાવેલા દસ્તાવેજ સંબંધે નોંધણી તપાસણીકામદારે જે માહીતી પત્રકમાં દરસાવી છે તે ઉપરથી પુરો ખુલાસો ન થયાના કારણથી તે અસલ દસ્તાવેજ સિદ્ધપુર નોંધણીકચેરીમાંથી મંગાવી જોવામાં આવ્યો.

તે દસ્તાવેજ ત્રણ સ્ટાંપ કાગળો જોડી લખેલોછે. તે પૈકી પ્રથમના બે સ્ટાંપ નવીન સ્ટાંપ નિબંધ અન્વયે ખરીદ કરેલા છતાં તે ઉપર વેન્ડરના શેરા છે, અને ત્રીજો સ્ટાંપ જોડેલો છે અને જે તે જુનો છે કહી તપાસણીકામદારે લખ્યું છે તે તા. ૨૪-૬-૮૭ રોજે ખરીદ કરેલો છે, અને તેને સ્ટાંપની છાપ પણ રંગીન ભુરારંગની છે.

રંગીન છાપના સ્ટાંપ કાગળ તા. ૧ અકટોબર સન ૧૮૮૫ થી વાપરવા બદલ મે. રા. બા. સરસુબાસાહેબના નંબર ૧૦૫ તા. ૮-૯-૮૫ ના (૧) જાહેરનામાથી ફરમાન

---

(૧) નંબર ૧૦૯ તા.-૮-૯-૭૫ નું જાહેરનામું નિચે પ્રમાણે છે.

જાહેરનામું.

" શ્રીમંત સરકાર મહારાજસાહેબની આજ્ઞાથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે, વાટરમાર્કના, એટલે, કાગળ તૈયાર કરતી વખતે સફેત અક્ષરોથી શ્રીમંત સરકાર મહારાજ સાહેબનું નામ દાખલ કર્યુંછે. એવા કાગળ ઉપર, તથા કાપડી કાગળ ઉપર, તથા ચોઢવાના સ્ટાંપ સારૂ ફુલીસ્કેપ કાગળ ઉપર, રંગના નવીન સ્ટાંપ છાપવામાં આવેલા કાગળો મિતીભાદરવા વદી ૮ ગુરૂવાર સં. ૧૯૪૨ સુધી, તા. ૧ આકટોબર સન ૧૮૮૫ ના રોજથી વેચવાનું શરૂ થશે. સબબ સદરહુ તારીખે તથા ત્યાર પછી નીચે લખેલી તરહેના સ્ટાંપ વાપરવા જોઈએઃ—

થયાનું જણાય છે. આ જાહેરનામાથી પ્રથમના વગર રંગની છાપવાળા કાગળ વાપરવાનું બંધ કર્યું ન હોતું. પણ વળી જ્યારે નવીન સ્ટાંપ નિબંધ અન્વયે ઉપયોગમાં લાવવાના તમામ જાતના સ્ટાંપ તૈયાર થયા ત્યારે ફરી તેઓ સાહેબે નંબર, ૧૧૧૧ તા. ૨૫–૫–૮૯ નું જાહેરનામું (૨) કાઢયું ને તેમાં ફરમાવ્યું કે, તા. ૧–૧૦–૮૫, પેહેલાના વગર રંગના દસ્તાવેજી સ્ટાંપ હશે તે તા. ૧–૮–૮૯ થી રદ થયા છે, અને તેવા સ્ટાંપ લોકોએ પ્રથમથી ખરીદ કરી રાખેલા હોય તેને બદલે નવીનસ્ટાંપ બદલમાં આપવાની સવડ કરી આપવામાં આવવી. આ બેઉ જાહેરનામાં શ્રીમંત સરકાર મહારાજાસાહેબની આનાથી થયેલાં છે.

આ જાહેરનામાં નંબર ૧૧૧૧ તા. ૨૫–૫–૮૯ થી જુના સ્ટાંપ પૈકી વગર રંગના છાપવાળા સ્ટાંપ કાગળ રદ કરવામાં આવ્યા છે. તે પ્રકારમાં હાલનો જુનો કેહેવામાં આવેલો સ્ટાંપ કાગળ આવી શકતો નથી, માટે કિંમતના અર્થે પુરતો ગણવાને હરકત નથી. હાવે તેના ઉપર જોડબદલ શેરો થયો નથી તે વાત ખરીછે, પણ તે જે વખત એ સ્ટાંપ કાગળ ખરીદ કરવામાં આવ્યો તે વખત, તા. ૨૦–૧૧–૮૯ નો સ્ટાંપ નિયમ અસ્તીત્વ ન હોવાને લીધે માર્ગ ન હોતો, ને એવા જુના સ્ટાંપ ઉપર શેરો કરવા સંબંધી કંઇ ઠરાવ નથી. વળી એ નિયમની કલમ ૭–૮ મુજબનો વેન્ડર વિગેરેનો શેરો ન હોય તો પણ તેવા પુરી કિંમતના જોડ સ્ટાંપ ઉપર થયેલા દસ્તાવેજ યોગ્ય લાગત આપેલા દસ્તાવેજ ગણવા સ્ટાં. ખુ. ૨ નંબર ૨૩ સન ૧૮૮૯–૯૦ ના પ્રકરણમાં આ કોર્ટે તા. ૧૮ ફેબ્રુઆરી.સન ૧૮૯૧ ને રોજ ઠરાવેલુંછે.

સબબ હાલનો દસ્તાવેજ પણ યોગ્ય લાગત આપેલો દસ્તાવેજ છે એમ અમે ઠરાવીએ છીએ,

---

(ક). અસમાની રંગના શિક્કાના સ્ટાંપ, સ્ટાંપ નિબંધના ચોથા અંક પ્રમાણેદર એક પ્રકારના દસ્તાવેજ સારૂ;

(ખ). લાલ રંગના શિક્કાના સ્ટાંપ, સ્ટાંપ નિબંધના પાંચમા અંક પ્રમાણે કોઈ કોરટ ફી-એટલે, કોરટના કામના ઉપયોગ સારૂ.

આ જાહેરનામા ઉપરથી હાલ ચાલુ છે તે બીન રંગના સ્ટાંપ રદ થયાછે એમ સમજવું નહીં. તથા હાલ જે પ્રમાણે વાપરવામાં આવે છે તેજ પ્રમાણે બીજો હુકમ થતાં સુધી વાપરવામાં આવશે તા. ૨ સપટેબર સન ૧૮૮૫ ઇસવી, મિતી શ્રાવણ વદી ૩૦ સં. ૧૯૪૨.

(સહી) લક્ષ્મણ જગંનાથ.

મ. સરસુભા.

(૨) નંબર ૧૧૧૧ તા. ૨૫–૫–૮૯ નુંજાહેરનામું નિચે પ્રમાણે છેઃ—

જાહેરનામું.

" સર્વે લોકોને આ જાહેરનામાથી ખબર આપવામાં આવેછે કે, આ રાજ્યના માટે નવીન

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફ્જસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓ સાહેબની રૂબરૂ*.

ફેસલ્લ તા. ૨૩—૩—૯૧.

(નવા સ્ટાંપનિબંધની કલમ ૪૩ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે.)

હુકમનામાની નકલ લગત વેચાણનો શેરો —વિક્રીખત પ્રમાણે સ્ટાંપ—પરિશિષ્ટ ૧, રકમ ૨૯.

હુકમનામાની નકલ લગત વેચાણ કર્યાનો લેખ શેરાના રૂપે લખેલો હોય તો એ શેરાના લેખને વિક્રીખત ગણી પરિશિષ્ટ ૧, રકમ ૨૯ અન્વયે વેચાણની રકમ પ્રમાણે સ્ટાંપ જોઈએ.

હકીકત.

આ કામમાં આજમ સીનોર મુનસફે યાદી નંબર ૧૦૨૭ તા. ૨૮—૨—૯૦ના લખાણથી એવો ખુલાસો પુછેલો છે કે, વાદી લોકોનાં પ્રતિવાદી ઉપર થયેલાં હુકમનામાં વેચાણ લઇ બજાવવામાટે ખરીદદાર દરખાસ્તો આપે છે; હુકમનામું ખરીદ

સ્ટાંપનિબંધ, શ્રીમંત સરકાર મહારાજ એમની આજ્ઞાથી, મિતિ અષાડ વદી ૩૦ સં. ૧૯૪૨, તા. ૩૧ જુલાઈ સન ૧૮૮૬ ના રોજ થયેલોછે. સદર નિબંધના પેહેલા પરિશિષ્ટ મુજબ સ્ટાંપ તૈયાર ન હોવાને લીધે એ નિબંધનો અમલ બીજે હુકમ થતાં સુધી શરૂ થવાનો નથી, એમ હુજારઆજ્ઞાથી નંબર ૬૩ તા. ૨૨-૭-૮૭ ના જાહેરનામાથી પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. હાલ તમામ દરના સ્ટાંપ કાગળો તથા ચોઢવાના સ્ટાંપ તઇયાર થયેલાછે. માટે સદરહુ નિબંધ મિતી શ્રાવણ શુદિ ૪ ગુરૂવાર સં. ૧૯૪૬ મૃગી, તા. ૧ લી માહે આગષ્ટ સન ૧૮૮૯ ઈસ્વીના રોજથી અમલમાં આવશે.

તારી ૧ લી માહે આકટોબર સન ૧૮૮૫, મિતી ભાદ્રપદ વદી ૮ સંવત ૧૯૪૨ મૃગીના પેહેલા વગર રંગના દસ્તાવેજીસ્ટાંપ હશે તે તા. ૧ લી આગષ્ટ સન ૧૮૮૯ થી રદ્દ થયાછે એમ સમજવું. જેના કબજામાં એવા સ્ટાંપ હશે. તે મિતી માહા શુદિ ૧૨ શનીવાર સંવત ૧૯૪૬ મૃગી, તા. ૧ લી માહે ફેબ્રુઆરી સન ૧૮૯૦, ની અંદર યોગ્ય અધિકારી તરફ રજુ કરશે તો, તે પાછા લઇ તેના બદલે તેને પુરી કિંમતના નવીન સ્ટાંપનિબંધમાં ઠરેલા દરના જોઇએ તેટલા સ્ટાંપ, કાગળની કિંમત ન લેતાં, આપવામાં આવશે. તા. ૨૫ માહે મે સન ૧૮૮૯."

(સહી) जयसिंगराव आंग्रे.

મ. સરસુભા.

* ફી. સ્ટાં. પુ. ૨. નંબર ૯૯ સન ૧૮૯૦-૯૧.

લીધા બદલ જૂદા દસ્તાવેજ થાય છે; કોઇ પ્રસંગે હુકમનામા નીચે પણ ખરીદ બદલ શેરા લખી આપ્યા છે. એ બેઉ પ્રકારનું દસ્તાવેજ ગણી તે દસ્તાવેજને લેણ દેણના સ્કેલ પ્રમાણે સ્ટાંપ ચોડવાનો આ કોરટમાં વહીવટ છે. આ બાબત વિષે હવે નવીન સ્ટાંપઆક્ટ પ્રમાણે સ્ટાંપની જરૂર નથી એવી કેટલાએક પક્ષકાર લોકોની તકરાર છે. પરંતુ નવીન સ્ટાંપઆંકટમાં એ વિષેનો ખુલાસો જણાતો નથી. માટે વિનંતી કરવાની કે હુકમનામું વેચાણ લીધે તે બદલ તે હુકમનામા નીચે શેરો અગર જૂદા દસ્તાવેજ થાય તેને સ્ટાંપ જોઇએ કે નહીં, ને જોઇએ તો કિયા સ્કેલ પ્રમાણે, તેમ હુકમનામાની સાનમાં કંઈ સ્થાવર મિલકત હોય તો તે સંબંધમાં નોંધણી-નિબંધ પ્રમાણે નોંધણીની લાગત પણ લેવાની જરૂર છે, કે નહીં. એ વિષે ખુલાસો થવા મે. વડોદરા પ્રાંતના જજ્જ સાહેબ તરફ પ્રકરણ મોકલ્યું. (તે) તેમનો શેરો નંબર ૩૯૭૪ તા. ૧૧-૩-૯૧ના લખાણથી આ તરફ મોકલ્યું છે, તેમાં તેઓ જણાવે છે કે, "નવીન સ્ટાંપનિબંધ પરિશિષ્ટ ૧ ની રકમ ૧૮ જે કે બીજાના નામ ઉપર કરી આપવાનો લેખ તે વિષે વિક્રીખત પ્રમાણે લાગત એજ પરિશિષ્ટની રકમ ૨૯ મુજબ લેવા દરશાવ્યું છે. તે વ્યાખ્યામાં હુકમનામું બીજા માણસને વેચાણ આપે તે બદલ થયેલા દસ્તાવેજનો સમાવેશ થાય છે. એમ અમોને લાગે છે, પછી એ દસ્તાવેજ તે હુકમનામા લગત હોય કે, અલાહીદા હોય." ઉપરના કારણથી પોતાનો અભિપ્રાય એવો આપે છે કે, એવા પ્રકારના દસ્તાવેજને સદરી બતાવ્યા મુજબ વિક્રીખત પ્રમાણે સ્ટાંપની લાગત લેવી જોઇએ.

ઠરાવ.

કોરટનું હુકમનામું બીજાને તેની પાસેથી અમુક અવેજ લેઇ વેચ્યાનો-દસ્તાવેજ વિક્રીખત ગણી વેચાણની રકમ ઉપર સ્ટાંપનિબંધના પરિશિષ્ટ ૧ ની રકમ ૨૯ મુજબ લાગત લેવી જોઇએ, એવું આ કોરટે સ્ટાંપ ખુલાસા નંબર ૩૩ સન ૧૮૮૯-૯૦ ના કામમાં તા. ૩-૯-૯૦ રોજે ઠરાવેલું છે. (૧) તે કામમાં વેચ્યાનો લેખ અલાહીદો હતો અને હાલના કામમાં તેવો લેખ હુકમનામા લગત શેરાના રૂપે લખેલો છે, તેથી મુળ વિક્રીના વેહેવારમાં કંઇ તફાવત પડતો નથી. એવા શેરાના રૂપમાં થયેલો દસ્તાવેજ વિક્રીખત ગણવા બદલ આ કોરટે દાવા-

---

(૧) આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૫૪ ઉપર છાપેલો છે.

ણીઅરજી નંબર ૩૦૭ સન ૧૮૯૦-૯૧ ના મકદમામાં તા. ૨૦—૧૨—૯૦ ના દફતરી શેરાથી(૨) ઠરાવ્યું છે. અંગ્રેજ સરકારના મૂલકમાં એવો વહીવટ જણાય છે. (જુઓ. પુનુસ્વામી કૃત સ્ટાંપ માન્યુઅલ, ભાગ ૩ જો, પાનું ૮૭). માટે હાલના જેવા શેરાને પણ સ્ટાંપનિબંધના પરિશિષ્ટ ૧ ની રકમ ૨૯ અન્વયે વિક્રીખત ગણી એ રકમના ધોરણે વેચાણની રકમ પ્રમાણે સ્ટાંપ લેવો જોઇએ એમ અમો ઠરાવીએ છીએ.

---

(૨) એ શેરો અરજી લગત દફતરી ઠરાવ તરીકે કરેલોછે તે નીચે મુજબ. "આ સંબંધે અમારા બંધું ન્યાયાધિશોનો વિચાર લેવામાં આવ્યો. જે હુકમનામાનો શેરો, ફરીક્ત શેરો, નોંધવાને પાત્ર છે કે નહીં, એવો સવાલ છે. તે હુકમનામું સાનમિલકત ઉપર થયેલું છે અને તે ઉપરના ફરીક્તના શેરાથી અરજદારને તે હુકમનામા વાળા કાગળનુંજ માત્ર સ્વામિત્વ મળ્યું હોય એમ નસ્તા એ હુકમનામા વાળી સાનમિલકત સંબંધે હક્ક (Interest) મળ્યોછે. એ મિલકત રૂ. ૧૦૦ કરતાં વધારે રકમ બદલ સાન હોવાનું હુકમનામા ઉપરથી નિકળેછે. એટલે સદરહુ શેરો નોંધણી નિબંધની કલમ ૮ રકમ (ખ)માં વર્ણવેલા અવશ્ય નોંધવાના સ્વરૂપનો દસ્તાવેજ ગણવો જોઈએ. (જુઓ ઇ. લા. રી. ૧ મુંબઈ પૃષ્ઠ ૨૯૭). સદર કલમ ૮ ના ચોથા અપવાદથી એ શેરો નોંધવામાંથી બચી શકતો નથી, કેમકે, તેનો સમાવેશ " કોરટે કરેલા હુકમનામામાં " થઇ શકે એમ નથી; તેમજ કોરટે કરેલા હુકમ એ પંક્તીમાં પણ તે આવી શકતો નથી. કારણ તે શેરો વેચાણ આપનાર તથા લેનારની મરજીથી થયેલો છે ને એ વેચાણ કોરટ સમક્ષ થવાના કારણથી તે ઉપર મુનસફની રૂબરૂની સહી માત્ર થયેલીછે. તે, અહીં સાક્ષીની સહી જેવી, સમજવાનીછે. આવી સિટીમુનસફની સહી થઇ ન હોત તોપણ તે કારણથી એ શેરો કરીઆપનાર તથા કરીલેનારને ઓછો બંધનકારક થઈ શકતો નથી. માટે તે અવશ્ય નોંધાવવાના સ્વરૂપનો છે એમ જે નીચલી કોરટોએ ઠરાવ્યુંછે તે વિરૂધ્ધ અરજદારનો અરજ નામંજૂર કરવામાં આવેછે. એ શેરાને સ્ટાંપ જોઈએ એવો હુકમ તારીખ ૨૦-૧૨-૯૦ ના ઉપરના દફતરી શેરામાં કરેલો છેજ. અરજ નિકાલે રાખવો. તારીખ ૫ જાનેવારી સન ૧૮૯૧.

(સહી) અંબાલાલ સાકરલાલ,

ચીફ જસ્ટિસ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓસાહેબની રૂબરૂ *.

ફૈસલ તારીખ ૩૦-૩-૯૧.

(નવા સ્ટાંપનિબંધની કલમ ૪૩ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

હુકમનામાની નકલ લગત વેચાણનો શેરો--વિક્રીખતનો સ્ટાંપ—પરિશિષ્ટ ૧, રકમ ૨૯.

હુકમનામાની નકલ લગત વેચાણ કર્યાનો શેરો કરેલો હોય તો એ શેરા રૂપે લખેલા લેખને વિક્રીખત ગણી પરિશિષ્ટ ૧, રકમ ૨૯ અન્વયે વેચાણની રકમ પ્રમાણે સ્ટાંપ જોઇએ.

દી. સ્ટાં. ખુ. ર. નંબર ૯૯ સન ૧૮૯૦–૯૧ ફૈસલ તા. ૨૩-૩-૯૧(૧)નો લાગુ કર્યો છે.

હકીકત.

આ કામમાં આજમ વડોદરા મહાલના મુનસફે યાદી નંબર ૨૫૪૧ તા. ૧૨–૨–૯૧ ની લખી એવો ખુલાસો પુછેલો છે કે, થયેલા હુકમનામાની નકલ નીચે હુકમનામાવાળો બીજાને વેચાણ આપી વેચાણનો શેરો હુકમનામાની નકલ નીચે કરી આપે તો તેને વેચાણના રકેલ પ્રમાણે સ્ટાંપની લાગત લેવી જોઇએ, એવો અભિપ્રાય આપી, ખુલાસો થવા પ્રકરણ મે. વડોદરાપ્રાંતના જજ્યસાહેબ તરફ મોકલ્યું.

મે જજ્ય સાહેબે તે પ્રકરણ જાવક નંબર ૩૯૭૩ તા. ૧૨ માર્ચ સન ૧૮૯૧ થી આ તરફ ખુલાસો થવા મોકલ્યું છે. તેમાં તેઓ સાહેબ લખે છે કે, આવી બાબતમાં અલાહીદા જા. નંબર ૩૯૭૪ તા. ૧૧-૩-૯૧ નો અભિપ્રાય લખ્યો છે કે, નવીન સ્ટાંપનિબંધ પરિશિષ્ટ ૧ ની રકમ ૧૮ જે કે બીજાના નામ ઉપર કરીઆપવાના લેખ, તે વિષે વિક્રીખત પ્રમાણે લાગત, એજ પરિશિષ્ટની રકમ ૨૯ મુજબ લેવા દરશાવ્યું છે. તે વ્યાખ્યામાં હુકમનામું બીજા માણસને વેચાણ આપે તે બદલ થયેલા દસ્તાવેજનો સમાવેશ થાયછે એમ લાગે છે, પછી એ દસ્તાવેજ તે હુકમનામા લગત હોય કે અલાહીદા હોય, તો ઉપરનાં કારણથી એવા પ્રકારના દસ્તાવેજને સદરી બતાવ્યા મુજબ વિક્રીખત પ્રમાણે સ્ટાંપની લાગત લેવી જોઇએ એવો અભિપ્રાય આપી પ્રકરણ આ તરફ ખુલાસો થવા મોકલ્યું છે.

---

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૧૦૦ સન ૧૮૯૦-૯૧. (૧) આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૧૯૯ ઉપર છાપેલો છે.

ઠરાવ.

'આવીજ' બાબદમાં સ્ટાંપ ખુલાસા નંબર ૯૯ સન ૧૮૯૦-૯૧ ના કામમાં આજ રોજ ઠરાવ કર્યો છે તેમાં દરશાવેલાં કારણો પ્રમાણે આવા શેરાને વિક્રીખત ગણી વેચાણની રકમને ધોરણે સ્ટાંપનિબંધના પરિશિષ્ટ ૧, રકમ ૨૯ મુજબ સ્ટાંપની લાગત લેવી જોઇએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓસાહેબની રૂબરૂ*.

ફેસલ તા. ૬-૪-૯૧.

શા. માણેકલાલ પીતાંબર રેહેવાશી વસોપુરા. દસ્તાવેજ લખીલેનાર.

શા. ખુશાલ પિતાંબર રેહેવાશી મજકુર. દસ્તાવેજ લખીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

મિલકતની કિંવા મોબદલાની રકમ કયારે લખવાની જરૂર નથી—નિબંધની કલમ ૨૪.

જે ઠેકાણે સ્ટાંપની લાગત નક્કી કરવા સારૂં મિલકતની કિંમત અથવા મોબદલાની રકમ લખવાની જરૂર ન હોય અને દસ્તાવેજના સ્વરૂપ પ્રમાણે તે દસ્તાવેજને વધારેમાં વધારે સ્ટાંપની લાગત કાયદા મુજબ લગાડી હોય તો પછી દસ્તાવેજમાં મિલકતની કિંમત અથવા મોબદલાની રકમ નક્કી દરશાવેલી ન હોય તો તેથી કાંઈ હરકત જણાતી નથી.

ડી. સ્ટાં. ખુ. ર. નંબર ૮ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૧૭-૩-૯૦ નો લાગુ કર્યોછે. (૧)

હકીકત.

સદરહુ કામ રાવસાહેબ નોંધણીખાતાના તપાસણીકામદાર તરફથી યાદી નં. ૬૪૬ તા. ૧ માહે મે સન ૧૮૯૦ સાથે નોંધણીખાતાના મુખ્યઅધિકારીસાહેબ તરફ મોકલ્યું તે તેમના તરફથી તા. ૩૦-૫-૯૦ ના શેરાથી ખુલાસો થવા આ કોરટ તરફ આવ્યુંછે. નિયમની કઇ કલમ પ્રમાણે ખુલાસો માગ્યો છે તે કંઇ લખ્યું નથી.

---

* ડી. સ્ટાં. ખુ. ર. નંબર ૪૩ સન ૧૮૮૯-૯૦. (૧) આ ઠરાવ પછવાડે પૃ૪ ૨૩ ઉપર છે.

ઉપર લખ્યા પક્ષકારોના દરમિયાન સં. ૧૯૪૬ ના કાર્તિક વદી ૫, તા. ૧૩ નવેંબર સન ૧૮૮૯ ના રોજ દસ્તાવેજ થયો છે, તેમાંનો મુદ્દાનો મજકુર નીચે પ્રમાણે છે

"૧, હમારો પ્રથમ વિવાહ આપણા સહીઆરા વખત થયો તે બદલ મેં તમોને આપણી સહીઆરી દુકાન તમારા કબજામાં આગવી કબજા સાથે સોંપેલી છે. તે દુકાન વસોપુરાના વેણીપુરામાં આથમણા પેસારની ઇંટેરીઓરડી પરસાલ મેડા બંધી છે. * * તમોને અમારો ભાગ કબજો ઉઠાવી લેઇ તમોને આગવી કબજે સોંપી છે.

૨. કલમ ૧ માં બતાવેલી દુકાન તમોને આગવી સોંપ્યા વખતે આપણું સહીયારૂં લેણું દેણું આપણું તથા આપણા વડીલોના વખત સુદ્ધાંનું વેહેચણ કરી લીધેલું છે. માટે તે જોખમ જેના તેના શિર છે. તેમાં આપણે તકરાર કરવી નહીં, કરીએ તો જેની તેની રદ છે.

૩. આપણી માતુશ્રી બાઇ હરકોર હયાત છે તે હું તમોને સોંપું છું, તે એવી રીતે કે આપણું સહીઆરૂં ઘર ગામ વસોપુરાના વેણીપુરાની શ્રાવકની ડેરાશરીમાં ઉભેલું ઇંટરી પીંઢેર આથમણા દ્વારનું ઓરડી, પરસાળ, વાડો, ચોક, કાટમાલ સુદ્ધાંત છે. × × × એ ખુંટવચલું ઘર આપણું સહીઆરૂં છે તે ઉપરથી હું મારો ભાગ કબજો ઉઠાવી તમારે કબંજે સ્વતંત્ર માલકી સાથે સોંપ્યું છે; તે એવી રીતે કે સદર આપણી માતુશ્રીને તમો તમારા ભેગાં જીવતપર્યંત રાખી, મૂવે બાળી, તેનું ક્રિયાખર્ચ આપણી ન્યાતરીવાજ પ્રમાણે તમો કરજો. તેમાં અમોને લાગે વળગે નહીં ને ઘરમાંની જંગમ મિલકત પણ તમોને આગવી સોંપીછે.

૪. કલમ ૨ માં બતાવ્યા પ્રમાણે આપણે વેહેંચણ થયા શિવાય લેણું કોઇ કાઢતું આવે તે આપણું સહીઆરૂં છે, એ રીતે મેં તમોને ઉપર પ્રમાણે ફારગતી + + લખીઆપી છે + +"

સહી.	સાક્ષ.
× × ×	+ + +

ઉપરના દસ્તાવેજ વિષે રાવસાહેબ નોંધણીતપાસણી કામદારનો અભિપ્રાય ઉપરની તેમની યાદીમાં એવો છે કે, મોબદલાની રકમ અગર દાવાની રકમ કિંવા માલમિલકતની કિંમત લખવી જોઇએ એવું નિબંધની કલમ ૨૩–૨૪ ઉપરથી મને લાગેછે, કારણ હાલના દસ્તાવેજમાં મોબદલો ઘરાં લખેલાં છે, અને તે ઉપરથી હક્ક ઉઠાવ્યો છે. ઇંગ્રેજીમાં એ સંબંધે કંઇ ઠરાવ જણાતો નથી. માટે એ વિષે ખાતાની રૂઇએ નિકાલ થઇ આવશે તથા સ્ટાંપનિબંધના પરિશિષ્ટમાં જે દસ્તાવેજને વધારેમાં વધારે સ્ટાંપની લાગત રૂ. ૫ ઠરાવેલી હોય એવો દસ્તાવેજ, ફારગતી, હોદ્દાની જામીનાનુ ખત, નામ ઉપર કરી આપવાનો લેખ, પંચનો ઠરાવ, એવો હોય તેમાં મિલકતની કિંમત અગર મોબદલાની રકમ લખવી જોઇએ કે નહીં, તેનો પણ ખુલાસો થઇ આવશે. દસ્તાવેજ રૂ. ૫ ના સ્ટાંપ ઉપર થયેલો છે.

ઠરાવ.

જે ઠેકાણે સ્ટાંપની લાગત નક્કી કરવા સારૂ મિલકતની કિંમત અથવા મોબદલાની રકમ લખવાની જરૂર ન હોય અને દસ્તાવેજના સ્વરૂપ પ્રમાણે તે દસ્તાવેજને વધારેમાં વધારે સ્ટાંપની લાગત જે લગાડવી જોઈએ તે કાયદા મુજબ લગાડેલી હોય, તો પછી તે દસ્તાવેજમાં મિલકતની કિંમત અથવા મોબદલાની રકમ નક્કી દરશાવી ન હોય તેથી કંઇ હરકત જાણાતી નથી. (જુઓ સ્ટાંપ ખુલાસા નંબર ૮ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૧૭-૩-૯૦)(૧).

હાલના દસ્તાવેજને કેવા સ્વરૂપનો ગણવો એ વિષે હમારી રૂબરૂ પ્રશ્ન ન હોવાથી તે બદલ ઠરાવ કરતા નથી.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓસાહેબની રૂબરૂ*.

ફેસલ તા. ૬-૪-૯૧.

પરી. નરસઇદાસ પરસોતમદાસનો વહીવટકરનાર શા.મનસુખરામ અંબાઇદાસ રેહેવાશી શેહેર વડોદરા.	દસ્તાવેજ લખીલેનાર.
મહીપતરાવ ઉર્ફે ભાઉસાહેબ વલદે બાપુસાહેબ ગાયકવાડ રેહેવાશી મજકુરના.	દસ્તાવેજ લખીઆપનાર

(નવા સ્ટાંપ નિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

ઉપાડ કરવા સંબંધે કરાર—ગીરોખત—નિબંધની કલમ ૭ ભાગ ૨—પરિશિષ્ટ ૧ રકમ ૬ તથા ૬.

દસ્તાવેજમાં સરતો એવી કરી આપેલી હતી કે, અમુક રકમ સુધી ખપ પ્રમાણે જે ઉપાડ કરવામાં આવે તે બદલ લેણદેણનું અલાહીદા ખાતું પાડી આપવામાં આવશે, તથા ઉપાડ કરેલી રકમો માટે વ્યાજ, મનોતી, દીવાલી સરપાવ આપવામાં આવશે, અને તે પ્રમાણે ઉપાડની રકમો બાબત ખાતાનો હિસાબ દરવરસે કરી આપવામાં આવશે. એવી રીતે ઉપાડ કરવા સંબંધે સરતો છતાં જે ઉપાડ કરવામાં આવે તે બાબત સ્થાવર મિલકત સાનમાં આપ્યાનું લખ્યું હતું. એવી રીતના દસ્તાવેજને શી રીતે સ્ટાંપ જોઇએ, એ પ્રશ્ન સબંધે ઠરાવ થયો કે—

---

(૧) આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૨૩ ઉપર લખેલો છે, તથા તે સંબંધે પુરવણી ઠરાવ પૃષ્ઠ ૮૨ ઉપર છે.

* હી. સ્ટાં. ખુ. ર. નંબર ૪૪ સન ૧૮૯૦-૯૧.

આ દસ્તાવેજ થનાર લેહેણદેણનો મુખ્ય લેખ થઇ શકતો નથી. પણ લેહેણદેણનો વેહેવાર થાય તોજ માત્ર દસ્તાવેજની સરતો પ્રમાણે કરી આપનાર વર્તવાને બંધાયેલા છે. તેથી આ દસ્તાવેજ કરાર કિંવા કરારની યાદીમાં, પરિશિષ્ટ ૧, રકમ ૬ માં આવે, તેજ પ્રમાણે એ કરાર પુરો કરવામાં વધારામાં મિલકત તારણમાં લખીઆપીછે, તેથી દસ્તાવેજ ગીરવીખતની વ્યાખ્યામાં પણ આવે એવું ગણીશકાય. માટે નિબંધની કલમ ૭ ભાગ ૨ મુજબ હાલનો દસ્તાવેજ ગીરવીખત પ્રમાણે લાગતને પાત્ર થાય છે."

હકીકત.

આ કામ નોંધણીખાતાના તપાસણીકામદાર એમણે યાદી નં. ૭૦૦ તા. ૨૧–૫–૯૦ થી નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે આ તરફ નિર્ણય થવા સારૂ મોકલ્યું છે.

ઉપર લખેલા પક્ષકરોના દરમિયાન તા. ૭–૨–૯૦ ના રોજ દસ્તાવેજ થયો છે. તેમાંનો મુદ્દાનો મજકુર નિચે પ્રમાણે છે.

" આ કરાર લખી આપુંછું કે, અમો તમારી દુકાને લેણદેણ સંબંધે ખાતું પાડી રૂપીઆનો ઉપાડ આજથી કરીશું. તે એક રૂપીઆથી તે પાંચસો સુધી ઉપાડ કરીએ તેનું વ્યાજ દરમહિને દરસેંકડે બારઆના લેખે આપીશું, તથા મનોતી સેંકડે દોઢ લેખે આપીશું, તથા દીવાલી સરપાવ દરસાલે હિસાબ વખત રૂ. ૫ આપીશું; ખાતાનો હિસાબ દીવાળીબાકી અધિકમાસ સુદ્ધાંત મુજરે ગણી દરવર્ષે કરી આપીશું રૂપીઆ જેમ જેમ ખપ પડે તે વખત લેઇશું ને અમારી સવડથી બારમાસ અંદર ભરણું કરીશું. સદરહુ ખાતું પાડી જેટલો ઉપાડ કરીશું તે રૂપીઆની સાનમાં અમારી વડીલોપારજીત પસાયતા જમીન, મોજે ખલીપોર તાલુકે વડોદરાની સીમમાં કુંભા ૧૫–૧૮–૬ નામે કુવાવાળી જરીફ નંબર ૨૫ ની તમોને લખી આપીછે. તેના ખુંટની વિગત. * * * સદરહુ જમીનનો કબજો આજથી તમોને આપ્યોછે. તેથી તેની દાણ જે ઉપજે તે રૂપીઆ ખેડુ પાસેથી આવે ત્યારે અમારા ખાતે જમે કરજો. કદાપિ બાર મહિનાની અંદર ભરણું નહીં કરતાં તમારા રૂપીઆ ખાતે દેવા પડશે તો તે સાનવાળી મિલકતથી પુરા કરી લેવા. તે કરતાં ખુટે તો અમારી બીજી હરએક મિલકતથી તથા જાતથી તથા વાલી વારસથી પુરા કરી લેવા.

રાવસાહેબ તપાસણીકામદાર પોતાની ઉપરની યાદીમાં એમ દરશાવે છે કે, ઉપલા દસ્તાવેજને સ્ટાંપ શો જોઈએ તે(વિષે) સંશય આવેછે. કારણ એ દસ્તાવેજથી

આસોસાલ ઉપાડ કરવાની વાત તથા તે સંબંધી ખાતું અક્ષાહીદા પાછીઆપ્યાની વાત લખીછે, એવી રીતે ખાતાનો હિસાબ દીવાળીબાકી કરીઆપીશું, રૂપીઆ જેમજેમ ખપ પડે તેમતેમ લેઇશું તથા ખેતરની ઉપજ આવે તે જમાં કરવાવિષે લખ્યુંછે, એવી રીતનો લેખ છે. પક્ષકારે રૂપીઆ ૫ પાંચનો સ્ટાંપ લગાડેલો છે તે રૂ. ૧૦૦૦ ના દસ્તાવેજને નિબંધની કલમ ૨૩ પ્રમાણે બસ થશે. નોંધણીકામદારે રૂ. ૫૦૦ નો દસ્તાવેજ માની તે પ્રમાણે લાગત લીધી છે. દસ્તાવેજમાં, દસ્તાવેજ થયો તે તારીખે નક્કી કરેલી રકમ કેટલી રૂપીઆની સમજવી એ લખવું જોઇએ, તે પ્રમાણે હાલના દસ્તાવેજમાં લખ્યું નથી. રૂ. ૫૦૦ સુધી નક્કી રકમ છે એમ માનવાને અડચણ છે. કારણ સાલ આખર બાકી રહે અને નવો ઉપાડ કરવામાં આવે તો તે બાબત નવો દસ્તાવેજ ન થતાં હાલના દસ્તાવેજની રૂએ ખાતાઉપર રકમ માંડી આપવામાં આવશે. એવા દસ્તાવેજ ઇંગ્રેજીમાં સ્ટાંપનિબંધની કલમ ૭ તથા ૬૪ થી બંધ થયા હશે. અહીં એવું દસ્તાવેજ થાયછે, તે સ્ટાંપનિબંધ પ્રમાણે બરોબર છે કે નહીં, એવિષે તથા એવા દસ્તાવેજને સ્ટાંપ કેવી રીતે આકારણી કરીને લગાવવો એનો નિર્ણય થાય તો વધારે સારૂ. ખાતામાં જે જે રકમ લેવામાં આવે તેને નવીન સ્ટાંપનિબંધના પરિશિષ્ટની રકમ ૪ પ્રમાણે સ્ટાંપ પડવાનો, તે ન પડે, માટે હાલના જેવા દસ્તાવેજ લોકો કરશે અને તેની લાગત તથા સ્ટાંપનું નક્કીપણું પરિશિષ્ટની કલમ ૮ પ્રમાણે ઠરાવવાને અડચણ આવનાર છે; માટે એવિષે ઠરાવ થઇ આવશે.

એવા દસ્તાવેજ કરવાની લોકોને છૂટ રહે, એ માટે છૂટ રાખવી એવું હોય તો, એકંદર સાલમાં કુલ રકમ કેટલી ઉપાડ કરવામાં આવશે તેનું નક્કીપણું દસ્તાવેજમાં હોવું જોઇએ અને તે ઉપર સ્ટાંપ તથા નોંધણીની લાગત લેવી જોઇએ એવો રાવસાહેબ તપાસણી કામદારનો અભિપ્રાય છે. દસ્તાવેજ રૂ. ૫ ના સ્ટાંપ ઉપર થયેલો છે.

ઠરાવ.

સાંમતનો લેખ અમોએ વાંચીજોયો. આ લેખની ઇબારત ઉપરથી, તે થનાર લેણદેણનો મુખ્ય લેખ ઠરી શકતો નથી, પણ પક્ષકારવચ્ચે લેણદેણનો વેહેવાર થાય, તોજ માત્ર લખીઆપનાર લેખમાં જણાવેલી શરતો પ્રમાણે વર્ત્તવાને બંધાયછે, એટલે આ લેખ, (કરાર અથવા કરારની યાદી) સ્ટાંપ નિબંધના પરિશિષ્ટ ૧ ની કલમ ૬ મુજબ ઠરે. (જુઓ સ્ટાં. ખુ. ૨. નંબર ૭૭ સન ૧૮૯૦–૯૧ ફૈસલ તારીખ ૬–૩–૯૧) (૧).

પરંતુ આ લેખમાં ધારામાં એક વાત એવી જણાવીછે કે, "એ રૂપિઆની

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૫૨૩ ઉપર છે.

સાનમાં અમારી * *જમીન * * તમોને લખી આપીછે, તેનો કબજો તમોને આજથી સોંપ્યો છે." વિગેરે; અને સ્ટાંપનિબંધની કલમ ૩ રકમ ૭ માં * * "કરાર પુરો કરવા તારણ મૂકી તે સબંધમાં જે દસ્તાવેજ થયો હોય તેનો પણ સમાવેશ "ગીરવીખત" આ શબ્દમાં થાયછે," એમ ઠરાવેલું છે, તેથી આ લેખ 'ગીરવીખત'ની વ્યાખ્યામાં પણ ગણીશકાય.

આ રીતે આ દસ્તાવેજ એકજ બાબત સંબંધી થયો છતાં પરિશિષ્ટ ૧ ની કલમ ૬ અને ૯ એ બે કલમોમાં તેનો સમાવેશ થઇ શકે એવી રીતે લખેલો હોવાથી નિબંધની કલમ ૭ ભાગ ૨ મુજબ જે વ્યાખ્યા સારૂ એ પરિશિષ્ટમાં જાસ્તી લાગત કહી છે તે લાગત આ દસ્તાવેજને પડવી જોઇએ. પણ ગીરવીખતની ભારે લાગત ગણી તે લાગત લાગવી જોઇએ એમ ગણતાં પણ દસ્તાવેજ જેટલી કિંમતના સ્ટાંપકાગળ ઉપર લખાયેલો છે તે પરિશિષ્ટ ૧ કલમ ૯ મુજબ ગણતાં પુરતો છે એટલે, ખુલાસો આપવાનો રેહેતો નથી.

જે ઠેકાણે લાગવાનો ભારેમાં ભારે સ્ટાંપ પુરેપુરો લગાડયો હોય, તે ઠેકાણે વિનાકારણ શંકાઓ કાઢી આ કોરટનો વખત રોકવો જોઇએ નહીં.

ટીપ-એજ બાબતમાં દી. સ્ટાં. ખુ. ર. નંબર ૭ તથા ૨૩ સન ૧૮૯૦-૯૧ ફેસલ તા. ૪-૫-૯૧ તથા નંબર ૧૨ સન ૧૮૯૦-૯૧ ફેસલ તા. ૧૯-૫-૯૧ ના ઠરાવ થયાછે તે આગળ આ પુસ્તકમાં છે તે જુઓ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ શમ્સુદિન તૈયબજી, જજ્ય, એઓ સાહેબની રૂબરૂ*.

ફેસલ તા. ૧૦-૪-૯૧.

શા. નેમચંદ શંકરદાસના નામથી વહીવટ કરનાર સુત શા. વનમાળીદાસ નેમચંદ રેહેવાશી ખાવડ.	દસ્તાવેજ કરી લેનાર,
સિપાઇ અમરૅત મુમનજી તથા મલુક મુમનજી રેહેવાશી ભાલડીના.	દસ્તાવેજ કરી આપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ પુછેલોછે).

ખેતીકરનારાએ ખેડવા રાખેલી જમીનનો ઉપજનો ભાગ આપવા વિષેની અનિયમિત મુદત સુધી ચાલનારી કબૂલાત—તેનેઃ સ્ટાંપની લાગત—પરિશિષ્ટ ૧, રકમ ૨૦ (ખ)--પરિશિષ્ટ ૨ રકમ ૨. નિબંધની કલમ ૨૪ ના કારણમાટે રકમ નક્કી કરવી તે વિષે.

ખેતીકરનારાએ કબૂલાત આપેલી કે, ખેડવા લીધેલી જમીનની ઉપજનો ભાગ ઠરાવ પ્રમાણે દરસાલ મૂળ માલેકને આપવો તથા દાડીઆ તથા સરકારી ખરચ આવે તે ભાગ પ્રમાણે આપવો.

---

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૪૬ સન ૧૮૮૯-૯૦.

અને જે ઉપજનો ભાગ આપવાનો તે દરસાલ ન આપવામાં આવે તો જમીન કબજે સોંપવી. આ કબૂલાત અનિયમીત મુદતની હોવાથી તેને પરિશિષ્ટ ૨ રકમ ૨ પ્રમાણે સ્ટાંપની લાગતની માફી લાગુ થઇ શકતી નથી, પરંતુ પરિશિષ્ટ ૧, રકમ ૨૦ (ખ) લાગુ થાય છે.

ઉપજનો ભાગ આપવાનો ઠરાવ જે કરેલોછે તે સાંથ છે. પરંતુ વાર્ષિક આકારની રકમ, તથા સરકારી તથા દાડીઆના ખરચની રકમ, દસ્તાવેજમાં લખેલી નહીં હોવાથી તે નક્કી કરી તેમાં જે અર્થે સરકારી ધારો ભરવાની જવાબદારી મુળમાલેક ઉપર હોયછે તે અર્થે જે રકમ કરીઆપનારને ભરવી પડે તે રકમ, ઉમેરવી, અને એકંદર રકમમાંથી દાડીઆના ખરચના આકારનો જેટલો ભાગ લખીલેનારને માથે રાખ્યોછે તેટલી રકમ બાદ કરવી, કારણ ખેતરની પાક કરવામાં મજુરી વિગેરે જે ખરચ થાય તે સાધારણ રીતે ખેડુતના શીર સમજવાનો છે. માટે એ પ્રમાણે વાર્ષિક જે રકમ નક્કી થાય તે ઉપર પરિશિષ્ટ ૧, રકમ ૨૦ (ખ) પ્રમાણે સ્ટાંપની લાગત લેવાનીછે.

હકીકત.

આ કામ રા. કડી મહાલના નોંધણીકામદારે પોતાની કચેરીમાં નોંધબુક નંબર ૧, વા. ૧૫, પૃષ્ઠ ૨૩૫ થી ૨૩૬ પૃષ્ઠ ઉપર ૧૭૮ નંબરે નકલ કરેલા દસ્તાવેજને સ્ટાંપ શી રીતે લેવો એનો ફેસલો થવા સારૂ મેહેરબાન કડી સરકામદાર મારફત યાદી નંબર ૧૨૪ તા. ૧૫-૪-૯૦ થી નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ (ક) મુજબ આ તરફ મોકલ્યું છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમિયાન સંવંત ૧૯૪૬ ના ફાગણ સુદી ૯ તારીખ ૨૮-૨-૯૦ ના રોજ થયો છે. તેમાં મુદ્દાનો મચકુર નિચે પ્રમાણે છે:—

" * * અમોએ તમારાં ખેતર તથા ચારડા વાવેતર કરવા સારૂ રાખ્યાછે તેની વિગત, * *. એવી રીતે ખેતરાં તથા ચારડા કૂવાના પાણી સુધી અમોએ વાવેતર કરવા સારૂ રાખ્યાં છે તેની સમજુત નિચે પ્રમાણે કરીછે:—

સદરહુ ખેતર ચારડામાં ચોમાસું વાવેતર કરીશું, તેમાં જે નીપજશે તેમાંથી બે ભાગ અમો લેઇશું ને ભાગ એકના, દાણા તથા ચાર તમોને આપીશું. ને તમાકુ તથા કપાસ વાવેતર કરીશું તે પણ જેટલું નીપજશે એટલામાંથી ઉપર પ્રમાણે બે ભાગ અમે લેઇશું ને એક ભાગ તમોને આપીશું.

શીઆળું વાવેતર કરીશું તો ભાગ ત્રણ અમો લેઇશું, ને ભાગ એક તમને આપીશું. જે નીપજ થશે તેમાંથી, ઉપર પ્રમાણે ભાગની સમજુતરી કરી ને વાવેતર કરવા

સારૂ રાખ્યાં છે. તેની ખરાજાતબીજની અમારા શીર છે ને દાડીઆ(૧) તથા સરકારી ખર્ચ આવે તે ભાગ પ્રમાણે આપવાનો ઠરાવ છે. ઉપરપ્રમાણે ભાગ દર સાલ આપેજઇશું ને ના આપીએ તો ખેતર તથા ચારડા તમારે કબજે કરીએ, પછી તમારી નજરમાં આવે તે ધ્રાણીને વાવેતર કરવા સારૂ આપશો તેમાં અમારી કોઈ પ્રકારની તકરાર નથી." આ દસ્તાવેજને સ્ટાંપ રૂ. ૧ નો છે.

આ દસ્તાવેજ વિષે રા. નોંધણીકામદાર પોતાની યાદી નંબર ૧૨૪ તારીખ ૧૫–૪–૯૦ માં પોતાનો અભિપ્રાય એવો આપે છે કે, આ દસ્તાવેજને સ્ટાંપનિબંધની કલમ ૨૩ લાગુ કરી સ્ટાંપ લેવો જોઇએ એવો આપ્યો છે. નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ મુજબ આ તરફ મોકલ્યું છે એવું લખ્યું નથી. મે. સરકામદાર એમણે પોતાનો શેરો નંબર ૧૨૯૮ તા. ૨૮ અપ્રેલ સન ૧૮૯૦ માં કાંઇ અભિપ્રાય આપેલો નથી, નિયમ પ્રમાણે પ્રકરણ આ તરફ મોકલ્યું છે.

ઠરાવ.

પ્રસ્તુતનો દસ્તાવેજ કબૂલાતના લેખમાં આવે છે. એ કબૂલાત ખેતી કરનારે આપેલી છતાં તેમાં ઉધ્ધડ અથવા ઉચ્ચક રકમ કંઇ ઠરાવેલી નથી, પણ દરવરસે ઉપજનો અમુક ભાગ ઠરાવેલો છે. આ ભાગની તથા સરકારધારાની તેમજ ખેતીમાં દાડીઆંની મજૂરીના ખર્ચની અજમાશી રકમ કેટલી થાય તે લેખમાં બતાવી નથી અને તેમાં ચોકસ મુદત ઠરાવેલી નથી, માત્ર " ઉપર પ્રમાણે ભાગ દરસાલ આપેજઇશું વિગેરે." એમ લખેલું હોવાથી આ કબૂલાત અનિયમિત મુદતની ઠરે છે, ને તે કારણથી તેને સ્ટાંપનિબંધના પરિશિષ્ટ ૨ ની કલમ ૨ લાગુ થઈ શકતી નથી, એટલે એ કબૂલાત લાગતને પાત્ર એવો લેખ ઠરે છે.

મજકુર કબૂલાતને નિબંધના પરિશિષ્ટ ૧ કલમ ૨૦ રકમ (ખ) લાગુ થઇ શકે, પણ એ કલમ મુજબ લાગત નક્કી કરવા સારૂ સાંથનો વાર્ષિક આકાર લેખમાં સ્ટાંપ નિબંધની કલમ ૨૪ મુજબ લખવો જોઇએ, તે આ લેખમાં દરશાવેલો નસ્તાં, તેને બદલે એવો ઠરાવ લેખમાં લખેલો છે કે, ચોમાસું વાવેતર પૈકી તથા કપાસ તથા તમાકુના વાવેતર પૈકી બે ભાગ લખીઆપનાર લે, ને એક ભાગ ચાર સુદ્ધાં લખી લેનારને આપે, અને શિયાળુ વાવેતરમાંથી ત્રણ ભાગ લખીઆપનાર લે, ને એક ભાગ લખીલેનારને આપે. આ મુજબ ખેતરની ઉપજ થાય તેના ભાગ લેવા આપવાના ઠરાવ સાથે એમ પણ ઠરાવેલું છે કે, દાડીઆ તથા સરકારધારો ભાગ પ્રમાણે પક્ષકારોએ પોતપોતાનો ભોગવવો.

---

(૧). દાડીઆ, એટલે, રોજે કામ કરનારા મજુર.

આ રીતે કરાર છે, માટે જમીન રાખનારે માલેકને આખાવરસમાં જે કુલ ભાગ આપવાનો તેનો અજમાસી આકાર, તથા સરકારખર્ચની કુલ રકમ, તેમજ દાડીઆના ખર્ચનો એક સાલનો અજમાશી આકાર, નોંધણીકામદારે લેખ રજુ કરનારને પુછી લખી લેવો. રજુકરનાર એ મુજબ લખી આપે, કે પછી સ્ટાંપનિબંધના પરિશિષ્ટ ૧ કલમ ૨૦(ખ) મુજબ હાલના લેખની લાગત નક્કી કરવા સારૂ માલેકને મળનારા એક સાલના કુલ ભાગના આકારની રકમમાં, સરકારખર્ચનો જેટલો ભાગ લખીઆપનારને માથે લેખથી નાખ્યો છે, તે ભાગની રકમ ઉમેરવી. કેમકે સરકારધારો ભરવાની મુળ જવાબદારી માલેક ઉપર છે, અને તે ધારો કિંવા તેનો ભાગ ખાસ ઠરાવથી ખેડુતે ભરવાનું નક્કી કર્યું હોય તો તેથી એમ સમજવાનું છે કે, તેટલી રકમપુરતી દાણ માલીકે ઓછી લેઈ પરભારી સરકારમાં ભરી. (જુઓ આ કોરટનો નોંધણી શેરા જા. નં. ૩૩૫ તા. ૩૦–૬–૮૭ તથા નં. ૧૩૬ તા.–૨૦–૧–૯૧ (૧). હવે આ રીતે જે રકમ થાય તેમાંથી દાડોઆના ખર્ચના આકારનો જેટલો ભાગ લખીલેનારને માથે લેખથી ઠરાવ્યો છે, તેટલી રકમ બાદ કરવી. કેમકે ખેતરની પાક કરવામાં મજુરી વિગેરે જે ખર્ચ થાય તે સાધારણ રીતે ખેડુને શીર સમજવાનો છે.

આ રીતે વજાવાટ કરી વરસની સરાસરી જે રકમ નક્કી થાય તે ઉપર પરિશિષ્ટ ૧ ની સદર કલમ ૨૦ (ખ) ના ધોરણે કલમ ૨૯ મુજબ વિક્રીખતગણી જે લાગત લાગે તેટલી લાગત લગાડવી જોઇએ.

હલનો દસ્તાવેજ રૂ. ૧ ના સ્ટાંપ ઉપર લખેલો છે, અને ઉપરના ધોરણે પક્ષકાર

---

(૧) નોંધણીખાતાના જે ઉપર જણાવેલા શેરા છે તે પૈકી શેરા નંબર ૩૩૫ તા. ૩૦–૬–૮૭ નો મેહેરબાન કડી પ્રાંતના જન્ય નોંધણીસરકામદાર તરફ ગયોછે. કે " સલામી ભરવાને સરકારમાં જે માણસ જવાબદાર હોય તેનાજ ઉપર દસ્તાવેજમાં સલામી ભરવાનું નાખેલું હોય તો તે બાબત કંઇ લેવાની જરૂર નથી, કેમકે તે સ્વતંત્ર કરાર ગણાય નહીં. પણ જેના ઉપર જવાબદારી નથી તેના ઉપર જવાબદારી નાંખી હોય તો સલામીની રકમ પણ કરારના મોબદલાનો ભાગ છે એમ સમજી તેના ઉપર રીતસર લાગત લેવી જોઇએ." એ શેરો થયા પછી નંબર ૧૩૬ તા. ૨૦–૧–૯૧ નો શેરો થયોછે તે મેહેરબાન કડી પ્રાંતના જન્ય, નોંધણીસરકામદાર તરફ ગયોછે કે, " કબૂલાતના દસ્તાવેજમાં જમીનનો ધારો ભરવાની જવાબદારી મુળ માલેક ખાતાદાર ઉપર હોય તે તેણે બીજા માણસ ઉપર નાંખી હોય તો તે કરાર જુદો થાયછે તથા કબૂલાતમાં અડાણવટ રૂપીઆ ભરીએ તો ખેતર છૂટે એવો જો મજકુર હોય તો તે બે જુદા કરાર સમજી સ્ટાંપ તથા નોંધવાની લાગત લેવી જોઇએ, એવો જે આપે (કડીસરકામદાર સાહેબે) અભિપ્રાયઆપેલોછે તે બરાબર છે. * * *

હાલ જે આકાર દરશાવે તેને સદર કલમ ૨૦ (ખ) મુજબ વધારે લાગત પડશે એવું નોંધણીકામદારને લાગે તો, તેમણે સ્ટાંપનિબંધ પ્રમાણે તથા આ ઠરાવને આધારે આ દસ્તાવેજ અટકાવી પ્રાંતના સુભા તરફ મોકલવો એમ અમો ઠરાવીએ છીએ.

ટીપ- આ સંબંધે આગળ સ્ટાં. ખુ. ર. નંબર ૧૪૩ સન ૧૮૮૦-૯૧ ફેસલ તા. ૮-૯-૮૭ નો ઠરાવ થયો છે તેમાં દસ્તાવેજનો લેખ ખેતી કરનારાએ આપેલો છતાં અનિયમિત મુદતનો હોવાનું લાગે છે. પરંતુ આ ઠરાવમાં એ દસ્તાવેજ પરિશિષ્ટ ૨ રકમ ૨ માં આવે એવું ઠરાવ્યું છે. માટે એ ઠરાવ જુઓ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓ સાહેબનીરૂબરૂ. *

ફેસલ તા.૧૩-૪-૯૧

બાઇ કાશી, શેઠ વૃજભૂખણદાસ કરસનદાસની વિધવા ભાર્યા, ને શેઠ ગુમખરામ બેહેચર શ્રી વિસનગર વાળાની દીકરી રેહેવાશી સિદ્ધપુર.	દસ્તાવેજ લખીલેનાર.
કડવા કાણબી પા. અમીચંદ ધનજી, સુત ભાઇમોતી, તથા ભાઇ જીવો, તે ન્હાની ઉમરના તેનું પાલણ કરનારતેમનો બાપ અમીચંદ ધનજી રેહેવાશી સિદ્ધપુર.	દસ્તાવેજલખીલેનાર.

(નવા સ્ટાંપ નિબંધ સંબંધે નોંધણીખાતામાટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો(રેફરન્સ) પુછેલોછે).

ગીરવીખત— અંગભૂત કરાર- નિબંધની કલમ ૭-પરિશિષ્ટ ૧ રકમ ૯.

ગીરવીખતમાં રૂપીઆ પાછા આપવાની અવધ વરસ ૨૦ની ઠરાવી છેવટના ભાગમાં ઠરાવ કરેલો કે, "તમો(કરીલેનારને) રાજ્યદેવક થયા પછી શ્રીસ્વામીનારાયણના સંપ્રદાયના સંત, સાધુ, બ્રહ્મચારી, વિગેરેને ભોજન તથા વસ્ત્રાદિક આપવા માટે શ્રીસિદ્ધપુરના મંદિરમાં શ્રીકૃષ્ણાર્પણ ધર્માદાય તમોએ કર્યું છે તે અમારે (કરીઆપનારને) કબૂલ છે" એ મજકુરનો ઉદ્દેશ ગીરોની અવધ વરસ ૨૦ ની બાંધી છે. તેની બહાર જવાના નથી; એ અવધ એ મજકુરને પણ લાગુછે એમ સમજવું જોઈએ, તથા એ મજકુર ભિન્ન બાબત સંબંધે નસ્તા મુળગીરોના વ્યવહારને સંબંધ ધરાવનાર હોવાથી તે બાબત વધારે સ્ટાંપ હોવાની જરૂર નથી.

---

* સ્ટાં. ખુ. ર. નંબર ૫૩ સન ૧૮૮૯-૯૦. આ ઠરાવ આજ્ઞાપત્રિકામાં પુરવણી ભાગમાં તા. ૧૬-૪-૯૧ ના રોજ પૃષ્ઠ ૭૨ ઉપર પ્રસિદ્ધ થયો છે; તથા વડોદરાવત્સલમાં તા. ૧૯-૪-૯૧ નારોજ પૃ૪ ૧૨ ઉપર છાપેલો છે.

હકીકત.

આ કામ સિદ્ધપુર નોંધણીકામદાર તરફથી યાદી નં. ૧૭૮ તા. ૧૦-૬-૯૦ સાથે કડી પ્રાંતના નોંધણીસરકામદાર સાહેબ મારફતે આ તરફ સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા-માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો થવા આવ્યું છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમિયાન સંવત ૧૯૪૬ ના જેઠ સુદી ૧૩ રવિવાર તારીખ ૧-૬-૯૦ ના રોજ દસ્તાવેજ થયો.છે. તેમાંનો મુદ્દાનો મજકુર નિચે પ્રમાણે છે.

"જમીન ખેતર નંગ ૧ નામે મામટાવાલું વિઘાં ત્રણના આશરાનું, જરીફ નંબર ૫૭૩ નું અમારૂં ખાતાનું સરકારી ગામ બીલીઆની સીમનું તે ખેતરાંમાં કૂવો નંગ ૧ પાકો છે, તેમધ્યે અમારો ભાગ ૮ મો છે તે સમેત અમોએ તમોને અડાણવટ આપ્યું છે. તેની વીગત રૂ. ૨૭૫ અંકે રૂપીઆ બસો ને પંચોતેર પુરા રોકડા શિક્કાઇ શેહેર ચલણના નિચે લખેલી તારીજ મુજબ લીધાછે તે અમોને ભરીપુરી પોહોંચ્યાછે. તેને પેટે ઉપર લખેલું ખેતર ૧ તથા અમારા ભાગના કૂવા સુધ્ધાં આ ખતમાં લખેલા નાણા પેટે તમોને અડાણવટ કરી આપ્યું છે. આ રૂપીઆનું વ્યાજ નહીં, એ ખેતરનુ વજે અગર વિઘોટી નહીં. અડાણવટની અવધ વરસ ૨૦ ની કરી છે. અવધ પુરી થયા પછી રૂપીઆ એકા મતે એકા જતે દરોબસ્ત ચુકતે હિસાબથી જે વખત જેવા ચાલતા હોય તેવા નાણાં (ના) આપ્યેથી એ ખેતર તથા અમારા ભાગનો કૂવો છુટે. ખેતરના ખૂટની વિગત * * : ખેતર જ્યાંહાં સુધી તમારે ત્યાંહાં અડાણવટ રહે ત્યાંહાં સુધી તેનો ઉપભોગ તમો તમારે કરજો સહી. એ ખેતરની સરકારી વિઘોટી ભરવી પડે તે અમારે શીર છે. * * * એ ખતમાં લખેલા નાણાનો તથા તેની ઉપજનો ઉપભોગ તમારી હયાતી સુધી તમો તમારી મરજી મુજબ કરજો. તમોને રાજકદૈવક થયાપછી શ્રી સ્વામીનારાયણના સંપ્રદાયના સંત, સાધુ, બ્રહ્મચારી, વિગેરેને ભોજન તથા વસ્ત્રા-દિક આપવા માટે શ્રીસિધ્ધપુરના મંદીરમાં શ્રીકૃષ્ણાર્પણ ધર્માદાય તમોએ કર્યુંછે તે અમારે કબૂલ છે.

સહી. સાક્ષ.

* *

સિદ્ધપુર નોંધણીકામદાર પોતાની ઉપલી યાદીમાં એમ લખે છે કે, દસ્તાવેજ ગીરોખત રૂ. ૨૭૫ નો છે, સ્ટાંપ રૂપીઆ ૧-૮-૦ ઉપર લખ્યો છે તે બરાબર છે. પણ છેવટ જતાં દસ્તાવેજમાં એવો કરાર છે કે,"તમોને રાજક દૈવક થયા પછી + + + સિધ્ધપુરના મંદીરમાં શ્રી કૃષ્ણાર્પણ ધર્માદાય તમોએ કર્યું છે." આ કરાર માટે જૂદો સ્ટાંપ લેવો કે નહીં તે બાબત સંશય આવ્યાથી ખુલાસો પુછે છે. નોંધણીકામદાર પોતાની યાદીમાં એમ પણ દરશાવે છે કે, કૃષ્ણાર્પણનો લેખ જૂદો કરવો પડે નહીં આ હેતુથી આ કરાર સદરહુ દસ્તાવેજમાં લખેલો હોવો જોઈએ.

આ કરારને કેટલો સ્ટાંપ જોઇએ તે બાબે નોંધણીકામદાર તથા નોંધણીસરકામદાર સાહેબે કંઈ અભિપ્રાય આપ્યો નથી.

ઠરાવ.

આ પ્રકરણવાળા ગીરોલેખનના છેવટ ભાગમાં "તમોને રાજકદેવક થયા પછી શ્રી સ્વામીનારાયણના સંપ્રદાયના સંત, સાધુ, બ્રહ્મચારી, વિગેરેને ભોજન તથા વસ્ત્રાદિક આપવા માટે શ્રી સિદ્ધપુરના મંદીરમાં શ્રીકૃષ્ણાર્પણ ધર્માદાય તમોએ કર્યું છે, તે અમારે કબૂલ છે." એવો મજકુર લખેલો છે, તેને માટે જૂદો સ્ટાંપ લગાડવાની જરૂર છે કે નહીં, એટલો અમારા આગળ સવાલ છે.

સાંપ્રતનો લેખ વાંચીજોતાં તેમાં લખીઆપનારે રૂ. ૨૭૫ ની રકમ લેઈ તે પેટે પોતાની સરકારીખાતાની જમીન વિઘાં ત્રણ અને તે અંદરના પાકા કૂવાનો પોતાનો આઠમો ભાગ અડાણુવટ લખી આપી તે અડાણુવટની અવધ વરસ ૨૦ ની ઠરાવી, એવી શરત કરી છે કે, " અવધ પુરી થયા પછી રૂપીઆ એકામતે એકાજતે દરોબસ્ત ચુકતે હિસાબથી * * નાણું આપ્યેથી એ ખેતર તથા અમારા ભાગનો કૂવો છુટે," એ રીતે લખી બાદ ખેતરના ખુંટ બતાવી તથા સરકાર વિઘોટી ભરવાની તે લખીઆપનારે પોતાને શીર રાખી જે તપશીલ મુજબ સદર રૂ. ૨૭૫ ની રકમ લીધેલી તે તપશીલ બતાવી તે નિચે ઉપરના પ્રથમ પારીગ્રાફમાં જણાવેલી બીના લખેલી છે.

એ છેવટ લખેલી હકીકતનો હેતુ એટલોજ માલમ પડીઆવે છે કે, લખીલેનાર બાઇ ઉમરે ૫૦ વરસની છતાં આ ખતથી ગીરોની અવધ ૨૦ વરસની કરેલી હોવાથી બાઈ મજકુર તેટલી પુરીમુદત સુધી સદર ગીરોમિલકતનો ઉપભોગ કરી શકશે એનો ઓછો સંભવ લાગવાથી, તથા બાઇ મજકુર સદર ૨૦ વરસની મુદત અંદર ગુજરી જાય તો તે મુદત પુરી થતા સુધી બાઇ તરફે એ મિલકત સિદ્ધપુરના સ્વામીનારાયણના મંદીરવાળાના કબજે રહી લખીઆપનારને અવધ વીતે છોડાવવાની મરજી હોય તો એ સ્વામીનારાયણ સંપ્રદાયના સિદ્ધપુરના મંદીરવાળા તરફથી છોડાવવાનું છે, એવી લખીઆપનારાને પ્રથમથી માહિતી રહે, એ ઉદ્દેશથી એ મજકુર લખેલો છે એમ સમજાય છે.

આ છેવટની હકીકતમાં મુદતની અવધી બતાવી નથી, એ વાત ખરી છે; પણ ઉપર જે ૨૦ વરસની ગીરોની અવધ બાંધેલી છે તેની બહાર જવાનો એ છેવટના મજકુરનો ઉદ્દેશ દેખાતો નથી ત્યાંહાં સુધી એ અવધ એ મચકુરને પણ લાગુ છે એમ સમજવું જોઇએ. એ મજકુર ભિન્ન બાબત સંબંધે દસ્તાવેજમાં લખેલો નસ્તા મુળ ગીરોના વ્યવહારને સંબંધ ધરાવનાર હોવાથી લખેલો છે એમ માનવું જોઇએ. માટે એ મજકુરના સબબથી સાંપ્રતના લેખને સારૂં જેટલી કિંમતનો સ્ટાંપ વાપરેલો છે તેથી વધારે સ્ટાંપની જરૂર નથી, એમ અમો ઠરાવીએછીએ. અને હુકમ કરીએ છીએ કે, નોંધણીકામદારે એ દસ્તાવેજ પુરતી કિંમતના સ્ટાંપ કાગળઉપર થયો છે એમ ગણી તેની નોંધણીનું કામ પૂરૂં કરવું

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓસાહેબની રૂબરૂ*.

ફેસલ તા. ૧૩-૪-૯૧.

પા. વેરીભાઇ પુંજાભાઇ રેહેવાશી કુરાલ તાલુકે પાદરા. દસ્તાવેજ લખીલેનાર.

પા. લક્ષ્મીદાસ ભવાનીદાસ રેહેવાશી રણુના. દસ્તાવેજ લખીઆપનાર.

(નવા સ્ટાંપ નિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ,) પુછેલો છે).

દત્તક આપ્યા બદલનો લેખ—સ્ટાંપની લાગતની બાબત.

દત્તક આપ્યા બાબદના લેખમાં મોબદલો કંઈ દરશાવેલો ન હોવાથી કરારઆકટ પ્રમાણે તે કરારના સ્વરૂપમાં આવતો નથી તથા આ લેખ, સ્ટાંપ પરિશિષ્ટ ૧ માં લાગતને પાત્ર એવા પ્રકારના દસ્તાવેજમાં સમાવેશ થઈ શકે, એવો નથી, તેથી તે સ્ટાંપની લાગતને પાત્ર નથી.

હકીકત.

આ કામમાં રાવસાહેબ નોંધણીખાતાના તપાસણી કામદાર એમણે જાવક નં. ૭૬૬ તા. ૧-૬-૯૦ થી આ તરફ સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિમની કલમ ૧૧ મુજબ નિરણય થવા માટે મોકલ્યું છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમિયાન સં. ૧૯૪૬ ના મહાવદી ૮, તા. ૧૨-૨-૯૦, ના રોજનો દસ્તાવેજ થયો છે તેનો મુદ્દાનો મજકુર નિચે પ્રમાણે છે.

" તમો (લખીલેનાર) મારા સસરા થાઓ છો ને તમારી પુખ્ત ઉમર થઇ છે ને તમારે એક દીકરી શિવાય બીજું કાંઇ ફરજન નથી તેથી તમોએ મારે છ પુત્ર છે, તેમાંથી મારા દીકરા નામે ભગવાન ઉર્ફે મરઘાભાઇને દત્તક લેવાનો વિચાર જણાવી મારી પાસે ભગવાનને દત્તક આપવાની માગણી કરી તેથી તે માગણીનો સ્વીકાર હું મારા લાગતા વળગતાની તથા સદર ભગવાનની સંમત્તી સાથે કરી લખી આપું છું કે, સદર મારો દીકરો ભગવાન તે મેં તમોને દત્તક આપ્યો છે, ને તમે તેને દત્તક લીધો છે. તેથી હવેથી તે તમારા પેટના દીકરા માફક ગણાશે, તથા કાયદેસર તમારા વારસા વિગેરેના તમામ હક્ક તેને પ્રાપ્ત થાય છે, તેમાં મારી તકરાર નથી. * * *." સદરહુ દસ્તાવેજ સાદા કાગળ ઉપર છે.

---

* દી. સ્ટાં. પુ. ૨. નંબર ૫૫ સન ૧૮૮૯-૯૦.

રાવસાહેબ નોંધણી(પાસ્રણી)કામદારે સદરહુ દસ્તાવેજ વિષે પોતાનો અભિપ્રાય ઉપરની યાદી નં. ૭૬૬ તા. ૧-૬-૯૦ માં એવો આપ્યો છે કે, "એવો લેખ કરાર કિંવા કરારની યાદીમાં આવી શકશે, તથા દત્તકપત્રનો અંગભૂત લેખ છે. એવું માનિયે તોપણ તેને સ્ટાંપની માફી નિબંધથી આવતી નથી. હાલના દસ્તાવેજને પરિશિષ્ટની રકમ ૬ લાગુ થશે અને તે પ્રમાણે સ્ટાંપ રૂ. ૦-૮-૦ નો જોઇએ. એવાજ પ્રકારનો લેખ જેની હકીકત જૂદી છે તેને સ્ટાંપ જોઇએ એવો ઠરાવ પુનુસ્વામી કૃત સ્ટાંપ વ્યાનુઅક્ષ કોષ પૃષ્ઠ ૨૨ ઉપર છે." આ દસ્તાવેજ સંબંધે મેહેરબાન વડોદરા પ્રાંતના જજ્ય નોંધણીસરકામદાર સાહેબ એમણે નોંધણીકામદારે ખુલાસો પુછ્યાથી શેરો નંબર ૭૮૦ તા. ૧૪-૧-૯૦ થી ખુલાસો આપ્યો છે તેમાં મુદ્દાનું લખ્યું છે કે, "છોકરો દત્તક આપ્યાની કબુલતનો છે. આ દસ્તાવેજ દત્તકપત્રના અંગભૂતનો છે એમ જણાય છે. માટે મુળ દત્તકપત્રને સ્ટાંપની જરૂર નથી એવું ઉપર બતાવ્યું છે, ત્યારે આ દસ્તાવેજને પણ તેજ પ્રમાણે સ્ટાંપની જરૂર નથી એમ લાગે છે. હવે આ દસ્તાવેજ રૂ. ૦-૮-૦ ના સ્ટાંપ ઉપર થયેલો છે, પણ તે વિષે તમારે જોવાની કાંઇ જરૂર નથી." એવો ખુલાસો કોણે આપવો એ બાબત ખુલાસાની નકલ જોવા સારૂ મોકલી છે.

ઠરાવ.

સાંપ્રતનો લેખ વાંચી જોતાં તેમાં લખીઆપનાર જમાઇ છતાં લખી લેનાર સસરો છે; લખીલેનાર ઉમરે પોહોચવાથી તથા તેને એક પુત્રી શિવાય બીજી પ્રજા ન હોવાથી લખીઆપનારના છ પુત્ર પૈકી એક પુત્રને દત્તક લેવાનો વિચાર દરશાવી લખીઆપનાર પાસે માગણી કરી તે લખી આપનારે સ્વિકાર્યા બદલનો તથા લીધાનો આ લેખ છે. તેમાં મોબદલો કંઈ દરશાવ્યો નથી, એટલે, કરાર આકટ પ્રમાણે કરારનું રૂપ પણ બની શકતું નથી. તેમ સ્ટાંપનિબંધમાં તથા તેના પેહેલા પરિશિષ્ટમાં જણાવેલા લાગતને પાત્ર એવા એકે પ્રકારના દસ્તાવેજમાં આ લેખનો સમાવેશ થઇ શકતો નથી.

માટે આ લેખ સ્ટાંપની લાગતને પાત્ર નથી એવો દસ્તાવેજ ગણવો એમ અમો ઠરાવીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓ સાહેબની રૂબરૂ*

ફેસલ તા. ૧૩-૪-૯૦.

પા. રણછોડ ગોવીંદ રેહેવાશી ગામ આથી. દસ્તાવેજ લખીલેનાર.

પા. દેસાઇ જવહેર રેહેવાંશી ગામ સાથી. દસ્તાવેજ લખીઆપનાર.

(નવીન સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે.)

દત્તક આપ્યા વિષેનો લેખ—સ્ટાંપની લાગતની માફી.

દત્તક આપ્યા વિષેનો લેખ સ્ટાંપ પરિશિષ્ટ ૧ માં લાગતને પાત્ર એવા પ્રકારના દસ્તાવેજમાં સમાવેશ થઈ શકે એવો નહીં હોવાથી તે સ્ટાંપની લાગતને પાત્ર નથી.

દી. સ્ટાં. ખુ. ર. નંબર ૫૯ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા.૧૩-૪-૯૧ નો ઠરાવ લાગુ કર્યો છે

હકીકત.

આ કામ રાવસાહેબ નોંધણીતપાસણીકામદાર એમણે જા. નં. ૭૬૬ તા. ૧-૬-૯૦ થી આ તરફ સ્ટાંપ નિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ મુજબ નિર્ણય થવા મોકલ્યું છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમિયાન સં. ૧૯૪૬ ના પોસ સુદી ૯, તા.૩૦-૧૨-૮૯ સોમવારને દિવસે જે દસ્તાવેજ થયો છે. તેનો મુદ્દાનો મજકુર નિચે પ્રમાણે છેઃ—

" તમો (લખીલેનાર) મારા કાકાના દીકરા (ભાઇ) થાઓછો, ને તમારી પુખ્ત ઉમર થઇ છે તો તમારૂં લગ્ન થયું નથી જેથી તમારે બીલકુલ ફરજન નથી; તેથી તમોએ મારે બે પુત્ર છે, તેમાંથી મારા દીકરા લલુને દત્તક લેવાનો વિચાર જણાવી મારીપાસે લલુને દત્તક આપવાની માગણી કરી તેથી તે માગણીનો સ્વીકાર હું મારા લાગતા વળગતાની તથા સદર લલુની સંમત્તી સાથે કરી લખી આપું છું કે, સદર મારો દીકરો લલુ જે કે કુંવારો છે, જેને મેં તમોને દત્તક આપ્યો છે, ને તેને તમે દત્તક લીધો છે. જેથી હવેથી તે તમારા પેટના દીકરા માફક ગણાશે તથા કાયદેસર તમારા વારસા વિગેરેના તમામ હક તેને પ્રાપ્ત થાય છે, તેમાં મારી તકરાર નથી. * *."
સદરહુ દસ્તાવેજને રૂ. ૦-૮-૦ નો સ્ટાંપ છે.

સદરહુ દસ્તાવેજ વિષે રાવસાહેબ નોંધણીતપાસણીકામદારે પોતાની યાદી નં ૭૬૬ તા. ૧-૬-૯૦ માં એવો અભિપ્રાય આપ્યો છે કે, રૂ. ૦-૮-૦ નો જે સ્ટાંપ લગાડેલો છે, તે બરાબર છે, પરંતુ સંશય આવવાથી મોકલ્યું છે. એવા લેખ કરારે કિંવા કરારની યાદીમાં આવી શકશે તથા દત્તકપત્રનો અંગભૂત છે. એવું માનીએ તોપણ તેને સ્ટાંપની માફી નિબંધથી આવતી નથી. હાલના દસ્તાવેજને પરિશિષ્ટની રકમ ૬ લાગુ થશે અને તે પ્રમાણે સ્ટાંપ

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૧૦૪ સન ૧૮૯૦-૯૧. (૧) આ ઠરાવ પાછવાડે પૃ ૧૮૫ ઉપર છાપેલો છે.

રૂ. ૦-૮-૦ નો જોઇએ. એજ પ્રકારનો લેખ જેની હકીકત જુદી છે તેને સ્ટાંપ જોઇએ એવો ઠરાવ પુનુસ્વામીકૃત સ્ટાંપ મ્યાન્યુઅલ, કોષના પૃષ્ઠ ૨૨ ઉપર છે. આ દસ્તાવેજ સંબંધે વડોદરા પ્રાંતના જજ્ય નોંધણીસરકામદાર સાહેબ એમણે નોંધણીકામદારે ખુલાસો પુછવાથી શેરો નં ૭૮૦ તા. ૧૪—૧—૯૦ થી ખુલાસો આપ્યો છે તેમાં મુદ્દાનું લખ્યું છે કે, "છોકરો દત્તક આપ્યાની કબુલતનો છે. આ દસ્તાવેજ દત્તકપત્રના અંગભૂતનો છે એમ જણાય છે, માટે મુળ દત્તકપત્રને સ્ટાંપની રૂર ન ધી, એવું ઉપર બતાવ્યું છે, ત્યારે આ દસ્તાવેજને પણ તેજ પ્રમાણે સ્ટાંપની જરૂર નથી એમ લાગે છે. હવેઆ દસ્તાવેજ રૂ. ૦-૮-૦ ના સ્ટાંપ ઉપર થયેલો છે, પણ તે વિષે તમારે જોવાની કાંઇ જરૂર નથી." એવો ખુલાસો કોણે આપવો એ બાબત ખુલાસાની નકલ જોવા સારૂ મોકલી છે.

ઠરાવ.

સ્ટાંપ ખુલાસા નંબર ૫૯ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૧૩-૪-૯૧ ના પ્રકરણ વાળા લેખના સ્વરૂપનોજ હાલનો લેખછે. તફાવત માત્ર એટલોજ છે કે, તે લેખ સસરા જમાઇના દરમિયાન થયેલો છતાં હાલનો લેખ બે સગા પિત્રાઇ ભાઇઓના દરમિયાન થયેલો છે. પ્રથમનો લેખ સાદા કાગળ ઉપરનો છતાં હાલનો લેખ રૂ. ૦-૮-૦ ના સ્ટાંપના કાગળ ઉપર લખેલો છે. સદર પ્રકરણ વાળો લેખ જે કારણથી સ્ટાંપની લાગતને પાત્ર નહીં એવો દસ્તાવેજ ઠરાવવામાં આવ્યો છે, તેજ કારણોથી હાલનો લેખ પણ લાગતને પાત્ર નથી એમ અમે ઠરાવીએ છીએ.

રા. બા. અંબાલાલ સાંકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ સમસુદ્દિન તૈયબજી, જજ્ય, એઓસાહેબની રૂબરૂ.*

ફેસલ તા. ૧૮-૪-૯૧.

પટેલ. રામા કાના કણબી રેહેવાશી મોજે વીઠલપુર તાબે અમરેલી } દસ્તાવેજ લખીલેનાર.

પટેલ. ભવાન ગોપાલ રેહેવાશી મજકુરનો. } દસ્તાવેજ કરીઆપનાર.

(નવા સ્ટાંપ નિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફ્રન્સ) પુછેલોછે).

સાનના દસ્તાવેજમાં મિલકતનો મોબદલો કરી આપવાનો કરાર—અંગભૂતકરાર એ થાય કે. નહીં-કલમ ૭ પ્રમાણે બિન્ન બાબતો -ગીરોખત પ્રમાણે સ્ટાંપ પરિશિષ્ટ ૧ રકમ ૯.

સ્થાવરમિલકત સાનમાં આપ્યાના દસ્તાવેજમાં કરાર કરેલો કે, લીધેલી રકમ અગર વ્યાજ

---

*દી. સ્ટાં. ખુ. ર. નં. ૬૧ સન ૧૮૮૯-૯૦.

"મુદતે દેવુછે, અને જો તે પ્રમાણે ન આપું તો * * ખેતરનો મોબદલો કરી દેવો છે." ઠરાવ થયો કે-એ કરારથી દસ્તાવેજનું સ્વરૂપ ફરતું નથી. એ કરારનો અર્થ મિલકત કબજે આપવા વિષેનો છે, અને તે સાનગીરીના મુખ્ય કરારનો અંગભૂત કરાર થાયછે માટે એ કરાર બાબત જુદી લાગુત લેવાની નથી.

દી. ચાં. ખુ. ર. નંબર ૧૪ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૨૫-૭-૯૦ નો ઠરાવ વિચારમાં લીધોછે.(૧)

હકીકત.

આ કામ અમરેલી તાલુકાના નોંધાણીકામદારે યાદી નં. ૨૯૦ તા. ૧-૪-૯૦ થી મેહેરબાન સરકામદારસાહેબ તરફ મોકલી તેઓએ શેરો નં. ૭૩૮ તા. ૯-૫-૯૦ ના લખાણથી આ તરફ ખુલાસો થવા મોકલ્યુંછે.

ઉપર લખેલા પક્ષકારોના દરમિયાન સંવત ૧૯૪૬ ના ચૈત્ર સુદિ ૧૦ સોમવાર, તા. ૩૧-૩-૯૦, ના રોજ દસ્તાવેજ થયો છે. તેમાંનો મુદ્દાનો મજકુર નિચે પ્રમાણે છે:-

" * * આજ રોજ તમારી પાસેથી કરજાઉ કંપની રાણીશીકકાના રૂ. ૧૯૫ અંકે એકસો ને પંચાણું કલદાર ઉપાડયાછે. તેનું વ્યાજ દર માસે ૧ દર સેંકડે ટકા ૧ પ્રમાણે દેવું છે. સદરહુ રૂપીઆના થાલનાં ખેતરનું કટકું ૧ લખી આપ્યું છે. તેની ચતુઃ સીમા વીઠલપુરની સીમમાં * *. સદરહુ ચતુઃ સીમાવાલુ ખેતર ઉપર લખ્યા રૂપીઆના થાલમાં છે. તો વ્યાજ સુધાંત ભરાણે થાલ છુટે. સદરહુ રૂપીઆ સં. ૧૯૪૭-ના ફાગણ સુદી ૨ ભરી દેવાછે અગર સદર મુદતે વ્યાજ દેવું છે. અને જો તે પ્રમાણે ન આપું તો સદરહુ ખેતરનો મોબદલો કરી દેવોછે. તેમાં કાંઇ હરકત કે વાંધો લેવો નથી. અને તે પ્રમાણે જો ન કરી આપું તો સદરહુ ખેતરના કટકાથી તથા તેની સાલ દર સાલની ઉપજથી વસુલ કરી લેજો. * * *."

સહી. સાખ.

* * * * * *

૨. નોંધાણીકામદાર પોતાની યાદીમાં દરશાવેછે કે, ઉપરના દસ્તાવેજમાં મોબદલાના જે શબ્દો છે તેનો મતલબ પરિણામે વેચાણ જેવો ગણવાનો હોય તો શરતી વેચાણ કહેવાય, ને તેથી વેચાણનો સ્ટાંપ લેવો જોઇએ. તે બદ્દલ પક્ષકારને તેના હેતુ બાબત પુછતાં સ્થાવર સાનનો લેખ છે એમ કહી ઉપર સ્થાવર સાનના બોલો લખેલા બતાવ્યા અને પોતાનો મતલબ સરતી વેચાણનો નહીં, પણ કબજે લેઇ ઉપજ

(૧) આ ઠરાવ પૈઠવાડે પૃષ્ઠ ૩૭ ઉપર છે.

કરજમાં વાળવાનો હેતુ બતાવ્યો. તે ઉપરથી દસ્તાવેજ નિચે લખી ટીપ કરી આપવા ફરમાવતાં તે લોકો સમજ્યા નહીં ને ટીપ કરી આપી નહીં. ટીપ નહીં કરી આપે તો દસ્તાવેજ લેવાનું નાકબુલ કરવું કે કેમ, એ બાબતનો ખુલાસો જણાતો નથી. માટે ખુલાસો થવા સારૂ વિનંતી છે, ટીપ કરી લેવાથી સરકારનું નુકસાન નહીં થવાનો બચાવ થવાનો હેતુ છે એવું, આ સાલની તપાસણી યાદીમાં કલમ ૪૮ માં રાવસાહેબ તપાસણી-કામદારે બતાવેલું છે. તે પ્રમાણે વહિવટ રાખવો અવશ્ય છે. તેના સારૂ ઉપરનો ખુલાસો માગેલો છે. કેમકે, આવા પ્રસંગો હમેશા આવેછે. મે. સરકામદાર સાહેબ પોતાની યાદીમાં એમ બતાવેછે કે, દસ્તાવેજના અંદર મુદતસર રૂપીઆ ભરવામાં ન આવે તો મોબદલો કરી આપવાનો કરાર છે. આ કરાર સરતી ગીરો તરીકે ભવિષ્યનો છે. સરતી તેમજ આંટીના કરાર ન્યાયની કોરટો હુકમનામું કરતી વખત મંજૂર રાખતી નથી. મોબદલો કરી આપવાનો કરાર નોંધણીકામદાર વેચાણના સ્વરૂપનો માનેછે તે બરોબર નથી. નામ ઉપર કરી આપવાના લેખમાં નિબંધના પરિશિષ્ટ ૧ ની, રકમ ૧૮, ની નિશાણી (ખ) માં સમાવેશ થાય, પણ તે વાત લાગુ નથી. તેવી શરતોથી મુળ કરારનું સ્વરૂપ બદલવું નહીં જોઇએ એમ નિબંધની કલમ ૪૧ માં કહેલું છે, તો મરજી પ્રમાણે થઇ આવવું.

ઠરાવ.

આ કોર્ટના સ્ટાંપ ખુલાસા નંબર ૧૪ સન ૧૮૮૯–૯૦ ફેસલ તા.૨૫–૭–૯૦ ના ઠરાવમાં સ્પષ્ટ ઠરાવેલું છે કે, " ગીરોના દસ્તાવેજમાં * * * જે બાબતો ગીરોના કરારના પેટામાં કાયદા અને દેશરીવાજ પ્રમાણે આવી જાય, તે તે બાબતના કરાર પેટાનાજ કરાર છે, સ્વતંત્ર કરાર નથી એમ માનવું જોઇએ, અને એવા અંગભૂત કરાર એકજ લેખમાં લખેલા હોય તે કારણથી તેવા કરાર માટે જાસ્તી લાગતની જરૂર નથી. (જુઓ ઈં. લા. રી. ૯ મુંબઇ પાનું ૪૩૫). ગીરોના અંગભૂત કરાર ક્યા ક્યા માનવા એનો નિર્ણય દરેક દસ્તાવેજના સ્વરૂપ ઉપરથી કરવાનો છે.

હાલના લેખમાં જે છેવટના ભાગમાંનો મજકુર લખેલો છે તે ઉપરથી સ્ટાંપની લાગતને સંબંધે એ દસ્તાવેજ કેવા સ્વરૂપનો ગણાય એ આ પ્રકરણમાં સવાલ છે. આ દસ્તાવેજ પુરો વાંચી જોતાં તેમાં ઠરાવેલી મુદતે લીધેલી રકમ વ્યાજ સહ આપવામાં ન આવે તો થાળમાં મુકેલા ખેતરનો મોબદલો લખી લેનારને કરી આપવાનો કરાર જે કરેલો છે, તે ઉપરથી દસ્તાવેજના સ્વરૂપમાં ફેરફાર થઇ તેને

લગાડેલી કિંમતના સ્ટાંપ કરતાં જાદે કિંમતનો સ્ટાંપ લગાડવો જોઇએ કે નહીં એનો નિર્ણય કરવો જોઇએ.

આ દસ્તાવેજમાં " મોબદલો કરી દેવો છે. " એવું જે વાકય છે. તે ઉપરથી પ્રકરણ મોકલનાર નોંધણીકામદારની સમજ એવી થયેલી જણાય છે કે, એ ઉપરથી તે ભવિષ્યનો વેચાણનો કરાર થાય, પણ રજુકરનારથી ખુલાસો પુછતાં તેમને જણાઇ આવ્યું છે કે, તેનો મતલબ ફકત થાળવાલી મિલકતનો કબજો જે પ્રથમ આપેલો નહીં તે આપવો એવો છે. વળી મોબદલો કરી દેવો એનો અર્થ ખસુસ કરીને " વેચાણ કરી આપવું " એવોજ થાય છે એમ નથી; એનો અર્થ તો માત્ર એટલો થાય કે, તે મિલકત લખીલેનારને "નામે દાખલ કરી આપે." નામે કરી આપવું એટલે અવશ્ય કરીને વેચાણ કરી આપવું એમ સમજવાનું નથી. રજુકરનારને એ વાકયનો હેતુ કબજો આપવાનો છે, એમ દરશાવ્યાનું નોંધણીકામદારના લખાણથીજ જણાઇ આવે છે.

હવે સાનના કરાર પ્રમાણે દેણદાર ન વર્તે તો સાનવાલી મિલકત લેણદારને કબજે આપવી, એવો સાધારણ રીતે સાનગીરોના કરારના અંગનો કરાર હોય છે, માટે હાલનો કરાર મુખ્યના કરારના અંગનો છે, તેથી તે બાબત નવીન સ્ટાંપ લાગત લાગે નહીં. સ્થાવરમિલકતના કબજા સહીત અને કબજા શિવાયના ગીરો લેખની બાબતમાં સ્ટાંપ લાગતને અર્થે ઇંગ્રેજી સ્ટાંપઆક્ટમાં જેવો ભેદ બતાવ્યોછે, તેવો ભેદ અહીંના સ્ટાંપનિબંધમાં રાખેલોનથી.

આ કારણોથી હાલના ગીરોલેખનું સ્વરૂપ, ઉપર દરશાવેલા અંગભૂત કરારથી, બદલાતું નથી. અને એ લેખને ગીરોનો દસ્તાવેજ ગણી રૂ. ૧ ની જે સ્ટાંપ લાગત લગાડીછે તે બસછે, અને મોબદલો કરી આપવાનો જે કરાર તેમાં છે, તે અંગભૂત કરાર હોવાથી તેને માટે જૂદી સ્ટાંપ લાગતની જરૂર નથી એમ અમે ઠરાવીએ છીએ.

નોંધણીકામદારનો બીજો પ્રશ્ન કે, દસ્તાવેજનું સ્વરૂપ સમજવા સારૂ નોંધણીનિબંધ મુજબ રજુકરનારથી માહિતી પુછી લખી લેવાય કે કેમ, તેનો ખુલાસો આ ઠરાવ કરી આ કોરટના નોંધણીખાતા મારફતે મોકલવામાં આવે, તે વખત, તે ખાતેથી થશે.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ સમ્સુદ્દીન તૈયબજી, જજ્ય, એઓસાહેબની રૂબરૂ*.

ફેસલ તા. ૧૮-૪-૯૧.

પટેલ ગીગા માવા રેહેવાશી વીઠલપુર તાબે અમરેલી. દસ્તાવેજ લખાવીલેનાર.

પટેલ ભવાન ગોપાળ રેહેવાશી મજકુર. દસ્તાવેજ કરીઆપનાર.

(નવા સ્ટાંપ નિબંધ સબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

સાનના દસ્તાવેજમાં મિલકતનો કબજો લેવા વિષેનો કરાર--અંગભૂત કરાર એ થાય કે નહીં—કલમ ૭ પ્રમાણે ભિન્ન બાબતો—ગીરોખત પ્રમાણે સ્ટાંપ પરિસિષ્ટ ૧ રકમ ૯.

સ્થાવર મિલકતસાનમાં આપ્યાના દસ્તાવેજમાં કરાર કરેલો કે, લીધેલી રકમ સાગર વ્યાજ "દેવુ છે. જો તે પ્રમાણે ન આપું તો સદર વાડીનો કબજો તમો લેજો." ઠરાવ થયો કે,--એ કરારથી દસ્તાવેજનું સ્વરૂપ ફરતું નથી. એ કરારનો અર્થ મિલકતનો કબજો આપવા વિષેનો છે, અને તે સાનગીરોના મુખ્ય કરારના અંગભૂત કરાર થાયછે, માટે એ કરાર બાબત જૂદી લાગત નિબંધની કલમ ૭ પ્રમાણે લેવાની નથી.

દી. સ્ટાં. ખુ. ર. નંબર ૬૧ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૧૮-૪-૯૧ નો લાગુ કર્યો છે. (૧)

હકીકત.

આ કામ અમરેલી તાલુકાના રા. નોંધણીકામદારે યાદી નંબર ૨૬૦ તા૦ ૧-૪-૯૦ થી મેહેરબાન સરકામદાર સાહેબ તરફ મોકલ્યું તેઓએ શેરા નંબર ૭૩૯ તા. ૯-૫-૯૦ ના લખાણથી ખુલાસો થવા આ તરફ મોકલ્યું છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમિયાન સંવત ૧૯૪૬ ના ચૈત્ર સુદિ ૧૦ શોમવાર તા. ૩૧ માર્ચ સને ૧૮૯૦ ના રોજ દસ્તાવેજ થયો છે.

આજ રોજ તમારા પાસેથી કરજાઉ કંપની રૂા. ૧૪૩ તથા પ્રથમના ખાતામાં રૂા. ૭૬ મળી કુલ રૂા. ૨૧૯ અંકે રૂપીઆ બસોને ઓગણીશ રાણી શીકકાના લીધા છે, તેનું વ્યાજ દર માસ ૧ સેં. ૧ ટકા ૧ પ્રમાણે દેવું છે સદરહુ રૂપીઆના થાલમાં વાડી નામે પાદરડી લખી આપું છું તેની તપસીલ × × એ રીતે ચતુઃસીમાવાળી વાડીનો ભાગ ચોથે. તથા વાડીનો કોસ અર્ધો અમારા ભાગનો સદરહુ રૂપીઆના થાળમાં છે. તમામ વ્યાજસહીત રૂપીઆ ભરાયે થાળ છુટે. સદરહુ રૂપીઆ ભરી આપવા છે. જો કદી રૂપીઆ ન ભરૂં તો ઉપર પ્રમાણે જે વ્યાજ

---

*દી. સ્ટાં. ખુ. ર. નંબર ૧૦૭ સન ૧૮૯૦-૯૧. (૧) આ ઠરાવ પખવાડે પૃ ૧૮૮ ઉપર છાપેલો છે.

થાય તે તમોને દેવું છે. જો તે પ્રમાણે ન આપું તો સદરહુ વાડીના કબજો તમો લેજો, અમારા ભાગનો (ચોથાનો), અને તેની વીઘોટી અમો ભરીશું (કણબી ભવાન ગોપાળ (ભરે); અને સદરહુ રૂપીઆનું વ્યાજ ન આપું તો તમો વ્યાજમાં વાડીના ભાગ ૪ ની ઉપજ ખાજો. સદરહુ પ્રમાણે અમો ન પાળીએ તો તમો અમારા ભાગ ૪ (વાડીમાંથી) ઉપર લખી ચતુઃસીમાવાળી વાડીથી તમા સાલ દરસાલની ઉપજથી વસુલ કરી લેજો. + +. સદરહુ વાડી અમારા ભાઇ ગોવીંદ દુદાને નામે છે તે પૈકી ભાગ ચોથો છે. આ લખી આપ્યું તે કબૂલ મંજૂર સહીછે."

સહી. સાક્ષ.

÷ ÷ + ÷

રા. નોંધણીકામદાર પોતાની યાદીમાં દરશાવે છે કે, ઉપરના દસ્તાવેજમાં મોબદલાના જે શબ્દો છે તેનો મતલબ પરીણામે વેચાણ જેવો ગણવાનો હોય, તો તે સરતી વેચાણ કહેવાય, ને તેથી વેચાણનો સ્ટાંપ લેવો જોઇએ. તે બદલ પક્ષકારોને તેના હેતુ બાબત પુછતાં સ્થાવર સાનનો લેખ છે એમ કહી ઉપર સ્થાવર સાનના બોલો લખેલા બતાવ્યા, અને પોતાનો મતલબ સરતી વેચાણનો નહીં પણ કબજે લેઇ ઉપજ કરજમાં વાળવાનો હેતુ બતાવ્યો. તે ઉપરથી દસ્તાવેજ નિચે લેખી ટીપ કરી આપવા ફરમાવતાં તે લોકો સમજ્યા નહીં ને ટીપ કરી આપી નહીં. ટીપ નહીં કરી આપે તો દસ્તાવેજ લેવાનું નાકબૂલ કરવું કે કેમ? એ બાબતનો ખુલાસો થવાની વિનંતી છે. ટીપ કરી લેવાથી સરકારનું નુકસાન નહીં થવાનો બચાવ થવાનો હેતુ છે, એવું આ સાલની તપાસણીયાદીમાં કલમ ૪૮ માં રાવસાહેબ તપાસણીકામદારે બતાવેલું છે, તે પ્રમાણે વહીવટ રાખવો અવસ્ય છે. તેના સારૂ ઉપરનો ખુલાસો માગેલો છે. કેમકે, આવા પ્રસંગો હમેશાં આવે છે. મે. સરકામદાર સાહેબ પોતાની યાદીમાં એમ બતાવે છે કે, દસ્તાવેજના અંદર મુદતસર રૂા. ભરવામાં ન આવે તો મોબદલો કરી આપવાનો કરાર છે. આ કરાર સરતી ગીરો તરીકે ભવિષ્યનો છે. સરતી તેમજ આંટીના કરાર ન્યાયની કોરટો હુકમનામું કરતી વખતે મંજૂર રાખતી નથી. મોબદલો કરી આપવાનો કરાર નોંધણીકામદાર વેચાણના સ્વરૂપનો માને છે તે બરાબર નથી. નામ ઉપર કરીઆપવાના લેખમાં નિબંધના પરિશિષ્ટ ૧ ની રકમ ૧૮ ની નિશાની (ખ)માં સમાવેશ થાય પણ તે વાત લાગુ નથી. તેવી સરતોથી મુળ કરારનું સ્વરૂપ બદલવું નહીં જોઇએ એમ નિબંધની કલમ ૪૧ માં કહેલું છે, તો મરજી પ્રમાણે થઇ આવશે.

ઠરાવ.

સ્ટાંપ ખુલાસા નંબર ૬૧ સન ૧૮૮૯-૯૦ ના કામના દસ્તાવેજના સંબંધે જે બાબતોનો ખુલાસો પુછવામાં આવેલો તેજ બાબતોના ખુલાસા માટે આ પ્રકરણ વાળો દસ્તાવેજ તે પ્રકરણ સાથેજ આવેલો છે. તે દસ્તાવેજના સંબંધે આજ રોજ સદર નંબરનો ઠરાવ(૧) કરવામાં આવ્યો છે, તે આ દસ્તાવેજ સંબંધેના પ્રશ્નોને લાગુ પડેછે. માટે આ બદલ વિવેચન કરી ઠરાવ લખવાની જરૂર નથી. એટલોજ ઠરાવ લખી આ પ્રકરણનો નીકાલ કરીએ છીએ.

---

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૧૮૮ ઉપર છે.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ સમ્સુદ્દિન તૈયબજી, જજ્ય, એઓસાહેબની રૂબરૂ*.

ફેસલ તા. ૨૧-૪-૯૧.

બાઈ હશા તે અસમાલજી હુસેનની છોકરી રેહેવાશી કપોદ્રા તાલુકે અંકલેશ્વર.	દસ્તાવેજ લખીલેનાર.
વોહોરા અહમદ આદમ રેહેવાશી માંગરોળ.	દસ્તાવેજ લખીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

વ્યવસ્થાપત્ર—પરિશિષ્ટ ૧ રકમ ૩૧.

ધણીએ પોતાની સ્ત્રીસાથે નિકો કરેલો તેથી તે સ્ત્રીને તેની હયાતી સુધી મિલકત આપ્યા વિષે તથા હયાતીમાં તે મિલકત કોઈને નહીં વેચતાં ફકત વાપરવા આપ્યા વિષે દસ્તાવેજ કરી આપેલો હતો. ઠરાવ થયો કે, આ દસ્તાવેજ વ્યવસ્થાપત્રનો છે અને તે પ્રમાણે તેને સ્ટાંપની લાગત જોઇએ. (પરિશિષ્ટ ૧, રકમ ૩૧).

હકીકત.

આ કામ મે. નોંધણીખાતાના તપાસણીકામદારની યાદી નંબર ૮૦૦ તા. ૭-૬-૯૦ થી આ તરફ નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો લેવા સારૂ આવ્યું છે.

સદરહુ પક્ષકારના દરમ્યાન સંવત ૧૯૪૬ ના વરખે માગશર સુદી ૧૧ તા. ૩-૧૨-૮૯ નો જે દસ્તાવેજ થયેલો છે તેની નકલ નિચે પ્રમાણેઃ—

“સંવત ૧૯૪૬ ના વરખે માગશર સુદી ૧૧ ને વારમંગળ તા. ૩-૧૨-૮૯ દીને બાઇ હશા તે અસમાલજી હુસેનની છોકરી રેહેવાશી કપોદ્રા, તાલુકે અંકલેશ્વર, ઉમર વરસ ૩૫, ધંધો ઘરનો, જોગ લી. એકગામવાશી મોજે માંગરોળના રેહેનાર વહોરા અહમદ આદમ પાકોર ઉમર આસરે વરસ ૪૧, ધંધો ખેતીનો, જત તમોએ અમારી સાથે નીકા કર્યો

* ડી. સ્ટાં. ખુ. ર. નંબર ૬૩ સન ૧૮૮૯-૯૦.

છે તેથી આ કરારખત લખી આપ્યું છે. મારી નિચે લખેલી મિલકત રૂપીઆ ૨૪૯ અંકે બસો ઓગણપચાસની તમોને તમારી હયાતી સુધી વાપરવા આપીછે તે નિચે મુજબઃ—

૨૦૦) ઘર ગાળો ૧ એક મોજે માંગરોળ ગામમાં મારી માલકીનું તથા હીસ્સાનું નળીએરી ઉતર દક્ષિણ આડું ગજ ૬ તથા પૂર્વ પશ્ચિમ ઉભું ગજ ૧૬, તથા એ ઘરનો વાડોસુદ્ધાં એ ઘરની ચતુરદીશા, પૂર્વે સરીયામ રસ્તો મુકી મહમદ જસાતનું ઘર છે, તથા પશ્ચિમે સદરહુ ઘરનો વાડો મુકી હુસન ઇબ્રાહીમ પાડવનું ઘર છે, તથા દક્ષિણે અમારૂં માલકીનું ઘર ગાળા બે છે. તથા ઉત્તરે અમારા ભાઇ સાલેજીનું ઘર ગાળા ત્રણ છે.

૪૯) સરવઈ નંબર ૪૨-૧-૦ ની જમીન વિંઘાં ૧ રીતે કાળીકપારી, એ જમીનની ચતુરદીશા, પૂર્વે બાઈ એમણાજી તે હુશેન પાડવની વીધવાનો ક્યારડો છે, તથા પશ્ચિમે ગંભીર બાવાભાઇનો કયારડો છે, તથા દક્ષિણે ઇસાજી કાસમ જમેક્કાનો ક્યારડો છે, તથા ઉતરે નાગજી દાપાનું ગીરાશિયાનું ખેતર છે, કિંમત રૂ. ૪૯ અંકે ઓગણપચાસ.

———

૨૪૯

ઉપર પ્રમાણેની મિલકત રૂપીઆ ૨૪૯ અંકે બસો ઓગણ પચાસની તમોને તમારી હયાતી સુધી આપીછે. પરંતુ સદરહુ મિલકત તમારે કોઇને વેચવી નહીં, ફકત તમારી હયાતી સુધી વાપરવા આપીછે. મિલકત ઉપર તમો ગુજર્યા બાદ તમારા પીયેર તરફના વારસોનો દરદાવો નહીં. એ મિલકતના વારસ હમો તથા હમારા વંશ વારસ છે. સહી. આ કરારખત અમો અમારી રાજી ખુશીથી તથા અક્કલ હુંશિયારીથી લખી આપ્યું છે સહી.”

અત્રે	મતુ.	અત્રે	સાખ.
૧ અહમદ આદમ પાકોર સહી દા. ઇસબજી શાલેજીના છે.		૧ સાલેજી આદમ સાખ દા. ઇસબજી સાલેજીના છે.	
		૧ સાલેજી અરમાલજી સાખ દા. પોતે”	

મે. નોંધણીખાતાના તપાસણીકામદાર સાહેબને શંકા છે કે, એ દસ્તાવેજને કેટલો સ્ટાંપ જોઇએ અને એ દસ્તાવેજ કેવા પ્રકારનો માનવો જોઇએ. તેઉ સાહેબના

બીજો પ્રશ્ન એવો છે કે, દસ્તાવેજમાં જમીનની કિંમત રૂપીઆ ૪૯ લખીછે પણ સરકારધારાની રકમ કેટલી તથા તીરળ ઉત્પન્ન કેટલું એ પક્ષકારોએ લખેલું નથી; સ્ટાંપ નિબંધની કલમ ૨૪ પ્રમાણે એ બરાબર છે કે શી રીતે તેનો નિર્ણય થવો જોઇએ. જમીનની ઉપજ લખી હોત તો તેની દસપટ રકમ જે થાય તે કિંમત જમીનની માનવી યોગ્ય થશે કિંવા પક્ષકાર જે લખેછે તેજ સદરહુ કલમને માટે યોગ્ય છે, એ વિષે વહીવટને માટે ઠરાવ થવો જોઇએ. એ રીતે ખુલાસો પુછેલો છે.

ઠરાવ.

હાલનો લેખ વાંચી ધ્યાનમાં લેતાં તેનો સમાવેશ સ્ટાંપ નિબંધની કલમ ૩ રકમ ૯ (ક) માં જે, "વ્યવસ્થાપત્ર" ની વ્યાખ્યા બતાવી છે તેમાં થઇ શકેછે, અને આ લેખ દોઢ રૂપીઆના સ્ટાંપકાગળ ઉપર લખાયલો તે પુરી લાગત લગાડેલો દસ્તાવેજ છે એમ અમે ઠરાવીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ સમ્સુદિન તૈયબજી, જજ્ય, એઓસાહેબની રૂબરૂ*.

ફેસલ તા. ૨૭-૪-૯૧.

મેહેતા અમરસી દેવચંદ રેહેવાશી ત્રકતલાવ તાબે અમરેલી. | દસ્તાવેજ લખીલેનાર.

સોની ભાઆ જેઠા રેહેવાશી મચકુર. દસ્તાવેજ લખીઆપનાર.

(નવા સ્ટાંપ નિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

વેચાણખતમાં વેરો ભરવાનો કરાર—એ કરાર અંગભૂત થાય છે કિંવા નથી.

વેચાણખતમાં કરાર કરેલોકે, વેચાણ આપેલા ઘરનો વેરો સરકારમાં ભરવો પડે છે તે વેચનાર ભરશે. એ કરાર સંબંધે ઠરાવ થયો કે,—એ કરાર વેચાણખત સંબંધે અંગભૂત કરાર છે તેથી તે બાબત જૂદી સ્ટાંપની લાગત લેવાની નથી.

દી. સ્ટાં. ખુ. ર. નંબર ૬૧ સન ૧૮૮૯-૯૦. ફેસલ તા. ૧૮-૪-૯૧ તથા નંબર ૪૬ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૧૦-૪-૯૧ ના ઠરાવ વિચારમાં લીધા છે (૧).

---

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૬૨ સન ૧૮૮૯-૯૦. (૧). આ ઠરાવ પછવાડે અનુક્રમે પૃ૪ ૧૯૮ તથા પૃ૪ ૧૭૮ ઉપર છે.

હકીકત.

આ કામ અમરેલી તાલુકાના નોંધણીકામદારની યાદી નંબર ૮ તા. ૧૨–૬–૯૦ થી અમરેલી પ્રાંતના નોંધણીસરકામદાર સાહેબ મારફત શેરો નંબર ૮૪૩ તા. ૨૧–૬–૯૦ થી સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતામાટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો થવા સારૂ આવ્યું છે.

સદરહુ પક્ષકારોના દરમ્યાન સંવત ૧૯૪૬ ના જેઠવદી ૯ વાર બુધ, તા. ૧૧–૬–૯૦, ના રોજ દસ્તાવેજ થયો છે. તેમાંનો મુદ્દાનો મચકુર નિચે લખ્યા પ્રમાણે છે:—

"અમોએ તમોને અમારૂં ઘર નંગ ૧ ઓતરાતા દ્વારનું કિંમત રૂ. ૮૮ અંકે અઠયાશી કંપનીમાં અઘાટવેચાણ આપી રૂપીઆ અમોએ તમારા પાસેથી રોકડા લીધાછે, તથા સદરહુ ઘરનો કબજો તમને સોંપ્યો છે તો તે ઘરની ચતુઃ શીમાઃ— * * *.

એ રીતે ચતુઃશીમાવાળું ઘર મોજે ત્રકતલાવમાં વાણીઆ પાસામાં તમારી ખડકીમાં છે તે તમામ હદ હદુદ સુધાં આકાશથી તે પાતાળ સુધી ઈમલા સહ ઉપર લખી કિંમત માટે અઘાટવેચાણ આપેલું છે. તેની લંબાઇ પહોળાઇની વિગતઃ— * * *.

એ રીતે લંબાઈ પહોળાઇ વાળું ઘર અમોએ તમોને ઉપર લખી કિંમત માટે અઘાટ વેચાણ આપેલું છે. તો સદરહુ ઘરમાં તમો રહો કિંવા કોઇને ભાડે આપો કિંવા ફરી ઇમારતકરી નવીન બારી, જાળી, મુકો તેમાં હમારે કોઈ જાતની તકરાર રહી નથી. હવેથી સદરહુ ઘર ઉપર અમારી કોઇ જાતની તકરાર રહી નથી; હવેથી સદરહુ ઘરઉપર અમારો કોઇજાતનો હક્ક નથી કુલ માલકી તમારી છે, માટે તમારી મરજી મુજબ વંશપરંપરા ઉપભોગ કરો તેમાં અમારે કાંઇ તકરાર બતાવવી નથી. ઉપર લખ્યું ઘર અમોએ તમોને ક્રાટ નળીયાં સહીત વેચાણ આપેલું છે. તે બાબત અમારે કાંઇ તકરાર બતાવવી નથી. સદરહુ ઘરના દક્ષણાતા નેવાનું પાણી આગળ ફળીયામાં પડે છે. સદરહુ ઘરનો તથા અમારે બીજું ઘર છે તેનો વેરો એકત્ર સરકારમાં ભરવો પડે છે માટે સદરહુ ઘરનો વેરો સરકારમાં અમારે એટલે સોની ભાયાને ભરવો છે.

સહી. સાખ.

* * * *

ઉપર લખ્યા ઘરનો વેરો રૂપીઓ ૧ અમારે સરકારમાં ભરવો પડે છે. તે અમોએ ભરવાનું માથે રાખ્યુંછે. મીતી સદર છે. સહી."

અમરેલી માહાલના નોંધણીકામદારે સદરહુ દસ્તાવેજના સંબંધે ત્રણ પ્રશ્ન પુછેલા છે, તે નિચે પ્રમાણેઃ—

(૧). વેરો આપવા બદલનો કરાર વેચાણના કરારનો અંગભૂત કરાર સમજવો કે નિરાળો કરાર સમજવો, કે જેથી નીરાળા કરાર બદલ જૂદી લાગત લેવી પડે?

(૨). નીરાળો કરાર સમજવામાં આવે તો તેને સ્ટાંપ કિયા સ્કેલ પ્રમાણે લેવો જોઇએ, એટલે, નિબંધની કલમ ૩ ની રકમ ' ખ ' એને લાગુ થઈ સ્ટાંપને માટે પરિશિષ્ટની કલમ ૮ લાગે કે પરિશિષ્ટની કલમ ૬ ની રકમ ' ખ ' લાગે?

(૩). દસ્તાવેજ રૂ. ૮૮ નો હોવાથી તેને સ્ટાંપ રૂ. ૨ નો જોઇએ તે ઠેકાણે રૂ. ૨—૪—૦ નો સ્ટાંપ છે. દસ્તાવેજ રજુકરનારનું જાહેર કરવું છે કે, રૂપીઆ ૨—૦—૦ નો સ્ટાંપ નમળવાથી રૂપીઆ ૨—૪—૦ નો લેવામાં આવ્યો છે. આવી સ્થિતિમાં જો ઉપલો કરાર સ્વતંત્ર ગણાઇ તેને સ્ટાંપ લેવો ઠરે તો તેમાં હાલ જે રૂ. ૦—૪—૦ નો સ્ટાંપ વધારે છે તે મજરે ગણી શકાય કે નહીં?

સદરહુ પ્રશ્નના સંબંધે નોંધણીકામદારના અભિપ્રાય નિચે પ્રમાણે છે:—

(૧). વેરો ભરવાનો કરાર વેચાણના કરારનો અંગભૂત કરાર છે.

(૨). સ્વતંત્ર કરાર ઠરે તો તેને નિબંધની કલમ ૩ ની રકમ ' ખ ' ની વ્યાખ્યા લાગુ થઇ શકે, માટે પરિશિષ્ટની કલમ ૮ લાગુ થાયછે અને પરિશિષ્ટની કલમ ૬ ની રકમ ' ખ ' લાગુ થતી નથી.

(૩) વધારાની રકમ રૂ. ૦—૪—૦ ની મજરે ગણવી જોઈએ.

અમરેલી પ્રાંતના મેહેરબાન નોંધણીસરકામદાર સાહેબનો એટલોજ અભિપ્રાય છે કે, વેરા બદલનો કરાર વેચાણના કરારનો અંગભૂત કરાર ગણવો. તેઉ સાહેબ બીજી બાબતો વિષે કાંઇ લખતા નથી.

ઠરાવ.

હાલના લેખમાં વેચાણકરનારે રૂ. ૮૮ લેઇ ઘર વેચ્યું છે. તેમાં એવો કરાર છે કે ઘરનો વેરો બીજા ઘરના વેરા ભેળો ભરાય છે તે વેંચનાર ભરશે. તે વેરો દર વર્ષે રૂ. ૧ છે.

વેરો ભરવાનો જે કરાર છે તે આવા પ્રસંગે અંગભૂત ગણવો જોઇએ. બીજા એક ગીરોના કામમાં આ કોર્ટે ઠરાવ્યું છે કે, અંગભૂત કરાર ઉપર જૂદી લાગત લેવી ન જોઇએ (જુઓ આકોર્ટનો ખુલાસા નંબર ૬૧ સન ૧૮૮૯–૯૦ ફેસલ તા. ૧૮–૪–૯૧). જ્યાં અંગભૂત કરારથી મોબદલાની રકમમાં કંપેશ થવાનું હોય તો સ્ટાંપના સબંધે તે ધ્યાનમાં લેવાય છે. એવા દાખલા ગણોતપટાના સંબધે ઘણા બને છે. (જુઓ આ કોર્ટનો સ્ટાં. ખુ. નં. ૪૬ સન. ૧૮૮૯–૯૦ ફેસલ તા. ૧૦—૪—૯૧). પરંતુ હાલના કામમાં અંગભૂત કરાર ન હોત તો ઘરની કિંમત ઓછી ઉપજતને તેટલો સ્ટાંપ કમી લાગત. માટે હાલના કરારથી સ્ટાંપનો મોબદલો કમી થયો છે, એમ કહી શકાતું નથી.

બેઉ તરફથી જોનાં લગાડેલી લાગત કમી નથી એમ અમે ઠરાવીએ છીએ.

———

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ તથા ખા. બા. અબ્બાસ અમ્રુદ્દિન તૈયબજી, જજ્જ, એઓસાહેબની રૂબરૂ*

ફેસલ તા. ૨૭-૪-૯૧.

સોદાગર કેશવલાલ નગીનદાસ, રેહેવાશી શહેર અમદાવાદ. } દસ્તાવેજ કરીલેનાર.

ઉમૈદ મોકમ રેહેવાશી દગાવાડીયા તાલુકે વિજાપુર. દસ્તાવેજ લખીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૭ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલોછે).

ગીરવી ઉપર જાદે કરજ કાઢયાનો લેખ— પરિશિષ્ટ ૧, રકમ ૧૧.

ગીરવી ઉપર જાદે કરજ કાઢયાના લેખને સ્ટાંપ પરિશિષ્ટ ૧ રકમ ૧૧ લાગુ થાય છે. મુળ ગીરોની રકમ તથા જાદે કરજ જે કાઢેલું છે તે મળી કુલ રકમ ઉપર લાગત લગાડી છે અને તે પ્રમાણે કદાપી પડીશકતી હોય તો પણ દસ્તાવેજને લગાડેલી લાગત પુરી છે.

હકીકત.

આ કામ નોંધણીખાતાના તપાસણીકામદાર એમણે જા. નંબર ૧૦૦૬ તા. ૨૫-૭-૯૦ થી સ્ટાંપ સંબંધે ખુલાસો થવા સારૂ મોકલ્યું છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમ્યાન સંવત ૧૯૪૫ ના ભાદરવા વદી ૧૨ તા. ૨૧-૯-૮૯ ના રોજ દસ્તાવેજ થયો છે. તેમાંનો મુદ્દાનો મજકુર નિચે પ્રમાણે છે:—

" * * જત ઘર નંગ ૧ અમારે રેહેવાનું મોજે દગાવાડિયા પરગણે વિજાપુરના ગામ મધ્યેનું સંવત ૧૯૪૧ ના માહા વદી ૪ ના રોજ રૂ. ૯૨૫ અંકે રૂપીઆ નવસો પચીસ શિકાઇમાં વરસ ૮ આઠની અવધે સ્ટાંપકાગળ ઉપર લખી આપેલું હતું તે ઘર ઉપર આજ રોજ બીજા ચડાવાના રૂ. ૩૦ ત્રીસ રોકડા શીક્કાઇ લેઇ કુલ રૂપીઆ નવસો પંચાવન શીક્કાઇમાં સદરહુ ઘર ગીરો આપું છું. તે ઘરની ખુંટની વીગત બારણું ઉત્તર દીશાએ છે, પછીત દક્ષિણ દિશાએ છે, તે કૂવાલગતી પડત જમીનમાં આગવી છે, પૂર્વ તરફનો કરો આગવો રાજમાર્ગ મેહેલ્લાનો તે આગળ પડે છે પશ્ચિમ દીશાએ કરો ૧. જોશી હિમતરામ મુગટરામના ઘર સાથે સહિયારો, એ રીતે ખુ. ચાર વચલું ઘર, ઓરડો, પડસાળ, મેડાસુધાં અડાણે આપ્યું છે. તેની અવધ વરસ દસન

---

* હી. સ્ટાં. ખુ. ૨. નંબર ૩ સન ૧૮૯૦-૯૧.

કરી છે. આપ્યે રૂપીએ, અવધ થયા બાદ છુટે. સદરહુ ઘર ઉપર કંઇ ખરચ કરવું પડે તો તમારી મરજી મુજબ કરજો. ઘર છોડાવવા આવીએ તે વખતે ખરચના તથા ગીરૂવી હક્કના એકંદર રૂપીઆ આપ્યે ઉપર લખેલું ઘર છુટે. આ દસ્તાવેજ અમો અમારી રાજી ખુશી, અકલ હુંશીઆરી. બીન કેફથી તબીયત ઠેકાણે રાખી લખી આપ્યો છે, તે અમારે કબૂલ મંજૂર છે.એ લખ્યું તે સહી છે."

સહી. સાક્ષ.

* * * * * *

આ દસ્તાવેજ વિષે રાવસાહેબ નોંધણી તપાસણીકામદારે એમની ઉપરની યાદીમાં એવો અભિપ્રાય આપેલો છે કે, "આ દસ્તાવેજ નવો સ્ટાંપનિબંધ અમલમાં આવ્યા પછીનો, એટલે, મીતી સં. ૧૯૪૫ ના ભાદરવા વદી ૧૨ તા. ૨૧-૯-૮૯ ના રોજનો થયેલો છે. એટલે એને નવીન સ્ટાંપનિબંધ પરિશિષ્ટ ૧, રકમ ૧૧ પ્રમાણે સ્ટાંપ લાગે એમ જાણાય છે. નોંધણીકામદાર તરફ રજુ થએલો દસ્તાવેજ રૂ. ૯૫૫ ની આખી રકમને જેટલો સ્ટાંપ લાગે તેટલા ઉપર થયેલો છે. આ દસ્તાવેજ વધારે સ્ટાંપ ઉપર થયો છે એમ લાગે છે, માટે આવો દસ્તાવેજ કેટલી કિંમતના સ્ટાંપ ઉપર થવો જોઇએ તે બાબત આપ સાહેબ તરફથી નક્કી થાય, એટલે તેવો વહીવટ તપાસણીમાં રાખવાને ઠીક પડે તે મેહેરબાનને વિદિત થાય."

ઠરાવ.

સાંપ્રતનો લેખ જોતાં તે ગીરવી ઉપર જાદે કરજ કાઢ્યાનો લેખ પરિશિષ્ટ ૧ ની રકમ ૧૧ મુજબ જાણાય છે. જાસ્તી કરજ કાઢેલી રકમ રૂ. ૩૦ છે, પ્રથમ કરજ કાઢેલો અવેજ રૂ. ૯૨૫ હતો. આ નવીન દસ્તાવેજ રૂ. ૫ ના સ્ટાંપ કાગળ ઉપર થયેલો છે, એટલે કદાપી રૂ. ૯૭૫ ની કુલ રકમ ઉપર લાગત પડો શકતી હોય તો પણ દસ્તાવેજ પુરતી કિંમતના સ્ટાંપ ઉપર લખેલો હોવાથી આ ખુલાસો પુછવાનું કારણ નહોતું એમ ઠરાવી આ પ્રકરણ નિકાલે કાઢીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ ચીફજસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ સમ્સુદિન, તૈયબજી જજ્ય, એઓસાહેબની રૂબરૂ *.

ફેસલ તા. ૨૮-૪-૯૧.

નંબર ૧ ના દસ્તાવેજના પક્ષકાર.

જીવાભાઇ ગોવીંદ ભાઈ બીન ભવાનીદાસ રેહેવાશી સોજીત્રા.	દસ્તાવેજ લખીઆપનાર.
પા. ઝવેરભાઇ ભવાનીદાસ, તથા મગનભાઇ શંકરભાઇ બીન ભવાનીદાસ રેહેવાશી મચકુર.	દસ્તાવેજ લખીલેનાર.

નંબર ૨ ના દસ્તાવેજના પક્ષકાર.

મગનભાઇ શંકરભાઇ બીન ભવાનીદાસ રેહેવાશી સોજીત્રા.	દસ્તાવેજ લખીઆપનાર.
પા. ઝવેરભાઇ ભવાનીદાસ, તથા પટેલ જીવાભાઇ ગોવીંદભાઇ બીન ભવાનીદાસ રેહેવાશી મજકુર.	દસ્તાવેજ લખીલેનાર.

નંબર ૩ ના દસ્તાવેજના પક્ષકાર.

ઝવેરભાઇ ભવાનીદાસ બીન રણછોડભાઇ રેહેવાશી સોજીત્રા.	દસ્તાવેજ લખીઆપનાર.
શંકરભાઇ ભવાનીદાસ બીન રણછોડભાઇ તથા જીવાભાઇ ગોવીંદભાઈ બીન ભવાનીદાસ, રેહેવાશી મચકુર.	દસ્તાવેજ લખીલેનાર.

(નવીન સ્ટાંપ નિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

વેહેંચણપત્ર-ફારગતી-લાંભવું- પરિશિષ્ટ ૧ રકમ ૨૩ તથા રકમ ૨૭.

મિલકતની વેહેંચણ કરેલી તેમાં દરએક ભાગદારને ભાગે આવેલી મિલકત લખી બાકીના ભાગદારોએ તે ભાગની મિલકત ઉપર પોતે હરકત કરનાર નથી એવું લખી આપીને તે ભાગદારોએ સહી કરીછે. એ રીતે હકીકતનો લેખ વેહેંચણપત્ર, પરિશિષ્ટ ૧, રકમ ૨૭, ના સ્વરૂપનો નહીં થતાં કદાચ ફારગતી, પરિશિષ્ટ ૧, રકમ ૨૩ પ્રમાણે થશે.

લાંભવું એવું નામ દસ્તાવેજને આપેલું હોય ત્યારે તેનો સમાવેશ ફારગતીના સ્વરૂપના દસ્તાવેજ શિવાય બીજા સ્વરૂપના દસ્તાવેજમાં થશે નહીં.

વેહેંચણપત્રનો દસ્તાવેજ સાધારણપણે કેવી રીતે તૈયાર કરવામાં આવે છે એ વિષે રીવાજ ઠરાવમાં જણાવેલો છે.

---

* દી. સ્ટાં. ખુ. ૨. નંબર ૬૮ સન ૧૮૮૯—૯૦.

હકીકત.

આ કામ સોજીત્રાના નોંધણીકામદાર તરફથી યાદી નંબર ૯૨ તા. ૧૨-૫-૯૦ ની યાદી સાથે વડોદરાપ્રાંતના નોંધણીસરકામદાર સાહેબ તરફ આવ્યું તે તેમના તરફથી શેરા નંબર ૧૫૧૩ તા. ૧૫-૭-૯૦ સાંથે સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે ઠરેલા નિયમની કલમ ૧૧ મુજબ ખુલાસો થવાસારૂ આ કોર્ટ તરફ આવ્યું છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમિયાન સંવત ૧૯૪૬ ના વૈસાખ વદ ૬ વાર શની, તા. ૧૦-૫-૯૦ના રોજ દસ્તાવેજ થયા છે. તેમાંનો મુદ્દાનો મજકુર નિચે પ્રમાણેઃ—

નંબર ૧ ના દસ્તાવેજનો મુદ્દાનો મજકુર.

"આપના મુરબ્બી ભવાનીદાસ રણછોડભાઇની મિલકત ઘરથાર, ઘરાં, વિગેરે આપણે મળી વેહેંચી લીધું, તેમાં તમારે ભાગ ઘર વિગેરે આવ્યું, નંબર ૧ થી ૮ આઠ સુધી. એ રીતે તમારે ભાગ ઉપર પ્રમાણે આવ્યું તેની કિંમત રૂ. ૨૦૦૦ અંકે બે હજારની છે ને આપણે ત્રણે એ ઘરથારની વેહેંચણ કરી તેના ત્રીજા ભાગમાં રૂ ૧૩૦૦ તેરસોનો અવેજ તમારે લેવાનો તેથી રૂ. ૭૦૦ સાતસો અમો મધ્યેના પા. ઝવેરભાઇ ભવાનીદાસને લેવાના તે રૂપીઆ સાતસો રોકડા લેઇ અવેજ બરોબર કરી લીધો છે ને આ લાંભવું તમારે આવ્યુંછે. તેમાં અમારા વાલી વારસોનો કાંઇ દાવો અલાખો નથી. એ ઘરથારના અંગના દસ્તાવેજ તમોને સોંપ્યા છે, ને એ મિલકત તમારે આવી તેનો ઉપભોગ તમારે મન ચાહે તે રીતે કરો અગર કરાવો, તેમાં અમારે હરકત કરવી નહી. * * *."

સહી. સાક્ષ.

પા. ઝવેરભાઇ ભવાનીદાસ સહી દા. પોતે. * * *
પા. મગનભાઇ શંકરભાઇ સહી દા. પોતે.

નંબર ૧ ના દસ્તાવેજનો મુદ્દાનો મજકુર.

"અમોએ તથા તમોએ મળી મુરબ્બી ભવાનીદાસ રણછોડભાઇની મિલકતનાં ઘર વિગેરે તમામ ઘરથાર વેહેંચી લીધાં તેમાં તમારે ઘર વિગેરે આવ્યું, તે નંબર ૧થી ૮સુધી.

એ રીતે તમારે ભાગ ઉપર પ્રમાણે આવ્યું છે. તેમાં નંબર ૧ વાળા ઓરડાનો મારગ, માણસ, ઢોર, ગાડાં, વિગેરે તમામ તરેહનો એ ઓરડાના ચોકમાં થઇ (દક્ષિણ

તરફ જીવાભાઈના ચોકમાં થઇ) જવા આવવાનો છે. (તથા એ ઘરોનું પાણી એજ માર્ગે થઇ જાય છે). × × એજ પ્રમાણે બીજાં ઘરાં વિષે તથા માર્ગ વિષે મજકુર છે.)

* * એ રીતે ઘરથાર ઘર વિગેરે તમારે ભાગ આવ્યું છે. તેની કિંમત રૂ. ૧૪૦૦ ચઉદસોની છે ને આપણે ત્રણે ભાઇઓએ એ ઘરથાર વેહેંચ્યા તેના ત્રીજા ભાગમાં રૂ. ૧૩૦૦ નો અવેજ તમારે લેવાનો તેથી રૂ.૧૦૦ તમારી પાસેથી અમો ઝવેરભાઇ ભવાનીદાસને લેવાના તે રૂ. ૧૦૦ રોકડા લેઇ અવેજ બરોબર કરી લેઇ આ લાંભવું તમારે આવ્યું છે. તેમાં અમારા વાલી વારસનો કોઇ પ્રકારનો દાવો અલાખો હક્ક રાખ્યો નથી. * * *."

સહી. સાક્ષ.

પા. ઝવેરભાઇ ભવાનીદાસ સહી દા. પોતે. * * *
પા. જીવાભાઇ ગોવીંદ ભાઇ સહી દા. પોતે.

નંબર ૩ ના દસ્તાવેજનો મુદ્દાનો મજકુર.

"અમોએ તથા તમોએ મળી મુરબ્બી ભવાનીદાસ રણછોડભાઇની મિલકતનાં ઘરાં વિગેરે તમામ ઘરથાર વેહેંચી લીધું, તેનાં તમારે ભાગ નંબર ૧ થી ૩ સુધી ઘરાં વિગેરે આવ્યું. * * *. એ રીતે ઉપર મુજબ રસો વિગેરે તમારે ભાગે આવ્યું તેની કિંમત રૂ. ૫૦૦ ની છે ને આપણે ત્રણે ભાઇએ ઘરથાર વેહેંચી લીધું તેના ત્રીજા ભાગના તમારે રૂપીઆ ૧૩૦૦ નો અવેજ લેવાનો તેથી રૂ. ૮૦૦ તમો માગો તેમાં રૂા.૭૦૦ અમો શંકરભાઇએ આપ્યા, ને રૂ. ૧૦૦ અમો જીવાભાઇએ આપ્યા. એ રીતે રૂ. ૧૩૦૦ નો અવેજ પુરો કરી આપી ભાગ બરાબર કરી લઇ આ લાંભવું તમારે આવ્યું છે. તેમાં અમારા વાલી વારસોનો કોઇ પ્રકારનો દાવો અલાખો નથી. એ ઘરથારના અંગના દસ્તાવેજ તમોને સોંપ્યા છે. તેથી એ મિલકત તમારે આવી તેનો ઉપભોગ તમારી મન ચાહે તેવી રીતે કરો કરાવો તેમાં અમારે હરકત કરવાનો કોઇ પ્રકારે હક્ક નથી. * * *."

સહી. — સાક્ષ.

પા. શંકરભાઈ ભવાનીદાસ સહી દા. પોતે. * * *
પા. જીવાભાઇ ગોવીંદભાઇ સહી. દા. પોતે.

નોંધણીકામદાર પોતાની ઉપલી યાદીમાં નંબર ૧ ના દસ્તાવેજને રૂ. ૯ નો તથા નંબર ૨ ને રૂ. ૮ નો તથા નંબર ૩ ને રૂ. ૭ નો સ્ટાંપ લગાવ્યોછે તે બરોબર છે કે, શું, કે પોતાના હીસ્સે જેટલી મિલકત આવે તેનેજ સ્ટાંપ લગાડવો જોઇએ કે કેમ? તથા તેની નોંધવાની લાગત દસ્તાવેજમાં લખેલો મિલકતના આંકડા ઉપર લેવી જોઇએ કે પોતાને હીસ્સે આવેલી રકમ ઉપર લેવી એ બાબતનો ખુલાસો પુછે છે.

નોંધણીકામદારનો અભિપ્રાય છે કે, દસ્તાવેજમાં વધારેમાં વધારે રૂ. ૨૦૦૦ નો દાવો કરીલેનાર પક્ષકાર કરી શકશે ને તેમને લાગે છે કે તેટલા રૂપીઆ પુરતો સ્ટાંપ દસ્તાવેજને હોવો જોઇએ. નોંધણીસરકામદાર સાહેબે કંઇ અભિમાય આપ્યો નથી.

ઠરાવ.

સાંપ્રતના લેખ 'વેહેંચણપત્ર' કહી નોંધણીકામદારે કેટલીક શંકાઓ કાઢી તેના ખુલાસામાટે આ પ્રકરણ મોકલ્યું છે.

વેહેંચણપત્ર તૈયાર કરવાનો સાધારણ રીવાજ એવો હોય છે કે, તે લેખમાં એકંદર વેહેંચવાની મિલકત દરશાવી તે પૈકી પ્રત્યેક ભાગદારને ભાગે આવેલી મિલકત જણાવવામાં આવેછે અને એવા લેખ ઉપર તમામ ભાગદારોની સહીઓ થાયછે.

હાલના લેખ એ પ્રમાણે લખેલા નસ્તાં દરેક ભાગદારને ભાગે આવેલી મિલકત લખી બાકીના ભાગદારોએ તે ભાગની મિલકત ઉપર પોતે હરકત કરનાર નથી એવું લખી આપી તેલેખ ઉપર તે બાકીના ભાગદારોએ સહીઓ કરી છે. આ હકીકત ઉપરથી આ દર એક લેખ સ્ટાંપનિબંધના પરિશિષ્ટ ૧ની રકમ ૨૩ મુજબ કદાચને ફારગતી ઠરી શકે, પણ વેહેંચણપત્ર ઠરાવી શકાય નહીં.

પક્ષકારોએ એ લેખોને લાંભવું એ નામ આપેલું છે. લાંભવું લાગતને પાત્ર હોવા બદલ પરિશિષ્ટ ૧ માં જાદું જણાવેલું નથી, પરંતુ તે દસ્તાવેજ ફારગતી શિવાય બીજા સ્વરૂપમાં આવે એમ લાગતું નથી, અને ફારગતી પ્રમાણે એ લેખ પુરતા અથવા વધારે સ્ટાંપ ઉપર થયેલા છે એટલે આ લેખોના સ્વરૂપ બદલ જાસ્તી ખુલાસો કરવાની જરૂર રેહેતી નથી.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ સમ્સુદિન તૈયબજી, જજ્ય, એઓસાહેબની રૂબરૂ*.

ફેસલ તા. ૨૫-૪-૯૧.

જોશી હરીશંકર નાનજી રેહેવાશી અમરેલી. દસ્તાવેજ લખીલેનાર.

પા. કણબી જીવા ડુંગર રેહેવાશી મજકુર. દસ્તાવેજ લખીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલોછે).

સ્થાવર તથા જંગમમિલકત જાદી જાદી કરજની રકમ માટે કબજે આપ્યાનો લેખ—ગીરોખત—ભિન્નબાબતો—નિબંધની કલમ ૭—રજીષ્ટરખરચ તથા દાવાની લખામણીનો ખરચ આપવાના કરાર અંગભૂત થાય કે નહીં.

સ્થાવર તથા જંગમમિલકત જાદી જાદી કરજની રકમ માટે તારણમાં આપ્યા વિષેનો મજકુર દસ્તાવેજમાં લખેલો હોવાથી તે ભિન્ન બાબતનો દસ્તાવેજ થતો નથી તથા એવા દસ્તાવેજને કલમ ૭ લાગુ થતી નથી; પણ એવો દસ્તાવેજ આખો એકજ વેહેવારનો હોવાથી એકજ બાબત સંબંધે તે ગીરોખત થાયછે અને તે પ્રમાણે સ્ટાંપની એકજ લાગતને પાત્ર થાય છે.

દી. સ્ટાં. ખુ. ર. નંબર ૩૬ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૧૭-૩-૯૧ નો ઠરાવ વિચારમાં લીધો છે (૧).

દસ્તાવેજમાં રજીષ્ટર ખરચ તથા દાવાની લખામણી આપ્યા વિષે લખીઆપનારે કરાર કર્યો હોય તો તે મુળ કરારનો અંગભૂત ગણવો જોઈએ માટે તે બાબત વધારે લાગત લેવાની નથી.

હકીકત.

આ કામ રા. અમરેલી નોંધણી કચેરીના કામદારે પોતાની યાદી નંબર ૧૬૯ તા. ૧૧-૩-૯૧ થી મે. અમરેલી પ્રાંત જજ્ય નોંધણીસરકામદાર સાહેબ તરફ મોકલ્યું તેઓ સાહેબનો જા. નંબર ૭૩૧ તા. ૨૦—૩—૯૧ ના શેરાથી આતરફ ખુલાસો થવાસારૂ મોકલ્યું છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમ્યાન સંવત ૧૯૪૭ના માહાવદી ૯ ગુરૂવાર તા. ૫-૩-૯૧ ના રોજ દસ્તાવેજ થયો છે. તેમાંનો મુદ્દાનો મજકુર નિચે પ્રમાણેછે;—

"જત આજરોજ અમોએ તમારા પાસેથી કરજાઉ રૂપીઆ ૧૦૦ અંકે એકસો કંપની રોકડા રાણીશીક્કાના મેહેતા ઓધવજી બેહેચરને ખેતરના મોબદલામાં તથા તે

---

*દી. સ્ટાં.ખુ. ર. નંબર ૧૦૬ સન૧૮૯૦-૯૧. (૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૧૯૨ ઉપર છે.

ખેતરની ફારમમાં દેવા સારૂ લીધાછે. તે રૂપીઆના થાલમાં નીચે લખેલી ચતુઃશીમા વાળાં ખેતરો તમોને લખી આપ્યાં છે તેની ચતુઃશીમા. * * . *. એ રીતે ઉપર બતાવેલી ચતુઃશીમાવાળા ખેતરના કટકા ૨ * *. ઓધવજી બેહેચર વાલા ખેતર તથા તેની આગતર તથા પાછતર ઉપજ નીપજ પડચાં પાન. સુધાંત સાલ દરસાલની તથા નિચેની ચતુઃશીમાવાળા અમારા ખેતરની તમામ જમીન તા. રૂપાનાં કલ્લાં જોડ ૧ નકકો રૂ. ૨૪ાા ભારના આશરે, તથા હાંસડી નંગ ૧ રૂ. ૧૦ાા ભારને આશરે, તથા અકોટા જોડ ૧ મારદાન તોલ રૂ.૧૧ાા ભારના એકશેર, એ રીતે રૂપાના દાગીના નંગ ૫ પાંચ તેની કિંમત રૂપીઆ ર૭ નાઆશરે એરીતે થાલમાં લખી આપી, ઉપર લખેલા દાગીના કબજે સોંપી. કરાર કરી આપુંછું કે, ઉપરના રૂપીઆ પૈકી રૂ. ૭૫ ના વ્યાજમાં ઉપર લખેલા ઓધવજી બેહેચરના ખેતરની ઉપજ નીપજ આવે તે પડચાપાન સુદ્ધાં તેમાંથી ત્રણ ભાગ અમારા ને (એ?) ભાગની ઉપજ તમારી એ પ્રમાણે તમોને દર વર્ષે ભાગ દેતા જવો છે. રૂ. ૨૫ નું વ્યાજ દરમાસે દર સેંકડે ટકા ૧ લેખે દેવુંછે. ને ઉપર લખેલાં બને ખેતરોની ફારમ અમારે દેવીછે. ને સદરહુ ઓધવજી બેહેચર વાળું ખેતર કોઇ વખત હું પડતર રાખું તો પડતર રાખેલી સાલમાં ઉપર લખ્યા રૂ. ૭૫ ના વ્યાજના બદલામાં તમોને રૂ. ૨૫ કંપની બીન તકરારે મજરે દેવાછે; ને અસમાના સુલતાની કોઇ વખત થાય તો તે સાલે દેશરીવાજ પ્રમાણે તમોને મજરે દેવીછે; ને ઉપર લખ્યા રૂપીઆ તમારે ચુકતે હિસાબે પુરા કરી આપતાં સુધી સદરહુ ખેતરની ઉપજ તમે વ્યાજના બદલામાં ઉપર મુજબ ખાજો, કિંવા ખવરાવજો. સદરહુ ખેતરો તમારા થાળમાં રેહેતાં સુધી તે સંબંધી તમામ ખરખરાજાત અમારા શીર છે. + + ને રૂપીઆ ૨૫ વ્યાજ સહીત આપે ઉપર લખેલા દાગીના થાળમાંથી છુટે, તેનું જળ જોખમ અમારા શીર છે. + + આ બદલ રજીષ્ટર ખરચ તથા દાવાની લખામણી સુદ્ધાંત તમામ ખરચ મજરે દેવું છે. રૂપીઆ જ્યારે માગો ત્યારે દેવા છે. * *તમામ રૂપીઆ ભરાણા પછી એકબાલની ઉપજમાંથી ભાગ તમોને ઉપર પ્રમાણે દેવો છે."

સહી. + + +

સાક્ષ.

૧. + + +

૧. શા ઓધવજી બેચરની સાખ ઉપર લખ્યા રૂ. ૧૦૦ રોકડા ગણી લીધા છે. તે રૂપીઆ જીવા ડુંગરે ગણી લીધા. દા. પોતે)."

રા. નોંધણીકામદાર ઉપરની પોતાની યાદીમાં એમ બતાવેછે કે, સદરહુ દસ્તાવેજ સ્ટાંપ નિબંધનીકલમ ૧૨ વિરૂદ્ધ થયેલોછે કેમકે(૧)રૂ. ૭૫ નું સ્થાવરનું કબજાગીરોખત તથા (૨) રૂ. ૨૫ નું જંગમનું કબજાગીરોખત એ બે દસ્તાવેજ એકઠા થવાથી સરકારને સ્ટાંપનું રૂ. ૦–૨–૦ તથા નોંધણીલાગત બાબત રૂ. ૦–૨–૦ મળી રૂ.૦–૪–૦ નુકશાન થયું છે. તેમ રજીષ્ટર ખર્ચ તથા દાવાઅરજીનો ખર્ચ આપવા બદલ કરાર છે, પણ એવા કરાર સ્ટાંપ તથા નોંધણી રીતે યોગ્ય ને વસુલ થયા શિવાય દસ્તાવેજમાં લખી શકાય નહીં. કારણ દસ્તાવેજમાં મુદલ રકમ હોય તે રકમનું વ્યાજ અગર વટાવ આપવાનો કરાર હોય તો તેને સ્ટાંપની મારી છે, પણ રજીષ્ટર ખર્ચ તથા દાવાની અરજીનો ખર્ચ એ રકમો મુદલ રકમના વ્યાજ કે વટાવની રકમમાં આવતી નથી,તે સ્વતંત્ર કરાર જેવાછે. માટે એ બાબત પણ સ્ટાંપનિબંધના પરિશિષ્ટ ૧ કલમ ૬

રકમ (ખ) પ્રમાણે સ્ટાંપલાગત તથા નિબંધના પરિશિષ્ટની કલમ ૭ પ્રમાણે નોંધણીની લાગત લેવી જોઇએ એવો અભિપ્રાય આપ્યોછે. મે. સરકામદાર સાહેબ જણાવેછે કે, આ દસ્તાવેજ જૂદી જૂદી બાબતના જૂદા જૂદા માની જૂદા જૂદા સ્ટાંપ તથા નોંધવાની લાગત લેવી કે કેમ એ બદલ સંશય હોવાથી આ પ્રકરણ નિબંધની કલમ ૪૩ તથા નોંધણીખાતા માટે સ્ટાંપ સંબંધી થયેલા નિયમની કલમ ૧૧ (૧) પ્રમાણે આ પ્રકરણ મોકલ્યુંછે. જૂદી જૂદી બાબતો સંબંધી એકજ દસ્તાવેજ થયો હોય તો તે જૂદી જૂદી બાબતો સબંધી જૂદા જૂદા દસ્તાવેજ થયા હોત તો જે એકંદર લાગત પડી હોત તે એકંદર લાગત તે દસ્તાવેજને પડશે. કોઇપણ દસ્તાવેજ પેહેલા પરિશિષ્ટમાંની બે કિંવા અધિક વ્યાખ્યા લાગુ પડે એવી રીતે તૈયાર કર્યો હોય તો તેમાંથી જે વ્યાખ્યા સારૂ સદરહુ પરિશિષ્ટમાં જાસ્તી લાગત કહી હોય તે વ્યાખ્યાની લાગત તે દસ્તાવેજને પડશે, અને આ કલમમાંની પેહેલી રકમ તે દસ્તાવેજને લાગુ થતી હોય તો તે સંબંધી તેમાંનો ઠરાવ પણ લાગુ પડશે, એમ સ્ટાંપ નિબંધની કલમ ૭ માં ફરમાનછે. આ દસ્તાવેજને બે વ્યાખ્યા લાગુ પડતી નથી. નિબંધની કલમ ૩ રકમ ૭ મુજબ ગીરવીખતમાં સમાવેશ થાય છે. આપ સાહેબના હજૂરથી (શેરા) નંબર ૩૬ તા. ૬-૧૧-૮૯ નો થયેલોછે તે પ્રમાણે રૂ. ૧૦૦ પુરતો સ્ટાંપ તથા નોંધવાની લાગત લેવી જોઇએ તેટલી લીધીછે, તે બરાબર છે, જાસ્તી લેવાનું કારણ નથી. રજીષ્ટર અને દાવાની લખાઇ આપવા કરાર છે તે સ્વતંત્ર કરાર નથી, અંગભૂત કરાર છે, એટલે તેની લાગત લેવી નહીં જોઇએ. સાક્ષીદારે પોતાની સાક્ષીમાં "રૂ. ૧૦૦ રોકડા ગણી લીધા છે. તે રૂ. જીવા ડુંગરે ગણી લીધા" આ પ્રમાણે લખ્યુંછે તેના માટે સ્ટાંપ (તથા) નોંધવાની લાગત લેવાય નહીં એ બદલ બીજા કામમાં નં. ૧૩૯ તા. ૨૦-૯-૯૦ થી અભિપ્રાય આપ્યોછે, તે મુજબ અભિપ્રાય છે.

હાલના દસ્તાવેજને સ્ટાંપ રૂ ૦-૮-૦ નો છે તેમ નોંધણીની લાગત રૂ. ૦-૮-૦ લેવામાં આવીછે.

ઠરાવ.

હાલના લેખના લખી આપનારે લખીલેનાર પાસેથી કરજે રૂ. ૧૦૦ કલદાર લેઈ તેની થાળમાં કેટલીક જમીન તથા દાગીના મુકયા છે. આ મુકેલી મિલકત પૈકી સ્થાવર, મિલકત ઉપર, લીધેલી રૂા. ૧૦૦ ની રકમ પૈકી રૂ. ૭૫ પુરા કરવાની જવાબદારી નાખી તે સંબંધે કેટલાક કરાર તે રકમનો ફડચો કરવા બદલ કર્યા છે, અને બાકીની રૂ. ૨૫ ની રકમની જવાબદારી જંગમમિલકત (રૂપાના દાગીના) ઉપર રાખી તેટલી રકમ બદલ વ્યાજ આપવા વિગેરેનો કરાર કર્યોછે. અને આ આખાવ્યવહારને એક સરખો લાગુ થનાર એક કરાર એવો કર્યોછે કે, આ બદલ "રજીષ્ટરખર્ચ તથા દાવાની લખામણી સુધાંત તમામ ખર્ચ મજરે દેવુંછે" વિગેરે.

નોંધણીકામદારની શંકાનું ધોરણ એવું દેખાય છે કે, આ દસ્તાવેજમાં ગીરોના બે

પ્રકાર એટલે, સ્થાવરનું કબજાગીરો અને જંગમનું કબજાગીરો એ રીતે હોવાથી તે ભિન્ન બાબતો સંબંધી છે, તેથી તેને તેમાંની પ્રત્યેક બાબત બદલ સ્ટાંપની લાગત પડવી જોઇએ; ને એ રીતે એ લેખ લખેલો હોવાથી તે સ્ટાંપનિબંધની કલમ ૧૨ વિરૂદ્ધ લખાયલો છે.

પણ જે અર્થે આ રાજ્યના સ્ટાંપનિબંધમાં સ્ટાંપની લાગત માટે ઇંગ્રેજી સ્ટાંપ-આકટ્ના પરિશિષ્ટ ૧ માં ગીરોના જેવા પ્રકાર બતાવ્યાછે તેવા પ્રકાર રાખ્યા નથી, તે અર્થે સદર તેમની શંકાને આધાર નથી. વળી આ કોર્ટે ઠરાવેલું છે કે, લીધેલા કરજને પેટે તારણતરીકે લખી આપેલી મિલકતના ધોરણે તે કરજનું વસુલ આપવાની વ્યવસ્થામાં તે રકમનો ફાડ દસ્તાવેજમાં બતાવવામાં આવ્યો હોય તેટલા ઉપરથી તે ફાડવાર જૂદા લેખ ગણી સ્ટાંપની જૂદી જૂદી લાગતો લેવાની નથી, પણ તે આખો એકજ વ્યવહાર હોય તો એક લેખ ગણી તેના સ્વરૂપ પ્રમાણે એકજ લાગત કાયદા મુજબ લેવી જોઇએ. (જુઓ આ કોર્ટનો સ્ટાં. ખુ. ૨. નં. ૩૯ સન ૧૮૮૯–૯૦ ફેસલ તા. ૧૭–૩–૯૧, જે હવે પછી આજ્ઞાપત્રિકામાં પ્રસિધ્ધ થશે)(૧),

હવે ઉપર દરશાવ્યા મુજબ આ લેખમાં રજીષ્ટરખર્ચ તથા દાવાની લખામાણી આપવા વિષે લખીઆપનારે કરાર કરી આપ્યો છે તે સ્વતંત્ર કરાર એવો નોંધણી-કામદારનો મત્ત છે. તેઓ જણાવે છે કે, વ્યાજ અને વટાવસંબંધી કરાર અંગભૂત કરાર ગણાય અને બાકીના અંગભૂત કરાર કેહેવાય નહીં. આ તેમનો મત્ત સ્વીકારવા યોગ્ય નથી. ધીરધારના વ્યવહારના લેખને રજીષ્ટર કરાવવાનો ખર્ચ તથા દાવાનો ખર્ચ વેહેવાર ઉપરથી પ્રાસંગિક રીતે ઉત્પન્ન થનારૂં છે, માટે તે અંગભૂત ગણવુ જોઇએ. નોંધણીસરકામદાર સાહેબ આ પ્રકરણ આ તરફ રવાના કરતાં પોતાના શેરામાં આ લેખના એક સાહેદે પોતાની સાક્ષીમાં કરજની રકમ લખીઆપનારે ગણી લીધાની જે બીના લખી છે તે ઉપર આ કોર્ટનું ધ્યાન ખેંચ્યું છે, પરંતુ તે બીનાથી લખીઆપનાર તથા લખીલેનાર વચ્ચેના વ્યવહારના સ્વરૂપમાં કંઇ કંપેશ થતું નથી. માટે હાલના દસ્તાવેજની સ્ટાંપલાગત નક્કી કરવાને અર્થે એ બીના વિચારમાં લેવા જોગ નથી.

હાલનો લેખ રૂ. ૧૦૦ નો ગીરોલેખ છે, અને તે રૂ. ૦–૮–૦ ના સ્ટાંપ ઉપર થયેલો છે, માટે તે પુરી કિંમતના સ્ટાંપ ઉપર લખેલો દસ્તાવેજ છે એમ અમે ઠરાવીએ છીએ.

---

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૧૬૨ ઉપર છે.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ એઓસાહેબની રૂબરૂ *.

ફેસલ તા. ૪-૫-૯૧.

શા. લલુ મોહનનો નામની દુકાનનો વહીવટકરનાર, શા. મોહન પાનાચંદ રેહેવાશી કસબે મેહેસાણા.	દસ્તાવેજ લખીલેનાર.
કોઠારી લક્ષ્મીચંદ, સુતભાઇ ભોગીલાલ, તથા ભાઈ ગોવીંદરામ, નાની ઉમરનાનું પાલણ કરનાર સદર લક્ષ્મીચંદ વલદે માનચંદ રેહેવાશી ગામ ખેરવા તાબે મેહેસાણા.	દસ્તીવેજ કરીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

ઉપાડ કરવા સંબંધે કરારનો દસ્તાવેજ—ગીરોખત—પરિશિષ્ટ ૧, રકમ ૬ તથા ૯.

દસ્તાવેજમાં કરારની સરતો એવી હોય કે, લેવડદેવડ સંબંધે પ્રથમથી ખાતું ચાલે છે તથા હવે પછી જ્યાંહાંસુધી લેવડ દેવડનું ખાતું ચાલશે તે પેટે જે દેવું રહે તે દેવા પેટે કરીઆપનારે પોતાની મિલકત સાનમાં તારણ તરીકે લખી આપી છે તથા દેવું રાખવાનું તે રૂ. ૪૦૦૦ ઉપરાંત વધારે રાખવું નહીં. એવી રીતે કરારની સરતના દસ્તાવેજને શી રીતે સ્ટાંપ જોઇએ એ પ્રશ્ન સંબંધે ઠરાવ થયો કે,-

આ દસ્તાવેજ લેણદેણનો મુખ્ય લેખ નરતાં થયેલા, અથવા થનાર લેણદેણના, વેહેવાર સંબંધે તેનો ફડચો કરવામાં લખીઆપનારના વર્તન બદલ તેમના વચ્ચેના ઠરેલા કરારનો લેખ છે, તેથી તે કરાર કિંવા કરારની યાદીમાં, પરિશિષ્ટ ૧, રકમ ૬ પ્રમાણે, આવે, પરંતુ મિલકત સાનમાં આપ્યાનો મજકુર હોવાથી દસ્તાવેજ ગીરોખત ઠરે છે.

દસ્તાવેજમાં રૂ. ૪૦૦૦ ની બાકીમાં મિલકત સાનમાં હોવાનું લખ્યું છે તેથી સ્ટાંપનિબંધના કારણ માટે રૂ. ૪૦૦૦ નું ગીરોખત કેહેવાય, અને તે પ્રમાણે તેને, પરિશિષ્ટ ૧, રકમ ૯ પ્રમાણે, રૂ. ૧૭ ની સ્ટાંપની લાગત જોઇએ.

દી. સ્ટાં. ખુ. ૨. નંબર ૭૭ સન ૧૮૯૦—૯૧, તથા નંબર ૪૪ સન ૧૮૯૦—૯૧ ના ઠરાવ લાગુ કર્યા છે.(૧).

---

* દી. સ્ટાં. ખુ. ૨. નંબર ૭ સન ૧૮૯૦—૯૧. (૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૧૫૭ તથા ૧૭૫ ઉપર છે.

હકીકત.

આ કામ રાવસાહેબ નોંધણી ખાતાના તપાસણીકામદારે યાદી નંબર ૧૦૨૯ તા. ૩૧-૭-૯૧ ના લખાણથી નવીન સ્ટાંપ સંબંધે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે સ્ટાંપ સંબંધે નિર્ણય થવા સારૂ આ તરફ મોકલ્યું છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમ્યાન સંવત ૧૯૪૬ના જેઠસુદ ૪ ગુરૂવાર, તા. ૨૨-૫-૯૦,ના રોજ દસ્તાવેજ થયો છે. તેમાંનો મુદ્દાનો મજકુર નિચે પ્રમાણે:—

"જત તમારે અમારે લેવડ દેવડનું ખાતું પ્રથમથી ચાલતું છે, તેમ હવે પછી ચાલશે, તેમાં અમારે તમારૂં દેવું પડે તે દેવાના આધાર પેટે અમારી મોજે ખેરવા તાબે મેહેસાણાની સ્થાવર મિલકત તથા જંગમ મિલકત નીચે વ્યવસ્થા બતાવ્યા પ્રમાણે તમારી સાન મધ્યે આજ દિને લખી આપીછે. તે મિલકતથી અમારે ચાલતે ખાતે દેવું રેહે તે વસુલ કરી લેવા તમો મુખત્યાર છો. મિલકતની વિગત નિચે મુજબ. * * *

એ રીતે લખેલી મિલકત ઘર તથા ઓરડાઓ, અને અમારૂં લેણું. એ સરવે તમારી દેવાની સાન મધ્યે છે. એ રીતે અમારે તમારાથી લેવડ દેવડ એટલે રૂપીઆ લેવા આપવા તે વહીવટથી અમારે દેવા રૂ. ૪૦૦૦ અંકે રૂપીઆ ચાર હજાર સુધી તમારા દેવા રાખવા, તે ઉપરાંત દેવા રાખીશું નહીં તે સહી. તે આજ સુધી તથા દેવા સુધી એકંદર રૂપીઆ આપે સાન છુટે. ઉપર લખેલા રૂપીઆ વ્યાજ સાથે થાય તે પૈકી જ્યાંહાં સુધી પાઈ એક દેવી રહે ત્યાંહાં સુધી ઉપર લખેલી મિલકત, દેવા રેહે તેટલાની સાન મધ્યે છે, તથા તમારે અમારે જ્યાંહાં સુધી લેવડ દેવડ ચાલે ત્યાંહાં સુધીનું દેવું રેહે ત્યાંહાં સુધીના દેવાની ઉપર લખેલી મિલકત સાન મધે છે. બીજું અમારે તમારે જેટલા રૂપીઆ ખાતે દેવા પડે તેના પેટે ઉપરની મિલકતથી વસુલ થતાં પણ તેમા ઘટારો રેહે તો અમો અમારી બીજી મિલકત સ્થાવર જંગમથી અથવા જાતથી વસુલ કરી આપીએ તે સહી." × ×

સહી. સાક્ષ.

* * * * * *

રાવસાહેબ તપાસણીકામદાર ઉપરની પોતાની યાદીમાં જણાવે છે કે, આ દસ્તાવેજમાં કરાર છે. આ દસ્તાવેજને નોંધણીકામદારે સ્ટાંપ તથા નોંધણીની લાગત રૂ. ૪૦૦૦ ની રકમ ઉપર લીધી છે. એ રકમની તારણ ઉપર પક્ષકારો વચ્ચે હમેશ લેવડદેવડ ચાલવાનો ઠેરાવ કરવામાં આવેલો છે, એટલે આ એક દસ્તાવેજ ઉપરથી અનેક વખત વેહેવાર થવાનો સંભવ છે, તેથી ફકત રૂ. ૪૦૦૦ ઉપર સ્ટાંપ લેવામાં આવે તો સ્ટાંપ બાબત સરકારનું નુકશાન થવાનું છે, અને કેટલા રૂપીઆ સુધી ઉપાડ થશે એનું પ્રમાણ દસ્તાવેજમાં નમુદ કરેલું નથી. ફકત રૂ. ૪૦૦૦ સુધી દેવા રાખીશું એમ લખેલું છે, તેથી દસ્તાવેજનો મોબદલો રૂ. ૪૦૦૦ માંની સ્ટાંપની લાગત લેવી

એ બરાબર થશે નહીં એમ લાગે છે. ઉપરની બાબતમાં સ્ટાંપ કાયદામાં ખુલાસો નહીં હોવાથી તે બાબત ઠરાવ થઇ આવવાની મેહેરબાની થશે. હાલનો દસ્તાવેજ રૂ. ૨૧ ના સ્ટાંપકાગળ ઉપર થયેલો છે.

ઠરાવ.

સાંમતનો લેખ ધ્યાનમાં લેતાં તે વાસ્તવિક લેણદેણનો મુખ્ય લેખ નસ્તાં થયેલા અથવા થનાર લેણદેણના વેહેવાર સંબંધે તેનો ફડચો કરવામાં લખીઆપનારના વર્તન બદલ તેમના વચ્ચેના ઠરેલા કરારનો લેખ છે. (જુઓ આ કોર્ટના સ્ટાં. ખુ. ર. નંબર ૭૭ સન ૧૮૯૦–૯૧ તથા નંબર ૪૪ સન ૧૮૮૯–૯૦ અનુક્રમે. ફેસલ તા. ૬–૩–૯૧ અને તા. ૬–૪–૯૧).(૧).

પરંતુ આ લેખમાં કંઇ મિલકત સાનમાં આપ્યાનો મજકુર હોવાથી સદર ઠરાવ પૈકી નં. ૪૪ સન ૧૮૮૯–૯૦ ફેસલ તા. ૬–૪–૯૧ મુજબ એ લેખ ગીરોખત ઠરેછે.

આ ગીરો મિલકત રૂા. ૪૦૦૦ સુધીની બાકાના સાનમાં હોવાથી વધારેમાંવધારે એ લેખ રૂ. ૪૦૦૦ નું ગીરોખત કેહેવાય. લેખ રૂ. ૨૧ની કિંમતના સ્ટાંપકાગળ ઉપર થયેલો છે ને રૂ. ૪૦૦૦ ના ગીરોખતને રૂ. ૧૭ ની સ્ટાંપલાગત પરિશિષ્ટ ૧ મુજબ પડે, એટલે, કાયદા પ્રમાણે એ લેખથી સાન થાય છે કે નહીં એ વાત બાજુ ઉપર રાખતાં સ્ટાંપનિબંધના સંબંધે આ લેખ પુરતી કિંમતના સ્ટાંપઉપર થયેલો છે એમ માનવા હરકત નથી.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, એઓ સાહેબની રૂબરૂ*.

ફેસલ તા. ૪—૫—૯૧.

પરી. ગોરધનદાસ દ્વારકાદાસ, રેહેવાશી વડોદરા. દસ્તાવેજ લખીલેનાર.

પારશી કુંવરજી દોરાબજી, રેહેવાશી વડોદરા. દસ્તાવેજ કરીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધની કલમ ૪૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

અવેજ ઉપાડ કરવા સંબંધે કરાર—નિબંધની કલમ ૨૩—ખતની વ્યાખ્યા—પરિશિષ્ટ ૧ રકમ ૬ (ખ).

દસ્તાવેજનું સ્વરૂપ એવું હતું કે, લખીઆપનારે તેલ, મેણબત્તી, વિગેરે માલ પુરોપાડવાનું કંટ્રાકટ રાખેલું તે પ્રમાણે માલ ખરીદ કરવા સારૂ જે રૂપીઆ જોઈએ તેનો ઉપાડ દસ્તાવેજ કરી-

---

(૧). આ ઠરાવો પછવાડે અનુક્રમે પૃષ્ઠ ૧૫૭ તથા ૧૭૫ ઉપર છે.

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૨૩ સન ૧૮૯૦—૯૧.

લેનારના ત્યાંહાંથી કરવો, તથા જે અવેજ ધીરે તે અવેજના ફડચા વિગેરેના સંબંધે લખી આપનારે લખીલેનાર સાથે અમુક સરતો પ્રમાણે વર્તવું, એટલે, લખીઆપનારને માલની કિંમત બાબત જે અવેજ સરકારમાંથી મળવાનો હોય તે લેવા સારૂ તેણે લખીલેનારને મુખત્યારનામું આપ્યું તે આધારે લેતા જવો. તથા ઉપાડની રકમોને અમુક લેખે વ્યાજ આપવું, તથા કંટ્રાક્ટ પુરોપાડવા વિગેરેનો માલ રાખવો તે લખીલેનારના તાબામાં રાખવો, એ વિગેરે સરતો કરેલી. ઠરાવ થયો કે--

આ દસ્તાવેજથી વાસ્તવિક ધીરવાનો વેહેવાર થયેલો ગણાય નહીં, તેથી તે મુખ્ય લેખ ન ઠર્યાથી નિબંધની કલમ ૨૩ નો નિયમ લાગુ થઇ શકતો નથી, તથા આ દસ્તાવેજ ખતની વ્યાખ્યામાં આવતો નથી. તેથી પરિશિષ્ટ ૧, રકમ ૮ લાગે નહી, પરંતુ કરાર કિંવા કરારની યાદીમાં આવે છે તેથી પરિશિષ્ટ ૧, રકમ ૬ (ખ) પ્રમાણે રૂ. ૦-૮-૦ સ્ટાંપની લાગતને તે પાત્ર છે.

ડી. સ્ટાં. ખુ. ર. નંબર ૭૭ સન ૧૮૯૦-૯૧ ફેસલ તા. ૬-૩-૯૧ નો ઠરાવ લાગુ કર્યો છે. (૧).

હકીકત.

સદરહુ પક્ષકાર વચ્ચેનો એક દસ્તાવેજ વડોદરા શેહેરના આજમ નોંધણીકામદાર તરફ નોંધવા સારૂ રજુ થયેલો તેને અપુરતો સ્ટાંપ હોવાથી સ્ટાંપનિબંધની કલમ ૨૯ પ્રમાણે તે દસ્તાવેજ અટકાવી તેજ નિબંધની કલમ ૩૧ અન્વયે તે દસ્તાવેજ સદર નોંધણીકામદારે વડોદરાપ્રાંતના મે. રા. બા. સુબા સાહેબ તરફ જા. નંબર ૯ તા. ૧૧-૮-૯૦ થી મોકલ્યો છે, અને તેઉ સાહેબે પોતાના અભિપ્રાયના ઠરાવ સાથે તથા નંબર ૭૮ તા. ૨-૯-૯૦ ની યાદી સાથે સ્ટાંપનિબંધની પરિશિષ્ટની કઇ રકમ એ દસ્તાવેજને લાગુ પડે છે તેનો ખુલાસો થવા સારૂ આ કોરટ તરફ મોકલવામાં આવ્યો છે.

દસ્તાવેજ સંવત ૧૯૪૬ ના આષાડ વદ ૧૧, તા. ૧૩-૭-૯૦, ના રોજનો છતાં તે આઠ આનાના કાગળ ઉપર લખેલો છે, અને તેના ઉપર લખીઆપનારની સહી તથા બે સાક્ષી થયેલા છે.

તા. ૧-૮-૯૦ થી તે સન ૧૮૯૧ ના જુલઇ આખેર સુધી બાર માસનું શ્રીમંત સરકાર-ગાયકવાડ એમની ખાનગીમાં કોપરેલ, ગોદરેલ, તથા ગ્યાસલેટ, તેલ, તથા મેણુબત્તી પુરી પાડવાનું દસ્તાવેજ લખીઆપનારે કંટ્રાક્ટ રાખેલું, તે પ્રમાણે માલ ખરીદ કરવા સારૂ, જે રૂપીઆ જોઇશે તેનો ઉપાડ દસ્તાવેજ લખીલેનારની દુકાનમાંથી કરવો, અને તે સંબંધે શી સરતો છે તે ઠરાવવા બાબતનો એ દસ્તાવેજ છે.

એ દસ્તાવેજમાં ૭ કલમો પાડેલી છે તેનો મતલબ નિચે પ્રમાણે છેઃ—

(૧). "સરકારખાનગીમાં માલ પુરો પાડયા બદલ કિંમતનો અવેજ, એટલે, નાણું, દસ્તાવેજ લખીઆપનારને (મળે તે) સરકારખાનગીમાંથી દસ્તાવેજ લખીલેનારે પોતાના વ્યાજ સુદ્ધાંત રૂપીઆ પુરા થતા સુધી લેતા જવો, અને તે બદલ દસ્તાવેજ લખીલેનારને કુલમુખત્યારપત્ર લખી આપવામાં આવ્યું છે. રૂપીઆ પુરા થતા પેહેલાં મુખત્યારપત્ર રદ કરવું નહીં ને રદ કરવામાં આવે તો તમામ રૂપીઆ (બાકી) દસ્તાવેજ લખી આપનારે આપવા."

---

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ટ ૧૫૭ ઉપર છે.

(૨). " સરકારમાં માલ સોંપતા. પેહેલાં જે માલ રાખવાનો તે દસ્તાવેજ લખીલેનારના તાબામાં તાળાકુંચી સુદ્ધાંત રાખવો, તથા તેના ઉપર દસ્તાવેજ લખીલેનારનો માણસ રાખવો; તે માણસને દર માસે પગાર, રૂપીઆ ૧૦) બાબાશાઇ પ્રમાણે, આપવો. સરકારખાનગીમાં જે માલ આપવાનો તે સદર માણસના મારફતે આપવો."

(૩). આ કલમ વ્યાજ, મનોતી, તથા શીરપાવ આપવા બદલની છે.

(૪). એમાં આ પ્રમાણે તાત્વિક મજકુર છે: "બીજોનાં નાણું × × × તમામ રૂપીઆ વળતા લગણ તમારે લીધાજવાં, સાલ પુરૂ થયે જે વધારો આવે તે લેવો ને ઘટશે ને જે તમારા બાકી રૂપીઆ (રેહેશે) તે તમો અમારી પાસેથી લેવા હરકત નથી ".

(૫). " માલ પુરો પાડવા સારૂ બીજે નોકર રાખવો પડે તો તે બન્ને જણાએ મળીને રાખવો અને પગાર દસ્તાવેજ લખીઆપનારે આપવો."

(૬). (કલમ ૨ માં લખ્યા પ્રમાણે રાખવામાં આવેલો માલ). " સરકારખાનગી શિવાય બીજા કોઇને વેચાણ અગર બીજી રીતે આપીશું નહીં. સરકારખાનગીમાં આપતાં જે માલ વધે તે તમારા માણસના મારફતે વેચાને તેના રૂપીઆ તમારે ત્યાંહાં ભરીશું."

(૭). દરરોજ અચ્છેર તેલ ધર્માદાયમાં આપવા વિષે છે.

સદરહુ પ્રમાણે મતલબનો દસ્તાવેજ છે.

સુબાસાહેબનો અભિપ્રાય છે કે કરાર કિંવા કરારની યાદી નીચે એ દસ્તાવેજ ગણવો જોઇએ.

ઠરાવ.

આ કોરટના સ્ટાંપ ખુલાસા નં. ૭૭ સન.૧૮૯૦-૯૧ ફેસલ તા. ૬-૩-૯૧(૧)માં જણાવેલાં કારણો ઉપરથી હાલનો લેખ 'કરાર અથવા કરારની યાદી' સ્ટાંપનિબંધ પરિશિષ્ટ ૧, કલમ ૬ માં બતાવ્યા મુજબ ઠરે છે, ને તેને સદર ઠરાવને આધારે રૂ. ૦-૮-૦ ની સ્ટાંપની લાગત જોઈએ, અને જ્યારે હાલનો લેખ તેટલી કિંમતના સ્ટાંપકાગળ ઉપર થયેલો છે ત્યારે તે પુરી લાગત લગાડેલો દસ્તાવેજ છે એમ અમે ઠરાવીએ છીએ.

---

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૧૫૭ ઉપર છે.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, એઓસાહેબની રૂબરૂ*.

ફેસલ તા. ૬—૫—૯૧.

૫રી. દુલભરામ પીતાંબરદાસ મૈયતના વારસ પુત્ર અમીચંદ અંબારામ.	દસ્તાવેજ કરી-લેનાર.
૫રી. ગોરધનદાસ અંબારામ મૈયતના વારસ દીકરા ગોપાળ ગોરધનદાસ નાની ઉમરનાનું પાલણકરનાર તેની મા બાઇ ઉમીયા. તથા ભાઇ વિઠલદાસ અંબારામ, તથા ભાઇ હરગોવનદાસ અંબારામ.	દસ્તાવેજ કરી-આપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

ફારગતી—નિબંધની કલમ ૨૩— પરિશિષ્ટ ૧ રકમ ૨૩.

મૃત્યુપત્રથી મળવાની રકમ પોહોંચ્યા વિષે તથા જે મિલકત સંબંધે મૃત્યુપત્ર કરેલું તે ઉપર હક્ક, દાવો, તથા હિસ્સો રહ્યો નથી એવી રીતે કરી આપેલો લેખ ફારગતીના સ્વરૂપનો છે અને તે પરિશિષ્ટ ૧, રકમ ૨૩ માં આવે છે.

લેખ ફારગતીના સ્વરૂપનો હોવાથી નિબંધની કલમ ૨૩ માનો નિયમ લાગુ થતો નથી.

હકીકત.

આ કામ નોંધણીખાતાના તપાસણીકામદારની યાદી નંબર ૫૬૨ તા. ૧૩-૪-૯૦ થી કડીપ્રાંતના નોંધણીઅમલદાર સાહેબ મારફત મોકલેલું તે તેઓના નં. ૧૪૧૪ તા. ૨૪-૫-૯૦ ના શેરાથી આ તરફ આવ્યું છે. કઇ કલમના આધારે આ પ્રકરણ નોંધણીતપાસણીકામદારે મોકલ્યું છે તે જણાવ્યું નથી.

ઉપર લખેલા પક્ષકારોના દરમ્યાન સંવત ૧૯૪૬ ના માગસર સુદ ૧૫ ના રોજ દસ્તાવેજ થયો છે તેનો મુદ્દાનો મજકુર નીચે પ્રમાણે છે:—

" અમો લખી આપીએ છીએ કે, આપણે સગા ભાઇઓ છીએ, ને પરંતુ કાકા દુલભરામને સંતતી ન હોવાથી પોતાની હયાતીમાં પોતાની સ્થાવર જંગમ સર્વે મિલકતનું મૃત્યુપત્ર કે તેમાં આપણા ભાઇઓ તથા . . કાકા લીલાચંદ પીતાંબરદાસ તથા કાકા જેઠારામના પુત્ર છતાં પોતે પોતાની ખુશીથી તમને પ્રસન્ન કરી પોતાની સર્વે સ્થાવર જંગમ મિલકતના વારસ માલેક કરી મૃત્યુપત્ર એટલે વિલ સંવત ૧૯૩૬ ના અષાડ સુદ ૫ ના રોજ તમને

---

*ક્રી. સ્ટાં. પ્ર. ર. નંબર ૧૫ સન ૧૮૯૦-૯૧.

કરી આપી રીતસર સરકારમાં રજીષ્ટર કરી આપ્યું, તેમાં કોઇનો હકક નહીં છતાં પોતે ખુશીથી કાકા લીલાચંદ તથા જેઠારામના પુત્રને બક્ષીસ જે રકમ આપી તેમાં તેમની સાક્ષીઓ થઈ છે, ને અમને પોતે બક્ષીસ રૂ. ૩૦૦૦ ત્રણ હજાર શીકંકાઈ આપવા લખ્યા છે, તથા અમો રહીએ છીએ તે ઘર જાનીવાડામાં બકરીની ખડકીમાં પરી. છગન મુળચંદનું અડાણે રાખેલું તે ઘર અમોને આપેલું છે તે ઘરના માલીક અમો છીએ, ને તે ઘરનું ખત નંગ ૧ અમોએ લીધું છે, ને સદરહુ રૂપીઆ ત્રણ હજાર આપવા લખ્યા છે તે વખતે અમો ગેરહાજરથી તે રકમ લેઈ શકયા નથી તેથી અમારી સાક્ષીઓ થઈ નથી, ને મૃત્યુપત્ર કરી રજીષ્ટર થઈ ગયું છે, એટલે, હવે તેમાં સાક્ષીઓ પાછળથી થાય નહીં. તેથી ઉપર લખેલી રકમ રૂપીઆ ત્રણ હજારની તમારી પાસેથી સંવત ૧૯૪૬ ના માગશર સુદિ ૧૫ ના રોજ અમોએ લીધા, તે અમો ત્રણજણ ભાઇઓને પોહોંચ્યા છે. તે રૂપીઆ લેઈ આ પાવતી અમો લખી આપીએ છીએ કે, તમોને ઉપર લખ્યા પ્રમાણે વારસ માલીક કરી સ્થાવર જંગમ મિલકત તમારા સ્વાધીન તમારા કબજામાં કરી છે. તેમાં અમારો કે અમારા વારસ ફરજનનો કોઇ પ્રકારનો હક્ક તથા હિસ્સો દરદાવો રહ્યો નથી, તમો તમારે ખુશીથી ભોગવજો. આ શિવાય તમારી ખુશીથી અમોને રૂ. ૭૦૧ અંકે રૂપીઆ સાતસો એક શીકાઈ તમોએ અમોને આપ્યા તે અમોએ લીધા છે. ઉપર લખેલું ઘર ઉપર લખ્યા પ્રમાણે અમોને આપેલું છે તે ઘર પડે આખડે વિગેરે અમોએ અમારે ખરચખુટણ કરીશું. ને એ ઘરનો મુળધણી છોડાવા આવે તો અડાણવટના તથા ખરચના કરીશું તે સુધાંત રૂપીઆ લેવાની માલકી અમારી છે. એ રીતે આ પાવતી અમો રાજી ખુશીથી લખી આપી છે તે અમો તથા અમારા વાલી વારસોને કબૂલ મંજૂર છે. ઉપર લખ્યું તે સહી. * *"

અત્રે મતુ. અત્રે સાખ.

* * * * * *

નોંધણીતપાસણી કામદાર પોતાની યાદીમાં જણાવે છે કે, આ લેખ પાવતી તથા ફારગતી એવા મિશ્ર સ્વરૂપનો છે, પણ વધારે સ્ટાંપ લગાડેલો છે તેથી એ સંબંધે પ્રશ્ન રહ્યો નથી. પણ લેખમાં જે ઘર લખ્યું છે, તેની અથવા ગીરોની રકમ લખેલી નથી, તે સ્ટાંપનિબંધની કલમ ૨૪ મુજબ લખવી જોઇએ. તે સંબંધે નોંધણી લાગત રૂ. ૨ વધારે નોંધણીકામદારે લીધા છે, પણ તેમનું કેહેવું લગાડેલો સ્ટાંપ રૂ. ૫ કરતાં વધારે છે તેથી લેખને કલમ ૨૩ નો નિયમ લાગુ થશે. પણ તે કલમ તો લેખની તારીખે તેમાંની મિલકત અથવા વિષયની કિંમત ઠરાવી શકાતી નહોય ત્યારે લાગુ થાય. આ લેખમાંના ઘરની કિંમત લખવા હરકત નહોતી, માટે આવા પ્રસંગે કલમ ૨૩ નો નિયમ લાગુ પડશે કે કેમ, તેનો ખુલાસો પુછે છે; તેમ કલમ ૨૪ વિરૂદ્ધ કિંમત ન લખી હોય તો નોંધણીકામદારે શું કરવું તેનો ખુલાસો પુછે છે.

મે. સરકામદારસાહેબનો અભિપ્રાય હાલના લેખને સંબંધે તપાસણીકામદારે કાઢેલી શંકા અપ્રયોજક છે વિગેરે, એ રીતે અભિપ્રાય સહ પ્રકરણ નિકાલ માટે આ તરફ મોકલ્યું છે.

હાલનો લેખ રૂ. ૨૨ ના સ્ટાંપકાગળ ઉપર લખાયલો છે.

ઠરાવ.

હાલનો લેખ વાંચી જોતાં તેના સ્વરૂપ પ્રમાણે જોઇએ તે કરતાં વધારે કિંમતના સ્ટાંપ ઉપર થયેલો હોવાથી હાલનું પ્રકરણ ઉત્પન્ન કરવાનું કારણ નથી. લેખ ફારગતીના સ્વરૂપનો હોવાથી સ્ટાંપનિબંધની કલમ ૨૩ નો નિયમ તેને લાગુ થતો નથી. કલમ ૨૪ પુરતી હકીકત લેખમાં આવી છે. નોંધણીકામદારે વધારે લાગત લીધી છે તે બરોબર કરેલું નથી.

—— ——

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ સમ્સુદ્દિન તૈયબજી, જજ્ય, એઓ સાહેબની રૂબરૂ*.

ફેસલ તા. ૧૪—૫—૯૧.

બાઇ નાથી તે શા. દીપચંદ સોભાગની વીધવા રેહેવાશી મોજે કણુ તાલુકે પાદરા.	દસ્તાવેજ કરીલેનાર.
બાઇ કેવળ તે શા. નાગજી સોભાગની વીધવા રેહેવાશી મજકુર.	દસ્તાવેજ કરીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધની કલમ ૪૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

સમાઇક મિલકતની વહીવટ અરસપરસ કેવી રીતે રેહેવી એ સંબંધે કરેલો લેખ—એ લેખ વ્યવસ્થાપત્ર, વેહેંચણપત્ર, અથવા પત્યાળાનો દસ્તાવેજ, અથવા વહીવટપત્ર, કિંવા કરારપત્રના સ્વરૂપનો છે કે શીરીતે—કરારપત્ર—તેને સ્ટાંપની લાગત—પરિશિષ્ટ ૧, રકમ ૬ (ખ).

દેરાણી ને જેઠાણી એ વચ્ચે તેમની સહીયારી સ્થાવર જંગમમિલકત સંબંધે લખીઆપનારે લખીલેનારણ સાથે કેવી રીતે વર્તવું અને તેનો વહીવટ દરેકે અરસપરસ કેવીરીતે કરવો એ વિગેરે બદલ દસ્તાવેજ કરેલો હતો. દસ્તાવેજમાં મિલકતની કિંમત લખી નહોતી. આ દસ્તાવેજનું સ્વરૂપ શું માનવું તથા તેને સ્ટાંપની લાગત કેટલી પડે એ પ્રશ્ન સંબંધે ઠરાવ થયો કે,—

(૧). આ લેખમાં લખીઆપનારે પોતાની મિલકતની કાંઈ વ્યવસ્થા, વ્યવસ્થાપત્રની વ્યાખ્યા પ્રમાણે,કરી નહીં હોવાથી તે વ્યવસ્થાપત્રમાં આવી શકતો નથી. (પુનુસ્વામી કૃત સ્ટાંપ મ્યાન્યુઅલ કોપ પૃષ્ઠ ૨૫૧), અથવા મિલકતની વેહેંચણ કરેલી નથી તેથી તેને વેહેંચણપત્રનું સ્વરૂપ આવતું નથી. (સદર ગ્રંથનો કોપ પૃ ૧૯૪), તેજ પ્રમાણે લેખના પક્ષકારોએ પત્યાળું કર્યાનો લેખ થઇ શકતો નથી. (કરારઆકટ્ કલમ ૨૩૯), અથવા નિબંધની

---

* ડી. સ્ટાં. ખુ. ૨. નંબર ૧૪ સન ૧૮૯૦–૯૧.

પરિશિષ્ટ ૧, રકમ ૨૬ માં વહીવટનું ખત જણાવ્યું છે તેસ્વરૂપમાં પણ આ લેખ આવી શકતો નથી. માટે આ દસ્તાવેજ કરાર કિંવા કરારની યાદીમાં આવે છે અને તેને પરિશિષ્ટ ૧, રકમ ૬ મુજબ લાગત રૂ. ૦—૮—૦ ની પડવી જોઇએ.

(૨)લેખનું સ્વરૂપ ઉપર પ્રમાણે ઠરે છે એટલે તેની લાગત નક્કી કરવા સારૂ મિલકતની કિંમત લેખમાં હોવાની જરૂર રહેતી નથી.

હકીકત.

આ કામની હકીકત એવી છે કે, ઉપર લખેલા પક્ષકારોના દરમ્યાન થયેલો દસ્તાવેજ નોંધવા સારૂ પાદરા નોંધણીકામદાર તરફ રજુ થયેલો તપાસતાં કમી કિંમતના સ્ટાંપ ઉપર માલુમ પડવાથી સ્ટાંપનિબંધની કલમ ૨૯ મુજબ અટકાવી કલમ ૩૧ની પેટા રકમ ૨ પ્રમાણે અસલ દસ્તાવેજ સહ પ્રકરણ આજમ પાદરા નોંધણીકામદારે રીપોર્ટ નંબર ૧૬૧ તા. ૨૪—૪—૯૦ થી મે. રા. બા. વડોદરાપ્રાંતના સુબાસાહેબ તરફ મોકલી એવો ખુલાસો માગ્યો છે કે, બન્ને પક્ષકારોએ અરસપરસ પોતાની મિલકતનો વહીવટ પંતીયાળા રીતે ચલાવવાનો ઠરાવ કર્યો છે, અને તે પ્રમાણે ન બને તો છુટા પાડવાનો પણ હક્ક રાખ્યો છે, તેને કિયા સ્કેલ પ્રમાણે સ્ટાંપ જોઇયે. મે. રા. બા. સુબાસાહેબની યાદી નંબર ૪ તા. ૧-૨-૯૦ના લખાણથી સદરહુ પ્રકરણ આ તરફ મોકલ્યું છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમ્યાન સં. ૧૯૪૫ ના ભાદરવા વદ ૬ રવીવાર, તા.૧-૯-૮૯, ના રોજ દસ્તાવેજ થયો છે. તેમાંનો મુદ્દાનો મજકુર નિચે પ્રમાણે છે:—

“ જત તમો તથા અમો દેરાણી જેઠાણી થઇએ છીએ, ને આપણા ધણીઓ ગુજરી ગયાથી તેઓની માલમિલકતો વિગેરે સર્વેનાં આપણે સરખે હીસ્સે માલીક થયાં છીએ. પરંતુ હું વડીલ તેથી તમારી હમારી સંમતીથી તમામ વહીવટ હું કરૂછું. આ દરમ્યાન કેટલા એક કારણથી તમારૂં મન ઉચું થવાથી તમે મારા ઉપર વડોદરાના મે. ડીસ્ટ્રીકટ જજ્ય સાહેબની કોર્ટમાં નિમ્મેહીસ્સાની વેહેંચણ કરી લેવા તથા તમોને દીકરી છેતેના લગ્નનું ખર્ચ વિગેરેના બાબતમાં જે કંઇ ખર્ચ થાય તે વિગેરે મજીયારી મિલકતમાંથી લેવાની ફરીયાદ કરી છે. આ બાબતમાં પાંચ સારા માણસોની સલાહથી તમે તથા હમે સમજીને ઠરાવ કર્યો છે, તે નિચે મુજબ:—

૧. જે માલમત્તા તથા ઉઘરાણી તથા ઘર વિગેરે સ્થાવર જંગમ રાછરછુંલું તથાજમીનો વિગેરે ઉપજનો જેનો કે હું વહીવટ કરૂંછું તે તમામનાં આપણ સરખે હીસ્સે માલીક છીએ. તેમાં જે જે દસ્તાવેજો મારા નામના, કિંવા મારા ધણીના નામના કિંવા બનેના નામના, કિંવા જેમના નામના, હોય તે સઘળી માલ મિલકતના આપણે સરખે હીસ્સે માલીક છીએ, અને મારા એકલાના નામના દસ્તાવેજ તથા પેઢીના માલીક પણ સરખે હીસ્સે છીએ.

૨. આપણે સરખે હીસ્સે માલીક છીએ, સબબ આજનો તારીખથી જે કંઇ દસ્તાવેજ

લેણા સંબંધીના આપણી દુકાનખાતે લખી લેવામાં આવે તે આપણા બન્નેના નામથી લખી લેવાનો તથા લખી આપવાનો આજથી ઠરાવ કર્યો છે.

૩. આજની તારીખે જે ઘરખાતે રોકડ શીલક છે, તથા દાગીના વિગેરે માલમત્તા તથા ચોપડામાં ઉઘરાણી તથા જમીનો વિગેરેના દસ્તાવેજો છે, તેની યાદ જુદી કરવી, તથા જે માલમિલકત માલમ પડે તેની પણ યાદ પછાડીથી જૂદી કરવી. એ પૈકી રૂ. ૧૦૦ અંકે સો સુધી જૂદા રાખી, તેમ જણશો તથાં શીલક તથા મોટા કપડા તથા દસ્તાવેજ મોટી પેટીમાં મુકીને તેની યાદ કરીને દરએકની પાસે રાખવી, અને એ પેટીને બન્ને પક્ષકારનાં તાળાં મારવાં, ને એ પેટી આપણ બન્નેની સમત્તા શિવાય ખોલવી નહીં, ને પેટી બન્નેના કબજા વાળા ઘરમાં મુકવી, એવો ઠરાવ કર્યોછે.

૪. ઉઘરાણી વિગેરે માલમિલકતના ચોપડાઓ વિગેરે છે તે જરૂરી કારણસર બન્નેની સંમતીથી રાખવા, પરંતુ તમો જે વખતે માગો તે વખતે બીન તકરારે મારે વાકબ ગારી આલવી ને તમોને તથા તમારા ભાઇ નાગજીને માગો તે વખતે આપવા. તેમજ રૂ.૧૦૦ઉપરની શીલક થાય કે તુરત મોટી પેટીમાં જેને કે આપણુ બન્નેનાં તાળાં મારેલાં તેમાં મુકવા.

૫. આજની તારીખથી કરજ કિંવા માલમિલકતના ઉપર રૂપીઆ ધીરવાનો વિચાર થાય તો આપણ બન્નેઓના એક વિચારથી ચાલવુ, વખતે આપણ બન્ને પૈકી કોઇ હાજર હોય કોઇ હાજર ના હોય તો જરૂરી કારણથી કોઇને ધીરવાની જરૂર પડે તો રૂ. ૧૦૦ કરતાં વધારે રકમ ધીરવી નહીં. એકસો પરંતુ બને ત્યાંહાં સુધી એક બીજાની શામલાથી * * * કરવું.

૬. તમારી દીકરીનું લગ્ન થતાં સુધી બનતા સુધી એકત્રપણામાં રેહેવું, તેમ કરતાં વખતે ના બને તો જૂદું ઘરમાં ને ઘરમાં રેહેવું, મરજી મુજબ, તોપણ દીકરીના લગ્નનો ખરચ આપણી પંતીયાળી દુકાનખાતાની મિલકતમાંથી કરવો, એમ ઠરાવ કર્યો છે.

૭. તમારી દીકરી ચંચળ છે તે કુંવારી છે. તેનું લગ્ન કરવાનું તે લગ્નનો ખર્ચ તથા આબરૂ પ્રમાણે જે જણસો આપવાની તે તમારી સંમત્તીથી, એટલે, વિચાર પ્રમાણે આપવી, તેનો સઘળો ખર્ચ આપણી પંતીયાળી દુકાનમાંથી કરવો.

૮. મારા ઉપર જે દાવો કર્યો છે તે કામમાં જે ખર્ચ તમારે થાય તથા હાવે પછી થાય તે * * મજીઆરી માલ તથા મિલકતમાંથી તુરત આપવો.

૯. જમીનો વિગેરેના અસ્સલ દસ્તાવજો તથા ચોપડાઓ સંવત ૧૯૩૧ તે સંવત ૧૯૪૪ * *સાલ સુધીના આપણા પંતીયાળા અમદાવાદના આપણા ઘરમાં છે. ત્યાંહાંથી આજથી * * ૨૦ ની અંદરમાં લાવી તથા મંગાવી તમોને આપીએ, અને જેનાથી

અમો હમો વા * * મળવો ને તેની યાદી કરી મોટી પેટીમાં મુકવી ને તેની સઘળી વાંકબગારી તમારી મરજી મુજબ મેલવી.

૧૦. ચાલતા સાલનાં ચોપડા છે તે ઉપરથી લેણું વિગેરે પ્રથક સમજાશે, સબબ હાલ તેના ઉપરથી યાદી કરવામાં આવશે, બધા રકમ ૯ માં બતાવેલા દસ્તાવેજો આવેથી મેલવણ - કરીયાદી મુકરર મેળવાશે.

૧૧. એકંદર માલમતા, જણસો, મિલકતો, રાછરછેલું છે જેની કે યાદીઓ બે કરવી તથા બન્નેની સહીઓની એક યાદી મોટી પેટીમાં મુકવી.

૧૨. જ્યારે આપણું મિલકતો સઘળી આપણા સરખે હીસ્સે વેહેંચી લેઇએત્યારે પોતપોતાની મિલકતનાં માલીક પોતાના હીસ્સા મુજબના પોતે છે.

ઉપર મુજબ કરાર કર્યો છે. વખતો વખત તમારી અમારી જમા આવે ત્યારે તમારા બરોસાદાર તથા મારા ભાઇ નાગજી દુલવથી તમો હિસાબ વિગેરેની સઘળી તજવીજ કરવાનો તમારો હક્ક છે, ને તે બાબતમાં મારી જે કંઇ મદત માગો તે મારે આપવી, ને આ મતલબનો સામો લેખ તમારી પાસેથી લખાવી લીધો છે. ઉપરની મતલબનો સાદા કાગળ ઉપર કરાર મેં સં. ૧૯૪૫ ના બાદરવા વદી ૪ ની મીતીનો લખી આપેલો છે તે મારી પાસે છે, તે પણ ખરો છે. ઉપર લખેલી બાબતોમાં આપણ બન્નેને કંઇ વાંધો કિંવા તકરાર પડે તો તે બાબતમાં જંબુસરના રા. જમનાદાસ નંદલાલદાસ ને સરપંચ મુકરર કર્યા છે. તેથી તેઓની સલાહલેઇ તે મુજબ આપણ બન્નેને ચાલવું. એ લખ્યું તે સહી."

અત્ર મતુ. અત્રે સાખ.

* * * * * *

મે. સુબાસાહેબ પોતાની સદર યાદીમાં લેખનો મતલબ એવો લખે છે કે, એ લેખ પંતીયાળાનો વહીવટ ચલાવવો, તથા પોતાની મિલકતના સરખે હીસ્સેદાર ઠરાવેલા છે તે મુજબ વેહેંચી લેવાની, એવા સ્વરૂપનો આ લેખ છે, તેથી આ દસ્તાવેજ સ્ટાંપ આકટમાં બતાવેલા પરિશિષ્ટ ૧ ની કલમ ૩૧ માં 'વ્યવસ્થાપત્ર એટલે મૃત્યુ લેખ નથી એવા સ્વરૂપનો હોય તે.' એમાં જાયછે; અને વળી પંતીઆળાનો દસ્તાવેજ (સરકતનો) માં પણ જાયછે, પંતીઆળાના દસ્તાવેજ રૂ. ૧૦ ના સ્ટાંપ ઉપર જોઇએ, અને પરિશિષ્ટ ૧ માં બતાવેલી કલમ ૩૧ માં બતાવેલા દસ્તાવેજને ખત મુજબ નંબર ૮ મુજબ લાગત બતાવેલી છે; એકથી અધિક દસ્તાવેજ હોય તો જેને વધારે કિંમતનો કાગળ જોઇએ તે લાગત લેવી એમ ફરમાવેલું છે, એટલે, જે દસ્તાવેજને લાગત વધારે હોય તે લેવી જોઇએ. તે મુજબ આ દસ્તાવેજ ખતને જેટલી લાગત લાગે તેટલી લાગતને પાત્ર થાયછે; અને પરિશિષ્ટ ૧ ની કલમ ૨૬—૨૭ વહીવટનું ખત, વેહેંચણપત્ર એમાં ગણવામાં આવે તો તેવા દસ્તાવેજને પણ ખત પ્રમાણે સ્ટાંપ લાગે છે, તેથી મારો અભિપ્રાય એવો છે કે, આ દસ્તાવેજને ખત પ્રમાણે લાગત લેવી.

દસ્તાવેજમાં મિલકત કેટલાની કિંમતની છે તે વાત બતાવેલી નથી, તેથી બન્ને પક્ષકારોને મિલકતની કિંમત સાથે યાદીઓ વિગેરે કાગળ રજુ કરવા એકથી વધારે વખત નોટીસો કરવામાં આવેલી છે, પણ કોઇની તરફથી એ વાત હાજર થઇ બતાવી નથી, અને સામાવાળો હાજર થયો નથી, તેમ દસ્તાવેજ રજુકરનાર બતાવતો નથી. જ્યારે નોટીસ કરી છતાં કિંમતનો આકાર બતાવી શકાય નહીં ત્યારે શું કરવું એ બાબત કંઇ નિયમમાં ઠરાવેલું નથી. જ્યાંહાં સુધી કિંમતનો આંકડો બતાવેલો નથી ત્યાંહાં સુધી આ લેખ કોરટમાં રાખવો એમ મારો અભિપ્રાય થાયછે, વિગેરે.

ઠરાવ.

આ પ્રકરણનો લેખ ધ્યાનમાં લેતા તે દેરાણી જેઠાણી બે વચ્ચે તેમની સહીઆરી મિલકત સંબંધે લખીઆપનારે લખીલેનાર સાથે કેવી રીતે વરતવું અને તેનો વહીવટ દરેકે અરસપરસ કેવી રીતે કરવો એ બદલનો થયેલો છે.

સુબાસાહેબે ખુલાસો એવો પુછેલો છે કે, એ લેખને પરિશિષ્ટ ૧, કલમ ૮ મુજબ સ્ટાંપ લાગત લગાડવી જોઇએ, પણ તે મુજબ લાગત નક્કી કરવા સારૂ લેખમાંની મિલકતની કિંમત જે કાયદા પ્રમાણે લખવી જોઇએ તે તેમાં લખેલી નથી, ને તે વિષે પક્ષકારોથી તેમજ રજુકરનારથી તપાસ કરતાં તે બતાવી શકતા નથી. તો કિંમત બતાવેથી સ્ટાંપ લાગત નક્કી કરતા સુધી અટકાવેલા લેખ વિષે શી તજવીજ કરવી એ બાબત સ્ટાંપ સંબંધી નિયમમાં કંઈ ઠરાવેલું નથી. માટે તે વિષે ઠરાવ થઇ આવવો.

આ લેખના સ્વરૂપ વિષે પણ તેઓને શંકા હોવાનું તેઓના સવાલની શબ્દરચના ઉપરથી જણાય છે.

આ લેખ સુબાસાહેબના લખવા પ્રમાણે વ્યવસ્થાપત્રની નિબંધમાં જે વ્યાખ્યા આપી છે તેમાં આવી શકતો નથી, કેમકે લેખથી વ્યાખ્યામાં જણાવ્યા પ્રમાણે લખીઆપનારે પોતાની મિલકતની કંઇ વ્યવસ્થા કરી કહી શકાતી નથી. વળી આ સંબંધમાં જુઓ, પુનુસ્વામીકૃત સ્ટાંપમાન્યુઅલ કોષ ભાગ, પૃષ્ઠ ૨૫૧.

લેખમાંની મિલકતની એ લેખથી વેહેંચાણ કરેલી નથી, તેથી તેને વેહેંચાણપત્રનું સ્વરૂપ પણ આવી શકતું નથી. (જુઓ સદર ગ્રંથ બીજ ભાગ પૃષ્ઠ ૧૯૪).

લેખના પક્ષકારોએ પંતીઆળું કર્યાનો પણ આ લેખ ઠરી શકતો નથી. (જુઓ કરાર આકટ કલમ ૨૩૯).

તેમ નિબંધના પરિશિષ્ટ ૧ માં વહીવટનું ખત જણાવ્યું છે, તે સ્વરૂપમાં પણ આ લેખ આવી શકતો નથી. (જુઓ પુનુ સ્વામી કૃત સદર ગ્રંથ કોષ ભાગ પૃષ્ઠ ૯).

પક્ષકારોની સહીયારી મિલકતનો વહીવટ લખીઆપનાર સ્વતંત્ર રીતે કરવા લાગી, અને લખીલેનારનો તે ઉપરનો હક્ક કબૂલ રાખવા નાલાગ્યાથી લખીઆપનાર ઉપર લખીલેનારે દાવો કર્યા ઉપરથી, બેઉએ સમજી એ મિલકત ઉપર બેઉનો સરખો હક્ક માન્ય કરી આગળીને માટે એ મિલકત સંબંધે પક્ષકારોએ એક બીજા સાથે કેવી રીતે ચાલવું તે બાબત કરાર કરી આપ્યાનો આ લેખ જણાય છે, ને પક્ષકારોએ પણ તેને કરાર એ નામ આપ્યું છે. તે બરાબર છે એમ અમારી નજરમાં આવે છે, અને તેને પરિશિષ્ટ ૧, કલમ ૬ 'ખ' મુજબ લાગત પડવી જોઈએ એવા સ્વરૂપનો તે છે એમ અમે ઠરાવીએ છીએ. જ્યારે તે મુજબ લેખ રૂ. ૦—૮—૦ ના સ્ટાંપકાગળ ઉપર થયેલો છે ત્યારે તે પુરી લાગત લગાડેલો છે એમ અમે ઠરાવીએ છીએ.

લેખના સ્વરૂપ વિષે આવો ઠરાવ થાય છે, એટલે, તેની લાગત નક્કી કરવા સારૂ મિલકતની કિંમત લેખમાં હોવાની જરૂર રેહેતી નથી. તેથી તે સંબંધી ખુલાસો કરવાની જરૂર નથી.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ સમ્સુદ્દિન તૈયબજી, જજ્ય, એઓસાહેબનીરૂબરૂ*.

ફેસલ તા. ૧૪—૫—૯૧.

મહારાજ વીષ્ણુરામજી ગુરૂ બાલુકદાસજી સાધુ રામસ્નેહી રહેનાર વડોદરા. } દસ્તાવેજ લખીલેનાર.

પા. હાથીભાઇ કીશોરભાઇ, તથા પ્રયાગદાસમુળજી. તથા મોતીભાઇ વજુભાઇ, તથા નારાયણભાઇ ભાઇબા, તથા દાદાભાઇ મુળજી, રેહેનાર મોજે છાણી તાબે વડોદરા. } દસ્તાવેજ લખી આપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

ગીરોરકમ આપવાની જવાબદારી સાથે મિલકતનું વેચાણખત—તેને સ્ટાંપની લાગત—નિબંધની કલમ ૨૧—પરિશિષ્ટ ૧. રકમ ૨૯—ખુલાસો કોણે આપવો.

દસ્તાવેજમાં લખ્યું હતું, કે રૂ. ૩૦૦ માટે ઘર, ગીરો આપવામાં આવેલું છે, તેથી એ રકમ રૂ. ૩૦૦, મુળ ગીરવીરાખનારે જેને આડગીરો આપેલું તેને આપવાની જવાબદારી ઘર વેચાણ

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૨૯ સન ૧૮૯૦-૯૧.

રાખનાર ઉપર રાખી છે તથા માલકી હક બાબત રૂ. ૭૫ લેઇ ઘર માલકીહક સાથે વેચાણ આપ્યું છે. દસ્તાવેજને સ્ટાંપ કુલ રકમ ઉપર વેચાણખત પ્રમાણે રૂ. ૮ નો લગાડેલો હતો. ઠરાવ થયો કે,–

એ દસ્તાવેજ નિબંધની કલમ ૨૧ માં આવે છે અને તેથી વેચાણનો મોબદલો કુલ રકમ રૂ. ૩૭૫ નો સમજી એ રકમ રૂ. ૩૭૫ ઉપર પરિશિષ્ટ ૧. રકમ ૨૯ પ્રમાણે સ્ટાંપ રૂ. ૮નો લગાડેલો છે તે બરાબર છે. દસ્તાવેજના સ્વરૂપ પ્રમાણે સ્ટાંપ સંબંધે ખુલાસો આપવાનો અધિકાર વરીષ્ટ કોર્ટનો છે. હી. સ્ટાં. ખુ. ર. નં. ૪૭ સન ૧૮૮૯—૯૦ તા. ૨૭—૧૧—૯૦ નો ઠરાવ લાગુ કર્યોછે.(૧)

હકીકત.

આ કામ આ કોરટ તરફ નોંધણી તપાસણીકામદારની યાદી નંબર ૧૧૦ તા. ૧૩-૯-૯૦-થી કોર્ટ મજકુર નોંધણીદફતર માર્ફત તે દફતરના શેરા નંબર ૫૦ તા. ૧૭-૯-૯૦ થી આવ્યું છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમ્યાન સંવત ૧૯૪૬ ના કારતક વદિ ૧૧ વાર ભોમ, તા. ૧૯-૧૧-૮૯ ના રોજ દસ્તાવેજ થયો છે. તેનો મુદ્દાનો મજકુર નિચે પ્રમાણે છે:—

"અમારૂં બાપોતી ઘર ૧ વડીલોપાર્જીતનું શેહેર મજકુરના લેહેરીપુર દરવાજા બહાર નીકળી લીંમડીચોકને રસ્તે જતાં પુર્વ દીશાએ રામદ્વારાના ખાંચામાં પેસતાં, ડાબા હાથની ઓળમાં, ઉત્તર દીશાએ દક્ષિણ દીશાના દ્વારનું, કુંભાર હરજી તળશીના જોડનું ઘર રૂ. ૩૦૦ અંકે રૂપીઆ ત્રણસો માટે શેહેર મજકુરના દક્ષણી નરેહા હડુબાને ગીરવી આપેલું છે. તે તમોને આજ રોજ નિચે લખેલા પ્રમાણેના કરારથી અમારો માલકી હક રૂ. ૭૫ અંકે રૂપીઆ પંચોતેર શેહેરચલણી બાબાશાઇ શિકાના પુરા રોકડા હમારા સ્વહસ્તે ગણી લેઈ તમોને વેચાણ આપ્યું છે.

સદરહુ ઘર નરેહા હડુબાને રૂ. ૩૦૦ અંકે રૂપીઆ ત્રણસો માટે ઘરેણે આપેલું છે. તે બિનસંતાન છે, ને તપાસ કરતાં તેના વંશમાં કોઇ પણ હકદાર માલમ પડતો નથી. ને મેયત તેમની દીકરી જમનાબાઇ હતી તે પણ મેયત છે તેણે ડભોઇના સાઠોદ્રાનાગર દોલતરામ જનુરતનાનને ત્યાંહાં આડગીરવી મુકેલું ને તેણે મુસલમાન બાપુભાઇ પ્રેમજી તથા લલુભાઇ નરશીદાસને આડગીરવી આપેલાનું તપાસથી જણાય છે. માટે આડગીરવીરાખનારના રૂપીઆ તમારી પાસેથી આપવાના છે. તેમજ આડગીરવી વાળાઓ પાસેથી ઘરનો કબજો લેવાના સંબંધમાં કોરટફીરીયાદ કરવી પડે તો તેનો જે કંઈ ખર્ચ થાય તે તમારા શીર છે. અમારે ફક્ત અમારી માલકીનું એ ઘર છે તે સંબંધમાં જે કંઇ પુરાવો આપવો પડે તે વખતે વખત હાજર થઈ આપીશું. તે પ્રમાણે પુરાવાથી સાબિત કરી નહીં આપીયે તો ઉપર લખેલા રૂ. ૭૫ તમોને બીન તકરારે પાછા આપીશું.

સદરહુ ઘર ખડકીબંધ તમોને વેચાણ આપ્યું છે, તેના ખુંટની વિગત.:—* *

---

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ટ ૮૯ ઉપરછે.

એ રીતે ઉપર લખેલા ચાર ખુંટવચ્ચેનું ખડકી બંધ ઘર અમારા બાપોદી કુલ અબરામ ન દાવે તમોને આકાશથી તે પાતાળ સુધી વેચાણ આપ્યું છે. તેનો ભોગવટો તમારા વંશપરંપરા યાવતચંદ્રદીવાકર પર્યંત કરજો, તે સાથે અમારો તથા અમારા વાલી વારસોનો કંઇ પ્રકારનો દર, દાવો, છે નહીં. એ ઘરનું જુનું ખત ૧ વેચાણિયા લૂગડાના પ્રગળ ઉપર લખેલુ સં. ૧૮૬૦ના આસો સુદી ૯ ની મીતીનું તમોને આપ્યું. તે ખતમાં લખ્યા પ્રમાણે તમો ભોગવટો કરજો એ ખત શિવાય સદર ઘરસંબંધી બીજા કંઇ કાગળપુત્ર તથા દસ્તાવેજ છે નહીં, કદાચિત નિકળે તો તે રદ છે. આ ખત સરકારમાં રજીષ્ટર કરાવો ત્યારે અમો મતુકરનાર તથા સાક્ષીઓ સાથે હાજર થઇ કરી આપીએ, તેનો જે કંઇ ખરચ થાય તે તમારા શીર છે. એ ઘર ઉપર હરકોઇ દર દાવો કરતો આવે તેનો જુવાબ અમો દઇએ, તથા અમારા વાલીવારસો આપશે. એ ઘરમાં તમો વસો વસાવો અગર નવી ઇમારત બાંધો અગરતમારૂ મન ચાહે તે કરો તેના માલીક તમો છો, તેમાં અમો કંઇ હરકત કરીએ નહીં."

અત્રે મતુ. અત્રે સાખ.

* * * * *

રાવસાહેબ તપાસણીકામદાર પોતાની સદર યાદીમાં જણાવેછે કે, લેખમાંની કુલ રકમ ઉપર વેચાણખત પ્રમાણે રૂ. ૮-૦-૦ નો સ્ટાંપ લગાડયો છે તે બરોબર લાગે છે- (સ્ટાંપનિબંધની કલમ ૨૧). પરંતુ એવા દસ્તાવેજને ખત પ્રમાણે ફક્ત વધારાની રકમ ઉપર સ્ટાંપ લેવો એવા મતલબના ખુલાસાનો શેરો મે. રા. બા. સિટી નોધણીસરકામદારનો શેરો નંબર ૩૩ તા. ૩૦-૧૦-૮૯ નો થયેલો ને જેના વિષે અહીંથી યાદી નંબર ૬૮૨ તા. ૨૦-૫-૯૦ ની લખી છે તે સાથે પ્રકરણનો વિચાર થઈ સ્પષ્ટ ઠરાવ થઇ આવવો વિગેરે.

ઠરાવ.

આવીજ બાબતમાં સ્ટાંપ ખુલાસા નંબર ૪૭ સન ૧૮૮૯-૯૦ ના કામના લેખ સંબંધે તા. ૨૭-૧૧-૯૦ રોજ આ કોર્ટે ઠરાવ (૧) કર્યો છે.

હાલના કામમાં કુલ રકમ રૂ. ૩૭૫ ને સ્ટાંપ લાગે એમ માનતાં પણ સ્ટાંપ બરોબર છે, માટે તે બદલ ખુલાસો કરવાનું રહેતું નથી.

દસ્તાવેજના સ્વરૂપ પ્રમાણે સ્ટાંપ સંબંધી ખુલાસો આપવાનો અખ્તીયાર આ કોર્ટનો છે. (જુઓ નિબંધ ભાગ ૫ મો).

---

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૮૯ ઉપર છે.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફ્જસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ સમ્સુદ્દિન તૈયબજી, જજ્ય, એઓસાહેબની રૂબરૂ*.

ફેસલ તા. ૧૮-૫-૯૧.

પા. વેણીભાઇ કાળીદાસ રેહેવાશી નાર તાલુકે પેટલાદ. દસ્તાવેજ કરીલેનાર.

બારોટ ઉમેદભાઇ જીભાઇ રેહેવાશી મજકુર. દસ્તાવેજ કરીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણી ખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

ગીરોખત-તેનો અંગભૂતકરાર—પરિશિષ્ટ ૧ રકમ ૬.

ગીરોખતમાં સાધારણ સરતો લખેલી છતાં વધારે એવી રીતે કરાર હતા કે, (૧)"આશિવાય અમારૂં ખેતર * * ધરાણે છે તે ખેતર છોડાવવા આવીએ ત્યારે આ ખેતરના રૂપીઆ પેહેલા આપીએ, ત્યાર પછી એ ખેતર + + ના આપીશું;" અને (૨) બીજો કે "એ ખેતરમાં વાસેલ તથા ખાતર ભર્યું હોય તો ગામશિરસ્તા પ્રમાણે તમને આપે અગર આ ખેતરની ચાલુ દાણ ઉપજતી હોય તે આ સાલે દાણ આપીને એવરસે ખેતર બેઠીને છોડીદેજો." ઠરાવ થયો કે,—એ બેઉ સરતો સ્વતંત્ર કરાર ન છતાં ગીરોના દસ્તાવેજના અંગભૂત કરાર છે, અને તેથી પરિશિષ્ટ ૧, રકમ ૬ પ્રમાણે તે જુદી લાગતને પાત્ર નથી.

દી. સ્ટાં. ખુ. રૂ. નંબર ૧૪ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૨૫-૭-૯૦ નો ઠરાવ લાગુ કર્યોછે.(૧)

હકીકત.

આ પ્રકરણ પેટલાદ માહાલના રા. નોંધણીકામદારે યાદી નંબર ૩૬ તા. ૧-૮-૯૦ ની વડોદરા પ્રાંતના નોંધણીસરકામદાર તરફ મોકલેલી તે લગત તેઓએ શેરા નંબર ૧૪૪ તા. ૬-૮-૯૦ નો આ તરફ ખુલાસા માટે મોકલ્યો તે ઉપરથી ઉત્પન્ન થયુંછે.

સદર પક્ષકારના દરમ્યાન સં. ૧૯૪૬ ના શ્રાવણ શુદી ૧ ને રોજ થયેલા દસ્તાવેજનો મુદ્દાનો મજકુર નિચે મુજબ છે:—

"જત અહીધતરાણે બોમ શીમતળનું ગામ સાસદની શીમનું ખેતર નંગ ૧ નામે

---

*દી. સ્ટાં. ખુ. ર. નંબર ર૬ સન ૧૮૯૦-૯૧. (૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૩૭ ઉપર છે.

સાસેદીઉં, કીતે બે થઇને ખેતર તથા પડતર સુધાં વિઘાં ૯ા અદબદ શેંડા પાળ સમેત ધરાણે મુકયું છે. એના ખુટ ચારની વિગતઃ- * , * * એ રીતે ખુટચારમધેનું કીત્તે બે થઇને ધરાણે મુકયું છે. તે ઉપર રૂ. ૧૨૭૫) અંકે બારસોને પંચોતેર પુરા દેવા લીધા છે તે આ રૂપીઆનું વ્યાજ નહીં ને ખેતરની દાણ નહીં. આપે નાણે ખેતર છુટે. આ ખેતરને કોઇ હરહરકત કરે તો અમો હસ્તીખરાણ વાળા જવાબ કરીએ. આ ખેતર હમારૂં નકરૂં બાપોતીયું તમોને ધરાણે આપ્યું છે. આ શિવાય અમારૂં ખેતર નામે ચારણીઉં તમારે ઘેર ધરાણે છે તે ખેતર છોડાવવા આવીએ, ત્યારે આ ખેતરના રૂપીઆ પેહલા આપીએ, ત્યાર પછી એ ખેતર ચારણીઆના આપીશું. આ ખેતરમાં વાસલ તથા ખાતર ભર્યું હોય તો ગામશીરસ્તા પ્રમાણે તમને આપે અગર આ ખેતરની ચલુ દાણ ઉપજતી હોય તે આ સાલ દાણ આપીને એ વરસે ખેતર ખેડીને છોડી દેજો, આ લખ્યું બાપના બોલ સુત સહી. × + ×

આ ખેતરના દસ્તાવેજ વેચાણીયા નંગ ૨ તથા અમારા ભાઇ પાસેથી અમોએ ધરાણે રાખેલું તે સરકારી કાગળ ઉપર લખેલા દસ્તાવેજ અમોએ તમોને આપ્યા છે તે આપે નાણે છુટે, તે ખરૂં છે."

અત્રે	મતુ	અત્રે	સાખ.
*	*	*	*

નોંધણીસરકામદાર સાહેબ પોતાના શેરામાં કંઈ અભિપ્રાય નહીં બતાવતાં ફક્ત નોંધણીકામદારની યાદી અહીં રવાના કરી છે. નોંધણીકામદારે પોતાની યાદીમાં ખાતર તથા વાસલ બદલનો લેખમાંનો કરાર વિશેષ કરાર છે માટે તેને પરિશિષ્ટ ૧, કલમ ૬ (ખ) મુજબ રૂ ૦—૮—૦ નો જાદે સ્ટાંપ લાગવો જોઇએ, એવો અભિપ્રાય દર્શાવે છે; તે અંગભૂત ગણવો કે વિશેષ કરાર ગણવો એ બદલનો ખુલાસો પુછે છે.

ઠરાવ.

સાંપ્રતના ગીરોલેખમાં એવા કરાર છે કે, (૧). "આ શિવાય અમારૂં ખેતરનામે ચારણીયું તમારે ઘેર ધરાણે છે તે ખેતર છોડાવા આવીએ ત્યારે આ ખેતરના રૂપીઆ પેહેલાં આપીએ ત્યાર પછે એ ખેતર ચારણીયાના આપીશું," અને (૨) બીજો, કે, "આ ખેતરમાં વાસલ તથા ખાતર ભર્યું હોય તો ગામશીરસ્તા પ્રમાણે તમને આપે અગર આ ખેતરની ચલુ દાણ ઉપજતી હોય તે આ સાલે દાણ આપીને એ વરસે ખેતર ખેડીને છોડી દેજો." આ કરારો વિશેષ કરાર માની તેમને જૂદા સ્ટાંપની જરૂર છે, કે તે અંગભૂત કરાર ગણી જૂદી લાગતને પાત્ર નથી એ વિષેનો આ પ્રકરણમાં નિર્ણય કરવાનો છે.

આ બેઉ કરાર અંગભૂત કરાર છે. એ પૈકી પ્રથમનો કરાર લખીલેનારનું હાલના લેખવાળા ખેતર ઉપરનું લેણું પેહેલું વસુલ થવાના હેતુથી કરેલો હોવાથી

તે લેખના વેહેવારની અંગભૂત બાબત સંબંધે છે તેથી એ કરાર અંગભૂત ઠરે છે.

બીજો કરાર અવધવાળા ખેતરના કબજેદારની ખરચેલી મુડીના રક્ષણ સારૂ થયેલો છે તેથી તે પણ અંગભૂત કરાર સમજવો જોઇએ, (જુઓ આ કોરટના સ્ટાં. ખુ. નં. ૧૪ સન ૧૮૮૯—૯૦ ફેસલ તા. ૨૫—૭—૯૦). (૧)

એ રીતે એ બેઉ કરાર અંગભૂત છે ને તેથી તે જુદી લાગતને પાત્ર નથી એમ અમે ઠરાવીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ સમ્સુદ્દિન તૈયબજી, જજય, એઓસાહેબની રૂબરૂ. *

ફેસલ તા. ૧૮-૫-૯૧.

શા. ગીરધરલાલ માણેકલાલ તથા શા. હીમતલાલ માણેકલાલ રેહેવાશી વડોદરા. } દસ્તાવેજ લખીલેનાર.

શા. પ્રેમાનંદ અમથા રહેવાશી મજકુર. દસ્તાવેજ લખીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલોછે).

સરતી બક્ષીસ—પરિશિષ્ટ ૧. રકમ ૨૪,

કરીઆપનારે પોતાના તથા પોતાની ઓરત વિગેરેના ગુજરાનનો તથા પોતાની ક્રીયા ખરચ કરવા વિગેરે સંબંધે બોજો મિલકત ઉપર રાખી એકંદર પોતાની મિલકત પોતાના ભાણેજોને લેખની તારીખથી આપી દીધાનો દસ્તાવેજ મૃત્યુપત્ર નસ્તાં બક્ષીસપત્ર છે, અને તેને પરિશિષ્ટ ૧, રકમ ૨૪ પ્રમાણે મિલકતના આકાર ઉપર સ્ટાંપની લાગત જોઇએ.

દી. સ્ટાં. ખુ. ૨. નંબર ૯ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૨૮-૩-૯૦ નો વિચારમાં લીધો છે.(૨)

હકીકત.

આ પ્રકરણ નોંધણી તપાસણીકામદારની યાદી નંબર ૧૦૮ તા. ૧૩-૯-૯૦થી આ કોર્ટના નોંધણીખાતા તરફ મોકલેલુ તે ખાતાના જા. નં. ૫૧ તા. ૧૭-૯-૯૦ ના શેરાથી આ તરફ આવ્યું છે.

સદરના પક્ષકારોના દરમ્યાન સં. ૧૯૪૬ ના આસો સુદિ ૧૧ શનીવાર, તા. ૫-૧૦-૮૯ રોજ દસ્તાવેજ થયેલો છે. તેનો મુદ્દાનો મજકુર નિચે પ્રમાણે છે:—

"જત મારી ઉમર હાલ ઘણી જઇફ સ્થીતીએ પોહોંચી ગઇ છે, શક્તિ ઘટી છે, કામકાજ થઇ શકતું નથી. દુનીઆનો વેહવાર ને કામોમાંથી વૃત્તિ ઉઠી ગઇ છે, શરીરની કાયલી સ્થીતી ચાલી જાય છે, તેથી તેમજ હાલના ચાલુ જમાનાને અનુસરી ક્ષણભંગુર દેહનો વધારે ભરોસો રહેતો નથી. વળી મારે પેટે પુત્ર સંતતીમાં એક પુત્ર હતો તે મારા ભેગો રહેતો

---

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૩૭ ઉપર છે.

* દી. સ્ટાં. ખુ. ૨. નંબર ૨૭ સન ૧૮૯૦-૯૧. (૨). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૨૫ ઉપર છે.

તે મારાથકી ગુજરાન ચલાવતો, પણ પાંચેક વરસ ઉપર કાળચક્રના પંઝામાં દુર્દૈવથી સપડાયો ને સંતતી રહીત તે મૃત્યુ પામ્યો છે. તેના ખાનગી સંબંધની કંઈ મિલકત મારા તરફે મારા ભેગી રહેલી નથી. જે કંઈ હશે તે તેની સ્ત્રી,નામે નાથી છે,તેને આપેલું છે, એમ તેના અંત-વખતના કહેવાથી જાણું છું. હવે મારા નજીકના ને કુટુંબ સંબંધીમાં મારી દીકરી નામે દીવાળી કોમ મેહેતા માણેકલાલ નરભેરામ વડોદરા નરસિંગજીની પોળમાં અને તેના બે દીકરા ઉપર લખ્યા ચિરંજીવી ગીરધરલાલ તથા હીમતલાલ અને મારી વૃદ્ધ સ્ત્રી નામે ઇચ્છા અને મારા મેયત પુત્ર છોટાલાલની વીધવા સ્ત્રી નાથી, જે કે હાલ મારાથી જૂદી રહે છે, તેઓ છે. તેઓની વૃત્તિ, ચાલ, ઉમર, ને હક્ક વિચારમાં લેતાં જે કંઈ કરવાનું મ્હારી બુદ્ધિને સર્વ-વ્યાપક ચૈતન્યબ્રહ્મ પરમાત્મા પરમેશ્વર પ્રેરણા કરે છે તે પ્રમાણે તે આ વ્યવસ્થાપત્રના ઠરાવથી મિલકતની તપશીલ નિચે બતાવી ઠરાવું છું તથા હક્ક આપું છું.

મિલકતની તપશીલઃ— × × + +

એ રીતે કુલ રૂ. ૧૦,૦૦૦) દશ હજાર રૂપીઆ બાબાશાઇની મિલકત છે.

કલમ ૧ માં બતાવેલા શ્રી નરસિંગજીની પોળમાંના ઘરનો ચતુઃસિમા નિચે મુજબઃ- * *

કલમ ૨ માં જણાવેલા હોજડાગલી વાળા ડેહેલાની ચતુઃસિમા નિચે મુજબઃ- * *

કલમ ૩ માં જણાવેલા બાજવાડાવાળા ઘરની ચતુઃસિમાઃ- * *

એ રીતે વર્ણન ને સ્થીતીવાલી મિલકત છે.

મારા ઉપરલખ્યા દોહીત્ર ચિ. ગીરધરલાલ માણેકલાલ. અને હીંમતલાલ માણેકલાલ, તમો બચ્ચપણમાં મારાઘરમાં રહી ઉછર્યા છો, અને મારા ભેગા રહી મારૂં આશ્વાસન ને સંભાળ ઘણી રાખતા આવ્યા છો. મારા ઉદ્યોગમાં ઘણું કામ કરી મને મદત આપી છે. હાલ પણ મારી વૃદ્ધ અવસ્થામાં તમો ઘણી સારી રીતે સંભાળ રાખો છો, ને તમારા શિવાય મારા મનને સંતોષ આવે એવું કોઇ બીજું નજીકનું સગું કે કુટુંબી મારી દરકાર કે બરદાસ કરતું નથી; તેથી, તેમજ અવિભક્તકુટુંબની રાહે જોતાં મારા પાસે કોઇ કુટુંબી કે સગુ અવિભક્ત રહ્યું નથી ને સર્વે જૂદા છે. તેથી હું એક વિભક્ત કુટુંબનો હિંદુની (મારી) જીદગી (મિલકત)ના દીકરીથી ઉતરોત્તર વારસ તમો છો. માટે,

કલમ ૧ થી કલમ ૭ માં જણાવેલી સર્વે મિલકતના માલીક કરેલીમારી બરદાસ ને મદતના બદલામાં અને વારસાઇના હક્કથી તમો ગીરધરલાલ માણેકલાલ, ને હીંમતલાલ માણેકલાલને ઠરાવુંછું, અને આજથી હક્ક તથા વહીવટ આપી મારા સ્વસંતોષથી તથા સૌભાગ્યવતીઇચ્છા અને દીકરી દીવાળી વિગેરેની સંમત્તી ને રજુવાતથી મિલકતનો કબજો તમને સોંપુંછું. તેથી તમોએ બદનામી ન કરતાં ચાહે તેવા મિલકતનો સદઉપયોગ કરી ઉપભોગ કરવો.

સ્થાવર મિલકત લગતા સર્વે હક્કો અને હક્ક બતાવનાર લેખો સાથે આપીછે ને જંગમ મિલકતના ખત, પત્ર, અને ચોપડા હતા તેટલા આપ્યાછે, ને લેણાની રજુવાતો દેણદારો સાથે કરાવી આપીછે.

૨. બાઇ નાથી મારા મૈયત પુત્ર છોટાલાલની વિધવા સ્ત્રી, ઉમર વર્ષ ૪૫ ની, નરસિંહજીની પોળમાંની દલાપટેલની પોળમાં રેહેછે તે સં. ૧૯૪૦ ની સાલથી મારાથી જૂદી રહીછે. તેથી તેને સં. ૧૯૪૦ ના માહાસુદિ ૫ વાર શુક્ર, તા. ૧-૨-૮૪, ના રોજ પરી. લલુભાઇ મોહનલાલ વિગેરેને મધ્યસ્થ નીમી સમાધાન કરવા બાઇ મજકુરની સહીનું પંચાયતપત્ર લખી આપેલું તે ઉપરથી તેમના ઠરાવ મુજબ તેને ખોરાકી પોશાકી વિગેરે બદલ રૂ. ૨૦૦૧ અંકે બેહજાર એક મારી પાસેથી રોકડા આપેલા છે, ને મારા તરફથી તથા મૈયતપુત્ર છોટાલાલે કરાવેલા ઘરાણાંના દાગીના કિંમત આસરે રૂ. ૭૫૧ સાતસે એકાવનના તેના પાસે રહેવા દીધા છે, એ પ્રમાણે ખોરાકી પોશાકી યાત્રા ધર્મદાન વિગેરેના ખર્ચ બદલ લેઇ માની સં. ૧૯૪૪ ના માહા સુદિ ૫ શુક્રવારના રોજ બીજી રીતનો કંઇ હક્ક નહીં રાખતા બાઇ નાથીએ કબુલતનો ઠરાવ કરી આપ્યો છે તે, ને તે જૂદી રહી ત્યારથી મારી ખુશીથી દર સાલ રૂ. ૨૫ પચીસ રૂપીઆ બાબાશાઈ મારી પાસેથી આપુ છું, તે પ્રમાણે મારા જીવતા સુધી તેને મારી પાસેથી લેવાનું છે; ને જૂદી થઈ કલમ ૧ માં જણાવેલા નરસિંગજીની પોળના ઘરના ભોંયતળના ભાગમાં રહેવાનું પસંદ કરેલું તેથી તેમાં તેણે જીવતાં સુધી રહી નીતીસદાચારથી આયુષ્ય પુરૂં કરવાનું છે. બીજા કોઈ પ્રકારનો તેનો હક્ક કે અધિકાર નથી, કેમકે તે વાધવાને બધી રીતે તે મારાથી જુદી થયેલી છે.

૩. તમો બન્નેએ હું જીવું ત્યાંહાં સુધી મૈયતપુત્ર છોટાલાલની વિધવા, નાથીને, મારા અનુગ્રહ મુજબ દર સાલ રૂ. ૨૫ પચીસ બાબાશાહી મને પુછીને આપવા, મારા ગુજર્યા પછી તે પ્રમાણે ચાલવાની જરૂર નથી, કેમકે પુરતો અવેજ તેને મારા તરફથી પોહોંચેલો છે, ને તેના વ્યાજમાં તેનું મનમાનતું ગુજરાન થઇ શકે એમ છે.

૪. મારે તથા મારી સ્ત્રી ઇચ્છાને જીવતા સુધી કલમ ૧ માં જણાવેલા નરસિંગજીની પોળમાંના ઘરના મેડાના વચલા તથા ત્રીજા મજલામાં રેહેવાનો હક્ક છે, ને જીવતાં સુધી અમારી બન્નેની ખોરાકી પોશાકી તમો બન્નેએ પુરી પાડવી, ને અમારા બન્નેના ગુજર્યા બાદ બન્નેનો સમયાનુસાર ક્રિયા ખર્ચ કરવો.

૫. ઉપરની કલમ ૮ માં જણાવેલા રોકડા રૂપીઆ ૧૫૦૦ પદરસે મારી પાસે રાખેલા છે તે હું યાત્રા જઇ ધર્મદાન વિગેરે શુભ કામમાં ખર્ચીશ. કદાચિત તેમાંથી બચત પડે તો તેના માલીક તમો બન્ને છો. ઉપરની કલમોમાં બતાવેલી સરતોને અનુસરીને ખોરાકી પોશાકી કિવા ખર્ચને જીવતા સુધી વસવાનો બોજો તમોને આપેલી મિલકત ઉપર છે.

૬. * * * *

૭. ઉપર જે ઘરના ભાગમાં જીવતાં સુધી રેહેવાનું બાઇ નાથીને અને મારે તથા મારી સ્ત્રીને ઠરાવ્યું છે તે શિવાય તે ઘરના ભાગ ઉપર તેઓને કોઈ પ્રકારનો બોજો નાખવાનો હક્ક નથી.

૮. મારે કોઇનું દેવું નથી.

એ રીતે સ્વસંતાપથી મારી સદગતીની ઇચ્છાએ અને મારી પાછળ બદનામી ન થતાં મારી જીંદગીનો સદઉપયોગ થાય એ અર્થે પ્રેરક બુદ્ધિ—અનુસાર પરમેશ્વરની સાક્ષથી આ વ્યવસ્થાપત્રનો ઠરાવ કર્યોછે. તો બીનવિઘ્ને ઈચ્છેલી વ્યવસ્થા બર આણો એવા ઈશ્વરપ્રાર્થના કરી આગળ લખવું બંધ કરૂં છું * * * *

અત્રે મતુ. અત્રે સાક્ષ.

* * * *

રાવસાહેબ નોંધણી તપાસણીકામદાર પોતાની સદર યાદીમાં જણવે છે કે, "આવોજ એક દસ્તાવેજ તેમણે તેમની યાદી નં. ૧૦૫ તા. ૧૩-૯-૯૦ સાથે મોકલેલો તે યાદીમાં લખેલાં કારણોથી આ દસ્તાવેજને રૂ. ૨૦૦ નો સ્ટાંપ જોઇએ, વ્યવસ્થાપત્રની જે વ્યાખ્યા છે તેમાં આ દસ્તાવેજ આવશે કે નહીં તેનો સંશય છે. આલેખને ઘણેભાગે બક્ષીસપત્રનું સ્વરૂપ લાગેછે તેથી તેને બક્ષીસપત્રનો સ્ટાંપ જોઇએ એમ મારો અભિપ્રાયછે તો વિચાર થઇ ઠરાવ થઇ આવવાની મેહેરબાની થશે વિગેરે."

ઠરાવ.

હાલનો લેખ ધ્યાનમાં લેતાં તે સરતી બક્ષીસ છે

જ્યાંહાં લેખકરીઆપનારે પોતાની હયાતીમાં લેખની તારીખથી પોતાના ભાણેજોને પોતાનો હક્ક આપી દીધોહતો, અને લખીઆપનાર બાઇના મુવાપછી તેનો કંઇ હક્ક તે ભાણેજોને મળવાનો બાકી રાખ્યો નહોતો, તેવા લેખને કરીઆપનારે વસીયતનામું કરીને નામ આપેલું છતાં તેને આ કોરટે બક્ષીસપત્ર ઠરાવેલુંછે. (જુઓ સ્ટાંપ ખુલાસા નંબર ૯ સન ૧૮૮૯-૯૦ ફેસલ તારીખ ૨૮-૩-૯૦).

હાલના લેખમાં કરીઆપનારે પોતાનો તથા પોતાની ઓરત વિગેરેના ગુજરાનનો બોજો લેખવાળી મિલકત ઉપર રાખીને તે મિલકત આપીદીધાનું લખ્યુંછે. આવા લેખોને પણ બક્ષીસપત્ર માની તે મુજબ સ્ટાંપ લેવામાં આવે છે. (જુઓ અનુસ્વામી કૃત સ્ટાંપ માન્યુઅલ, કોપ ભાગ, પૃષ્ઠ ૧૨૩).

હાલના લેખથી આપેલી મિલકતનો આકાર લેખમાં રૂ. ૧૦,૦૦૦નો બતાવ્યો છે. અને બક્ષીસપત્રને પરિશિષ્ટ ૧, કલમ ૨૪ મુજબ વિક્રીખત (કલમ ૨૯) પ્રમાણે લાગત પડશે એમ એ પારશિષ્ટમાં ઠરાવેલું છે, તે પ્રમાણે ગણતાં આ લેખને રૂ. ૨૦૦ નો સ્ટાંપ જોઇએ, તેને બદલે પક્ષકારોએ માત્ર રૂ. ૪૧ નો સ્ટાંપ લગાડેલો છે.

નોંધણીકામદારે આવા કમી લાગત આપેલા લેખ કેમ અટકાવ્યો નહીં એ બદલ ખાતાની રૂઇએ તેમનો ખુલાસો મંગાવવો.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ સમ્સુદીન તૈયબજી, જજ્ય, એઓ સાહેબની રૂબરૂ. *

ફેસલ તા. ૧૮-૫-૯૧.

ગોકળદાસ ગીરધરલાલ રેહેવાશી વોદરા. દસ્તાવેજ લખીલેનાર.

બાઇ હરકોર કોમ મોઢી ગીરધરલાલ ભગવાનદાસની વીધવા રેહેવાશી મજકુર. } દસ્તાવેજ લખીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલોછે).

બક્ષીસપત્ર કિંવા વ્યવસ્થાપત્ર —પરિશિષ્ટ ૧, રકમ ૨૪ તથા રકમ ૩૧.

---

* દી. સ્ટાં. ખુ. રૂ. નંબર ૨૮ સન ૧૮૯૦-૯૧.

લખીઆપનારે પોતાના સગાભાઈના છોકરાને લેખની તારીખથી મિલકતનો કબજો સોંપી દીધા વિષે તથા પોતાનો હક્ક ઉઠાવી દેઇ મિલકત સોંપીદીધા વિષે દસ્તાવેજ કરેલો હતો. ઠરાવ થયો કે,–એ દસ્તાવેજ વ્યવસ્થાપત્ર નહીં છતાં બક્ષીસપત્ર છે, અને તેને પરિશિષ્ટ ૧, રકમ ૨૪ પ્રમાણે મિલકતની કિંમત ઉપર સ્ટાંપની લાગત પડવાની છે.

દસ્તાવેજને જે નામ આપ્યું હોય તે ઉપરથી લાગત નક્કી કરવાની નથી, પણ તેના ખરા સ્વરૂપ ઉપરથી નક્કી કરવાની છે.

હકીકત.

આ પ્રકરણ ખુલાસા માટે નોંધાણીતપાસણીકામદારની જા. નં. ૧૦૯ તા. ૧૩–૯–૯૦ ની આ કોર્ટના નોંધાણીખાતામાં યાદી મોકલેલી તે ખાતાના નંબર ૫૨ તા. ૧૭–.–૯૦ થી આતરફ આવ્યું છે.

સદર પક્ષકાર દરમ્યાન સં. ૧૯૪૫ ના આસો સુદિ ૬ ને સોમવાર તા. ૩૦–૯–૮૯ નો લેખ થયેલાનો મુદ્દાનો મજકુર નીચે મુજબ છે:—

"તમો અમો એકજ ઠેકાણે એક ઘરમાં રહીએ છીએ. જત. તમોને આ દસ્તાવેજ લખી આપું છું કે, મારી વૃદ્ધઅવસ્થા થયેલી છે, ને મને પુત્ર કે પુત્રીની સંતતી નથી, તેમ મારા પીત્રાઇ વિગેરે બીજું કોઇ અંતરનું સગું નથી, ને મારા ખાવીંદના નામ ને ઇજતપ્રમાણે તેમના કહ્યામુજબ હું નહઉં તે વખતે પણ હમેશ તેમનું નામ ચાલતુ રહી ઘર ઉઘાડુ રહી અમારી મિલકતનો સદઉપયોગ થાય, એ કારણસારૂં તમે મારા સગાભાઇ મલુકચંદ હરજીવનના દીકરા થાઓ, તેથી મારા ધણી જીવતાં તેમનું મન તમારા ઉપર તમો સારી વર્તણુકથી વરતી જીવની સદગતી કરશો એવી ખાત્રી થઇ ચાલેલાથી તમને ઘરમાં રાખી સારૂં શિક્ષણ આપ્યાનું શરૂ કરેલું, તે મયત થયા પછી પણ તે મુજબ તમે મારા ઘરમાં રહીને મારા ધણીની ક્રિયા વિગેરે તમામ વેહેવાર તમે પુત્ર પ્રમાણે કરી મારી ઘણીજ બરદાસ્ત કરી મનને અતીશય સંતોષ કરેલાથી મારી વધારે મંદગી થયા વખતે એટલે સંવત ૧૯૪૨ ના સાલમાં આપણી ન્યાતના શેઠ તથા ન્યાતના પંચભાઈઓને બોલાવી તેમની સમક્ષ પાછળથી કોઇબી રીતે મારી મિલકતનો ગેરઉપયોગ થવા ન પામે માટે તમને દીકરો કરી માલીક કરેલા બદલ વારસાનો દસ્તાવેજ ન્યાતસમક્ષ કરી આપવામાં આવેલો છે. તે દસ્તાવેજ મારી ઘણીજ મંદગી હતી તેથી ઘણી હડગડમાં થયેલાથી તેમાં પુરેપુર હકીકત લખી શકાયલી ન હોવાથી અને વખતે તમને એકા એકી મિલકત સ્વતંત્ર રીતે ઉપયોગ કરવાની સત્તા મળેથી મન ફાટી વિગેરે ઉપયોગે મનનું વલણ નહીં થઇ જવાના હેતુથી વાલીપણા તરીકે મારો કાબુ રાખી આજ સુધી તમારા પાસેથી તમારા, એટલે, ગોકળદાસ ગીરધરલાલના નામથી પુત્રવતમાનો વહીવટ ચલાવરાવી, ઘરનો સંસારભાર ચલાવ્યો, તેમાં તમોએ ઘણીજ સારી લાયકી બતાવી ને મિલકતનો વધારોકરી મારા ખાવિંદના નામને બળકટપણું આપી મારા મનને સારોસંતોષ કરેલો છે જેથી કોઈ બી રીતે તમારાથી હવે ગેરઉપયોગ થવા પામે એવો શક રહેતો નથી. જેથી હું તમારાવાલીપણા તરીકના હકથી આપણી મિલકત ઉપર દેખરેખ રાખીસભાળ કરતી હતી, તે આજ રોજથી કાઢીનાખી

આ દસ્તાવેજ કરી આપ્યો છે તે નીચે પ્રમાણે :—

સ્થાવર તથા જંગમમિલકતની વિગત નીચે મુજબ રૂ. ૭૦૦૦ + + +

એ રીતે કિંમતના આશરાની મિલકત હાલ નગદ છે તે ઉપર તમારા શિવાય કોઇ માણસનો હકક તથા દર દાવો નથી; માત્ર દાગીના અને વેપાર વિગેરેના વહીવટમાં મારી દેખરેખ હતી તે હવે મારો વૃદ્ધાપકાળ થવાથી અને તમારી લાયકીની પૂર્ણ ખાત્રી થવાથી મારા સાવધપણામાં ઉઠાવી લેઇ મારી તથા મારા ધણીના વખતથી પુરવાપારથી ચાલતી આવેલી તમામ મિલકત કે જે જે કેળવી તમોએ પણ વધારી છે, તે તમામ તમને આજથી સ્વતંત્ર કબજામાં આપી દીધી છે. તેના માલીક અને વારસ તમોને ઘરમાં રાખેલા વખતથીજ તમો છો. તમારા શિવાય કોઇ પણ માણસને પાછળથી હું ન હોઉ તે વખતે પોતાના હકક છે કહી તકરાર કરવાને હકક નથી. હું જીવું ત્યાંહાં સુધી મારૂં પાલણપોષણ તમારે કરવું, આજ સુધી તમો કરતા આવ્યા તે પ્રમાણે કરવું. શાસ્ત્ર પ્રમાણે હું મૈયત થાઉં ત્યાર પછી ઘટતી ક્રિયા કરમ નંતર કરવું. કારણ કે મારા દીકરા તમો છો, તેથી કોઇ મારા હેતુ વિરૂદ્ધ હું ન હોઉં તે વખત વીના કારણના દખલે પૈશાના લોભથી ઉભો ન થઇ શકે તેટલા સારૂ આ દાખલા તરીકેનો વારસપત્રનો લેખ લખી આપ્યોછે તે સહી છે. આ દસ્તાવેજ મેં મારી રાજી ખુશીથી, તથા અકકલ હુંશીઆરીથી, તથા સાવચેતથી, બીન નીશાથી, તથા તનદુરસ્તીથી, બીન ગફલતથી, અરોગ બેશીને લખી આપ્યો છે,તે કબુલ છે." * *

અત્રે. મતુ. અત્રે. સાખ.

* * * * * *

રાવસાહેબ તપાસણીકામદાર પોતાની યાદીમા લખે છે કે, સદર લેખને લગાડેલો સ્ટાંપ બરોબર છે કે શું એનો સંશય આવ્યાથી સ્ટાંપસંબંધે નોંધણીખાતાના નિયમની કલમ ૧૧ (ખ) મુજબ પ્રકરણ ખુલાસા માટે મોકલ્યું છે.દસ્તાવેજથી રૂ.૭૦૦૦ની મિલકતની વ્યવસ્થા કરીછે ને વ્યવસ્થાપત્ર તરીકે પુરો સ્ટાંપ છે,પણ તેમ નસ્તા લેખનો બક્ષીસપત્રમાં સમાવેશ થાયછે, અને તે માટે ઈ. લા. રી. ૭ મદ્રાસ પૃ.૩૪૯, તથા ટ્રાન્સફર ઑફપ્રૉપરટી આકટની કલમ ૧૨૨ તથા સન ૧૮૯૦ ના મદ્રાસ લારીપોર્ટ પાનું ૮૯ એ રીતે આધાર ટાંકી બતાવ્યા છે.

ઠરાવ.

લખીઆપનારે પોતાના સગાભાઇના છોકરાને હાલના લેખથી કબજો સોંપી લેખમાં બતાવેલી પોતાની તમામ મિલકત આપી દીધી છે, અને તેમાં પોતાનો હક્ક ઉઠાવી લીધાનું લખ્યું છે. તેથી આ લેખ બક્ષીસપત્ર ઠરે છે. (જુઓ આ કોર્ટના સ્ટાંપ ખુલાસા નં. ૯ સન ૧૮૮૯—૯૦ ફેસલ તા. ૨૮-૩-૯૦ (૧). તથા ઈ. લા. રી. ૭ મદ્રાસ પૃ. ૩૪૯ અને ટ્રાન્સફર ઓફપ્રૉપરટી આકટ્ કલમ ૧૨૨).

લખીઆપનાર બાઇએ પોતાના ગુજરાનની જવાબદારી લખીલેનાર ઉપર નાખી છે, પણ આ સરતથી બક્ષીસપત્ર તરીકેનું આ લેખનું સ્વરૂપ ફરતું નથી. (જુઓ પુનુસ્વામીકૃત સ્ટાંપ માન્યુઅલ, કોષભાગ પૃષ્ઠ. ૧૨૩).

---

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૨૫ ઉપર છે.

પ્રથમ આ સંબંધે દસ્તાવેજ થયાનું આ લેખમાં જણાવેલું છે તે માત્ર હકીકતની રૂઇએ લખેલું છે, એટલે, તેથી પણ બક્ષીસપત્ર તરીકેના હાલના લેખના સ્વરૂપમાં કંપેર થતું નથી. જોકે કરીઆપનારે તેને વ્યવસ્થાપત્રનું નામ આપ્યું છે તોપણ સ્ટાંપને અર્થે લેખને પક્ષકારે આપેલા નામ ઉપરથી લાગત નક્કી કરવાની નથી. પણ તેના ખરા સ્વરૂપથી નક્કી કરવાનો છે. વ્યવસ્થા પત્રની સ્ટાંપનિબંધમાં જે વ્યાખ્યા આપી છે તેમાં આ લેખ આવી શકતો નથી અને લેખનો મજકુર વાંચતાં ઉઘડ રીતે બક્ષીસ-પત્રના સ્વરૂપનો થાય છે.

સબબ હાલનો લેખ બક્ષીસપત્રના સ્વરૂપનો છે તથા તેને બક્ષીસપત્ર તરીકે સ્ટાંપની લાગત લાગવી જોઇતી હતી એમ હમે ઠરાવીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ સમ્સુદ્દિન, તૈયબજી, જજ્ય, એઓસાહેબની રૂબરૂ *.

ફેસલ તા. ૧૮-૫-૯૧.

પા. ત્રીકમ મંગળજી રેહેવાશી કરખડી તાબે પાદરા. દસ્તાવેજ લખી લેનાર.

બાઇ રામબાઇ, પા. કલ્યાણ કાકાભાઇની દીકરી રે. મજકુર.—દસ્તાવેજ કરીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધની કલમ ૪૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

સરતીબક્ષીસ—સરકારીધારો ભરવાની સરત-પરિશિષ્ટ ૧ રકમ ૨૪—બીજી મિલકત સંબંધે **બયાન** કરેલો મજકુર-મિલકતની લખેલી કિંમત કયારે ખરી માનવી-સરકારીધારો ભરવાની **રકમ** ઉત્પન્નની કિંમત નથી.

દસ્તાવેજમાં મજકુર મુદ્દાનો એવો લખ્યો હતો કે. કરીઆપનારની ચાકરી તથા બરદાસ કરી છે તેથી પોતાની જમીન પૈકી જમીન જે આજથી બક્ષીસ આપી છે તેનો પૂર્ણપણે ઉપભોગ કરવો, એ જમીનની કિંમત, દર સાલના ઉત્પન્નનો આંકડો રૂ. ૨૦ છે તેની દશપટ પ્રમાણે, રૂ. ૨૦૦ ની આસરે છે,' એવું બતાવેલું છે તથા સરત એવી કરેલી કે, બક્ષીસ આપેલી જમીનનું તથા નિર્વાહ માટે કરીઆપનારે જમીન રાખેલી તેનો સરકારીધારો બક્ષીસલેનારે દરવરસે ભરવો, તથા ધારો નહીં ભરવામાં આવે તો બક્ષીસ આપેલી જમીન ઉપર લેનારનો હકક નથી. જે જમીન નિર્વાહ માટે રાખેલી તેની કરીઆપનારના મુવા પછી પંચોએ વ્યવસ્થા કરવી, વિગેરે. એવી રીતે દસ્તાવેજનો મજકુર હતો તે સંબંધે ઠરાવ્યું કે,—

(૧). દસ્તાવેજ સરતી બક્ષીસના સ્વરૂપનો છે, તેમાં કરીલેનાર ઉપર સરકારીધારો ભરવાનો બોજો નાખ્યો તે તે બક્ષીસની સરત સમજવાની છે, તેથી એ સરત સ્વતંત્રકરાર થતો નથી.

નિર્વાહ માટે રાખેલી જમીનની મુવા પછે વ્યવસ્થા કરવાનો જે મજકુર છે તે બયાન તરીકે લખેલો છે તેથી વ્યવસ્થાપત્રનું સ્વરૂપ તેને આવતું નથી.

(૨). દસ્તાવેજમાં બક્ષીસ આપેલી મિલકતની જે કિંમત લખીછે તે સ્ટાંપની લાગત ડુબાવવાને માટે ખોટી છે એમ માનવાને કારણ જ્યાંહાં સુધી નથી, ત્યાંહાં સુધી પક્ષકારોએ જે કિંમત ગણી છે તે ખરી માનવી જોઈએ. માટે લખેલી કિંમત ઉપર પરિશિષ્ટ ૧, રકમ ૨૪ પ્રમાણે બક્ષીસપત્ર પ્રમાણે સ્ટાંપની લાગત પડવાની છે.

---

* દી. સ્ટાં. ખુ. ૨. નંબર ૧૫ સન ૧૮૯૦-૯૧.

સરકારીધારાની જે રકમ હોય તેની દશપટ જેટલી જમીનની કિંમત ગણવી એવું સ્ટાંપનિબંધ માટે નિયમમાં ઠરાવેલું નથી તથા દીવાની દાવાના અર્થે જમીનના દરસાલના ઉત્પન્નનું દશપટ લેવાયછે તેમાં પણ સરકારીધારાનું દશપટ ગણાતું નથી.

હકીકત.

આ પ્રકરણ વડોદરામાંતના મે. સુબાસાહેબની યાદી નં. ૫૮, તા. ૧-૧૦-૯૦ થી આ કોરટ તરફ ખુલાસા માટે આવ્યું છે. કઇ કલમ મુજબ પ્રકરણ મોકલ્યું છે તે તેઓએ લખ્યું નથી.

સદર પક્ષકારના દરમ્યાન સંવત ૧૯૪૬ ના અષાઢ સુદિ ૧, તા. ૧૮-૬-૯૦ નો દસ્તાવેજ થએલો છે: તેનો મુદ્દાનો મજકુર નીચે પ્રમાણે છે:—

" જત હું તમોને લખી આપું છું કે, તમો મારા સગા કાકાના દીકરા છતાં મારા ભાઈ થાઓછો, અને હું કરખડીમાં મારા બાપની મિલકત ઉપર હકદદાર થઇ વારસા ઉપર છું, તેથી તે બધી મિલકત મારી માલકીની છે અને તમો મારા ભાઇ થાઓછો, ને હું બાઇ વિધવા છું ને મારે પેટે કંઇ પણ ફરજન નથી કે મારી પાછળ મારી મિલકતની બ્યવસ્થા કરે. હું બાઇ તેથી તમો મારી વખત બે વખત તેમજ હું માંદી સાજી હઉં તે વખતે મારી ખબર તેમ મારી ચાકરી વિગેરે ખાવા પીવાનો ભાવ પુછી મારી મરજી પ્રમાણે મને જોઈતું ખાવાનું કરી આપી મારી ચાકરી તથા બરદાસ કરોછો, તેથી હું ખુશી થઇ સદર મિલકત પૈકી કરખડીની શીમમાં કુલ જમીન કુંભા ૬-૬૬ છે તે પૈકી જમીન કુંભા ૪-૪૯ ચાર કુંભા ઓગણપચાસ મોલા, કિંમત આશરે રૂ. ૨૦૦ બસોની, દરસાલના ઉત્પન્નનો આંકડો રૂ. ૨૦ ગણતાં દશપટ આંકડો નક્કી કરતાં થાયછે, તે તમોને આજથી બક્ષીસ આપીછે. તેટલી જમીન ઉપર મારો કોઈ પ્રકારે યા મારા વારસોનો કોઇ પ્રકારે દાવો નથી, તેથી હવેથી તેનો ઉપભોગ તમે કરજો, ને જમીનનું ઉત્પન્ન તમે લેજો, યા તમારી મરજી પ્રમાણે વહીવટ કરજો, તેમાં મારી તકરાર નથી. તથા બાકીની જમીન કુંભા ૨-૧૭ બે કુંભા સતર મોલા છે, તે હું વીધવા બાઇ એકલી માટે મારા પોષણને માટે મારા કબજે રાખીછે, તે ઉપર તમારો કોઈ રીતે હક્ક નથી. સદર જમીનના હું મુવા પછી આપણી જ્ઞાતિના પંચલોકો માલીક છે, તેમાં તમારો વહીવટ યા માલકી નથી, તેથી તે મિલકતની હું મુવા પછી પંચ વ્યવસ્થા કરશે અને મારો દિવસ પાણી પંચને કરવાનો અખત્યાર છે. સદરહુ કુલ જમીન કુંભા ૬-૬૬ ની સરકારમાં દાણ આજથી તમો ભરજો, અને તમો દાણ ભરવામાં અટકાવ કરી દાણ નહીં ભરો તો જમીન ઉપર તમારો હક્ક નથી. સદર મારા પોષાણ માટે રાખેલી જમીન હું મુવા પછી પંચ જેને સોંપે તે મારો દિવસ પાણી કરે, ને જમીન ખાય, ને ઘર જે હું હાલ રહુંછું તે ઉપર પણ પંચનો અખત્યાર છે, ને સદર જમીન અવલથી તમારા કબજામાં અમો આપેલી અને તેનો દસ્તાવેજ અમોએ તમોએ(ને) લખી આપેલો તે ફાટી જવાથી આજરોજ આ દસ્તાવેજ લખી આપ્યોછે.

સદર તમોને લખી આપેલી મિલકત આજથી તમો ખાજો, ને તમારી વંશપરંપરા મરજી પ્રમાણે ઉપભોગ કરો. તે સંબંધી મારે મારા વાલી વારસોને કોઇ રીતે તકરાર નથી. આ

ખત મેં મારી રાજી ખુશીથી, તથા જીવ ચોકસથી, બીન નીશાએ લખી આપ્યું છે, તે મારે મારા વાલી વારસોને કબૂલ મંજૂર છે."

અત્રે. મતુ. અત્રે. સાખ.

\+ + + × + +

મેહરબાન સુબાસાહેબ સદર પોતાની યાદીમાં જણાવે છે કે, લેખ લખીલેનારે તા. ૨૪-૭-૯૦ ગેજ રોકડો રૂ. ૦-૮-૦ સાથે આ લેખ રજુ કરી તેમાંના સરકારધારો ભરવાના મોઘમ કરારને રૂ. ૦-૮-૦ નો સ્ટાંપ ચોઢી આપવાનું માગણું કર્યાથી લેખ વાંચતાં તેમાં ત્રણ જૂદા કરાર છે તે. (૧). બક્ષસપત્ર જેની રકમ સરકારધારાના (૧) દશપટ ગણતાં રૂ. ૩૪૦ થાય તે ઉપર રૂ. ૮ નો સ્ટાંપ. તથા (૨), વ્યવસ્થાપત્ર નીર્વાહ માટે રાખેલી જમીનનું દશપટ સરકારધારાનું ગણતાં રૂ. ૧૭૦ થાય છે તેને માટે લાગત રૂ. ૧ ની તથા (૩). સરકારધારો ભરવાના મોઘમ કરારને રૂપીઆ આઠ આના એ રીતે કુલ રૂ. ૯-૮-૦ નો સ્ટાંપ જોઇએ તેને બદલે રૂ. ૪ નો સ્ટાંપ લગાવ્યો છે. વ્યવસ્થાપત્રને સ્ટાંપની માફી હોવાનું અરજદાર બતાવે છે, પણ તે બદલ આધાર બતાવતા નથી, ને સ્ટાંપનિબંધ પ્રમાણે તે લાગતને પાત્ર એવો દસ્તાવેજ છે. નિબંધની કલમ ૨૭-૨૮ મુજબ હુમારા રૂબરૂ આ લેખ આવ્યો છે એમ મનાતું નથી, કેમકે, તે થવાની તારીખથી એક માસ વીત્યા બાદ દાખલ થયો છે, ને કલમ ૩૫ મુજબ આવ્યો ગણીએ તો ચૂકથી વિગેરે કારણથી ઓછી લાગત ભરી છે એમ રજુકરનાર બતાવી શકતા નથી, (તેમ દશપટ આકાર આપવાને કબૂલ થતા નથી, અને દસ્તાવેજ લખીઆપનાર દસ્તાવેજ નાકબૂલ કરે છે. તેના લખેલા જવાબ સામીલ છે. દસ્તાવેજ ઉપર બતાવ્યા મુજબ લાગતને પાત્ર છે. લાગત આપવા કબૂલ નથી, દસ્તાવેજ કબૂલ નથી એવું બતાવે છે.)* તો આ બાબત કેમ કરવું તે વિષે ખુલાસો પુછે છે.

ઠરાવ.

હાલના દસ્તાવેજનું સ્વરૂપ જોતાં તે જમીન બક્ષીસ આપ્યાનો લેખ છે. દસ્તાવેજમાં બક્ષીસ આપેલી જમીન શિવાય બાજી જમીનનો પણ સરકારધારો ભરવાનો બોજો બક્ષીસ લેનાર ઉપર નાંખ્યો છે, પણ એ બીનાને તે બક્ષીસના સરત તરીકે સમજવાની છે. બક્ષીસ શિવાય તે સ્વતંત્ર કરાર થાય છે એમ સમજવાનું નથી. વળી લેખમાં

---

(૧). ઉપરના અભિપ્રાયમાં જે માહિતી સરકારીધારાની આપી છે તે દસ્તાવેજમાં નથી, પરંતુ મે. સુબાસાહેબે પાદરા વહીવટદાર પાસેથી મંગાવીને લખી છે એમ યાદીથી જણાયું છે. પુ. છા.

* એ પછીનો કેસમાં જણાવેલો મજકુર મે. સુબાસાહેબની યાદીનો ટુંકામાં અહીં લીધો છે. એ ઠેકાણે એ મજકુરના બદલે બીજો મજકુર હતો તે યાદીમાં ન છતાં લાગુ ન થવાથી તે લીધો નથી. પુ. છા.

નિર્વાહ માટે રાખેલી જમીનની મુવા પછી પંચે વ્યવસ્થા કરવાનો મજકુર છે, તે આ લેખને અર્થે તે બાબતનું બયાન તરીકે લખેલો છે, તેને આ લેખને સંબંધે વ્યવસ્થાપત્રનું સ્વરૂપ આવી શકતું નથી; માટે આ દસ્તાવેજને બક્ષીસનો દસ્તાવેજ ગણી જેટલો સ્ટાંપ કાયદા પ્રમાણે તેને લાગે તેટલો લગાડવો જોઇએ.

બક્ષીસપત્રને બક્ષીસ આપેલી મિલકતની કિંમત પ્રમાણે સ્ટાંપ લાગે છે. આપનાર ને લેનારે મિલકતની કિંમત રૂ. ૨૦૦ ની ગણી છે. આ કિંમત સ્ટાંપ ડુબાવવાને માટે ખોટી માંડી છે એમ માનવાને કારણ નથી. આ પ્રકરણ જોડે જે તુમાર આવ્યો છે તે ઉપરથી બક્ષીસ આપેલી મિલકતનો સરકારઆકાર રૂ. ૩૪ જણાય છે, પણ સરકારઆકારના દશપટ જેટલી જમીનની કિંમત ગણવી એવું સ્ટાંપનિબંધમાં કે નિયમમાં ઠરાવેલું નથી. દાવાની દાવાને અર્થે જમીનના ઉત્પન્નનું દશપટ લેવાય છે તેમાં પણ માત્ર સરકારધારાનું દશપટ ગણાતું નથી. સબબ આ કામમાં બીજા પુરાવાના અભાવે પક્ષકારે મિલકતની જે કિંમત ગણી છે તે ખરી માનવી જોઇએ.

માટે આ લેખને લગાડેલી સ્ટાંપલાગત અપુરતી છે એમ માનવાને કારણ નથી એમ અમે ઠરાવીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ સમ્સુદિન તૈયબજી, જજ્જ, એઓ સાહેબની રૂબરૂ*.

ફેસલ તા. ૧૮-૫-૯૧.

લલુભાઇ શીવકરામ રેહેનાર પાદરા. — દસ્તાવેજ લખીલેનાર.

બાઇ સદા પાઠક પ્રભુરામ ભાણનદાસની વીધવા રેહેનાર સાધી તાલુકે પાદરા. — દસ્તાવેજ લખીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધની કલમ ૪૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

દસ્તાવેજી સ્ટાંપકાગળ ઉપર ટાઇપના અક્ષરો ન હોય એવા સ્ટાંપકાગળ વિષે—સ્ટાંપ નિયમની કલમ ૩, રકમ ૧, પેટા રકમ (ક).

વાદળીરંગના શિક્કાના દસ્તાવેજી સ્ટાંપ ઉપર સ્ટાંપનિયમની કલમ ૩, રકમ ૧, પેટા રકમ (ક) માં દરશાવેલા ટાઇપના અક્ષરો ન હોય તો એવા સ્ટાંપ કાગળ મ૦સ. સુ. જાહેરનામું નંબર **૧૧૧૧** તા. ૨૫-૫-૮૯ માં આવી શકતો નથી તેથી તે રદ્દ થયેલો નથી. એવા સ્ટાંપકાગળ ઉપર થયેલો દસ્તાવેજ કાયદાસર છે.

દી. સ્ટાં. ખુ. ર. નંબર ૨૪ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૨૦-૩-૯૧ નો ઠરાવ લાગુ કર્યો છે.(૧).

*** દી. સ્ટાં. ખુ. ર. નંબર ૩૩ સન ૧૮૯૦-૯૧. (૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૧૬૫ ઉપર છે.**

હકીકત.

આ પ્રકરણ ખુલાસા માટે મે. વડોદરા પ્રાંતના સુબાસાહેબની યાદી નંબર ૫૭ તા. ૧૦–૧૦–૯૦ થી આ કોરટ તરફ આવ્યું છે.

સદર બતાવેલા પક્ષકારના દરમ્યાન સં. ૧૯૪૫ ના શ્રાવણ સુદિ ૧૦, તા. ૬–૮–૮૯, મંગળવાર રોજ દસ્તાવેજ થયેલાનો મુદ્દાનો મજકુર નીચે મુજબ છે:—

"જત હું તમોને આ બક્ષીસપત્ર લખી આપું છું કે, મારે પેટે કંઇ સંતાન નથી, તથા મારા પીત્રાઇ, તથા મારા નજીકના કોઇ વારસ નથી, તેથી તમો મારા ભાઇના સગા દીકરા થાવ છો, ને તમે મારી ચાકરી ને મારૂં પાલણપોષણ સારી રીતે કર્યું છે, ને હું તમારા ઉપર ઘણી ખુશી છું. તેથી હું મારા ધણીએ સ્થાવર (યા) જંગમમિલકત સંપાદન કરી છે. તે હું તમોને ખુશીથી બક્ષીસ આપું છું. તે મિલકતની તપસીલ ખુટવાર નીચે પ્રમાણે લખી આપું છું તે મારે કબૂલ મંજૂર સહી છે. * * રૂ. ૧૧૪૫ * *

એ રીતેજમીન કુંભા સત્તર ને એકાણું મોલા ને છો આની, તથા ઘર તથા દુકાન ૨ તમોને બક્ષીસઆપ્યા છે. ઉપર લખી જમીન સાધી ગામની સીમની છે. તે જમીનના અંગે ઝાડ બીડ સાથે બક્ષીસ આપી છે. સદર જમીન પૈકી જમીન ગીરો મુકેલી છે. તેના ગીરોના પૈસા તમારે આપવા ને વધારો, બધી મિલકત, જજમાનવૃત્તિ, સાથે બક્ષીસ આપ્યા છે. જમીનનો સલામી હક તમે ભરજો. સદરમિલકતમાં તમારા વંશ વારસો ખાયે જજો. કોઇ હરહરકત કરે તે હું દુર કરાવી આપું સહી. આ બક્ષીસપત્ર અમારી રાજીખુશીથી, સાવચેતીથી, બીન નીશાએ પાદરા મુકામે લખી આપ્યું છે તે મારે કબૂલ મંજૂર છે." * * *

અત્રે મતુ. અત્રે સાખ.

* * * * * *

મે. સુબાસાહેબ પોતાની યાદીમાં લખે છે કે, આ લેખ આજમપાદરા નોંધણી-કામદાર તરફથી રીપોર્ટ નં. ૯ તા. ૧૫-૮-૯૦ થી તેઓ તરફ આવેલો તેમાં લેખ રૂ. ૨૫ ના સ્ટાંપકાગળ ઉપર થયેલો છતાં કાયદા મુજબ તેની લાગત રૂ. ૩૦ ની થાય છે માટે ખુટતી લાગત પુરી કરી લેવાની કાયદેસર તજવીજ થવા તથા લેખને વાપરેલો સ્ટાંપ નિયમની કલમ ૩ ને અનુસરીને ન હોવાથી તેવો સ્ટાંપ ચાલી શકે કે રદ થયેલો સમજવો, એ વિષેનો ખુલાસો પુછેલો, તેમાં ખુટતો સ્ટાંપ પુરો કરી લેવાની તજવીજ થશે. પરંતુ જે પ્રકારનો સ્ટાંપ વાપર્યો છે તે ચાલવા દેવો કે રદ થયેલો ગણવો, એ વિષે સુબાસાહેબ ખુલાસો પુછે છે, અને પોતાનો અભિપ્રાય એવો દરશાવે છે કે, સરસુબા સાહેબના નં. ૧૧૧ તા. ૨૫–૫–૮૯ ના જાહેર-નામાથી આ સ્ટાંપ રદ થયેલા નથી માટે તેવો સ્ટાંપ વાપરવાની મનાઇ થઇ નથી એમ માનવું જોઇએ, વિગેરે.

ઠરાવ.

આ પ્રકરણના લેખને સારૂ જે પ્રકારનો સ્ટાંપ વાપર્યો છે તે રદ થયેલો સ્ટાંપ ગણવો કે શું એ સવાલનો નિર્ણય કરવાનો છે.

આ સ્ટાંપ વાદળી રંગના શીક્કાનો દસ્તાવેજી સ્ટાંપ છે, અને સ્ટાંપ સંબંધી નિયમ મુજબ છપાયલા સ્ટાંપો અગાઉ તે છપાએલો છે, તેથી તેના શીક્કા નીચે સ્ટાંપ સંબંધી નિયમની કલમ ૩, રકમ ૧, પેટાર કમ (क) માં દરશાવેલા ટાઇપના અક્ષરો નથી.

આવા પ્રથમ કાઢેલા સ્ટાંપ રદ કર્યા વિષે નિયમમાં અગર નિબંધમાં કંઇ ઠરાવ નથી, અને જુના દસ્તાવેજી સ્ટાંપ રદ કર્યા વિષે મે. સરસુબા સાહેબે જે નંબર ૧૧૧૧ તા. ૨૫–૫–૮૯ નું જાહેરનામું કાઢયું છે,(૧) તેમાં હાલની જાતનો સ્ટાંપકાગળ આવી શકતો નથી, ને તેનો ઉપયોગ બંધન થયો નથી, ને કાયદેસર છે એમ આ કોરટે સ્ટાંપ ખુ. નંબર ૨૪ સન ૧૮૮૯–૯૦ ના કામમાં તા. ૨૦–૩–૯૧ ના રોજ ઠરાવેલું છે. તેથી સુબાસાહેબે એવા સ્ટાંપ રદ થયા નથી એમ જે અભિપ્રાય બતાવ્યો છે તે અમો બહાલ રાખીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ સમ્સુદીન તૈયબજી, જજ્ય, એઓસાહેબની રૂબરૂ*.

ફેસલ તા. ૨૦–૫–૯૧.

શા. ભટુરભાઇ ઊર્ફે દલસુખભાઇ અધુરભાઇ રેહેવાશી વડોદરા.	દસ્તાવેજ લખાવીલેનાર. (અરજદાર.)
બાઇ ઊજમ, તથા મુળજી માણેકલાલ સગીરનીવાલી તેની મા બાઈ ચંચળ, બેઊ બાઇઓ શા. માણેકલાલ રણછોડની વીધવાઓ રેહેવાશી મજકુર.	દસ્તાવેજ લખી આપનાર.

(નવા સ્ટાંપ નિબંધની કલમ ૪૪ પ્રમાણે કરેલો અરજ).

વિક્રીખત કિંવા બક્ષિસપત્ર—નિબંધની કલમ ૭ રકમ ૨—પરિશિષ્ઠ ૧, રકમ ૨૪.

દેણાની (કરજની) રકમો આપવાની જવાબદારીના બોજામાંથી છુટકો થવા માટે પોતીની મિલકત, લેહેણું, બીજી સ્થાવર જંગમ મિલકત ચોપડા વિગેરે, નામ ઉપર કરી આપવાનો લેખ વિક્રીખતના સ્વરૂપનોગણી શકાય, પરંતુ તે સરતીબક્ષીસના સ્વરૂપનો ગણવો એ વધારે પ્રશસ્ત છે, અને નિબંધની કલમ ૭, રકમ ૨ નું ધોરણ આવા લેખને લાગુ થાય. તે ધોરણે જોતાં આ લેખ, બક્ષીસપત્ર, પરિશિષ્ટ ૧, રકમ ૨૪, પ્રમાણે સ્ટાંપની લાગતને પાત્ર થશે.

ફી. સ્ટાં. ખુ. ર. નંબર ૬૬ સન ૧૮૮૯–૯૦, ફેસલ તા. ૩૧–૧૨–૯૦ નો ઠરાવ વિચારમાં લઈ તે લાગુ કર્યોછે. (૧).

---

(૧). આ જાહેરનામું આ પુસ્તકમાં પછવાડે પૃષ્ઠ ૧૯૮ ઉપર છે.

* ફી. સ્ટાં. ખુ. ર. નંબર ૧૦૯ સન ૧૮૯૦–૯૧, (૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૧૧૬ ઉપર છે.

હકીકત.

આ પ્રકરણ, દસ્તાવેજ લખીલેનારે આ કોરટમાં તા. ૨૨–૪–૯૧ નો અરજ મેં વડોદરાપ્રાંતના સુબાસાહેબ તરફ રજુ કરેલા લેખના મુસદ્દા સંબંધે (કરેલો તે ઉપ-રથી) તેઓએ દરેલા હુકમથી નારાજ થઇ અરજ આપેલો તે ઉપરથી ઉત્પન્ન થયું છે.

મુસદ્દાવાળો લેખ સંવત ૧૯૪૭ ના ફાગણ વદ ૭ વાર બુધ, તા. ૧ એપ્રીલ સન ૧૮૯૧ ના રોજનો લખવાનો છતાં તેમાંનો મુદ્દાનો મજકુર નીચે મુજબ છે:–

" જત અમારા ગૈયત ખાવીંદ શા. માણેકલાલ રણછોડે શેહેર મજકુરના મદનઝાંપા આગળના લક્કડપીઠા લગતમાં કાટનો વેપાર કરી એક દુકાન તે વેપારની ચલાવેલી, તેથી તે દુકાનના વેહેવારને અંગે દેવું લેહેણું થયેલું તે તથા તે વેહેવારની પ્રાપ્તિમાં જે સ્થાવર જંગમ મિલકત મેળવેલી છે તે સર્વની યથાર્થતા, તે દુકાનખાતાના મેળ, ખાતાવહીના ચોપડા વિગેરે ઉપરથી દૃષ્ટીગોચર થઇ આવે છે, તેની તપસીલ નીચે પ્રમાણેઃ—

લેહેણું.

૬,૫૩૦ાાા. અંકે છ હજાર પાચસો પોણી એકત્રીસ બાબાશાહીની તાજી ઉઘરાણી, પરચુરણ લોકો પાસે છુટક રકમે લેહેણી દુકાનના ચોપડામાં છસમવાર ખાતામાં ઉધારેલી છે.

૭૦૦૦. અંકે સાત હજાર બાબાશાહીની ડુબવા જેવી ઉઘરાણી, પરચુરણ લોકો પાસે લેહેણી દુકાન ખાતામાં જેના તેના ખાતામાં

૧૩,૫૩૦ાાા.

દેવું.

૧૩,૪૯૧ાાા. પરચુરણ લોકોનું પરચુરણ રકમે આ વેહેપારખાતે થએલું.

મિલકત છે તે.

૩,૦૦૦. દુકાનો ત્રણ, રૂ. ૩૦૦૦ની કિંમતની વડોદરા શેહેરમાં મદનને ઝાંપે લક્કડપીઠામાં છે, તેની ચતુઃસીમાઃ— ** * *,

૧,૦૫૧. ઘર ૧, રૂ. ૧૦૫૧ અંકે એક હજાર એકાવનની કિમતનું મેહેતાપોળમાં છે તેની ચતુઃસીમાઃ— * * *

૧,૫૦૦. રોકડા બાબાશાઈ પરી. મોતીલાલ પુરૂષોત્તમને ઘેર જમે છે.

૧,૦૦૧. ની કિંમતનો માલ દુકાનમાં કાટમાલનો શીલીક છે તે.

૫૦૧. ની કિંમતનું ઘરનું રાચરચીલું, ફરનીચર, વિગેરે.

એણી વિગતે અમારા મૈયત ખાવીંદ શા. માણેકલાલ રણછોડના નામ પર ચાલે છે તે સર્વ આજથી તમો એક હુંડે ઉચ્ચક તમારે માથે કરી આપો આ દસ્તાવેજથી તમારી નામ ઉપર કરી આપ્યું છે, તેથી તેમાંથી અમારો નફો નુકસાન ને હીત અહીત છોડી દેઇ કુલ અખત્યારે તમારા નામ ઉપર ચઢાવી લ્યો, તથા દેવાદારોને જવાબ દો.

સદર પ્રમાણેના દેવાના ભરણામાંથી તથા લેહેણાની ક્યાડી યા ઉઘરાણીના બોજામાંથી છુટી બચવાને માટે તથા હમે અબળાજાતને તેની તોડજોડથી વ્યવસ્થા કરવી મુશ્કેલી ભરેલી લાગ્યાથી એકંદર તરણથી અમારા હીતાહીતનો વિચાર કરી અમે અમારા મૈયત ખાવીંદના નામ ઉપરથી આ તમારા નામપર કરી આપ્યું છે તેથી તેના નફાનુકસાનના તમો જવાબદાર છો.

દુકાનખાતાના મેળ, ખાતાવહી, વિગેરે હિસાબના ચોપડા, તથા ખત પત્ર, આ સોબત તમોને સોંપી દીધા છે.

આ લેખ અમો અમારી રાજી ખુશીથી તથા અક્કલ હુંશિયારીથી કરી આપ્યો છે. ઉપર લખ્યું તે સહી છે."

મે. વડોદરા પ્રાંતના સુબાસાહેબે આ લેખને રૂ. ૧૩.૪૯૧ ના નું વીકીખત ગણ્યાનો પોતાનો અભિપ્રાય અરજદારને તેમાંનુ નં. ૭૭ તા. ૮-૪-૯૧ ની આપેલી નોટીસમાં જણાવેલો છે, તે અભિપ્રાય પોતાને પ્રતીકૂલ સમજી અરજદારે હાલનો અરજ આ તરફ કર્યો છે તેમાં તેનું કહેવું આ લેખને પરિશિષ્ટ ૧, કલમ ૧૮ (ખ) મુજબ ગણી તેટલી લાગતને પાત્ર ઠરાવી આપો એમ છે.

ઠરાવ.

આ લેખમાં દેણાની જણાવેલી રકમ માટે બાકીની મિલકતનું વેચાણ કર્યાના સ્વરૂપનો આ લેખ હોવાનું સુબાસાહેબે માન્યું જણાય છે, તેમ કદાપિ ગણી શકાય.

બીજી રીતે જોતાં તેના મજકુર ઉપરથી તે બક્ષીસપત્રના સ્વરૂપનો પણ ઠરીશકે. આવી મતલબના એક લેખને આ કોરટે બક્ષીસપત્ર ગણ્યુ છે. (જુઓ આ કોરટનો સ્ટાંપ ફૈસલા નં. ૬૬ સન ૧૮૮૯-૯૦ ફૈસલ તા. ૩૧-૧૨-૯૦ (૧). તેમ આ દસ્તાવેજને ગણવો એ વધારે પ્રશસ્ત છે.

કદાપિ એમ માનીએ કે, બેઉ વ્યાખ્યામાં આવી શકે એવી રીતે આ મુસદો તૈયાર કરેલો છે, તોપણ તેની લાગત નક્કી કરવા સારૂ નિબંધની કલમ ૭ ની બીજી રક-

(૧) આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૧૧૬ ઉપર છે.

મનું ધોરણ આવા લેખને લાગુ થાય. તે ધોરણે જોતાં આ લેખ બક્ષીસપત્રને પડે તેટલી લાગતને પાત્ર થશે એવો અમારો ઠરાવ છે.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, એઓસાહેબની રૂબરૂ*.

ફેસલ તા. ૨૫-૫-૯૧.

પારસી જમસેદજી એદલજી કડવા રેહેવાશી નવસારી. દસ્તાવેજ લખીલેનાર.

(નવા સ્ટામ્પ નિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલો : બાઇ નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલોછે.) મજકુર. } દસ્તાવેજ લખીઆપનાર.

સ્ટાંપની લાગત કઇ રકમ ઉપર લેવાની તે—પરિશિષ્ટ ૧, રકમ ૨૩.

ફારગતીના સ્વરૂપના દસ્તાવેજમાં સ્ટાંપની લાગત લેવાની તે જે નિર્દિષ્ટ કરેલી મિલકત ઉપરથી હક્ક છોડયો તે મિલકતની કિંમત ઉપર લેવી કિંવા જે રકમ માટે હક્ક છોડયો તે ઉપર લેવી. ? ઠરાવ થયો કે—લેખને વધારેમાં વધારે કાયદામાં ફરમાવેલી સ્ટાંપની લાગત લગાડેલીછે, માટે આ પ્રશ્નનો નિર્ણય કરવાનું પ્રયોજન નથી.

હકીકત.

આ પ્રકરણ ખુલાસા માટે નવસારી નોંધણીકામદારે યાદી નં. ૩૩ તા. ૨૩-૮-૯૦ થી નવસારીપ્રાંતના નોંધણીસરકામદાર સાહેબ તરફ મોકલ્યું, તેમણે નં. ૧૦૬ તા. ૨૬-૮-૯૦ નો જવાબ દસ્તાવેજ આવેથી ખુલાસો પુછવો, એવો આપ્યો. તે ઉપરથી આજમ નોંધણીકામદારે શેરા નં. ૫૧ તા. ૧૧-૯-૯૦ થી સોબતની લેખની નકલ મોકલી પ્રથમનો ખુલાસો પુછ્યો, તે ઉપરથી રા. બા. નોંધણીસરકામદારસાહેબે પ્રકરણ નં. ૩૮૯ તા. ૭-૧૧-૯૦ ના શેરાથી આ કોર્ટના નોંધણીદફ્તર તરફ મોકલ્યું અને તેમણે આ તરફ મોકલ્યુંછે.

ઉપર જણાવેલા પક્ષકાર દરમ્યાન સંવત ૧૯૪૬ ના શ્રાવણ વદિ ૧૪ વાર ગરેઉ, રોજ ૨ જો, માહા બારમો, સેહેનશાહી ૧૨૫૯, તા. ૧૪ મી આગસ્ટ સને ૧૮૯૦ રોજ દસ્તાવેજ થયો છે. તેનો મુદ્દાનો મજકુર નીચે પ્રમાણે છેઃ—

---

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૪૫ સન ૧૮૯૦-૯૧.

"હમો બન્ને ધણીધણીઆણી હમારી રાજી ખુશીથી આ ફારગતીદસ્તાવેજ લખી આપીએ છીએ કે, તમો હમો મધેના હોરમસજીના સગા બાપ થાઓ છો, તથા હમો મધેનું બાઇ ખરસેદબાઇના સસરા થાઓ છો, આજ દીન સુધી હમો તમારા ઘરમાં તમારી સાથે રહીએ છીએ, પણ હવે હમારી મરજી તમારી સાથે નહીં રેહેતાં જૂદા રેહેવાની છે. માટે આપણી રાજી ખુશીથી સમજુતી ઉપર આવી નીચે લખવા મુજબ રૂ. ૭૫૧ અંકે સાતસેં ને એકાવન તમોએ હમોને રોકડા આપ્યા તે લેઇ તમારાથી આજથી હમો જૂદાં થતાં છીએ. × *

ઉપર મુજબના રૂ. ૭૫૧ સાતસેં એકાવન રૂપીઆ આજ રોજે તમારી પાસેથી રોકડા લેઇ કસબા નવસારી મધે મલેસર ફળીઆમાં, સરજમસેદજીની ઇસ્કોલ સામે, તમોએ પોતે નવું ઘર બાંધ્યું છે, તે ઘરની મિલકત ઉપરથી તથા જીલ્લા સુરત ડીસ્ટ્રિકટ તાલુકા જલાલપુર સબડીસ્ટ્રિકટનુ ગામ મોજે અમલસાડમાં તમારીબાપુકી મિલકત ઘર તથા ખેતીના જમીન વિગેરેની તમારા હિસ્સાની જે છે તે સઘળી, એ રીતની તમારી સ્થાવર તથા જંગમ મિલકત તથા ઘર મધેનો રાચરચીલો સામાન તથા તમારી બીજી તરાહની સ્થાવર તથા જંગમ-મિલકત જ્યાં પણ હશે તે સઘળા ઉપરથી હમોએ હમારો હક્ક તથા દાવો ઉઠાવ્યો છે. માટે આજથીતમારા નવસારી મધેના ઘર ઉપર, તેમજ સઘળી તમારી સ્થાવર જંગમ મિલકત ઉપર, તથા આજ પછી તમો બીજી નવીન મિલકત કરો તે સઘળા ઉપર, હમારો પોતાનો તેમજ હમારા વારસોનો કોઇ પણ રીતનો હકક તમો ઉપર તેમજ તમારા બીજા વારસ વકીલો ઉપર કશી રીતનો નથી. આજ પછે અથવા તમારી હયાતી બાદ આપણા એશોરૂવાનોની ફરજ કાંઇ પણ હમારે શીર નથી. તેમજ શાહુકાર વિગેરેની લેણદેણ તમારૂં હશે તે બાબતનાં હમો જવાબદાર નથી.

એ રીતે આજ રોજે હમો તમારીથી છુટાં થઇ તમારી સઘળી મિલકત ઉપરથી હમારો હક્ક ઉઠાવી આ ફારગતીનો દસ્તાવેજ હમો હમારી રાજી ખુશીથી તથા અક્કલ હુંશી-આરીથી બોન કેફ છતાં તંદુરસ્તીની હાલતમાં લખી આપ્યો, તે હમોને તથા હમારા વારસ વકીલોને કબલ મંજૂર છે. સહી દા. હોરમસજી જમસેદજી કડવા પોતે."

અત્રે. મતુ. અત્રે. સાખ.

* * * * * * .

ઉપર લખેલી મિલકતની વિગત નવસારીનું ઘરગાળો એક જેની કિંમત આશરે રૂ.૪,૦૦૦ ઘરની વિગત * * * મોજે અમલસાડમાં ઘાંચીવાડમાં ઘરગાળો એક કે જેની કિંમત રૂ.૧,૦૦૦ * મોજે અમલસાડની જમીન સરવે નં.૩૫૭,૩૮૫ મામાસીહેબવાળી * * જેની કિંમત રૂ. ૧૦૦, પેટી પટારા વાસણકુસણ રાચરચીલું વિગેરે જેની કિંમત આસરે રૂ. ૨૦૦ ઉપલી વીગતો ઉપરથી સરવે તરાહથી હમોએ હમારો હકક ઉઠાવ્યો છે. તા. ૧૪ મી આગષ્ટ સને ૧૮૯૦.

સહી. + + + સાખ. + + ×

આ લેખ રૂ. ૫ ના સ્ટાંપ કાગળ ઉપર છે.

આજમ નોંધણીકામદાર પોતાની સદરયાદીથી એવો ખુલાસો પુછે છે કે, તેમની કચેરીમાં સ્થાવર મિલકત માટે થયેલી ફારગતી માટે નોંધણીની લાગતલેવાની તે જેટલી રકમ લેઇ મિલકત ઉપરથી હાથ ઉઠાવવામાં આવે તેટલી રકમ માટે લેવાનો વહીવટ છે, ને જે મિલકત ઉપરથી હાથ ઉઠાવવામાં આવે છે તેની કિંમત ઉપર લેવાતી નથી, પણ સ્ટાંપનિબંધ કલમ ૨૭ માં જે મિલકત ઉપરથી હાથ ઉઠાવવામાં આવે તે મિલકતની કિંમત ઉપર લેવા ફરમાવેલું છે, તે પૈકી કઇ રકમ ઉપર નોંધણીની તથા સ્ટાંપની લાગત લેવી તેનો ખુલાસો મળવો વિગેરે. (બીજા શેરામાં) કેમકે ચાલુ વહીવટ વિષે કદાચ વાંધો લેવામાં આવે એવો શક રેહે છે વિગેરે. રા. બા. નોંધણીસરકામદાર સાહેબ લખેછે કે, જ્યાંહાં લીધેલી રકમ લખી હોય ને દાવો છોડેલી મિલકતની કિંમત લખી હોય તેવે પ્રસંગે જાદે રકમ ઉપર હરદુ લાગતો લેવી જોઇએ એવો હમોને વ્યાજબી લાગે છે વિગેરે.

ઠરાવ.

હાલના લેખને તેના સ્વરૂપ પ્રમાણે વધારેમાંવધારે જેટલી કિંમતની લાગત કાયદાએ ફરમાવેલી છે, તેટલી લાગત લાગેલી છે, એટલે, આ લેખને સંબંધે હાલનો સવાલ ઉઠતો નથી, તેથી તેબદલ હાલ કંઇ ઠરાવ કરવાનું પ્રયોજન નથી. નોંધણીકામદારને જણાએલી શંકા લાગુ થાય એવો દસ્તાવેજ તેમના તરફ આવેથી તે લેખ સહ ખુલાસો પુછવો.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, એઓસાહેબની રૂબરૂ *.

ફેસલ તા. ૨૭—૫—૯૧.

મજમુદાર છોટાલાલ રણછોડજી રેહેવાશી ડભોઇ.　　　　દસ્તાવેજ લખીલેનાર.

બાઇ રેવા ઉર્ફે પારવતી કોમ પાઠક પ્રભાશંકર દેવકૃષ્ણ રેહેવાશી સદર.　　　　દસ્તાવેજ લખીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

ખતાં ઉપરનું લેહેણું વેચાણ કર્યાનો લેખ—પરિશિષ્ટ ૧, રકમ ૧૮.

ખતાં ઉપરનું લેહેણું વેચાણ કર્યાનો લેખ, પરિશિષ્ટ ૧, રકમ ૧૮ માં જણાવેલા "બીજાનામ ઉપર કરી આપવાના લેખ"ના સ્વરૂપનો છે, અને તેને સ્ટાંપની લાગત આ રકમ પ્રમાણે પડવાનીછે. દી. સ્ટાં. ખુ. ર. નંબર ૭૨ સન ૧૮૮૯-૯૦. ફેસલ તા. ૩-૯--૯૦ નો ઠરાવ લાગુ કર્યોછે.(૧)

હકીકત.

આ પ્રકરણ આજમ ડભોઇ નોંધણીકામદારની યાદી નં. ૪૨ તા. ૧૦-૧૦-૯૦ ની વડોદરાપ્રાંત નોંધણીસરકામદાર સાહેબ તરફ મોકલેલી, તેઓએ માગેલો ખુલાસો મળવા.

---

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૫૨ સન ૧૮૯૦-૯૧.

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૫૯ ઉપર છે.

શેરા નં. ૪૫૮ તા. ૨૯-૧૧-૯૦ થી આ કોરટ તરફ મોકલ્યાથી નીકળ્યું છે. અભિપ્રાય આપ્યો નથી.

એ લખાણ સાથે આવેલો લેખ સદરના પક્ષકાર દરમ્યાન સં. ૧૯૪૬ ના ભાદરવા સુદિ ૫, તા. ૧૯-૯-૧૮૯૦ વાર શુક્રરને રોજ થયેલો છતાં તેમાંનો મુદ્દાનો મજકુર નીચે મુજબ છે:—

જત લખી આપું છું કે, મારા મૈયત ધણીના નામથી હેઠળ લખ્યા ઇસમો પાસે જે લેહેણું છે તે લેહેણું વ્યાજ સાથે લેવાનો હક તમોને વેચાણ ઉચક રૂ. ૧૦૦૦ અંક એક હજાર બાબાશાઈ માટે આપું છું. તો આજથી એ લેહેણાના માલીક તમો છો ને મેં મારી સત્તા ઉઠાવી લીધી છે-માટે તમે એ લેહેણાના દેણદારો પાસેથી અવેજ વસુલ લેવાના તથા તેમના ઉપર તમારા નામથી દીવાની કોરટમાં દાવા કરવાના તથા તેનાં હુકમનામાં મેળવી અવેજ વસુલ કરી લેવાના, વ તેના નિકાલ કરવાના માલીક તમે છો. મારો એ લેહેણા ઉપર કાંઈ હક્ક સબંધ નથી તેથી હું તમોને એ લેહેણામાં કોઇ પણ પ્રકારે આડે આવનાર નથી. લેહેણાની વિગત નીચે પ્રમાણે છે:- * *(ખત ઉપરથી લેહેણું છે અને તેજ ખતાં વેચાણ આપ્યાં છે. તેનું કુલ) ૧૦૫૩।।। ના. ઉપર મુજબ લેહેણું તમોને વેચાણ આપી તેના દસ્તાવેજ તમોને સોંપ્યા છે, ને તેના પેહેલાના પુરાવાનો કાગળો પણ સોંપ્યા છે. એ લેહેણું સાબીત કરી આપવાનો બોજો મારા ઉપર છે, તેમ કરવામાં હું કસુર કરીશ ને દાવો એજ કારણથી રદ થશે તો વરાડે લીધેલા રૂપીઆ વ્યાજ સહીત તમોને બીનહરકતે પાછા આપીશ. આ લેખ મારી રાજી ખુશીથી તથા અક્કલ હુંશિયારીથી કરી આપ્યો છે, તે કબૂલ મંજૂર છે."

અત્રે.	મતુ.	અત્રે.	સાખ.
*	*	*	*

આજમ નોંધણીકામદાર પોતાની સદર યાદીમાં આ લેખને વેચાણખત ગણી પરિશિષ્ટ ૧ કલમ ૨૯ મુજબ રૂ. ૨૦ ની લાગત જોઇએ એમ અભિપ્રાય આપે છે, કેમકે વેચાણની વ્યાખ્યામાં સ્થાવર સંબંધી કે જંગમ સંબંધી એવા ભાગ પડેલા નથી વિગેરે.

ઠરાવ.

આવા લેહેણાના વેચાણના લેખને આ કોરટે પરિશિષ્ટ ૧, રકમ ૧૮ માં જણાવેલા "બીજાના નામ ઉપર કરી આપવાના લેખ"ના સ્વરૂપનો સ્ટાંપ ખુલાસા નં. ૭૨ સન ૧૮૮૯-૯૦, ફેસલ તા. ૩-૯—૯૦ના ઠરાવ(૧)થી માનેલો છે, માટે તેજ કારણથી હાલનો લેખ પણ સદર કલમ ૧૮ માં આવે એવા સ્વરૂપનો લેખ છે એમ અમે ઠરાવીએ છીએ, અને તેને સદરહુ કલમની પેટા રકમ (ખ) માં જણાવેલી વધારેમાં વધારે લાગત રૂ. ૫ ની લગાડેલી છે, માટે તે પુરા સ્ટાંપ ઉપર થયેલો છે એવો અમારો ઠરાવ છે.

---

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૫૯ ઉપર છે.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, એઓ સાહેબની રૂબરૂ. *

ફેસલ તા. ૨૭–૫–૯૧.

શેઠ નગીનદાસ ઉજમચંદ રેહેવાશી પાટણ.	દસ્તાવેજ લખીલેનાર.
પા. તળસી ઉજમ તથા હીરા સાંકળા. રે. મલ્હારપુરા તાબે પાટણ.	દસ્તાવેજ લખીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે.)

ખેતીકરનારે આપેલી કબૂલાત–સ્ટાંપની લાગતની માફી–પરિશિષ્ટ ૨ રકમ ૨.

ખેતીકરનારે અવધ વરસ ૨૦ ની કબૂલાત એવી આપી કે, ખેડવા લીધેલી જમીન આશરે વિઘાં ૨૭ ની છે તે વાવેતર કરવા સારૂ રાખી છે, અને તે બાબત ઉદ્ધડ રકમ રૂ. ૬૭ દર વરસે સાલો સાલ આપવામાં આવશે, તથા મુદતસર રૂપીઆ ન આપવામાં આવે તો જમીન તાબે કરી લેવી. આ કબૂલાતના લેખ સંબંધે ઠરાવ થયો કે,—"ઉધ્ધડના રૂ ૬૭" કરીને જે લેખમાં લખ્યું છે તે " ઉદ્ધડ " શબ્દ 'સાંથ'ની જગાએ વાપર્યો છે, માટે આ કબૂલાત પરિશિષ્ટ ૨, રકમ ૨ માં આવે છે, અને તેથી તે સ્ટાંપની લાગતની માફીમાં આવે છે.

દી. સ્ટાં. ખુ. ૨. નંબર ૨૫ સન ૧૮૯૦—૯૧ ફેસલ તા. ૨૯-૧૧-૯૦નો ઠરાવ લાગુ કર્યો છે. (૧).

હકીકત.

આ પ્રકરણ આજમ પાટણ નોંધણીકામદારે નંબર ૧૭૭ તા. ૧૨—૧૨—૯૦ની યાદી નોંધણીસરકામદાર સાહેબ મારફતે મોકલેલી તેઓ સાહેબના નંબર ૬૫૩ તા. ૨૩–૧૨–૯૦ ના શેરા સાથે આ તરફ આવેલી તે ઉપરથી ઉત્પન્ન થયું છે.

સદરના પક્ષકાર દરમ્યાન સં. ૧૯૪૭ના કારતક સુદિ ૧૩ (ના) રોજ લેખ થયેલો તેનો મુદ્દાનો મજકુર નીચે મુજબ છે:—

" જત લખીઆપીએછીએ કે, મજકુર ગામની તમારે ખાતે તમારી માલકી કબજા ભોગવટાની જમીન છે, તે જમીન અમોએ આજ તારીખે તમારી પાસેથી વાવેતર કરવા સારૂ લીધીછે તેની વિગત:— × + × એવી રીતે નંબરોની જમીન વિંઘા ૨૭ ના આશરે તેની ઉદ્ધડ રૂ. ૬૭ અંકે સડસઠ કરીને તમારી પાસેથી વાવેતર કરવા સારૂ રાખીછે, તેની અવધ વરસ ૨૦ ની કરીછે. સદરહુ અવધ પુરી થતાંસુધી તમારી જમીન અમે વાવેતર કરીશું, અને ઉદ્ધડના રૂપીઆ ઉપર લખ્યા પ્રમાણે તમને દરસાલ સરકારી પેહેલે હફતે આપીશું. સદરહુ ઉદ્ધડના રૂપીઆ દરસાલ મુદતસર નાઆપીએ તો ઉપર લખેલી મુદત સુધી ના ખેડહક સંગાથે અમારે લેવા દેવા નથી. તમારી જમીન તમારે તાબે કરી લો તેના માલીક તમોછો. સદર જમીનના બાંધુ. નિશાન, સાલ દરસાલ અમે દુરસ્ત કરીશું. એ રીતે આ ગણુવતપટો અમે અમારી રાજી ખુશીથી તથા અક્કલ હુંશિયારીથી લખી આપ્યોછે તે અમારે તથા અમારા વાલી વારસોને કબૂલ મંજૂર છે."

અત્ર મતુ અત્ર સાખ

* * * * * *

---

* દી. સ્ટાં. ખુ. ૨. નં. ૭૦ સન ૧૮૯૦-૯૧ (૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૧૦૩ ઉપર છે.

આજુમ નોંધણીકામદાર જણાવેછે કે, "આ સાદા કાગળ ઉપર લેખ છે, ને તે માફીમાં પરિશિષ્ટ ૨, કલમ ૨ મુજબ આવેછે એમ મને લાગેછે. પણ મારી સમજુત ભુલની લાગે તો ખુલાસો થઈ આવવો વિગેરે." નોંધણીસરકામદાર સાહેબે અભિપ્રાય આપેલો નથી.

ઠરાવ.

ખેતીકરનારે આપેલી કબૂલાત જો ઉચ્ચક રકમ ન હોય તો ગમે તેટલી મુદ્દતની હોય તો પણ, જો વાર્ષિક સાંથ ૧૦૦ રૂપીઆથી અધિક ન હોય તો સ્ટાંપ નિબંધના પરિશિષ્ટ ૨ ની કલમ ૨ ના આધારે માફીમાં આવે છે, એવું આ કોરટે સ્ટાંપ ખુલાસા નં. ૨૫ સને ૧૮૯૦-૯૧, ફેસલ તા. ૨૯-૧૧-૯૦ ના ઠરાવથી ઠરાવેલું છે,(૧) તે ધોરણે હાલનો લેખ પણ માફીમાં આવે છે એમ અમે ઠરાવીએ છીએ. આ લેખમાં "ઉદ્ધડના રૂ. ૬૭" કરીને લખ્યું છે તે "ઉદ્ધડ" શબ્દ સાંથની જગોએ વાપર્યો છે એમ આ લેખ ઉપરથી થાય છે.

ટીપ—હી. સ્ટાં. ખુ. ૨. નંબર ૧૧૩ સન ૧૮૯૦-૯૧ ફેસલ તા. ૩૧-૫-૯૧ નો ઠરાવ આગળ છે તે પણ જુઓ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, એઓ સાહેબની રૂબરૂ*.

ફેસલ તા. ૨૭-૫-૯૧.

પા. બાવાભાઇ ઉમેદ તથા પા. ભવાન અભેસંગ તથા પા. અમરશીંગ સજાણસીંગ રે. ગંધારા. } દસ્તાવેજ લખીલેનાર.

બાઇ સુરજ બાપુ અનોપની વીધવા રે. મજકુર. દસ્તાવેજ લખીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલોછે).

ગીરોની રકમ આપવાની જવાબદારી સાથે મિલક્તનું વેચાણખત—તેને સ્ટાંપની લાગત—નિબંધની કલમ ૨૧—પરિશિષ્ટ ૧, રકમ ૨૯.

ગીરોની રકમ આપવાની જવાબદારી સાથે મિલકત વેચાણ કરવામાં આવે તો ગીરોની આપવાની રકમ, તથા જે રકમ માટે માલકીહક્ક વેચવામાં આવ્યો તે રકમ, મળી કુલ રકમ ઉપર નિબંધની કલમ ૨૧ અન્વયે સ્ટાંપની લાગત લેવાનીછે, અને તે પરિશિષ્ટ ૧, રકમ ૨૯ અન્વયે ઉપર પ્રમાણે કુલ રકમ ઉપર લેવાનીછે.

દસ્તાવેજમાં ગીરોની રકમ દેખાડી નથી માટે તે નક્કી કરી લેવી જોઇએ.

હી. સ્ટાં. ખુ. ૨. નંબર ૪૭ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૨૭-૧૧-૯૦ નો ઠરાવ લાગુ કર્યોછે. (૨).

---

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૧૦૩ ઉપર છે;

* હી. સ્ટાં. ખુ. ૨. નંબર ૭૩ સન ૧૮૯૦-૯૧. (૨) આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૮૯ ઉપર છે.

હકીકત.

આ પ્રકરણ ચોરંદાના આજમ નોંધણીકામદારે યાદી નં. ૫૧ તા. ૫-૧૨-૯૦ ની મે. વડોદરાપ્રાંતના નોંધણી સરકામદાર મારફતે મોકલેલી તેઓએ અભિપ્રાય મંગાવી છેવટ આ કોરટ તરફ શેરા નં. ૫૬૮ તા. ૧૨-૧૨-૯૦ થી નોંધણીશાખામાં મોકલી તે શાખા તરફથી આ દફતરે નં. ૧૧૫ તા. ૩૦-૧૨-૯૦ ના શેરાથી આપી તે ઉપરથી ઉત્પન્ન થયું છે. સદર યાદી સાથે બે દસ્તાવેજોની નકલો ખુલાસા માટે મોકલેલી તે પૈકી અહીં નીશાણી કરેલા (અ) દસ્તાવેજ સંબંધે આ હકીકત છે.

સદરના પક્ષકાર દરમ્યાન સંવત ૧૯૪૭ ના કારતક વદી ૭, તા. ૩ માહે ડીસેંબર સન ૧૮૯૦, રોજ દસ્તાવેજ થયેલાનો મુદ્દાનો મજકુર નીચે પ્રમાણે છેઃ— * *

" જત રૂ. ૧૦૦ અંકે એકસો પુરા ગેકડા બાબાશાઈ શિક્કાના લીધા છે. એ રૂપીઆના પેટે અમારા ધણીના ખાતાની જમીન ગુંધારા ગામની સીમની તેની વિગતઃ— * * (ખેતરાં ૧૬). એણી વિગતે ઉપર લખેલી મિલકત તમોને ઉપરના રૂપીઆના પેટે વેચાણ યાવતચંદ્રદિવાકર ચાંદો સુરજ તપે ત્યાં સુધી અભરામ કુલ નદાવા કરી વેચાણ આપ્યું છે. એ જમીનનો સરકાર હક તમો ભરજો, ને ઉપરની જમીન પૈકી લોકોને ત્યાં ગીરો હોય તે જમીન રૂપીઆ આપી છોડાવી લેજો. એ જમીનનો ભોગવટો તમારી મરજી પ્રમાણે કરજો, તેમાં કોઇનાથી હરકત થાય નહીં. આ દસ્તાવેજ અમારી રાજી ખુશીથી જાતે બેશીને લખી આપ્યો છે તે અમારે તથા અમારા વારસોને કબૂલ મંજૂર છે. એ લખ્યું તે સહી." * *

અત્રે	સહી.	અત્રે	સાખ.
*	*	*	*

આજમ નોંધણીકામદાર લખે છે કે, વેચેલી જમીન બીજાને ઘેર ગીરો છે તે છોડાવવાની જવાબદારી વેચાણલેનાર ઉપર નાખી છે. ને તે લેખમાં સ્પષ્ટ રકમવાર નસ્તાં મોઘમ રાખી. છે. માટે સ્ટાંપ કેટલો ગણાવો એ બાબત વિચાર થવો જોઇએ; અને મે. સરકામદારે અભિપ્રાય પુછેલો તેમાં જણાવે છે કે, પક્ષકારોએ જવાબમાં ગીરોની રકમ લખાવી છે તે ધોરણે તે ગીરોની રકમ તથા વેચાણની રકમ એકઠી કરી તે એકંદર રકમ ઉપર સ્ટાંપ લેવો જોઇએ.

મે. નોંધણી સરકામદાર સાહેબે પ્રકરણ આગળ રવાના અભિપ્રાય આપ્યા શિવાય કર્યું છે.

ઠરાવ.

આ કોરટના સ્ટાંપ ખુલાસા નં. ૪૭ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૨૭-૧૧-૯૦ના ઠરાવથી ઠરાવ્યા પ્રમાણે હાલનો લેખ પણ સ્ટાંપનિબંધની કલમ ૨૧ માં આવે છે. માટે ગીરો રાખનારાઓને આપવાની રકમ તથા પ્રસ્તુતના દસ્તાવેજથી આપેલી રકમ રૂ. ૧૦૦ મળી જે રકમ થાય તેના વેચાણનો મોબદલો સમજી તે રકમ ઉપર પરિશિષ્ટ ૧, રકમ ૨૯ પ્રમાણે લાગત ગણી તેટલી કિંમતનો સ્ટાંપ લગાવવો જોઇએ.

હાલના લેખમાં ગીરો રાખનારાઓને આપવાની રકમ દેખાડી નથી માટે તે રજુ-કરનારથી નોંધણીકામદારે લખી લેવી, અને ઉપર પ્રમાણે લાગત ગણતાં તે લગાડેલા સ્ટાંપની કિંમત કરતાં વધારે થાય તો પછી આ દસ્તાવેજ અટકાવી નિબંધની કલમ ૩૧ અન્વયે સુબા સાહેબ તરફ મોકલો દેવો.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, એઓસાહેબની રૂબરૂ*.

ફેસલ તા. ૨૭-૫-૯૧

પા. બાવાભાઈ ઉમેદ, તથા પા. ભવાન અભેસીંગ, તથા પા. અમરસીંગ સજાણસીંગ રેહેવાશી ગંધારા. | દસ્તાવેજ લખીઆપનાર.

બાઈ સુરજબાપુ અનોપની વીધવા રે. મજકુર. દસ્તાવેજ લખીલેનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણી ખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

ગીરોની રકમ આપવાની જવાબદારી સાથે મિલકતનું કરેલું વેચાણખત—તેને સ્ટાંપની લાગત—નિબંધની કલમ ૨૧—પરિશિષ્ટ ૧, રકમ ૨૯.

ગીરોની રકમ આપવાની જવાબદારી સાથે મિલકત વેચાણ કરવામાં આવે તો ગીરોની આપવાની રકમ તથા જે રકમ માટે માલકી હક વેચવામાં આવ્યો તે રકમ મળી કુલ રકમ ઉપર નિબંધની કલમ ૨૧ અન્વયે સ્ટાંપની લાગત લેવાની છે, અને તે પરિશિષ્ટ ૧ રકમ ૨૯ અન્વયે ઉપર પ્રમાણે કુલ રકમ ઉપર લેવાની છે.

દસ્તાવેજમાં ગીરોની રકમ દેખાડેલી ન હોય તે નક્કી કરી લેવી જોઇએ.

ડી. સ્ટાં. ખુ. ર. નંબર ૪૭ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા.૨૭-૧૧-૯૦ નો ઠરાવ લાગુ કર્યો છે(૧).

હકીકત.

આ પ્રકરણ આજમ ચોરંદા નોંધણીકામદારે યાદી નં. ૫૨ તા. ૫-૧૨-૯૦ની મે. વડોદરા-પ્રાંતના નોંધણીસરકામદાર મારફત મોકલેલી તેઓએ અભિપ્રાય મંગાવી છેવટે આ કોરટ તરફ, શેરા નંબર ૫૬૮, તા. ૧૨-૧૨-૯૦ થી નોંધણી શાખામાં મોકલેલી. તે શાખાના નં. ૧૧૫ તા. ૩૦-૧૨-૯૦ ના શેરાથી આ દફતરે આવી, તે ઉપરથી ઉત્પન્ન થયું છે. સદર યાદી સાથે એ દસ્તા-વેજની નકલો ખુલાસા માટે મોકલેલી તે પૈકી અહીં નીશાણી કરેલી (બ) નકલ સંબંધે આ હકીકત છે.

સદરના પક્ષકારના દરમ્યાન સં. ૧૯૪૭ ના કારતક વદી ૭, તા. ૩ માહે ડીસેંબર સન ૧૮૯૦ રોજ દસ્તાવેજ થયેલાનો મુદ્દાનો મચકુર નીચે મુજબ છેઃ—

ડી. સ્ટાં. ખુ. ર. નંબર ૧૨૧ સન ૧૮૯૦-૯૧

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૮૯ ઉપર છે.

" જત રૂ. ૧૦૦ અંકે રૂપીઆ સો પુરા રોકડા બાબાશાઈ શિક્કાના લીધા છે. એ રૂપીઆને પેટે મારા ધણીને ખાતે ચાલે છે તે જમીન કુંભા ૧૫-૪૦-૧૦ નંબર પૈકી કીત્તિ કોતરડીવાળું ગંધારાની સીમમાં તેના ખુટઃ— * * ઘર નં. ૧ પિઢેરી, ગંધારા ગામમાં બાંધેલું ગભાણ સુદ્ધાંત તેના ખુટઃ— * * * ઉપરના ઘરની જોડે ઓતરાબી બાજુ અડાળી છે તે સુદ્ધાં વાડો નગ ૧ * * એણી વિગતે ઉપર લખ્યા પ્રમાણેની મિલકત તમોને આવતચંદ્રદીવાકર ચાંદો સુરજ તપે ત્યાં સુધી અભરામ કુલ નદાવા કરી તમોને વેચાણ આપી છે. એ જમીનની દાણ તમો સરકારને શીરસ્તા પ્રમાણે ભરજો. આ જમીનને કંઈ ખરખરકત થાય તો અમે જવાબ દઇએ, અને ઉપર લખેલી જમીન લોકોને ત્યાં ગીરો મુકેલી છે તે તમો રૂપીઆ આપી છોડાવી લેજો. આ ખત અમો અમારી રાજી ખુશાથી જાતે બેશીને લખી આપ્યું છે, તે કબૂલ મંજૂર છે. ને ઉપર જે ઘર લખ્યું છે તે પૈકી અડધું ઘર તમોને વેચાણ આપ્યું છે ને દક્ષણાતા પાસાનો ભાગ વેચાણ આપ્યો છે. એ લખ્યું તે સહીં. પોતાના ઘરમાથી પાળીએ સહીં. દા. નાથા ત્રીકમજી થરડીના. "

અત્ર	મતુ	અત્ર	સાખ.
*	*	*	*

આજમ નોંધણીકામદાર બતાવેછે કે, વેચેલી જમીન બીજાને ઘેર ગીરો છે તે છોડાવાની જવાબદારી વેચાણલેનાર ઉપર નાંખી છે, ને તે લેખમાં સ્પષ્ટ રકમ વાર નસ્તાં મોઘમ રાખીછે, માટે સ્ટાંપ કેટલો ગણવો એ બાબત વિચાર થવો જોઈએ, અને મે. સરકામદાર સાહેબે અભિપ્રાય પુછેલો તેમાં જણાવે છે કે, પક્ષકારોએ જવાબમાં (અલાહીદામાં) ગીરોની રકમ લખાવી છે તે ધોરણે તે ગીરોની રકમ તથા વેચાણની રકમ એકઠી કરી તે એકંદર રકમ ઉપર સ્ટાંપ લેવો-જોઇએ.

મે. સરકામદાર સાહેબના અભિપ્રાય આપ્યા શિવાય પ્રકરણ આગળ રવાના કર્યુંછે.

ઠરાવ.

આ કોરટના સ્ટાંપ ખુલાસા નં. ૪૭ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૨૭-૧૧-૯૦ ના ઠરાવ થી(૧) ઠરાવ્યા પ્રમાણે હાલનો લેખ સ્ટાંપનિબંધની કલમ ૨૧ માં આવેછે માટે ગીરોરાખનારને આપવાનીરકમ તથા પ્રસ્તુતના લેખમાં આપેલી રકમ રૂ. ૧૦૦ મળી જે રકમ થાય તેના વેચાણનો મોબદલો સમજી તે રકમ ઉપર પરિશિષ્ટ ૧, રકમ ૨૯ પ્રમાણે લાગત ગણી તેટલી કિંમતનો સ્ટાંપ લગાવવો જોઇએ.

હાલના લેખમાં ગીરોરાખનારને આપવાની રકમ લખી નથી માટે તે રજુકરનારથી નોંધણીકામદારે લખી, લેવી. અને ઉપર પ્રમાણે લાગત ગણતાં તે લગાડેલા સ્ટાંપની કિંમત કરતાં વધારે થાય તો પછી આ લેખ અટકાવી નિબંધની કલમ ૩૧ અન્વયે સુબાસાહેબ તરફ મોકલીદેવો.

---

(૧). આ ઠરાવ પછવાડે પૃ ૮૯ ઉપર છે.

રા. બાં. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય તથા અબ્બાસ સમ્સુદીન તૈયબજી, જજ્ય, એઓસાહેબની રૂબરૂ.*

ફેસલ તા. ૨૯-૫-૯૧.

શા. મકનદાસ ભાણાભાઇની દુકાન ચલાવનાર માલીક મોતીરામ હુરગોવનદાસ રેહેવાશી કસબે ગણદેવી.	}	દસ્તાવેજ લખીલેનાર.
ભાવસાર ભગવાન નાગર બીન કફીર રેહેવાશી મજકુર.		દસ્તાવેજ લખીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલોછે).

ઉપાડનું ખાતું તથા તે બાબત તારણમાં સ્થાવરમિલકત લગાડી આપવી—ગીરેખત—પરિશિષ્ટ ૧, રકમ ૯.

દસ્તાવેજમાં કરારની સરતો એવી કરી આપેલી હતી કે, કરીઆપનારે ઉપાડનું ખાતું કરીલેનારને ત્યાંહાં ચલાવ્યુંછે, તે ખાતેથી જે દેવું પડે તે બાબત કરેલા ઠરાવ પ્રમાણે અમુક વ્યાજ આપવામાં આવશે, તથા ખાતું જે દિવસ સુધી ચાલે અને છેવટ બાકી જે નીકળે તેના તારણમાં સ્થાવરમિલકત સાનમાં આપીછે. એવી રીતે દસ્તાવેજમાં કરારની સરતો હોવાથી ઠરાવ થયો કે,—આ દસ્તાવેજ ગીરેખત છે, તથા આવા પ્રકારના લેખમાં કેટલી રકમ સુધી ખાતેબાકી રાખવી એવું જણાવ્યું ન હોય ત્યારે સ્ટાંપની લાગત નક્કી કરવાને અર્થે સાનવાળી મિલકતની કિંમત જે હોય તે ઉપર ગીરેખત, પરિશિષ્ટ ૧, રકમ ૯ પ્રમાણે સ્ટાંપની લાગત લેવી જોઇએ.

દી. સ્ટાં. ખુ. ર. નંબર ૪૪ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૬-૪-૯૦ નો ઠરાવ વિચારમાં લીધો છે (૧).

હકીકત.

આ કામ રાવસાહેબ નોંધણીખાતાના તપાસણીકામદારે યાદી નંબર ૮૦૫ તા.૭-૬-૯૦ થી ખુલાસો થવા આ તરફ મોકલ્યું છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમ્યાન સં. ૧૯૪૬ ના કારતક શુદિ ૮, તા. ૧-૧૧-૮૯ વારે શુકરના રોજ દસ્તાવેજ થયો છે. તેમાંનો મુદ્દાનો મજકુર નીચે પ્રમાણે છેઃ—

"અમોએ તમારે ત્યાંહાં સં. ૧૯૪૫ ના આસો માસથી ખાતું ચલાવ્યું છે, રોકડ તથા માલ મતાનું. તે ખાતા મધે તમારી ખાતાવહીથી તમારે હિસાબે અમારે દેવું પડે તે તમને દર રૂ. ૦॥ આનાના વ્યાજ સાથે તમો માગો તે વખતે બીન તકરારે આપવા સહી. આપતાં કસુર કરૂં તો નીચે લખેલી મારી મિલકતથી વસુલ કરી લેવા તમે મુખત્યાર છો. તે મિલકતની

---

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૧૨ સન ૧૮૯૦-૯૧.

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૧૭૫ ઉપર છે.

વિગત નીચે પ્રમાણેઃ— × × ×. ખાતું જે દિવસ સુધી ચાલે અને છેવટ બાકી જે. રૂા. નીકળે તેની સાનમાં ગીરવીમાં છે. + + + એણીવિગતે ચતુર દિસામાંનું ઘર તથા વાડા કાછા સુદ્ધાં તમને ગીરવી લખી આપ્યુંછે તે સહી. એની વિગતનુંઘર હમોને ચારે હીસ્સે મારા બાપ તરફથી મળેલું તે તમને સાનગીરવી લખી આપ્યું તે કબૂલ મંજૂર સહી. તમારા રૂપીઆ તમો માગો તે વખતે આપતાં કસુર કરૂં તો ઉપર લખેલી મિલકતથી વસુલ કરી લેવા, તેથી ઘટ પડે તો અમારી બીજી મિલકત તથા જાતથી વસુલ કરીલેવા તમો મુખત્યાર છો. વિગેરે".

સહી. સાખ.

* * * * * *

રાવસાહેબ તપાસણીકામદાર ઉપરની પોતાની યાદીમાં જણાવે છે કે, એવા દસ્તાવેજને સ્ટાંપ કેટલો જોઈએ એનો ખુલાસો સ્ટાંપકાયદાથી નીકળતો નથી. પક્ષકારે રૂ. ૧ નો સ્ટાંપ લગાવેલો છે તે રૂ. ૨૦૦ ની રકમ સુધી બસ થવાનો છે, વધારે બાકી નીકળે તો સ્ટાંપનિબંધની કલમ ૨૩ પ્રમાણે પાછળથી સ્ટાંપ લગાવવાને જુના સ્ટાંપનિબંધ પ્રમાણે ઠરાવ નથી. પક્ષકારે હાલના દસ્તાવેજમાં કંઇ યત્તા કરેલી નથી, અને કરેલી હોય તોપણ, સ્ટાંપનિબંધની કલમ ૧૫-૫૫ પ્રમાણે એવા દસ્તાવેજ કરવાથી સ્ટાંપની ઉપજને નુકશાન થવાનું છે, કારણ દરએક વખતે લીધેલી કરજની રકમ માટે સ્ટાંપ જોઇએ. આવા દસ્તાવેજ ઇંગ્રેજીમાં કાયદાની સખતાઇથી થતા ન હોય એવું લાગેછે, પરંતુ અહીં થાયછે. માટે એવા દસ્તાવેજને સ્ટાંપ કેટલો હોય તે યોગ્ય માનવો એ વિષે તથા લોકોએ શીરીતે વર્તવું તે બદલ વિચાર થઇ ઠરાવ થઇ આવશે. હાલનો દસ્તાવેજ રૂ. ૧ ના સ્ટાંપ ઉપર થયેલો છે.

ઠરાવ.

આ કોરટના સ્ટાંપ ખુલાસા નં. ૪૪ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૬-૪-૯૧ ના ઠરાવ (૧) ના આધારે હાલનો લેખ ગીરોખતની વ્યાખ્યામાં આવે છે.

ગીરોવાળી મિલકતની કિંમત અથવા ખાતાની કેટલે સુધી બાકી રાખવાની એ બદલ લેખમાં કંઇ જણાવેલું નથી.

આવા પ્રકારના લેખમાં જ્યારે કેટલી રકમ સુધી ખાતે બાકી રાખવી એવું જણાવ્યું ન હોય ત્યારે સ્ટાંપની લાગત નક્કી કરવાને અર્થે સાનવાળી મિલકતની કિંમત પુરતી બાકી રાખવાનું ઠરાવ્યું છે એમ સમજવાનું છે. માટે હાલના લેખની લાગત નક્કી કરવાને સંબંધે રજુકરનારથી સાનમિલકતની કિંમત પુછી લેઈ, તે રકમના ગીરોખતને પરિશિષ્ટ ૧ મુજબ પડનારી લાગત જેટલી હાલ લગાડેલી છે તે સ્ટાંપકાગળની કિંમત થતી હોય તો લેખ પુરી લાગત ભરેલો માનવો, પણ તેમ ગણતાં ઓછી કિંમતનો છે એમ જણાય. અથવા

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૧૭૫ ઉપર છે.

રજુકરનાર મિલકતની કિંમત બતાવે નહીં તો દસ્તાવેજ અટકાવી આ ઠરાવને આધારે પ્રાંતના સુબા તરફ મોકલવો, એટલે સુબાસાહેબ તે સંબંધે કાયદા પ્રમાણે કરવાની તે તજવીજ કરશે એવો ઠરાવ અમે કરીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, એઓસાહેબની રૂબરૂ.*

ફેસલ તા. ૩૧—૫—૯૧.

પંડયા હરીવલવં ભાણાભાઇ રેહેવાશી સીનોર. દસ્તાવેજ કરીલેનાર.

પા. મીઠાભાઇ ગીરધરભાઇ રેહેવાશી હીંગલોદ તાબે સીનોર. } દસ્તાવેજ કરીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલોછે).

ખેતીકરનારાએ આપેલી કબૂલાત—સ્ટાંપની લાગતની માફી—પરિશિષ્ટ ૨, રકમ ૨.

ખેતીકરનારાએ અવધ વરસ ૩ ની કબૂલાત એવી આપી કે, ખેડવા લીધેલી જમીન કુંભા દોઢની છે તે ખેડવા સારૂ દાણે રાખેલી છે, તેની દાણ દરસાલ રૂ. ૧૭ ઉદ્ધડના આપવાના ઠરાવ્યા છે તથા સરકારી સલામી વિગેરે ખેડનાર ઉપર છે. આ કબૂલાતના લેખ સંબંધે ઠરાવ થયો કે લેખમાં " ઉદ્ધડ " શબ્દ દાણના એકંદર આંકડાનો સુચક છે એમ સમજવાનું છે, તથા કાયદામાં, " ઉદ્ધડ "શબ્દ વાપર્યો છે તે અર્થઅત્રે નથી તેથી આ કબૂલાતનો લેખ પરિશિષ્ટ ૨ રકમ ૨ પ્રમાણે સ્ટાંપની લાગતની માફીમાં આવે છે.

ડી. સ્ટાં. ખુ. ૨. નંબર ૨૫ સન ૧૮૯૦–૯૧ ફેસલ તા. ૨૯-૧૧-૯૦ નો ઠરાવ લાગુ કર્યોછે.(૧).

હકીકત.

આ પ્રકરણ આજમ શીનોર નોંધણીકામદારે જા. નં ૧૪૨ ની યાદી ખુલાસા માટે મે. વડોદરાપ્રાંતન્યાયાધીશ નોંધણીસરકામદાર સાહેબ મારફત મોકલેલી તેઓ સાહેબના જાવક નં. ૧૫૬૫ તા. ૨૭–૪–૯૧ ના શેરા સાથે આ કોરટ તરફ આવેલો તે ઉપરથી ઉત્પન્ન થયું છે.

સદર યાદી સોબત ઉપરના પક્ષકાર દરમ્યાન સં. ૧૯૪૭ ના ચૈત્ર શુદિ ૧૩ તા. ૨૧–૪–૯૧ ના રોજ થયેલા લેખની નકલ આવી છે. તેનો મુદ્દાનો મજકુર નીચે પ્રમાણે છેઃ–

"જત આ ગણોતપટો લખી આપુંછું કે, મોજે હીંગલોદનો સીમની માજી જમીન કુંભા ૧ાા દોડ જુની સરવઇ નંબર ૩૨૯ વાળી બાવળીઆના બ્રાહ્મણ જીભાઇ નરભેરામના પસાય-

---

*ડી. સ્ટાં. ખુ. ૨. નંબર ૧૧૩ સન ૧૮૯૦-૯૧. (૧). આ ઠરાવ પછવાડે પૃ ૮૯ ઉપર છે.

તાની તમોને કબજાગીરો આપેલી છે. તે જમીન તમોએ અમોને ખેડવા સારૂં દાણે સાંથી છે, તેની દાણ દરસાલ રૂ. ૧૭ અંકે સત્તર ઉદ્દડ આપવાના ઠરાવ્યા છે, તે પ્રમાણે દરસાલ આપતા જઇશું ને પોહોંચ લેતા જઇશું. આ ગણોતપટો વરસ ત્રણની મુદત સુધીનો કરીઆપ્યો છે, તેથી ત્રણ વરસની દાણના રૂ.૫૧ અંકે એકાવન તમને ભર્યા શિવાય જમીન મજકુર અમે છોડી દઇએ નહીં, ને એ ત્રણ વરસની મુદત પુરી થયા પછી બીનતકરાર તમો કહેશો તે વખત ખેડહક્કનો કબજો છોડી દેઈશું. એ જમીન અમે જાતે ઘેર ખેડીએ અથવા કોઈનાથી ખેડાવીએ, અથવા પડતર મુકીએતો એ તમારા દાણના રૂપીઆ ઉપરના ઠરાવ પ્રમાણે આપતા જઇશું. આજ સુધી જે હવાલદારી તથા સલામી હક્ક સરકારીથી લેવાય છે તે હમો આપીશું. તમોને તો ચોખા રૂ. ૧૭ દરસાલ પ્રમાણે વરસ ત્રણના રૂ. ૫૧ અંકે એકાવન આંપવાનો આ ગણોતપટો લખી આપ્યોછે. હવે પછી એ જમીન ઉપર સરકારથી કંઈ નવીન હક્ક લાગુ થશે તો તે આપવાના જવાબદાર અમો છીએ. સદરહુ દાણના રૂ.૧૭ દરસાલ ફાગણ સુદિ ૨ જે આપતા જઇશું. મુદતસર દાણ નાભરાય તો વ્યાજ ટકા ૧ એક લેખે ગણીને આપીશું સહી. કદાપિ દાણ ચઢી જાય તો મુદત અંદર જમીન છોડાવા તમને અધિકાર આપ્યોછે." * * *

સહી. સાક્ષી.

* * * * * *

"તાજાકલમ સદરહુ જમીન ઉપર હવાલદારી દર સાલ રૂ. અર્ધો લેવાય છે, તથા સલામી હક્ક વાવેતર હોય તો રૂ. ૨ લેવાય છે, વાસેલ પડતર રહે ત્યારે સલામી લેવાતી નથી. એ હક્ક હમારે શીર છે. ચૈત્ર સુદિ ૧૩ સં. ૧૯૪૭."

સહી. સાક્ષી.

* * * *

આજમ નોંધણીકામદાર એવો સંશય બતાવે છે કે, તેમની સમજ પ્રમાણે પરિશિષ્ટની કલમ ૨ માં "અથવા" શબ્દ છે તેથી એવી બન્ને બાબતો દસ્તાવેજમાં હોય તોજ માફી સમજવી એમ નથી, માટે હાલના દસ્તાવેજને સ્ટાંપની જરૂર નથી. પણ સ્પષ્ટ ઠરાવ થવા પ્રકરણ મોકલ્યું છે. મે. નોંધણી સરકામદારસાહેબ આ લેખ સદર કલમ પ્રમાણે માફીમાં આવતો નથી, એમ અભિપ્રાય દરશાવે છે.

ઠરાવ.

આ કોરટના સ્ટાંપ ખુલાસા નં. ૨૫ સન ૧૮૯૦-૯૧ ફેસલ તા. ૨૯-૧૧-૯૦(૧)માં ઠરાવ્યા પ્રમાણે જો દાણની દર વરસની રકમ રૂ. ૧૦૦ અંકે સોકરતાં વધારે નહોય તો ગમે તેટલી મુદતની કબૂલાત હોય તો પણ તે સ્ટાંપનિબંધ પરિશિષ્ટ ૨, રકમ ૨ માં આવી શકે છે. (જુઓ સ્ટાંપ ખુલાસા નં. ૬ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૧૭-૩-૯૦) (૨) તે મુજબ હાલની કબૂલાત

---

(૧) આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૮૯ ઉપર છે. (૨). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૧૭ ઉપર છે.

હોવાથી તે માફીમાં સદરહુ કલમ મુજબ આવે છે એમ અમે ઠરાવીએ છીએ. લેખમાં "ઉદ્દક" એ શબ્દ દાણના એકંદર આંકડાનો સુચક છે એમ સમજવાનું છે. કાયદામાં "ઉદ્દક" શબ્દ વાપર્યો છે તે અર્થ એ અત્રે નથી.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ, આઠલ્યે, જજ્જ, એઓસાહેબની રૂબરૂ. *

ફેસલ તા. ૨-૬-૯૧.

પરોત રેવાશંકર નરોતમ રેહેવાશી શીનોર. દસ્તાવેજ લખીલેનાર.

પા. ૧ રધુભાઇ જોરાભાઇ મૈયતના પુત્ર ભવાનભાઇ વરધભાઇ તથા ભાઇલાલ ભાઇ વરધભાઇ તે સગીરોનો વાલી ભવાન ભાઇ રેહેવાશી મજકુર.	દસ્તાવેજ લખીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધસંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

ઉપાડ કરવા સંબંધે કરાર—ગીરોખત—નિબંધની કલમ ૭ અગર પરિશિષ્ટ ૧, રકમ ૬ તથા ૯.

દસ્તાવેજમાં કરારની સરતો એવી કરી આપી હતી કે, અમુક રૂપીઆ સુધી જે ઉપાડ કરવામાં આવે તે બદલ અલાહીદા ખાતું પાડી આપવામાં આવશે, તથા ઉપાડ કરેલી રકમો માટે, વ્યાજ આપવામાં આવશે, અને ઉપાડ કરેલી રકમો તથા વ્યાજ જે થાય તે બાબત સ્થાવરમિલકત સાનમાં તારણ તરીકે લખી આપી છે. આ દસ્તાવેજને કરાર કિંવા કરારની યાદી પરિશિષ્ટ ૧ રકમ ૬ માં આવે તેજ પ્રમાણે કરાર પુરો કરવામાં વધારામાં મિલકત તારણમાં લખી આપી છે, તેથી દસ્તાવેજ ગીરવીખતની વ્યાખ્યામાં પણ આવે માટે દસ્તાવેજમાં ઉપાડની જે રકમ સુધી યત્તા બતાવી છે તેટલી રકમ ઉપર નિબંધની કલમ ૭ ભાગ ૨ અન્વયે ગીરોખત પરિશિષ્ટ ૧, રકમ ૯ પ્રમાણે લાગત લેવી જોઇએ.

દી. સ્ટાં. ખુ. ૨. નંબર ૭ સન ૧૮૯૦-૯૧, ફેસલ તા. ૪-૫-૯૧ તથા નંબર ૪૪ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૬-૪-૯૧ ના ઠરાવ (૧) લાગુ કર્યો છે.

હકીકત.

આ પ્રકરણ આજમ શીનોર નોંધણીકામદારની નં. ૯૫ તા. ૨૬-૧-૯૧ ની યાદી વડોદરા પ્રાંતના નોંધણીસરકામદાર તરફ મોકલેલી તેમણે આજમ નોંધણીકામદારનો અભિપ્રાય મંગાવી શેરો નંબર ૯૭૭ તા. ૧૬-૨-૯૧ થી આતરફ મોકલી તે ઉપરથી ઉત્પન્ન થયું છે.

---

* દી. સ્ટાં. ખુ. ૨. નંબર ૯૦ સન ૧૮૯૦-૯૧. (૧). આ ઠરાવ પછવાડે અનુક્રમે પૃષ્ઠ ૨૦૯ તથા પૃષ્ઠ ૨૭૫ ઉપર છે.

સદર પ્રકરણ સાથે સદરના પક્ષકારોના દરમ્યાન સં. ૧૯૪૬ ના પોસ શુદિ ૧૦ વાર સોમ, તા. ૧૯-૧-૯૧, નો લેખ થયેલાની નકલ આવી છે તેનો મુદ્દાનો મજકુર નિચે પ્રમાણે છે:—

"જત તમારે ત્યાંહાંથી કરજ રૂપીઆ લેવા છે તે બદલમાં કરાર કરીએ છીએ તેની તપશીલ નિચે પ્રમાણે:—

૧. તમારે ત્યાંહાંથી એકંદર ખાતામાં રૂપીઆ ૨૪૯૫ સુધી ઉપાડ કરીશું, એથી જાદે કરીશું નહીં.

૨. જેટલી રકમ જે તારીખે લઇશું તેટલી તે તારીખની હમો અમારૂં ખાતું પાડી તેમાં ઉધારી આપીશું.

૩. ખાતાના વ્યાજનો કરાર દર માસે દર સેંકડે રૂપીઆ ૦-૮-૦ અંકે આઠ આના પ્રમાણેનો કર્યો છે. તે પ્રમાણે ઉપાડની મીતીથી જે થાય તે દીવાળીબાકી અધિક માસ સુધાંત ખરૂ વ્યાજ ગણીને આપીશું.

૪. આ રૂપીઆ તમારે ત્યાહાંથી હમારે વડીલોપાર્જિતનું કરજ આપવા સારૂં ઉપાડવાના છે, માટે જેમ જેમ કરજદારોનો નિકાલ થતો જશે તેમ તેમ તેને આપવાસારૂ જેટલી રકમ જોઇશું તેટલી ઉપાડ કરીશુ, પણ પેહેલી કલમમાં લખેલા હદથી જાદે કરીશું નહીં.

૫. ઉપાડ કરેલા રૂપીઆ જ્યારે તમો માગશો ત્યારે વ્યાજ સુધાં આપીશું, તેમાં દેર કરીશું નહીં.

૬. હમારે ખાતે જે રકમ એકંદર ઉપર લખેલી હદ સુધી થશે તે વ્યાજ મુદલ સુદ્ધાંત રૂપીઆ તમારા પુરા કરી આપવાની ખાત્રી સારૂ હમારી તથા હમારા હક્ક સંબંધીની મિલકત લખી આપીએ છીએ તે નામ નીશીવારની વિગત.— * *

* * * *

ઉપર લખેલી મિલકત ઉપરનો હમારો હક્ક સંબંધ તમોને ખાત્રી પેટે સાનમાં લખી આપ્યો છે, તેથી તમારા વ્યાજ મુદલ સુદ્ધાં રૂપીઆ પુરા કરી લેજો. એ મિલકતથી રૂપીઆ પુરા કરી લેતાં ખુટે અથવા મિલકતને હેલો હરકત થાય તો રૂપીઆનો જવાબ હમો હમારી જાતથી તથા બીજી હરેક મિલકતથી દેઈએ સહી, આ કરાર હમો હમારી રાજી ખુશીથી તથા અક્કલ હોશિયારીથી લખી આપ્યો છે, તે એકામતે એકાજતે કબૂલ મંજૂર છે. સહી. મીતી સં. ૧૯૪૬ ના પોસ સુદિ ૧૦ વાર સોમ, તા. ૧૯-૧-૯૧.

સહી. સાક્ષ.

* * + ×

(દસ્તાવેજને સ્ટાંપ રૂ. ૧૧ નો છે).

આજમ નોંધણીકામદાર આવા લેખને સ્ટાંપ શાપ્રમાણે લેવો એ વિષે ખુલાસો પુછે છે. અને પોતાના નં. ૧૧૬ તા. ૧૧-૨-૯૧ ના શેરાથી અભિપ્રાય એવો આપે છે કે, લેખ સ્ટાંપ

નિબંધની કલમ ૩ ની પેટા રકમ ૩-૪ માં આવી જાય છે, અને તેથી પક્ષકારે જે સ્ટાંપ આપેલો છે તે બરોબર છે. પણ આવા દસ્તાવેજ બાબત નવીન સ્ટાંપઆકટ્માં બરોબર ખુલાસો નથી માટે નોંધણીખાતા માટે સ્ટાંપ સંબંધે થયેલા નિયમની કલમ ૧૧ ' ક ' પ્રમાણે ફેસલો થઇઆવવા મોકલ્યું છે.

મે. સરકામદારસાહેબે પોતાનો અભિપ્રાય આપ્યો નથી.

ઠરાવ.

આ કોરટના સ્ટાંપ ખુલાસા નં. ૭ સન ૧૮૯૦-૯૧ ફેસલ તા. ૪-૫-૯૧, તથા સ્ટાંપ ખુલાસા નં. ૪૪ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૬-૪-૯૧ ના ઠરાવોને(૧) આધારે સદરહુ લેખ ' ગીરોખત ' ઠરે છે, અને ઉપાડની જે રકમ સુધી લેખમાં યત્તા બતાવી છે તેટલા પુરતી લાગત લેખને લગાડી છે, એટલે આ લેખ પુરી સ્ટાંપ લાગત આપેલો છે એમ અમે ઠરાવીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓસાહેબની રૂબરૂ. *

ફેસલ તા. ૩-૬-૯૧.

પા. કુવેરભાઇ ભુલાભાઇ તથા પા. ઝવેરભાઇ રેહેનાર ડભોઉ તાબે પેટલાદ. } દસ્તાવેજ લખીલેનાર.

પા. દેસાઇભાઇ અંદરજી રે. મજકુર. દસ્તાવેજ લખીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધસંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે.)

વેહેંચણ પત્ર—અંગભૂતકરાર—પરિશિષ્ટ ૧, રકમ ૨૭.

વેંહેચણપત્ર કરેલું હતું તેમાં મુદ્દાનો મતલબ એ હતો કે, (૧) પક્ષકારોએ કેટલી મિલકત વેહેંચી લીધી છે ને કેટલીક સમાઇક રાખી છે,(૨), જે કરજ થયેલું છે તે સરખે હિસ્સે વેંચીલેવાની જવાબદારી સરખી રીતે રાખવાનો કરાર કરેલો છે, અને (૩), આગળ ઉપર થનાર ખરચ સરખે હિસ્સે ભોગવવાનો પણકરાર કરેલો છે. ઠરાવ થયો કે,—વેંહેચી લીધેલી મિલકત પુરતી

---

(૧). આ ઠરાવ પછવાડે અનુક્રમે પૃષ્ઠ ૨૦૯ તથા પૃષ્ઠ ૧૭૫ ઉપર છે.

* ડી. સ્ટાં. ખુ. ર. નંબર૪ સન ૧૮૯૦-૯૧. આ ઠરાવ આજ્ઞાપત્રિકામાં તા. ૯-૭-૯૧ ના રોજ પૃષ્ઠ ૮૯-૯૦ ઉપર પ્રસિદ્ધ થયેલો છે. તથા વડોદરાવત્સલમાં તા. ૧૯-૭-૯૧ ના રોજ પૃષ્ઠ ૭ ઉપર છાપેલો છે.

વેહેંચણપત્ર મુજબ સ્ટાંપની લાગત લાગવી જોઇએ, (પરિશિષ્ટ ૧, રકમ ૨૭), તથા બીજા ઉપર જણાવેલા બાકીના જે કરાર છે તે વેહેંચણપત્રના અંગભૂત કરાર છે એમ સમજવું.

હકીકત.

આ કામ આજમ વસો નોંધણીકામદારે યાદી નંબર ૮૦ તા. ૧-૧-૯૦ ના લખાણથી મે. વડોદરા પ્રાંત સરકામદાર સાહેબ તરફ ખુલાસો થવા મોકલ્યું તેઉ સાહેબે તે લગત નોંધણી જાવક નંબર ૧૨૨૫ તા. ૨-૫-૮૦ થી આતરફ ખુલાસો થવા મોકલ્યું છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમ્યાન સં. ૧૯૪૬ ના પોસ વદિ ૮, તા. ૧૪-૧-૯૦, ના રોજે દસ્તાવેજ થયો છે. તેમાંનો મુદ્દાનો મજકુર નિચે પ્રમાણે છે:—

" જત લખી આપીએ છીએ કે, મજકુરના પા. ભાઈલાલ રણછોડ ગુજરી ગયેલા તેને ફરજન નહીં હોવાથી તેના વારસ આપણ ત્રણે સ્વભાવિક થઇએ છીએ, તેથી તેની વીધવા સ્ત્રી બાઈ હરી પાસેથી મિલકત અફરા તફરી નહીં થવા બદલ દસ્તાવેજ નંગ ૧ સં. ૧૯૪૨ ના માહાવદિ ૬ ના રોજનો લખાવી લીધેલો. તે દસ્તાવેજ રજીષ્ટરમાં જવાથી અમારે તમારે અણબનાવથી અમોએ કબૂલ રાખેલો નહીં ને એ ભાઇલાલ રણછોડનું દેવું હતું તે અમોએ આપી ગીરવી દસ્તાવેજ ૧ રૂપીઆ હજારનો એ બાઈ હરી પાસેથી લખાવી લેઇ તેના દેવામાં આપ્યા. તથા દસ્તાવેજ ૧ રૂપીઆ નવાણુનો પણ લખાવી લીધેલો, ને દસ્તાવેજ ૧ રૂપીઆ ચારસો નવાણુંનો ગીરવી લખાવી લીધેલો, એ રીતે દસ્તાવેજ નંગ ૩ અમોએ લખાવી લેઈ તેના દેવાના રૂપીઆ તમામ અમોએ આપેલા, ને બાઇ હરીને જરૂર પડવાથી રૂપીઆ બસો ને એકાવન તેમાં પા. કુબેરભાઇએ દસ્તાવેજ નંગ ૧ લખાવી લઇ આપેલા, પરંતુ આજ રોજ આપણા સર્વે એટલે અમો તમો સલાહ સંતોષથી એકમેક થઇ આપણી સમાઇક મિલકત નહીં બગાડવા સારૂ જે રૂપીઆ ઉપાડી ગીરોખતાંથી આપેલાં તે રૂપીઆનો અમોએ ઉપાડેલા ત્યાંહાંથી તેનો હીસાબ રૂપીઆ બતરીસો સં. ૧૯૪૫ ના આશો શુદિ ૧૦ સુધી પા. જેઠાભાઇ તલશીભાઈના લેણા નીકળ્યા તે તથા રૂપીઆ બસોના ખતના વ્યાજ સાથે નડીઆદના દેશાઇ સોમાભાઇ તળજાભાઇના લેણા નીકળ્યા, તે તથા તમોએ રૂ. બસેએકાવન પા. નાથાભાઇ ગોકળભાઇના ઉપાડીને આપેલા તેના વ્યાજ સાથે નીકળ્યા તે, એ સર્વે મળી કુલ રૂપીઆ નીકળ્યા તે અમો તથા તમો ત્રણેએઓ બરાબર હીસ્સે આપીએ, ને પા. ભાઇલાલ રણછોડ-ભાઇની સ્થાવર મિલકત અમો તમો ત્રણે હીસ્સે સરખી લીધી છે ને સ્થાવર મિલકતમાં ખેતરાં તથા ઘરાં તથા ગામતળની પડતર જમીન એ સરવેનો કબજો આજ દીનથી અમો તમો છોડી દઇ સરખો રાખ્યો છે. તે ખેતરાં તથા ઘરાંનું વર્ણન ખુંટ સાથેઃ—+ + + +

એરીતે કિત્તા બે થઇને ચારડા વીંઘા ૨ા તમો બનોને આગવા આપ્યાંછે, ને બાકીની જમીન ગામતળની તથા શીમતળની પા. ભાઈલાલ રણછોડ વાળી તમારે અમારે સમાઇક છે તેનો કબજો વહીવટ અમો તમો સમાઇક કરીશું, અને આજદિવસ પછી એ ભાઇલાલરણછોડ-

બાઇની વીધવા બાઇ હરી તરફે જે કાંઇ આપવું લેવું પડે અગર જે કાંઇ ખરચ થાય તે આપણે ત્રણે સરખે હિસ્સે આપીએ."

સહી. સાખ.

* * * * * *

૨૧. નોંધણીકામદાર ઉપરની પોતાની યાદીમાં એમ બતાવેછે કે, દસ્તાવેજમાં સ્ટાંપ સંબંધે તથા દસ્તાવેજના સ્વરૂપ સંબંધે નિચે પ્રમાણે શંકાઓ ઉત્પન્ન થાય છેઃ—

૧. સદર દસ્તાવેજને કરાર મનાય કે નહીં, ને કરાર મનાય તો રૂ. ૦-૮-૦ નો સ્ટાંપ બસ થાય કે નહીં?

૨. સદર દસ્તાવેજમાં કિંમત જોઇએ કે નહીં? પક્ષકાર કિંમત કરવાની ના પાડે છે, તો સદરહુ દસ્તાવેજને કિંમત પ્રમાણે સ્ટાંપની લાગત લેવાનું ઠરે તો શી તજવીજ કરવી?

૩. આ દસ્તાવેજની મિલકત સહીયારી છે તેમાંથી એક ખેતર તથા ઘર આગવું લીધું છે તેથી વેહેંચાણપત્ર મનાય કે નહીં?

૪. આ દસ્તાવેજમાં કરાર ને વેંહેંચણપત્ર એ બેઉ ગણી સ્ટાંપનિબંધની કલમ ૭ પ્રમાણે પ્રથક્ પ્રથક્ લાગત લેવી જોઇએ કે કેમ?

ઉપર પ્રમાણે શંકાઓ ઉત્પન્ન થઇ છે. તેથી એ દસ્તાવેજમાંની તમામ મિલકત વેહેંચી નથી તેથી વેહેંચાણ ગણાય નહીં, તેમ એક મિલકત પક્ષકારોએ આગવી લીધી તે આ દસ્તાવેજથી લીધી નથી, તેથી પ્રથક્ પ્રથક્ સ્ટાંપની લાગત સ્ટાંપ નિબંધના કલમ ૭ પ્રમાણે લેવી ન જોઇએ. અર્થાત્ આ દસ્તાવેજને કરાર માનવો જોઇએ. ને તેને સ્ટાંપ રૂ. ૦–૮–૦ નો જોઇએ એવો અભિપ્રાય આપે છે. મે. સરકામદાર સાહેબ પોતાની યાદીમાં એમ જણાવે છે કેઃ—

નોંધણીકામદારના લખાણના પ્રથમની કલમ વિષે—પોતાનો અભિપ્રાય તે કરાર ગણાય નહીં એવો બતાવે છે.

બીજી કલમ વિષે—એવો અભિપ્રાય આપે છે કે, તેને (દસ્તાવેજની મિલકતની) કિંમત હોવી જોઇએ અને જો કિંમત થઇ તો તે પ્રમાણે સ્ટાંપ લેવો જોઇએ. તેમ કિંમત કરી આપે નહીં તો નોંધણીકામદારે સ્ટાંપનિબંધની કલમ ૩૦ પ્રમાણે નોંધવો નહીં. હવે કિંમત ન કરી આપે તો સ્ટાંપનિબંધની કલમ ૫૩ પ્રમાણે સ્ટાંપની લાગત ડુબાવાના હેતુથી કરી આપતા નથી એમ સમજવું જરૂર છે, પણ આ કલમનો અમલ હજુરકચેરી તા. ૩૦–૭–૮૯ ના જાહેરનામાથી બંધ છે, તે બદલ અદ્યાપ સુધી ખુલાસો નથી.

ત્રીજી કલમ વિષે તે વેહેંચણપત્રનો દસ્તાવેજ છે એવો અભિપ્રાય આપ્યો છે. ચોથી કલમ વિષે—એવો અભિપ્રાય આપ્યો છે કે, જૂદી જૂદી લાગત લેવાનું કારણ નથી, કારણ તે વેહેંચણપત્ર છે.

ઉપર પ્રમાણે એવો અભિપ્રાય આપ્યો છે. તો વેહેંચણપત્રનો દસ્તાવેજ ગણાય તો પરિશિષ્ટ પ્રમાણે સ્ટાંપ લેવા કિંમત થવી જોઇએ, વિગેરેનો ખુલાસો થઇ આવશે.

હાલનો દસ્તાવેજ રૂપીઆ ૨ ના સ્ટાંપ કાગળ ઉપર થયેલો છે.

ઠરાવ.

ઉપરના લેખનો તમામ મજકુર ધ્યાનમાં લેતાં તેમાં, (૧), પક્ષકારોએ કેટલી મિલકત વહેંચી લીધી છે ને કેટલીક સમાઇક રાખી છે, (૨), જે કરજ થયેલું છે તે સરખે હિસ્સે ભોગવવાની જવાબદારી સરખી રીતે રાખવાનો કરાર કરેલો છે અને (૩), આગળ ઉપર થનાર ખરચ સરખે હિસ્સે ભોગવવાનો પણ કરાર કરેલો છે. બાકીનો મજકુર બયાન તરીકેનો છે.

માટે વહેંચી લીધેલી મિલકત પુરતી વહેંચણપત્ર મુજબ (પરિશિષ્ટ ૧ કલમ ૨૭) આ લેખને સ્ટાંપનો લાગત લાગવી જોઇએ એવો અમારો ઠરાવ છે. જે કરાર છે તે વહેંચણના અંગભૂત છે.

હાલનો લેખ રૂ. ૨ ના સ્ટાંપ ઉપર થયેલો છે, પણ વહેંચેલી મિલકતની કિંમત લેખમાં દરશાવેલી નથી, તેથી નોંધણીઅમલદારે તે રજુકરનારથી પુછી લેવી. તે ઉપરથી સદર પ્રમાણે ગણતાં જે લાગત થાય તે લાગેલા સ્ટાંપની કિંમતથી વધારે થાય તો, અથવા રજુકરનાર સદર મુજબ કિંમત ન બતાવે તો લેખ અટકાવો પ્રાંતના સુબાસાહેબ તરફ મોકલી દેવો એવો અમો હુકમ કરીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓસાહેબની રૂબરૂ. *

ફેસલ તા. ૩-૧-૯૧.

પરી. વરજીવનદાસ લલુભાઇ રેહેવાશી જીલ્લે ખેડાના. દસ્તાવેજ કરીલેનાર.

શા. ડાહ્યાભાઇ નરોતમદાસ, તથા દાજીભાઇ નરોતમદાસ રેહેવાશી મોજે વસોપુરાના. દસ્તાવેજ કરીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

હરાજીનો દાખલો ન લેતાં મૂળ માલેક પાસેથી મિલકત ઉપર હક્ક દાવો નથી એવી મતલબનો કરી લીધેલો લેખ— ફારગતી—પરિશિષ્ટ ૧ રકમ ૨૩.

કોરટ તરફથી રીતસર લીલામાં મિલકત ખરીદ કરેલી તે બાબત દાખલો ન લેતાં જેની મિલકત હરાજ થઇ તેણે લખી આપ્યું કે, મિલકત " ઉપરથી અમારો તથા વાલીવારસનો હક્ક, દાવો, માલકી આ લેખથી ઉઠાવી લઈ મિલકત તમોને (દસ્તાવેજ કરીલેનારને) કબજે સોંપી છે" ઠરાવથયો કે,-આ લેખ ફારગતીની વ્યાખ્યામાં આવે છે,(પરિશિષ્ટ ૧, રકમ ૨૩), તથા મિલકતની કિંમત તેમાં લખી નથી માટે મોઘમ ગણતાં તેને રૂ. ૫ નો સ્ટાંપ જોઇએ.

આવી રીતે લેખ કરવાથી તેનો ઉપયોગ માલકી દેખાડવા સારૂ થશે કે નહીં એ બહુ શક પડતું છે. એવો અભિપ્રાય જણાવેલો છે.

હકીકત.

આ કામ રાવસાહેબ નોંધણીખાતાના તપાસણીકામદારે વસો ટપ્પાની નોંધણી-કચેરી તપાસતાં નોંધબુક નંબર ૧, વાલ્યુમ ૨૫, અનુક્રમ નંબર ૪૬ નો . દસ્તાવેજ સંબંધેખુલાસો થવા પોતાની યાદી નંબર ૬૪૫ તા. ૧ મે સન ૧૮૯૦ ના લખાણથી પ્રકરણ મેં નોંધણીસરકામદાર સાહેબની મારફત મોકલ્યું. તેઓસાહેબે નાં. જા. નંબર ૧૩૬૨ તા.૧૦-૬-૯૦ ના અભિપ્રાયથી આ તરફ મોકલ્યું છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમ્યાન સં. ૧૯૪૫ ના ભાદરવા વદિ ૪ શનીવાર તા. ૧૪ સપ્ટેંબર સન ૧૮૮૯, ના રોજ દસ્તાવેજ થયો છે. તેમાં મુદ્દાનો મજકુર નીચે પ્રમાણે છે:—

---

* **ઠી. સ્ટાં. પુ. ૨. નંબર ૧૭ સન ૧૮૯૦-૯૧. આ ઠરાવ આજ્ઞાપત્રિકામાં તા. ૧૬-૭-૯૧ નારોજ પૃષ્ઠ ૯૫-૯૬ ઉપર પ્રસિદ્ધ થયો છે.**

"જત અમારૂં ઘર ૧ વસોપુરાના બાજીપુરામાં હોળીચકલા વાળું (તમોએ સં. ૧૯૨૬ ના નંબર ૬૨ નું હુકમનામું અમારા પિતા * * તથા સુરચંદ * * ઉપર વડોદરાની કોરટમાં મેળવેલું તે હુકમનામાની દરખાસ્ત તથા વારંટથી જપ્તી કરાવી લીલામ કરાવેલું તે હરાજીમાંથી તમારા ગુમાસ્તાના નામથી તમોએ રાખેલું)(૧). તે ઘર અમોએ તમને ખાનગી રીતે કબજે આપ્યું છે. તેના ખુંટની વિગતઃ— * *

એ રીતે ખુંટ ચારવાળું ઘર ઉપરથી અમારા તથા અમારા વાલીવારસ તથા ફરજંદના હક્ક, દાવો, માલકી, અલાખો ઉઠાવી તમોને કબજે સોંપ્યું છે. તેની આ પેહોચ લખી આપીએ છીએ તે કબૂલ મંજૂર છે. * * * તાજાકલમ, આ ઘરની સરકારી મસવાડાનું ખાતું તમારા ખાતા મધેથી રૂપીઆ સવાબે. હપતા બે, દર વરસે ભરવાના તે તમારા શીર છે. તે તમો ભરીને ખાતામાં જમે કરાવજો. * *

સહી. સાખ.

* * * * * *

રાવસાહેબ તપાસણીકામદાર ઉપરની પોતાની યાદી નંબર ૬૪૫ તા. ૧–૫–૯૦ માં એમ બતાવે છે કે, આ દસ્તાવેજ ઉપથી ઘર ઉપરનો હક્ક છોડયો છે. નોંધણીકામદારે સ્ટાંપ રૂ. ૦-૮-૦ નો તથા લાગત રૂ. ૨ બસ ગણેલી છે, એનું કારણ કે, કોરટમાંથી કબજો મળવાનો હતો તેથી એ કરાર છે, અને એમાં બદલો જે ઘર છે તેની કિંમત લખી લેવાની જરૂર નથી, તેથી પરિશિષ્ટ રકમ ૧૦ પ્રમાણે નોંધણીની લાગત રૂ. ૨ લીધી છે. આ સંબંધે સ્ટાંપનિબંધની કલમ ૨૩-૨૪ જોતાં કલમ ૨૩ હાલના દસ્તાવેજને લાગુ થતી નથી, કારણ દસ્તાવેજની તારીખે ઘરની કિંમત લખવા સરખી હતી તે લખી નથી. દસ્તાવેજનું સ્વરૂપ ફારગતી, સ્ટાંપ નિબંધના પરિશિષ્ટ ૧, રકમ ૨૩ પ્રમાણે, થશે એવું લાગે છે; અને એ રકમને માટે સ્ટાંપનિબંધની કલમ ૨૪ પ્રમાણે "માલમિલકત ઘર ઉપરનો દાવો છોડયો છે, તે દાવાની કિંમત કિંવા રકમ લખવી જોઇએ" અને એ પ્રમાણે લખેલું ન હોય તો નિદાન સ્ટાંપ રૂ. ૫ નો જોઇએ; તથા નોંધણીનિબંધ પરિશિષ્ટ રકમ ૮ પ્રમાણે રૂ. ૫ નોંધણીની લાગત લેવી જોઇએ એવો આ લેખ છે. માટે હાલના દસ્તાવેજમાં નોંધણીકામદારે સ્ટાંપ તથા લાગત લીધી છે તે બરાબર છે એમ લાગતું નથી. સ્ટાંપનિબંધની કલમ ૨૪ તથા નોંધણીનિબંધનું પરિશિષ્ટ ૧ રકમ ૮ હાલના દસ્તાવેજને લાગુ થશે કે નહીં એ વિષે ખાતાની રૂઇએ લખી આવવા વિષે મરજી મુજબ થશે. હાલના દસ્તાવેજ સંબંધે નોંધણીકામદારે ખુલાસો મંગાવવો જોઇતો હતો તે પ્રમાણે કરેલું નથી માટે એ વિષે પણ વિચાર થશે વિગેરે.

---

(૧) દસ્તાવેજના મજકુરમાં અહીં કંસમાં જે લખ્યું છે તે મુળ ઠરાવમાં નથી એ મુદ્દા વિષે ઠરાવમાં ઉલ્લેખ હોવાથી અહીં આવેલી નકલમાંથી માહીતી લીધી છે.

મે. સરકામદારસાહેબ એમ જણાવેછે કે, દસ્તાવેજમાં કેટલી રકમ માટે હરાજી થયેલી તે અગર કેટલી રકમમાટે હુકમનામાં પેટે આ ઘર આપ્યું તે આંકડે લખેલો નહીં છતાં મોઘમ રાખેલું છે, તેથી આ દસ્તાવેજને વેચાણનો માની તેને સ્ટાંપ લાગતે સ્ટાંપનિબંધના પરિશિષ્ટ ૧ ની રકમ ૧૬ અગર રકમ ૨૯ પ્રમાણે લાગત લેવી જોઇતી હતી. કારણ દસ્તાવેજની મતલબ જોતાં હુકમનામું પૈસા બાબતનું છે વિગેરે. હવે આ દસ્તાવેજને અમારા ઉપરના અભિપ્રાય પ્રમાણે માનવામાં ન આવે તો તે ફારગતીના સ્વરૂપમાં કદાચ જાય અને તે ફારગતી મનાય તો કિંમત લખી નથી માટે પરિશિષ્ટ ૧, ની રકમ ૨૩ ની પેટારકમ (ખ) પ્રમાણે પાંચ રૂપીઆનો સ્ટાંપ જોઇએ; અને જ્યારે આવી રીતે સ્ટાંપનો ખુલાસો થાય તો નોંધણીનિબંધના પરિશિષ્ટની કલમ ૮ પ્રમાણે રૂ. ૫ લાગત લેવી જોઇએ એમ હમારો અભિપ્રાય છે.

હાલનો દસ્તાવેજ રૂ. ૦–૮–૦ ના સ્ટાંપ ઉપર થયેલો છે.

ઠરાવ.

સદર લેખનો સવિસ્તર મજકુર ધ્યાનમાં લેતાં તેથી લખીઆપનાર લેખમાંની મિલકત ઉપરથી પોતાનો હક્ક ઉઠાવી લેઇ તે મિલકતનો કબજો લખીલેનારને સોંપે છે એટલુંજ થાય છે.

જે મિલકતનો કબજો કરીઆપનારે આપ્યોછે તે કરીલેનારના હક્કની થઇ ગઇ છે એમ તે લખે છે, પણ કબજો કરીઆપનારનો કાયમ રહ્યો હતો તે ઉઠાવીલીધા બદલનો આ લેખ છે. નિર્દિષ્ટ મિલકત ઉપરથી હક્ક ઉઠાવ્યાનો લેખ આ ગણીશકાય; એ રીતે એ ફારગતીની વ્યાખ્યામાં આવેછે. મિલકતની કિંમત તેમાં લખી નથી માટે મોઘમ ગણતાં તેને રૂ. ૫ નો સ્ટાંપ જોઇએ.

આવા સ્વરૂપના લેખથી સંતુષ્ટ થઇ, કરીલેનાર વધારે કિંમતનો સ્ટાંપ ખરચી કોરટનો રીતસર વેચાણનો દાખલો મેળવવાનું ટાળે છે. પરંતુ હાલના લેખથી લખીલેનારને લખીઆપનાર વિરૂદ્ધ માત્ર કદાચને ફાયદો મળે, પણ તીરાહીત માણસ સાથે લેખની મિલકતની માલકી સંબંધે તકરાર પડે તેવે પ્રસંગે માલકી દેખાડવા સારૂ આ લેખનો ઉપયોગ થશે કે નહીં એ બહુ શક પડતું છે.

ઉપર જણાવ્યા પ્રમાણે આ લેખ ફારગતીના સ્વરૂપનો ઠરે છે. તે ધોરણે તેની લાગત નક્કી કરીલેવી જોઇતી હતી, એટલોજ ઠરાવ આ લેખ પાછો અપાઇ ગયો હોવાથી કરવો બસ છે.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓસાહેબની રૂબરૂ.*

ફેસલ તા. ૩-૬-૯૧.

પા. સામળભાઇ વહાલાભાઇ બીન હરીભાઇ } દસ્તાવેજ કરીઆપનાર.
રેહેવાશી વસો, પ્રગણે પેટલાદ.

પા. ચતુરભાઇ જેસંગ રેહેવાશી મજકુર. દસ્તાવેજ કરીલેનાર.

(નવા સ્ટાંપ નિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલોછે).

દત્તકપત્ર કિંવા બક્ષીસપત્ર—દત્તકપત્રને સ્ટાંપ લાગતની માફી.

લેખમાં મુદ્દાનું એવું લખી આપેલું હતું કે, કરીલેનારને દત્તક લીધોછે તથા તે કરીઆપનારની મિલકત ઔરસ છોકરા તરીકે ઉપભોગ કરે અને દત્તકલેનારના મુવા પછી ક્રિયા વિગેરે કરે. એવો લેખ બક્ષીસપત્ર ન છતાં દત્તકપત્ર છે, અને ક્રિયા વિગેરે કરવા બદલ જે લખ્યું છે તે દત્તકપુત્ર તરીકે જે એને મળવાનું તથા કરવાનું તેનું માત્ર બયાન તરીકે સમજવાનું છે, માટે એવું દત્તકપત્ર બક્ષીસપત્ર ન છતાં સ્ટાંપની લાગતની માફીમાં આવે છે

દી. સ્ટાં. ખુ. ર. નંબર ૨૧ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૨૧-૧૦-૮૯ નો ઠરાવ વિચારમાં લીધો છે (૧).

હકીકત.

આ પ્રકરણ નોંધણીખાતાના રાવસાહેબ તપાસણીકામદારે યાદી નંબર ૬૯૬ તા. ૨૫-૪-૯૧ ની આ કોરટના નોંધણીખાતા મારફત મોકલેલી તે ખાતા તરફથી નં. ૩૦૧ તા ૩૦-૪-૯૧ ના લખાણથી આ તરફ આવ્યા ઉપરથી બન્યું છે.

સદર યાદી સાથે સદરના પક્ષકારના દરમ્યાન સંવત ૧૯૪૬ ના ચૈતર શુદિ ૧૫ વાર શુકર તા. ૪-૪-૯૦ ના રોજ થયેલા લેખની નકલ આપેલીનો મુદ્દાનો મજકુર નિચે પ્રમાણે છે:-

" આ દસ્તાવેજ કરૂં છું કે, મારી હાલ વૃદ્ધ અવસ્થા થઈ છે, અને મારે કંઈ સંતાન નહીં હોવાથી ઉત્તરક્રિયા, શ્રાદ્ધક્રિયા વિગેરે ક્રિયા કરવા તથા મારૂં નામ રેહેવા તથા વંશ વધારવા દત્તકપુત્ર લેવાની મારી ઇચ્છા થઇ, ને તે ઉપરથી દત્તકપુત્રની તપાસ કરતાં મારી બેનના ભાણેજ છે તેમાં કોઇ લાયક મારા જોવામાં આવ્યો નહીં, તેમ મારા નજીકના પિત્રાઇ ભાઇના દીકરા છે તેમાંથી પણ દત્તકપુત્ર કરવા લાયક મારી નજરમાં કોઈ ન આવતાં મારા પિત્રાઇભાઈ પરસો-

---

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૧૧૪ સન. ૧૮૯૦-૯૧. આ ઠરાવ આજ્ઞાપત્રિકામાં તા. ૧૬-૭-૯૧ ના રોજ પૃષ્ઠ ૧૦૧-૧૦૨ ઉપર પ્રસિદ્ધ થયોછે. તથા વડોદરાવત્સલમાં તા. ૯-૮-૯૧. ના રોજ પૃષ્ઠ ૭ ઉપર છાપેલો છે.

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૧ ઉપર છે.

તમ જેસંગભાઇ બીન શંભુદાસ છે તેમને બે છોકરા એક મોટો પરણેલો તેનું નામ હાથીભાઇ તથા બીજો નાનો કુંવારો તેનું નામ ચતુરભાઇ છે. જેની ઉમર આશરે વરસ ૮ ની છે. તે છોકરો હુંશિયાર ચાલાક મારી નજરમાં આવ્યાથી તેને દત્તકપુત્ર કરવો એવો નિશ્ચય કરી સદર ચતુરભાઇના પિતા પરસોતમ જેસંગભાઈ પાસે સદર ચતુરભાઇની દત્તકપુત્ર તરીકે મેં માગણી કરી, જે પરસોતમે ખુશીથી સ્વીકારી છે મને પુત્રકરવા ચતુરભાઇને આપ્યો. ચતુરભાઇની મા પરસોતમની વહુ ગુજરી ગયેલાં છે. એટલે પરસોતમ તેનો જનક પિતા તેની પાસે માગણી કરી તે સ્વીકારી તેથી હવે આજથી સદર ચતુરભાઇ મારો છોકરો થયો છે. તે મારી તમામ મિલકત ચતુરભાઇ મારા છોકરા તરીકે ભોગવે, અને ચતુરભાઇના બાપના નામની જગાએ આજથી મારૂં નામ લખાય, એટલે ચતુરભાઇ સામળભાઇ લખાય. હવે ચતુરભાઇ મારો દીકરો થઇ ચુકયો ને હું તેનો પિતા થઇ ચુકયો, એટલે મારી જે મિલકત હોય તે તમામનો માલીક અને ઉપભોગ કરનાર તથા ઉતરક્રિયા શ્રાદ્ધક્રિયા વિગેરે કરનાર મારો છોકરો ચતુરભાઇ છે.

મારી મિલકતની તપશીલ નીચે મુજબ છે. * * *. એણી વિગતે કીત્તા ૧૭ થઈને હમારા નરવાના અંગની તથા શીમતળની જમીન આવે તેમાં હમારે સરકાર ભરત જે આવે તે સદર ખેતરાંના અંગે ભરવાનું છે. એટલે હવે સદર કીત્તા ૧૭ થઇને તેની એકંદર કિંમત આશરેથી મુકી છે.

ઉપર પ્રમાણે મારી મિલકત આશરે રૂ. ૬૦૦ અંકે રૂપીઆ છસોની છે. તે તમામ મિલકત સદર ચતુરભાઇને દીકરો કરી આ દત્તકપત્ર કરી લખી આપી લખી આપ્યું છું કે, તે મિલકતનો માલીક તથા ઉપભોગ કરનાર તથા ઉતરક્રિયા તથા શ્રાદ્ધક્રિયા વિગેરે કરનાર તથા મારૂં નામ રાખનાર ઔરસપુત્ર બરાબર છે. આ દત્તકપુત્ર હું મારી રાજી ખુશીથી મારા દીકરાને કરી આપું છું. આ દત્તકપુત્ર મેં લીધો છે, તેને કોઇ મારા પિતરાઇએ હરકત કરવી નહીં, ઉપર લખ્યું તે સહી."

અત્રે મતુ. અત્રે સાખ.

* * * * * *

રાવસાહેબ તપાસણીકામદાર પોતાની સદર યાદીમાં જણાવે છે કે, આ કોર્ટે સ્ટાંપ ખુલાસાનંબર ૨૭ ફેસલ તા. ૨૧-૧૦-૮૯નો ઠરાવ(૧)જેવા દસ્તાવેજ સંબંધે કર્યોછે,તેમાંને હાલના લેખમાં ફરક છે. મુવા પછી હક્ક અથવા કબજો મળવાનો તે હાલના લેખની તારીખથી આપ્યાનું લાગે છે, કેમકે આજથી મિલકતનો ઉપભોગ કરવા વિષે તથા દત્તકલેનારના મુવા પછી ઉત્તરક્રિયા કરવા વિષે પણ લખ્યું છે, તેથી બક્ષીસપત્રમાં આવી શકશે. (જુઓ મ્યાન્યુઅલકોષ પૃષ્ઠ ૧૦-૧૧). પોતાનો અભિપ્રાય દત્તકપત્ર માનવા વિષે છે વિગેરે.

ઠરાવ.

આ કોરટના સ્ટાંપ સબંધી ખુલાસા નંબર ૨૧ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૨૧-૧૦-૮૯ ના ઠરાવમાં(૧) વિવેચન કર્યા અન્વયે આ લેખ દત્તકપત્રના સ્વરૂપનો ઠરે છે. હાલના લેખથી

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૧ ઉપર છે.

દત્તકપુત્રને સાધારણરીતે મળે એવું માલેકપણું આપેલું જણાય છે. આ લેખમાં આજથી મિલકત ભોગવવાનું લખ્યું છે. તે "મારા છોકરા તરીકે ભોગવે" એ રીતે લખેલું છે. અને મુવાપછી ક્રિયા વિગેરે કરવા બદલ લેખમાં જે લખેલું છે, તે દત્તકપુત્ર તરીકે જે એને મળવાનું તથા કરવાનું તેનું માત્ર બયાન તરીકે જણાવેલું છે એમ સમજવાનું છે. સબબ આ લેખ માત્ર દત્તકપત્ર છે. એવા લેખ માફીમાં આવે છે. એમ ઠરેલું છે, માટે આ લેખ પણ માફીમાં આવે છે, એમ અમે ઠરાવીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બાં. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓસાહેબની રૂબરૂ*.

ફેસલ તા. ૪-૬-૯૧.

મોદી કાનજી નારણ રેહેનાર ચીતળ. દસ્તાવેજ લખીલેનાર.

પા. મેઘજી ડોસા સાખે ડોબરીયા રેહેવાશી નાનાઆકડીયા. લેખ લખીઆપનાર.

(નવા સ્ટાંપ નિબંધની કલમ ૪૩ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલોછે).

દેણદારે પાછલી બાકીનું પાડી આપેલું ખાતું—એવા ખાતામાં વ્યાજ તથા વટાવ આપવાનો તથા દેણાની રકમ આપવાનો કરેલો વાયદો—ખતની વ્યાખ્યા કબુલી, પરિશિ .ષ્ટ ૧, રકમ ૪—વાયદાચિઠી—પરિશિષ્ટ ૧ રકમ ૩૫.

દેણદારે હિસાબ કરી પાછલી બાકીની રકમ નક્કી કર્યાનું ખાતું પાડી આપી તેમાં વ્યાજ તથા વટાવ આપવાનો તથા ખાતાની તારીખથી ત્રણ માસમાં એ રકમ આપવાનો વાયદો કરેલો હતો, તથા તે ઉપર લખનાર તરીકે લખીતંગની સહી ખાતાના દરએક ભાગ તળે થયેલી હતાં ખાતાનો મજકુર પુરો થયા બાદ દેણદારે પોતાની સહી પોતાને હાથે કરેલી હતી. આવી રીતે ખાતાનો લેખ હોવાથી ઠરાવ થયો કે,—

લેખ ઉપર લખનારની સહીઓ થઈ હોય અને તેના નીચે દેણદારની સહી થયેલી હોયતો તેવે પ્રસંગે તે લખનારની સહી સાક્ષી તરીકે માનવી રાસ્ત ગણવામાં આવતી નથી; (ઇ. લા. રી. ૧૪ મુંબઇ પૃ. ૫૨), તેથી આ ખાતું ખતના સ્વરૂપનું થતું નથી, પરંતુ નક્કી કરેલા રૂપીઆ વાયદે સર પાછા આપવાનું વચન છે તેથી એ ખાતાનો લેખ વાયદાચિઠીના સ્વરૂપનો છે, અને તેમાં વાયદો માસ ત્રણનો હોવાથી પરિશિષ્ટ ૧, રકમ ૩૫ (ખ) પ્રમાણે તે સ્ટાંપની લાગતને પાત્રછે.

જે ખાતામાં બાકી નક્કી કરી તેમાં વ્યાજનો કરાર માત્ર હોય એવા લેખ કબુલત (પરિશિષ્ટ ૧, રકમ ૪) ના સ્વરૂપના ગણવામાં આવેછે અને તેમાં વ્યાજનો ઠરાવ હોય તેટલાજ કારણથી તેને કરારનું સ્વરૂપ આવેછે એમ ગણવાનું નથી. (ઇ. લા. રી. ૪ મુંબઇ પૃષ્ઠ ૩૨૬) એમ એ ઠરાવમાં જણાવ્યુંછે. ‡

---

*હી. સ્ટાં. ખુ. ર. નંબર ૪૬ સન ૧૮૯૦-૯૧ આ ઠરાવ આજ્ઞા પત્રિકામાં તા. ૯-૭-૯૧ ના રોજ પૃસ્ટ ૯૦ ઉપર પ્રસિધ્ધ થયોછે.

‡ આ બાબત પછવાડે પૃષ્ઠ ૧૧૧ ઉપર જે ઠરાવ છે તે જુઓ એ ઠરાવ આ સંબંધે ઉપયોગી છે અને તે હાલના ઠરાવથી રદ્દ થાય છે કિંવા નહીં એ પ્રશ્ન રહે છે.

હકીકત.

આ પ્રકરણ મેહેરબાન અમરેલી પ્રાંતના જજ્ય સાહેબની યાદી નંબર. ૩૯ તા. ૮-૧૧-૯૦ ની આ કોરટ તરફ આવ્યાથી નિકળ્યું છે.

સદર યાદી સોબત સદરહુ પક્ષકાર દરમ્યાન સં. ૧૯૪૬ ના જેઠ સુદ ૬ (ના) રોજ થયેલા લખતની નકલ આવેલીછે તેનો મજકુર નીચે મુજબ છેઃ—

"પાન ૪૯."

" પટેલ મેઘજી ડોસા, સાખે ડોબરીયા. સંવત ૧૯૪૬ ના જેઠ સુદ ૬.

જ	ઉ.
	૧૪૮।। બાકી લેણા ધણી રજુ, અંકે એકસો સાડી અડતાળીસ કંપની, તેનું વ્યાજ માસ ૧ ટકા ૧ લેખે વાધે. તેના થાળમાં હરેક જાત મિલકત છે.

શ્રી જગદીસની સાખ દા. મેતા કલાણજી જીવા, તે વદાડ સંવત ૧૯૪૬ ભાદરવા સુદ ૨ (ને) કર્યો છે, તે ઉપરાંત રાખે તો વ્યાજ તથા વડવા (વટાવ) રૂ. ૧ રામ એક પ્રમાણે દેવાછે.

શ્રી જગદીસની સાખ દા. મેતા કલાણજી જીવા, પટેલ મેઘજી (ના) કહેવાથી લખી આપ્યું છે.

એ રૂપીઆ એકસો સાડી અડતાળીસ આપે તથા વ્યાજ આપે ત્યાં સુધી વટાવ લેવો નથી, ભાદરવા સુદ અદંરતે સુધાં (ત) ન આપે તો વટાવ.

દા. મેતા કલાણજી જીવા પા. માધાના કહેવાથી.

લા. પા. મેઘજી ડોસાની સહી દા. પોતાના."

મેહેરબાન જજ્ય સાહેબ પોતાની સદરહુ યાદીમાં જણાવેછે કે, વાદી મોદી

કાનજી નારાયણે પ્રતીવાદી પા. મેઘજી ડોસા ઉપર નકલ વાળા ખાતા ઉપરથી દાવા-અરજી રજુ કરી છે, અને ખાતાની રકમને પરિશિષ્ટ ૧, કલમ ૮ મુજબ લાગનારો સ્ટાંપ દંડ સાથે ભરવાનું લખીને તે (સ્ટાંપ તથા દંડ) રકમ સ્ટાંપ આક્ટની કલમ ૨૬ તથા ૩૮ ના ધોરણે દાવામાં અકારી પ્રતીવાદીથી મળવા માગણી કરીછે. ખાતું જોતાં તે કરારી ખાતું છે, ને તે ઉપર લખીઆપનારની સહી છે. શ્રી જગદીશ્વરની સાખ લખેલીછે પણ તે બરોબર સાખ ન ગણવી જોઇએ; પરંતુ સહી શિવાય ખાતુંલખનાર ત્રીજા માણસનું લખીતંગ થયેલું છે, તે ઉપરથી તે લખીતંગને સાક્ષી ગણાય કે નહીં, ને તેથી આ લેખ નિબંધની કલમ ૩ ની પેટા રકમ (ખ) મુજબ ખતની વ્યાખ્યામાં આવે કે શી રીતે, એ બાબત સંશય હોવાથી નિબંધની કલમ ૪૩ ને આધારે ખુલાસો પુછે છે. દીવાણીનિબંધની કલમ ૨૨૪ મુજબ સામાદસકતના કે સહી વાળા ખાતાને સ્ટાંપની અપેક્ષા નથી. એજ ધોરણ હાલના સ્ટાંપઆક્ટનું છે વિગેરે. ખાતું કેવા પ્રકારનું કેહેવું અને જેમાં વ્યાજ, સાન, મુદત વિગેરે કરારો હોય તે ખાતું નહીં પણ કરાર સમજવા એમ જુના સ્ટાંપનિબંધને લગતો આ કોરટનો નં. ૯૧૮ તા. ૩૦–૧૧–૯૭ નો શેરો થયો છે. તે ધોરણે જુના આક્ટને લગતો વહીવટ ચાલે છે, તેમજ હાલના નિબંધમાંની વ્યાખ્યામાં કિંવા પરિશિષ્ટ ૧ માં ન આવે એવા લેખ માફીમાં આવે છે. પણ લખતંગ એ સાખ ગણાય કે નહીં તેનો ખુલાસો થવો જરૂરનો ને આવા કિંવા થોડા ફેરવાલા ખાતા બાબે નંબર ૧૫૧ તા.૧૪–૭–૯૦ ની યાદીથી ખુલાસો પુછ્યો છે તે અદ્યાપ થઈ આવ્યો નહીં હોવાથી આ પ્રકરણ મોકલ્યું છે ને અભિપ્રાય એવો જણાવેછે કે, આ ખાતું સ્ટાંપ સંબંધી ખુલાસાની કલમ ૩ માં આવે છે તેથી તેને સ્ટાંપની જરૂર નથી વિગેરે.

ઠરાવ.

હાલના લેખમાં, (૧), હીસાબ કરી દેણદારની રજુવાતે પાછલી બાકી નક્કી કરી છે, (૨), તે બાકીને વ્યાજ તથા વટાવનો કરાર કર્યો છે, અને (૩), એ રકમ પાછી આપવાનો વાયદો કર્યો છે.

આ રીતેના મજકુરના દરેક ભાગતળે એ મજકુર લખનારની લખનારતરીકેની સહીયો થયેલી છે અને એ રીતે સહીયો સહનો મજકુર પુરો થયા બાદ લખતના દેણદારની સહી તેના પોતાના હાથે કરેલી જણાય છે.

આ લખતમાં લખીતંગ કરનારની જે ત્રણ સહીયો થયેલી છે તે સાક્ષી તરીકે મનાય તો તેને સ્ટાંપનિબંધની કલમ ૩ રકમ ૩ પેટા રકમ (ખ) પ્રમાણે ખતનું સ્વરૂપ આવે. પરંતુ આવી રીતે લેખની દરમ્યાન અને છેવટ મજકુર થયા પછી લખનારની સહીયો થઇ હોય અને તેના નીચે દેણદાર એકલાની સહી થયેલી હોય તેવે પ્રસંગે

તે લખનારની સહીને સાક્ષી તરીકે માનવી એ રાસ્ત ગણવામાં આવતું નથી. (જુઓ ઈ. લા. રી. ૧૪ મુંબઇ પૃ. ૫૧૧). એટલે આ લેખ ખતના સ્વરૂપનો થઇ શકતો નથી.

હવે જ્યારે હીસાબની બાકી નક્કી કરી તેમાં વ્યાજનો કરાર માત્ર હોય એવા લેખને પરિશિષ્ટ ૧ ની કલમ ૪ માં જણાવેલી ' કબૂલત ' સ્વરૂપનો લેખ ગણવામાં આવે છે, અને તેમાં વ્યાજનો ઠરાવ હોય તેટલાજ કારણથી તેને કરારનું સ્વરૂપ આવે છે એમ ગણવાનું નથી. (જુઓ, ઈ. લા. રી. ૪ મુંબઇ પૃ. ૩૨૬) *

આ લેખમાં ઉપરની હકીકત કરતાં જાદે બાબત એવી છે કે, તેમાં બાકી નક્કી કરેલા રૂપીઆ વાયદાસર આપવાનું વચન લખેલું છે તેથી આ લેખને 'વાયદાચિઠ્ઠી' (પરિશિષ્ટ ૧ કલમ ૩૫) નું સ્વરૂપ પ્રાપ્ત થાય છે. (જુઓ, પુનુસ્વામીકૃત સ્ટાંપ મ્યાન્યુઅલ, કોષભાગ પૃ. ૨૧૩, ૨૧૭, ૨૧૮; મુંબઈ હાઇકોરટના સન ૧૮૮૧ ના છાપેલા ઠરાવ પૃ. ૧૧૨).

ઉપર જણાવ્યા પ્રમાણે આ લેખ વાયદાચિઠ્ઠીના સ્વરૂપનો ઠરે છે. માટે તેને લાગત તે મુજબ કાયદા પ્રમાણે બસ છે કે શું તે જોવું જોઇએ. આ વાયદાચિઠ્ઠીનો અવેજ લેખની તારીખથી ત્રણ માસમાં આપવાનો લેખમાં વદાર (વાયદો) કરેલો જણાય છે તેથી પરિશિષ્ટ ૧, કલમ ૩૫ (ખ) માં બતાવ્યા પ્રમાણે તેની લાગત ગણાય. તેમ ગણતાં લેખની રકમ રૂ. ૧૪૮ાા ની હોવાથી આ લેખ બે આનાની સ્ટાંપની લાગતને પાત્ર છે એમ અમે ઠરાવીએ છીએ.

ટીપ–ખુલાસા માટે એવાબીન્ત આવેલા લેખ, આ ઠરાવને અનુસરીને, વાયદાચિઠ્ઠીના સ્વરૂપના છે એવું આગળ પણ ઠરાવ્યું છે, એટલે દી. સ્ટાં. ખુ. સન ૧૮૯૦-૯૧ પૈકી નંબર ૧૧૮ ફેસલ તા. ૬-૬-૯૧, તથા નંબર ૭૯ ફેસલ તા. ૧૨-૬-૯૧ તથા નંબર ૧૨૭ ફેસલ તા. ૨૩-૬-૯૧, નંબર ૭૬ તથા ૧૪૨ ફેસલ તા. ૨૮-૬-૯૧ તથા નંબર ૧૨૯ ફેસલ તા. ૭-૭-૯૧ માં ઠરાવ.

---

* ખાતામાં હીસાબની બાકી નક્કી કરી તેમાં વ્યાજનો કરાર માત્ર હોય અને સાક્ષી થઇ નહીં હોય તો તેખાતું 'કબૂલત,' પરિશિષ્ટ ૧ રકમ ૪ માં ગણવામાં આવે છે એવું પ્રસ્તુતના ઠરાવમાં જણાવેલું છે. પરંતુ એસંબંધે પછવાડે પૃષ્ઠ ૧૧૧ ઉપર ઠરાવ છે તે તથા સ્ટાંપનિબંધની કલમ ૨૩ જોવી. એ પૃષ્ઠ ૧૧૧ નો ઠરાવ એથી રદ્દ થાય છે કિંવા નથી એ પ્રશ્ન રહે છે. પુ. છા.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફ્જસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓસાહેબની રૂબરૂ. *

ફેસલ તા. ૪-૬-૯૧.

બાઇ ઇચ્છા તપોધન દામોદર નાનાભાઇની દીકરી } દસ્તાવેજલખીલેનાર.
રેહેવાશી પેટલાદ.

તપોધન દામોદર નાનાભાઇ રેહેવાશી મજકુર. દસ્તાવેજ લખીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફ્રન્સ) પુછેલોછે).

બક્ષીસપત્ર મૃત્યુપત્ર કિંવા—સ્ટાંપની લાગતની માફી.

દસ્તાવેજમાં કરીઆપનાર સ્રી क એ પોતાની દીકરીને લખીઆપેલું કે, કરીઆપનારની મિલકતમાંથી તેને તથા તેની સ્રીને જીવતા પાળવો. તથા દરએકના મુવા પાછળ ક્રિયાખરચ કરવો અને ત્યાર પછે જે મિલકત રહે તેની માલેક દીકરીને ઠરાવીછે. ઠરાવ થયો કે,—

આ દસ્તાવેજથી કરીઆપનાર क એ તેની હયાતીમાં દીકરીને મિલકત સ્વતંત્ર આપ્યાનું બીલકુલ થઈ શકતું નથી. માટે દસ્તાવેજ બક્ષીસપત્રના સ્વરૂપનો નસ્તાં મૃત્યુપત્રના સ્વરૂપનો છે, અને પરિશિષ્ટ ૧ માં મૃત્યુપત્રને માટે સ્ટાંપની લાગત ઠરાવેલી નથી તેથી દસ્તાવેજ લાગતને પાત્ર નથી.

હકીકત.

આ પ્રકરણ રાવસાહેબ નોંધણી તપાસણીકામદારની યાદી નંબર ૪૩૩ તા. ૮—૨—૯૧ આ કોરટ તરફ આવેલી તે ઉપરથી ચાલ્યું છે.

સદર યાદી સાથે સદર પક્ષકાર દરમ્યાન સં. ૧૯૪૬ ના માગશર શુદિ ૧૨, તા. ૪—૧૨—૮૯, રોજ થયેલા લેખની નકલ આવેલીનો મુદ્દાનો મજકુર નીચે પ્રમાણે છેઃ—

" જત હું મારી સાવચેતી હુંશિયારીથી લખી આપું છું કે, તું મારી સગી દીકરી છું. માહારેપેટ તારા શિવાય બીજું ફરજન નથી, તેમ બીજું કોઇ નજીકનું સગું નથી, તેમ બીજા કોઇનો હક દાવો નથી, માટે તને લખી આપું છું કે, મને જીવતાં પાળવો તથા મુવા પાછળ ક્રિયાખરચ તમારે કરવો, તથા તમારી માનોશ્રીને જીવતા સુધી પાળવાં, તેની રાજક દૈવક થાય તો તેમની ક્રિયાખરચ તમારે કરવો, ત્યારપછી જે મિલકત રેહે તેની માલીક તમો છો. તે મિલકતની યાદી નિચે પ્રમાણેઃ—

* દી. સ્ટાં. ખુ. ૨. નંબર ૮૭ સન ૧૮૯૦-૯૧. આ ઠરાવ આજ્ઞાપત્રિકામાં તા. ૧૬—૭—૯૧ ના રોજ પૃષ્ટ૯૮-૯૯ ઉપર પ્રસિધ્ધ થયો છે.

૧. ઘર એક કસ્બે પેટલાદ મધ્યે મેહેલે પુરબીઆવાળી ખડકી મધ્યે ઓતરાતા દ્વારનું ઓરડો તથા પરસાળ તથા આગળ ખડકી સાથેનું મેડાબંદીનું ઇંટેરી.

૨. રામનાથ માહાદેવ તથા સોમનાથ મહાદેવ તથા ચામુંડામાતા તથા પેશવાના કોટના હનમાન છે તે સરવે દેવનો વારો આવે તે કરવો, ને તેનું વરશાસન, તથા જે આવે, તે તમો લેજો ને ખાજો, ને વારો આવે તે તમો કરજો.

૩. રાચપીચ તથા વાસણાંકુસણાં જે કાંઈ હોય તેના માલીક તમો છો. ઉપર લખ્યા શિવાય બીજી કાંઇ મિલકત નથી, ને હોય તો તમારી મનાય, તથા તમો માલીક છો. આ અવસ્થાપત્ર હું મારી ખુશીથી લખી આપુંછું. ને માહારા શરીરને મંદવાડ રેહેછે ને દેવગતીયે મોત થાય તેથી આ દસ્તાવેજ અવસ્થાપત્ર તરીકે કરી લખી આપુંછું. તે મારે કબૂલ મંજૂર છે. ઉપર લખ્યાપ્રમાણે સહી પાળીએ."

અત્રે મતુ. અત્રે સાખ.

* * * * * *.

"ઘરના ખુંટ કસ્બે પેટલાદ મધે + × × છે. તા. ૨૮-૫-૯૦

બાઇ ઇચ્છાની સહી."

"રામનાથ માહાદેવ તથા સોમનાથ માહાદેવ તથા ચામુંડામાતાની પુજાના વરશાસનના રૂ. ૧૩॥ અંકે સાડાતેર દરવર્ષે ભાગ પ્રમાણે મળેછે ને તે પેટલાદ તીજોરીમાંથી મળેછે, તથા પેટલાદના પેશવાના કોટના હનમાનના વારા બદલના કંપેનસેસનના રૂપીઆ પ્રથમ મળી ચુકયાછે, માત્ર તેની સેવા ચાકરી કરવાની છે તા. ૨૮-૫-૯૦.

બાઇ ઇચ્છાની સહી."

રાવસાહેબ તપાસણીકામદાર દસ્તાવેજમાં 'મને જીવતા પાળવા' વિગેરે મજકુર ઉપરથી "આ લેખ બક્ષીસપત્ર હોવાનું મને લાગે છે. બક્ષીસપત્ર ન ઠરે તો વ્યવસ્થાપત્રની વ્યાખ્યામાં તો આ લેખ આવે છે. મિલકતની કિંમત લખેલી નથી. સ્ટાંપ રૂપીઆ ૨ નો લગાડેલો છે, નોંધણીકામદારે મૃત્યુપત્રમાની દાખલ કર્યો છે. દસ્તાવેજ પાછો અપાઇ ગયો છે માટે ઠરાવ થઇ આવવો," વિગેરે.

ઠરાવ.

લેખમાં લખીઆપનારે લેખમાંની મિલકત ઉપર, પોતાની હયાતીમાં પોતાના ગુજરાનનો અને પોતાના મુવા બાદ પોતાની ક્રિયા ખર્ચનો, તેમજ પોતાની ઓરતની હયાતી સુધી તેના ગુજરાનનો, અને તેની પણ ક્રિયાના ખર્ચનો બોજો રાખી તે ખર્ચ જતાં બાકી રહે તેટલી મિલકતનું લખીલેનારે પોતા ની દીકરીને માલીકપણું આપ્યું છે.

આથી લખીઆપનારની હયાતીમાં મિલકત લખીલેનાર દીકરીને સ્વતંત્ર આપ્યાનું બીલકુલ થઇ શકતું નથી.

"મને જીવતાં પાળવો" એ મજકુર ઉપરથી કબજો લેખની તારીખે આપ્યાનું અનુમાન લેઇ આ લેખ બક્ષીસપત્ર હોવાની કલ્પના ઉઠાવેલી છે, પણ તેવો હેતુ લખીઆપનારનો નથી, એવું લેખના છેવટના ભાગમાં "મારા શરીરે મંદવાડ રહે

છે ને દેવગતીયે મોત થાય તેથી * *" વિગેરે મજકુર છે તે તથા લેખના સુરૂ ભાગમાં "* * રાજક દૈવક થાય તો તેમની ક્રિયાખર્ચ તમારે કરવો તાર પછે જે મિલકત રહે તેના માલીક તમો છો," એ રીતે મજકુરનો સમગ્ર વિચાર કરતાં જણાય છે.

આ રીતે આ લેખ 'મૃત્યુપત્ર' ના સ્વરૂપનો ઠરે છે, ને મૃત્યુપત્રને માટે નિબંધના પરિશિષ્ટ ૧ માં લાગત ઠરાવેલી નથી, માટે આ લેખ લાગતને પાત્ર નથી એવા સ્વરૂપનો છે એમ અમો ઠરાવીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓ સાહેબની રૂબરૂ.*

ફેસલ તા. ૪-૬-૯૧.

પા. મથુરભાઇ ભીખાભાઈ સગીરનું પાલણકરનાર સગા ભાઇ પા. હીરાભાઇ ભીખાભાઇ રેહેવાશી વીરોદ તાલુકે વડોદરા.	દસ્તાવેજ લખીલેનાર.
બાઇ કોંડબાઇ પા. પરભુદાસ નરસીની વીધવા રેહેવાશી મજકુર.	દસ્તાવેજ લખી આપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલોછે.)

દત્તકપત્ર કિંવા બક્ષીસપત્ર—સ્ટાંપની લાગતની મારી.

લેખમાં મુદ્દાનું એવું લખ્યું હતું કે, દરીઆપનાર સ્ત્રીએ કરીલેનારને "દત્તકપુત્ર કરી લીધોછે એટલે + + ઘરમાં રહી મારી સેવા ચાકરી તથા પાલણપોષણ કરવું * * મારા મુવા પછી ઉત્તરક્રિયા * *કરવી અને મારી તમામ મિલકતનો ઉપયોગ દીકરા પ્રમાણે * * લેવો તથા દેવું લેહેણું આપવું તથા દેવું. * * આ લેખથી મારી અને મારા ધણીની તમામ મિલકતના માલેક તમોછો. વિગેરે ઠરાવ થયા કે,—

આ લેખ બક્ષીસપત્રના સ્વરૂપનો નરતાં દત્તકપત્રના સ્વરૂપનો છે અને તેથી તેને સ્ટાંપની લાગતની માફી થાયછે.

લેખમાં માલીક કર્યાનો મજકુરછે તે સ્ત્રીએ કરેલા દતવિધાનમાં કાયદાથીજ અંગભૂત છે, સબબ તેના યોગે કરીને દસ્તાવેજનું સ્વરૂપ ફરતું નથી. માલીકપણાના શબ્દ હોય એટલે બક્ષીસપત્રજ અવશ્ય કરીને સમજવામાં આવેછે એમ નથી. તેના ઇબારત પ્રમાણે ઠરાવ કરવાનો છે.

પોષણ વિગેરે કરવા વિષે જે મજકુર છે તે માત્ર ધર્મશાસ્ત્ર તથા રીવાજ પ્રમાણે દત્તકપુત્રના ધર્મોનું બયાન માત્ર સમજવાનું છે.

સ્ટાંપ. ખુ. ર. નંબર ૨૧ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૨૧-૧૦-૮૯ તથા નંબર ૧૦ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૨૮-૩-૯૦ ના ઠરાવ વિચારમાં લીધા છે (૧).

સ્ટાંપ. ખુ. ર. નંબર ૭, ૯ તથા ૧૮ સન ૧૮૮૯-૯૦ના ઠરાવ હાલના લેખને લાગુ નથી. (૨).

---

* દી. સ્ટાં. ખુ. ર. નં, ૧૧૬ સન ૧૮૯૦-૯૧. આ ઠરાવ આજ્ઞાપત્રિકામાં તા. ૧૬-૭-૯૧ ના રોજ પૃ૪. ૧૦૨, ૧૦૩ ઉપર પ્રસિદ્ધ થયો છે.

(૧). આ ઠરાવ પછવાડે અનુક્રમે પૃષ્ઠ ૧, તથા ૨૮ ઉપર છે.

(૨). આ ઠરાવ પછવાડે અનુક્રમે પૃ૪ ૨૦, ૨૫, ૬૭ ઉપર છે.

હકીકત.

આ પ્રકરણ રાવસાહેબ નોંધણી તપાસણીકામદારની યાદી નં. ૬૭૯ તા. ૨૧- -૯૧ નો વડોદરા પ્રાંતના નોંધણીસરકામદાર સાહેબ મારફત મોકલેલી તેઓ સાહેબ તરફથી જા. નં. ૧૫૭૫ તા. ૨૮-૪-૯૧ના શેરા સાથે આ કોરટ તરફ આવ્યાથી ઉત્પન્ન થયું છે.

સદરની યાદી સોબત સદરના પક્ષકાર દરમ્યાન સં. ૧૯૪૬ના આષાડ શુદિ ૪, તા. ૨૧-૬-૯૦ શનીવાર, ને રોજ થયેલા લેખની નકલ આવી છે. તેનો મુદ્દાનો મજકુર નીચે મુજબ છે:—

"લખી આપું છું કે, મારી વૃદ્ધ અવસ્થા થઈ છે, અને મરવું જીવવું તે પરમેશ્વરના હાથમાં છે. પરંતુ જઇરીના કારણથી મારી તબીયત સારી રેહેતી નથી, ને મારે પેટે કંઇ પુત્ર સંતતિ નથી, ફક્ત એક અજ્ઞાન દીકરી છે. તેથી મારા ધણીનું નામ આગળ ચલાવવા કંઇ સાધન નથી, માટે મારા હયાતીપણામાં મારી રાજીખુશીથી તમો મથુરભાઇ ભીખાભાઈ, મારા ભત્રીજા થાઓ છો, તેથી આજ મીતીથી મારા ધણીનું નામ કાયમ રાખવા સારૂં તમને દત્તકપુત્ર કરી લીધા છે. એટલે તમે મારા દીકરા માફક ઘરમાં રહી મારી સેવા ચાકરી તથા પાલણપોષણ કરવું, તથા મારી દીકરીની સંભાળ પોતાની બેહેન માની રાખવી, ને મારા મુવા પાછળ મારી ઉત્તરાક્રયા આબરૂ પ્રમાણે કરવી, અને મારી તમામ સ્થાવર જંગમ મિલકતનો ઉપયોગ દીકરા પ્રમાણે વંશપરંપરા લેવો, તથા દેવું લેહેણું આપવું તથા લેવું, અને બાપના ઠેકાણે મારા ધણીનું નામ ચલાવવું, અને હું હયાત હોઉં ત્યાં સુધી મારી સલાહથી વરતવું. એ પ્રમાણે ચાલવાને મેં આ લેખથી તમોને દતકપુત્ર કરી લીધા છે. તેથી મારી અને મારા ધણીની તમામ મિલકતના માલીક તમો છો, કોઇનો દરદાવો નથી.

મેં આ બાબતમાં પ્રથમ કોઈ રીતનો ઠરાવ કે દસ્તાવેજ કર્યો નથી, તેમ કરી આપ્યો નથી, ને નીકળે તો યા ઠરાવથી સર્વે રદ્દ છે, એમ સમજવું. આ ઠરાવ મેં મારી રાજી ખુશીથી તથા અક્કલ હુંશિઆરીથી સાવધપણે બેશીને કર્યો છે, તે મારે, તથા મારા વાલીવારસોને કબૂલ મંજૂર છે. એ લખ્યું તે સહી * * * *"

અત્ર મતુ. અત્ર સાખ.

* * * * * *

નવીન સ્ટાંપ સંબધે નોંધણીખાતા માટે થએલા નિયમની કલમ ૧૧ (ખ) પ્રમાણે સ્ટાંપસંબંધે સંશય આવ્યાથી ખુલાસો થવા મોકલ્યું છે. તેઓ પોતાની યાદીમાં જણાવે છે કે, "આ દસ્તાવેજ દત્તકપત્ર થતો નથી, તેવા લેખમાં તો ફક્ત દત્તક લીધાની વાતજ હોવી જોઇએ. હાલના લેખમાં હયાતીમાં માલમિલકતના માલીક બનાવ્યા છે, માટે તેને બક્ષીસપત્ર સમજવા હરકત નથી. આવીજ જાતના લેખને સ્ટાં. ખુ. નં. ૭

સન ૧૮૮૯—૯૦ ફૈસલ તા. ૧૭—૩—૯૦, તથા નં. ૯ સન ૧૮૮૯—૯૦ ફૈસલ તા. ૨૮—૩—૯૦, તથા નંબર૧૮ ફૈસલ તા. ૨૮—૧૦—૯૦ ના પ્રકરણો ઉપરથી બક્ષીસપત્ર હોવાનું લાગે છે. તથા તેવા માનવા પુનુસ્વામીકૃત સ્ટાંપ મ્યાનુઅલ, કોષ પૃષ્ઠ ૧૦—૧૧ નો આધાર મળે છે. આ દસ્તાવેજ કદાચ વારસપત્રમાં પણ આવે એવુ પણ દસ્તાવેજના છેલ્લા ભાગથી લાગે છે, અને એકંદર ઇબારત ઉપરથી વ્યવસ્થાપત્ર પણ કદાચ માનીશકાય (નિબંધની કલમ ૩ રકમ ૯). સંવત ૧૯૨૩ ના આ રાજ્યના પુરવણી સ્ટાંપનિબંધમાં વારસપત્રની વ્યાખ્યા આપી છે તે નીચે પ્રમાણેઃ—

"वारसपत्र ह्मणजे कोणी मनुष्य संतानअभावामुळें आपण हयात असतां आपले स्थावरजंगम मिळकतींचा हक्क दुसरे मनुष्यास देतो ह्मणजे, ज्या मिळकतींवर आपण सत्ता करीत होता ती मालमिळकत दुसऱ्याचे सतत पूर्ण अधिकारांनीं चालावी ह्मणोन.जो दस्ताऐवज व्हावयाचा यास वारसाईचा दस्ताऐवज असे स्टांपानिबंधांत ह्मटलें आहे."

આ વ્યાખ્યા પ્રમાણેના લેખ બક્ષીસપત્રમાં આવી શકે, કારણ બક્ષીસપત્રના લેખને તુરત કબજો આપવો જોઇએ એવું કંઇ નથી. અને જુનાકાયદામાં વારસપત્ર અને બક્ષીસપત્ર માટે એકજ સ્ટાંપ ઠરાવેલો હતો વિગેરે. માટે હાલનો લેખ બક્ષીસપત્ર મારા અભિપ્રાયમાં આવે છે."

મે. નાંધણીસરકામદાર સાહેબનો અભિપ્રાય આ લેખને દત્તકપત્ર હોવા વિષે લખે છે વિગેરે.

ઠરાવ.

હાલના લેખનો મજકુર ધ્યાનમાં લેતાં તે દતકપત્ર ઉઘડ રીતે ઠરે છે. લખીલેનારને આ લેખમાં માલીક બનાવ્યાનો મજકુર છે તે ઉપરથી લેખને બક્ષીસપત્રનું સ્વરૂપ મળે છે એવી શંકા લેવામાં આવી છે. પરંતુ માલીક કર્યાનો મજકુર છે તે સ્ત્રીએ કરેલ દત્તવિધાનમાં કાયદાથીજ અંગભૂત છે. સબબ તેના યોગે કરીને દસ્તાવેજનું સ્વરૂપ ફરતું નથી. માલીકપણાના શબ્દ હોય એટલે બક્ષીસપત્રજ અવશ્ય કરીને સમજવામાં આવે છે એમ નથી. એવા મજકુરવાળા લેખને તેની ઇબારત પ્રમાણે આ કોરટે દત્તકપત્ર તથા વારસપત્ર ઠરાવેલા છે. (જુઓ સ્ટાંપ ખુલાસા નં. ૨૧ ફૈસલ તા. ૨૧—૧૦—૮૯ સન ૧૮૮૯—૯૦ તથા નં. ૧૦ સન૧૮૮૯—૯૦ ફૈસલ તા. ૨૮—૩—૯૦). (૧) લેખમાં કરીઆપનાર વિગેરેનું પોષણ વિગેરે કરવા વિષેનો જે મજકુર છે તે માત્ર ધર્મશાસ્ત્ર તથા રીવાજ પ્રમાણે દત્તકપુત્રના ધર્મોનું બયાન માત્ર સમજવાનું છે (જુઓ પુનુસ્વામીકૃત સ્ટાંપમાન્યુઅલ, કોષ ભાગ પૃ. ૧૦, ફ્યાદા ૩ નો).

---

(૧). આ ઠરાવ પછવાડે અનુક્રમે પૃષ્ઠ ૧ તથા પૃષ્ઠ ૧૮ ઉપર છે.

તપાસણીકામદારે પોતાના અભિપ્રાય તરીકે આ કોરટના સ્ટાંપ ખુલાસા નંબર ૭-૯ અને ૧૮ સન ૧૮૮૯-૯૦ (૧) ના ઠરાવ જણાવ્યા છે, તે હાલના લેખને લાગુ પડી શકે તેમ નથી, કારણ તેમાં દત્તક લીધાનો મજકુર નથી.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓસાહેબની રૂબરૂ. *

ફેસલ તા. ૪-૬-૯૧.

પા. ચતુરભાઈ કલ્યાણભાઇ રેહેવાશી ચાંગા તાબે પેટલાદ. દસ્તાવેજ લખીલેનાર.

બાઇ જીજી તે પટેલ તીકમદાસ ધરમદાસની વીધવા રેહેવાશી મજકુર. } દસ્તાવેજલખીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

દત્તકપત્ર કિંવા બક્ષીસપત્ર—સ્ટાંપ લાગતની માફી.

લેખમાં મુદ્દાનું એવું લખ્યું હતું કે, કરીઆપનાર સ્ત્રીએ કરીલેનારને "દત્તક લીધો છે * * એટલે હમારી (કરીઆપનાર સ્ત્રીની) સ્થાવર જંગમ મિલકતના તમો (કરી લેનાર) માલેક થયા છો, * * સદરહુ મિલકત માલેક હક્કે ઉપભોગ કરી ખાવી, ને * * જીવતા સુધી પાળી મુત્રે * * નાત રીવાજ પ્રમાણે ખરચ કરવું" વિગેરે. ઠરાવ થયો કે,— આલેખ બક્ષીસપત્રના સ્વરૂપનો નસ્તા દત્તકપત્રના સ્વરૂપનો છે, અને તેથી તેને સ્ટાંપની લાગતની માફી થાય છે.

લેખમાં ઉપર પ્રમાણે જે બીજો મજકુર લખ્યો છે તે સ્ત્રીએ કરેલા દત્તવીધાનમાં કાયદાથીજ અંગભૂત છે, તેથી તે કારણથી દસ્તાવેજનું સ્વરૂપ ફરતું નથી: એવા મજકુરને ધર્મશાસ્ત્ર તથા રીવાજ પ્રમાણે દત્તકપુત્રના હક્કો તથા ધર્મોનું બયાન માત્ર સમજવાનું છે.

દી. સ્ટાં. ખુ. ર. નંબર ૧૮ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૨૮-૧૦-૯૦ નો ઠરાવ હાલના લેખને લાગુ થતો નથી.(૨).

દી. સ્ટાં. ખુ. ર. નંબર ૧૧૬ સન ૧૮૯૦-૯૧ ફેસલ તા. ૪-૬-૯૧નો ઠરાવ લાગુ કર્યો છે. (૩)

હકીકત.

આ પ્રકરણ રાવસાહેબ નોંધણીતપાસણીકામદારની યાદી નંબર ૫૨૩ તા. ૨૨-૨-૯૧

---

(૧). આ ઠરાવ પછવાડે અનુક્રમે પૃષ્ઠ ૨૦ તથા પૃષ્ઠ ૨૫ તથા ૬૭ ઉપર છે.

*દી. સ્ટાં. ખુ. ર. નંબર ૯૭ સન ૧૮૯૦-૯૧. આ ઠરાવ આજ્ઞાપત્રિકા, ભાગ ૨ માં તા. ૧૬-૭-૯૧ના રોજ પૃષ્ઠ ૧૦૦-૧૦૧ ઉપર પ્રસિદ્ધ થયો છે. (૨). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૬૭ ઉપર છે

(૩). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૨૭૦ ઉપર છે.

ની આ કોર્ટના નોંધણીખાતા તરફ મોકલેલી તે ખાતાના શેરા નંબર ૨૦૫ તા. ૩-૩-૯૧ થી આ કોર્ટ તરફ આવ્યા ઉપરથી બન્યું છે.

એ યાદી સોબત સદરના પક્ષકાર દરમ્યાન સં. ૧૯૪૬ ના આસો સુદિ ૧ મંગળવાર, તા. ૧૪-૧૦-૯૦ ઇસવી, રોજ થયેલા લેખની નકલ આવેલી તેનો મુદ્દાનો મજકુર નિચે પ્રમાણે છેઃ—

"જત અમારે પુત્ર તેમ પુત્રીની પ્રજા નથી, તેથી અમારી પાછળ પરલોકીક ક્રિયા વિગેરે કરવા સારૂ દત્તક લેવાનો વિચાર થયાથી આપણા ધરમના રીવાજ પ્રમાણે નજીકના સગા સંબંધી વિગેરેના વિચાર કરતાં તમો અમારા સગા જેઠના દીકરા થાઓ છો, તેથી તમને દતક લેવાના મનસુબાથી તમારા જનક પિતા પા. કલ્યાણભાઇ ધરમદાસ પાસે માગણી કરતાં તેમણે હા પાડી, તેમ તમે પણ કબૂલ થયા તેથી તમોને અમોએ આજ રોજ તમોને ? દત્તક લીધા છે. તમારા પિતાને બે દીકરા છે. તેમાં તમો નાહના છો એટલે તમોને દત્તક લેવા શાસ્ત્ર આધાર છે. તમોને દત્તક લીધા એટલે હમારી સ્થાવર જંગમમિલકતના તમો માલેક થયાછો તે મિલકત ચાંગા ગામમાં છે તેની તપસીલ, સદરહુ મિલકતની કિંમત રૂપીઆ ૩૯૯ અંકે રૂપીઆ ત્રણસોને નવાણુંની છે. + + + (મિલકતની તપસીલ તથા ચતુઃસીમા આપેલીછે દસ્તાવેજમાં આપી છે).

ઉપરના નરવાનું સરકાર ભરત જે ફાલે આવે તે ભરવાનું છે. ઉપર પ્રમાણેની મારી મિલકત છે અને તમોને દત્તક લીધા છે. તેથી સદરહુ મિલકત તમારે માલકી હકે ઉપભોગ કરી ખાવું ને હમને જીવતા સુધી પાળી મુવે બાળી નાતરીવાજ પ્રમાણે ખરચ કરવું તમોને દત્તક લીધા છે તેથી તમને ઔરસ પુત્રની માફક અમારા તરફના સર્વે હકો પ્રાપ્ત થયા છે, અને તમારૂં નામ ચતુરભાઈ કલ્યાણભાઇ ફેરવી ચતુરભાઇ ત્રીકમદાસ રાખવામાં આવ્યું છે.'

અત્રે મતુ. અત્ર સાખ.

* * * * * *

રાવસાહેબ તપાસણીકામદાર સ્ટાંપ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો પુછે છે કે, લેખમાં "મિલકત માલકી હકે ઉપભોગ કરી ખાવા ને જીવતા સુધી પાળવા" વિગેરે વાતો લખી છે. સ્ટાંપ ખુલાસા નં. ૨૧ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૨૧-૧૦-૮૯) માં ઠરાવ્યું (૧)છે કે, "દત્તક લેનારના મુવાપછી જે હક અથવા કબજો મળવાનો તે હાલ આપેલો દેખાતો નથી. માટે હાલના જેવા મજકુરનો દસ્તાવેજ દત્તકપત્રના સ્વરૂપનો માનવો જોઇએ, બક્ષીસપત્રના સ્વરૂપનો માની શકાય નહીં. હાલના દસ્તાવેજમાં મિલકતનો કબજો આપ્યો છે. અને તેની કિંમત દસ્તાવેજમાં લખી છે, માટે તે ઉપર બક્ષીસપત્ર પ્રમાણે સ્ટાંપ લેવો જોઇએ, એવો મારો અભિપ્રાય છે, ને તેને નં. ૧૮ તા. ૨૮-૧૦-૯૦ નો ઠરાવ(૨) પુરે પુર લાગે છે" વિગેરે.

ઠરાવ.

આ કોર્ટે સ્ટાંપ ખુલાસા નંબર ૧૧૬ સન ૧૮૯૦-૯૧ ના તા. ૪-૬-૯૧ ના ઠરાવથી

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૧ ઉપર છે. (૨) આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૬૭ ઉપર છે.

(૩) ઠરાવ્યા પ્રમાણે સાંપ્રતનો લેખ દત્તકપત્રના સ્વરૂપનો ઠરે છે. લેખમાં "તમોને દત્તક લીધા એટલે હમારી સ્થાવર જંગમ મિલકતના તમો માલીક થયા છો * *. તમોને દત્તક લીધાં છે તેથી સદરહુ મિલકત તમારે માલકી હકકે ખાવી ને હમને જીવતા સુધી પાળી + + " વિગેરે મજકુર સ્ત્રીએ કરેલા દત્તવિધાનમાં કાયદાથીજ અંગભૂત છે, તેથી તે કારણથી દસ્તાવેજનું સ્વરૂપ ફરતું નથી. એવા મજકુરને ધર્મશાસ્ત્ર તથા રીવાજ પ્રમાણે દત્તકપુત્રના હકકો તથા ધર્મોનું બયાન માત્ર સમજવાનું છે.

આ કોર્ટનો સ્ટાંપ ખુલાસા નંબર ૧૮ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૨૮-૧૦-૯૦ (૪) નો ઠરાવ તેના મજકુર ઉપરથી હાલના લેખને લાગુ થતો નથી.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. યશવંત વાસુદેવ આઠલ્યે, જજ્ય, એઓસાહેબની રૂબરૂ.*

ફેસલ તા. ૫—૬—૯૧.

ખરી. માણેકલાલ મોહનલાલ રેહેવાશી વસો તાબે પેટલાદ. દસ્તાવેજ કરીલેનાર.

શા. ડાહ્યાભાઇ નરોતમદાસ, તથા દાજીભાઇ નરોતમદાસ બેઉ રેહેનાર મજકુરના. } દસ્તાવેજ લખીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણી ખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલોછે).

ગીરોખતની રકમ વસુલ કરી, જે આવે તે દેવા પેટે લગાડવા વિષે કરેલો લેખ-મુખત્યારપત્ર-પરિશિષ્ટ ૧, રકમ ૨૫.

દસ્તાવેજકરીઆપનારને દેવું હતું તેથી દેવાની રકમ પેટે તેણે, બીજા પાસે તેનું લેહેણું હતું તે બાબત તેણે કરાવી લીધેલું ગીરોખત, દસ્તાવેજ કરીલેનારને આપી એવો અખત્યાર દસ્તાવેજમાં આપેલો કે, એ ગીરોખત ઉપરથી દાવો કરી વસુલ લેવું તથા સદરહુ ગીરોદસ્તાવેજનું સમાધાન કરવા વિગેરેનું સઘળું કરવું; જે વસુલ આવે તે દેવા પેટે જમા કરવું, તથા દાવો કરવાનો ખરચ, તથા વસુલ કમી આવે એ વિગેરેનું જોખમ કરીઆપનારના શીર છે વિગેરે. એવી રીતે દસ્તાવેજ કરેલો હતો. ઠરાવ થયો કે,-આ દસ્તાવેજ બીજાના નામ ઉપર કરી આપવાનો લેખ અથવા વિક્રીખતના સ્વરૂપનો દસ્તાવેજ નરતાં મુખત્યારપત્રના સ્વરૂપનો દસ્તાવેજ જણાયછે, અને તે એકજ બાબત સંબંધે છે તેથી આઠ આનાની સ્ટાંપની લાગતને પાત્ર છે.

હકીકત.

આ પ્રકરણ રાવસાહેબ નોંધણીતપાસણીકામદારની યાદી નં. ૫૦૯-

---

(૩) આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૨૭૦ ઉપર છે. (૪) પછવાડે પૃષ્ઠ ૬૭ ઉપર એ ઠરાવ છે.

* દી. સ્ટાં. ખુ. ૨. નંબર ૯૪ સન ૧૮૯૦-૯૧. આ ઠરાવ આજ્ઞાપત્રિકા, ભાગ ૨ માં તા-૧૬-૭-૯૧ના રોજ પૃષ્ઠ ૯૯-૧૦૦ ઉપર પ્રસિદ્ધ થયેલો છે.

તા. ૨૨-૨-૯૧ ની કોર્ટ મજકુરના નોંધણીખાતા મારફત મોકલેલી તે ખાતાનો નં. ૨૦૪ તા. ૩-૩-૯૧ થી આકોરટ તરફ આવ્યાથી નીકળ્યું છે.

'સદર યાદી સાથે સદરના પક્ષકાર દરમ્યાન સં. ૧૯૪૬ ના પ્રથમ ભાદરવા સુદિ ૧૧ રોજ દસ્તાવેજ થયેલાની નકલ આવી છે. તેનો મુદ્દાનો મજકુર નીચે પ્રમાણે છેઃ-

" એકામતી 'એકા જતી લખી આપીએછીએ કે, તમો હમારી પાસે રૂપીઆ માગોછો તેનું હુકમનામુ નં. ૭૫ નું રૂ. ૫૬૦।।- પાચસો સાડીસાઠ રૂપીઆ એક આનાનું થયુછે, તેમાં રૂ. ૫૦૦ પાંચસોના આશરે બાકીછે. તેના પેટે હમારા પીતા શા. નરોતમ પીતાંબરદાસને વસોપુરાના શા. હીરાચંદ કલ્યાણદાસે સાનગીરો દસ્તાવેજ રૂ. ૪૨૫ ચારસેપચીસનો સંવત ૧૯૨૭ના માગશર શુદિ ૧૫ ના રોજ લખી આપ્યોછે, તે તમોને ઉપરના હુકમનામા પેટે વસુલ લેવા આપ્યો છે. આ દસ્તાવેજના પેટે આંજ સુધી એ શખસે કંઇ વસુલ આપ્યું નથી. ને હવે પછી એ દસ્તાવેજ સંબંધે હમારે પરભાર્યું કાંઇ વસુલ લેવું નહીં, અથવા કોઇ પણ રીતે નીકાલ કરીશું નહીં. એ દસ્તાવેજનો દાવો કરી હુકમનામું થઇ જેમ જેમ વસુલ આવે તેમ તેમ તમો ઉપરના હુકમનામા પેટે જમા કરતા જજો ને દાવાનો ખર્ચ તમોએ કરવો, ને હમો તમોને મજરે આપીએ. આ દસ્તાવેજના રૂપીઆ તમારા હુકમનામા કરતાં કમાં આવે તો તમો ઉપરનું હુકમનામું હમારા ઉપર બજાવીને વસુલ કરજો, ને જો ઉપરના હુકમનામા તથા તમો કરેલા ખર્ચ કરતાં રૂપીઆ જાસ્તી વસુલ આવે તો તે હમોને તમો ખાનગી રીતે આપજો, એવી રીતે આ દસ્તાવેજ અમોએ તમોને ઉપરના હુકમનામાને પેટે વસુલ લેવાને આપ્યોછે. તેથી હમારા ઉપરનું, ઉપરના નંબરનું હુકમનામું બજાવવાને કોઇ પણ રીતની હરકત તમોને થતી નથી. ઉપરનો દસ્તાવેજ રૂ. ૪૨૫ નો તેનો દાવો કરવા તથા વસુલ લેવા, તથા સદરહુ દસ્તાવેજનું સમાધાન કરવા, વિગેરે સઘળો અખત્યાર તમોને આપ્યો છે. તેમાં હમો તમોને કોઇ પણ રીતે હરકત કરીએ નહીં. આ કરાર હમે હમારી સકલ હુશીઆરીથી રાજી ખુશી થઇ બીન કેફથી સાવચેતીએ સ્વસંતોષપણે લખી આપ્યોછે તે હમારે તથા હમારા વાલી વારસ ફરજંદને કબૂલ મંજૂર છે."

અત્રે સહી. અત્રે સાખ.

* * * * * *

રાવસાહેબ તપાસણીકામદાર સદર તેમની યાદીમાં લખેછે કે, "વસો નોંધણી કચેરીની નંબર ૪ ની નોંધબુકનો અનુક્રમ નં. ૩ સન ૧૮૯૦-૯૧ ના લેખની નકલ નવીન સ્ટાંપનિબંધ અન્વયે નોંધણીખાતામાટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસા માટે મોકલી છે. દસ્તાવેજ કરારપત્ર થશે કે નહીં એ વિષે સંશય છે. એ લેખની બાબત પરિશિષ્ટ ૧, કલમ ૧૮ માં પણ આવી શકશે ને વળી કદાચ પરિશિષ્ટ ૧, કલમ ૧૪ મુજબ તોડજોડના ખતમાં પણ આવી શકે, એટલે, નિબંધની કલમ ૭ પ્રમાણે તેને રૂ. ૨-૮-૦ નો સ્ટાંપ જોઇએ એવો મારો અભિપ્રાય છે,' વિગેરે.

ઠરાવ.

હાલના લેખનો મજકુર ધ્યાનમાં લેતાં તેમાં જણાવેલું રૂ. ૪૨૫ નું ગીરેખત આ લેખથી વેચ્યું કહી શકાતું નથી. નિર્દિષ્ટ રકમ સારૂ એ ખત વેચવામાં આવી તેનો નફો નુકસાન ખરીદદાર ઉપર રાખવામાં આવ્યો હોત તો હાલના લેખને વેચાણખત ગણવાને માર્ગ થાત, પરંતુ તેમાં તેવો મજકુર નથી. હાલના લેખથી સદરહુ ગીરેખત ઉપરથી દાવો કરવાની સત્તા માત્ર લખીલેનારને આપ્યાનું જણાય છે, બાકીનું બધું જોખમ લખીઆપનારે પોતે માથે રાખ્યું છે, અને તેમાં દાવો કરી વસુલ આવે તે લખીલેનારના લખીઆપનારના ઉપરના લેહેણા પેટે જમે કરવાનો અખ્તીઆર આપ્યો છે, તેથી આ લેખ મુખ્તીઆરપત્રના સ્વરૂપનો જણાય છે. ને તે એકજ બાબત સંબંધી હોવાથી તેને જે આઠ આનાનો સ્ટાંપ વાપરેલો છે તે બસ છે એમ અમે ઠરાવીએ છીએ. (જુઓ મું. હા. કો. રી. વા. ૭ અપીલેટ સત્તા, પૃષ્ઠ ૧૦).

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ એઓ, સાહેબની રૂબરૂ. *

ફેસલ તા. ૯-૯-૯૧.

શા. પ્રેમાનંદ મનસુખ રેહેવાશી બાધરપુર. લેખ લખીલેનાર.

શા. નાહાના હરીવલવ. લેખ લખીઆપનાર.

(સુબા સાહેબનું લખાણ ખુલાસા થવા માટે આવેલું તેથી રેફરન્સ છે). ‡

ખાતામાં દેવાની રકમ આપવાનો વાયદો—વાયદાચિઠ્ઠી—પરિશિષ્ટ ૧, રકમ ૩૫ (ખ)-

ખાતામાં દેવાની રકમ આપવાનો વાયદો કરેલો હોય તો તે ખાતું વાયદાચિઠ્ઠીના સ્વરૂપનું થાય છે તથા રૂપીઆ પાછા આપવાનો વાયદો માસ બેનો કરેલો હોય તો પરિશિષ્ટ ૧, રકમ ૩૫. (ખ) પ્રમાણે સ્ટાંપની લાગતને પાત્ર છે.

દી. સ્ટાં. ખુ. ર. નંબર ૪૬ સન ૧૮૯૦-૯૧ ફેસલ તા. ૪-૬-૯૧ નો ઠરાવ લાગુ કર્યોછે.(૧).

હકીકત.

આજમ ડભોઇ મુનસફની જા. નં. ૧૯૮૨ તા. ૧૦-૪-૯૧ ની યાદી મે. વડોદરા પ્રાંતના સુબાસાહેબ તરફ લેખની નકલ સહ લાગત તથા દંડ ભર્યા બદલની

---

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૧૧૮ સન ૧૮૯૦—૯૧.

‡ જે અર્થે લાગત દંડ મુનસફકોરટે લીધો છે તે અર્થે કલમ ૪૧-૪૩-૪૪ આવા પ્રસંગે લાગુ ન થવાથી કલમ લખી નથી.

(૧). આઠરાવ પછવાડે પૃષ્ઠ ૨૬૪ ઉપર છે.

જાહેરાત તરીકે આવેલી તે લાગત આ. નંબર ૧૦૯૪ તા. ૨૮—૪—૯૧ નો શેરો આવ્યાથી આ પ્રકરણ ઉભું થયું છે.

સદર શેરા સાથે આવેલી નકલનો મજકુર નિચે પ્રમાણે છેઃ—

પાનું ૭૫.

"શા. નાહાના હરીવલવનું ખાતું. સં. ૧૯૪૬ ના કારતક શુદિ ૩.

જ	ઉ
	૪૪ા≈ાા બાકી લેણા પાનું ૧૩. સં. ૧૯૪૬ ના કારતક શુદિ ૩ ની તેરીખના, રૂ. ૪૪ા≈ાા અંકે સવાચુંવાળી ને આના સાડા ત્રણ પુરા. એ રૂપીઆ પાછલા ખાતેથી હીસાબ સમજીને નિકળ્યા તે દેવા. આ રૂપીઆ નો વાયદો માસ ૨ નો કર્યો છે. તે ઉપરાંત રહે તો વ્યાજ રામ ૧૨ લેખ આપીએ. લા. શા. નાહાના હરીવલવ ઉપર લખ્યા રૂપીઆ ૪૪ા≈ાા અંકે રૂપીઆ સવાચુવાળી આના સાડા ત્રણ દેવા. દ. પો."

(લેખ સાદા કાગળ ઉપર હતો).

સદર સંબંધે મે. સુબા સાહેબે ખુલાસો એવો પુછ્યો છે કે, આ ખાતાબાકીમાં વ્યાજનો કરાર છતાં સાક્ષી થયેલી નથી તેથી તે ખત મુજબ ગણવો કે કેમ એ બદલે ખુલાસો થવા પ્રથમ નંબર ૩૯૩ તા. ૩—૧૨—૯૦ તથા નંબર ૧૦૧૪ તા. ૨૧—૪—૯૧ થી પુછ્યું છે, તેઓ બદલ પણ ખુલાસો થવો વિગેરે.

ઠરાવ.

આ કોરટના સ્ટાંપ ખુલાસા નંબર ૪૬ સન ૧૮૯૦—૯૧ ફેસલ તા. ૪ જુન સન ૧૮૯૧ ના રોજ ઠરાવ્યા મુજબ આ લખત સ્ટાંપનિબંધના પરિશિષ્ટ ૧, ની કલમ ૩૫ માં જણાવેલી "વાયદાચિઠી" ના સ્વરૂપનું ઠરે છે.

આ લખત, પુરાવામાં લાગત તથા દંડ વસુલ લઇ, દાખલ થઇ ચુક્યું છે તેથી એ સંબંધે હાલનું પ્રકરણ ઉઠાવવાની જરૂર નહોતી.

ટીપ—આ પ્રકરણમાં લાગત તથા દંડ મુનસફકોરટે લીધો છે તેથી વરીષ્ટકોરટ તરફ નિબંધ પ્રમાણે ખુલાસો પુછવાને મે. સુબા સાહેબને અધિકાર નહીં હોવાનું લાગે છે (નિબંધની કલમ ૩૦ તથા ૪૪). આ સબંધે વ. કો. દી. ખાતાનો શેરો નંબર ૨૨૯ તા. ૨૩–૯–૯૧ નો થયો છે તેમાં કલમ ૪૧-૪૩-૪૪ આવા પ્રસંગે લાગુ થતી નથી એવો ખુલાસો થયો છે. પુ. છા.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, એઓસાહેબની રૂબરૂ.*

ફેસલ તા. ૭–૬–૯૧.

મોહનભાઇ ગોવીંદજી રેહેનારશી પલસાણા. દસ્તાવેજ લખીલેનાર.

ભીમભાઇ હરીભાઇ વિગેરે આસામી ૧૪ દસ્તાવેજ લખીઆપનાર.

(જુના સ્ટાંપનિબંધ પ્રમાણે ખુલાસો પુછેલો છે.)

કરાર પેટે રેહેલા લેણાની બાકીને સ્ટાંપ—જુના સ્ટાંપ નિબંધની કલમ ૮.

દસ્તાવેજથી આપવાની કુલરકમ નક્કી કરી હોય તો તે ઉપર સ્ટાંપની લાગત લેવાની છે. વસુલ આવતાં જે બાકી રેહે તે રકમ ઉપર સ્ટાંપની લાગત સંવત ૧૯૨૫ ના સ્ટાંપ નિબંધની કલમ ૮ પ્રમાણે લેવાની નથી.

હકીકત.

આજમ પલસાણા વહીવટદારે રીપોર્ટ નંબર ૨૨૭ તા. ૨૦–૧૦–૯૦ નો સુબાસાહેબ પ્રાંત નવસારી તરફ ખુલાસો મળવા કર્યો તે લગત મે. સુબાસાહેબે આવક નં. ૪૩ તા. ૩૧–૧૦–૯૧ નો શેરો આકોર્ટ તરફ લખી ખુલાસો પુછયો તે ઉપરથી આ પ્રકરણ નીકળ્યું છે.

---

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૩૮ સને ૧૮૯૦-૯૧.

સદર પક્ષકાર દરમ્યાન થયેલા લેખની નકલ સદર લખાણ સાથે આવેલી જોતાં તે મિતી સંવત ૧૯૪૫ ના અષાડ વદિ ૫ નો થયેલો છે, ને તેનો મુદ્દાનો મજકુર નિચે પ્રમાણે છેઃ—

"જત. નિચે સહીઓ કરનારાઓ લખી આપીએ છીએ કે, અમોએ તમારા વસર ગામની ખાતાના બીલોયા વાડામાં બળદ ચારવા એક સાલી સંવત ૧૯૪૬ ની ફેસલ ઉપર મુકવા તેનો ઠરાવઃ—જોડે ૧ એકના રૂપીઆ ૧૮ નો ઠરાવ હમે હમારી સહીમાં રૂા. નો આંકડો લખેલો છે તે પ્રમાણે પેલીઆં રૂપીઆ પહેલી કીસ્તતથા બીજી કીસ્તે બીનતકરાર બરાબર ઠરાવ પ્રમાણે ભરી ફડચો કરી આપવો સહી. એમાં કશી તકરાર કરીએ નહીં, ને ઠરાવ મુજબ રૂપીઆ નહીં ભરી શકીએ તો બીજી કીસ્ત થયાપછી ટકા ૧ ના વ્યાજ સાથે ભરી આપીએ સહી. તેમાં કોઇ પ્રકારની તકરાર કરીએ નહીં, ને આ લખાણમાં હમારા બળધની જોડ નોંધી હમારી સહી કર્યા પછી હમો (બીજા)બળધ ચરવા નહીં મુકીએ, તેમ બળધ વાડે ચરવા ગયા પછી કજારજા થાયતો એ ઉપર લખેલા ઠરાવ પ્રમાણે રૂા. બીન તકરારે ભરવા સહી. આ કબૂલત હમે હમારી રાજી ખુશીથી * *" વિગેરે.

નંબર.	નામ.	બળધજોડ.	ઠરાવ રૂા.	સહી.
*	*	*	*	*

આ સહીઓ ૧૪ છતાં દરેકનો એક જોડ બળધ બાબતરૂા. ૧૮ મુજબ ઠરાવ છે.
(દસ્તાવેજ સાદા કાગળ ઉપર થયેલા છે).

પલસાણા વહીવટદાર પોતાની યાદીમાં લખે છે કે, એકંદર રૂપીઆ ૨૫૨ ની કબુલત છતાં તે પૈકી રૂા. ૩૦ બાકી રહેલા વસુલ કરી આપવાનો આ તરફ દાવો થયો છે, તે ઉપરથી એ કબુલત સ્ટાંપ ચોટાડવા આ તરફ રજુ થઇ છે. તો એકંદર રકમ ઉપર લાગત તથા ત્રીપટ દંડ લેવો કે ફક્ત વસુલ થવા બાકી છે તે રકમ ઉપર પોતાનો અભિપ્રાય બાકી રકમ ઉપર લેવો એમ જણાવે છે. સુબા સાહેબની વતી પરસનલ નાયબસુબા એ પુરી રકમ ઉપર સ્ટાંપ તથા દંડ લેવો એમ અભિપ્રાય આપ્યો છે.

ઠરાવ.

હાલના પ્રકરણના લેખની મિતી સંવત ૧૯૪૫ ના અષાડ વદિ ૫ છે તેથી તે ચાલુ સ્ટાંપનિબંધ પ્રમાણે થયેલો નસ્તા તેને તે પેહેલાનો નિબંધ લાગુ છે. (જુઓ ચાલુ સ્ટાંપ નિબંધની કલમ ૨ . તે વેરણુ જોતાં તેને જુના સ્ટાંપ નિબંધનો કલમ ૮ નો નિયમ લાગુ પાડવો જોઇએ. માટે તે પ્રમાણે સ્ટાંપની લાગત તથા દંડ, રૂ. ૨૫૨ ઉપર, લેવાની તજવીજ થવી જોઇએ એમ અમે ઠરાવી છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, એઓસાહેબની રૂબરૂ.*

ફેસલ તા. ૭-૬-૯૧.

શા. દોલતરામ ઉમેદરામ રેહેવાશી વીસનગર.—દસ્તાવેજ લખીલેનાર.

દવે દામોદરદાસ વિઠલદાસ રેહેવાશી વડનગર.—દસ્તાવેજ લખીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલોછે).

સ્ટાંપની લાગત પરિશિષ્ટ ૧ માં જણાવેલા દસ્તાવેજના પ્રકાર પ્રમાણે ઓછી નહોય ત્યારે દસ્તાવેજના સ્વરૂપ વિષે નિશ્ચય કરવો કે કેમ ?—નિબંધની કલમ ૭ ભાગ ૨.

દસ્તાવેજ કરીઆપનારને એક સાવકારનું દેવું હતું. તેથી તે દેવા પેટે તેણે બીજા અસામીઓ તરફ પોતાનું જે લેહેણું હતું તે અસામીવાર વસૂલ કરી લેવાનો હક્ક આપીદીધા બાબત તથા જે વસૂલ આવે તે દેવા પેટે જમા કરવા બાબત અને અસામીઓ નબળી પડયા વિગેરે કારણથી લેહેણું કમી વસૂલ આવે તો તેની જવાબદારી કરીઆપનારે પોતાના શીર રાખ્યા બાબતનો દસ્તાવેજ તે સાવકારને કરી આપેલો હતો. આ દસ્તાવેજને સ્ટાંપ રૂ. ૧૯ નો લગાડેલો હતો. આ દસ્તાવેજનું સ્વરૂપ વિશે પ્રશ્ન હોવાથી ઠરાવ થયો કે.—

આ લેખ, ખત, બીજાના નામ ઉપર કરી આપવાનો લેખ, કિંવા તોડજોડીનું ખત, કિંવા મુખત્યારપત્ર, કિંવા વહીવટનું ખત, એ પૈકી ગમે તે સ્વરૂપનો માનતાં સ્ટાંપકાયદાને અર્થે તેને લગાડેલી સ્ટાંપની લાગત જે રૂ.૧૯ ની છે તે ઓછી માલુમ પડતી નથી, તેથી તેના સ્વરૂપ વિષે કંઇ નિશ્ચય કરવાનું કારણ નથી.

હકીકત.

રાવસાહેબ નોંધણી તપાસણીકામદારે યાદી નંબર ૫૬૩ તા. ૧૩-૪-૯૦ ની આ કોરટના નોંધણીખાતા તરફ કડીપ્રાંતના મે. નોંધણીસરકામદાર સાહેબ મારફત મોકલેલી તેઓએ શેરા નં. ૧૩૩૮ તા. ૩-૫-૯૦ થી મોકલી, તે નોંધણીદફતરથી નં. ૧૦૧ તા. ૨૨-૧૨-૯૦ થી આ દફતર તરફ આવી તે ઉપરથી આ પ્રકરણ બન્યું છે.

સદર લખાણ સાથે સદર પક્ષકાર દરમ્યાન સં. ૧૯૪૬ ના પોસ વદિ ૧૦ ગુરૂવાર, તા. ૧૬-૧-૯૦ નો લેખ થયેલાની નકલ આવી છે. તેનો મુદ્દાનો મજકુર નિચે પ્રમાણે છેઃ—

"જત તમારી મુંબાઇની ગોકળભાઈ દોલતરામની દુકાનના રૂ. ૪,૦૦૦ ચાર હજાર કલદાર અમારે દેવા છે. તેનો વટાવ શિક્કાઇ કરતાં રૂ. ૨૦૦ થયા તે મળી એકંદર રૂ. ૪,૨૦૦ તમારા દેવાછે. તે દેવામાં અમારા લેણાની નીચે લખેલી અસામીઓ આપીછે તેની વિગતઃ—

---

*ડી. સ્ટ. પુ. ર. નંબર ૬૬ સન ૧૮૯૦-૯૧.

૫૭૭ા ૧ાા કંદોઇ કીશોર હીરાચંદ રેહેવાશી મેહેસાણાના પાસે સં. ૧૯૪૬ના કારતક શુદ ૧ ની મિતીના બાકી.

૩૧૪ કંદોઇ મોતીચંદ હીરાચંદ રેહેવાસી મેહેસાણાની પાસે. સં.૧૯૪૬ના કારતક શુદ ૧ ની મિતી સુધીના.

૨૩૮ વોહોરા સમસખાન અલીભાઇ રેહેવાશી ચાણસમાના પાસે સં. ૧૯૪૫ના શ્રાવણ વદિ ૨ ની મિતી સુધીના.

૨,૧૭૫ શા. મોતીચંદ બેહેચર રેહેવાશી આરાજોલ પ્રગણે મેહેસાણાના પાસે સં. ૧૯૪૬ ના પોસ શુદ ૨ સુધી.

૯૦૩ાા પરી. ખેમચંદ અમુલખ રે. મેહેસાણાના પાસે સં. ૧૯૪૬ ના કારતક શુદ ૧ ની મિતી સુધીના.

૨૭૫ શા. છગન ત્રિભોવન રેહેવાશી વડનગરના પાસે સં. ૧૯૪૬ ના પોસ શુદ ૨ સુધી.

૩,૬૪૩) ૧ાા

એ રીતે અસામીઓનું લેહેણું આપ્યું છે તે પૈકી જેવું જેમ જેમ વસુલ આવે તેનું તેમ તેમ તેવું અમારે ખાતે વસુલ કરજો, અને એ વસુલ લેવાનો હક્ક તમારો છે, અને કોઈ અસામી નબળી પડે અગર ઉપર બતાવેલી અસામીવાર આંકડાથી કોઇ ઇસમનું કંઇ લેહેણું કમી વસુલ આવે તો તેના જવાબદાર અમો છીએ. કદાપિ કોઇ ઇસમ પાસેથી તમો તમારા ખુશીથી કંઇ ઓછું અથવા છુટ મુકી વસુલ લેશો તો તેની જવાબદારી અમારા શીર ઉપર નથી, ને તે તમામ અમારે ખાતે જમે કરવું, ને ઉપર લખી અસામીઓ વાળા લેણાના ચોપડા અમારી પાસે છે તે તમો જે વખતે જોવા માગશો અગર તમે જેને બતાવાનું કેહેશો તે વખત અમે બતાવીશું, અગર તમે કેહેશો ત્યાંહાં આગળ જોવા સારૂ રજુ કરીશું, અગર કોરટમાં જોઇશે તો રજુ કરીશું. આ દસ્તાવેજ અમો અમારી રાજી ખુશીથી વ અક્કલ હુંશિયારી તબિયત ઠેકાણે રાખી લખી આપ્યો છે. * * " વિગેરે.

સહી. સાક્ષી.

* * * * * *

આ લેખ રૂ. ૧૯ ના સ્ટાંપ ઉપર થયેલો છે.

રાવસાહેબ તપાસણીકામદાર પોતાની યાદીમાં આ લેખનાસ્વરૂપ વિષે શંકા લેઇ તે પરિશિષ્ટ ૧, કલમ ૧૪ મુજબ 'તોડજોડીનું ખત' ના સ્વરૂપનો થાય, અને તેની લાગત જેટલું લેહેણાની રકમ વસુલ કરવા આપી તેટલી ઉપર પડવી જોઇએ, એવો અભિપ્રાય આપે છે તેને મે. જજ્યસાહેબ મળતા છે.

ઠરાવ.

આ લેખને ખતના સ્વરૂપનો ગણીએ કિંવા બીજાના નામ ઉપર કરીઆપવાનો લેખ. (પરિશિષ્ટ૧, કલમ ૧૮), કિંવા તોડજોડનું ખત, (ક. ૧૪) કિંવા મુખત્યાર પત્ર(ક. ૨૫), કિંવા વહીવટનું ખત (ક. ૨૬), એ પૈકી ગમે તે સ્વરૂપનો માનતાં પણ જે અર્થે તેને જે લાગત સ્ટાંપની લગાડેલી છે તે ઓછી માલમ પડતી નથી. એટલે આ લેખના સ્વરૂપનો નિશ્ચય કરવાની સ્ટાંપને અર્થે જરૂર રેહેતી નથી, માટે તેના સ્વરૂપ વિષે કંઇ નિશ્ચય કરવાનુ કારણ નથી એમ અમે ઠરાવીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ શમ્સુદીન તૈયબજી, જજ્ય, એઓસાહેબની રૂબરૂ.*

ફેસલ તા. ૧૦-૬-૯૧.

રા. પુરૂષોત્તમ પરશરામ તથા દેશાઇ રતનલાલ અચરતલાલ બેઉ રેહેનાર પેટલાદ. | દસ્તાવેજ લખાવેનાર.

મુલ્લા રસુલજી જીવાજી રેહેનાર હાલ પેટલાદ. દસ્તાવેજ લખીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

વેહેંચણપત્ર—વેહેંચણ કરેલી મિલકતની કિંમત ઉપર સ્ટાંપની લાગત-પરિશિષ્ટ ૧ રકમ ૨૭. દસ્તાવેજની ઈબારત ઉપરથી ઠરાવ થયો કે,-તે વેહેંચણપત્રના સ્વરૂપનો લેખ છે અને વેહેંચણ કરતી વખતની સ્થિતિમાં મિલકતની જે કિંમત થતી હોય તે ઉપર પરિશિષ્ટ ૧, રકમ ૨૭ પ્રમાણે સ્ટાંપની લાગત જોઇએ.

હકીકત.

આજમ પેટલાદ નોંધણીકામદારે રીપોર્ટ નંબર ૧૨૭ તા. ૧૮-૧૨-૯૦નો આ કોર્ટ તરફ વડોદરા પ્રાંતના નોંધણી સરકામદાર સાહેબમારફત મોકલેલો તેઓ સાહેબ તરફથી નંબર ૬૨૦ તા. ૨૩-૧૨-૯૦ ના શેરાથી આ કોર્ટ તરફ નોંધણીસંબંધે થયેલા સ્ટાંપનિયમની કલમ ૧૧ મુજબ મોકલ્યાથી આ પ્રકરણ ઉત્પન્ન થયું છે.

સદર લખાણ સોબત સદરના પક્ષકારના દરમ્યાન સં ૧૯૪૬ ના અષાડ શુદ ૨ ગુરૂવાર. તા. ૧૯-૬-૯૦, રોજ દસ્તાવેજ થયેલાની નકલ આવી છે, તેનો મુદ્દાનો મજકુર નિચે મુજબ છેઃ——

---

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૬૮ સન ૧૮૯૦-૯૧. આ ઠરાવ આજ્ઞાપત્રિકાના ભાગ ૨ માં તા. ૧૬-૭-૯૧ ના રોજ પૃષ્ઠ ૯૬-૯૭ ઉપર પ્રસિદ્ધ થયો છે.

"જત આપણે પેટલાદ રેલવેસ્ટેશનનો કંટ્રાક્ટ સહીયારો રાખેલો છે કે જેમાં આની નવનો હિસ્સો અમારો અને આની સાતનો હિસ્સો તમારો છે, અને તે સહીઆરાનો વહીવટ મુલ્લા રસુલજી જીવાજીની કંપની એ નામથી ચાલે છે. તે આપણા સહીયારાને વાસ્તે અમોએ કરએ પેટલાદના દિક્ષીત ઝવ્હેરીશંકર મયાશંકરની પાસેથી સરવે નંબરની તેમની જમીનના ફીત્તામાંથી જમીન વિંઘુ ૧ કૂવા લગતી એ કૂવાનું પાણી લેવાના હક્ક સાથે રૂ ૮૦૦ અંકે આઠસો બાબાશાઈ માટે વેચાણ રાખી તેનો વેચાણ દસ્તાવેજ સં. ૧૯૪૬ ના ફાગણ શુદ ૫ સોમનો કરાવી લીધો છે ને તે રજીષ્ટર પણ કરાવેલો છે ; તથા એ વિંઘા ૧ ની જમીનનું સરકાર ભરત એ ઝવ્હેરીશંકરના માથે રાખ્યા બદલ તેને રૂ. ૧૦૦ અંકે સો બાબાશાઈ શીક્કાના આપી તે બદલનો દસ્તાવેજ સં. ૧૯૪૬ ના ફાગણ સુદિ ૬ ભોમેનો કરાવી લીધો છે. એ રીતે બને દસ્તાવેજો અમારા નામના લખાયેલા છે. પણ તે મિલકત તમારી તથા હમારી ઉપરના હિસ્સા પ્રમાણે તમારા અમારા સહીયારામાં રાખી છે, તે મધે હાલમાં આપણે દુકાનો ૧૪ ચઉદ તથા બંગલા ૨ તથા વચમાં મેડાસાથેની પોળ ૧ (ખડકી) એ રીતે મકાનો આપણા કંટ્રાક્ટખાતાના સહીયારા મટીરીઅલથી કરાવીએ છીએ. અને બાકીની જમીન ખુલ્લી રાખેલી છે, તેની વેહેંચણ તમારી અમારી સંમતિથી આજરોજ કરી લીધી છે. તેની તપસીલ નિચે પ્રમાણેઃ— + + + એરીતે જમીન તથા મકાનો વેહેંચી લીધાં છે.

સદરહુ દુકાનો તથા બંગલાઓ જે તમારા અમારા ભાગમાં ઉપર પ્રમાણે આવેલા છે તેમકાનો પુરાં કંપલીટ તૈયાર થયેલા નસ્તાં અધુરાં છે. તે મકાનો આપણા કંટ્રાક્ટ ખાતાના સહીયારા મટીરીઅલથી તૈયાર કરવાં, અને તૈયાર થયા પછી ઉપર પ્રમાણે પોત પોતાના ભાગમાંના મકાનો પોત પોતાએ ભોગવવાં.

સદરહુ મકાનો સૈયારા મટીરીયલથી તૈયાર કરતાં જે કાંઈ રોકડ ખર્ચ અત્યાર સુધી, થયોછે, તથા હવે પછી થાય તે, તથા જમીન ખરીદવા બદલ જે ખર્ચ થયો છે તે, સર્વે રોકડ ખર્ચનો ઉપાડ કરવાનું આપણું સૈયારૂ ખાતું તમારી દુકાન દેશાઈ સેવકલાલ પરશરામ એનામની છે તે દુકાને રાખવું, અને તે ખાતાનું વ્યાજ દર માસે દર સેંકડે રૂ. ૦-૮-૦ અંકે આઠ આના પ્રમાણે દીવાળીબાઈ અધીકમાસ સુદ્ધાંત દસ્તુર પ્રમાણે તમારે અમારે આપવું, અને એ ખાતાનો જે ઉપાડ વ્યાજ સાથે થાય તેમાં સાત આનીના જવાબદાર તમે છો, અને નવ આનીના જવાબદાર અમો છીએ. સદરહુ ઉપર લખેલા વેચાણના તથા સરકાર ભરત સંબંધીના દસ્તાવેજો દિક્ષીત જવ્હેરીશંકર મયાશંકર પાસેથી લખાવી લીધેલા છે. તે અસલ અમારી પાસે છે, અને તેની નકલો અમારી સહી સાથેની તમોને આપી છે. પણ અસલ દસ્તાવેજોનું તમોને જ્યારે કામ પડે ત્યારે અમો બતાવીએ.

સદર વિંઘુ ૧ જમીન ઉપર બતાવ્યા પ્રમાણે વેચાણ લીધી છે. તેના ખુંટની વિગત:-××

એ રીતે ચારખુંટ વચલી સદરહુ વેચાણ લીધેલી જમીન છે, તથા તેની વાયવ્ય ખુણાયે સદરહુ જમીનમાં પાણી લેવાનો કૂવો છે. આ બાબતનો સામો દસ્તાવેજ અમોએ તમારી પાસેથી કરાવી લીધો છે. ઉપર પ્રમાણે તમારે અમારે ચાલવું."

અત્રે મતુ અત્ર સાખ

* * * * * *

દસ્તાવેજને સ્ટાંપ રૂ. ૫ નો લગાડેલો છે).

આજમ નોંધણીકામદાર સદરપોતાના રીપોર્ટમાં લખેછે કે, સદર દસ્તાવેજમાં જમીન વેચાણ રાખેલી તેની કિંમત રૂ. ૮૦૦ તથા સરકાર ભરત માથે રાખ્યા બદલના રૂ. ૧૦૦ મળી રૂપીઆ ૯૦૦ દાખલ કર્યાછે પણ એ જમીન ઉપર વેહેંચણ કરતી વખતે જેટલી ઇમારતો તૈયાર થએલી હતી તેની કિંમત દસ્તાવેજમાં જણાવવી (જોઇતી) હતી, અને પછી તે પ્રમાણે લેખને પરિશિષ્ટ ૧, કલમ ૨૭ મુજબ સ્ટાંપ લગાડવો જોઇએ વિગેરે. ખા. બા. નોંધણી સરકામદાર સાહેબે પોતાનો કંઇ અભિપ્રાય દર્શીત કરેલો નથી.

ઠરાવ.

હાલનો લેખ વેહેંચણપત્રના સ્વરૂપનો છે, એ વિશે શંકા નથી. તેવા દસ્તાવેજને વેહેંચણ કરેલી મિલકતની કિંમત ઉપર સ્ટાંપ લાગવો જોઇએ (નિબંધના પરિશિષ્ટ ૧, કલમ ૨૭).

લેખના પક્ષકારોએ જે જમીન ઉપર, લેખથી વેહેંચવામાં આવેલી ઇમારતો થએલી-છે તે જમીનની કિંમત વિગેરે ઉપર લાગત ગણી સ્ટાંપ લગાડેલો છે. પણ વેહેંચણ કરેલી મિલકત તેટલીજ માત્ર નથી, પણ તે ઉપરની ઇમારતો પણ છે માટે તેની કિંમત પણ આવવી જોઇએ. તે ઇમારતોની વેહેંચણ વખતની સ્થિતિમાં જે કિંમત થતી હશે, તે લેખમાં જણાવવી જોઇતી હતી, અને તે મુજબ સ્ટાંપ વાપરવાનો હતો, તેમ કરેલું નથી.

માટે ઉપરના ધોરણ મુજબ નોંધણીકામદારે પક્ષકારથી તેની કિંમત પુછી લેઇ, એકંદર વેહેંચેલી મિલકતની કિંમત થાય તે ઉપર યોગ્ય કિંમતનો સ્ટાંપ લેવા બદલ કાયદા પ્રમાણે તજવીજ કરવી એવો હુકમ અમે કરીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફ્જસ્ટિસ, તથા ખા. બા. અબાસ શમ્સુદીન તૈયબજી, જજ્ય, એઓસાહેબની રૂબરૂ.*

ફેસલ તા. ૧૦-૬-૯૧.

પાટીદાર જીવાભાઇ હરીભાઇ બીન જીજીભાઇ રે. ગામ ડાળી. દસ્તાવેજ કરીલેનાર.

પગી, ચુંથા દયાળ બીનમેળા રેહેવાશી ગામ ડાળી. દસ્તાવેજ કરીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ)પુછેલો છે).

ગીરોરાખનારનો ગીરોહક્ક કાયમ રાખી વધારો હક્કનું વેચાણખત-- તેને સ્ટાંપ-નિબંધની કલમ ૨૧—પરિશિષ્ટ ૧, રકમ ૨૯—રખોપાબદલનો સ્વતંત્ર કરાર—નિબંધ-નીકલમ ૭ પ્યારા ૧.

ગીરોરાખનારનો ગીરોહક્ક કાયમ રાખી તેનેજ વધારો હક્ક વેચાણ આપ્યો હોય તો વિક્રીની રકમ તથા પ્રથમના ગીરોના બોજાની રકમ મળી જે એકંદર રકમ થાય તે ઉપર નિબંધની કલમ ૨૧ અન્વયે એવા વેચાણખત પરિશિષ્ટ ૧, રકમ ૨૯ પ્રમાણે, સ્ટાંપની લાગત જોઇએ.

---

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૯૨ સન ૧૮૯૦-૯૧.

દસ્તાવેજમાં "ખેતરનું રખોપું વેચાણ આપનારના શીર છે ને તમો જ્યાં સુધી સાચવવા આપો ત્યાંહાં સુધી દસ્તુર મુજબ રખોપું લેઇ સાચવવાને બંધાયા છીએ." વિગેરે જે મજકુર છે તે વિક્રીખતના વેહેવારની અંગભૂત બાબત નસ્તાં જુદો કરાર છે, અને તે બાબે જુદી લાગત લેવી જોઈએ (નિબંધની કલમ ૭ પ્યારા ૧).

દી. સ્ટાં. બુ. ર. નંબર ૪૭ સન ૧૮૮૯–૯૦ ફેસલ તા. ૨૭–૧૧–૯૦ નો ઠરાવ લાગુ કર્યો છે. (૧).

હકીકત.

આ કામ રાવસાહેબ નોંધણીખાતાના તપાસણીકામદારે યાદી નંબર ૪૮૦ તા. ૦૭–૨–૯૧ ના લખાણથી સોજીત્રા નોંધણીકચેરી તપાસતાં નોંધબુક નં. ૧, અનુક્રમ નંબર ૪૪૮, પા. ૨૪ ના દસ્તાવેજ સંબંધે ખુલાસો થવા સારૂ પ્રકરણ આ તરફ મોકલ્યું છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમ્યાન સં. ૧૯૪૬ ના જેઠ વદિ ૨, તા. ૫–૬–૯૦ ગુરૂવારના રોજ દસ્તાવેજ થયો છે. તેમાંનો મુદ્દાનો મજકુર નીચે પ્રમાણે છે:—

" * * એ રીતે ખુંટ ૪ ચાર વચલું કીત્તે બે થઇ વિંઘાં ૧॥ અદબદ સેઢાપાલી તથા વાડવલગણી તથા ઝાડબીડ આમલીયેઃ વિગેરે જે જે ઝાડો હોય તે. સુદ્ધાંત પૈકી નં. ૧ કીતો તમારે ત્યાંહાં પ્રથમથી અમોએ કબજાગીરો મુકેલો છે તે ગીરોહકક રૂ. ૭૫॥ નો તથા તે ખેતર ઉપર મછવાના ખતથી અમારી પાસે લેહેણું હતું તે લેહેણાના વ્યાજ સાથે આજ દીન સુધી જે રૂપીઆ નીકળ્યા તે મધ્યેથી રૂ. ૭૫ અમારી પાસે તમારા લેહેણા રેહેતાં બાકીના રૂપીઆનો હક્ક કાયમ રાખી વધારાનો સદર નંબ ૨૧ કીત્તા વિંઘાં૦॥. ઉપરનો અમારો માલકીહકક તથા સદર નં. ૨ નો કીત્તો અમારા વડીલો તરફથી રૂણજના પગી. ગમાનહમાસી હોલાને ત્યાંહાં ગીરો હતા, તેમણે સોજીત્રાના પાઃ દાજીભાઇ બાપુજીની દીકરી બેન વખતબાને ત્યાંહાં આડગીરો મુકેલું તે હકક સોજીત્રાના પટેલ દેશાઇભાઇ લાલાજીને ફારગતીથી મળ્યાથી તે ગીરો હકક તથા તે ઉપર તેમનું મછવાના ખતાંથી લેણું હતું તે હક્ક તમોને તેમણે વેચાણ આપ્યાથી તમારો હકક એટલે ગીરોહકક તથા મછવાના હકક કાયમ રાખી તથા એજ ખેતર ઉપર તમારૂં લેણાનું ખત ૧ રૂ. ૧૫૫॥ નું સં. ૧૯૩૭ ના શ્રાવણ સુદિ ૧૦ ના રોજનું હતું તેનો હિસાબ કરતાં આજદીન સુધી વ્યાજ સાથે જે રૂપીઆ નીકળ્યા તે મધ્યેથી રૂ. ૧૪૯–૮–૦ તમારા અમારી પાસે લેહેણા રેહેતા બાકીના લેણાનો હકક તમારો કાયમ રાખી સદર ખેતર ઉપરનો અમારો વધારાનો માલકીહકક તે, એ રીતે નં. ૧-૨ ના કીત્તા વિંઘુ ૧॥ દોઢ સદરહુ મુજબનો અમારો વધારેનો માલકીહકક તે અમોએ આજરોજ તમોને વેચાણ આપ્યો છે. તેની કિંમતના રૂ. ૨૦૦ બસેં પુરા માટે કુલ અભરામ ન દાવે ચાંદો સુરજ તપે ત્યાંહાં સુધી × × × આકાશથી તે પાતાળ સુધી વેચાણ આપ્યું છે. આ ખેતર નકરૂ વગર સલામીયું તમોને આપ્યું છે. આ ખેતર તમો ખેડો ખેડાવો અગર ભાગ સાથે આપો, અગર વેચાણ, ગીરો, આપો, અગર તમારી મરજી મુજબ ઉપભોગ કરો, તેમાં અમારો તથા અમારા વાલોવારસોનો કોઇ પ્રકારનો

---

(૧) આ ઠરાવ પાછવાડે પૃષ્ઠ ૮૯ ઉપર છે.

હક્ક રહ્યો નથી. તેને કંઇ હરહરકત થાય તો અમો જવાબ દઇએ. આ ખેતરનો મારગ રૂણજના રાજમારગમાં થઇ સદા મતનો છે,ત્યાંહાં થઈ સર્વે પ્રકારે હળ લાકડુ વિગેરે તમામ તરેહનોછે તથા થઇ જજો આવજો. આ ખેતરનું રખોપું અમારે શીર છે,ને તમો જ્યાં સુધી સાચવવા આપો ત્યાં સુધી દસ્તુર મુજબ રખોપું લેઇ સાચવવાને બંધાયા છીએ, ને તેમાં કંઈ જાયઆવે અગર કોઇ પણ તરેહનો બીગાડ થાય તો તેનો જવાબ અમો તથા અમારા વારસ ફરજન તમો જે રીતે માગો તે રીતે દઇએ. * *"

અત્ર મતુ. અત્ર સાખ.

* * * * * *

રાવસાહેબ નોંધણી તપાસણીકામદાર ઉપરની પોતાની યાદીમાં જણાવેછે કે, "આ દસ્તાવેજનું સ્વરૂપ એવુંછે કે, ગીરો જે સાવકારે રાખેલું તે સાવકારને વધારાનો હક્ક રૂપીઆ લેઇ આપી દીધોછે. નિરણય થવાનો પ્રશ્ન એ છે કે, વેચાણખત, પરિશિષ્ટ ૧, રકમ ૨૯, પ્રમાણે સ્ટાંપ લેવાનો તે ગીરોની રકમ તથા વધારા હક્ક માટે લીધેલી રકમ મળી કુલ રકમ માટે સ્ટાંપ લેવો કે નહીં. નોંધણીકામદારે વધારાના હક્ક માટે જે રકમ આપેલી તે રકમ વેંચાણખતનો મોબદલો સમજી સ્ટાંપ દસ્તાવેજને બરોબર છે એવું માની દસ્તાવેજ નોંધી તરત આપેલો છે વિગેરે. બન્ને કુલ રકમ ઉપર સ્ટાંપ લેવો જોઇએ એવું મને એક રીતે લાગેછે કારણ મુળગીરોની રકમનો હાલના દસ્તાવેજથી ફડચો થયો છે એમ માનવું જોઇએ, અને બંને રકમો માટે મિલકત ઉપરનું પુર્ણ સ્વામિત્વ મળેલું છે.એવું સમજવું જોઇએ. વધારાના હક્ક માટે આપેલી રકમ ઉપરજ સ્ટાંપ લેવો એવું ઠરે તો મુળગીરો હક્ક તાજો રેહેવાનો છે, પણ તેવા બોલ દસ્તાવેજમાં નથી. વળી સ્ટાંપનિબંધની કલમ ૨૧ તથા વરીષ્ટકોર્ટ સ્ટાંપ ખુ. નંબર ૪૭ ફેસલ તા. ૨૭-૧૧-૯૦ (૧) નો ભાવાર્થ જોતાં બંને રકમો મળીને કુલ રકમ ઉપર સ્ટાંપ લેવો જોઈએ એવું નીકળે છે. પરંતુ એ વિષે આપહજુરથી ઠરાવ થયેલો નથી, તેથી સંશય આવે છે, માટે આ યાદી લખી છે તો મરજીનુરૂપ ઠરાવ થઇ આવશે".

હાલના દસ્તાવેજને સ્ટાંપ રૂ. ૪ નો લગાડેલો છે.

ઠરાવ.

આ કોર્ટના સ્ટાંપ ખુલાસા નં. ૪૭ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૨૭-૧૧-૯૦ના ઠરાવથી(૧) ઠરાવ્યા પ્રમાણે આ લેખની સ્ટાંપ લાગત હાલની વિક્રીની રકમ તથા પ્રથમના ગીરોના બોજાની રકમ મળી જે એકંદર રકમ થાય તે ઉપર લેવી જોઇતી હતી, એમઅમેઠરાવીએ છીએ.

આ લેખમાં રખોપા બદલનો જે કરાર છે તે આ લેખના વિક્રીના વ્યવહારની અંગભૂત બાબત નસ્તાં તે જૂદો કરાર છે, તેથી તેને પણ કાયદા પ્રમાણે જૂદી લાગત લેવી જોઇતી હતી.

---

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ટ ૮૯ ઉપર છે.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખા. બા. અબાસ શમ્સુદીન તૈયબજી, જજ્ય, એઓસાહેબની રૂબરૂ. *

ફેસલ તા. ૧૦-૬-૯૧.

પા. જીવાભાઇ હરીભાઇ બીન જીજીભાઇ રેહેવાશી ગામ ડાલી. } દસ્તાવેજ કરીલેનાર.

પગી, જીજી રધા બીન જગમાલ રેહેવાશી ગામ ડાલી. દસ્તાવેજ કરીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલોછે.

ગીરોહક્ક કાયમ રાખી વધારા હક્કનું વેચાણખત—તેને સ્ટાંપ-નિબંધની કલમ ૨૧—પરિશષ્ટ ૧, રકમ ૨૯—રખોપા બદલનો સ્વતંત્ર કરાર—નિબંધની કલમ ૭ પ્યારા ૧.

ગીરોહક્ક મુળ ગીરોરાખનાર પાસેથી કે એ વેચાણ લીધો હતો તે મુળમાલકે કાયમ રાખી વધારાનો હકક તેણે વેચાણરાખનારને વેચ્યો હોય તો વિક્રીની રકમ તથા પ્રથમના ગીરોના બોજાની રકમ મળીને જે એકંદર રકમ થાય તેઉપર નિબંધની કલમ ૨૧ અન્વયે લાગત લેવાની છે, અને તે લાગત વેચાણખત, પરિશિષ્ટ ૧, રકમ ૨૯ પ્રમાણે લેવાની છે.

દસ્તાવેજમાં ખેતરના રખોપા વિષે જે કરાર છે તે વિક્રીના વેહેવારની અંગભૂત બાબત નસ્તા જૂદો કરાર છે અને તે બાબે જૂદી લાગત લેવી જોઇએ. (નિબંધની કલમ ૭ પ્યારા ૧).

દી. સ્ટાં. ખુ. ૨. નંબર ૪૭ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૨૭-૧૧-૯૦ નો ઠરાવ લાગુ કર્યો છે (૧).

હકીકત.

આ કામ રાવસાહેબ નોંધણીખાતાના તપાસણીકામદારે યાદી નં. ૪૮૦ તા. ૧૭-૨-૯૧ના લખાણથી સોજીત્રા નોંધણીકચેરી તપસતાં નોંધબુક નં. ૧ વા. ૨૩, અનુક્રમ નંબર ૪૭૫ ના દસ્તાવેજ સંબંધે ખુલાસો થવાસારૂ આ પ્રકરણ આ તરફ મોકલ્યું છે.

ઉપર લખેલાપક્ષકારોના દરમ્યાન સં. ૧૯૪૫ ના જેઠ વદિ ૭, તા.૯ જુલાઈ સન ૧૮૯૦ સોમવારના દીવસે દસ્તાવેજ થયો છે. તેમાંનો મુદ્દાનો મચકુર નીચે પ્રમાણે છે:—

જત. વિક્રીત વેચાણ ભોમ શીમ તળની વિંઘા ના ના મોજાુના મોજે ડાલીની શીમનું અમારૂ બાપીતુ નકરૂ તેના ખુંટની વિગત:— * *

---

* દી. સ્ટાં. ખુ. ૨. નંબર ૧૨૪ સન ૧૮૯૦-૯૧.

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૮૯ ઉપર છે.

એ રીતે ખુટ ચાર વચલું ખેતર વિઘું ๑ાા અદબદ શેઢા પાળી તથા વાડવળગણી તથા ઝાડબીડ બાવળ તથા રાયણો આ ખેતરમાં વાડીમાં છે તે સુદ્ધાંત એ ખેતર ઉપર પા. દેશાઈભાઈ લાલાજીનો ગીરોહક રૂ. ૧૧૫ નો હતો તે તમોએ વેચાણ રાખેલો તે તમારો હક કાયમ રાખી આ ખેતર ઉપરનો અમારો વધારાનો માલકીહક તથા ઉપર મુજબ રાયણો તથા બાવળ વિગેરેનો માલકીહક તે અમોએ આજ રોજ તમોને વેચાણ આપ્યો છે. તેની કિંમતના રૂ. ૨૫ અંકે પચીશ પુરા માટે કુલ અભરામ નદાવે ચાંદો સૂરજ તપે ત્યાંસુધી કલકાલલ રહીત આકાશથી તે પાતાલ સુધી વેચાણ આપ્યું છે. આ ખેતર નકરૂ વગર સલામીયું તમોને આપ્યુ છે. આ ખેતર તમો ખેડો ખેડાવો અગર ભાગે સાંથે આપો અગર વેચાણ આપો તથા સદર ઝાડનાં ફળ વિગેરે લેવુ માલકીહક તમો તમારી મરજી પ્રમાણે ઉપભોગ કરો તેમાં અમારો તથા અમારા વાલીવારસનો કોઇ પ્રકારનો હક દાવો કે અલાખો રહ્યો નથી. આ ખેતર ખેડતાં ખેડાવતાં અગર મરજી પ્રમાણે ઉપભોગ કરતાં અગર ઝાંડોનો મરજી પ્રમાણે ઉપભોગ કરતાં હરકત થાય તો તેનો જવાબ અમો તથા અમારા વારસ ફરજન દેઇએ. આ ખેતરના મારગ હોળ લાકડું ગાડું ગરીડું તમામ તરેહનો ગામ રૂણુજના રાજમારગમાં થઇ સદામુત છે. ત્યાંહાં થઇ જજો આવજો. આ ખેતરનું રખોપું અમારે શીર છે. વિગેરે. * * આ લેખના રૂ. ૨૫ રોકડા લેઇલખી આપ્યો છે તે ખરો છે.

અત્રે	મતુ.	અત્રે	સાખ.
*	*	*	*

રાવસાહેબ તપાસણીકામદાર ઉપરની પોતાની યાદીમાં જણાવે છે કે, આ દસ્તાવેજનું સ્વરૂપ એવું છે કે, "ગીરો જે સાવકારે રાખેલું તે સાવકારને વધારાનો હક રૂપીઆ લેઈ આપી દીધો છે. નિર્ણય થવાનો પ્રશ્ન એ છે કે, વેચાણખત પરિશિષ્ટ ૧, રકમ ૨૯ પ્રમાણે સ્ટાંપ લેવાનો તે ગીરોની રકમ તથા વધારાના હકક માટે લીધેલી રકમ, મળી કુલ રકમ માટે સ્ટાંપ લેવો કે નહીં. નોંધણીકામદારે વધારાના હકક માટે જે રકમ આપેલી તે રકમનો વેચાણખતનો મોબદલો સમજી સ્ટાંપ દસ્તાવેજને બરોબર છે, એવું માની દસ્તાવેજ નોંધી પરત આપેલો છે" વિગેરે. "બન્ને કુલ રકમ ઉપર સ્ટાંપ લેવો જોઇએ એવું મને એક રીતે લાગે છે, કારણ, મુળ ગીરોની રકમનો હાલના દસ્તાવેજથી ફડચો થયો છે એમ માનવું જોઇએ, અને બન્ને રકમો માટે મિલકત ઉપરનું પૂર્ણ સ્વામિત્વ મળેલું છે એવું સમજવું જોઈએ. વધારાના હક માટે આપેલી રકમ ઉપરજ સ્ટાંપ લેવો એવું ઠરે તો, મુળ ગીરોહક તાજો રેહેવાનો છે, પણ તેવા બોલ દસ્તાવેજમાં નથી, વળી સ્ટાંપનિબંધની કલમ ૨૧ તથા વરિષ્ટ કોર્ટ સ્ટાં. ખુ. ૨. નં. ૪૭ ફેસલ તા. ૨૭-૧૧-૯૦ નો ભાવાર્થ જોતાં બન્ને રકમો મળીને કુલ રકમ ઉપર સ્ટાંપ લેવો જોઇએ એવું નીકળે છે, પરંતુ એ વિષે આપ હજુરથી ઠરાવ થયેલો નથી, તેથી સંશય આવે છે. માટે આ યાદી લખી છે તો મરજીતુરૂપ ઠરાવ થઈ આવશે."

હાલના દસ્તાવેજને સ્ટાંપ રૂ. ૦-૮-૦ નો લગાડેલો છે.

ઠરાવ.

આ કોરટના સ્ટાંપ ખુલાસા નં. ૪૭ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૨૭-૧૧-૯૦ ના ઠરાવમાં(૧) ઠરાવ્યા પ્રમાણે હાલના લેખની સ્ટાંપ લાગત લેખમાંની વિક્રીની રકમ તથા પ્રથમ-

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ટ ૮૯ ઉપર છે.

ના ગીરોહક્કના બોજાની રકમ મળી જે એકંદર રકમ થાય તે ઉપર લેવી જોઇતી હતી એમ અમે ઠરાવીએ છીએ.

આ લેખમાં રખોપા બદલનો જે કરાર છે તે વિક્રીના વ્યવહારની અંગભૂત બાબત નસ્તાં જૂદો કરાર હોવાથી તેને પણ જૂદી સ્ટાંપ લાગત કાયદા પ્રમાણે લેવી જોઇતી હતી.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફ્જસ્ટિસ, તથા ખા. બા. આબ્બાસ શમ્સુદીન તૈયબજી, જજય, એ સાહેબની રૂબરૂ. *

ફેસલ તા. ૧૦–૬–૯૧.

પા. જીવાભાઇ હરીભાઇ બીન જીજીભાઇ રેહેવાશી ગામ ડાળી. દસ્તાવેજ કરીલેનાર.

પગી ઉંડીભાઈ ગબાની વિધવા ભારજા બાઇ રૂપા તથા બાઇ જીવી, તથા જમાનીદાર પગી ચુથા ડાહ્યા રેહેવાશી ગામ ડાળી. } દસ્તાવેજ કરીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા સારૂ થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

ગીરોહક્ક કાયમ રાખી વધારાના હક્કનું વેચાણખત—તેને સ્ટાંપ-નિબંધની કલમ ૨૧–પરિશિષ્ટ ૧, રકમ ૨૯—નિબંધની કલમ ૭ પ્યારા ૨.

ગીરોહક્ક મુળ ગીરો રાખનાર સાવકાર પાસેથી વેચાણ લીધેલો હતો તે કાયમ રાખી તથા પોતે બીજી જમીન ગીરો આપેલી તે ઉપરનો ગીરોહક્ક કાયમ રાખી જમીનના મુળમાલીકે પોતાનો વધારાનો હક્ક વેચ્યો હોય તો વિક્રીની રકમ ૧ તથા પ્રથમના ગીરોના બોજાની રકમ મળી જે એકંદર રકમ થાય તે ઉપર નિબંધની કલમ ૨ અન્વયે વેચાણખત પરિશિષ્ટ ૧, રકમ ૨૯ પ્રમાણે સ્ટાંપની લાગત જોઇએ.

દસ્તાવેજમાં ખેતરના રખોપા વિષે જે કરાર છે તે વિક્રીખતના વેહેવારની અંગભૂત બાબત નસ્તાં જૂદો કરાર છે અને તે કરાર જૂદી લાગતને પાત્ર છે. (નિબંધની કલમ ૭ પ્યારા ૨)

દી. સ્ટાં. ખુ. ર. નંબર ૪૭ સન ૧૮૮૯–૯૦ ફેસલ તા. ૨૭–૧૧–૯૦ નો ઠરાવ લાગુ કર્યો છે. (૧).

હકીકત.

આ કામ રાવસાહેબ નોંધણીખાતાના તપાસણીકામદારે યાદી નં. ૪૮૦ તા. ૧૭-૨-૯૧ ના લખાણથી સોજીત્રાની નોંધણી કચેરીના નોંધબુક નં. ૧, અનુક્રમ નં. ૫૦૧, વા. ૨૭ ના દસ્તાવેજ સંબંધે ખુલાસો થવા સારૂ પ્રકરણ આ તરફ મોકલ્યું છે.

---

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૧૨૫ સન ૧૮૯૦-૯૧.

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૮૯ ઉપર છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમ્યાન સંવત ૧૯૪૬ ના જેઠવદ ૯ બુધવાર તા. ૧૧-૬-૯૦ ના રોજ દસ્તાવેજ થયો છે તેમાંનો મુદ્દાનો મજકુર નીચે પ્રમાણે છે.

" + + + એ રીતે ખુટ વચલા કીત્તા બે થઇ ખેતર વિઘા ૪ાા અદબદ શેડાપાળી તથા વાડવળગણી તથા ઝાડબીડ તથા તે મદ્દનો આંબો એક ખાબડીને માથે છે તે સુધાંત જેજે ઝાડ હોય તે સુધાંત ખેતર તમારે ત્યાંહાં કીત્તા એક પા. જીવાભાઈ ગોકળજાદએ રૂ. ૪૯૯ નો ગીરવીહક્ક તમોને વેચાણ આપ્યો છે તે તમારો ગીરોહક્ક તથા કીત્તા બીજેને રૂ. ૧૦૧ માટે તમારે ત્યાંહાં ગીરો છે તે તમારો ગીરોહક્ક તથા તે ઉપરનો તમારો વાજુકો લેણાનો હક્ક કાયમ રાખી તે ઉપરનો અમારો વધારાનો માલકીહકક તે અમોએ આજ રોજ તમોને વેચાણ આપ્યો છે. તેની કિંમતના રૂ. ૪૯ અંકે ઓગણપચાસ પુરા રોકડા ગામચલણી અમોએ લેઇ કુલ અભરામનદાવે સુરજ તપે ત્યાંહાં સુધી * * વેચાણ આપ્યું છે. આ ખેતર નકરૂં વગર સલામીયું તમોને આપ્યું છે. આ ખેતરનો મારગ હળ લાકડાં વિગેરે તમામ તરેહનો ગુદરણાથી છે ત્યાંહાં થઇ જાવ આવો આ ખેતર તમો ખેડો ખેડાવો, અગર ભાગે, સાંથે આપો, અગર વેચાણ આપો તેમાં અમારો તથા અમારા વાલી વારસોનો કંઇ પ્રકારનો હક્ક રહ્યો નથી. * * આ ખેતરનું રખોપું અમો મુળ ધણી તથા જમાનીદારને માથે છે વિગેરે * *."

સહી. સાખ.

* * * *

રાવસાહેબ નોંધણી તપાસણીકામદાર, ઉપરની પોતાની યાદીમાં જણાવે છે કે, આ દસ્તાવેજનું સ્વરૂપ એવું છે કે, "ગીરો જે સાવકારે રાખેલું તે સાવકારને વધારાનો હક્ક રૂપીઆ લેઈ આપી દીધો છે. નિર્ણય થવાનો પ્રશ્ન એ છે કે, વેચાણખત પરિશિષ્ટ ૧, રકમ ૨૯ પ્રમાણે સ્ટાંપ લેવાનો તે ગીરોની રકમ તથા વધારાના હક્ક માટે લીધેલી રકમ મળી કુલ રકમ માટે સ્ટાંપ લેવો કે નહીં. નોંધણીકામદારે વધારાના હક્ક માટે જે રકમ આપેલી તે રકમનો વેચાણખતનો મોબદલો સમજી સ્ટાંપ દસ્તાવેજને બરોબર છે એવું માની દસ્તાવેજ નોંધી પરત આપેલો છે" વિગેરે. "બન્ને કુલ રકમ ઉપર સ્ટાંપ લેવો જોઇએ એવું મને એક રીતે લાગે છે, કારણ મુળ ગીરોની રકમનો હાલના દસ્તાવેજથી ફડચો થયો છે એમ માનવું જોઈએ, અને બન્ને રકમો માટે મિલકત ઉપરનું પૂર્ણ સ્વામિત્વ મળેલું છે એવુ સમજવું જોઇએ. વધારાના હક્ક માટે આપેલી રકમ ઉપરજ સ્ટાંપ લેવો એવું ઠરે તો મુળ ગીરો હક્ક તાજો રેહેવાનો છે, પણ તેવા બોલ દસ્તાવેજમાં નથી. વળી સ્ટાંપનિબંધની કલમ ૨૧ તથા વરીષ્ટકોર્ટ સ્ટાંપ ખુ. નં. ૪૭ ફેસલ તા. ૨૭-૧૧-૯૦ નો ભાવાર્થ જોતાં બન્ને રકમો મળીને કુલ રકમ ઉપર સ્ટાંપ લેવો જોઈએ એવું નીકળે છે. પરંતુ એ વિષે આપ હજુરથી ઠરાવ થએલો નથી, સંશય આવે છે, માટે આ યાદી લખી છે તે: મરજીનરૂપ ઠરાવ થઇ આવશે."

હાલના દસ્તાવેજને સ્ટાંપ રૂ. ૧ નો લગાડેલો છે.

ઠરાવ.

આ કોરટના સ્ટાંપ ખુલાસા નં. ૪૭ સન ૧૮૮૯—૯૦ ફેસલ તા. ૨૭-૧૧-૯૦ ના ઠરાવથી ઠરાવ્યા પ્રમાણે હાલના લેખની સ્ટાંપલાગત લેખમાંની વિક્રીની રકમ તથા પ્રથમના ગીરોહક્કના બોજાની રકમ મળીને એકંદર રકમ થાય, તે ઉપર લેવી જોઈતી હતી એમ અમે ઠરાવીએ છીએ. આ લેખમાં રખોપા બદલનો જે કરાર છે તે વિક્રીના વ્યવહારની અંગભૂત બાબત નસ્તાં જુદો કરાર હોવાથી તેને પણ જુદી સ્ટાંપલાગત કાયદા પ્રમાણે લેવી જોઇતી હતી.

———

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ શમ્સુદ્દીન તૈયબજી, જજ્ય, એઓસાહેબની રૂબરૂ.*

ફેસલ તા. ૧૦-૬-૯૧.

પા. વલવભાઇ નારણભાઇ બીન વાહાલાભાઇ રેહેવાશી સોજીત્રા., દસ્તાવેજ કરીલેનાર.

ગંધરપ બાપુ ખુશાલબીન વેલજી રેહેવાશી મન્જકુર. દસ્તાવેજ કરીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલોછે).

ગીરોહક્ક કાયમ રાખી વધારાના હકકનું વેચાણખત—તેને સ્ટાંપ-નિબંધની કલમ ૨૧—પરિશિષ્ટ ૧, રકમ ૨૯—નિબંધની કલમ ૭ પ્યારા ૨.

ગીરોહક્ક ગીરો રાખનાર મુળ સાવકારનો હતો તે કાયમ રાખી જમીનના મુળમાલીકે પોતાને વધારાનો હકક તેનેજ વેચ્યો હોય તો વિક્રીની રકમ તથા પ્રથમના ગીરોના બોજાની રકમ મળી જે એકંદર રકમ થાય તે ઉપર નિબંધની કલમ ૨૧ અન્વયે વેચાણખત, પરિશિષ્ટ ૧, રકમ ૨૯ પ્રમાણે સ્ટાંપની લાગત જોઇએ.

દસ્તાવેજમાં ખેતરના રખોપા વિષે જે કરાર છે તે વિક્રીખતના વેહેવારની અંગભૂત બાબત નસ્તાં જુદો કરાર છે અને તે કરાર જુદી લાગતને પાત્ર છે. (નિબંધની કલમ ૭ પ્યારા ૨).

દી. સ્ટાં. ખુ. ર. નં. ૪૭ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૨૭-૧૧-૯૦ નો ઠરાવ લાગુ કર્યો છે(૧).

હકીકત.

આ પ્રકરણ રાવસાહેબ નોંધણીખાતાના તપાસણીકામદારે યાદી નંબર ૪૮૦ તા. ૧૭-૨-૯૧ ના લખાણ સાથે. નોંધણીકચેરી તપાસતાં નોંધબુક નં. ૧ ના દસ્તાવેજ જોયેલા તે પૈકી અનુક્રમ નંબર ૨૩૩ વા. ૨૬ ના દસ્તાવેજ(ની નકલ મોકલી તે) સંબંધે ખુલાસો થવા સારૂ આ તરફ મોકલ્યું છે.

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૧૨૬ સન ૧૮૯૦-૯૧.

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૮૯ ઉપર છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમ્યાન સં. ૧૯૪૭ ના પોસ શુદ ૬ શુકરવાર, તા. ૧૬ જાનેવારી સન ૧૮૯૧ ના રોજ થયેલા દસ્તાવેજમાંનો મુદ્દાનો મજકુર નીચે પ્રમાણે છેઃ——

" જત વિક્રીત વેચાણુ ભોમ સીમતળની મજકુરની સીમનું ખેતર વિંઘાં ૩ નામે ગંધરવીઉં અમારા કાકા કાળીદાસ નાથજી બીનદયાળજી મેયત થવાથી નારવારસ થયેલું ને તેનો વારસ હક્ક મને મળેલો. સદર ખેતર મારી ગેરહાજરીમાં સદર મારા કાકા કાળીદાસ નાથજી ગુજરી ગયા તે વખતે તેમની ક્રિયા ખરચ વિગેરેમાં તથા તેમના દેવાનો નીકાલ કરીને મારી નાતના પંચલોકોએ ગીરો તમને રૂપીઆ નવસો નવાણુંમાં ગીરો આપેલું. તે ગીરોહક્ક જતાં બાકીનો મારો માલકીહક્ક જે હતો તે તુમોને આજરોજ વેચાણુ આપ્યો છેં સદર ખેતરનાં ખુંટની વિગતઃ- × એ રીતે ચાર ખુંટ વચલું ખેતર વિંઘાં ૩ ખાંચા પડતું અદબદ શેડાપાળી વાડવળગણી ઝાડબીડ સમેત, તથા આંબા નંગ ૩ સદર ખેતર પૈકી ખાંચામાં આંબા નંગ ૨, તથા આંબો નગ ૧ સદર ખેતરની દક્ષણાતીવાડે પડતરના ખુણા ઉપર છે, તે સુદ્ધાંત અમારો માલકીહક્ક હતો તે તમોને રૂ. ૨૦૦ અંકે બસો પુરા રાજચલણી બાબાશાઇ શીક્કાના રોકડા લેઇને યાવતચંદ્ર દીવાકર ચાંદો સુરજ તપે ત્યાંહાં સુધી અમરામ નદાવે કલકાવલરહીત રાજીખુશીથી વેચાણ આપ્યું છે. સદર ખેતર પૈકીના આંબાનાં ઝાડ પૈકી અમારો તથા અમારા વાલી વારસોનો કઇ પણ હક્ક દાવો અલાખો બીલકુલ રાખ્યો નથી સદર ખેતર છોડાવવા પેટલાદ મુનસફ કોર્ટમાં દાવાઅરજી નં. ૬૮૬ સન ૧૮૯૦-૯૧ માં તમો વિગેરે ઉપર કરેલી તેનું અમારે સમાધાન કરેથી અમોએ સદર ખેતરનો અમારો માલકીહક્ક વેચાણુ આપ્યો છે. ઉપર રૂપીઆ બસો રોકડા સ્વહસ્તે ગણી લેઇને દસ્તાવેજ લખી આપ્યો છે. × × × સદર ખેતર સલામીયું છે તે સલામી વિંઘે ૧ રૂ. ૨ પ્રમાણે મચકુરના પા. વાસણ કુવેરના ભાગ ખાતામાં ભરોછો તે પ્રમાણે ભરજો ને તેની ઉત્પન્ન ખાજો. + + + +"

અત્રે મતુ. . અત્રે સાખ. .

* * * . * * *

રાવસાહેબ નોંધણી તપાસણીકામદાર ઉપરની પોતાની યાદીમાં જણાવેછે કે, આ દસ્તાવેજનું સ્વરૂપ એવું છે કે, "ગીરો જે સાવકારે રાખેલું તે સાવકારને વધારાનો હક્ક રૂપીઆ લેઇ આપી દીધો છે. નિર્ણય થવાનો પ્રશ્ન એ છે કે, વેચાણ ખત, પરિશિષ્ટ ૧, રકમ ૨૯ પ્રમાણે સ્ટાંપ લેવાનો તે ગીરોની રકમ તથા વધારાના હક. માટે લીધેલી રકમ મળી કુલ રકમ માટે સ્ટાંપ લેવો કે નહીં. નોંધણીકામદારે વધારાના હક્ક માટે જે રકમ આપેલી તે રકમનો વેચાણખતનો મોબદલો સમજી સ્ટાંપ દસ્તાવેજને બરોબર છે એવું માની દસ્તાવેજ નોંધી પરત આપેલો છે" વિગેરે. "બન્ને કુલ રકમ ઉપર સ્ટાંપ લેવો જોઈએ એવું મને એક રીતે લાગેછે, કારણ મુળ ગીરોની રકમનો હાલના દસ્તાવેજથી ફડચો થયો છે એમ માનવું જોઇએ, અને બન્ને રકમો માટે મિલકત ઉપરનું પૂર્ણ સ્વામિત્વ મળેલુંછે એવું સમજવું જોઇએ વધારાના હક્ક માટે આપેલી રકમ ઉપરજ સ્ટાંપ લેવો એવું ઠરે તો મુળ ગીરોહક્ક તાજો રેહેવાનો છે પણ તેવા બોલ દસ્તાવેજમાં નથી. વળી સ્ટાંપનિબંધની કલમ ૨૧ તથા વરીષ્ટ કોર્ટ સ્ટાંપ. ફુ. નં. ૪૭ ફેસલ તા. ૨૭-૧૧-૯૦ નો ભાવાર્થ જોતાં બન્ને રકમો મળીને કુલ રકમ ઉપર સ્ટાંપ લેવો જોઇએ એવું નીકળેછે, પરંતુ એ વિષે આપ હજુરથી ઠરાવ થયેલો નથી તેથી સંશય આવેછે, માટે આ યાદી મોકલીછે તો મરજી મુજબ ઠરાવ થઇ આવશે."

હાલના દસ્તાવેજને રૂ. ૧ નો સ્ટાંપ લગાડેલો છે.

ઠરાવ.

આ કોરટના સ્ટાંપ ખુલાસા નં. ૪૭ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૨૭-૧૧-૯૦ ના ઠરાવથી(૧) ઠરાવ્યા પ્રમાણે આ લેખની સ્ટાંપ લાગત હાલની વિક્રીની રકમ તથા પ્રથમના ગીરોના બોજાની રકમ મળી જે એકંદર રકમ થાય તે ઉપર લેવી જોઇતી હતી એમ અમે ઠરાવીએ છીએ.

શા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ શમ્સુદ્દીન તૈયબજી, જજ્ય, એઓસાહેબની રૂબરૂ *

ફેસલ તા. ૧૦-૬-૯૧.

શા. મથુરદાસ ગોકળદાસ રેહેવાશી પીહેજ તાબે પેટલાદ. લેખ લખીલેનાર.

શા. મથુરદાસ કાનદાસ રેહેવાશી મજકુર. લેખ લખીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

ભાડાચિઠ્ઠી—પરિશિષ્ટ ૧ રકમ ૨૦ (ક) તથા (ગ).

ઘરની ભાડાચિઠ્ઠીમાં કરાર કરેલો કે ઘર ભાડે રાખ્યું છે તેના ત્રણ માસના ઉચ્ચક ભાડાના રૂપીઆ ૧-૮-૦ કર્યા છે, અને માસ ત્રણ થયે ઘર ખાલી કરી આપવું. ઠરાવ થયો કે,—

આ ભાડાચિઠ્ઠી પરિશિષ્ટ ૧, રકમ ૨૦ પેટા રકમ (ક) ના પેહેલા ભાગ મુજબ લાગત ને પાત્ર છે. ભાડાચિઠ્ઠીમાં " ઉચક રૂ. ૧-૮-૦" આપવાનું લખ્યું છે તે સદરહુ રકમ ૨૦ પેટારકમ (ગ) માં "ઉદ્ધડ" શબ્દ વાપર્યો છે તે અર્થે નથી, પરંતુ ત્રણ માસના ભાડાની કુલ રકમ ઠરાવી છે એમ સમજવાનું છે.

દી. સ્ટાં, ખુ. ર. નંબર ૪૭ સન ૧૮૯૦-૯૧ ફેસલ તા.૨૮-૧૧-૯૦ નો ઠરાવ લાગુ કર્યોછે(૨).

હકીકત.

રાવસાહેબ નોંધણી તપાસણીકામદારની યાદી નંબર ૫૧૨ તા. ૨૨-૨-૯૧ કોર્ટ મજકુરના નોંધણીખાતા તરફ આવેલી તે ખાતેથી શેરા નંબર ૨૦૩ તા. ૩-૩-૯૧ થી આ ખાતા તરફ આવેથી આ પ્રકરણ ઉત્પન્ન થયું છે.

સદર યાદી જોડે લેખ સદર પક્ષકારના દરમ્યાન સંવત ૧૯૪૬ના અષાડ શુદિ ૧૦ નો થયેલાની નકલ આવેલાનો મુદ્દાનો મજકુર નિચે મુજબ છે:—

---

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૯૫ સન ૧૮૯૦-૯૧. (૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૮૯ ઉપર છે.
(૨). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૯૯ ઉપર છે.

"જત ઘર ૧ ઓરડો પરશાળ તથા ચોક ચાલ સુદ્ધાં વાણિયાવાડના મેહેલ્લાનું ગામ પીહેજ મધ્યેનું આથમણા દ્વારનું તમોને વેચાણ આપેલું છે તે તમારી પાસેથી આજરોજ ભાડે રાખ્યું છે, તેના ખુંટ :-* એ ખુંટ વચલું અમોએ તમારી પાસેથી ભાડે રાખ્યું છે, તેના ભાડાનો માસ ત્રણનો ઉચક રૂપીઆ ૧॥ અંકે રૂપીઆ દોઢ કર્યો છે તે આપીએ, ને અમો તમોને માસ ત્રણ પુરા થયે તમોને ઘર ખાલી કરી સોંપીયે. આ ઘર તમોને બીજા ભાદરવા વદિ ૧૦ સાલ મજકુરના દીવસે બીન તકરારે સુંપાએ. ઉપર લખ્યું તે સહી."

અત્રે મતુ. અત્રે સાખ.

* * * * * *

રાવસાહેબ તાસણીકામદાર પોતાની યાદીમાં લખે છે કે, "આ દસ્તાવેજ ત્રણ માસનો રૂ. ૧॥ ઉચ્ચક આપવાની ભાડાચિઠ્ઠી છે, અને રૂ. ૦-૨-૦ બે આનાના સ્ટાંપ ઉપર છે. નવીન સ્ટાંપનિબંધની પરિશિષ્ટ ૧, કલમ ૨૦ પૈકી પેટારકમ (ક) આ ભાડા ચિઠ્ઠીને લાગે છે અથવા (ગ) રકમ લાગે છે ? આ ઉધ્ધડ રકમ આપવાની ભાડાચિઠ્ઠી છે માટે એને (ગ) રકમ પ્રમાણે સ્ટાંપ રૂ. ૦-૮-૦ નો જોઇએ એમ મને લાગે છે." શું હકીકત હોય તો ઉદ્ધડ રકમ માનવી એ બદલ નિબંધમાં કંઇ ખુલાસો નથી. ઇંગ્રેજી આકટ પ્રમાણે આવા લેખ ઉધ્ધડના માનવામાં આવે છે, માટે ખુલાસો પુછ્યો છે. ગમે તેટલી મુદત રેહે તોપણ રૂ. ૧-૮-૦ ભાડું લેવાનું છે." ને નોંધણીકામદાર જણાવે છે કે દરમાસે રૂ ૦-૮-૦ આપવાની આ ભાડાચિઠ્ઠી છે એમ સમજવું જોઇએ, તો મરજી મુજબ ખુલાસો થવો વિગેરે.

ઠરાવ.

હાલનો લેખ ભાડાચિઠ્ઠી છે અને તેને સ્ટાંપનિબંધની પરિશિષ્ટ ૧, કલમ ૨૦ની રકમ (ક)ની પેટા રકમ પેહેલી મુજબ લાગત પડવી જોઇએ એમ અમે ઠરાવીએ છીએ.(જુઓ આ કોરટના સ્ટાંપ ખુલાસા નંબર ૪૭ સન ૧૮૯૦-૯૧ ફેસલ તા. ૨૮-૧૧-૯૦)(૧). દસ્તાવેજમાં "ઉચક રૂ. ૧॥ " લખ્યું છે તેનો અર્થ એ કલમમાં 'ઉદ્ધડ' શબ્દ પેટારકમ (ગ)માં વાપર્યો છે તે થતો નથી, પણ ત્રણ માસના ભાડાની કુલ રકમ ઠરાવી છે એમ સમજવાનું છે.

---

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૯૯ ઉપર છે.

૨૧. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, એઓસાહેબની રૂબરૂ. *

ફેસલ તા. ૧૦-૬-૯૧.

શ્રીમહારાજ વિષ્ણુરામજી ગુરૂ બાલકદાસજી સાધુ રામસ્નેહી રેહેવાશી વડોદરા.	દસ્તાવેજ કરીલેનાર.
પા. પ્રયાગદાસ મુળજી, તથા પા. હાથીભાઇ કીશોરભાઇ, તથા પા. મોતીભાઇ વજુભાઇ, તથા પા. ઇશ્વરભાઇ દાજીભાઇ, તથા પા. નારણભાઇ ભાઇબા તથા, પા. દાભાઈ રેહેવાશી ગામમોજે છાણી તાલુકે વડોદરા.	દસ્તાવેજ કરી આપનાર.

(જુના સ્ટાંપનિબંધ અન્વયે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

ગીરોહક્ક કાયમ સાથે મિલકતનું વેચાણ—તેને સ્ટાંપ—નવીન સ્ટાંપ નિબંધની કલમ ૨ તથા ૨૧.

જુના સ્ટાંપનિબંધ પ્રમાણે ગીરોહક્ક કાયમ રાખી તથા ગીરોની રકમ મુળ ગીરો રાખનારે આપવાની જવાબદારી રાખી વધારાનો હક વેચવામાં આવે તો ગીરોની રકમ તથા વેચાણની રકમ મળી કુલ રકમ ઉપર સ્ટાંપની લાગત લેવાની નથી, પરંતુ ફકત વેચાણની રકમ ઉપરજ સ્ટાંપની લાગત લેવાની છે.

નવા સ્ટાંપ નિબંધની કલમ ૨૧ નો નિયમ જુના સ્ટાંપનિબંધમાં દાખલ કરેલો નથી તેથી તે નિબંધ અન્વયે થયેલા દસ્તાવેજને કલમ ૨૧ મીનો નિયમ લાગુ કરી શકાય નહીં. (નિબંધની કલમ ૨).

હકીકત.

આ કામની હકીકત એવી છે કે, આજમ શેહેર નોંધણીકામદારની કચેરીની રાવસાહેબ નોંધણી તપાસણીકામદારે તપાસણી કરેલી તેમાં તપાસણીની યાદીમાં સદરના પક્ષકાર વચ્ચે થએલા દસ્તાવેજ સંબંધે કરેલી સુચના બદલ ખુલાસો થવા આજમ શેહેર નોંધણીકામદારે યાદી નંબર ૧૪૩ તા. ૨૧—૭—૮૯ ની લખી મે. નોંધણી સરકામદાર સાહેબ તરફ મોકલી, તેઓ સાહેબનો શેરો નં. ૧૨૩ તા. ૧૭-૫-૯૦ ના શેરાથી આ કોરટના નોંધણીખાતાના દફતર મારફતે આ તરફ પ્રકરણ મોકલ્યાથી તે દફતરના નંબર ૨૨૦ તા. ૧૩-૩-૯૧ થી આ દફતરે ખુલાસો થવા (તે)આવ્યું છે.

સદરના પક્ષકારોના દરમ્યાન સં. ૧૯૪૫ ના કારતક વદિ ૮ સોમવાર, તા. ૨૬-૧૧-૮૮ ના રોજ દસ્તાવેજ થયેલો તેમાંનો મુદ્દાનો મજકુર નીચે પ્રમાણે છેઃ—

* દી. સ્ટાં. ખુ. ૨. નંબર ૧૧૭ સન ૧૮૯૦-૯૧.

"જત અમારૂં બાપોતી ઘર ૧ એક વડીલોપારજીતનું શેહેર મજકુરના લેહેરીપુર દરવાજા બાહાર લીમડીચોકને રસ્તે જતાં * * કુંભાર હરજી તળશીના જોડનું ઘર રૂ. ૩૦૦ ત્રણુસો માટે શેહેર મજકુરના રેહેનાર મરેઠા ઇઠોબાને ગીરવી આપેલું, તે તમોને આજ રોજ નીચે લખ્યા પ્રમાણેના કરારથી અમારો માલકીહક્ક રૂ. ૫૦ શેહેરચલણી બાબાશાઇ શીક્કાના પૂરા રોકડા અમારા સ્વહસ્તે ગણી લેઇ તમોને વેચાણ આપ્યોછે. સદરહુ ઘર મરેઠા ઇઠોબાને રૂ. ૩૦૦ અંકેરૂપીઆ ત્રણુસો માટે ઘરાણે આપેલુંછે, તે ઇસમ મેયત છે. તપાસ કરતાં તેના વંશમાં કોઇ પણ હક્કદાર માલમ પડતો નથી, ને મૈયતના ઇસમની દીકરી જમના હતી તે પણ મૈયત છે. તેને ડભોઇના સાઠોદરાનાગર દોલતરામ ગણુપતરામને ત્યાંહાં આડગીરવી મુકેલું તે તેને મુસલમાન બાપુભાઇ પ્રેમજી તથા લાલભાઇ નરશીદાસને આડગીરવી આપેલાનું તપાસથી જણાયછે; માટે આડગીરવીરાખનારના રૂપીઆ તથા તેઓએ આ ઘર ઉપર દુરસ્તી વિગેરેનો જે કંઇ ખરચ કર્યો હશે તે સુધાંત વ્યાજબી રૂપીઆ નીકળશે તે તમારી પાસેથી આપવાનાછે, તેમજ આડગીરવી વાળાઓ પાસેથી ઘરનો કબજો લેવાના સંબંધમાં ફરફરીયાદ કરવી પડે તો તેનો જે કંઇ ખરચ થાય તે તમારા શીર છે. અમારે ફક્ત અમારા માલકીનું એ ઘર છે એ સંબંધમાં જે કંઇ પુરાવો આપવો પડે તે વખતેવખત હાજર થઇ આપીશું. એ પ્રમાણે પુરાવાથી સાબીત નહીં કરી આપીએ તો ઉપર લખેલા રૂ. ૫૦ બદલ રૂ. ૭૫ તમોને બીન તકરારે ઘરઘરાઉ આપીશું.

સદરહુ ઘર ખડકીબંધ તમોને વેચાણ આપ્યુંછે એ ઘરના ખુંટની વિગતઃ— + +

એ રીતે ઉપર લખેલા ચાર ખુણા વચ્ચેનું ખડકીબંધ ઘર અમારા બાપોતી કુલ અભરામનદાવે તમોને આકાશથી પાતાલ સુધી વેચાણ આપ્યુંછે. તેનો ભોગવટો તમો તમારા વંશપરંપરા યાવતચંદ્રદીવાકર પર્યંત કરજો. તે સાથે અમારો તથા અમારા વાલી વારસોનો કોઇ પણ પ્રકારનો દરદાવો છે નહીં. * *

અત્રે		મતુ.	અત્રે		સાખ.
×	×	×	×	×	×

(દસ્તાવેજને સ્ટાંપ રૂ. ૧૦ નો લગાડેલો છે.)

આજમ નોંધણીકામદાર ઉપરની સદર યાદીમાં જણાવેછે કે, રાવસાહેબ નોંધણી તપાસણીકામદારે કરેલી સુચના એવી છે કે, રજુ થયેલા દસ્તાવેજને સ્ટાંપની લાગત શી રીતે લેવી એ વિશે નોંધણીકામદારે મે. સરકામદાર સાહેબ તરફ પુછવાથી તેમના તરફથી આવેલા છેલ્લા ખુલાસાની નકલ સામેલ છે. દસ્તાવેજનું સ્વરૂપ વેચાણખત છે, તથા તેમાં રોકડા રૂ. ૫૦ લીધાનું લખ્યું છે તથા વધારે કરાર એવો કરેલો છે કે, (દસ્તાવેજનો ૨ જો પારેગ્રાફ) ઘર વેચાણ આપ્યું તેનો મોબદલો રૂ. ૩૦૦ તથા રોકડા રૂ. ૫૦ મળી રૂ. ૩૫૦ સમજવું જોઇએ, કિંવા રૂ. ૫૦ તથા આડગીરોની રકમ તથા ખરચની રકમ લખવા જેવી છતાં લખી નથી તેથી પરિશિષ્ટની રકમ ૭ પ્રમાણે લાગત રૂ. ૨ લેવી કે શું. તથા આડગીરોની રકમ તથા ખરચની

રકમ લખી નથી તેથી એ મોઘમ કરાર બાબત સ્ટાંપ કેટલો લેવો, એ પ્રશ્નો આ દસ્તાવેજમાં છે. વેચાણખતમાં મોઘમ મોબદલો સમજવાનો નથી એવા હાલ ખુલાસા આવેલા છે, તે ઉપરથી આ પ્રશ્નનો નિર્ણય થતો નથી વિગેરે. * * ઉપર પ્રમાણેની સુચના કરેલાથી પ્રથમ થયેલો હુકમ, ને દસ્તાવેજની નકલ આસાથે જોડી મોકલી છે તે ઉપરથી ધ્યાનમાં આવશે. આ દસ્તાવેજની લાગત રૂ. ૩૫૦ ની લેવામાં આવેલી છે.

મે. સરકામદાર સાહેબ જણાવે છે કે, નામદાર નોંધણીખાતાના મુખ્ય અધિકારી સાહેબનો શેરો નંબર ૩૬૦ તા. ૧૯-૭-૮૮* નો થયેલો જ્યાંહાંસુધી કાયમ રહી તે ઉપર બીજો હુકમ થયો નથી ત્યાંહાંસુધી તે આધારે પ્રથમના સરકામદાર સાહેબે હુકમ આપેલો છે તે વિદિત થાય.

ઠરાવ.

હાલનો લેખ તા. ૨૬ નવેમ્બર સન ૧૮૮૮ ના રોજ થએલો છે, એટલે તેને નવીન સ્ટાંપનિબંધ લાગુ નસ્તાં તે પેહેલાંનો સ્ટાંપનિબંધ તેને લાગુ સમજવાનો છે- (જુઓ નવીન સ્ટાંપનિબંધની કલમ ૨).

જુનાનિબંધ પ્રમાણે માત્ર વેચાણની રકમ ઉપર સ્ટાંપ લેવાતો હતો. હાલના નિબંધની કલમ ૨૧ માનો કાયદાની બારીકીના ધોરણે રચેલો નિયમ સદર જુના સ્ટાંપનિબંધમાં દાખલ કરવામાં આવેલો નહીં હોવાને લીધે તે નિબંધ અન્વયે થએલા હાલના જેવા વિક્રીખતને તે નિયમ લાગુ કરી શકાય નહીં; ને તેથીજ જુના નિબંધ અન્વયે થયેલા હાલના જેવા વિક્રીખતને સ્ટાંપની લાગત માત્ર લેખમાં જણાવેલી વિક્રીના રકમ ઉપર લેવી એવા આ કોરટના નોંધણીખાતા તરફથી ખુલાસા પણ આપવામાં આવેલા છે. તે ધોરણે હાલના લેખમાંની વિક્રીની રકમ રૂ. ૫૦ ઉપર સ્ટાંપની લાગત કાયદા પ્રમાણે લેવાની છે એમ અમે ઠરાવીએ છીએ.

---

* ટીપ—નોંધણીખાતાનો આ શેરો પૃષ્ઠ ૯૦ ઉપર ફુટનોટમાં(તળે) આપેલો છે. પુ. છા.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ શમ્સુદ્દિન તૈયબજી, જજ્ય, એઓસાહેબની રૂબરૂ. *

ફેસલ તા. ૧૦-૬-૯૧.

સૌભાગ્યવતી બાઇ નાથી. દસ્તાવેજ કરીલેનાર.
સૌભાગ્યવતી બાઇ ઇચ્છા. દસ્તાવેજ કરીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતામાટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

કરાર કિંવા કરારની યાદી—પરિશિષ્ટ ૧ રકમ ૬ (ખ).

વીલ(મૃત્યુપત્ર)થી મળેલા ઘરમાં નિમ્મેભાગ કરીલેનારને આપવાનો હતો તે સંબંધે કરી-આપનારે પોતે તથા કરીલેનારે કેવી કરારની સરતો પાળવી એ બાબતનો દસ્તાવેજ કરીઆપનારે કરેલો હતો. ઠરાવ થયો કે,-એ દસ્તાવેજ 'કરારની યાદી'ના સ્વરૂપનો છે અને તે પરિશિષ્ટ ૧ રકમ ૬ (ખ)માં આવે છે.

હકીકત.

રાવસાહેબ નોંધણી તપાસણીકામદારે યાદી નં. ૨૪૪ તા. ૨૦-૧૨-૯૦ ની આ કોરટ તરફ કોરટ મજકુરના નોંધણી દફતર માર્ફત મોકલેલી તે દફતર તરફથી શેરા નંબર ૧૩૪ તા. ૨૮-૧૨-૯૦ થી આ તરફ આવ્યા ઉપરથી આ પ્રકરણ ઉત્પન્ન થયું છે.

સદર યાદી સોબત સદરના પક્ષકાર દરમ્યાન સં. ૧૯૪૬ ના માગશર વદી ૬, શુક્રવાર રોજ લેખ થયેલાની નકલ આવી છે. તેનો મુદ્દાનો મજકુર નિચે પ્રમાણે છેઃ—

" જત અમારી તથા તમારી માતોશ્રી બાઇ જમનાએ જીવતાં વીલપત્રક (વીલ) અમારા નામથી અમોને કરી આપ્યું છે તે પૈકી આપનું બાપોતી ઘર નંગ ૧ છે તે અમારે તમોને ઘરમાં નિમ્મે ભાગ આપવો, પણ તે ઘર હું રાખવાનો છું ને વેચાય નહીં ને જ્યારે કદાપિ શેવટ વેચાણ થાય ત્યારે તમોને નિમ્મે હિસ્સો આંપીએ ને કદાપિ દાગદુગી કરવી પડે તેમાં અમારે તમારે બન્ને જણને નિમ્મોનિમ ખરચ કરવો, ને તમો એકજણ કરશો તે પણ મુજરે આપીશું. સંવત ૧૯૪૬ ના માગશર વદિ ૬ શુક્રવાર.

સહી. સાખ.

* * * * * *

તાજાકલમ—સદરહુ ઘર બાધરપુર ગામે છે તથા તેની ચતુરસીમા નીચે મુજબ છેઃ— * * *

---

* હી. સ્ટાં. ખુ. ર. નંબર ૬૭ સન ૧૮૯૦-૯૧. આ ઠરાવ આજ્ઞાપત્રિકા, ભાગ ૨ માં, તારીખ ૨૩-૭-૯૧ નારોજ પૃષ્ઠ. ૧૦૫ ઉપર પ્રસિધ્ધ થયો છે. તથા વડોદરાવત્સલમાં તા. ૨-૮-૯૧ ના રોજ પૃ ૭ ઉપર છાપેલો છે.

રાવસાહેબ તપાસણીકામદાર નોંધણીખાતા માટે સ્ટાંપનિયમની કલમ ૧૧ મુજબ પ્રકરણ મોકલી દસ્તાવેજના સ્વરૂપ વિષે ખુલાસો પુછે છે, અને અભિપ્રાય એવો દરશાવેછે કે, "એ પરિશિષ્ટ ૧ કલમ ૬ અન્વયે કરાર કિંવા કરારની યાદીમાં આવે છે ને છેલા ભાગથી ખતની વ્યાખ્યામાં કદાચ આવે, માટે નિબંધની કલમ ૭ મુજબ ખત પ્રમાણે લાગત લેવી જોઇએ એમ મને લાગેછે" વિગેરે.

ઠરાવ.

લેખ લખીઆપનાર પોતાને મળેલા ઘરનો અરધો ભાગ આપે તો પોતે તથા લખીલેનારે તે ઘરના ભાગ સંબંધે કેવી સરતો પાળવી એ બદલની યાદીનો આ લેખ જણાય છે. એટલે તે પરિશિષ્ટ ૧, કલમ ૬ (ખ)માં જણાવેલા સ્વરૂપની 'કરારની યાદી' એ સ્વરૂપનો ઠરે છે. લેખને રૂ. ૧ નો સ્ટાંપ લગાડેલો છે, એટલે સદર કલમ ૬ (ખ)માં જણાવ્યા કરતાં તેને જાસ્તી કિંમતનો સ્ટાંપ હોવાથી આ લેખની લાગત વિષે વિચાર કરવાનું રેહેતું નથી એમ અમે ઠરાવીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, એઓસાહેબની રૂબરૂ. *

ફેસલ તા. ૧૨-૬-૯૧.

વોહોરા હુસેન અબદુલા રેહેવાશી વડોદરા.	દસ્તાવેજ કરીલેનાર.
પરીખ ચુનીલાલ કેશવલાલ રેહેવાશી મજકુર.	દસ્તાવેજ કરીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધની કલમ ૪૦ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

વાયદાચીઠી પરિશિષ્ટ ૧ રકમ ૩૫ (ખ)

કરીઆપનારે ચિઠ્ઠી સાવકારને લખી આપી કે, "રૂ. ૩૫ નો વાયદો દીન ૨ નો કર્યો છે. વાયદાસર ન આપીએ તો વ્યાજ માસ ૧ સેંકડા એકે રામ ૦-૮-૦ લેખે આપીએ." એ ચિઠ્ઠી ઉપર ફક્ત કરીઆપનારની સહી હતી. ઠરાવ થયો કે,-એ ચિઠ્ઠી વાયદાચિઠ્ઠીના સ્વરૂપની છે અને તેમાં દીન ૨ નો વાયદો કરેલો છે તેથી તે પરિશિષ્ટ ૧ રકમ ૩૫ (ખ) પ્રમાણે સ્ટાંપની લાગતને પાત્ર થાય છે.

દી. સ્ટાં. ખુ. ર. નંબર ૪૬ સન ૧૮૯૦-૯૧ ફેસલ તા. ૪-૬-૯૧ નો ઠરાવ લાગુ કર્યો છે(૧).

હકીકત.

વડોદરા પ્રાંતના મે. સુબા સાહેબની યાદી નંબર ૪૮૯ તા. ૫-૧-૯૧ ની આ કોરટ તરફ આવ્યાથી આ પ્રકરણ ઉત્પન્ન થયું છે.

---

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૭૯ સન ૧૮૯૦-૯૧. આ ઠરાવ આજ્ઞાપત્રિકા, ભાગ ૨, માં તા. ૨૩-૭-૯૧ ના રોજ પૃષ્ઠ ૧૦૫-૧૦૬ ઉપર પ્રસિદ્ધ થયો છે. તથા વડોદરાવત્સલમાં તા. ૨-૮-૯૧ ના રોજ પૃષ્ઠ ૭ ઉપર છાપેલો છે.

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૨૬૪ ઉપર છે.

એ લખાણ સાથે સદર પક્ષકાર દરમિયાન સં. ૧૯૪૫ ના આસો વદિ ૪ નો લેખ આવેલાનો મુદ્દાનો મજકુર નિચે મુજબ છે:—

"જત રૂ. ૩૫ અંકે પાંત્રીસ. આ રૂપીઆનો વાયદો દીન બેનો કર્યો છે. વાયદાસર ન આપીએ તો વ્યાજ માસ એકે સેંકડા એકે રામ ૦-૮-૦ લેખે આપીએ. સંવત ૧૯૪૫ ના આસો વદી ૪."

(સહી)પરી. ચુનીલાલ કેશવલાલ દા. પોતે.

મે. સુબા સાહેબ પોતાની સદર યાદીમાં જણાવેછે કે, "સદરનો લેખ વડોદરા સ્ટાંપકામદારના લખાણ સાથે આવેલો છતાં તે સાદાકાગળ ઉપર થયેલો તે તરફ છપાવવા સારૂ આવેલો. તે જુનાકાયદા પ્રમાણે છાપી આપવા રૂજુ થયો, પણ તે નવીન કાયદા વિરૂદ્ધ થયેલો ગણી કલમ ૩૧ પ્યારા ૨, મુજબ અટકાવમાં રાખી આ તરફ (સુબા સાહેબ તરફ) નીકાલ થવા આવેલો. તે જોતાં તે નિચે લખીઆપનારની સહી છે પણ સાક્ષી થયેલી નથી, એટલે, તે સ્ટાંપઆકટમાંની 'ખત'ની વ્યાખ્યામાંના એકે પ્રકારમાં આવી શકતો નથી, પણ પરિશિષ્ટ ૧ ની રકમ ૪ (કબુલત)માં આવે છે* અને તે વીશ રૂપીઆ ઉપરની હોવાથી તેને એક આનાનો સ્ટાંપ જોઇએ. એક આનાનો સ્ટાંપ જોઇએ તેવા દસ્તાવેજને કલમ ૩૩-૩૫ લાગુ નથી એમ અમારી સમજુત થાયછે. અને કલમ ૩૫ નિચે બતાવેલા પારેગ્રાફથી આવી વાયદાચિઠ્ઠીને લાગુ નથી એમ ફરમાવ્યુંછે. આ દસ્તાવેજ સ્ટાંપકામદાર ખત માનેછે, અમારી નજરમાં એ પ્રમાણે આવતું નથી, તો આ દસ્તાવેજ ખતમાં આવેછે કે વાયદાચિઠ્ઠીમાં આવે છે એ નિર્ણય થઇ આવવાસારૂ કલમ ૪૧ મુજબ આ કામ અસલ દસ્તાવેજસહ મોકલ્યુંછે" વિગેરે.

ઠરાવ.

આ કોરટના સ્ટાંપ ખુલાસા નંબર ૪૬ સન ૧૮૯૦—૯૧ ફેસલ તા. ૪—૬—૯૧(૧) ના ઠરાવથી ઠરાવ્યા પ્રમાણે હાલનો લેખ નિબંધના પરિશિષ્ટ ૧, ની રકમ ૩૫ માં જણાવેલી વાયદાચીઠ્ઠીના સ્વરૂપનો ઠરે છે. આ વાયદા ચિઠ્ઠીની રકમ રૂ. ૩૫ ની છે અને તે માગે ત્યારે આપવા બદલની ન છતાં તેમાં એક વર્ષથી અધિક નહીં એવી મુદતનો (એટલે દીન બે નો, વાયદો) હોવાથી આ લેખને લાગત નક્કી કરવાની સંબંધમાં તેને એ રકમ ૩૫ ની પેટારકમ (ખ)નો નિયમ લાગુ પડે છે. એ પેટારકમ (ખ) માં રૂ. ૨૦૦ સુધીની રકમને માટે બે આના લાગત ફરમાવી છે તેટલી લાગત આ લેખ માટે લેવી જોઇએ એમ અમે ઠરાવીએ છીએ.

———

* મે. સુબા સાહેબની યાદીમાં પ્રથમના ભાગમાં કબૂલતમાં આવેછે એવું લખ્યું છે અને છેવટે ખતમાં કિંવા વાયદાચિઠ્ઠીમાં આવેછે, એવું જે લખ્યુંછે તે મુળમાંનું છે. પુ. છા.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફ્જસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ શમ્સુદીન તૈયબજી, જજ્ય, એઓસાહેબની રૂબરૂ.*

ફેસલ તા. ૧૫-૬-૯૧.

પુરૂષોત્તમ શામજી મૈયતના વારસ ભગવાન નારણ રેહેવાશી કીરીયાનાગસ તાબે અમરેલી.	લખત લખાવીલેનાર.
પા. માગા મેંઘા રેહેવાશી સદર.	લખત લખીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધની કલમ ૪૩ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે.)

કઠારાનું ખાતું જેના ઉપર ફક્ત સહી છે એવું—ખત -નિબંધની કલમ ૩ રકમ ૩ (ग)- કરાર કિંવા કરારની યાદી —પરિશિષ્ટ ૧ રકમ ૬ (ખ).

ખાતું પડાવીલેનાર પાસેથી ખાતું પાડીઆપનારે દાણાં વિગરે ખેતીનો માલ લીધેલો હતો તે, સવૌઈ લેખે, વધારે પાછો આપવા વિષે ખાતું પાડીઆપેલું હતું અને તે ઉપર પ્રથમ લખીતંગ વાળાની સહી તથા તે પછી ખાતું પાડીઆપનારની સહી તેના કેહેવાથી બીજાએ કરેલી હતી. ઠરાવ થયો કે,—ખાતું પાડીઆપનારની સહી બીજાએ કરી છે તે સાક્ષી તરીકે માની શકાય નહીં, તેથી આ ખાતું, ખતની વ્યાખ્યા, નિબંધની કલમ ૩ રકમ ૩ (ગ)માં આવતું નથી, પરંતુ તે માત્ર કરાર કિંવા કરારની યાદીના સ્વરૂપનું છે અને તે પરિશિષ્ટ ૧ રકમ ૬ (ખ), પ્રમાણે લાગતને પાત્ર છે.

હકીકત.

અમરેલી પ્રાંતના ડીસ્ટ્રીકટ જજ્ય સાહેબની યાદી નંબર ૧૩૩ તા. ૧૩-૩-૯૧ ની આ કોરટ તરફ આવ્યા ઉપરથી આ પ્રકરણ નીકળ્યું છે.

સદર યાદી સોબત સદરના પક્ષકાર દરમિયાન સં. ૧૯૪૬ ના જેઠ શુદિ ૫ નું ચોપડામાં લખત થયેલાની નકલ આવી તેનો મજકુર નિચે મુજબ છે:—

આ ચોપડો મેતા પુરૂષોત્તમ શામજીના નામનો સં. ૧૯૪૬ થી તે સંવત ૧૯૪૭ સુધીનો બેઠાખાતાનો તે ઉપરથી ઉતારો.

"પટલ માગા મેઘાનું ખાતું છે. સંવત ૧૯૪૬ ના જેઠ શુદ ૫.

જ '	ઉ
	૧૨૫ જુઆર પાલી ૧૦૦ મુળગી તેની જુઆર પાલી ૧૨૫ સવાયા લેખે દેવી છે તે જુઆર સંવત ૧૯૪૭ ની સાલના ખળાભરાણે દેવી છે. તે ઉપરાંત રાખું તો દહારીતે (એ-

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૧૦૩ સન ૧૮૯૦-૯૧. આ ઠરાવ આજ્ઞાપત્રિકામાં તા. ૯-૭-૯૧ ના રોજ પૃષ્ઠ ૯૨-૯૩ ઉપર પ્રસિદ્ધ થયો છે.

ટલે દેશરીતે) વાધે (વધે) આ જુઆર કઢારાની(૧) લેહેણી હતી તે પાને ૧૪૬ મેથી માંડી આપી છે.

૩ળા બાજરો પાલી ૩૦ મુળગો તેના બાજરો પાલી ૩ળા સવાયા લેખે વાધે તે બાજરો સં. ૧૯૪૭ ના ખળાભરાણે દેવો છે. તે ઉપરાંત રાખું તો દહારીતે (એટલે દેશરીતે) વાધે.

૫ કપાસ મણ ૪ પાકા તોલનો મુળગો તેનો કપાસ માણ ૫ અંકે માણ પાંચ પાકા તોલનો સં. ૧૯૪૭ની સાલનો કપાસ વીણાવે માલ શ્રીકાર તોડી દેવો છે હા. પોતે.

૨૮ કડબ માણ ૨૮ મુળગી કાચા તોલની લેણી તેની કડબ મણ ૨૮ પાકા તોલની દેવી છે તે કડબ સં. ૧૯૪૭ ની સાલમાં દેવી છે. દા. પ્રાણજીવન પુરૂષોત્તમે ધણીના કેહેવાથી.
લા. પટલ પ્રાગા માધાના ઉપર લખ્યું તે સહીન્દા. સંઘવી માધવજી આણંદજી ધણી પ્રાગાના કેહેવાથી સહી કરી આપી છે."

મે. જજ્ય સાહેબ પોતાની યાદીમાં લખે છે કે, "વાદીના વકીલનું કેહેવું છે કે, વાદીએ રૂજુ કરેલા આ ખાતાને દસ્તાવેજ ગણી સ્ટાંપ લેવા નિબંધમાં ખુલાસો નથી. ખાતા ઉપર સાક્ષી ન હોવાથી તેને નિબંધની કલમ ૩ પેટા રકમ ૩ (ગ) લાગુ થતી

---

(૧) કઢારાનું ખાતું એટલે શું–આવાં જે ખાતા થાયછે તેને કઢારાનું ખાતું કાઠીઆવાડમાં કેહેછે. કઢારો એટલે વેપારી લોકો ખેડુતને દાણા ખાવા સારૂ અગર વાવવા સારૂ આપે તે. (દાણાની મોસમ પેહેલાં ઘણું કરીને ચોમાસાની રૂતુમાં.) આ પ્રમાણે દાણા આપીને તેના દોઢા પ્રમાણે ગણી નવા દાણા મોસમમાં લેવાનો ઠરાવ કરી ખાતું પાડી લે છે તેને કઢારાનું ખાતું કેહે છે. બીજાં એવા પ્રકારનાજ ખાતાં પાડી લેવામાં આવેછે તેને સવાઈ ખાતું કેહેવામાં આવેછે. આ પ્રમાણે ખાતું પાડી લેવાનો રીવાજ સર્વત્ર છે. પુ. છા.

નથી. અને તે જંગમમાલ વેચાણનો કરાર હોવાથી માફીમાં આવે છે. જંગમમાલના વેચાણના કરાર બદલ સ્ટાંપની માફી હોવા વિષે આ (વરિષ્ટકોરટ) કોરટનો ઠરાવ* થયો છે તે ધોરણે આ ખાતું જંગમમાલના વેચાણના કરારના સ્વરૂપનું ગણવાનું છે એમ જજ્ય સાહેબ પોતે અભિપ્રાય આપે છે અને કારણ તેનું એમ બતાવે છે કે મુળ દાણા આપેલા હોય અને તેના દાડા લેખે ભવિષ્યકાળે લેવાનો કરાર હોય તોપણ જંગમમાલના વેચાણનો કરાર સમજવો જોઇએ એમ અમને લાગે છે. જંગમમાલ વેચ્યાને બદલે રૂપીઆજ દેવા એવું કંઇ નક્કી નથી. માલને બદલે માલ પણ લેઇ શકાય છે. એટલે આ ખાતું માફીમાં ગણવું જોઇએ. અને તેને સાક્ષી ન હોવાથી ખતની વ્યાખ્યા લાગુ નથી તેથી પણ તે માફીમાં આવે છે. માટે આ દસ્તાવેજ કઇ સ્થિતિનો સમજી માફીમાં ગણવો કિંવા નહીં તેનો ખુલાસો થવો" વિગરે.

ઠરાવ.

હાલના લેખના લખીલેનાર પાસેથી લખીઆપનારે દાણા વિગરે ખેતીનો માલ લીધેલો તે તેને પાછો આપવા બદલ કરાર કરી આપ્યાનો આ લેખ છે.

પરિશિષ્ટ ૧, ની રકમ ૧, માં જણાવેલા 'અદલાબદલીના ખતમાં' આ લેખનો સમાસ થઇ શકતો નથી કેમકે તેમાં બદલો કર્યાનો મજકુર નથી. (જુઓ પુનુસ્વામી કૃત સ્ટાંપ માન્યુયલ, કોષ ભાગ, પૃષ્ઠ ૧૧૫).

આવા લખતમાં સાક્ષી થઇ હોત તો નિબંધની કલમ ૩ રકમ ૩ પેટા રકમ (ગ)માં જણાવેલા પ્રકારનું 'ખત' ગણી શકાત (જુઓ, ઈં. લા. રી. ૭ મુંબઇ પૃ. ૧૩૭). પરંતુ હાલના લેખમાં તેવી સાક્ષી નથી અને લખીતંગ વાળાની સહી કરી આપનારની સહીની પહેલે થએલી છે તેને તથા કરીઆપનારની સહીકરનાર ત્રીજા શખસને સાક્ષી તરીકે માની શકાય નહીં. તેથી લેખને "ખત" ની વ્યાખ્યા લાગુ થઇ શકતી નથી.

માટે તે માત્ર પરિશિષ્ટ ૧ રકમ ૬ (ખ) માં જણાવેલા કરાર અથવા કરારની યાદીના સ્વરૂપનો ઠરેછે અને તેને એ રકમ ૬ (ખ) મુજબ આઠ આનાની સ્ટાંપલાગત પડવી જોઇએ એમ અમે ઠરાવીએ છીએ.

---

* આ ઠરાવ મે. જજ્ય સાહેબ નંબર ૫૦ સન ૧૯૯૦—૯૧ નો પોતાની યાદીમાં લખે છે. પરંતુ તે નંબર ૫૦ સન ૧૮૮૯—૯૦ નો હોવો જોઈએ, અને તે આ પુસ્તકમાં પછવાડે પૃષ્ઠ ૬૯ છપરે છે. પુ. છા.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ શમ્સુદ્દીન તૈયબજી, જજ્ય, એઓસાહેબની રૂબરૂ *.

ફેસલ તા. ૧૭-૬-૯૧.

પા. મીઠા તળશી રેહેવાશી મોજે ઉતરાજ તાબે શીનોર. દસ્તાવેજ લખીલેનાર.

પા. કેશવ દાજીભાઇ રેહેવાશી મજકુર. દસ્તાવેજ લખીઆપનાર.

(નવા સ્ટાંપ નિબંધની કલમ ૪૩ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

કરાર—ફારગત—પરિશિષ્ટ ૧, રકમ ૬ (ખ), તથા રકમ ૨૩.

કરીલેનારના કબજામાં જમીન (ખેતર) હતી તે જમીનમાં કરી આપનારે તથા તેના ભાગીઓએ પેસવું નહીં, તથા કબજાને હરકત કરવી નહીં, તથા કરીલેનારનો કબજો કાયમ કરવો એવી રીતે કરી આપનારે લેખમાં સરતો કરી આપેલી હતી. ઠરાવ થયો કે,—આ લેખ કરારના સ્વરૂપમાં માત્ર આવે છે અને તે પરિશિષ્ઠ ૧, રકમ ૬ (ખ) પ્રમાણે લાગતને પાત્ર છે.

કબજાને હરકત કરનાર નથી એનો અર્થ દાવો રાખનારનથી કિંવા હક્ક ઉઠાવી લીધો છે આવો થઈ શકતો નથી માટે તેને ફારગતીનું સ્વરૂપ મળી શકતું નથી, તેથી રકમ ૨૩ લાગુ થતી નથી.

હકીકત.

મે. વડોદરાપ્રાંતના સુબા સાહેબ તરફથી યાદી નં. ૧૩૨ તા. ૩૦-૧-૯૦ ની આવ્યાથી આ પ્રકરણ ઉત્પન્ન થયું છે.

એ યાદી સોબત સદરના પક્ષકાર દરમ્યાન તા. ૨૯-૮-૯૦ ના રોજ થએલો અસલ લેખ આવેલાનો મુદ્દાનો મજકુર નીચે મુજબ છે:—

" જત અમો અમારી રાજી ખુશીથી આ કરાર લખી આપીએ છીએ કે, મોજે વેમારની શીમનું કુંભા ૭ નું ટીંબીવાળા વગા મધેનું વેમારથી બાવળીયા તરફનું * *. એ રીતે ખુંટ ચાર વચલું ખેતર વેમારના ભુખણ રાયજીનું તમારા ખેડહક્કમાં બાવીસ વરસ થયાં હતું, તેમાં તમે આ સાલે તથા ગઇ સાલે વાવેતર કરેલું હતું અને આગળ પણ તેમ ખેડતા હતા. પણ એ ખેતરના ધણી ભુખણ રાયજીની ઓરતે એ ખેતર અમને સોંપવાથી અમે તમારા કબજાના ખેતરમાં ગયેલા અને સાંતેડાં ફેરવેલાં, પરંતુ તમે અમારા વિગેરેના ઉપર ચોરંદાના થઈ ક્લાસ માજીસ્ટ્રેટના હુજુર અમારા ઉપર બીગાડની ફરીયાદ માંડેલી છે. તેની આજ તારીખ હોવાથી આપણે સમાધાન કર્યું, તે એવી રીતે કે, તમારે તમારા કામનું રાજીનામું આપવું, અને અમારે તમારા કબજામાં પેસવું

---

* ડી. સ્ટાં. ખુ. ૨. નંબર ૩૯ સન ૧૮૯૦-૯૧.

નહીં, એમ અમારા ખરા ધરમથી કહીએ છીએ કે, અમે તથા અમારા ભાગીઆઓ તમા (રા) કબજાને હરકત કરીશું નહીં. તમારો કબજો તમારે કાયમ કરવો. પછી માલેકની સાથે તમારે જેમ બંદોબસ્ત કરવો હોય તેમ કરવો, પણ અમે તો અમારા તરફથી તમને મુદ્દલ હરકત કરીશું નહી. * * તા. ૨૯ માહે આગષ્ટ સન્ ૧૮૯૦."

સહી. સાખ.

* * * *

મે. સુબાસાહેબ સદર તેમની યાદીથી જણાવેછે કે, એ લેખ તેઓ તરફ આજમ ચોરંદા વહીવટદારે અટકાવી મોકલેલો છે. તે સાદા કાગળ ઉપર છતાં આવો જમીન સંબંધનો લેખ હોવાથી તેને સ્ટાંપ કેટલો જોઇએ એ વિષે કાયદામાં ખુલાસો નથી, તે મળવા માટે મોકલેલો છે. સુબાસાહેબ પોતે જણાવે છે કે, તેમાં હરકત નહીં કરવાનો કરારછે ને તેના સ્વરૂપ ઉપરથી ફારગતીની વ્યાખ્યામાં આવે એવો છે એમ લાગેછે. તો તેને તે મુજબ લાગત લેવી જોઇએ. એવો અભિપ્રાય બતાવી પ્રકરણ નીકાલ થવા નિબંધની કલમ ૪૩ મુજબ આ કોરટ તરફ મોકલે છે

ઠરાવ.

હાલના લેખથી તેમાં દરસાવેલી મિલકતના લખીલેનારના કબજાને હરકત નહીં કરવા કરાર માત્ર લખીઆપનારે કરી આપેલો છે.

તેનો આખો મજકુર ધ્યાનમાં લેતાં તે ઉપરથી લખીઆપનારે પોતાનો કંઇ હક્ક કિંવા દાવો છોડયાનો ઉદ્દેશ જણાઇ આવતો નથી. "હરકત કરનાર નથી" એનો અર્થ દાવો રાખનાર નથી કિંવા હક્ક ઉઠાવી લીધો છે એવો થઇશકતો નથી. માટે એ લેખને ફારગતનું સ્વરૂપ મળી શકતું નથી.

સબબ એ લેખ પરિશિષ્ટ ૧, રકમ ૬ (ખ) મુજબ 'કરાર' તરીકે લાગતને પાત્ર એવા સ્વરૂપનો છે એમ અમે ઠરાવીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફ્જસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ શમ્સુદીન તૈયબજી, જજ્ય, એઓસાહેબની રૂબરૂ *.

ફેસલ તા. ૧૯–૬–૯૧.

સોની દોલતરામ પ્રાણજીવન રેહેવાશી નવસારી. — દસ્તાવેજ કરીલેનાર.

નગીન પેમાનંદ, ગોકળ પેમાનંદ, માકું પેમાનંદ રેહેવાશી નવસારી. — દસ્તાવેજ કરીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધની કલમ ૪૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

કરાર પુરો કરવા માટે કરેલો લેખ—ગીરવીખત—મોબદલાની રકમ ઉપર લેવાની લાગત-નિબંધની કલમ ૩ રકમ ૭—પરિશિષ્ટ ૧, રકમ ૯.

દસ્તાવેજમાં મુદ્દાનો મજકુર એવો હતો કે, કરીઆપનારે કરીલેનારને પોતાના ઘરની મુખ-ત્યારી આપી છે તેથી એ ઘરમાં રેહેઠાણ કરવા કરીલેનાર મુખત્યાર છે તથા એ ઘર માલકીના હક્કથી કોઇને કરીઆપનાર તથા તેના ભાઈથી વેચાણ વિગેરે રીતે વ્યવસ્થા કરાય નહીં અને ઘર ઉપરનો મેંડા સમરાવાનો ખરચ કરીલેનારે કરવો, તથા આ સરત પ્રમાણે ચાલવું એવી રીતે દસ્તાવેજ કરેલો હતો. ઠરાવ થયો કે,—

અમુક કરાર પુરો કરવાના હેતુથી તારણ દાખલ ઘર સોંપ્યાનું આ લેખથી જણાય છે તેથી નિબંધની કલમ ૩ રકમ ૭માં ગીરોખતનું સ્વરૂપ બતાવ્યું છે તેમાં તે આવે છે. મેંડાના ખરચ વિષે જે કરાર છે તે ગીરોખતના અંગભૂત કરાર માનવો જોઇએ. (સ્ટાં. ખુ. ર. નં. ૧૪ સને ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૨૫-૭-૯૦)(૧).

ગીરોખતમાં તારણવાળી મિલકતની કિંમત ઉપર લાગત લેવાની નથી. પરંતુ લેખ ઉપરથી દાવો રૂ. ૩૪૮ નો થયો છે તે રકમ ઉપર સ્ટાંપની લાગત લેવી જોઇએ.

હકીકત.

આ કામ મે. ખા. બા. નવસારી પ્રાંતના સુબા સાહેબે પોતાની યાદી નંબર ૧૨૪ તા. ૧૯ નવેંબર સન ૧૮૯૦ ના લખાણથી આ તરફ ખુલાસો થવા અરજી મોકલેલું છે.

ઉપર લખેલા પક્ષકારો વચ્ચે સં. ૧૯૪૬ ના માહાવદિ ૬ સોમવાર, તારીખ ૧ ફેબ્રુવારી સન ૧૮૯૦, ના રોજ દસ્તાવેજ થયોછે. તેમાં મુદ્દાનો મજકુર નીચે પ્રમાણે છે:—

"નવસારીમાં હવેલીમોહોલ્લામાં અમારૂં રહેણી વાળું ઘર ગાળો ૧ છે

---

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૪૯ સન ૧૮૯૦-૯૧. આ ઠરાવ આજ્ઞાપત્રિકા, ભાગ ૨ માં તા. ૨૩-૭-૯૧ ના રોજ પૃષ્ઠ ૧૦૬-૧૦૭ ઉપર પ્રસિદ્ધ થયો છે, તથા વડોદરાવત્સલમાં તા. ૨-૮-૯૧ ના રોજ પૃષ્ઠ ૭૮ ઉપર છાપેલો છે.

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૩૭ ઉપર છે.

તેના ખુટ * *. એ ચાર ખુટ વાળું ઘર અમો તમોને ઘરની મુખત્યારી આપીએ છીએ. તો એ ઘરનું રેહેઠાણ કરવા તમો મુખત્યાર છો, તથા એ ઘરમાં અમો ત્રણ ભાઇ પૈકી કોઇથી અમારા માલીકના હકકથી કોઇને વેચાણ તથા બક્ષીસ થાય નહીં, તથા ગીરવી મુકવાનો હક્ક અમારો નથી, ને ઘરનો ઉપલો ભાગ મેડો તમારો નજર પુગે તો સમરાવો, પડે તો તમો સમરાવા મુખત્યાર છો. ને મેડો સમરાવતાં ખરચ થાય તે ખરચેલા રૂપીઆનું વ્યાજ આના ૪ લેખે તમારે વ્યાજ સાથે. રૂપીઆ ભાડામાં વસુલ કરી લેવા મુખત્યાર છો, ને તમે રોકડા રૂપીઆ માગશો તો અમો આપવા(ના) નથી. ભાડામાં વસુલ કરવા તમોએ અમારા ઉપર નંબર ૧૫૭૭ ની ફરીયાદ કરી છે તે ફરીયાદ દોલતરામે માંડીવાળી છે, ને ઉપરની સરત પ્રમાણે ચાલવું, નહીં ચાલીએ તો કાયદેસર ઇલાજ કરવા મુખત્યાર છો; તથા જે ઘરમિલકત અમારી પાસે છે તેની યાદ ટેબલ ૧, તથા પટારો એક તથા શાલ ૧ તથા બાસ્ટીલ ૧ એ વિગેરે જે સામાન જંગમ વાસણ‘વિગેરેની અમારે કોઇ જાતે અવ્યવસ્થા કરવી નહીં, કરીએ તો તે માલકીનો હકક તમારો છે, ને કાયદેસર તમો લેવા મુખત્યાર છો. ઉપરની સરતમાં જમનાદાસ ગોકળદાસની સમજુતી લીધી છે. * * *. આ સ્ટાંપ ભાડાચિઠ્ઠીનો છે તે મુખત્યારીમાં લીધો છે, તે હમારી રાજી ખુશીથી લીધો છે.”

સહી. સાખ.

* * * *

ઉપરની યાદીમાં મે. સુબા સાહેબ જણાવે છે કે, આ દસ્તાવેજ નવસારી નોંધણીકામદાર તરફથી કલમ ૩૧ પ્રમાણે અટકાવી આ તરફ નીકાલ થવા સારૂ આવેલો છે. આ દસ્તાવેજ મોઘમ થયેલા છતાં કિંમતનો આંકડો કોઇ પણ ઠેકાણે લખેલો નથી. દસ્તાવેજની પાછળ* તા. ૧ આગસ્ટ સન ૧૮૯૦ નો જે શેરો લખેલો છે તે પાછળથી દસ્તાવેજ લખીલેનારે લખી પોતાની સહી કરેલી છે. એવો શેરો પાછળથી લખવા કાયદામાં ઠરાવેલું નથી તેથી તે કાયદેસર નથી. એ શેરામાં રૂ ૩૪૮ માટે દસ્તાવેજ કરી આપેલાનું લખેલું છે અને તેના પુરાવામાં દીવાની-કોરટમાંથી ફરીયાદઅરજીની નકલ રજુ કરલી છે તે ઉપરથી એ દસ્તાવેજનો અવેજ રૂ. ૩૪૮ હોવાનું જણાય છે. આ દસ્તાવેજમાં ‘ઘરની મુખત્યારી આપી છે તો એ ઘરનું રેહેઠાણ કરવા તમો મુખત્યાર છો’ એ રીતે લખેલું છે તથા એ દસ્તાવેજની બીજી ઇબારત પણ સંશયયુક્ત છે, તેથી એ દસ્તાવેજનો સમાવેશ શામાં કરવો એ નકકી થઇ શકતું નથી, પણ પાછલા ભાગના મજકુર ઉપરથી ગીરવીમાં સમાવેશ થઇ શકવા જેવો જણાય છે, તો ખુલાસો થઇ આવવાની મેહેરબાની થશે. સદરહુ દસ્તાવેજ બે આનાના સ્ટાંપ ઉપર થયેલો છે.

* આ ઠરાવની ઉપરની હકીકતમાં દસ્તાવેજનો મજકુર જે બતાવ્યો છે તેમાં તાજાકલમનો મજકુર નિર્ણય કરવાનો મુદ્દો ન હોવાથી, લીધેલો નહી હોવાથી અહીં ઉપર દસ્તાવેજના મજકુર પછી તે આવેલો નથી. પુ.છા.

ઠરાવ.

હાલના લેખનો મજકુર તથા તે સંબંધે નવસારી સુબાસાહેબે કરેલી ચોકસીમાં રજુ થએલી દાવા અરજીની નકલ ધ્યાનમાં લેતાં આ લેખ "ગીરોખત"ને ઠેકાણે થયેલો લાગેછે, કેમકે તેમાં જે મિલકતની મુખત્યારી આપ્યાનું લખાણ છે તે અમુક કરાર પુરો કરવાના હેતુથી તારણ દાખલ સોંપ્યાનું જણાય છે, તેથી તેવા લેખ નિબંધની કલમ ૩ રકમ ૭ માં "ગીરોખત"નું સ્વરૂપ બતાવ્યુ છે તે સ્વરૂપમાં આવેછે, અને મેડો સમરાવવાના ખરચ બદલના કરારનો તેમાં જે મજકુર છે તે કરાર એ ગીરો વ્યવહારનો અંગભૂત કરીર માનવાનો છે (જુઓ આ કોર્ટનો સ્ટાંપ ખુલાસા નં. ૧૪ સન ૧૮૮૯–૯૦ ફેસલ તા. ૨૫–૭–૯૦). (૧).

આ રીતે હાલનો લેખ ગીરોખતના સ્વરૂપનો છે એમ અમે ઠરાવીએ છીએ. આ લેખની સ્ટાંપ લાગત નક્કી કરવાનો સંબંધમાં લેખમાંના ઘરની કિંમત કરાવેલી જણાયછે, પણ હાલનો લેખ દાવાની રકમ રૂ. ૩૪૮ પુરતુ "ગીરોખત" ઠર્યાથી તે રૂ. ૩૪૮ ની રકમ ઉપર સ્ટાંપની લાગત લેવાની છે ‡ (જુઓ પરિશિષ્ટ ૧ રકમ ૯–૮) સબબ હુકમ કરીએ છીએ કે ઉપરના ધોરણે આ લેખની ખુટતી લાગત કાયદેસરરીતે વસુલ કરીલેવાની તજવીજ સુબા સાહેબે કરવી.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, એઓસાહેબની રૂબરૂ. *

ફેસલ તા. ૧૭-૬-૯૧.

પા. નાગરદાસ સખીદાસની દુકાનનો વહીવટકરનાર પા. ... } દસ્તાવેજ કરીલેનાર.
(સ્ટાંપ નિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલોછે.)
શા. ... જવેરલાલ આતમદાસ, તથા શા. છગનલાલ આતમદાસ રેહેવાશી હાલ ડભોઇ. } દસ્તાવેજ કરીઆપનાર.

ઉપાડ કરવા સંબંધે કરાર—ગીરોખત-નિબંધની કલમ ૨૩--પરિશિષ્ટ ૧, રકમ ૯.

દસ્તાવેજમાં સરતો એવી કરી આપેલી હતી કે, ખપ પ્રમાણે જે ઉપાડ કરવામાં આવે તે બદલ અલાહીદા ખાતું પાડી આપવામાં આવશે, તથા ઉપાડ કરેલી રકમો માટે વ્યાજ, મંડા-

---

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૩૭ ઉપર છે. ‡ આ સંબંધે નિબંધની કલમ ૨૩ જુઓ. પુ. છા.

*દી. સ્ટાં. ખુ. ર. નં. ૬૩ સન ૧૮૯૦-૯૧.

મણી, અને ભરણાવટાવ વિગેરેઆપવામાંઆવશે,તથા ખાતાની રૂઈએ દસ્તાવેજ લખીલેનારનું લેહેણું પડે તેના તારણમાં સ્થાવર વિગેરે મિલકત સોંપ્યાનું લખી આપ્યું છે, તથા જે ઉપાડ થાય તેનો જે કંઇ માલ ખરીદ કરવામાં આવે તે કબજામાં સોંપવો. એવી રીતે મુદ્દાની સરતો કર્યાનો લેખ કરી આપેલો હતો. ઠરાવ થયો કે,—દસ્તાવેજ ગીરોખત છે અને તેમાં ખાતે બાકી કેટલી રકમ સુધી રાખવી તેની ચત્તા જણાવેલી નથી ત્યારે તારણવાળી મિલકતની કિંમત જેટલી રકમ સુધી તે રાખવાનું ઠરાવ્યું છે એમ માની એ કિંમતની રકમ ઉપર ગીરોખત પરિશિષ્ટ ૧, રકમ ૯ પ્રમાણે સ્ટાંપની લાગત જોઇએ.

દી. સ્ટાં. ખુ. ર. નંબર ૧૨ સન ૧૮૯૦-૯૧ ફેસલ તા. ૨૯-૫-૯૧ નો ઠરાવલાગુ કર્યોછે. (૧).

હકીકત.

આ કામ રાવસાહેબ નોંધણી તપાસણીકામદારે પોતાની યાદી નં. ૨૦૭ તા. ૧૩ મી માહે ડિસેંબર સન ૧૮૯૦ ના લખાણથી આ તરફ ખુલાસો થવા સારૂ મોકલેલું છે.

ઉપર લખેલા પક્ષકારો વચ્ચે સં. ૧૯૪૬ ના વૈશાખ વદિ ૧૨ શુકરવાર, તા. ૧૬ માહે મે સન ૧૮૯૦, ના રોજ દસ્તાવેજ થયો છે. તેમાં મુદ્દાનો મજકુર નીચે પ્રમાણે છેઃ—

"જત લખી આપું છું કે અમોએ મજકુર ગામમાં મહુડી ભાગોળના દરવાજા બાહાર કાજીની વાવ આગળની પડતર જમીન શા. વલભ દ્વારકાએ ગીરો રાખેલી તે જમીન શા. ત્રીભોવન વલભ પાસેથી અમોએ વરસ ૧ એકના રૂ. ૮૫ અકે પચાસી માટે દાણે રાખેલીછે. તે જમીનમાં અમોએ તલ, દીવેલી પીલવાનું કમ્પાઉંડ છાપરાં કરાવી અમારી માલકીનું બાંધ્યું છે. ને એ કંપાઉંડમાં અમોએ અમારી માલકીનોતલ દીવેલી પીલવાનો લોખંડનો સંચો ગોઠવ્યો છે, ને એ સંચાને લગતો તમામ સામાન ધાણીઓ ચરખા સાથે અમારી માલકીનો છે. તે સંચામાં પીલવાનો માલ તેલ, દીવેલી, તથા ડોળીઓ વિગેર અમો જે માલ ખરીદ કરીએ છીએ તે માલના રૂપીઆ આપવાનો ઉપાડ તમારે ત્યાંહાંથી અમોએ અમારા નામથી ખાતુ પડાવી કર્યો છે. તે માલ અમો જેટલો ખરીદ કરીશું, તેની હકશાઇ કળશી એક લેખે રૂ. ૧ એક તમોને આપવાનો કર્યોછે. તે પ્રમાણે અમો સાલ દરસાલ ગણીને આપીશું. તમારે ત્યાંહાંથી ઉપાડ કરીશું તે રૂપીઆનુ વ્યાજ દરમાસ એકે, સેંકડે એકે તેરીખ રામ ૧૦ લેખે ખરૂં દીવાળીબાકી અધિકમાસ સાથે ગણીને આપીશું તથા ખાતાની મ ડામણીવટાવ, ઉપાડ કરીશું. તેની દરસેંકડા એકે રામ ૨ લેખે સરવાળે આપીશું, ને ભરણું કરીશુ તેનો ભરણાવટાવ જમેનો દર સેકડા એકે સરવાળે રામ ૨ લેખે આપીશું, ઉપર લખ્યા પ્રમાણે અમોએ ખાતાનો બંદોબસ્ત કરી તમારે ત્યાંહાં અમારૂં ખાતું પડાવ્યુંછે. તે ખાતામાંથી અવલથી તે આખર છેવટ સુ । બાકી દેવું તમારૂં અમારે રહે તેની સાનમાં અમારો સદર માલપીલવાનો લોખંડનો સંચો તથા સંચાને લગતો તમામ સામાન ધાણીઓ સહ વિગેરે એ કમ્પાઉન્ડમાં બાંધેલા છાપરાનો તમામ માલસુદ્ધ કાટ તથા પીલાણ

---

(૧) આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૨૪૯ ઉપર છે.

કરવાનો તથા પીલાણ કરેલો જે માલ હોય તે તમારા લેહેણા રૂપીઆની સાનમાં (છે). એ સંચો તથા લગતો સરસામાન તથા તે સંકચા ઉપરનો તથા આ શિવાયનું કરેલું છાપરૂં તથા વખારો તે સરવે તમામ કમ્પાઉન્ડમાં આજથી સોંપ્યુંછે. તમારે ત્યાંહાંથી ઉપાડ થાય તેનો જે કાંઇ માલ ખરીદ થાય તે પણ સરવે તમારે કબજે રેહેશે, અને તે તમારે કબજે રાખવો, અને તે માલ તમારી દેખરેખ નીચે વેચવો, અને તેની જે કિંમત ઉપજે તથા ઉત્પન્ન થાય તે સરવે લેવાનો હક્ક તમારો છે. અને એવાં કોઇ માલનું વેચાણ થાય તે બાબત ગલ્લીમાં જે કાંઇ સિલીક હોય તે સરવેનો પણ કબજો તમારો છે. અને માલ પીલવા સંબંધે જે કાંઈ કામકાજ કરીશું તેજાણે તમારા તરફથી આડતીઆ અથવા નોકર તરીકે કરીએ છીએ એમ ગણવું. એ ધંધામાં ખોટ નફો થાય તેના માલીક અમે છીએ, પણ તમારૂં લેણું જે કાંઇ નીકળે તે વસુલ થતાં સુધી સરવે નફો વિગેરેનો કબજો તમારો રેહેશે. ઉપર લખેલો સંચો તથા સંચાને લગતો સામાન તથા સંચો ગોઠવેલું કમ્પાઉન્ડમાં કરેલું માલણ તમોને અમોએ લખીઆપ્યું છે. તેના ખુંટ * * *. એ ખુટ વાળું સંચો ગોઠવેલું કમ્પાઉન્ડ, બાંધેલું માલણ, તથા સંચો ગોઠવેલો બાઇલર, તથા એ બાઇલરને લગતો તમામ સામાન, અમોએ તમોને લખી આપ્યોછે. તે તમારા રૂપીઆ વ્યાજ મુદ્દલ ન પુરા થાય તો એનાથી વસુલ કરી લેવા તમારો હક્ક છે. તેથી ખુટે તો શ્રી છોટાઉદેપુરમાં અમારી માલકીનાં ઘરાં નંગ ૩ ત્રણ છે તે ઘરાં તમોને અમો લખી આપીએ છીએ. તે ઘરાંની ચતુઃસિમા નીચે પ્રમાણે * * *. એ રીતે સદર લખ્યાં ખુંટવાલાં ઘરાંનું અમારી માલકીનાં શ્રી છોટાઉદેપુરમાં છે, તે પણ આ રૂપીઆની સાનમાં લખી આપીએ છીએ. તે તમારા રૂપીઆ વ્યાજ મુદ્દલ પુરા થાય નહીં તો એ ઘરાં વેચી વસુલ કરવા હક્ક તમારો છે. તેમાં અમારે કાંઇ તકરાર નથી. અમારી પાસે તમારૂં લેહેણું છેવટ બાકી વ્યાજ સાથે નીકળશે તેનો જુવાબ હમો એકેમતે એકેજતે દેઈશું. + + +."

સહી. સાખ.

* * * * * *

ઉપરની યાદીમાં રાવસાહેબ તપાસણીકામદાર જણાવે છે કે, "ડભોઇ મુહાલની નોંધણીકચેરી તપાસતાં એક ઉપાડ સંબંધે દસ્તાવેજ નવો સ્ટાંપનિબંધ અમલમાં આવ્યા પછી થયેલો પાછો આપવા ઉપર પડયો છે. આ દસ્તાવેજને સ્ટાંપ રૂપીઆ ૧૧ નો છે. એ સ્ટાંપ બરોબર છે કે નહીં એનો સંશય આવ્યાથી એવા દસ્તાવેજના સ્ટાંપ વિષે ખુલાસો થવા નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ (ખ) મુજબ નિરણય થવા લખ્યું છે. દસ્તાવેજમાં ઉપાડની રકમની યત્તા નથી. દસ્તાવેજ ગીરવીખતની વ્યાખ્યામાં આવશે. પરંતુ નિબંધની કલમ ૨૪ રકમ ૧-૨ પ્રમાણે લાગત સંબંધે બાબતો લખી નથી. સ્ટાંપનિબંધ તથા કલમ ૫૫ નો પારીગ્રાફ ૨ જો જોતાં હાલના જેવા દસ્તાવેજ કરવાને છુટ આપ્યાનું દેખાતું નથી. એવા મોઘમ દસ્તાવેજ નોંધાવ્યાથી મિલકત ઉપર ખરો બોજો કેટલો છે એ પણ દેવાદાર સાથે વ્યવહાર કરનાર બીજા સાહુકારને સમજાતું નથી. મારો મત

એવા દસ્તાવેજમાં પક્ષકારે ઉપાડની એકંદર રકમની યત્તા કરી તે ઉપાડ ઉપર સ્ટાંપ લગાડવો; જે ઠેકાણે ઉપાડની યત્તા લખી ન હોય ત્યારે નિબંધની કલમ ૨૩ નું ધોરણ લક્ષમાં લેઇ જે રકમનો સ્ટાંપ દસ્તાવેજને લગાડે તે સ્ટાંપ જે રકમ માટે યોગ્ય લાગત થાય તે રકમનો દસ્તાવેજ છે એમ સમજવું. એટલે હાલનો દસ્તાવેજ રૂ.૨૫૦૦ નો થશે, માટે નિરણય થઇ આવવાની મેહેરબાની થશે.' દસ્તાવેજ રજુકરનારને દસ્તાવેજના સ્ટાંપ સંબંધે લખાણ આપ સાહેબ તરફ કર્યા વિષે તથા ખુલાસો થતા સુધી નોંધણીકચેરીમાંથી દસ્તાવેજ પાછો મળશે નહીં એવી નમુના પ્રમાણે નોટીસ આપી છે તે મેહેરબાનને વિદીત થાય."

ઠરાવ.

હાલના લેખથી ખાતું ચલાવવાનો કરાર કરી તે ખાતાની રૂઇએ લખીલેનારનું લેહેણું પડે તેના તારણમાં કેટલીક મિલકત લખીઆપી હોવાથી તે સ્ટાંપનિબંધની કલમ ૩ રકમ ૭ માં જણાવેલા ' ગીરોખત'ના સ્વરૂપનો ઠરે છે.

હાલના જેવા લેખમાં જ્યારે ખાતેબાકી કેટલી રકમ સુધી રાખવી તેની યત્તા જણાવી ન હોય ત્યારે તે લેખની સ્ટાંપલાગત નક્કી કરવા સારૂ તારણવાળી મિલકતની કિંમત જેટલી રકમ સુધી બાકી રાખવાનું ઠરાવ્યું છે એમ સમજી તે કિંમતની રકમ ઉપર લાગત ઠરાવવાની છે. (જુઓ આ કોરટનો સ્ટાંપ ખુલાસા નં. ૧૨સન૧૮૯૦–૯૧ ફેસલ તા. ૨૮–૫–૯૧).(૧)

સાંપ્રતના લેખમાં તારણમાં બતાવેલી મિલકતની કિંમત જણાવેલી નથી. માટે તે લેખ રજુકરનારથી પુછી લેઇ જે કિંમતનો આંકડો માલમ પડે તે ઉપર પરિશિષ્ટ ૧ મુજબ લાગત ગણતાં જો તે હાલ લગાડેલા સ્ટાંપની કિંમતથી વધારે થતી હોય તો, અથવા રજુકરનાર તારણવાળી મિલકતની કિંમત બતાવે નહીં તો, આ લેખ અટકાવી આ ઠરાવને આધારે પ્રાંતના સુબાસાહેબ તરફ મોકલીદવો, એટલે તેઓ એ સંબંધે કાયદેસર કરવાની તે તજવીજ કરશે એવો અમે ઠરાવ કરીએ છીએ.

---

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૨૪૯ ઉપર છે.

રા. બા અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ શમ્સુદીન તૈયબજી, જજય, એઓસાહેબની રૂબરૂ. *

ફેસલ તા. ૧૯-૬-૯૧.

શા. લલુભાઇ સાકરચંદ રેહેવાશી પાદરા. દસ્તાવેજ લખીલેનાર.

પા. રણછોડ જગા, તથા બેચર જગા, તથા બાપુ જગા, રેહેવાશી સાદરા. } દસ્તાવેજ લખીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધની કલમ ૪૪ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો હોય એમ લાગેછે*).

ખેતીકરનારે આપેલી કબૂલાત વરસ ૧ ની—જમીનગીરીનો તેમાં કરાર—સ્ટાંપલાગતની માફી—પરિશિષ્ટ ૨, રકમ ૨.

ખેતીકરનારાએ આપેલી કબૂલાત એક વરસ અંદરની મુદતની હોય પછી ગમે તે રકમે દાણ આપવાની ઠરાવી હોય તો પણ તે કબૂલાત સ્ટાંપની લાગતને પાત્ર નથી.(પરિશિષ્ટ ૨, રકમ ૨).

દાણની રકમ કબૂલાતઆપનારે આપવાની જવાબદારીનો જમીનગીરીનો મજકુર જમીનદારોની સહી સાથેનો લેખમાં હોય તો તે કબૂલાતના કરારના મોબદલાની બાબત હોવાથી એ જુદો કરાર માનવાનો નથી, પરંતુ મુખ્ય કબૂલાતનો તે અંગભૂત કરાર માનવાનો છે.(ઇં. લા. રી. ૫, મુંબઇ પૃષ્ઠ ૧૮૮).

દી. સ્ટાં. ખુ. ર. નંબર ૪૫ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૨૮-૧૧-૯૦નો ઠરાવ લાગુ કર્યો છે.(૧)

હકીકત.

આ પ્રકરણ મે. વડોદરા પ્રાંતના સુબાસાહેબની યાદી નં. ૨૩૨ તા. ૧૮-૬૨-૯૦ થી આકોરટ તરફ નિબંધની કલમ ૪૫ મુજબ આવેલું છે. સદર યાદી સોબત આવેલો અસલ લેખ ઉપરના પક્ષકાર દરમ્યાન સં. ૧૯૪૫ ના શ્રાવણ વદિ ૭, તા. ૧૮-૮-૮૯, રોજ થયેલાનો મુદ્દાનો મજકુર નીચે પ્રમાણે છે:—

"એકાજત એકામત, જત. આ ગણવત લખી આપીએ છીએ કે, મોજે સાદરાની સીમની જમીન વિંધાં ૩૩-૧૭ તેત્રીસ વિંધાંને સત્તર વસા મોજે સાદરાની સીમની અમો પૈકી પટેલ રણછોડ જગાના ખાતામાં દાખલ છે તે નીચેની વિગતે:— + +. એ રીતે જમીન જે કે અમોએ આજરોજ તમોને કબજાગીરો સોંપવામાં આવેલી છે, તે અમોએ તમારી પાસેથી સંવત ૧૯૪૬ ની ફસલ માટે દાણે ખેડવા રાખી છે. તેની દાણના રૂ. ૨૪૫ અંકે રૂપીઆ બસે ને પીસતાળીસ પુરા બાબાશાઇ કર્યાછે, તે સં. ૧૯૪૬ ની ફસલમાં સરકારી હફતા મુજબ હફતેસર આપીશું, ને સં. ૧૯૪૬ ની ફસલ લેઇ સંવત ૧૯૪૬ ના વૈશાખ શુદ ૩ ના રોજ જમીનખેડ ખાતર વિગેરેના કંઇ પણ હકક નહીં રાખતાં તમારે કબજે આપીશું. આ રૂપીઆના

*** દી. સ્ટાં. ખુ. ર. નંબર ૭૫ સન ૧૮૯૦-૯૧. + મુળયાદીમાં તથા કાઢેલી હકીકતમાં કલમ ૪૫ લખી છે પરંતુ તે સમુળગીલાગતી નથી. કલમ ૪૧—૪૩ પણ લાગુ થતી નથી, કારણ એ કલમો પ્રમાણે પ્રકરણ આવેલું નહોતું એ સંબંધે પૃષ્ઠ ૨૭૯ ઉપરની ટીપ જુઓ. કદાચ કલમ ૪૪ લાગે એવું લાગ્યાથી તે કલમ હાલમાં અહીં મુકીછે. પુ.છા.**

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૯૭ ઉપર છે.

જમાન પા. બાજી જવેર તથા + + થયા છે. અમો જમાનીદાર ઉપરના રૂપીઆનો એકાજત એકામત જવાબ દેઇએ. એ લખ્યું તે સહી. મિતી સં. ૧૯૪૫ના શ્રાવણ વદ ૭ તા. ૧૮ આગષ્ટ સન ૧૮૮૯ (વાર) રવી."

સહી. સાખ.

* * * *

મે. વડોદરાપ્રાંતના સુબાસાહેબ પોતાની સદરહુ યાદીમાં જણાવે છે કે, "પાદરા માજીસ્ટ્રેટ વર્ગ ૨ ની કોરટમાં કબજાની ફરીયાદના કામમાં સદર ગણોત રજુ થયેલું, તે સાદા કાગળ ઉપર હોવાથી નિબંધની કલમ ૩૦ મુજબ દશપટ દંડ રૂ. ૧૫, અને લાગત લેવાનો ઠરાવ કરી પુરાવામાં લીધું છે. તે દંડની રકમ માફ થવા આ તરફ અપીલ છે. થએલો દંડ માફ કરવાની આ તરફ સત્તા રાખેલી નથી. કલમ ૧૧-૧૨ નું ફરમાન તોડીને દસ્તાવેજ લખાયલો હોય તો તે દંડ માફ કરવાની સત્તા છે. માટે મે. સરસુબાસાહેબ. તરફ અપીલ કરવા અરજદાર તથા તેના વકીલને સમજ આપીછે. લેખલાગત તથા, દંડ ભરાયાથી પુરાવામાં લીધેલો છે,પણ આવી રીતે પુરાવામાં લેવામાં આવે તેની નકલ માજીસ્ટ્રેટે આ તરફ મોકલેલી નથી, એટલે આ લેખ લાગતને પાત્ર છે કે નહીં તે જોવામાં આવ્યું નથી. અરજદાર તરફથી આ વાત જાહેર થઇ છે તેથી આ પુરાવામાં લીધેલો દસ્તાવેજ એકસાલી ગણવત છે. આવા લેખની બાબતમાં પરિશિષ્ટ ૨, કલમ ૨ માં માફી લખી છે, ને પરિશિષ્ટ ૧, નીકલમ ૨૦ ની રકમ (ક) માંખત મુજબ લાગત બતાવી છે અને એ કલમ ૨૦ ના પેટામાં 'જુઓ માફી પરીશિષ્ટ ૨' એમ કાયદામાં દર્શીત કરેલું છે. આ ગણવતમાં જામીનદારે જવાબદારી માથે લીધેલીછે. જવાબદારી એક અથવા અધિકમાણસ લે તોપણ એકસાલી છે, એટલે આવા લેખ માફીમાં જાય છે એમ અમારી સમજુત છે. તો આ દસ્તાવેજ લાગતને પાત્ર થાય છે કે નહીં, એ નિર્ણય થવા સ્ટાંપનિબંધની ક. ૪૫ મુજબ આ કામ આપસાહેબ તરફ મોકલ્યું છે તો ધ્યાનમાં લેઇ મરજીનું રૂપ ઠરાવ થઇ આવવાની મેહેરબાની થવી. આજમ પાદરા માજીસ્ટ્રેટ તરફથી કબજાનું કામ આવેલું તેમાંથી આ દસ્તાવેજ અને તેનો ઠરાવ કાઢી લેઈ કામ પાછું નીકાલ થવા મોકલવામાં આવેલું છે તે વિદિત થાય," વિગેરે.

ઠરાવ.

આ કોરટના સ્ટાંપ ખુલાસા નંબર ૪૫ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૨૮-૧૧-૯૦ ના ઠરાવથી(૧) ઠરાવ્યા પ્રમાણે હાલની કબૂલાત ખેતીકરનારાએ

---

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૯૭ ઉપર છે.

આપેલી છતાં તે એક વર્ષ અંદરની મુદતને માટે હોવાથી સ્ટાંપનિબંધના પરિશિષ્ટ ૨, રકમ ૨ મુજબ માફીમાં આવે છે.

તેમાં જામીનગીરોનો મજકુર જામીનદારોની સહી સાથેનો, લેખના છેવટ ભાગમાં છે, અને લેખ ઉપર સાક્ષીઓ થએલી છે તે આ કબૂલાતના કરારના મોબદલાની બાબત હોવાથી એ મજકુરને જૂદો લેખ માનવાનો નથી, પણ મુખ્ય કબૂલાતનો અંગભૂત કરાર માનવાનો છે. (જુઓ. ઈં. લા. રી. ૫ મુંબઈ પૃ. ૧૮૮). માટે એ આખો લેખ ખેતી કરનારે એક વર્ષ અંદરની મુદત માટે કરીઆપેલી કબૂલાત હોવાથી પરિશિષ્ટ ૨, રકમ ૨ મુજબ માફીમાં આવે છે એમ અમે ઠરાવીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ શમ્સુદીન તૈયબજી, જજ્ય, એઓસાહેબની રૂબરૂ*.

ફેસલ તા. ૨૧-૬-૯૧.

૫૧. નરોતમ કહાનદાસ રેહેવાશી ગોકળપુરા તાબે આણંદ. અરજદાર (લેખલખીલેનાર).

(નવા સ્ટાંપનિબંધની કલમ ૪૪ પ્રમાણે કરેલો અરજ).

ગીરોખત ઉપર કરીલેનારે પોતે ટાંચણ દાખલ કરેલા શેરા—અપુર્ણ લેખ—એવા શેરાને સ્ટાંપલાગતની માફી.

જેણે જમીન ગીરો રાખેલી હતી તેણે તે જમીન ગીરો આપ્યા બાબતનો દસ્તાવેજ ક. ને કરી આપેલો હતો. એવો દસ્તાવેજ કરી લીધા પછી જમીનના માલીકોને મુળ ગીરો રાખનારનું જે દેવું હતું તેની રકમ આપ્યા બાબત મૂળ માલીકના નામના શેરા, ક. એ જે ગીરોનો દસ્તાવેજ કરાવી લીધેલો હતો તે ઉપર ત્રીજા શખસના હાથથી કરાવી લીધા હતા. એ શેરા ઉપર મુળ માલીકની સહી નહોતી. ઠરાવ થયો કે,—

એ શેરા અડાણીરીતે એવા લખ્યા છે કે, તેમાં જણાવેલા વેહેવારનું સ્વરૂપ સમજાતું નથી અને તેના ઉપર જમીનના મુળ માલેકોની સહીઓ થવી અવશ્ય છતાં તે થયેલી નથી, તેથી તેમાં લખેલી હકીકત ટાંચણના સ્વરૂપની છે અને એ ટાંચણનો લેખ લાગતને પાત્ર એવા સ્વરૂપનો નથી.

હકીકત.

અરજદારે આ કોર્ટમાં વડોદરાપ્રાંતના સુબા સાહેબે તેના વિરૂદ્ધ સ્ટાંપ સંબંધે

---

* હી. સ્ટાં. ખુ. ૨. નં. ૮૬ સન ૧૮૯૦-૯૧.

તા. ૨-૨-૯૧ રોજ ઠરાવ કર્યો, તે ઉપર નિબંધની કલમ ૪૪ મુજબ તા. ૧૧-૨-૯૧ ના રોજ અરજ કર્યો તે ઉપરથી આ પ્રકરણ ઉત્પન્ન થયું છે.

અરજદારે એક ગીરધર નથુભાઇ પાસેથી રૂ. ૧૫૦૦, આપી જમીન વિંઘાં ૧૦ ઘરાણે લખી લીધેલી, તે ગીરોદસ્તાવેજ તળે બે શેરા કરાવેલા છે તે અરજદારે નોંધાવવા સારૂ આજમ પેટલાદ નોંધણીકામદાર તરફ રજુ કર્યા ઉપરથી નોંધણીકામદારે એ શેરાને સ્ટાંપનિબંધના પરિશિષ્ટ ૧, રકમ ૧૦, અથવા રકમ ૨૩ મુજબ સ્ટાંપ લાગવો જોઇએ એમ લાગે છે, તે પ્રમાણે લગાડેલો ન હોવાથી લેખ અટકાવી મે. સુબાસાહેબ તરફ યાદી નંબર ૧૪૦ તા. ૨-૧-૯૦ (થી મોકલેલો, તે ઉપરથી સુબાસાહેબે કરેલા ઠરાવ ઉપર હાલની અપીલ છે).

જે લેખ તથા તે તળેના શેરા બાબત હાલના પ્રકરણમાં સવાલ ઉઠયોછે તેનો મુદ્દાનો મજકુર નીચે પ્રમાણે છેઃ—

"સંવત ૧૯૪૫ ના વરખે અષાડ શુદિ ૧૦ દીને આદેહુંગ ગામ ગોકુળપુરા વાસતેવંમ, પા. નરોતંમદાસ કહાનદાસ પારસાત ગામ મોરડ, વાસ્તેવંમ, પા. ગીરધરભાઇ નથુભાઇ, હસ્તાખરાણ દત્તાન જત. ગ્રહીત ગરાણે સીમતલીઆની મોજે મોરડની સીમનું ખેતર નામે ઝુમલી વાળું વિ. ૧૦ અંકે દશ શેઢાપાળી સમેત ઘરાણે-આપ્યુંછે તેના ખુટ * * વચલું અંદબદ્ધ શેઢાપાલી તથા વાડવળગણી તથા આડ બીડ સમેત તમોને ઘરાણે આપ્યું છે. તેના ઉપર રૂ. ૧૫૦૦ અંકે પંદરસે રોકડા શીહાસાઇ શિક્કાના લેઇને તમોને ઘરાણે આપ્યુંછે. તે રૂપીઆનું વ્યાજ નહીં ને એ ખેતરની દાણ નહીં, આપે રૂપીએ ખેતર છુટે. આ ખેતરનો જે સરકારી હક્ક હોય તે ભરજો ને એ ખેતરનો ઉપભોગ કરજો. આ ખેતર ઉપર કોઇનો હક્ક નથી. એ ખેતર ખેડો ખેડાવો અગર આડઘરાણે મુકો તેમાં હરકોઇનો દાવો નથી. આ ખેતર જે સાલે છોડાવવુ હોય તે સાલના જેઠ શુદિ ૨ છોડાવીએ ને અમો ખેતર છોડાવવા આવીએ ને એ ખેતરમાં તમોએ ખાતર નાખ્યું હોય તો તે ખાતરની કિંમતના રૂપીઆ આપીને તમારી પાસેથી એ ખેતર છોડાવીએ. આ ખેતરની કશી તરેહથી કોઇ હરહરકત થાય તો તમો જેવી રીતથી જવાબ માગો તેવી રીતે અમો તથા અમારા વારસો જવાબ દઇએ, અને આ સિવાય અમારૂં પાછલું દેવું નીકળે તે ખરૂંછે * * ઉપર લખ્યું તે સહી છે."

અત્ર　　　મતુ.　　　અત્ર　　　સાખ.

*　*　*　　　*　*　*

સદરહુ લેખ તળે તકરારી શેરા છે તેનો મજકુર નીચે પ્રમાણે છે.

એમ જાહેર કરવું છે કે, (૧) વિશેષ લાગત લેવા સંબંધે ઠરાવ કર્યો છે તે વ્યાજબી નથી અથવા તે ઘણોજ સખ્ત છે, અને લગાડેલી કલમ લાગતી નથી, (૨), જે વસુલ ભરાવ્યું છે તે પાવતી છે, અને (૩) કરેલો ઠરાવ કાયદા અને ન્યાયદૃષ્ટિથી વ્યાજબીનથી.

ઠરાવ.

નરોતમ કહાનદાસ નામના શખસને ગીરધર નથુ નામના સખસે સંવત ૧૯૪૫ ના અષાડ સુ. ૧૦ રોજ રૂ. ૧૫૦૦ નું એક ગીરોખત લખી આપ્યું છે. તે ખતમાં ગીરધરે જે જમીન લખી આપી તે ગીરધરની પોતાની માલકીની નસ્તાં તે તેના તરફ અમુક ધારાળાલોકોએ પોતાની માલકીની ગીરો મુકેલી હતી. નરોતમ પાસે એ મિલકત,સદરના ખતથી આવ્યા બાદ નરોતમ મજકુરે એ મિલકતના મુળ માલીક ધારાળાલોકો સાથે મળી તે ઉપર તેમને જે દેવું ગીરધરનું પડતું હતું તેનો અવેજ તેમને નરોતમે આપી વળાવ્યું, અને તેમના માલકીહક્ક બદલ તેમનું મન મનાવી સદર મિલકત ઉપર(થી)મુળમાલીકોએ પોતાનો હક્ક ઉઠાવી લેઇ નરોતમને સોંપ્યો એવો ભાસ થાય એવી મતલબના મુળમાલીક ધારાળાલોકોના નામથી ત્રીજા શખસ પાસે સદરના ગીરોલેખ ઉપર શેરા લખાવી લીધા છે. એ શેરા લાગતને પાત્ર એવા પ્રકાર ના લેખ કેહેવાય કે નહીં એ આ પ્રકરણમાં નિર્ણય કરવાનો મુખ્ય સવાલ હમારા આગળ છે.

આ શેરાનો મજકુર એવો અડાણી રીતે લખેલો છે કે, તે ઉપરથી તેમાં જે વેહેવારનું બયાન કરેલું કેહેવામાં આવે છે તે વ્યવહારનું સ્વરૂપ સ્પષ્ટ સમજાઇ આવતું નથી. તે સમજવા સારૂ વડોદરાપ્રાંતના સુબાસાહેબે જે તજવીજ કરાવી છે તે ઉપરથી ઉપરની કલમમાં દરસાવ્યા મુજબ હકીકત જણાઇ આવે છે.

આ હકીકત મુજબ એ શેરાને સ્ટાંપનિબંધના પરિશિષ્ટ ૧ માં બતાવેલા પ્રકાર પૈકી બે પ્રકારનું સ્વરૂપ કદાચ લાગી શકે, (૧), વેચાણખત,કિંવા(૨) ફારકતી, પરંતુ આ પૈકી એકે પ્રકાર લાગુ થવા માટે લેખ તળે લખી આપનારાઓની સહીઓ થવી અવશ્ય તે મુજબ આ શેરા નીચે તેમની સહીઓ થયેલી નથી, તેથી સદરનો એકે પ્રકાર આ લખાંતને લાગુ પડી શકતો નથી.

સુબાસાહેબે આ શેરા ફારકતીના સ્વરૂપના ઠરાવી તે મુજબ લાગત તથા દંડ લેવાનો ઠરાવ કરેલો છે, પણ ઉપર જણાવેલા સબબથી એ શેરાનું લખાણ પરિશિષ્ટ ૧ માં જણાવેલા કોઇ પણ પ્રકારના લેખમાં આવી શકતું નસ્તાં માત્રતેમાં લખેલી હકીકતના ટાંચણના સ્વરૂપનું ઠરે છે, તેથી તે લાગતને પાત્ર એવા સ્વરૂપનો લેખ ઠરી શકતો નથી એમ અમે ઠરાવીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ શમ્સુદિન તૈયબજી, જજ્ય, એઓસાહેબની રૂબરૂ. *

ફેસલ તા. ૨૩-૬-૯૧.

પુરબીયા, સેમરપ્રસાદ શાલકરામ રેહેવાશી હાલ અમરેલી. દસ્તાવેજ લખીલેનાર.

શીલેદાર શેખમેશન બીન શેખઆવદ અબુબકર. દસ્તાવેજ લખીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધની કલમ ૪૩ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

કરજે લીધેલા રૂપીઆ વાયદેસર આપવાનો લેખ--વાયદાચિઠ્ઠી—પરિશિષ્ટ ૧, રકમ ૩૫ (ખ).

કરજે લીધેલા રૂપીઆ દીન ૧૦ માં પાછા આપવાનો વાયદો કર્યો વિષે લેખ લખી આપ્યો હોય અને તે ઉપર કરીઆપનારની માત્ર સહી હોય તો તે લેખ વાયદાચિઠ્ઠીના સ્વરૂપનો છે, અને તે પરિશિષ્ટ ૧, રકમ ૩૫(ખ) પ્રમાણે સ્ટાંપની લાગતને પાત્ર છે.

દી. સ્ટાં. ખુ. ર. નંબર ૪૬ સન ૧૮૯૦-૯૧ ફેસલ તા. ૪-૬-૯૧ નો ઠરાવ લાગુ કર્યો છે. (૧).

હકીકત.

આ કામ રા. બા. અમરેલીપ્રાંતના જજ્ય સાહેબ તરફથી યાદી નંબર ૧૬૯ તા. ૧-૬-૯૧ ના લખાણથી આ તરફ આવેલું છે.

ઉપર લખેલા પક્ષકારોની દરમ્યાન સં. ૧૯૪૭ ના માગશર વદિ ૧૪ ના રોજ દસ્તાવેજ થયો છે તેમાંનો મજકુર નિચે પ્રમાણે છે:—

" અમારી પાસેથી કોડીનારના મેમણ શેઠ ગની હમીરના રૂપીઆ ૭ અંકે સાત કંપનીલેણા હતા તો તે રૂપીઆ ૭ તમારી પાસેથી અમોએ શેઠ ગનીને આપ્યા (અપાવ્યા) છે તો તમોને, તમારા રૂપીઆ ૭ સાત અમે લીધા છે તે આજથી દીવસ દશની અંદર એટલે મિતી પોસ શુદિ પાંચમ સંવત. ૧૯૪૭ ના અંદર આપી દેવા છે. તે બાબતમાં કંઇ વાંધો લાવવો નથી. ઉપર લખેલી મુદત ઉપર રૂપીઆ ન પોહોચે તો દર રૂપીએ એક માસે ફદીઆ એક એક લેખે આપવા છે. ઉપર લખેલસહી છે. મિ. માગશર વદી ૧૪ ને વાર શુક્ર સંવત ૧૯૪૭ ના રોજ ૨૬. નીશીન આ એધાણુ ધણી મેશનના હાથનું છે. બળદેવપ્રસાદ તુળજારામ દા.

ઉપર લખેલા દસ્તાવેજ વિષે ઉપર બતાવેલા નંબર ૧૬૯ ની યાદીમાં રા. બા. જજ્યસાહેબ લખીજણાવેછે કે વાદીની તકરાર એવી છે કે દસ્તાવેજ ઉપર સાક્ષી નથી માટે નવીન સ્ટાંપનિબંધની કલમ ૩ પ્રમાણે સાક્ષી સિવાય દસ્તાવેજ ગણીશકાય નહીં.

---

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૧૨૭ સન ૧૮૯૦-૯૧. (૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૨૭૦ ઉપર છે.

દસ્તાવેજમાં સાક્ષી નથી તોપણ તેને દસ્તાવેજ ગણુવો કે નહીં તે બદલના અભિપ્રાય અલાહાબાદ નંબર + (મુળમાં નથી)થી લખવામાં આવ્યોછે, તેની સાથે આ દસ્તાવેજ બાબત વિચાર થઈ આવવો.

ઠરાવ.

હાલના લેખથી લખીઆપનારે લીધેલા રૂપીઆ લેખની તારીખથી દશ દિવસમાં આપવાનો વાયદો કરેલો છે, ને તે તળે પોતાની સહી માત્ર કરીઆપી છે. તેમાં સાહેદીઓ થઈ નથી. આવા લેખને 'વાયદાચિઠ્ઠી' ના સ્વરૂપના ગણવા બદલ આ કોરટે સ્ટાંપ ખુલાસા નંબર ૪૬ સન ૧૮૯૦-૯૧ ફેસલ તા ૪-૬ ૯૧ ના ઠરાવથી ઠરાવેલું છે. માટે આ લેખ 'વાયદાચિઠ્ઠી' ના સ્વરૂપનો છે એમ અમે ઠરાવીએ છીએ, ને હુકમ કરીએછીએ કે તેને પરિશિષ્ટ ૧ રકમ ૩૫ (ખ) મુજબ બે આનાની સ્ટાંપ લાગત લાગવી જોઈએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ શમ્સુદિન તૈયબજી, જજય, એઓસાહેબની રૂબરૂ *.

ફેસલ તા. ૨૩-૬-૯૧

શા. રતનચંદ જગજીવન રેહેવાશી મોજે લીડીયાદ તાલુકે કઠોર પ્રાંત નવસારી.	દસ્તાવેજ કરીલેનાર.
પટેલ ભુલા પરસોતમ રેહેવાશી પીપોદરા તાલુકે કઠોર પ્રાંત મજકુર.	દસ્તાવેજ કરીઆપનાર.

(નવાસ્ટાંપ નિબંધની કલમ ૪૩ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

ગીરોખતમાં સરકારીધારો ગીરોરાખનારે ભરવાનો કરાર—અંગભૂતકરાર—સ્ટાંપલાગતની માફી.

ગીરોખતમાં સરકારીધારો ગીરોરાખનારે ભરવા વિષે કરાર કર્યો હોય તો તે કરાર અંગભૂતકરાર છે, અને આ કરાર કાયદા પ્રમાણે સ્ટાંપની લાગતને પાત્ર નથી.

નોંધણી ખાતાનો શેરો નંબર ૩૩૬ તા. ૧૯-૧૦-૮૬ નો જે થયો છે તે ગીરો વેહેવારના દસ્તાવેજ સંબંધે લાગુ નથી, એ શેરો ગણોતપટા સંબંધે છે એમ ઠરાવ્યું છે.

હકીકત.

આ કામ આજમ કઠોર મુનસફ નોંધણી કામદારે યાદી નંબર ૧૧૬ તા.

---

* હી. સ્ટાં. ખુ. ર. નંબર ૧૩૭ સન ૧૮૯૦-૯૧.

૩૦-૫-૯૧ ની લખી ખુલાસો થવા મે. નોંધણી સરકામદારસાહેબ તરફ મોકલી તેઓ સાહેબ નો. જા. નં. ૧૦૨૪ તા. ૨-૬-૯૧ ના શેરા લખાણથી આ તરફ ખુલાસો થવા પ્રકરણ મોકલ્યું છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમ્યાન સં. ૧૯૪૭ ના વઇશાખ વદી ૪, તા. ૨૭-૫-૯૧ બુધવારના રોજ, દસ્તાવેજ થયો છે. તેનો મુદ્દાનો મજકુર નિચે પ્રમાણે છેઃ—

" જત. રૂ. ૨૯૫ અંકે બસેપંચોતેર શીકકે પોલીયા આજરોજ તમારી પાસેથી નગદ રોકડા લીધા તે દેવા સહી. એ રૂપીઆનું વ્યાજ માસ ૧ એક સેંકડા ૧ એકે તેરીખ ટકા ૧ એક લેખે ચઢે તે સાથે દીવાળીબાકી વ્યાજના વ્યાજ સાથે તમો જ્યારે માગો ત્યારે આપવા સહી. એ રૂપીઆના અવેજમાં મોજે પીપોદરા તાલુકે કઠોરમાં મારૂ રેહેણીનું ઘર ગાળા ૨ બે નળીએરી જમીન ઇમલા સાથે છે તે તથા પીપોદરાની શીમમાં હુમારી સરકારી ખેડખાતાની જમીન સરવઇ નંબર ૧૪૬ તથા ૧૬૪ ની જમીન માટે સાથે વિંઘાં ૧૪-૧૪-૩ તમોને કબજાગીરો આપી છે, તથા એજ ગામની શીમમાં પટેલ કુબેર લાલાને નામે સરવઇ નંબર ૧૩૮ વિઘાં ૧૦-૧૧-૧૦ છે તે જમીન હુમોએ વેચાણ રાખેલી છે તે વેચાણના હકકથી હુમારા કબજામાં છે તે સુદ્ધાં હુમોએ તમોને ગીરોઆપી છે. તેના ખુટની વિગતઃ— * * *

ઉપર પ્રમાણેનો એકંદર જમીન તથાં ઘરૂગાળા ૨ બે નળીયેરી જમીન ઇમલા સાથે તમોને કબજાગીરો આપી છે. માટે તેની વહીવટ તમારી મરજી મુજબ કરવાને તમો મુખત્યાર છો. સદરહુ જમીનનું જે ઉત્પન્ન આવે તેમાંથી સરકારભરણું તમારે ભરવું, ને જે જે ફાજલ રહે તે તથા ઘરનું ભાડું જે ઉપજે તે મળી રૂપીઆ જે થાય તે દર વર્ષે તમારા વ્યાજમાં વસુલ કરવા, ને વ્યાજકરતાં વધે તો મુદલમાં વસુલ કરવા, ને વ્યાજ કરતાં ઘટે તો તે રૂપીઆના વ્યાજસાથે હુમો આપીએ સહી, ને આપવામાં અજર કરીયે તો સદર તમારા રૂપીઆ વ્યાજ સાથે ઉપર લખેલી મિલકતથી, તથા મારી જાતથી, તથા માલમિલકતથી, તથા વારસોથી વસુલ કરી લેવા તમો મુખત્યાર છો. સદર જમીનને સરકારથી હરકત થાય અગર ઘરને કાંઈ અસમાની સુલતાની થાય તો તમારા રૂપીઆ ઘરના ભોંયતળીઆની જમીનથી તથા મારી બીજી મિલકતથી લેવા તમો મુખત્યાર છો. એ ઘરની ચળાઇ તથા નળીઆની ખોટ હમારે શીરે છે. એ ઘરમાં ભાગે તૂટે તમારે દુરસ્ત કરાવી આપવું વિગેરે. * * * * *"

સહી. સાખ.

* * * * * *

ઉપર લખેલી યાદીમાં આજમ નોંધણીકામદાર બતાવે છે કે, સદર નોંધવા રજુ કરેલા દસ્તાવેજમાં સરકારધારાના રૂપીઆ ગીરોરાખનારે જમીનની ઉપજમાંથી ભરવાનો કરાર છે. એવા કરારના માટે અલાહીદો કરારગણી તેના વાસ્તે રૂ.૦-૮-૦ નો સ્ટાંપ લેવા તથા સરકારધારાના રૂપીઆ નક્કી કરેલા હોય તો તે પ્રમાણથી અગર સરકારધારાની રકમ નમુદ ન કરી હોય તો મોઘમ કરાર ગણી નોંધણીની લાગત લેવા મે. રા. બા. નોંધણીખાતાના મુખ્યઅધીકારીસાહેબના જા. નંબર ૩૩૬ તારીખ ૧૯-૧૦-૮૬ થી ફરમાન છે, તે પ્રમાણે પ્રથમ એક વખત એવા કરારનો દસ્તાવેજ આવ્યાથી સરકારધારાના રૂપીઆ ગીરોરાખનારે ભરવાના કરાર વાસ્તે રૂ. ૦-૮-૦ નો સ્ટાંપ નહોતો તેથી દસ્તાવેજ અટકાવી મે. સુબાસાહેબ તરફ મોકલ્યો હતો. તે તેઓસાહેબ તરફથી આવા કરારને સ્ટાંપની જરૂર નથી એમ લખાઈ આવ્યું છે.

ઝૂ. સરકામદાર જણાવે છે કે, આ તુમારમાં આપણા તરફથી જે નંબર ૩૩૬ તા. ૧૯-૧૦-૮૬ નો ખુલાસો આપેલો છે તે ગણોતપટા ઉપરથી આપેલો જણાય છે. આ પેટાનો દસ્તાવેજ કબજાગીરોખત છે. એવી બાબતમાં મે. સુબા સાહેબે એ કરાર અંગભૂત કરાર માની જે ખુલાસો આપેલો પેટામાં સામીલ છે તેજ પ્રમાણે પોતાનો અભિપ્રાય બતાવ્યો છે. તો ધારાના રૂપીઆ ભરવા વિષે જે જવાબદારી ગીરોરાખનારે પોતાને માથે રાખી છે તે વિશેષ કરાર માની સ્ટાંપ તથા રજીષ્ટરની લાગત લેવી કે નહીં એ વિષે ખુલાસો ફરમાન થશે.

હાલના લેખને સ્ટાંપ રૂ. ૧-૮-૦ નો લગાવેલો છે.

ઠરાવ.

હાલના ગીરોલેખમાં સરકારધારો ગીરોરાખનારે ભરવાનો કરાર અંગભૂત કરાર ગણવો કે વિશેષ કરાર માની તે લાગતને પાત્ર છે એમ ગણવો, એ આ પ્રકરણમાં સવાલ છે.

ગીરોઆપનારે વ્યાજ આપવાનો લેખમાં કરાર છે, અને ગીરોરાખનારે તે વ્યાજ સહ ધીરેલી રકમ તારણવાળી મિલકતની ઉપજમાંથી વાળી લેવાની સરત છે. એટલે તે મિલકતનો સરકારધારો ગીરોરાખનાર ભરે તેજ મજરે મળવાનો છે. આ રીતે જોતાં એ વ્યાજ સંબંધી આ લેખમાંનો કરાર અંગભૂતકરાર માનવાનો છે એમ અમે ઠરાવીએ છીએ.

આ કોર્ટના નોંધણીખાતાનો શેરો નંબર ૩૩૬ તા. ૧૯-૧૦-૮૯ (૧) ને આધારે હાલના પ્રકરણમાં શંકા ઉઠાવેલી જણાયછે. પરંતુ તે શેરા ગણોતપટાને સંબંધે કરેલોછે. તે આવા ગીરો વ્યવહારને સંબંધે લાગુ પડી શકતો નથી.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ શમ્સુદ્દિન તૈયબજી, જજ્ય, એઓસાહેબની રૂબરૂ *

ફેસલ તા. ૨૩-૬-૯૧.

પારશી રૂસ્તમજી જમશેદજી રેહેવાશી મોજે મોયાગામ તાલુકે ચોરંદા.	દસ્તાવેજ લખીલેનાર.
ઠાકોર દોલતશીંગજી ભભુતશીંગજી રેહેવાશી મોજે મીયાગામ તાલુકે ચોરંદા.	દસ્તાવેજ લખીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

ગીરો રાખેલી મિલકત ત્રીજા શખસને ત્યાંહાં પ્રથમ સાનમાં હોવાથી વ્યાજના પેટે દર-વરસે ઉચક રકમ ભરવા વિષે ગીરોરાખનારે કરેલો ઠરાર—અંગભૂત કરાર—સ્ટાંપ લાગતની માફી.

---

(૧) નોંધણીખાતાનો શેરો નંબર ૩૩૬ તા. ૧૯-૧૦-૮૯ નો જે થયોછે તે યાદી છે, અને તે મે. નવસારીપ્રાંતના જજ્ય સરકામદારસાહેબ તરફ ગઈછે કે, "રાવસાહેબ નોંધણી તપાસણી કામદારે કઠોરમહાલની નોંધણીકચેરી તપાસી તે સંબંધે તેમની તરફથી જા. નંબર ૫૦૭ તા. ૨૬-૬-૮૯ ની યાદી આવી તે બાબત નોંધણીકામદાર તરફથી ખુલાસો નં. ૧૩ તા. ૨૫-૮-૮૯ તથા આપનો નં. ૨૮૬ તા. ૮-૯-૮૯ નો ખુલાસો આવ્યો તે સંબંધે લખવાનું જે દસ્તાવેજની નકલ વાંચી જોતાં એને સ્ટાંપ તથા નોંધણીની લાગત નીચે પ્રમાણે લેવી જોઇએ:—

દસ્તાવેજમાં નફાના વરસના રૂપીઆ ૧૫ પ્રમાણે દશ વરસ સુધી આપવાની રકમ ૧૫૦ ઉપર સ્ટાંપ તથા નોંધણીની લાગત લેવી જોઇતી હતી. દસ્તાવેજમાં જે સરકારીવીઘોટીનો આકાર વરસોવરસ ગણોતે જમીનરાખનારે સરકારમાં ભરવા વિષે ઠરાવ છે તેના માટે સ્ટાંપ તથા નોંધણીલાગત લેવી જોઈએ કે નહીં એ વિષે વિચાર કરતાં એ રકમ ભરવાની મુળ જવાબદારી ગણોતે જમીન આપનાર ઉપર છે તે તેણે ગણોતે રાખનાર ઉપર નાખી તેની પાસેથી તે રકમ ભરવા બાબત દસ્તાવેજમાં ઠરાવ કરી લીધો છે. તેથી એ ઠરાવના સંબંધે પણ સ્ટાંપ તથા નોંધણીની લાગત લેવી જોઇએ એમ દેખાયછે. એ રકમ કેટલી ભરવી એ વિષે ઠરાવ દસ્તાવેજમાં નથી તેથી આ મોઘમ કરારછે એમ સમજી રૂ. ૦-૮-૦ નો સ્ટાંપ તથા નોંધણીની લાગત પરિશિષ્ટની રકમ ૭ પ્રમાણે લેવી જોઇતી હતી. એ દસ્તાવેજમાં જે બાકી મજકુર લખ્યોછે તે વિષે કંઈ લેવાનું નથી. * * તા. ૧૯-૧૦-૮૯."

(સહી) **બ. સ. ગાડગીળ,**

જજ્ય. વ. કો. નો. ખા. મુ. આ.

---

* દી. સ્ટાં. પુ. ૨. નંબર ૧૩૮ સન ૧૮૯૦-૯૧. આ ઠરાવ આજ્ઞાપત્રિકા ભાગ ૨. માં તા. ૬-૯-૯૧ ના રોજ પૃષ્ઠ ૧૪૨-૧૪૩ ઉપર પ્રસિદ્ધ થયેલો છે.

ગીરોરાખેલી મિલકત ત્રીજા શખસને ત્યાંહાં પ્રથમ સાનમાં હોવાથી તે ત્રીજા સખસને દર વરસે રૂ. ૨૦ ગીરોરાખનારે વ્યાજના પેટે આપવા એવી સરત કરી દસ્તાવેજ કરીઆપનારે ભોગ્યગીરોના ઠરાવથી મિલકત ગીરો આપી હતી. ઠરાવ થયો કે,—ત્રીજા સખસને દર વરસે રૂ. ૨૦ વ્યાજના પેટે આપવાની જવાબદારીની સરત જે ગીરોખતમાં છે તે સ્વતંત્રકરાર થતો નથી. પરંતુ એ સરત ગીરોના વેહેવારના પાયારૂપે હોવાથી તે અંગભૂત માનવી જોઇએ, અને તે સ્ટાંપ નિબંધ પ્રમાણે લાગત પાત્ર નથી.

હકીકત.

આ કામ રા. ચોરંદામાહાલના નોંધણીકામદારે જાવક નંબર ૨૨૨ તા. ૩૦-૫-૯૧ ના રોજના રીપોર્ટથી મે. રા. બા. વડોદરાપ્રાંતના નોંધણીસરકામદાર સાહેબ મારફત મોકલેલું તે તેમના શેરા જાવક નંબર ૧૭૪૦ તા. ૫-૬-૯૧ થી આ-કોર્ટ તરફ સ્ટાંપ નિબંધ સંબંધે નોંધણીખાતાના માટે થયેલા નિયમની કલમ ૧૧ રકમ (ક) પ્રમાણે નિર્ણય થવા માટે આવ્યું છે.

ઉપર લખેલા દસ્તાવેજ કરીઆપનારે સં. ૧૯૪૭ ના વૈશાખ વદિ ૬, તા. ૨૯-૫-૯૧, ના રોજ દસ્તાવેજ કરીઆપ્યો છે. તેનો મુદ્દાનો મજકુર નિચે પ્રમાણે છે:—

"જત રૂપીઆ ૯૧૦ અંકે રૂપીઆ નવસો ને દશ રોકડા બાબાશાઇ શીક્કાના સરકારચલણી લીધા છે તે દેવા છે. * *. એ રૂપીઆને પેટે હમારા જીવારાની જમીન મોજે મીયાગામની શીમની કુંભા ૫-૦-૦ નામે વાડીયું કરજાણ-વગા તરફનું તમોને ઉપરના રૂપીઆપેટે ગીરો લખીઆપ્યું છે. તેના ખુટ * *.

એ રીતે ચાર ખુટ વચલી જમીન ઉપર લખેલા રૂપીઆને પેટે કબજા સાથે ગીરો લખીઆપી છે. તેથી રૂપીઆનું વ્યાજ નહીં ને ભોમની દાણ નહીં, અને આપ્યે રૂપીએ ભોમ છુટે. આ જમીન નકરી બીનસલામી આપા છે. એ જમીન તથા હમારી બીજી કેટલીક જમીન મીયાગામના ભગવાન પરસોતમ તથા વડો-દરાના પરી. હીમતલાલ શીવલાલને ઘર સં. ૧૯૪૬ ના આષાડ માસમાં રૂ. ૮,૦૩૭ નું સાનગીરોખત લખી આપ્યું છે તેમાં સાનગીરો લખીઆપી છે, તેથી તેના ઉપર લ-ખેલા રૂપીઆનો વધારે ચડાવો કરી તમારા રૂપીયા લીધા છે, ને એ ઉપર આવેલા બે સાવકારો ને ત્યાંહાં એ જમીનના વરાડે વ્યાજના દરસાલ રૂપીઆ ૨૦ ભરવાના આવે છે તે તમો ભરીલેજો. હવે પછી એ ખેતરને હરહરકત થાય તો તમારા રૂપીઆ વ્યાજ સાથે હમો હમારી બીજી મિલકતથી તથા વાલી વારસોથી પુરા કરીઆપીએ * *."

સહી. સાખ.

* * * *

રા. ચોરંદા નોંધણીકામદાર પોતાના રીપોર્ટમાં લખેછે કે, "સદર રૂપીઆ ૨૦

એ કોઇ પણ પ્રકારનો જૂદો કરાર થઇ તેને સ્ટાંપ જોઇએ કે નહીં ? એ બદલ સંશય આવ્યાથી નવીન સ્ટાંપખાતા સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ રકમ (ક) પ્રમાણે આ દસ્તાવેજ સંબંધે નિર્ણય થવા માટે મોકલ્યો છે. મારો અભિપ્રાય છે કે, આ દસ્તાવેજનું સ્વરૂપ સાનગીરો મિલકત ઉપર જાસ્તી કર્જરકાઢયાનો આ દસ્તાવેજ છે, તેથી પરિશિષ્ટની રકમ ૧૧ પ્રમાણે એનું સ્વરૂપ માની રૂપીઆ ૮૧૦ ઉપર રૂપીયા ૫-૦-૦નો સ્ટાંપ લીધોછે. રૂપીઆ ૨૦ લખીલેનારે સાનગીરો રાખનારનો હકક પોતાના માથે ભરવાનો રાખેલો છે. આ કરાર જૂદો થાયછે એવો મારો અભિપ્રાય નથી, તેથી જૂદો સ્ટાંપ જોઇએ એમ મને લાગતું નથી. તો એ બાબતનો વિચાર થઇ યોગ્ય તે ખુલાસો થવાની મેહેરબાની થશે." તે લાગત મે. વડોદરાપ્રાંતના નોંધણીસરકામદારસાહેબનું લખાણ છે કે, અમારો અભિપ્રાય છે કે, સ્ટાંપનિબંધના પરિશિષ્ટ ૧ ની રકમ ૧૧ માં, તેમાંની શબ્દ રચના ઉપરથી, આ દસ્તાવેજનો સમાવેશ થતો નથી એમ અમને લાગેછે. હવે ગીરોખત તથા એ રકમ પ્રમાણેનો માનવામાં આવે તોપણ સ્ટાંપલાગત તો સરખીજ છે. એટલે હાલ લગાવેલો સ્ટાંપ બરોબર છે. તેમ રૂપીઆ ૨૦ સાનગાળાને આપવાનો હકક પોતાને માથે રાખેલોછે તે જૂદો કરાર થતો નથી. એ બદલના નોંધણીકામદારના અભિપ્રાયને મળતો અમારો અભિપ્રાય છે.

ઠરાવ.

હાલના ગીરોલેખમાં, ગીરોમુકેલી મિલકત ઉપર વારષીક અમુક રકમ વ્યાજને પેટે ત્રીજા સખસને ભરવાનો બોજો છતાં તે રકમ ગીરોરાખનારે ભરવાનું માથે રાખ્યાનો કરાર છે. તે વિશેષ કરાર સમજવો કે અંગભૂત કરાર માનવો એવો આ પ્રકરણમાં સવાલ છે. તારણમાં મુકેલી મિલકત બોજાવાળી હોય અને તે કારણથી તે બોજાની રકમ ગીરોરાખનારને ભરવાની રાખી હોય તો તે સરત ગીરોના વ્યવહારના પાયારૂપ હોવાથી અંગભૂત માનવાની છે, તેને જૂદો સ્વતંત્ર કરાર ગણી શકાય નહીં. માટે હાલના લેખમાં ત્રીજા શખસને વ્યાજની અમુક રકમ આપવાની જવાબદારી ગીરો રાખનારે પોતાને માથે રાખ્યા બદલનો કરાર પણ અંગભૂત કરારજ માનવાનો છે એમ અમે ઠરાવીએ છીએ.

———

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ શમ્સુદ્દિન તૈયબજી, જજ્ય, એઓસાહેબની રૂબરૂ *

ફેસલ તા. ૨૩-૬-૯૧.

પા. દરૂભાઇ નાથા રેહેવાશી કારવણ દસ્તાવેજ લખીલેનાર.

પા. ગરબડ દેવજી રેહેવાશી બંબોજ તાબે ડભોઇ, દસ્તાવેજ લખીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલોછે).

ગીરોરાખનાર કબજો ન છોડે તે બાબત કરેલો કરાર—અંગભૂતકરાર—સ્ટાંપ લાગતની માફી.

ગીરોખતમાં કરાર કરેલો હતો કે, મુદ્દલ રૂપીઆ આપ્યા છતાં લખીલેનાર કબજો ન છોડે તો લખીઆપનારે કોરટ મારફતે ઇલાજ લેઈ કબજો મેળવતાં જે ખરચ થાય તે વ્યાજસહ લેવો. ઠરાવ થયો કે, -એ કરાર ગીરોવ્યવહારનો અંગભૂત કરાર છે, અને તે કાયદા પ્રમાણે સ્ટાંપની લાગતને પાત્ર નથી.

હકીકત.

ડભોઇના આજમ નોંધણીકામદારનો રીપોર્ટ નંબર ૨૯૬ તા. ૨૮—૫—૯૧ નો વડોદરામાંતના નોંધણીસર કામદાર સાહેબ તરફ તેમાં અભિપ્રાય ન હોવાથી તેઓએ પરત મોકલેલો. અભિપ્રાય લખાઇ આવ્યાથી તેઓ સાહેબે છેવટ પોતાના નંબર ૧૭૬૨ તા, ૯—૬—૯૧ ના શેરાથી આ. તરફ મોકલ્યાથી આ પ્રકરણ નીકળ્યુંછે.

એ લખાણ સાથે સદર પક્ષકાર દરમ્યાન સં. ૧૯૪૭ ના વૈશાખ સુદિ ૪ નો થયેલા લેખની નકલ આવી. તેનો મુદ્દાનો મજકુર નીચે મુજબ છે:—

“જત રૂ. ૭૯૫ અંકે રૂપીઆ સાતસેં ને પચાણું રોકડા બાબાશાઇ લેઇને અમારા ખાતાની મોજે કારવણ ગામના સરકારીખાતા પૈકી * * કીત્તે ગહુંનો અંબો જમીન વિંધા ૨—૭ આકાર રૂપીઆ ૧૨—૮—૦ તથા * * વિંધા ૧—૧૬ આકાર રૂપીઆ ૯—૮—૦ તથા * * વિંધા ૩-૩ આકાર રૂપીઆ ૧૭ તથા * * વિધાં ૪—૮ આકાર રૂ. ૨૩ તથા * * વિધાં ૨-૬ આકાર રૂ. ૧૧—૮—૦ એ રીતે કુલ જમીન વિધાં ૧૩-૧૫ આકાર રૂપીઆ ૭૧-૮-૦ ના કીત્તા નંગ ૫ તમોને ઉપર લખ્યા રૂપીઆ પેટે ગીરો આપીછે. તો એ જમીનની સરકારદાણ તમારા માથે છે, ને એ રૂપીઆનું

* ડી. સ્ટાં. ખુ. ર. નંબર ૧૩૯ સન ૧૮૯૦-૯૧.

વ્યાજ નહીં એ જમીનની અવધ વર્ષ છ નીકરી છે. તે અવધ બાદ જ્યારે રૂપીઆ આપું ત્યારે આ જમીન બીન તકરારે છોડી દજો. (અદબદ)વાવેતરહશે તો અવધ બાદ રૂપીઆ લઇ જમીનનો કબજો છોડજો. આ જમીનમાં કોઇ પ્રકારની તકરાર લઇ જમીનમાં ટાંચ વિગેરે ઉઠાવી તમે કોઇં હરકત કરે તો તે બદલ તમારે કોર્ટમાં જે ખરચ થશે તે છેવટ જમીન છોડવા માટે આવું ત્યારે વ્યાજ સાથે રૂપીઆ આપું ત્યારે જમીનનો કબજો છોડજો. કદાપિ આ ખતના તમારા મુદલ રૂપીઆ આપ્યા છતાં જમીનનો કબજો તમો નહીં છોડો ને તે બદલ કોરટ મારફત કબજો છોડાવતાં જે ખરચં થશે તે છેવટ હુકમ બજાવણી થતાં સુધી વ્યાજ સાથે રૂપીઆ તમારી પાસેથી લેઇશું. આ જમીન કોઇની હરકતથી તમારા કબજેથી જશે તો જમીનનો કબજો છુટયા મુદતથી છેવટ રૂપીઆ વ્યાજ રામ બાર પ્રમાણે વસુલ થતાં સુધી આપીશું. આ દસ્તાવેજ રજીસ્ટર કરાવી આપીશું. * * *."

અત્રે. મતુ. અત્રે. સાખ.

* * * * * *

આજમ નોંધણીકામદાર પોતાના રીપોર્ટમાં એવો ખુલાસો પુછે છે કે, લેખમાં "કદાપિ આખતના તમારા મુદલ રૂપીઆ આપ્યા છતાં જમીનનો કબજો તમો નહીં છોડો તો તે બદલ કોરટ મારફત કબજો છોડાવતાં જે ખરચ થશે તે છેવટ હુકમ બજાવણી થતાં સુધી વ્યાજ સાથે રૂપીઆ તમારી પાસે લેઇશું," એ મુજબ મજકુર છે, તે મજકુર સ્વતંત્ર કરાર માનવો કે કેમ? અને એ સંબંધે અભિપ્રાય એવો આપેછે કે, વ્યાજસાથે રૂપીઆ લેવાનો કરાર વિશેષકરાર ગણવો જોઇએ, કેમકે નિબંધની કલમ ૨૦ મુજબ લેખની રકમ ઉપર વ્યાજલેવાનો કરાર હોય તો તેવા વ્યાજના કરારને સ્ટાંપ જોઇએ નહીં. પણ પછીથી થવાના ખરચ ઉપર વ્યાજ લેવાનો કરાર છે માટે એ કરાર બાબત રૂ. ૦-૮-૦ નો લેવા વિગેરે. મે. નોંધણીસરકામદાર સાહેબ એ કરાર અંગભૂત છે એમ અભિપ્રાય દરશાવી સ્ટાંપ સંબંધે નોંધણીખાતાના નિયમની કલમ ૧૧ મુજબ પ્રકરણ આ તરફ મોકલ્યું છે :

ઠરાવ.

મુદ્દલ રૂપીઆ આપ્યા છતાં લખીલેનાર કબજો ન છોડેતો લખીઆપનારે કોરટ મારફતે ઇલાજ લેઇ કબજો મેળવતાં ખરચ થાય તે વ્યાજસહ લેવા બદલ હાલના લેખમાંનો કરાર ગીરો વ્યવહારનો અંગભૂત કરાર છે.

કબજો પાછો મેળવવા કોરટ મારફત ઇલાજ લેવાનો કરાર લેખમાં ન દરશાવ્યો હોત તો પણ તેટલા કાયદાની કાયદા પ્રમાણે કોર્ટ મારફતે ખરચસહ કબજો મેળવવાનો

લખીઆપનારનો હક્ક બંધ થતો નથી, એટલે તેવો બ્લાજ લેવાની બોલી લેખમ સ્પષ્ટપણે દરશાવવાથી તે કરારનું આવો લેખને સંબંધે અંગભૂતપણું કમી થતું નથી, અને તેમાં વ્યાજની જે બોલી છે તેને સ્ટાંપનિબંધની કલમ ૨૦ નો નિયમ ઓછો લાગુ છે એમ સમજવાનું નથી.

આ વ્યાજની સરત ફક્ત પોતાને નુકશાનમાંથી બચાવવાને લારૂં નુકશાની ભરી આપવા બદલની કલમ (Penalty clause)તરીકે છે. એવી નુકશાની ભરી આપવાની સરત સ્વતંત્ર કરાર થતો નથી. (જુઓ કરાર આકટ કલમ ૭૩-૭૪). આવી સરતનો કલમનો હેતુ એમ સમજાય છે કે, એવી રીતે લેખ કરીઆપનાર ખાત્રી કરી આપે તોજ મુળ વ્યવહારના રૂપીઆ ધીરવામાં આવે, માટે તે સરત અંગભૂતકરાર છે એમ અમે ઠરાવીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ શમ્સુદિન તૈયબજી, જજ્ય, એઓસાહેબની રૂબરૂ *.

ફેસલ તા. ૨૪-૬-૯૧.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણી ખાતામાટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણેખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

ગીરોવિગેરે હક્ક કાયમ રાખી કોરટે આપેલા દાખલા (કબાલાખતને) સ્ટાંપની લાગતનિબંધની કલમ ૨૧ નો અપવાદ—પરિશિષ્ટ ૧, રકમ ૧૬.

ગીરો વિગેરે હક્કનો બોજો મિલકત ઉપર કોરટે કાયમ રાખીને તે મિલકત કોરટ મારફત જાહેર લીલામાં વેચવામાં આવી હોય ત્યારે એવી રીતે ખરીદ કરેલી મિલકતના વેચાણ ખતના દાખલાને (કબાલાખતને)સ્ટાંપની લાગત લગાડવાની તે ખરીદીનો આંકડો કોરટે જે મંજુર કર્યો હોય તે ઉપર માત્ર ગણી, પરિશિષ્ટ ૧, રકમ ૧૬ પ્રમાણે, લગાડવાની છે.એવા પ્રસંગે કલમ ૨૧ના નીચે આપેલો અપવાદ લાગુ થાય છે. માટે ગીરો વિગેરે હક્કના બોજાની રકમ ખરીદીની રકમમાં ઉમેરી તે ઉપર લાગત ગણવાની નથી.

હકીકત.

નવસારીના આજમ મુનસફે પોતાની કોરટમાંથી વિકીનાદાખલા મજકુરના આજમ નોંધણીકામદાર તરફ નં. ૧૧૪૩ તા. ૪-૧૨-૯૦ સાથે મોકલેલા તેમાંથી દરખાસ્ત નંબર ૮૮૧ સન ૧૮૮૮—૮૯, તથા નંબર ૯૦૫ સન ૧૮૮૮-૮૯, તથા

---

*દી. સ્ટાં. ખુ. ર. નં. ૮૧ સન ૧૮૯૦-૯૧.

નંબર ૨૭૩ સન ૧૮૮૯—૯૦ એરીતે ત્રણ કામમાં લીલામમાં ખરીદદારને ખરીદીના દાખલા આપેલા તે પૈકી નંબર ૮૮૧, તથા નંબર ૯૦૫ ની દરખાસ્તમાં આપેલા દાખલામાં માત્ર વિક્રીની રકમ ઉપર લાગત ગણી સ્ટાંપ લગાડેલો છે, તેમાં ગીરોહક્કના બોજાની રકમ ઉપર લાગત ગણી નથી અને નંબર,૨૭૩ સન ૧૮૮૯—૯૦ ના દરખાસ્તના કામમાં આપેલા દાખલામાં બોજાસહ વિક્રીની રકમ ઉપર લાગત લીધેલી છે, એટલે, કમી લાગત પુરી કરવાની તજવીજ થઇ નોંધવા સારૂ મોકલતા એ દાખલાસહ પ્રકરણ પરત મોકલ્યું છે. તે ઉપરથી આજમ મુનસફે નંબર ૧૩૧૨ તા. ૨૬—૧૨—૯૦ નો જવાબ મોકલ્યો તેમાં એવી રીતે ગીરોહક્કની તથા ખરીદીની રકમ ઉપર સ્ટાંપ લેવા સરક્યુલર થયો હશે તો જણાવવા લખ્યું. તે ઉપરથી નોંધણીકામદારે નોંધણીસરકામદારસાહેબ તરફ નંબર ૧૧૭ તા. ૨૯—૨—૯૦ ના શેરો પ્રકરણ લગત લખ્યો કે, ગીરોહક્ક કાયમ રાખી હરાજ કરેલા કબાલાને ગીરો હક્ક સુધાંતની રકમ ઉપર સ્ટાંપ લેવો જોઇએ એમ રાવસાહેબ નોંધણી તપાસણીકામદારે તેમને જણાવેલુ, પણ તેમ કરવા કંઇ લેખી ખુલાસો આવેલો નથી. તો એવી બાબતમાં સ્ટાંપ શીરીતે લેવો તેનો ખુલાસો થશે વિગેરે. તે લગત મે. નોંધણીસરકામદારસાહેબ મારફત શેરો નંબર ૫૭૧ તા. ૧૪—૧—૯૧ નો લખ્યો તેમાં તેઓ સાહેબે કઇ કલમ પ્રમાણે ખુલાસો પુછ્યો છે તે જણાવ્યું નથી, તેમ કંઇ પોતાનો અભિપ્રાય પણ જણાવેલો નથી. રાવસાહેબ તપાસણીકામદારે પ્રકરણ આ કોરટના નોંધણીખાતા તરફ આગળ મોકલતાં તેમની યાદી નંબર ૨૫૩ તા. ૨૪—૧૨—૯૦ નો હવાલો આપેલો છે. છેવટ પ્રકરણ આ કોરટના નોંધણીખાતાના શેરા નંબર ૧૩૩ તા. ૧૯—૧—૯૧ થી આ તરફ આવ્યુંછે.

ઠરાવ.

કોરટની હરાજીમાં હરાજ કરેલી મિલકત ઉપરનો ગીરો વિગેરેનો બોજો કાયમ રાખી હરાજી કરવામાં આવી હોય તે પ્રસંગે ખરીદદારને કોરટ તરફથી ખરીદીનો દાખલો આપવામાં આવે, તે દાખલાને સ્ટાંપ લગાડવાનો તે, ગીરોહક્ક જે કાયમ રાખવામાં આવે તેની રકમ તથા ખરીદીની રકમ એ બે મળી એકંદર રકમ થાય તે ઉપર સ્ટાંપનિબંધના પરિશિષ્ટ ૧, રકમ ૧૬ પ્રમાણે લાગત લેવી, કે ફક્ત જે રકમે હરાજીમાં ખરીદ કરવામાં આવી તે રકમ ઉપરજ લાગત લેવી, એ સવાલનો આ પ્રકરણમાં નિર્ણય કરવાનો છે.

સ્ટાંપનિબંધ પરિશિષ્ટ ૧, રકમ ૧૬ માં આવા દાખલા માટે સ્ટાંપ લાગત લેવા બદલ ઠરાવ દેખાડ્યો છે કે, " જાહેર લીલામમાં જે ખરીદીનો આંકડો મંજૂર થયો હોય તે ખરીદીના આંકડા ઉપર વેચાણખત પ્રમાણે (નંબર ૨૯)." એ-

ટલે, આ રકમમાં માત્ર મંજૂર થયેલા ખરીદીના આંકડા ઉપર લાગત લેવા ફરમાન છે. ને તે ઉપરાંત સ્ટાંપ નિબંધની કલમ ૨૧ માં નામ ઉપરથી કરી આપેલી મિલકતના મોબદલામાં કરજ હોય ત્યારે લાગત કેવી રીતે લેવી એ બદલના જે નિયમ બતાવ્યાછે તે નિયમ એજ કલમમાં છેવટ ભાગમાં ઉમેરેલા આપવાદથી આવા કોરટ મારફત જાહેર લીલામમાં ખરીદ કરેલી મિલકતના વેચાણના દાખલાને લાગુ પડયા નથી એમ સ્પષ્ટ રીતે ઠરાવેલું છે.

સબબ આવી રીતે કોરટ મારફત જાહેરલીલામમાં ખરીદ કરેલી મિલકતના વેચાણની દાખલાને જે સ્ટાંપની લાગત લગાડવાની તે ખરીદીનો જે આંકડો કોરટે મંજૂર કર્યો હોય તે ઉપર માત્ર ગણી લગાડવાની છે. તે મિલકત બોજા વાળી હોય તોપણ તે બોજાની રકમ ખરીદીની રકમમાં ઉમેરી તે એકંદર રકમ ઉપર લાગત ગણવાની નથી, એમ અમે ઠરાવીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, એઓસાહેબની રૂબરૂ*.

ફેસલ તા. ૨૪-૬-૯૧.

અનાવળા ગુલાબ ડાહ્યા રેહેવાશી પરથાણ તાબે નવસારી.	દીવાની કોરટથી વિક્રીનો દાખલો મેળવનાર

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

ગીરો વિગેરે હક્ક કાયમ રાખી કોરટે આપેલા (કબાલાખત)ને સ્ટાંપની લાગત—નિબંધની કલમ ૨૧ ના નીચેનો અપવાદ-પરિશિષ્ટ ૧, રકમ ૧૬—બ્રીટિશ સ્ટાંપઆકટની કલમ ૨૪ તથા તે સંબંધે ત્યાંહાંના હાઈકોરટોના ફેસલા ન લાગુ થવા વિષે.

ગીરો વિગેરે હક્કનો બોજો મિલકત ઉપર કોરટે કાયમ રાખી તે મિલકત કોરટ મારફત જાહેરલીલામમાં વેચવામાં આવી હોય ત્યારે ખરીદ કરેલી મિલકતના વેચાણના દાખલાને (કબાલાખતને) સ્ટાંપની લાગત લગાડવાની તે ખરીદીનો આંકડો કોરટે જે મંજૂર કર્યો હોય તે ઉપર માત્ર ગણી, પરિશિષ્ટ ૧, રકમ ૧૬ પ્રમાણે, લગાડવાની છે. એવા પ્રસંગે કલમ ૨૧-ના નિચે આપેલો અપવાદ લાગુ થાય છે. માટે ગીરો વિગેરે હક્કના બોજાની રકમ ખરીદીની રકમમાં ઉમેરી તે ઉપર લાગત ગણવાની નથી.

બ્રીટિશ હાઈકોરટોના ફેસલા (ઇ. લા. રી. ૫. મુંબઇ પૃષ્ટ ૪૭૦, તથા ૫. મદ્રાસ પૃષ્ઠ ૧૯)

---

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૧૩૦ સન ૧૮૯૦-૯૧. આ ઠરાવ આજ્ઞાપત્રિકા, ભાગ ૨ માં વા. ૯-૭-૯૧ ના રોજ પૃષ્ટ ૯૩-૯૪ ઉપર પ્રસિદ્ધ થયો છે.

આ રાજ્યમાં હાલનાં પ્રશ્ન સંબંધે વિચારમાં લેતાં તે લાગુ થઈ શકે તેમ નથી, કેમકે સ્ટાંપનિબંધની કલમ ૨૧ માં છેવટે જે અપવાદ દાખલ કરેલો છે તેવો અપવાદ બ્રીટિશસ્ટાંપ આકટની કલમ ૨૪ માં કરેલો નથી.

હકીકત.

આજમ નવસારી મુનસફે એમની કોરટની દરખાસ્ત નંબર ૪૬૧ સન ૧૮૮૮-૮૯ ના કામમાં હરાજીમાં ખરીદકરનારને ખરીદીનો દાખલો આપેલો તે નોંધી રાખવા સારૂ નવસારીના આજમ નોંધણીકામદાર તરફ એવા બીજા કામના દાખલા સાથે મોકલેલો, તેમાં આ દાખલામાં જે રકમનો ગીરોહકકનો બોજો રાખી લીલામ કરવામાં આવેલું તે ગીરોની રકમ ઉપર પણ સ્ટાંપ ન લીધેલો છતાં માત્ર વિક્રીની રકમ પુરતો સ્ટાંપ દાખલા ઉપર લગાડેલો છતાં તે અપુરતો છે ગણી પુરો કરી મોકલવા પરત જવાબ નંબર ૧૯૪ તા. ૨૫-૪-૯૧ નો લખ્યો. તે ઉપરથી આજમ મુનસફે નંબર ૨૫૮૭ તા. ૨-૫-૯૧ થી એ સંબંધે કંઈ સરકયુલર હોય તો મોકલવા આજમ નોંધણીકામદારને લખતાં તેઓએ મે. નોંધણી સરકામદારના નં. ૧૨૭ તા. ૭-૫-૯૧ થી ખુલાસો પુછયો. તેમણે નંબર ૨૯૯૧ તા. ૧૩-૫-૯૧ થી કેટલીક હકીકત આજમ મુનસફ તરફથી મંગાવી તે આજમ મુનસફે નં. ૨૮૬૮ તા. ૨૨-૫-૯૧ થી મોકલી તે ઉપરથી મે. નોંધણી સરકામદાર સાહેબે આ કોરટનો ખુલાસો પુછવા નં. ૯૯૬ તા. ૩૦-૫-૯૧ નો શેરો મોકલ્યાથી આ પ્રકરણ ઉત્પન્ન થયું છે.

ઉપર જણાવેલો દાખલો મેળવનારને નવસારી મુનસફકોરટથી તા. ૨૦-૪-૯૧ ના રોજ ખરીદી સરટીફીકેટ મળ્યું છે. તેનો મુદ્દાનો મજકુર નિચે પ્રમાણે છે:—

"સદર વાદીએ તા. ૧૭-૮-૮૮ ને રોજ નવસારી મુનસફની કોરટમાં સદરહુ પ્રતીવાદીના ઉપર હુકમનામું મેળવ્યું તે અમલમાં લાવવા સારૂ સદરહુ પ્રતીવાદી ગોસાઈ દાજી રેહેવાશી વેરમાનાની નિચે લખેલી મિલકત જપ્ત કરી વેચવામું આવી છે.

મોજે પરથાણ ગામમાં પ્રતીવાદીની સ્થાવરમિલકત છે તે, * * *

એ રીતે મિલકત ઉપર શા. હરચંદ ભાણા રેહેવાશી ડાભેલનાનો રૂ. ૬૦૬-૫-૩ ના ચહડત વ્યાજ સાથેનો ગીરોહક્ક કાયમ રાખી લીલામ થયુંછે.

માટે આ સરટીફીકેટ આપવામાં આવે છે કે, નવસારી મુનફકોરટના હુકમ ઉપરથી મોજે પરથાણ ગામમાં તારીખ ૨૨-૧-૯૧ ને રોજ લીલામ થયું તેમાં ગુલાબ ડાહ્યા × × એ રૂપીઆ ૨૫૪ ની રકમ જે તેણે સદરહુ કોરટમાં બરોબર રીતે ભરીછે તે રકમથી સદરહુ મિલકતમાંનો સદરહુ પ્રતીવાદી * * નો સર્વ દાવો, તથા હક્ક, તથા હીસ્સો, વેચાતો લીધો છે. તા. ૨૦-૪-૯૧."

(સહી) મુનસફની.

મે. નોંધણી સરકામદારસાહેબ પોતાના અભિપ્રાયમાં ઈં. લા. રી. ૫ મુંબઈ પૃષ્ઠ ૪૭૦, તથા ઈં. લા. રી. ૫ મદ્રાસ ૧૯, ના બે ઠરાવ ટાંકી એ બે ઠરાવોમાં મત્તભેદ હોવાનું જણાવી પોતે

એવો અભિપ્રાય જણાવે છે કે, જો ખરીદદાર બોજાની રકમ પતાવવાની જવાબદારી સ્પષ્ટ રીતે માથે રાખી ખરીદ કરે તો ખરીદીની રકમ તથા બોજાની રકમ મળી એકંદર રકમ ઉપર સ્ટાંપની લાગત લેવી, અને પણ તેવી જવાબદારી સ્પષ્ટપણે રાખ્યા શિવાય ખરીદી કરી હોય તો ખરીદીની માત્ર રકમ ઉપર લાગત લેવી વિગેરે. કઇ કલમ પ્રમાણે આ ખુલાસો પુછેલો છે તે, મે. નોંધણી સરકામદારસાહેબે જણાવેલું નથી. અને સરટીફીકેટને સ્ટાંપ રૂ. ૬ નો લગાડેલો છે.

ઠરાવ.

જાહેર લીલામમાં કોરટ મારફતે ખરીદ કરેલી મિલકતના કોરટના વેચાણના દાખલાને માત્ર ખરીદીના મંજૂર થયેલા આંકડા ઉપર સ્ટાંપલાગત ગણી સ્ટાંપ લગાડવાનો છે, એવું આજ રોજ સ્ટાંપ ખુલાસા નં. ૮૧ સન ૧૮૯૦–૯૧ ના પ્રકરણમાં ઠરાવેલું છે. તે મુજબ હાલના પ્રકરણ વાળા દાખલાને જે વિક્રીની મંજૂર થયેલી રકમ ઉપર લાગત ગણી સ્ટાંપ લગાડેલો છે તે બરોબર છે.

નોંધણી સરકામદાર સાહેબે બ્રીટિશ હાઇકોરટના ફેસલા (ઈં. લા. રી. ૫ મુંબઇ પૃ. ૪૭૦ તથા ઈં. લા. રી. ૫ મદ્રાસ ૧૯) બતાવ્યા છે તે આ રાજ્યમાં લાગુ થઇ શકે તેમ નથી. કેમકે આ રાજ્યના સ્ટાંપનિબંધની કલમ ૨૧ માં જે અપવાદ છેવટના ભાગમાં દાખલ કરેલો છે તેવો અપવાદ બ્રીટિશ સ્ટાંપઆક્ટની સદરહુ અહીંની કલમની સામ્યતાવાળી કલમ ૨૪ છે તેમાં દાખલ કરેલો નથી.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, એઓસાહેબની રૂબરૂ. *

ફેસલ તા. ૨૭-૬-૯૧.

ગાગુારીણ કૃષ્ણા મુધોળકરી રેહેવાશી વડોદરા. દસ્તાવેજ કરીલેનાર.

ગાગુારીણ બસંતી મુધોળકરી રેહેવાશી મજકુર. દસ્તાવેજ લખીઆપનાર.

(સુબાસાહેબ તરફથી ખુલાસો મળવા માટે આવેલું લખાણ).†

ખત—અપૂર્ણ કિંમતનો સ્ટાંપ.

ગાણું વિગેરે ગુણ ભણાવ્યા તે બાબત થયેલા ખરચની રકમ પાછી આપવાના સંબંધે વાયદો કરી દસ્તાવેજ કરીઆપનારે સહી સાક્ષી સાથે દસ્તાવેજ આપેલો હતો. ઠરાવ થયો કે, આ દસ્તાવેજ

---

* ડી. સ્ટાં. ખુ. ર. નંબર ૪૦ સન ૧૮૯૦–૯૧.

† ટીપ—આ પ્રકરણ સંબંધે મે. સુબાસાહેબનું લખાણ વરીષ્ટકોરટમાં જે આવ્યું તેમાં લખ્યું છે કે બીજું પ્રકરણ મે. મહાલાનિડાય સરસુબા સાહેબનું લખાણ નંબર ૫૭૩ તા.૨૪–૯–૯૦

ઉઘડ રીતે ખત છે, તથા તે દસ્તાવેજ અપૂર્ણ કિંમતના સ્ટાંપ ઉપર હોવાથી ખુટતી સ્ટાંપલાગતની રકમ કાયદા પ્રમાણે સુબાએ પુરી કરી લેવી.

હકીકત.

આ પ્રકરણ એવી રીતે ઉત્પન્ન થયું છે કે, સદરના લખીલેનારે હાલના પ્રકરણવાળો લેખ મુળ રૂ. ૦-૮-૦ ના સ્ટાંપ કાગળ ઉપર લખાવી લીધેલો તે અપુરતા સ્ટાંપ ઉપર છે એમ લાગવાથી વડોદરા હુજૂર સ્ટાંપકામદાર તરફ કમી સ્ટાંપ પુરો કરી આપવા. રજુ કર્યો. તેમણે તે અટકાવી વડોદરાપ્રાંતના સુબાસાહેબતરફ મોકલ્યો, તેઓસાહેબે છેવટ નં. ૭૩૯ તા. ૨૯-૧૦-૯૦ ના શેરાથી આ તરફ મોકલ્યો તેથી ઉત્પન્ન થયું છે.

ઉપરના પક્ષકાર દરમ્યાન તા. ૧૯-૫-૯૦ (ના) રોજ દસ્તાવેજ થયેલો અસલ ઉપરના લખાણ સાથે આવેલો છે તેનો મુદ્દાનો મજકુર નિચે મુજબ છે:—

"तुह्मीं मजला गाणें, नाच वगैरे गूण शिकाविला, त्या संबंधानें तुह्मीं आज पावेतों गवईवगैरे लोकांस दरमहा दिला त्याजबद्दल तुह्मांस रु. २००० दोन हजार झाला. हे रुपये आजपासून दोन वर्षांचे आंत मीं आपले हरएक जातमिळकतींतून देश परदेश बीन तकरार देईन. सदरहु दुस्तांएज कारणपरत्वें रजिस्टर करणें झाल्यास त्याजबद्दलचा खर्च कायद्याप्रमाणें होईल तो मीं देईन वगैरे. * *

सही. साक्षी.

* * * *

આજમ હજુર સ્ટાંપકામદારની યાદી નં. ૨૨૧ તા. ૨૩— —૯૧ ની સુબાસાહેબ તરફ આવ્યા લગત તેઓ સાહેબે મે. રા. બા. સરસુબાસાહેબ તરફ નં. ૧૨૦

નું નંબર ૪૮ તા. ૨૯-૧૦-૯૦ ના શેરાથી વરીષ્ઠકોરટમાં ખુલાસો મળવા મોકલવામાં આવ્યું છે તે સાથે રહી ખુલાસો થઈ આવવા પ્રકરણ મોકલ્યું છે. તેથી નિબંધની કલમ અહીં લખી નથી.

એ નંબર ૪૮ તા. ૨૯-૧૦-૯૦ના લખાણમાં ખુલાસો થવા માટે પ્રશ્ન એ હતો કે, નિબંધની કલમ ૩૦ પ્રમાણે લાગતની દશપટ દંડની રકમ લેવાની તે કોઈ દસ્તાવેજ માટે રૂ. ૫ પાંચ કરતાં ઓછીઆવતી હોય તોપણ દંડની રકમ રૂ. ૫ કરતાં કમી લેવાની નથી એવો જે નિયમ એ કલમમાં ઠરાવેલો છે તે નિયમ કલમ ૩૨ (બ્રીટિશ આક્ટની કલમ ૩૭) પ્રમાણે સુબાએ દંડની રકમ લેતી વખતે લાગુ કરવો, કિંવા કલમ ૩૨ માં ઠરાવછે તે પ્રમાણે લાગતના દશપટ દંડ જે થાય તેજ લેવો, એ પ્રશ્ન હતો. હાલના કામમાં એ પ્રશ્ન ઉત્પન્ન થતો નહોતો. કારણ દસ્તાવેજ રૂ. ૨૦૦૦ નો હોવાથી પરિશિષ્ટ ૧, રકમ ૮ પ્રમાણે રૂ. ૯ નો સ્ટાંપ જોઈતો હતો. તે ન છતાં રૂ. ૦-૮-૦ના સ્ટાંપ ઉપર દસ્તાવેજ થવાથી ખુટતી લાગત રૂ. ૮-૮-૦ તથા દશપટ દંડના રૂ. ૮૮ પડવાના હતા એટલે દંડની રકમ રૂ. ૫ કરતાં કમી થતી નહોતી. પુ. ભા.

તા. ૫-૯-૯૦ નો શેરો લખ્યો તેમાં પ્રથમ યાદીઓ નંબર ૧૯૭ તા. ૨૦-૫-૯૦ તથા ૧૯૮ તા. ૨૬-૫-૯૦ ની લખેલીનો જાવજે બતાવી તે લખાણોથી માગેલો ખુલાસો પણ આવવા લખ્યું. તેના જવાબમાં લગત નં. ૫૩૨ તા. ૨૪—૯—૯૦ નો જવાબ તેઓ તરફ મે. રા. બા. સરસુબાસાહેબે લખેલો કે, "હમે ખુલાસો આજ રોજ લખ્યો છે માટે આ સંબંધે નીકાલ કરવો" વિગેરે. તે લગત મે. સુબાસાહેબે નં. ૩૩૯ તા. ૨૯—૧૦—૯૦ નો શેરો આ તરફ મોકલ્યો છે. એ શેરામાં કઇ કલમ મુજબ આ પ્રકરણ મોકલ્યું છે તે કંઇ જણાવેલું નથી, એટલુંજ નહીં પણ શા ખુલાસા માટે મોકલ્યું છે, તે પણ સ્પષ્ટ રીતે જણાવેલું નથી. માટે પ્રકરણ આ કોરટના રજીષ્ટરમાં દાખલ કરીને સુબાસાહેબે પોતાના આ કોરટ તરફ છેવટ લખેલા શેરામાં જે નંબરના લખાણનો હવાલો આપ્યો હતો (તે)ચુક ભરેલો હોવાથી ખરો નંબર લખી જણાવવા સારૂ નં. ૪૨૯ તા. ૨૦—૧૧—૯૦ નો શેરો લખ્યો, તેના નંબર ૫૫૬ તા. ૩૦-૧૧-૯૦ વાળા શેરામાં તેઓએ આ તરફ નં. ૫૩૩ તા. ૨૪-૯-૯૦ નું લખાણ કરેલું તેનો હવાલો જણાવ્યો. તેથી એ નંબર ૫૩૩ તા. ૨૩—૯—૯૦ ના લખાણ લગત સુબાસાહેબે આ કોરટ તરફ નં. ૪૮ તા. ૨૯-૧૦-૯૦ નો શેરો મોકલેલો તે લગત આ કોરટે નં. ૩૭૯ તા. ૨૯—૧૦—૯૦ નો શેરો હુજુરમાં મોકલેલો હોવાથી એ નંબર ૩૭૯ નો હવાલો આપી આ પ્રકરણ પણ હુજુરમાં નં. ૫૫૨ તા. ૧૦-૧૨-૯૦નો શેરો લખી મોકલેલું. ત્યાંહાંથી તમામ બાકી પ્રકરણ આ કોરટ તરફ જેવા ને તેવા પાછા આવ્યા, તે ભેગુ આ પ્રકરણ તથા સુબાસાહેબનું નં. ૪૮ તા. ૨૯-૧૦-૯૦ વાળું પ્રકરણ, એ રીતે બેઉ પણ પરત આવ્યાં છે.

ઠરાવ.

હાલનો લેખ કમી કિંમતના સ્ટાંપ ઉપર થએલું રૂપીઆ ૨૦૦૦ નું ખત છે. (જુઓ સ્ટાંપનિબંધની કલમ ૩ રકમ ૩ ખ). તે પુરો સ્ટાંપ લગાડી આપવા સારૂ સ્ટાંપકામદાર તરફ રજુ થયેલું છતાં તે તા. ૧૯—૫-૯૦ ને રોજ થયેલું હોવાને લીધે નવીન સ્ટાંપનિબંધના અમલમાં આવવાથી તથા સ્ટાંપકામદારને પુરાવો લેવાનો અધિકાર ન હોવાથી સ્ટાંપ પુરો કરી લેવા સારૂ નિબંધની કલમ ૩૧ રકમ ૨ મુજબ સુબાસાહેબ તરફ મોકલવામાં આવ્યું છે. આ લેખના સ્વરૂપ સંબંધે કંઈ વિશેષ સવાલ ઉઠવા જેવું નથી. સબબ તેની ખુટતી લાગત પારેશિષ્ટ ૧ રકમ ૮ મુજબ કાયદા પ્રમાણે પુરી કરી લેવા સારૂ અસલ લેખ સુબાસાહેબ તરફ પરત મોકલવાનો અમે ઠરાવ કરીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા, ખા. બા. અબ્બાસ શમ્સુદીન તૈયબજી, જજ્ય, એઓસાહેબની રૂબરૂ *.

ફેસલ તા. ૨૮-૧-૯૧.

બાઇ અંબા તે ખંડુભાઇ ફકીરભાઇની વીધવા રેહેવાશી કોસમડા તાબે કામરેજ.	દસ્તાવેજ લખીલેનાર.
નાગરજી ફકીરભાઇ રેહેવાશી મજકુર.	દસ્તાવેજ લખીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતામાટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલોછે).

અન્નવસ્ત્ર આપવા વિષેનો લેખ—કરાર—ખતની વ્યાખ્યા—નિબંધની કલમ ૭ તથા ૨૨ રકમ ૨ -પરિશિષ્ટ ૧, રકમ ૮.

લખીઆપનાર ફ. એ પોતાની ભોજાઇને પોતાના ભેગા રહે ત્યાંહાં સુધી ખોરાકી પોશાકી આપવાની અને પોતાના ભેગા ન રેહે તો દરવર્ષે રૂ.૧૩ તેણીને આપવાની કબૂલાત લખી આપી હતી તથા તે ઉપર સાક્ષીઓ થઇ હતી. ઠરાવ થયો કે,—

આ કબૂલાતનો લેખ કરારના સ્વરૂપનો છે. પરંતુ જે અર્થે તેમાં દરવર્ષે રૂ. ૧૩ આપવાની જવાબદારી કરીઆપનાર ફ. એ માથે લીધી છે. તથા તે ઉપર સાક્ષીઓ થઈ છે. તે અર્થે તે ખતની વ્યાખ્યા, કલમ ૩, રકમ ૩ (ખ), માં આવે છે. માટે નિબંધની કલમ ૭ ધ્યારા ૨ અન્વયે આ લેખ, ખત, પરિશિષ્ટ ૧, રકમ ૮ પ્રમાણે સ્ટાંપની લાગતને પાત્ર છે.

લેખમાં દરવરસે રૂ. ૧૩ ની રકમ આપવાની લખી છે તેથી નિબંધની કલમ ૨૨ રકમ ૨ પ્રમાણે બારઘણી રકમ રૂ. ૧૫૬ ઉપર સ્ટાંપની લાગત ઉપર પ્રમાણે લેવાની છે.

હકીકત.

આ પ્રકરણ રાવસાહેબ તપાસણીકામદાર એમણે કોરટ મજકુરના નોંધણીખાતા મારફત આ કોરટ તરફ યાદી નંબર ૮૫૨ તા. ૨-૬-૯૧ ની મોકલ્યાથી ઉત્પન્ન થયું છે.

સદરની યાદી સોબત સદરના પક્ષકાર દરમ્યાન સં. ૧૯૪૭ ના પોષ વદિ ૬, તા ૩૦-૧-૯૧, રોજ લેખ થયેલાનો મુદ્દાનો મજકુર નિચે મુજબ છે:—

"તમો હમારા ભાઇનાં ધણીયાણી છો ને તમારો ધણી ગુજરી જવાથી મારા બાપની સર્વે તરેહની માલમિલકત મારા તાબામાં છે. તમોને તમારી જાતની

---

* ડી. સ્ટાં. ખુ. ૨. નંબર ૧૨૯ સન ૧૮૯૦-૯૧. આ ઠરાવ આજ્ઞાપત્રિકા, ભાગ ૨ તા. ૬-૮-૯૧ ના રોજ પૃષ્ઠ ૧૪૩-૧૪૪ ઉપર પ્રસિદ્ધ થયોછે.

ખોરાકીપોશાકી સારૂ તમારે હમારી સાથે ભેગા રહી સાથે રેહેવું, ને ખોરાકી તથા લુગડાં હમારે તમને કરવાં. ને કદાચ હમારે તમારે તકરાર પડવાથી નહીં બને ને તમો જૂદાં રહો તો દરવરસે અહીં રેહેવાથી રૂ. ૧૩ અંકે તેર આપવા. ને ઉપરના રૂપીઆ આપતાં હરકત કરૂં તો તમો(ને) સરકારમાં ફરીયાદ કરવી પડે તો ખરચ સુધ્ધાં આપવા સહી. ને હવે પીયેર અગર મોશાળમાં એક મહીનાથી વધારે રહો તો ઉપર લખેલા રૂપીઆમાંથી નીમે રૂપીઆ આપવા સહી. ને એ જૂદી રેહેવાથી હમારા ઘર કામનો અટકાવ પડે તો હમારૂ કામકાજ કરવું એજ. આ દસ્તાવેજ લખી આપ્યો તે કબૂલ મંજુર. મારે તથા મારા વંશવારસને કબૂલ મંજૂર સહી. દા. ખુદ.”

અત્રે મતુ. અત્રે સાખ.

* * * * * *

રાવસાહેબ નોંધણી તપાસણીકામદાર પોતાની સદર યાદીમાં જણાવેછે કે, લેખમાં રૂ. ૧૩ જૂદાં રેહે તો આપવા કરાર છે અને તે ભાવી છે. પ્રસ્તુતનો દસ્તાવેજ કરારપત્ર માનવો કિંવા ખતની વ્યાખ્યામાં આવેછે કે નહીં, એનો સંશય છે. દસ્તાવેજ ઉપર સાક્ષી છે અને જવાબદારી લીધી છે તેથી ખતની વ્યાખ્યા (ખ)માં આવી શકશે. કરાર પત્રમાં તે આવી શકશે નહીં. ભાવી રકમ આપવાની તે દસ્તાવેજનો મોબદલો સમજીને સ્ટાંપ નિબંધની કલમ ૨૨, રકમ ૨ પ્રમાણે બારપટ રકમ રૂ. ૧૫૬ ઉપર પરિશિષ્ટ ૧ રકમ ૮ પ્રમાણે રૂ. ૧ નો સ્ટાંપ જોઇએ, તે નોંધણીકામદારે તે પ્રમાણે લાગત લીધી છે. પણ સ્ટાંપના સંબંધે તેમણે ભાવી કરાર છોડી દીધો છે, ને કરાર પત્ર પુરતો સ્ટાંપ હોવાથી તે બરોબર માનેલો છે. જો કરારપત્ર માનવામાં આવે તો, નોંધણીની લાગત પરિશિષ્ટની રકમ ૧૦ પ્રમાણે રૂ. ૨ લેવી જોઇતી હતી. અને પોતાનો અભિપ્રાય રાવસાહેબ તપાસણીકામદાર એવો જણાવે છે કે, લેખ ‘ખત’ ની વ્યાખ્યામાં આવેછે. ને તેને રૂ. ૧ નો સ્ટાંપ જોઇએ. જો રૂપીઆ આપવાનું ઠરાવ્યું ન હોત તો કરારપત્રમાં આવત વિગેરે. આ પ્રકરણ તેઓએ સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ મુજબ મોકલ્યુંછે.

ઠરાવ.

હાલના લેખથી લખીઆપનાર પોતાની ભોજાઇને પોતાના ભેગી રેહે ત્યાંહાં સુધી ખોરાકીપોશાકી આપવાની, અને ભેગી ન રેહે તો પ્રતી વર્ષે રૂ. ૧૩ તેણીને આપવાની કબુલત લખી આપી છે એટલે આ લેખ “કરાર”ના સ્વરૂપનો છે. પરંતુ તેને સ્ટાંપની લાગત કેટલી જોઇએ એ નક્કી કરવા સારૂ પરિશિષ્ટ ૧ જોતાં તેની રકમ ૬ ‘કરાર’ ની લાગત વિષે છે. એ રકમ ૬ નીં પેટા રકમ (ખ) આવા કરારને લાગુ થાય,

પણ તેમાં એમ ઠરાવેલું છે કે "કરારવિષે * * નિબંધમાં બીજીરીતનો ઠરાવ કર્યો ન હોય તો;" માટે આ લેખને બીજું કંઇ સ્વરૂપ મળી શકે કે કેમ તે જોતાં, આ લેખમાં દરસાલ રૂ. ૧૩ આપવાનીજ ખબરદારી લખીઆપનારે માથે રાખીછે અને લેખ ઉપર તેની સહી છે તથા સાક્ષી પણ થયેલા છે તેથી નિબંધની કલમ ૩ રકમ ૩ પેટારકમ (ખ)ના વ્યાખ્યામાં આ લેખનો સમાસ થવાને લીધે તે 'ખત'ના સ્વરૂપનો થાયછે. આવી રીતે આ લેખ બે વ્યાખ્યામાં આવેછે તેથી નિબંધની કલમ ૭ પ્કારા ૨ અન્વયે જેવ્યાખ્યાને માટે વધારે લાગત પરિશિષ્ટ ૧ માં ઠરાવેલી હોય તે વ્યાખ્યાના સ્વરૂપનો ગણી તેની લાગત લેવી જોઇએ. આ ધોરણે આ લેખને 'ખત' (પરિશિષ્ટ ૧ રકમ ૮) પ્રમાણે લાગત પડે.

ખત મુજબ લાગત કેટલી જોઇએ, એ વિષે જોતાં તેમાં રૂ. ૧૩ ની રકમ દર સાલ આપવાની લખી છે, માટે તે ઉપર લાગત નક્કી કરવા સારૂ નિબંધની કલમ ૨૨ નો નિયમ લાગુ કરવો પડશે. એ કલમ ૨૨ ની રકમ ૨ પ્રમાણે આ લેખમાંની રકમ ઉપર લાગત ગણવાની છે, કેમકે, લેખના મતલબ ઉપરથી એ રૂ. ૧૩ની રકમ લખાંલેનાર બાઇની હયાતી સુધી આપવાની સમજાય છે. એટલે રૂ. ૧૩ ની બારગણી રકમ રૂ. ૧૫૬ ઉપર પરિશિષ્ટ ૧. રકમ ૮ મુજબ લાગત રૂપીઓ ૧ થાય તેટલી કિંમતનો સ્ટાંપ હાલના લેખને કાયદા પ્રમાણે લગાડવો એમ અમે ઠરાવીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, એઓસાહેબની રૂબરૂ.*

ફેસલ તા. ૨૮-૬-૯૧.

જમનાદાસ હરીવલ્લવદાસ. — લેખ લખીલેનાર.

શિલેદાર હેદરખાં હેમતખાં, નોકર મોટીખાસપાગા વડોદરા. } લેખ લખીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધની કલમ ૪૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

કરજે લીધેલા રૂપીઆ વાયદાસર આપવાનો લેખ.-લેખમાં જમાનીનો કરાર—પરિશિષ્ટ ૧ રકમ ૩૫ (અ).

કરજે લીધેલા રૂપીઆ માસ ૧ માં પાછા આપવાનો વાયદો કરી તે વિષે લેખ લખી આપ્યો હતો અને તે ઉપર કરીઆપનારની તથા જામીનદારની જામીન થયા વિષેની સહી માત્ર

---

* દી. સ્ટાં. ખુ. ૨. નં. ૭૬ સન ૧૮૯૦-૯૧.

કરેલી હતી ઠરાવ થયો કે,—આ લેખ વાયદાચિઠ્ઠીના સ્વરૂપનો છે, અને તેમાં વાયદો માસ ૧ નો કરેલો હોવાથી તે, પરિશિષ્ટ ૧, રકમ ૩૫ (ખ) પ્રમાણે, લાગતને પાત્ર છે.

દી. સ્ટાં. ખુ. ર. નંબર ૪૬ સન ૧૮૯૦-૯૧ ફેસલ તા. ૪-૬-૯૧ નો ઠરાવ લાગુ કર્યોછે (૧).

જામીન થયા વિષે જે જામીનીનો મજકુર દસ્તાવેજમાંછે તે આ લેખનો અંગભૂત મજકુર ગણવાનો છે, તેથી તે લાગતને પાત્ર થતો નથી. (દી. સ્ટાં. ખુ. ર. નંબર ૭૬ સન્ ૧૮૯૦-૯૧ ફેસલ તા. ૧૯-૬-૯૧.(૨) "

હકીકત.

આ પ્રકરણ મે. વડોદરાપ્રાંતના સુબાસાહેબની નંબર ૪૬૫ તા. ૨૧-૧૨-૯૦ ની યાદી આવ્યાથી ઉપસ્થીત થયું છે.

સદર બાબત સદરના પક્ષકાર દરમ્યાન સં. ૧૯૪૬ ના કારતક વદી ૩૦ વાર શની, તા. ૨૩-૧૧-૮૯ ને રોજ થયેલો અસ્સલ લેખનો મજકુર નીચે પ્રમાણે છે:—

"જત અમારી બેન આજરોજ મૈયત થએલી છે. તેના કફનખરચ સારૂ રોકડા રૂ. ૧૦ અકે રૂપીઆ દશ લીધા છે તે દેવા. એનું વ્યાજ માસ એકનું કાપ્યું છે. બીજા માસથી વ્યાજ રૂ. ૧ (કે) જાદા લેખે ચડતું છે. આ રૂપીઆનો વાયદો માસ ૧ નો કર્યો છે. રૂપીઆ પૈકી રૂ. ૫ ના જમાન હુસવાળા હાજી રેહેમાન અટકે દેડુકી મસ્તાઆરી, એમને આપ્યા છે. મિતી સં. ૧૯૪૬ ના કારતક વદી ૩૦ વાર શનેઉ તારીખ, ૨૩ નવેંબર સન ૧૮૮૯."

સહી—લખી આપનારની તથા જમાનીદારની.

આ લેખ વડોદરા સ્ટાંપકામદાર તરફ જુના સ્ટાંપનિબંધના વહીવટ પ્રમાણે સ્ટાંપ આપવા સારૂ રજુ થયેલો. એ લેખ નવીન સ્ટાંપ નિબંધ અમલમાં આવ્યા બાદ થયેલો હોવાથી સ્ટાંપકામદારે અટકાવી મુનાસબ થવા મે. વડોદરાપ્રાંતના સુબાસાહેબ તરફ નંબર ૧૭૨૪ તા. ૨૨-૫-૯૦ નો યાદીથી મોકલેલો તે સદર નંબરની યાદીથી સુબા સાહેબે આ તરફ મોકલ્યો, તે યાદીમાં સુબાસાહેબ જણાવે છે કે, લેખમાં લખીઆપનારની સહી છે, સાક્ષી થયેલી નથી. એ કારણથી તથા તેના મજકુર ઉપરથી તે નિબંધની કલમ ૩, રકમ ૩, માં બતાવેલાં 'ખત'ના એક પ્રકારમાં આવી શકતો નથી, પણ રૂપીઆ આપ્યાની કબુલત યાને વાયદાચિઠ્ઠીમાં જાય છે. તે પ્રમાણે રૂ. ૨૦ સુધીની કબુલત સ્ટાંપની માફીમાં આવે છે. આ લેખ, ખત ગણી સ્ટાંપકામદારે અટકાવી મોકલ્યો છે તે બરોબર લાગતું નથી

---

(૧) આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૨૬૪ ઉપરછે. (૨). આ ઠરાવ પછવાડે પૃ ૩૧૩ ઉપર છે.

માટે આ દસ્તાવેજ કબુલત અથવા વાયદાચિઠ્ઠીમાં આવે છે કે ખતમાં આવે છે કે કેમ, તે બદલનો ખુલાસો થવા માટે નિબંધની કલમ ૪૧ મુજબ આ તરફ પ્રકરણ મોકલ્યું છે.

ઠરાવ.

હાલના લેખથી રૂ. ૧૦ લીધાનું લખીઆપનારે લખીઆપી તેનો વાયદો માસ ૧ નો કર્યો છે, અને તે તળે લખીઆપનારે સહી કરી છે, પણ તે ઉપર સાક્ષી થઇ નથી એટલે આ કોરટના સ્ટાંપ ખુલાસા નંબર ૪૬ સન ૧૮૯૦–૯૧ ફેસલ તા. ૪-૬-૯૧ ના ઠરાવમાં (૧) જણાવ્યા પ્રમાણે આ લેખ 'વાયદાચિઠ્ઠી'ના સ્વરૂપનો ઠરે છે, અને તેને પરિશિષ્ટ ૧, રકમ ૩૫ (ખ) મુજબ બે આનાની લાગત પડે. હવે આ લેખમાં રૂપીઆ ૫ માટે જમાની લખી છે અને લેખ તળે જમાનીદારે પણ સહી કરી છે પણ તે મજકુરને આ વાયદાચિઠ્ઠીનો અંગભૂતમજકુર ગણવાનો છે, તેથી તે જૂદી લાગતને પાત્ર ગણાવાનો નથી. (જુઓ આ કોરટનો સ્ટાંપ ખુલાસા નંબર ૭૫ સન ૧૮૯૦–૯૧ ફેસલ તા. ૧૯-૬-૯૧) (૨). સબબ હાલનો લેખ બે આનાની લાગતને પાત્ર એવી વાયદાચિઠ્ઠી છે એમ અમે ઠરાવીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, એઓસાહેબની રૂબરૂ*

ફેસલ તા. ૨૮-૬-૯૧.

ગંગા પ્રસાદ નીહાલપ્રસાદ રેહેવાશી વડોદરા. દસ્તાવેજ લખીલેનાર.

દરજી જવાહીર ધનસ્યામ, તથા ચંદ્રભાન ધનશ્યામ રેહેવાશી સદર. દસ્તાવેજ લખીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધની કલમ ૪૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

કરજે લીધેલા રૂપીઆ વાયદાસર આપવાનો લેખ-વાયદાચિઠ્ઠી—પરિશિષ્ટ ૧, રકમ ૩૫(ખ).

લેખ લખીઆપનારે રૂ. ૫૦ લીધેલા તેના ચઢાવાના રૂ. ૫ મળી રૂ. ૫૫ દેવાની કબુલત લખી આપી તેમાં પાંચ મહીનાનો વાયદો કરેલો છતાં લેખ નીચે ફકત કરી આપનારની સહી હતી. ઠરાવ થયો કે,—આ લેખ વાયદાચિઠ્ઠીના સ્વરૂપનો છે, અને તેમાં વાયદાની મુદત પાંચ મહીનાની કરેલી હોવાથી તે, પરિશિષ્ટ ૧ રકમ ૩૫ (ખ) પ્રમાણે, લાગતને પાત્ર છે.

હી૰સ્ટાં. ખુ. નંબર ૪૬ સન ૧૮૯૦-૯૧ ફેસલ તા. ૪-૬-૯૧ નો ઠરાવ લાગુ કર્યો છે. (૨)

હકીકત.

આ પ્રકરણ મેહેરબાન વડોદરાપ્રાંતના સુબા સાહેબની યાદી નંબર ૪૬૫ તા. ૨૧-૧૨-૯૦ ની આવ્યા ઉપરથી ઉત્પન્ન થયું છે.

---

* હી. સ્ટાં. ખુ. ર. નંબર ૧૪૨ સન ૧૮૯૦-૯૧.

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૨૬૪ ઉપર છે. (૨) આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૩૧૩ ઉપર છે.

સદર લખાણ સાથે સદરના પત્રકાર દરમ્યાન તારીખ ૧૮-૧૧-૮૯ ને રોજ થયેલો લેખ અસલ આવેલાનો મુદ્દાનો મજકુર નીચે પ્રમાણે છેઃ—

"સાલ ૪૬ મહીના અઘગન અંગરેજી નુંમર કરજામું જુમલીએ. ગંગાપ્રસાદ નીહાલ પ્રસાદકે પાસતે જવાહીર ધનસ્યામ ઔર ચંદ્રભાન ધનસ્યામ દોનુમીલકે એકંદર રૂપીઆ ૫૦ પચાસ ઔર પાંચ ચઢાવાકે, સબ મીલકે ૫૫ ઉન રૂપીઆ બાબાશાઇ પાંચ મહીનાકા કરાર કરીકે લીયાછે. મિતી અગહન બેદનુંગી વાર મંગરવાર.

સહી. જવેહર ધનસ્યામ દરજી, ચંદ્રભાન ધનસ્યામ દરજી, ઇન દોનો કે કેહે પ્રમાણે મસતુ (મતુ) ઉપર લીખા સો સહી સો, અજોધ્યા જંગલી તંબોળી, દસકત ખુદ".

એ રીતે મજકુર બાળબોધ લીપીમાં લખેલો છે.

આ લેખ વડોદરા સ્ટાંપકામદાર તરફ જુના સ્ટાંપનિબંધના વહીવટ પ્રમાણે સ્ટાંપ લગાવી આપવા સારૂ રજુ થયેલો. લેખમાં સાલ વિગેરે મજકુરનો તથા સાદા કાગળ ઉપર કેમ લખ્યો એ વિશે ખુલાસો મેળવવા સ્ટાંપકામદારે એ લેખ રજુકરનાર માધવરાવ ગોવીંદની જુબાની લખી લીધેલી તે ઉપરથી એ લેખ સદર તારીખનો લખેલો તેથી નવીનસ્ટાંપનિબંધના અમલમાં આવે એવો હોવાથી તેમણે મુનાસબ થવા મે. વડોદરા પ્રાંતના સુબાસાહેબ તરફ નંબર ૨૨૩૫ તા. ૩-૭-૯૦ થી મોકલેલો તે સંબંધે મે સુબાસાહેબે સદર નંબરની યાદી આ તરફ મોકલી છે. તેમાં તેઓ સાહેબ 'આ લેખ સંબંધે તથા તે સાથે બીજો લેખ મોકલ્યો છે તે સંબંધે, એ રીતે બેઉની બાબતમાં જણાવે છે કે, એ દસ્તાવેજમાં લખી લેખઆપનારની સહી છે, સાક્ષી થયેલી નથી, એ કારણથી તથા તેના મજકુર ઉપરથી તે નિબંધમાં ખતના ત્રણ પ્રકાર કલમ ૩ માં બતાવ્યા છે તેમાં આવી શકતો નથી, પણ રૂપીઆ આપ્યાની કબુલત યાને વાયદચિઠ્ઠીમાં જાય છે. તે પ્રમાણે રૂપીઆ ૨૦ સુધીની કબુલત સ્ટાંપની માફીમાં જાય છે ને આ લેખ રૂપીઆ ૫૫ ની કબુલતચિઠ્ઠી તેને એક આનાનો સ્ટાંપ જોઇએ. (જુઓ પરિશિષ્ટ ૧,ની રકમ ૪). આવી એક આનાની લાગતને પાત્ર હોય' એવા દસ્તાવેજને શેરો કરવાને સુબ ને અધીકાર નથી એમ નિબંધની કલમ ૨૮ તથા ૩૫. નીચે બતાવ્યું છે. આવા લેખ સ્ટાંપકામદાર તરફથી અટકાવમાં લઇ મોકલ્યા છે તે તેમણે ખતના સ્વરૂપમાંગણી મોકલ્યા છે તે બરોબર લાગતુ નથી. માટે આ દસ્તાવેજ કબુલત અથવા વાયદા ચિઠ્ઠીમાં આવે છે કે ખતમાં આવે છે કે કેમ તે બદલનો ખુલાસો થઈ આવવા નિબંધની કલમ ૪૧ મુજબ લખાણ મોકલ્યું છે.

ઠરાવ.

હાલનાં લેખથી લખીઆપનારે રૂ. ૫૦ લીધેલા તેના ચઢાવાના રૂપીઆ ૫ મળી રૂપીઆ ૫૫ દેવા કબુલત લખી આપી તેમાં પાંચ મહીનાનો વાયદો કરેલો છે, અને લેખની નિચે તેણે સહી. કરી આપી છે, પણ સાક્ષી થયેલી નથી, તેથી આ કોરટના સ્ટાંપ ખુલાસા

નંબર ૪૬ સન ૧૮૯૦-૯૧ ફેસલ તા. ૪-૬-૯૧ ના ઠરાવથી ઠરાવ્યા પ્રમાણે આ લેખ બે આનાની લાગતને પાત્ર એવા સ્વરૂપની વાયદાચીઠ્ઠી છે એમ અમે ઠરાવીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ શમ્સુદીન તૈયબજી, જજ્જ, એઓસાહેબની રૂબરૂ.*

ફેસલ તા. ૩૦-૬-૯૧.

બ્રહ્મભાટ હમીરદાસ રેહેવાશી મંડાળા તાબે મેહેસાણા. લખત કરીલેનાર.

કાળીરાણા નારજી રેહેવાશી હજીપુર તાબે કડી. લખત કરી આપનાર.

(નવા સ્ટાંપનિબંધની કલમ ૪૩ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

બાકી દેવાની રકમનું ખાતું—કબુલત—પરિશિષ્ટ ૧, રકમ ૪—પરિશિષ્ટ ૨, રકમ ૧.

બળદની વિક્રી બદલ ઠરેલી રકમ પૈકી જે રકમ દેવી રહી તે દેવીછે. એવા મજકુરનું ખાતું જેના ઉપર બાકી કાઢીઆપનારની માત્ર સહી હોય તો તે ખાતુ પરિશિષ્ટ ૧, રકમ ૪ માં જણાવેલી કબુલતના સ્વરૂપનું છે, અને તે દેવાની રકમ રૂ. ૨૦ કરતાં વધારે હોય તોપરિશિષ્ટ ૧, રકમ ૪ પ્રમાણે લાગતને પાત્રછે.

દી. સ્ટાં. ખુ. ૨. નંબર ૪૬ સન ૧૮૯૦-૯૧ ફેસલ તા. ૪-૬-૯૧ નો ઠરાવ લાગુ કર્યો છે.(૧)

જાહેરનામું તા. ૨૪-૭-૮૯ નું જે નીકળેલુંછે તે સરકારી હુદ્દાની રૂઇએ વરીષ્ટકોરટથી પ્રસિદ્ધ થયેલું નથી. પરતુ ખાનગી અભિપ્રાય તરીકે પ્રસિદ્ધ થયેલું છે. માટે તેનો અમલ નિબંધ વિરૂદ્ધ ચાલી શકતો નથી.

બળદની વિક્રી બદલ ઠરેલી કિંમત પૈકી રહેલી રકમ બાબતનું પાડી આપેલું ખાતુ જંગમમિલકતના વેચાણ માટે અથવા સંબંધે ન હોવાથી પરિશિષ્ટ ૨, રકમ ૧ માં તે આવી શકતું નથી.

હકીકત.

કડીમહાલના આજમ મુનસફે યાદી નંબર ૮૫૪ તા. ૧૯-૬-૯૧ ની તે કોરટના નહાનાદાવા નંબર ૩૮૭ સન ૧૮૯૦-૯૧ ના કામમાં એક ખાતું વાદી તરફે રજુ થયેલાના સ્ટાંપ સંબંધે ખુલાસો પુછેથી આ પ્રકરણ ઉઠયું છે.

એ યાદી સાથે સદરના પક્ષકાર દરમ્યાન સં. ૧૯૪૬ ના અસાડ સુદિ ૩ ના રોજનું ખાતું કામમાં રજુ થયેલું, તેનો મુદ્દાનો મજકુર નીચે પ્રમાણે છેઃ—

---

* દી. સ્ટાં.ખુ. ૨. નંબર ૧૪૬ સન ૧૮૯૦-૯૧. આ ઠરાવ આજ્ઞાપત્રિકા, ભાગ ૨ માં, તા. ૬-૮-૯૧ ના રોજ પૃષ્ઠ ૧૪૪—૧૪૫ ઉપર પ્રસિદ્ધ થયો છે.

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૨૬૪ ઉપર છે.

"પગી રાણા નારજી ગામ હાજીપુરના, સંવત ૧૯૪૬ ના અષાઢ સુદી ૩ નું ખાતું.

'૨૩ બાકી લેણા અમે તમારી પાસેથી
બળદ વેચાતો લીધેલો તેના બાકી
રહેલા. રૂપીઆ તે આજરોજ
દેવા કાઢયા છે તે કબૂલ છે.
પગી. રાણા નારજીનું મતું દા.
દલસુખ જમનાદાસ"

(આ લેખ શાદા કાગળ ઉપર હતો).

આજમ કડીમુનસફ પોતાની સદર યાદીમાં લખે છે કે, જે ખાતાં ઉપરથી હાલનો દાવો થયો છે તેવાં ખાતાં આ કોરટની હદમાં ઘણાં થાય છે; તો અભિપાય અલાહીદા આપ્યો છે તેમાં પ્રશ્ન એ છે કે, આવા ખાતાંને સ્ટાંપ કેટલો જોઇએ, યા જોઇએ કે નહી? અભિપ્રાયમાં વાદીના વકીલની તકરાર એવી જણાવી છે કે, તા. ૨૪-૬-૮૯ ના ખાનબાહાદુર ખરસેદજી સાહેબના જાહેરનામા મુજબ સહી સાથેની ખાતાબાકીને માફી છે, તેમજ પરિશિષ્ટ ૨, કલમ ૧ માં આ ખાતું આવશે તેથી પણ તેને સ્ટાંપની જરૂર નથી.

આજમ મુનસફ અભિપ્રાય પોતાનો એવો જણાવે છે કે, આ ખાતું પરિશિષ્ટ ૨, કલમ ૧ માં આવતું નથી. કેમકે વેચાણનો વ્યવહાર પુરો થયા બાદ ઠરેલી કિંમત પૈકી બાકી રહેલા રૂપીઆ બાબત આ ખાતું છે, અને ખાન બા. ખરસેદજી શેઠના જાહેરનામા પછી પણ સ્ટાંપ આકટ પરિશિષ્ટ ૧ ની કલમ ૪ માંનો ઠરાવ હાલના ખાતાંને સંપૂર્ણરીતે લાગુ પડે છે. સબબ તે મુજબ આ ખાતું એક આનાના લાગતને પાત્ર છે. અને વધારેમાં દરસાવે છે કે, ઉપર દરસાવેલા જાહેરનામા પછી આવાં ખાતાંને સ્ટાંપ લેવાતો નથી વિગેરે. શા આધારે આ ખુલાસો પુછયો છે તે જણાવેલુ નથી.

ઠરાવ.

હાલના ખાતાથી લખીઆપનાર તેમાં જણાવેલી રકમ પોતાને લખી લેનારની દેવી પડે છે એવી કબુલાત લખી આપી છે. તેથી પરિશિષ્ટ ૧, અંક ૪ મુજબ એક આનાની સ્ટાંપ લાગતને પાત્ર એવી 'કબુલાત' ઠરે છે. (જુઓ આ કોરટનો સ્ટાંપ ખુલાસો નંબર ૪૬ સન ૧૮૯૦-૯૧ ફેસલ તા. ૪-૬-૯૧).(૧)

---

(૧) આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૨૬૪ ઉપર છે.

બળદની વિક્રી બદલ ઠરેલી કિંમત પૈકી બાકી રહેલી રકમ બાબતનું આ ખાતું હોવાથી તે પરિશિષ્ટ ૨, રકમ ૧ માં આવી શકતું નથી.

તા. ૨૦-૭-૮૯ નું જાહેરનામું સરકારી હુદ્દાની રૂઇએ થયેલું નસ્તા ખાનગી અભિપ્રાય તરીકે થયેલુ છે. તેનો અમલ હુજુરથી મંજૂર થયેલા નિબંધ વિરૂધ્ધ ચાલી શકતો નથી. વળી આજમ મુનસફે જે તે જાહેરનામાની કલમ ૩ દરસાવી છે તે હાલના ખાતાને લાગુ પણ પડતી નથી, કેમકે તે પરિશિષ્ટ ૨ ની રકમ ૩ (ડ) ને સંબંધે છે. એ રકમ ૩ (ડ) હાલના ખાતાને લાગુ થઇ શકે નહીં, કારણ ઉપાડની રકમે પાવતી દાખલ લખી હોય તેને તે માફી લાગુ છે, પણ હાલના ખાતામાં ઉપાડની રકમ લખેલી નસ્તા તેમાં પાછલું લેણું નક્કી કરી ખાતે બાકી કાઢવામાં આવી તેટલી રકમ લખીઆપનારે દેવી કબૂલ કરી છે.

આ કારણોથી હાલનું ખાતું સ્ટાંપનિબંધના પરિશિષ્ટ ૧, રકમ ૪ મુજબ એક આનાની લાગતને પાત્ર એવી 'કબુલત' ના સ્વરૂપનું છે એમ અમે ઠરાવીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, એઓસાહેબની રૂબરૂ *

ફેસલ તા. ૩૦-૬-૯૧.

શા. કઉઆ ઉમેદ રેહેવાશી મેહેસાણા. દસ્તાવેજ કરીલેનાર.

પટવા કેશવ પુંજારામ. દસ્તાવેજ કરીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

બાકીનું ખાતું—કબુલત—પરિશિષ્ટ ૧, રકમ ૪.

બાકીનું ખાતું જેમાં હીસાબ કરીને બાકી કાઢી આપ્યાનું તથા કાઢેલી બાકીની રકમ દેવાનું લખ્યું હોય તથા તે ખાતા ઉપર બાકી કાઢી આપનારનીજ સહી થઇ હોય તોતે ખાતુ, પરિશિષ્ટ ૧, રકમ ૪ પ્રમાણે, ' કબુલત ' ના સ્વરૂપનું છે અને તેમાં રકમ રૂ. ૨૦ ઉપરાંત હોય તો તે પરિશિષ્ટ ૧ રકમ ૪ પ્રમાણે લાગતને પાત્ર છે.

દી. સ્ટાં. ખુ. ૨. નંબર ૧૪૬ સન ૧૮૯૦-૯૧ ફેસલ તા. ૩૦-૬-૯૧ નોઠરાવ લાગુ કર્યોછે. (૧)

---

* દી. સ્ટાં. ખુ. ૨. નંબર ૧૩૧ સન ૧૮૯૦-૯૧. (૧).આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૩૪૧ ઉપરછે.

હકીકત.

રાવસાહેબ તપાસણીકામદારની યાદી નંબર ૮૯૫ તા. ૯-૬-૯૨ ની આકોર્ટમાં નોંધણીદફતર મારફતે આવેલી તે ઉપરથી આ પ્રકરણ ઉત્પન્ન થયું છે.

સદર સોબત સદરના કરીઆપનારે સં. ૧૯૪૬ આસો વદી ૩ ના રોજનું ખાતું બાકી કાઢેલું સહી કરી આપ્યું તેની નકલ નીચે મુજબ છે:—

"પટવાં કેશવલાલ પુંજારામ, સંવત ૧૯૪૬ અસો વદી ૩

જ — ઉ

૩૫૦૯ બાકીલેણા હીસાબ કરીને કાઢ્યા છે, અંકે રૂપીઆ ઓગણચાળીસેં ને નવ બાકી છે તે દેવા છે તે ખરા છે.

લા. પટવા કેશવ પુંજારામ દા. પોતે."

(આ ખાતાનો લેખ સાદા કાગળ ઉપર હતો).

રાવસાહેબ તપાસણીકામદાર આ પ્રકરણ નિયમની કલમ ૧૧ રકમ (ખ) પ્રમાણે ખુલાસા માટે મોકલી લખે છે કે, નોંધણીકામદારે આ લેખને સ્ટાંપની જરૂર નથી એવો મત બતાવે છે, અને તેવો ખુલાસો તેમને કડીપ્રાંત નોંધણીસરકામદાર સાહેબ તરફથી મળેલાની નકલ આ લખાણમાં સામીલ રાખી છે. લખત પરિશિષ્ટ ૨, રકમ ૩ (ડ) માં આવે એવો સ્વરૂપનો નથી, તેમ એ લખત માફીની કોઇપણ બાબતમાં આવી શકતો નથી. તે પરિશિષ્ટ ૧, રકમ ૪ મુજબની કબુલતનો છે અને તેને તે મુજબ લાગત લાગવી જોઇતી હતી. પણ અભિપ્રાય તરીકેનું જાહેરનામું તથા મહેરબાન કડીસરકામદારસાહેબનો મત બીજા હોવાથી નીરણય કારક ઠરાવ થવા મોકલ્યું છે. ઇંગ્રેજીમાં આવા ખાતાને કબુલત ગણી એક આનાનો સ્ટાંપ જોઈએ એવા ઠરાવ થયા છે વિગેરે.

ઠરાવ.

'હાલનાં ખાતાથી લખીઆપનાર તેમાં જણાવેલી રકમ પોતાને લખીલેનારની દેવી પડે છે એવી કબુલત લખીઆપે છે. તેથી એ ખાતું એક આનાની લાગતને પાત્ર એવી કબુલતના સ્વરૂપનું છે, (જુઓ, આ કોરટનો સ્ટાંપ ખુલાસા નંબર ૧૪૬ સન ૧૮૯૦-૯૧, ફેસલ તારીખ ૩૦-૬-૯૧), (૧) એમ અમે ઠરાવીએ છીએ.

---

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૩૪૧ ઉપર છે.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, એઓસાહેબની રૂબરૂ *

ફેસલ તા. ૩૦-૯-૯૧.

શા. કઉઆચંદ ઉમેદ રેહેવાશી મેહેસાણા. દસ્તાવેજ કરીલેનાર.

દોસી. સરૂપચંદ મયાચંદ. દસ્તાવેજ કરીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતામાટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

બાકીનું ખાતું-કબુલત-પરિશિષ્ટ ૧, રકમ ૪.

બાકીનું ખાતું જેમાં હીસાબ કરીને બાંકી કાઢી આપ્યાનું તથા કાઢેલી બાકીની રકમ દેવાનું લખ્યું હોય, અને તે ખાતા ઉપર બાકીકાઢનારની માત્ર સહી થઇ હોય તો તેવું ખાતું 'કબુલત' ના સ્વરૂપનું છે. અને તેમાં રકમ રૂ. ૨૦ ઉપરાંત હોય તો તેખાતાને પરિશિષ્ટ ૧, રકમ ૪ પ્રમાણે સ્ટાંપની લાગત પડવાની છે.

દી. સ્ટાં. ખુ. ૨. નંબર ૧૪૬ સન ૧૮૯૦-૯૧ ફેસલ તા. ૩૦-૯-૯૧ નો ઠરાવ લાગુ કર્યો છે. (૧)

હકીકત.

રાવસાહેબ તપાસણીકામદારની યાદી નં. ૮૯૫ તા. ૯-૬-૯૧ ની આ કોરટના નોંધણી દફતર મારફતે આવેલી તે ઉપરથી આ પ્રકરણ ઉત્પન્ન થયું છે.

સદર સોબત સદરના કરીઆપનારે સંવત ૧૯૪૬ આસો વદી ૨ ના રોજનું ખાતું બાકી કાઢેલું સહી કરી આપ્યું તેની નકલ નિચે મુજબ છે.

"દોસી. સરૂપચંદ મયાચંદનું ખાતું. સંવંત. ૧૯૪૬ આસો વદી ૨.

જ	ઉ
	૧,૬૯૬॥।=। બાકી લેણા સં. ૧૯૪૬ આસો વદી ૨ સુધી, અંકે રૂપીઆ એક હજાર છસોને પોણીસતાણું ને રામ સવા બે હીસાબકરીને સામાસામી બાકી મુકી છે. લી. દોસી. સરૂપચંદ મયાચંદ સહી દા. પોતાના.

(આ ખાતાનો લેખ સાદા કાગળ ઉપર હતો).

---

* દી. સ્ટાં. ખુ. ૨. નંબર ૧૩૨ સન ૧૮૯૦-૯૧.

(૧). આ ઠરાવ પખવાડે પૃષ્ઠ ૩૪૧ ઉપર છે.

રાવસાહેબ તપાસણીકામદાર આ પ્રકરણ નિયમની કલમ ૧૧ રકમ (ખ) પ્રમાણે ખુલાસા માટે મોકલી લખે છે કે, નોંધણીકામદાર આ લેખને સ્ટાંપની જરૂર નથી એવો મત બતાવે છે; અને તે ખુલાસો તેમને કડીપ્રાંત નોંધણી સરકામદાર સાહેબ તરફથી મળેલાની નકલ આ લખાણમાં સામીલ રાખી છે. લખત પરિશિષ્ટ ૨. રકમ ૩ (ક) માં આવે એવા સ્વરૂપનું નથી તેમ એ લખત માફીની કોઇપણ બાબતમાં આવી શકતું નથી. તે પરિશિષ્ટ ૧, રકમ ૪ મુજબની 'કબુલત' નુ છે અને તે મુજબ લાગત લગાવવો જોઇતી હતી. પણ અભિપ્રાય તરીકેનું જાહેરનામું તથા મે. કડીસરકામદારસાહેબનો મત ભિન્ન હોવાથી નિર્ણયકારક ઠરાવ થવા મોકલ્યું છે. ઇંગ્રેજીમાં આવા ખાતાને કબુલત ગણી એક આનાનો સ્ટાંપ જોઇએ એવા ઠરાવ થયા છે વિગેરે.

ઠરાવ.

હાલના ખાતાથી લખીઆપનાર તેમાં જણાવેલી રકમ પોતાને લખીલેનારની દેવી પડે છે એવી કબુલત લખી આપે છે. તેથી એ ખાતું એક આનાની લાગતને પાત્ર એવા પ્રકારની કબુલતના સ્વરૂપનું છે. (જુઓ આકોરટનો સ્ટાંપ ખુ. નં. ૧૪૬ સન ૧૮૯૦-૯૧ ફેસલ તા. ૩૦-૬-૯૧)(૧) એમ અમે ઠરાવીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, એઓસાહેબની રૂબરૂ*

ફેસલ તા. ૩૦-૬-૯૧.

શા. કડિઆ ચંદ ઉમેદ રેહેવાશી મેહેસાણા. — દસ્તાવેજ કરીલેનાર.

શા. ફુલચંદ દેવચંદ રેહેવાશી લણવા. — દસ્તાવેજ કરીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલોછે).

બાકીનું ખાતું--કબુલત--પરિશિષ્ટ ૧, રકમ ૪.

બાકીનું ખાતું જેમાં હીસાબ કરીને બાકી કાઢયાનું તથા બાકી કાઢેલી રકમ દેવાનું લખ્યું હોય અને તે ખાતા ઉપર બાકી કાઢનારની માત્ર સહી થઇ હોય, તો તેવું ખાતું 'કબુલત'ના સ્વરૂપનુ છે, અને તેમાં કાઢેલી બાકીની રકમ રૂ. ૨૦ ઉપરાંત હોય તો તે ખાતાને પરિશિષ્ટ ૧, રકમ ૪ પ્રમાણે સ્ટાંપની લાગત પડવાની છે.

દી. સ્ટાં. ખુ. ર. નંબર ૧૪૬ સન ૧૮૯૦-૯૧ ફેસલ તા. ૩૦-૬-૯૧ નો ઠરાવ લાગુ કર્યોછે.(૧)

---

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૧૩૩ સન ૧૮૯૦-૯૧.

(૧). આ ઠરાવ પછવાડે પૃ૪ ૩૪૧ ઉપર છે.

હકીકત.

રાવસાહેબ તપાસણીકામદારની યાદી નંબર ૮૯૯ તા. ૯-૬-૯૧ ની આ કોરટના નોંધણીદફતર મારફતે આવેલી તે ઉપરથી આ પ્રકરણ ઉત્પન્ન થયું છે.

સદરના સોબત સદર કરીઆપનારે સં. ૧૯૪૬ ના જેઠ સુદિ ૫ ના રોજ ખાતું બાકી કાઢેલું સહી કરી આપ્યું તેની નકલ નિચે મુજબ છે:—

"શા. ફુલચંદ દેવચંદ ગામ લણુવા. સંવત ૧૯૪૬ ના જેઠ સુદ ૫.

જ	ઉ
	૮,૦૪૧ બાકી લેહેણા હીસાબ કરીને કાઢયા છે અંકે રૂપીઆ આઠ હજાર ને એકતાળીશ બાકી કાઢયા છે. લી. શેઠ ફુલચંદ દેવચંદ સહી. ઉપર લખેલા રૂપીઆ આઠ હજાર એકતાળીશ દેવા છે. ખરા છે.દા. બિહારામ મનજી."

રાવસાહેબ તપાસણીકામદાર આ પ્રકરણ નિયમની કલમ ૧૧ (ખ) પ્રમાણે ખુલાસા માટે મોકલી લખે છે કે, નોંધણીકામદાર આ લેખને સ્ટાંપની જરૂર નથી એવો મત બતાવે છે અને તેવો ખુલાસો તેમને કડીપ્રાંતના નોંધણી સરકામદારસાહેબ તરફથી મળેલાની નકલ આ લખાણમાં સામીલ રાખી છે. લખત પરિશિષ્ટ ૨, રકમ ૩ (ङ) માં આવે એવા સ્વરૂપનું નથી, તેમ એ લખત મારીની કોઇ પણ બાબતમાં આવી શકતું નથી. તે પરિશિષ્ટ ૧, રકમ ૪ મુજબની 'કબુલાત'નું છે અને તેને તે મુજબ લાગત લાગવી જોઇતી હતી, પણ અભિપ્રાય તરીકેનું જાહેરનામું તથા મેહેરબાન કડી સરકામદારસાહેબનો મત ભિન્ન હોવાથી નિરણય કારક ઠરાવ થવા મોકલ્યું છે. ઇંગ્રેજીમાં આવા ખાતાને કબુલત ગણી એક આનાનો સ્ટાંપ જોઇએ એવા ઠરાવ થયા છે વિગેરે.

ઠરાવ.

હાલના ખાતાથી લખીઆપનાર તેમાં જણાવેલી રકમ પોતાને લખીલેનારની દેવી પડે છે એવી 'કબુલત' લખી આપે છે. તેથી એ ખાતું એક આનાની લાગતને પાત્ર એવી 'કબુલત' ના સ્વરૂપનું છે, (જુઓ આ કોરટનો સ્ટાંપ ખુલાસો નંબર ૧૪૬ સન ૧૮૯૦-૯૧ ફેસલ તારીખ ૩૦-૬-૯૧)(૧) એમ અમે ઠરાવીએ છીએ.

---

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૩૪૧ ઉપર છે.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, એઓસાહેબની રૂબરૂ. *

ફેસલ તા. ૩૦-૬-૯૧.

કણબી નથુ વલભ રેહેવાશી મોજે ધાતવા. દસ્તાવેજ લખીલેનાર.

કણબી નથુ મકન રેહેવાશી મજકુર. દસ્તાવેજ લખીઆપનાર.

(જુના સ્ટાંપનિબંધ સબંધે ખુલાસો(રેફરન્સ) પુછેલો છે).

કરીઆપનારે એવો કરાર કરેલો કે, જે જમીન તેના કબજામાં છે તે નવીન જમાબંદીમાં છોડી દેવામાં આવશે તથા કરીલેનારને તેનો કબજો આપવામાં આવશે; જમીન કબજામાં બે વરસ સુધી તેના તરફ રહી તે મુદતના ગણોતના રૂપીઆ આપવા, તથા જમીન ઉપર પ્રમાણે છોડી દેતાં સુધી દર વરસે રૂ. ૨ તેણે આપતા જવા. એવી રીતે દસ્તાવેજ કરી આપેલો હતો. ઠરાવ થયો કે,--

એ દસ્તાવેજ મોઘમ લેખ હોવાથી તે જુના સ્ટાંપ નિબંધ નિશાની ૧ ની કલમ ૧ પ્રમાણે લાગતને પાત્ર છે. તેજ પ્રમાણે ગણોતની જે રકમ બે વરસ આપવાની બાકી રહી છે તે દસ્તાવેજમાં નક્કી જણાવેલી નથી, તથા તેજ રીતે પક્ષકારોની સમજુત પ્રમાણે નવી જમાબંદી જે મુદત પછી થવાની હોય તે મુદતની ગણોત પ્રમાણે આપવાની રકમ પણ દસ્તાવેજમાં લખી જણાવેલી નથી, માટે એ રકમો નક્કી કરી તે ઉપર નીશાની ૧ પ્રમાણે સ્ટાંપની લાગત પડવાની છે.

હકીકત.

રાવસાહેબ તપાસણી કામદારે યાદી નં. ૮૫૮ તા. ૨-૬-૯૧ ની આ કોરટના નોંધણીખાતાના નામની કામરેજ નોંધણીકામદાર મારફત મોકલેલી તે કામદારે તે લાગત આ કોરટના નામના શેરો નં. ૧૩૬ તા. ૬-૬-૯૧ નો કરી મે. નવસારી સરકામદારસાહેબ મારફત રવાના કર્યો. તે તેઓએ છેવટ જા. નં. ૧૦૫૨ તા. ૧૮-૬-૯૧ ના શેરાથી પરત મોકલ્યા ઉપરથી આજમ નોંધણીકામદારે નં. ૪૫ તા. ૨૨-૬-૯૧ થી આ કોરટના નોંધણીખાતામાં મોકલ્યો તે ખાતાતરફથી નં. ૩૮૦ તા. ૨૪-૬-૯૧ થી આ તરફ મોકલ્યું તે ઉપરથી આ પ્રકરણ ઉત્પન થયું છે.

સદરના પક્ષકારો દરમિયાન સં. ૧૯૪૧ ના આસો વદી ૬ દિને દસ્તાવેજ થએલાની નકલ આવીછે. તેનો મુદ્દાનો મજકુર નિચે મુજબછે:—

"જત લખી આપું છું કે તમારે અમારે ઘસાયું સરવે નં. ૧૨૭ એકસો સતાવીસનું તેમાં હમોએ હમારો કબજો વસા આઠ ખેડાણ છે તેને લગત અમોએ ઘાસ કાપેલું

---

* દા રટાં. ખુ. ર. નંબર ૧૪૫ સન ૧૮૯૦-૯૧.

તે બાબતમાં તમોએ અમારા ઉપર કબજાપ્રવેશની ફરીયાદ કરેલી તે આજ રોજ તે બાબત હમોએ મળી રૂ. ૫ લેવાના કર્યા છે તે તથા જમીન હમારા કબજામાં છે વસા આડ નવીજમાબંદીમાં કબજો હમારે છોડી દેવો સહી. એ બાબત હમારે કાંઇ તકરાર રહી નથી. એ વિષે ચાલુ કામમાં રાજીનામું આપવાનો ઠરાવ કર્યો છે તેથી આ દસ્તાવેજ લખી આપ્યો છે ને એ સંબંધી હમારા પાસે બે વરસના ગણોતના રૂપીઆ માગો છો તે આપવા સહી. હવેથી આગળના ગણોતોના રૂપીઆ હમારે તમારે આ. વિગેરે લેણદેણ રહ્યું નથી. હવે હમારે તમારે આ જમીન બાબત કઇ તકરાર રહી નથી. તા. ૨૯–૧૦–૮૫. આ વિપુની જમાબંદી જ્યાંહાં સુધી થાય ત્યાંહાં સુધી એ જમીનના રૂ. ૨ પટેલતલાટીને હમારે ભરવા સહી તા. મજકુર. સદર જમીન ધાતવા તાલુકે કામરેજની સીમમાં છે."

સહી. સાખ.

* * * * * *

રાવસાહેબ તપાસણીકામદાર પોતાની યાદીમાં એમ લખે છે કે, આ દસ્તાવેજ એક જાતનો કરાર છે એમાં બે બાબતા છે. એક, કરાર તથા બીજી દરવરસે રૂ.૨ આપવા બાબત કબુલી છે. આ કરારને માટે સ્ટાંપ રૂ. ૦–૮–૦ નો તથા નોંધણીની લાગત રૂ. ૨ લેવી જોઇએ. બીજી ગણોત બાબત છે તે બાબત સ્ટાંપ રૂ. ૦–૨–૦ નો તથા નોંધવાની લાગત રૂ. ૦–૨–૦ લીધી છે તે બરોબર છે. પ્રથમનો કરાર સ્વતંત્ર માનવાનું કારણ એવું છે કે, એ કરારથી જમીનની માલકી કરીલેનારની માની છે તથા નવીન જમાબંદીમાં કબજો છોડાવવાનો કરાર કર્યો છે. આજમ નોંધણીકામદારે આ દસ્તાવેજને ફક્ત ગણોતનો ગણી લાગત લીધી છે વિગેરે.

આજમ નોંધણીકામદાર પોતાના શેરામાં લખે છે કે, લેખની જમીન મુળ કરીલેનારની છતાં તેનો ગૈરકાયદે કબજો કરીઆપનારે કરેલો તે બાબત થયેલી તજવીજ લેખમાં બતાવી નથી. સરવે વખત તે કબજો છોડવા કરાર કરી ત્યાંહાં સુધી દરસાલ રૂ. ૨ પટેલ વિગેરેને ભરવા બંધાય છે, તેથી બીજા કરાર આ કબુલતના અંગભૂત ગણ્યા છે વિગેરે.

ઠરાવ.

હાલનો લેખ નવીન સ્ટાંપનિબંધ અમલમાં આવ્યા પેહલાંનો થએલો છે. માટે તે ચાલુ નિબંધના અમલમાં આવતો નસ્તા તેને જુનો સ્ટાંપનિબંધ લાગુ થાય છે. આ લેખમાં કબજો છોડવાના કરાર સાથે બે વરસના ગણોતના રૂપોઆ આપવા અને નવી જમાબંદી થાય ત્યાંહાં સુધી એ જમીનના રૂ. ૨ પટેલ તલાટીને ભરવા, એવી જવાબદારી લીધેલી જણાય છે.

આ સંબંધે લાગત કેટલી થાય એ નક્કી કરવા એ જુના સ્ટાંપનિબંધની નિશાણી ૧ જોતાં તેની કલમ ૧ માં કબજો છોડવો એવા મોઘમ લેખને માટે આઠ આનાની લાગત છે, તેટલી લાગત લેવી જોઇએ; ને તે શિવાય લેખમાં બે વરસના ગણોતના રૂપીઆ આપવાનો જે કરાર છે તેમાં રકમ નક્કી થવા જેવી છતાં લખેલી નથી તેમ નવી જમાબંદી થતાં સુધી જે રૂ ૨ દરસાલ આપવાનો કરાર છે તે જમાબંદી પક્ષકારની સમજુત પ્રમાણે કેટલી મુદત પછી થવાની તે લેખમાં જણાવેલું ન હોવાથી તે બાબત સંબંધે રજુકરનારથી તપાસ કરી લેઈ જેટલી રકમ થાય તે ઉપર એ નિબંધ પ્રમાણે નિશાણી ૧ મુજબ લાગત દંડ વિગેરે સહ ગણી લેવી જોઇએ. એમ અમે ઠરાવીએ છીએ.

---

૨૯. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખાનબાહાદુર અબ્બાસ શમ્સુદીન તૈયબજી, જજ્જ, એઓસાહેબની રૂબરૂ *.

ફેસલ તા. ૧–૭–૯૧.

વકીલ ભાઇચંદ હરીલાલ તરફે વહીવટ કરનાર લલુ ભાઇચંદ રેહેવાશી ડભોઇ.	દસ્તાવેજ કરીલેનાર.
નરહરી ચંદુલાલ રેહેવાશી ડભોઇ.	દસ્તાવેજ કરીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે મોંઘણીખાતામાટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલોછે).

ભિન્ન બાબતનો દસ્તાવેજ, જેમાં વિક્રીખત તથા ખતના સ્વરૂપની બાબતો જણાવેલી– પરિશિષ્ટ ૧, રકમ ૨૯ તથા ૮.

કરજની રકમ રૂ. ૧૦૦ દેવી હતી તેથી દેવાદારે તે પેટે એક હુકમનામું રૂ. ૪૭–૭–૯ નું લેણદાર સાવકારને વેચાણ આપ્યા વિષે તથા બાકીની રકમ માટે વ્યાજ આપવાનો કરાર કર્યા વિષે દસ્તાવેજ સહીસાક્ષી સાથે કરી આપેલો હતો. ઠરાવ થયો કે,—

'એ દસ્તાવેજ નિબંધની કલમ ૭, રકમ ૧ પ્રમાણે ભિન્ન બાબતો સંબંધે થયેલો છે. માટે હુકમનામું વેચાણ આપ્યું છે તે બાબત વેચાણખત પરિશિષ્ટ ૧, રકમ ૨૯ પ્રમાણે સ્ટાંપની લાગતને પાત્ર છે. બાકીની બાબત 'ખત' ના સ્વરૂપની છે તેથી તે બાબત, પરિશિષ્ટ ૧, રકમ ૮ પ્રમાણે, સ્ટાંપની લાગતને પાત્ર છે.

---

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૭૪ સન ૧૮૯૦–૯૧. આ ઠરાવ આજ્ઞાપત્રિકા, ભાગ ૨ માં, વા. ૬–૮–૯૧ ના રોજ પૃષ્ઠ ૧૪૫–૧૪૬ ઉપર પ્રસિદ્ધ થયો છે તથા વડોદરાવત્સલમાં વા. ૧૬–૮–૯૧ ના રોજ પૃષ્ઠ ૭ ઉપર છાપેલો છે.

હકીકત.

આ પ્રકરણ રાવસાહેબ નોંધણી તપાસણીકામદારના શેરા નં. ૨૭૧ તા. ૧-૧-૯૧ નો આ કોરટ તરફ મોકલ્યાથી ઉત્પન્ન થયું છે—

એ લખાણ સાથે સદરના પક્ષકારના દરમિયાન તા. ૧૪-૬-૯૦ ને રોજ થયેલા લેખની નકલ આવી. તેનો મુદ્દાનો મજકુર નિચે પ્રમાણે છેઃ-

"જત આ દસ્તાવેજ લખી આપું છું કે, તમારા બાપ ભાઇચંદ હરીલાલને અમોએ મુકદમા નંબર ૪૫૯ સન ૧૮૮૪—૮૫ ના કામમાં વકીલ કરેલા તેની વકીલાતના રૂપીઆ, અમારી માતોશ્રી બાઇ દેવલક્ષ્મીએ વકીલ કરેલા તેના, તથા અમોએ વકીલ કરેલા તથા અમોએ રોકડ ઉપાડ કરેલો તે મધ્યેના બાકી તથા કોરટમાં ખરચ દરખાસ્તોનો ભરેલો તે સરવેનો હીસાબ આજરોજ મોઢેથી કરી નક્કી કર્યા તે રૂ. ૧૦૦ અંકે સો બાબાશાઇ દેવા. તે પેટે અમારી માતોશ્રીબાઇ દેવલક્ષ્મી (નું) મુકદમા નંબર ૪૫૯ સન ૧૮૮૪—૮૫ ના કામમાં હુકમનામું ખરચનું રૂ. ૪૭—૭—૯ નું તમોને વેચાણ આપ્યું છે તે હુકમનામાની દરખાસ્ત વાદી ઉપર તમો તમારા નામથી આપી વસુલ લેજો, તેમાં અમારે કંઇ તકરાર નથી. તો એ રૂપીઆ જતાં બાકી રહેલા તે રૂપીઆનું વ્યાજરામ ૧૦ લેખે મોળું કર્યું છે, તે પ્રમાણે ગણીને આપીએ. આ દસ્તાવેજ લખી આપ્યો તે અમારે તથા અમારા વાલીવારસોને કબૂલ મંજૂર છે તા. * * *"

અત્ર મતુ. અત્ર સાખ.

* * * *

રાવસાહેબ તપાસણી કામદાર લખે છે કે, આ લેખમાં પાછલા હીસાબની વાત લખી છે ને રૂપીઆ ૧૦૦ બાકી દેવા કાઢયા છે ને તે પેટે હુકમનામું વેચાણ કર્યું છે ને એ વેચાણ બદલ જૂદો લેખ થયો નથી. અભિપ્રાય એમ બતાવે છે કે, જૂદી જૂદી બાબત એ દસ્તાવેજમાં છે તેથી તે ઉપર સ્ટાંપ જોઇએ. આ પ્રકરણ સ્ટાંપ સંબંધે નોંધણીખાતામાટે થયેલા નિયમની કલમ ૧૧ (ખ) મુજબ મોકલ્યું છે.

ઠરાવ.

હાલના લેખમાં લખીઆપનારે પાછલી બાકી નક્કી કરી રૂ. ૧૦૦ દેવા કબૂલ કર્યા છે, ને તે દેવા પેટે એક હુકમનામું રૂ. ૪૭-૭-૯ નું વેચાણ આપ્યું છે અને તે જતાં બાકીની રકમ રહી તેને વ્યાજનો કરાર કરી આપી લેખ તળે પોતાની સહી કરી છે અને લેખ ઉપર સાક્ષીઓ પણ થયેલી છે.

આ રીતે આ લેખને નિબંધની કલમ ૩ રકમ ૩ (ખ) મુજબ ખતની વ્યાખ્યા લાગુ થાય છે. અને હુકમનામું વેચાણનો મજકુર તેમાં છે તેને પરિશિષ્ટ ૧. રકમ ૨૯ માનું 'વિક્રીખત' માનવાનું છે (જુઓ આ કોર્ટનો સ્ટાંપ ખુલાસા નંબર ૩૯ સન ૧૮૮૯–૯૦ ફેસલ તા. ૩–૯–૯૦)(૧). આમ હોવાથી નિબંધની કલમ ૭ ની પેહેલી રકમ આ લેખને લાગુ થાય છે, કેમકે તેમાંની પ્રત્યેક બાબત એક બીજાથી બીલકુલ સંબંધ રાખતી નથી, એટલે, ઉપર જણાવેલી બેઉ વ્યાખ્યાઓ એકી વખતે તેને લાગુ થાય છે. માટે આ લેખને સદર કલમ ૭ ની પેહેલી રકમ મુજબ દરેક વ્યાખ્યા બાબત જૂદી લાગત પડે એવા સ્વરૂપનો તે છે એમ અમે ઠરાવીએ છીએ.

તેની લાગત કેવી રીતે આકારવી એ પ્રશ્ન વિષે વિચાર કરતાં હુકમનામું રૂ ૪૭–૭–૯ ની રકમમાં વેચાણ કરીઆપેલું છે, માટે પરિશિષ્ટ ૧. રકમ ૨૯ મુજબ તેટલાક 'વિક્રીખત' ને રૂપીઓ ૧ લાગત જોઇએ. બાકીનો ભાગ નિબંધની કલમ ૩ રકમ ૩ (ખ) મુજબનો 'ખત' નો ભાગ રહ્યો તેની લાગત વિષે પરિશિષ્ટ ૧. રકમ ૮ જોતાં તેમાં ૫૦ થી ૧૦૦ સુધી આઠઆના ઠરાવેલા છે, તેથી હાલના લેખનો ઉપર દરશાવ્યા પ્રમાણેનો ખતનો ભાગ રૂ. ૧૦૦ નું ખત ગણવું કે વેચાણખતની રૂ.૪૭–૭–૯ ની રકમ બાદ કરતાં રૂ. ૫૨–૮–૩ રહેછે તેટલાનું ખત ગણવું એ પ્રશ્ન બાજુ ઉપર રાખીએ છીએ, કેમકે, ગમે તે રકમનું એ ખત ગણતાં તેને આઠઆનાનોજ સ્ટાંપ લાગે છે. તેથી એ પ્રશ્નનો આ પ્રકરણના લેખ સારૂ નીકાલ કરવાની જરૂર રહેતી નથી.

" સબબ અમે હુકમ કરીએ છીએ કે, આ લેખને વિક્રીખત તરીકે રૂ. ૧ નો અને ખત તરીકે રૂ. ૦–૮–૦ નો મળી એકંદર રૂ. ૧–૮–૦ નો સ્ટાંપ લાગવો જોઇએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ શમ્સુદીન તૈયબજી, જજ્ય, એઓસાહેબની રૂબરૂ.* ઈ. તા. ૨૮–૭–૯૧

વોહોરા વીરજી રામજી તથા. ઠા. ગોકળદાસ વીઠલ રેહેવાશી અમરેલી.	પંચનો ઠરાવ કરાવી લેનાર.

(નવાસ્ટાંપનિબંધની કલમ ૪૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલોછે).

પંચનો ઠરાવ—નિવાડામાં સર્વે મિલકતની કિંમત ન લખ્યાથી તે કરી લેવા વિષે—પરિશિષ્ટ ૧, રકમ ૨૧.

કોરટે નિમેલા પંચોએ કરેલા ઠરાવના લેખને પરિશિષ્ટ ૧, રકમ ૨૧ પ્રમાણે સ્ટાંપની લાગત

* દી. સ્ટાં. ખુ. ૨. નંબર ૧૪૧ સન ૧૮૯૦–૯૧. આ ઠરાવ આજ્ઞાપત્રિકા ભાગ ૨ માં તા. ૬–૮–૯૧ ના રોજ પૃષ્ઠ ૧૪૬–૧૪૭ ઉપર પ્રસિદ્ધ થયો છે તથા વડોદરાવત્સલમાં તા. ૨૩–૮–૯૧ ના રોજ પૃષ્ઠ ૭ ઉપર છાપેલોછે. (૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૫૬ ઉપર છે.

પડવાની છે. જો તેમાં જે મિલકત સબંધે ઠરાવ કરેલો હોય તે સર્વે મિલકતની કિંમત જણાવેલી ન હોયતો તે નક્કી કરી તે ઉપર પરિશિષ્ટ ૧, રકમ ૨૧ (ક) પ્રમાણે સ્ટાંપની લાગત લેવાની છે. પરંતુ જો મિલકતની કિંમત નક્કી તેમાં બતાવવામાં ન આવે તો, રકમ ૨૧ (ખ)માં જણાવેલો રૂ.૫ નો બેરસ્ટાંપ પંચના ઠરાવને કાયદા પ્રમાણે લેવાનો છે.

હકીકત.

આ પ્રકરણ મે. અમરેલીપ્રાંતના સુબાસાહેબ તરફથી જા. નં. ૩૪૭ તા. ૧૧-૯-૯૧ની યાદી આવ્યા ઉપરથી ઉત્પન્ન થયું છે.

સદર યાદી સાથે સદરના પક્ષકારનો ખાનગી પંચે કરેલો અસ્સલ ઠરાવ સં. ૧૯૪૭ ના ફાગણ સુદી ૧૩ સોમવારનો આવ્યોછે. તેનો મજકુર નીચે મુજબ છે:—

"વોહોરા. ગીરધર રામજી, તથા પરી. ત્રીકમજી મોરાર, ઠા. પીતાંબર પુંજા, તથા વોહોરા કમળસી જીવરાજને, જત. અમો પંચ જણ ૪ મળી વોહોરા. વીરજી રામજી, તથા ગોકળદાસ વીઠલ મજમુન કરાર ખાતા વિગેરેની હતી, તે ઉપરના પંચ જણ ૪ ઉકેલ કરે તેની વિગત:—

મજમુ વહીવટનો ઉકેલ તથા તમોને ઉઘરાણી મજમુની રૂ. ૧૨૭ માં વેચાણ આપેલી હતી તેના એકંદર રૂ. ૧૫૦. કુંપની અંકે રૂપીઆ દોઢસોનો ઠરાવ કર્યો તે ઠા. ગોકળદાસ વીઠલની વતી વોહોરા. ભગવાન ગીરધર ઘરઘરાઉ વોહોરા વીરજી રામજીને આપે; ઉઘરાણી વેચાણ રાખેલીમાં કોઇ.વોહોરા. વીરજી રામજી પાસે લેહેણું બતાવી ઉઘરાણી બતાવે તે પણ આ ઠરાવથી રદ છે. વીરજી વોહોરાને લેવા દેવા નથી. બન્ને જણને ફારગતી સામસામી કરીઆપી છે. ઠા. ગોકળદાસ વીઠલ તથા વીરજી રામજીને મજમુ ગામનું તથા દેશાવરનું દેવું રહ્યું હોય તો વોહોરા. વીરજીરામજીને શીર છે. આજ દીન સુધી બન્ને જણને કુલ અભરામ નદાવા છે.

સંવત ૧૯૪૭ ના ફાગણ સુદી ૧૩ ને સોમવારનો આ પંચે ઠરાવ કર્યો તે કબૂલ છે."

સહીઓ પક્ષકારની. * * *

સહીઓ પંચોની * * *

પક્ષકાર પૈકી ઠા. ગોકળ વીઠલે આ સાદા કાગળ ઉપરનો પંચનો ઠરાવ નિબંધની કલમ ૩૫ મુજબ સ્ટાંપ ચોઢી આપવા મે. સુબાસાહેબની તરફ રજુ થયો. તે ઉપરથી સદર નંબરની યાદીથી મે. સુબાસાહેબ લખે છે કે પરિશિષ્ટ ૧, રકમ ૨૧ પૈકી નિશાણી (ક) પ્રમાણે 'જે મિલકત સંબંધી પંચનો ઠરાવ હોય તે માલ મિલકતની રકમ કિંવા કિંમત' દાખલ કરવાની તે કરી નથી, તેથી લાગત લેવાની તે નિશાણી (ક)

પ્રમાણે કે (ખ) પ્રમાણે લેવી એ ખુલાસાની જરૂર છે. નિશાણી (ખ) માં 'બીજા કોઇ પણ પ્રસંગે રૂ. ૫' લખેલા છે, તે ઉપરથી નિબંધની કલમ ૪૧ પ્રમાણે આ ખુલાસો પુછવામાં આવે છે, ને પોતાના અભિપ્રાય તરીકે તેઓ એમ જણાવેછે કે, પરિશિષ્ટ ૧, કલમ ૨૧ પેકી નિશાણી (ખ) પ્રમાણે લાગત રૂ. ૫ તથા દર્શપટના રૂ. ૫૦ મળી રૂ.૫૫ અરજદાર પાસેથી લેઇ સ્ટાંપ લગાડવો.

ઠરાવ.

હાલનો લેખ કોરટે નહીં નિમેલા એવા પંચોએ કરેલો ઠરાવ છે. એવા લેખને પરિશિષ્ટ ૧, રકમ ૨૧ માં લાગતનો ઠરાવ દરશાવેલો છે. એ ઠરાવમાં રૂ. ૧૦૦૦ સુધીની કિંમત અથવા રકમની મિલકત માટે એજ પરિશિષ્ટની રકમ ૮ માંના 'ખત'ની સ્ટાંપ લાગતનો દર બતાવેલો છે; અને તે ઉપરાંત કિંવા જ્યાંહાં રકમ અગર કિંમત લાગુ કરી નશકાય એવો પંચનો ઠરાવ હોય, ત્યાંહાં રૂ. ૫ ની ઉચ્ચક લાગત ઠરાવેલી છે.

હાલના લેખમાં ઉઘરાણી સંબંધે રૂ. ૧૫૦ નો ઠરાવ તો સ્પષ્ટ લખેલો છે. પણ ગોકળ વીઠલનું ગામનું તથા દેશાવરનું કંઇ દેવું રહ્યું હોય તો વીરજી રામજીને શીર નાખ્યાનો જે મજકુર છે તે ઉપર પણ સ્ટાંપ લાગત કાયદા પ્રમાણે પડવાની છે. કેમકે સદર રકમ ૨૧ (ક) માં જે મિલકત સંબંધી ઠરાવ કર્યો હોય તે મિલકતની રકમ અગર કિંમત ઉપર લાગત લેવા બદલ ફરમાન છે. માટે તે ઉઘરાણીની રકમ હવે નક્કી કરી લેઇ ઉપર લખેલા રૂ. ૧૫૦ માં ઉમેરી જે રકમ એકંદર થાય તે ઉપર લાગત રકમ ૨૧ મુજબ ગણી જે થાય તેટલી કિંમતનો સ્ટાંપ આ લેખને કાયદા પ્રમાણે લગાડવો જોઇએ.

વીરજી રામજીઉપર જે ઉઘરાણીનો બોજો ઠરાવથી પંચોએ નાંખ્યો છે તે રજુકરનાર બતાવી ન શકે તો પછી સદર રકમ ૨૧ ની પેટા રકમ (ખ) માં બતાવેલો રૂ. ૫ ની કિંમતનો ભરસ્ટાંપ રજુકરનારે કાયદા પ્રમાણે લેખને લગાવવો જોઇએ.

ટિપ—આ સંબંધે નોંધણીખાતાનો પત્રવાડે પૃ. ૪૭--૪૮ ઉપર ખુલાસા તરીકે ઠરાવ છે તે જુઓ. કારણ હાલના લેખ ઉપર પંચોની તથા પક્ષકારોની સહીઓ છે, તેથી આ લેખ વેહેંચણપત્રના સ્વરૂપનો થઈ શકે. જુઓ, ઇ. લા. રી. ૯, મુંબઇ પૃષ્ઠ ૫૦ ઉપરનો ઠરાવ. પરંતુ એ પ્રશ્ન આ કામમાં નહોતો એવું દિસે છે. પુ. છા.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ શમ્સુદ્દિન તૈયબજી, જજ્જ, એઓસાહેબની રૂબરૂ *

ફેસલ તા. ૪-૭-૯૧

મેહેતા. બાપુલાલ ત્રીભુવનદાસ રેહેવાસી પાટણ. દસ્તાવેજ લખીલેનાર.

રજપુત ગગા બનાજી રેહેવાશી કુણગેરના. દસ્તાવેજ લખીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

સરતી બક્ષીસપત્ર કિંવા વેચાણખત—પરિશિષ્ટ ૧, રકમ ૨૪, તથા ૨૯—બક્ષીસ આપેલી મિલકતની કિંમત નક્કી કરવી.

દસ્તાવેજમાં મુદ્દાનો મજકુર એવો હતો કે, દસ્તાવેજ લખીઆપનારની જમીન સાવકારોને ત્યાંહાં ગીરો આપેલી હોવાથી તે તેમના તાબે ગયેલી, તેથી તે પાછી આવે એ માટે દસ્તાવેજ કરીલેનારને તે જમીન પૈકી ચોથો ભાગ એવી સરતોથી લખી આપેલો કે,–એ જમીન દસ્તાવેજ કરીલેનારે અગાઉ ખરચ કરી તથા જરૂર પડે તો દાવા લઢી પાછી લેવાની તજવીજ તેણે કરવી, અને જે ખરચ થાય તથા ગીરોની રકમ આપવી પડે તેનો ચોથો ભાગ કરીલેનારે ભોગવવો. એવી રીતે જે જમીન સ્વાધીન થાય તેમાંથી પસંદી પ્રમાણે ચોથો ભાગ તેણે સ્વાધીન કરી લેવો, તથા કરીઆપનારે સ્વાધીન કરી આપવો, વિગેરે. એવી સરતોથી જમીનનો ચોથો ભાગ અક્ષરામનદાવે કરીલેનારને આપેલો હતો. ઠરાવ થયો કે,–

એ દસ્તાવેજ એક રીતે સરતી બક્ષીસપત્ર (પરિશિષ્ટ ૧, રકમ ૨૪)ના તથા બીજી રીતે વેચાણખત (પરિશિષ્ટ ૧, રકમ ૨૯)ના, સ્વરૂપમાં આવે છે. માટે નિબંધની કલમ ૭ ના ધોરણ મુજબ તે બક્ષીસપત્ર ગણી લાગતને પાત્ર થાય છે.

બક્ષીસ આપેલા ચોથાભાગની જમીનની કિંમત દસ્તાવેજમાં જણાવેલી નથી માટે તે નક્કી કરી પરિશિષ્ટ ૧, રકમ ૨૪ પ્રમાણે સ્ટાંપની લાગત લેવાની છે.

હકીકત.

રાવસાહેબ નોંધણી તપાસણીકામદારની યાદી નં. ૯૦૫ તા. ૯-૬-૯૧ ની આ કોરટની નોંધણીશાખાના નામથી મોકલેલી તે તરફથી નંબર ૩૬૦ તા. ૧૨-૬-૯૧ ના શેરાથી આ દફતરે આવેથી આ પ્રકરણ ઉત્પન્ન થયું છે.

સદર સોબત ઉપરના પક્ષકારના દરમિયાન સં. ૧૯૪૬ના અધીક ભાદરવા સુદ ૬ વાર ગુરૂને રોજ લેખ થયાની નકલ આવી છે. તેનો મુદ્દાનો મજકુર નિચે પ્રમાણેઃ—

"જતરે લખી આપું છું વસી ગામ તળપદની મારી માલકીની જમીન નંબર * * * ની નવીન વીઘાં ૩૪–૧૧–૧૦ * * * વસી ગામના કણબીઓને

---

* ક્રી. રટા. પુ. ૨. નંબર ૧૩૪ સન ૧૮૯૦—૯૧.

ત્યાંહાં ગીરો (અડાણવટ) છે તે જમીનમાંથી એક ચતુર્થાંશ (ચોથા ભાગ) જમીન ૮–૧૨–૮૭ આઠ વિંઘાં બાર વસા સત્તર વીસવાસી આજ રોજ નિચેના કરારથી કુલ અભરામે આપું છું. તેના કરારની વિગત નિચે પ્રમાણેઃ—

૧. સદરહુ જમીન કણબીઓને ત્યાંહાં ગીરો છે, તે છોડાવી લેવી. દાવા કરવાના તેમાં દાવાનું ખરચ કરવું પડે તે હાલ તમારે કરવું, અને તે ખરચ પૈકી એક ભાગ તમારો. ચોથા હિસ્સા મુજબ કપાત જતાં, બાકીના ત્રણ હિસ્સાનો ખરચ મારે તમને મજરે આપવો.

૧. સદરહુ જમીન ગીરોરાખનાર પાસેથી છુટી આપણે સ્વાધીન થયે ગીરોની રકમ આપવાની તેમાં ત્રણ ભાગની મારે આપવી, અને ચોથા હિસ્સા મુજબ એક ભાગની તમારે આપવી.

૧. સદરહુ જમીન જેમ જેમ જેટલી તાબે મળે તેમાંથી તમારા ભાગની ચોથે હિસ્સે જમીન તમારી પસંદા પ્રમાણે તમોએ તેમાંથી સ્વાધીન કરી લેવી, અને મારે પણ તેમને સ્વાધીન સ્વસંતોષથી તમારે સ્વાધીન કરવી. તે જમીન કબી ગીરોરાખનાર પાસેથી ચઢાવાના રૂપીઆ લેઇ આપણી હરદાની સમતીથી ગીરોરખનાર તરફ રેહેવા દેવી પડે તો ચઢાવાના મળેલા રૂપીઆ હીસ્સા મુજબ તમો અમોએ લેવા, અને ચઢાવાના રૂપીઆ લેવાની તમારી મરજી નહોય તો ચોથા ભાગ મુજબ જમીન તમોએ તમારે સ્વાધીન કરી લેવી.

ઉપર પ્રમાણે કરાર સાથે વિંઘાં ૩૪-૧૧-૧૦માંથી વિંઘાં ૮-૧૨-૧૭ જમીન તમોને કુલ અભરામે આપુ છું. તેમાં મારો તથા મારો વાલીવારસોનો કોઇપણ પ્રકારે હક્ક દાવો નસ્તા સ્વતંત્ર તમારી માલકીની છે. તે તમો યાવતચંદ્રદીવાકર સુધી ભોગવજો, ભોગવાવજો, અગર તમારી મરજી મુજબ વ્યવસ્થા અને ઉપભોગ કરજો. તેમાં મારો તથા મારા વાલીવારસોનો કોઇ પણ રીતે હક્ક દાવો અને સંબંધ નથી. આ લેખ મારી રાજી ખુશીથી. * * * *."

સહી. સાક્ષી.

* * * *

(આ લેખને સ્ટાંપ રૂ. ૦–૮–૦ નો હતો).

શાવસાહેબ તપાસણીકામદાર પોતાની સદર યાદીમાં લખે છે કે, નિયમની કલમ ૧૧ (ખ) મુજબ ખુલાસો પુછયોછે, કે આ લેખને કરાર ગણી નોંધણીકામદારે રૂ. ૦-૮-૦ નો સ્ટાંપ બસ માન્યોછે, તે બરોબર નથી, અને અભિપ્રાય આપે છે કે, આ લેખ સરતી વેચાણ યા ગીરવીખતના સ્વરૂપનો ગણવો. તથા તેના વાર્ષીક ઉત્પન્ન ઉપર દશપટ ગણીને લાગતની આકારણી કરવી જોઇએ વિગરે.

ઠરાવ.

હાલના લેખથી લખીઆપનારે પોતાની બીજા શખસો પાસે ગીરો પડેલી જમીન અગાઉ ખરચ કરી તથા જરૂર પડે તો દાવા લઢી મળવાની સરતે તે જમીનના ચોથા ભાગ ઉપરનું પોતાનું સ્વામીત્વ કુલ અભરામે લખીલેનારને લખી આપ્યું છે. એ ચોથો ભાગ, જેમ જેમ જમીન તાંબે થાય તેમાંથી પોતાની મરજી પસંદ કાહાડી લેવો એવો પણ કરાર લખી આપેલો છે; એ ચોથા હીસ્સાની જમીન ઉપરની ગીરોની રકમ જે થાય તે આપવાનું લખીલેનારને માથે ઠરાવ્યું છે, ને બાકીની જમીન ઉપરની ગીરોની રકમ જે આપવી પડે તે લખીઆપનારે પાછળથી મજરે આપવાની છે, તથા એકંદર જમીન મેળવતાં જે ખરચ થાય તે ભાગ પ્રમાણે જેનો તેનેમાથે રાખેલો છે.

એ કુલઅભરામે આપેલા ચોથા હિસ્સાની જમીનના સ્વામિત્વના બદલામાં કંઇ અવેજ લખીલેનાર તરફથી મળવાનો લેખમાં ઠરાવ નથી. એટલે વગર મોબદલો આટલીજમીનનું સ્વામિત્વ આપ્યાનો આ લેખ પરિશિષ્ટ ૧, રકમ ૨૪માંના બક્ષીસપત્રના સ્વરૂપનો ઠરેછે. અને તેમાં અમુક સરતો પાળવાની જવાબદારી લખીલેનાર ઉપર રાખેલી છે તેથી તે સરતીબક્ષીસ થાય છે.

બીજી નજરે જોતાં અગાઉ ખરચ કરવાનું જોખમ તથા સરકારમાં દાવા લઢવાનો ત્રાસ અને સ્વામિત્વ આપ્યાનો કિંમતી મોબદલો ગણીએ તો લેખનું સ્વરૂપ વેચાણખતનું પણ થઇ શકે, (પરિશિષ્ટ ૧, રકમ ૨૯).

આ બેઉ પ્રકારને માટે લાગતનો નિયમ પરિશિષ્ટ ૧ માં એકજ ઠરાવેલો છે, પણ આ પ્રકરણમાં વેચાણને માટે લાગત કેટલી લેવી એ પ્રશ્ન થઇ પડે છે. તેનો નિર્ણય કરવાની જરૂર નથી, કેમકે તેમ ગણતાં લાગતનો અંશ કમી થતો હોય તો નિબંધની કલમ ૭ ના ધોરણે વધારે લાગત જે વ્યાખ્યામાટે થાય તે વ્યાખ્યાનો લેખ ગણીને લાગત નક્કી કરવાની છે તે મુજબ આ લેખ 'બક્ષીસપત્ર' ગણી લાગત લેવી જોઇએ.

આપેલી જમીનની કિંમત લેખમાં જણાવી નથી અને એ ચોથા ભાગની જમીનની કિંમત ઉપર માત્ર લાગત નક્કી કરવાનો માર્ગ રહેલો છે. (જુઓ પરિશિષ્ટ ૧,

રકમ ૨૪), તેથી તેની કિંમત નક્કી કરી લઇ તે કિંમત ઉપર પરિશિષ્ટ ૧ રકમ ૨૯ મુજબ લાગત ગણીને તે કાયદા પ્રમાણે લેવાની છે. લેખ પાછો અપાઈ ગયો નહીં હશે ને ઉપર પ્રમાણે કિંમત વિગેરેની માહિતી રજુકરનાર નહીં બતાવે તો, ઉપર પ્રમાણે લાગત લેવા સંબંધે કાયદેસર તજવીજ થવા લેખ અટકાવી માંતનાસુબા તરફ મોકલવો એવો અમે ઠરાવ કરીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, એઓસાહેબની રૂબરૂ*

ફેસલ તા. ૪-૭-૯૧.

રજપુત જેસંગજી મેરજી રેહેવાસી વસી તાલુકે વડાવળી. દસ્તાવેજ લખીલેનાર.

ચુવાણ હીરાજી માનાજી, તથા લાલાજી હીરાજી રેહેવાશી વસી તાલુકે મજકુર. } દસ્તાવેજ કરીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

સરતી બક્ષીસપત્ર કિંવા વેચાણખત—પરિશિષ્ટ ૧, રકમ ૨૪, તથા ૨૯.

દસ્તાવેજમાં મુદ્દાનો મજકુર એવો હતો કે, દસ્તાવેજ લખીઆપનારની જમીન સાવકારોને ત્યાંહાં ગીરો આપેલી હોવાથી તેમના તાબે ગયેલી તેથી તે પાછી આવે એ માટે દસ્તાવેજ કરીલેનારને તે જમીન પૈકી અડધો ભાગ એવી સરતોથી લખી આપેલો કે, દાવો કરી ગીરોદારની પાસેથી જમીન છોડાવી લેવામાં જે ખરચ થાય તે ખરચ કરીલેનારે અગાઉથી કરવો, તથા જે ખરચ થાય તેનો તથા ગીરોદારને જે રકમ આપવી પડે તેનો અડધો હિસ્સો કરીલેનારે ભોગવવો, તથા એવી રીતે જે જમીન ગીરોદાર તરફથી સ્વાધીન થાય તેમાંથી અરધા હિસ્સાની જમીન પસંદી પ્રમાણે કરીલેનારને સ્વાધીન કરી આપવી, વિગેરે. એવી સરતોથી જમીનનો અડધો ભાગ કરીલેનારને આપેલો હતો. ઠરાવ થયો કે,—

આ દસ્તાવેજ એકરીતે બક્ષીસપત્ર (પરિશિષ્ટ ૧, રકમ ૨૪) ના, તથા બીજી રીતે વેચાણખત (પરિશિષ્ટ ૧, રકમ ૨૯) ના, સ્વરૂપમાં આવે છે, તથા નિબંધની કલમ ૭ ના ધોરણ મુજબ તે બક્ષીસપત્ર ગણી લાગતને પાત્ર થાય છે.

બક્ષીસ આપેલા અડધા ભાગની જમીનની કિંમત દસ્તાવેજમાં જણાવેલી નથી, માટે તે નક્કી કરી પરિશિષ્ટ ૧, રકમ ૨૪ પ્રમાણે સ્ટાંપની લાગત લેવાની છે.

દી. સ્ટાં. ખુ. રે. નંબર ૧૩૪ સન ૧૮૯૦–૧૮૯૧ ફેસલ તા. ૪–૭–૯૧ નો ઠરાવ લાગુ કર્યો છે. (૧)

---

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૧૩૫ સન ૧૮૯૦-૯૧.

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૩૫૫ ઉપર છે.

હકીકત.

રાવસાહેબ નોંધણી તપાસણીકામદારની યાદી નં. ૯૦૫ તા. ૯-૬-૯૧ ની આ કોરટના નોંધણીદફતરના નામથી મોકલેલી તે દફતરથી નં. ૩૬૦ તા. ૧૨-૬-૯૧ ના શેરાથી આ દફતરે આવેથી આ પ્રકરણ ઉત્પન્ન થયું છે.

સદર સોબતુ ઉપરના પક્ષકાર દરમ્યાન સં. ૧૯૪૬ ના બીજા ભાદરવા વદી ૪, તા. ૨-૧૦-૯૦, ના રોજ થયેલા લેખની નકલ આવી છે. તેનો મુદ્દાનો મજકુર નિચે પ્રમાણે છેઃ—

"જતરે. લખી આપીએ છીએ કે, વસી ગામ તલપંદની સીમના અમારી માલકીનાં ખેતરાં નંગ ૧૧ જરીફ નંબર. * * * એ રીતે ખેતર નંગ ૧૧ ની જમીન કુલ વિંઘાં ૩૫-૨-૧૫ માંથી અડધી જમીન વિંઘાં ૧૭-૧૧-૭ * * તમોને અમો અમારો તમામ હક ઉઠાવી નિચેના કરારથી આપીએ છીએ, તે કરાર નિચે મુજબઃ—

૧. સદરહુ જમીન ગીરોદાર પાસેથી દાવા કરી છોડાવી લેવામાં દાવાનો જે ખરચ થાય તે હાલ તમારે કરવો, અને તે ખરચ પૈકી અમારા અડધા ભાગ મુજબ ખરચ ભાગે આવે તે અમારે મજરે આપવું.

૧. સદરહુ જમીન બદલ ગીરોદારને જે ગીરોરકમ આપવી પડે તે અમો તમોએ સરખે ભાગે આપવી.

૧. સદરહુ જમીન ગીરોદાર તરફથી સ્વાધીન થયે, ઉપર પ્રમાણે તમારા ભાગની અડધી જમીન બીન હરકતે અમોએ સ્વાધીન કરવી, અને તમોએ તમારી પસંદ પ્રમાણે સ્વાધીન કરી લેવી.

એ રીતે કરારથી ઉપર પ્રમાણે નીમે ભાગની જમીન વિંઘાં × × અમારો તમામ હક ઉઠાવી આપીએ છીએ. એ જમીન સાથે અમારો કોઈપણ પ્રકારનો હક દાવો અને માલકી નથી, તમારી માલકીની છે. આ જમીન સંબંધી બીજો કોઇ દરદાવો કરશે તો તેના જવાબદાર અમો છીએ. આ દસ્તાવેજ અમો અમારી રાજી ખુશીથી * * * *"

અત્ર	મતુ.	અત્ર	સાંખ.
+ × +		× × +	

રાવસાહેબ તપાસણીકામદાર પોતાની સદર યાદીમાં લખે છે કે, નિયમની કલમ ૧૧ (ખ) મુજબ ખુલાસો પુછ્યો છે. તે એ કે આ લેખને કરાર ગણી રૂ. ૦-૮-૦-નો સ્ટાંપ બસ નોંધણીકામદારે માન્યો તે બરોબર નથી. તેઓએ તેમનો પોતાનો અભિપ્રાય આ લેખ સરતી વેચાણ યા ગીરવીખતના સ્વરૂપનો ગણવો, તથા તેના વાર્ષિક ઉત્પંનનું દશપટ કરી તે ઉપર લાગતની આકારણી કરવી વિગેરે એવો દરશાવે છે.

ઠરાવ.

સ્ટાંપ ખુલાસા નંબર ૧૩૪ સન ૧૮૯૦-૯૧, જે બદલ આજરોજ ઠરાવ કરવામાં

આવ્યો છે, તેમાંનો લેખ સાંપ્રતના પ્રકરણના લેખ જેવો છે. ફરક માત્ર એટલોજ છે કે, તે લેખથી તેમાં જણાવેલી સરતોથીજ જમીનનો ચોથો હિસ્સો આપ્યાનું લખ્યું છે. અને આ પ્રકરણના લેખમાં તેજ સરતોથી તેમાં જણાવેલી કુલ જમીનનો અર્ધોભાગ આપ્યાનું લખ્યું છે. એ બેઉ પ્રકરણના લેખોના સ્વરૂપમાં કંઈ ફેર નથી. માટે સ્ટાંપની લાગતને સંબંધે તે પ્રકરણના લેખથી આપેલી જમીનની કિંમત નક્કી કરી લાગત કાયદા પ્રમાણે લેવાની તજવીજ કરવા બદલ ઠરાવ્યું છે, તેજ પ્રમાણે હાલના લેખની લાગત બક્ષીસપત્ર મુજબ નક્કી વિગેરે કરવાની તજવીજ લેખથી આપેલા ભાગ ઉપર કરવાની છે, એમ અમે ઠરાવીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ શમ્સુદીન તૈયબજી, જજ્ય, એઓસાહેબની રૂબરૂ.*

ફેસલ તા. ૭-૭-૯૧.

બાઇ મોંઘી રેહેવાશી બેટ તાલુકે ઓખામંડળ. દસ્તાવેજ લખીલેનાર.

બ્રાહ્મણ પરસોતમ ધનજી રેહેવાશી બેટ તાલુકે ઓખામંડળ. દસ્તાવેજ લખીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધની કલમ ૪૩ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલોછે).

દસ્તાવેજમાં મૃત્યુપત્રનો તથા મુખત્યારપત્રના સ્વરૂપનો મજકુર—મુખત્યારપત્ર માટે માત્ર સ્ટાંપની લાગત.

લખીઆપનારે પોતાની હયાતી બાદ પોતાની દીકરીને સર્વે મિલકતની વારસ ઠરાવ્યા વિષે, તથા પોતાની હયાતીમાં મિલકતનો કબજો મુખત્યારપત્ર તરીકે સોંપ્યા વિષેનો દસ્તાવેજ દીકરીને કરી આપેલો હતો, તથા દસ્તાવેજને રૂ. ૪ નો સ્ટાંપ લગાડેલો હતો. ઠરાવ થયો કે,- એ દસ્તાવેજ મૃત્યુપત્રના તથા મુખત્યારપત્ર એ બે સ્વરૂપનો છે. મૃત્યુપત્ર સ્ટાંપની લાગતને પાત્ર નથી અને મુખત્યારપત્ર તરીકે તેને પુરતી કિંમતનો સ્ટાંપ લાગેલો છે.

હકીકત.

આ કામ ઓખામંડળ મુનસફે પોતાની કોરટમાં મુ. નં. ૩૩ સં ૧૯૪૬ ના કામમાં દસ્તાવેજ રજુ થયેલો તેને સ્ટાંપ જોઇએ કે નહીં તેનો નીર્ણય થવા માટે નિબંધની કલમ ૪૩ મુજબ મે. અમરેલી પ્રાંતના જજ્યસાહેબ મારફત યાદી નંબર ૨૧૧ તા. ૨૪ મે સન ૧૮૯૦ માં મોકલ્યું છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમ્યાન જે દસ્તાવેજ થયો છે તેનો મુદ્દાનો મજકુર નિચે પ્રમાણેઃ—

---

* દી. સ્ટાં. ખુ. ૨. નંબર ૫૧ સન ૧૮૮૯-૯૦,

"હાલ મારી વૃદ્ધાવસ્થા થઇછે, ને મારોદેહ ક્ષણભંગુર છે, તેથી તેનો ભરોંસો નથી. જેથી હું મારી હયાતીમાં મારી તમામ સ્થાવર તથા જંગમમિલકતના તમોને વારસ ઠરાવું છું. કારણ મારે પુત્ર સંતતી નથી તેમ ભાઇ ભાઇ પણ નથી, ને તમે મારી પુત્રી છો, ને હું તમોને પુત્ર બરોબર સમજુછું; કારણ તમે મારી માંદે સાજે ચાકરી વિગેરે બરોબર કરો છો, જેથી હું તમારા ઉપર સંતોષ પામી મારી રાજીખુશીથી તથા અક્કલહુંશીઆરીથી લખીઆપું છું કે, મારી જે કાંઇ સ્થાવર તથા જંગમમિલકત વિગેરે (ઘર, તથા બંગલા), છે, તેની તમોને વારસ ઠરાવુંછું. ને પ્રચિતીમાં આ કુલ મુખત્યારપત્ર આપ્યુંછે, જે મારા પાછળ તું જ વારસ છે. + ઘર તથા બંગલીનાં તમોને વારસ ઠરાવ્યાં છે, તથા તે શિવાય મારી જે કાંઇ ઇષ્ટેટ મિલકત, રોકડરકમ, તથા ઠામવાસણ, તથા પેટીપટારા, તથા લોઢુલાકડું તથા ચિઠ્ઠીપત્રી તથા રાચરચીલું, તથા લુગડાંલત્તાં જે કંઇ ચીજવસ્ત મારી હોય તે તમામનાં વારસ ઠરાવ્યાં છે. તમો હમને જીવતાં પાળો ને મુવે બાળો, તથા મારા મરણપછી મારી ઉત્તરક્રિયા વિગેરેનું મેં લખ્યા પ્રમાણે ન્યાતશિરસ્તા પ્રમાણે કરવું.

દસાના દીવસે સગાસંબંધી જમાડવા, તથા અગીઆરમાના રોજ પરિપુરણ સકુટુંબ નાત જમાડવી, તથા બારમાનાદીવસ સગાસંબંધીને જમાડવાં, તથા તેરમા (સરજણીના) દીવસ પરિપુરણ બાલ ગોપાલ નાત જમાડવી, તથા માસીસી ત્રપક્ષી વિગેરે નાતશિરસ્તા પ્રમાણે કરવાં, તથા વરસીના એકદીવસ સગાસંબંધી તથા એકદીવસ બાલગોપાલ પરીપૂર્ણ સહકુટુંબે નાત જમાડવી. એરીતે બારમહીના મારી પાછળ કરવાં, તથા ત્યારપછી માસીસા, તથા શ્રાદ્ધ વિગેરે નાતશિરસ્તા પ્રમાણે કરવાં. તેમાં ખામી આવવા દેવી નહીં. ઉપર પ્રમાણે વારસનામું મેં રાજીખુશીથી તથા હુંશીઆરીથી શુદ્ધિમાં લખી આપ્યું છે. ગફલત વિગેરે કાંઇ પણ સબબથી લખેલું નથી. તેમ વારસનામું લખી આપતી વખતે મને કોઈએ ભોળવેલી નથી, કેવળ મારા મનની ખુશીથી લખી આપ્યુંછે, તે મારે કબૂલ મંજૂરછે. આ વારસનામામાં લખી આપેલી મિલકત હું કોઇ દીવસ પણ પાછી માંગીશકીશ નહીં. તે મને કબૂલ મંજૂર છે. આ દસ્તાવેજ પુરણ કરી મારી બેનબાઇ મોઘી જેણે મને પાળ્યોપોસ્યો તેને સોંપેલ છે. માટે મારી બેન બાઇ મોઘીની મરજી પ્રમાણે વર્તવું તેની સફતે આ દસ્તાવેજ કાયમછે. મિતી ભાદરવા સુદ ૧ મંગળવાર સં. ૧૯૪૬. આ દસ્તાવેજ મેં પ્રથમ શ્રાવણ વદ ૧૧ ગુરૂવાર સંવત્ ૧૯૪૬ નારોજ સ્ટાંપ નમળવાથી સાદા ઉપર ઉતારી આપેલો તે આજ રોજ આ ચાર રૂપીઆના સ્ટાંપ ઉપર લખી આપ્યોછે તે કબૂલ મંજૂર છે".

સદરહુ દસ્તાવેજવિષે મુનસફે પોતાનોસ્પષ્ટ અભિપ્રાય લખ્યો નથી. પરંતુ ઉપરની યાદી નંબર ૨૧૧માં લખે છે કે દસ્તાવેજનું મનન કરતાં તેમાં વારસાઇ તથા બક્ષીસ વ વ્યવસ્થાપત્ર એટલી બાબતો એકત્ર છે એમ લાગે છે. શિવાય દસ્તાવેજ લખનારની સમજ કુલમુખત્યારપત્ર છે એવી છે. સ્ટાંપનિબંધમાં વારસાઇ બાબત તથા વ્યવસ્થાપત્રના દસ્તાવેજ જો મોઘમ હોય તો કિંવા રકમ નમુદ હોય તો તે ધોરણે કેવી રીતથી લાગત સ્ટાંપ બાબત લેવી તેનો ખુલાસો નથી. ફારગતી બાબત રકમ ૨૩ (ખ) પ્રમાણે લેવા લખેલું છે, પણ તે પ્રમાણે લાગત ઠરાવવા દસ્તાવેજમાં રકમ નમુદ નથી, મોઘમ છે, તેથી આ દસ્તાવેજ ક્રિયા સ્વરૂપનો માની તેનો સ્ટાંપની

લાગત પરિશિષ્ટની કિયા રકમ પ્રમાણે લેવી યોગ્યછે તે વિષે સંશય છે. મે. જજ્ય સાહેબનો એવો અભિપ્રાયછે કે, 'દસ્તાવેજમાં લખેલી મિલકતનો કબજો હાલ આપેલો જણાતો નથી, પછીથી મળવાનો છે, તેથી એનો સમાવેશ વ્યવસ્થાપત્ર કિંવા બક્ષીસપત્રમાં થતો નથી. દસ્તાવેજ લખીઆપનારે પોતાના મરણ પછી મિલકતની વ્યવસ્થા થવી એવી મતલબનો દસ્તાવેજ કરેલો છે, ને તે પોતાની દીકરીને લખી આપ્યો છે, તેથી અમારો અભિપ્રાય એવો છે કે આ દસ્તાવેજનો મૃત્યુપત્રમાં કિંવા વારસપત્રમાં સમાવેશ થાય છે. નવીન સ્ટાંપનિબંધ પ્રમાણે આવા દસ્તાવેજને સ્ટાંપ હોવાની અવસ્યકતા જણાવેલી નથી, એટલે, અર્થાત તે માફીમાં આવવો જોઈએ' વિગેરે.

ઠરાવ.

હાલના લેખમાં લખીઆપનાર પોતાની હયાતી બાદ પોતાની (લખીલેનાર) દીકરીને પોતાની સર્વે મિલકતની વારસ ઠરાવે છે, અને પોતાની હયાતીમાં પોતાની એ સર્વ મિલકતનો કબજો તેને કુલમુખત્યાર તરીકે સોંપે છે. આ ઉપરથી લખીઆપનારની હયાતીમાં એ મિલકતનો પુર્ણ સ્વામિત્વ સાથેનો કબજો સોંપ્યો કહેવાય નહીં. અને લેખના શેવટ ભાગમાં "લખીઆપેલી મિલકત હું કોઇ દીવસ પાછી માગી શકીશ નહીં" એવો મજકુર છે. તેનો અર્થ બાકીના મજકુર સાથે વિચાર કરતાં એટલોજ સમજાય છે કે, કુલમુખત્યારપત્રની રૂઇએ માત્ર આપેલી મિલકત લખીઆપનાર પાછી લઇ શકે નહીં, તેથી પણ લખીલેનારને માલકી મળી કહી શકાય નહીં. આવી રીતે આ લેખને બક્ષીસપત્રનું સ્વરૂપ મળી શકતું નથી. ને તેનો મજકુર નિબંધની કલમ ૩ રકંમ ૯ માં બતાવેલા વ્યવસ્થાપત્રના એકે પ્રકારમાં આવી શકતો નથી, સબબ તે મૃત્યુપત્રના સ્વરૂપનો ઠરે છે.

અને તેમાં કુલમુખત્યારપત્ર આપ્યાનો મજકુર છે તેથી તેને પરિશિષ્ટ ૧, રકમ ૨૫ (ખ) મુજબ મુખત્યારપત્ર ગણતાં તેને લગાડેલો સ્ટાંપ બરાબર છે.

આવી રીતે આ લેખ મૃત્યુપત્રઅને મુખત્યારપત્ર એવા બે સ્વરૂપનો છે. મૃત્યુપત્રને માટે નિબંધમાં લાગતનો ઠરાવ કરેલો નથી (જુઓ સ્ટાંપ ખુલાસા નંબર ૧૦ સન ૧૮૮૯–૯૦ ફેસલ તારીખ ૨૮–૩–૯૦)(૧), અને મુખત્યારપત્ર તરીકે તેને પુરતી કિંમતનો સ્ટાંપ છે એમ અમે ઠરાવીએ છીએ.

---

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૨૯ ઉપર છે.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફ જસ્ટિસ, એઓસાહેબની રૂબરુ+.

ફેસલ તા. ૭-૭-૯૧.

વોહોરા અબદુલ હુસેન નથુભાઇ. દસ્તાવેજ લખીલેનાર.

વિપ્ર મહાશંકર ગીરધર. દસ્તાવેજ લખીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધની કલમ ૪૩ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

સહી સાક્ષીનું ખાતું--કલમ ૩, રકમ ૩—પરિશિષ્ટ ૧, રકમ ૮.

ખાતામાં બાકી કાઢીઆપીછે તથા તે દેવીછે એવું લખી આપી તે ઉપર સહી સાક્ષી હોય તો તે ખાતું ખતની વ્યાખ્યા (નિબંધની કલમ ૩, રકમ ૩) માં આવેછે, તથા તેને પરિશિષ્ટ ૧, રકમ ૮ પ્રમાણે સ્ટાંપની લાગત પડવાની છે.

દી. સ્ટાં. ખુ. ૨. નંબર ૪૬ સન ૧૮૯૦-૯૧ ફેસલ તા. ૪-૬-૯૧ નો ઠરાવ વિચારમાં લેઇ લાગુ કર્યો છે. (૧).

હકીકત.

સદરહુ કામ અમરેલીના પ્રાંતન્યાયાધીશ સાહેબ તરફથી યાદી નંબર ૧૫૧ તા. ૨૪-૭-૯૦ સાથે ખુલાસો મળવા સારૂ આ કોરટ તરફ આવ્યું છે. સ્ટાંપનિબંધ આગરનિયમની કંઇ કલમ પ્રમાણે કામ મોકલ્યું છે તે યાદીમાં લખેલું નથી.

ઉપર લખેલા પક્ષકારેના દરમિયાન સંવત ૧૯૪૬ ના જેઠ વદી ૧૩ ના રોજ ખાતું થયું છે તે નિચે પ્રમાણેઃ—

"પાન ૧૫૨"

" (વિપ્ર મહાશંકર ગીરધરનું ખાતું છે. ખાતું પાન ૧૪૯ મધ્યે).

જ	ઉ
	૬૮॥। બાકી લેણા, ધણી રૂજુ. સંવત ૧૯૪૬ ના જેઠ વદી ૧૩ સુધી. દા. પોતે, અંકે રૂપીઆ પોણી ઓગણોત્તર કંપની લેણા છે વિપ્ર મહાશંકર ગીરધરનીસહી. દા. પોતે, અંકે રૂપીઆ પોણી અગનોતેર બાકી. ગાંધી. નાનજી દયાળજીની સાખ દા. પોતાના."

+ દી. સ્ટાં. ખુ. ૨. નંબર ૭૧ સન ૧૮૮૯-૯૦. (૧). આ ઠરાવ પછવાડે પૃષ્ટ ૨૬૪ ઉપર છે.

પ્રાંતન્યાયાધીશસાહેબ પોતાની ઉપલી યાદીમાં એમ જણાવે છે કે, સામાદસકતના ખાતા વાસ્તે સ્ટાંપનિબંધ અમલમાં આણ્યાબાદ અહીંથી (વરીષ્ટકોરટથી) સમજુતીનું ટિપણુ છપાઇ પ્રસિદ્ધ થયેલું છે તેમાં માફી આપવામાં આવીછે, એટલે, આ બાબે કંઇ અંદેસો રેહેલો નથી. સાક્ષી થયેલા ખાતાને માફીમાં ગણવું કે શી રીતે તેનો ખુલાસો થયો નથી. સ્ટાંપનિબંધની કલમ ૩, રકમ ૩ પ્રમાણે હાલનું ખાતું એ રકમની 'ખ' રકમમાં આવે છે. જજ્યસાહેબ વળી એવું લખે છે કે, વાદીનો વકીલ આ દસ્તાવેજને ખાતું કેહે છે. ખાતાની વ્યાખ્યા સ્ટાંપનિબંધમાં નથી. પ્રથમ એક સરકયુલર નંબર ૫૭૮ તા. ૩૦–૧૧–૭૬ (૧) નો થયેલો છે. તેમાં જે ખાતામાં કરાર હોય તેને દસ્તાવેજ ગણવો એમ છે. જો એ સરકયુલર કાયમ છે એમ ગણીએ તો વકીલની તકરારને કાંઇ આધાર છે એમ માની શકાય, પણ આવા "દાવા હમેશ ચાલવાના માટે હમેશ શી રીતે વહિવટ રાખવો તેનો ખુલાસો જજ્યસાહેબ માગે છે.

ઠરાવ.

આ કોરટના સ્ટાંપ ખુલાસા નંબર ૪૨ સન ૧૮૯૦-૯૧ ફેસલ તા. ૪–૬–૯૧ ના ઠરાવમાં વિવેચન કરી દરશાવ્યા પ્રમાણે હાલનું ખાતું સ્ટાંપનિબંધની કલમ ૩ પેટા રકમ ૩ (ખ) માં જણાવેલા ખતના સ્વરૂપનું ઠરે છે. કેમકે દેણદારની રૂબરૂવાતે લેહેણદાર પાછલી બાકી લેણી કાઢી તે દેણદારે નક્કી કબૂલ કરી એટલે પૈશા આપવાની જવાબદારી માથે લેઇ તે તળે પોતાની સહી પોતાને હાથે કરી આપેલી છે, અને તે સહી તળે સાક્ષી થયેલી છે.

માટે આ લખત ખતના સ્વરૂપનું છે અને પારિશિષ્ટ ૧, રકમ ૮ મુજબ તે રૂ. ૬૮ ૧૨–૦ ની રકમનું હોવાથી તેને આઠ આનાની સ્ટાંપ લાગત કાયદા પ્રમાણે જોઇએ એમ અમે ઠરાવીએ છીએ.

---

(૧). વ. કો. દી. શાખાતરફથી નંબર ૯૭૮ તા. ૩૦-૧૧-૭૬ નો જે ખુલાસાનો શેરો ગયેલો છે તે મેહેરબાન વડોદરાપ્રાંતના ન્યાયાધીશ તરફથી નંબર ૧૧૩૮નું લખાણ આવ્યાથી ગયેલો છે. એ ખુલાસાનો શેરો નીચે મુજબ છે અને તે માહિતી સારૂ આપવામાં આવે છે. એ ખુલાસાનો શેરો જુના સ્ટાંપ નિબંધ સંબંધે કાયમ રહેછે.

"ज्या दस्तऐवजावरून अथवा खात्यावरून कोर्टांत फिर्याद होईल तो कागद कोर्टानीं. प्रथम पहावा, आणि तो दस्तऐवज नमून खातें सुटे कागदावर अथवा चोपड्यांत असेल तरी तें खातें किंवा दस्तऐवज म्हणविला जातो किंवा नाहीं याचा अर्थ कोर्टास करणें आहे. तो असा कीं मथाळ्यावर खातें असें म्हणून जमा उधार फक्त लेणदेणाच्या रकमा असल्यास ते खातें असें म्हणविलें जात आहे. परंतु मथाळ्यावर खातें असें लिहून त्यांत व्याज देणें व सानामिळकत व हप्ते वगैरेचे करार असोन त्या कराराचा वादीस मुदतीं सहीत लाभ घेणें असेल तर मथाळ्यावर खातें म्हटल्यानीं कांहीं तें खातें होत नाहीं, तो दस्तऐवजच समजला पाहिजे. आणि त्याजला कायदाचे स्केलाप्रमाणें स्टांप लावून घेण्याचें होत असावें. परंतु कराराचा लाभ घेण्याची वादी इच्छा न ठेवतां फक्त रुपयेच घेण्याचा दावा करील तर त्याजला स्टांपाची जरूर नाहीं, असा आमचा अभिप्राय असून त्याप्रमाणें इंग्रेजींतही वहिवट चालत आहे. सदरहु बद्दल सरक्युलर करण्याची जरूर नाहीं. व अमुक लेख हा नुस्तें खातें आहे किंवा करार आहे याचा अर्थ कोर्टानें करण्याचा आहे व कायद्याचा अर्थ करणें आहे तो कोर्टानीं करावा असा नामदार दिवाणसाहेबबहादुर यांची आज्ञा झाली आहे."

(सही) खरसेदजी रुस्तमजी,
चीफजस्टिस.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ શમ્સુદીન તૈયબજી, જજ્ય, એઓસાહેબની રૂબરૂ.*

ફેસલ તારીખ ૭-૭-૯૧.

પરી. જમનાદાસ કહાનદાસ રેહેવાશી વડોદરા. દસ્તાવેજ લખીલેનાર.

મીરમહમદખાં સતઅલીખાં વલદે મીરમહમદ હાસમ અલીખાં, હકીમસાહેબ રેહેવાશી વડોદરા. } દસ્તાવેજ લખીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

દીવાળીશરપાવ આપવાનો કરાર—સ્ટાંપ લાગતની માફી—નિબંધની કલમ ૨૦.

કરજખતમાં વ્યાજ આપવાના કરાર સાથે દીવાળીશરપાવ બદલ રૂ. ૪૦ દરવરસે આપવાનો કરાર દસ્તાવેજ કરીઆપનારે કરેલો હોય તો એ શરપાવ આપવાનો કરાર વ્યાજના જેવો ગણવાનો છે, તથા નિબંધની કલમ ૨૦ માંનો માફીનો નિયમ એ કરારને પણ વ્યાજના કરાર પ્રમાણે લાગુ પડે છે, માટે એ કરાર બાબત સ્ટાંપની લાગત લેવાની નથી.

દી. સ્ટાં. ખુ. ર. નંબર ૧૨ તથા ૧૩ સન ૧૮૮૯-૯૦ ના ઠરાવ(૧) વિચારમાં લીધા છે.

હકીકત.

આજમ ડભોઇ નોંધણીકામદારે રીપોર્ટ નં. ૨૬૮ તા ૨૪-૪-૯૧ નો વડોદરાપ્રાંતના મે. નોંધણીસરકામદારસાહેબ તરફ કર્યો તે તેઓસાહેબે અભિપ્રાય નંબર ૧૬૦૮ તા. ૬-૫-૯૧ નો આપી નોંધણીખાતા માટે નવીન સ્ટાંપનિબંધ સંબંધે થયેલા નિયમની કલમ ૧૧ મુજબ આ તરફ મોકલવાથી આ પ્રકરણ ઉત્પન્ન થયું છે.

સદર લખાણ સાથે સદરના પક્ષકાર દરમિયાન સં. ૧૯૪૬ના આસો વદી ૩ તારીખ ૩૦ માહે અકટોબર સન ૧૮૯૦ વાર ગુરૂનો રૂ. ૨૭ બાબાશાઇના સ્ટાંપ ઉપર થયેલા લેખની નકલ આવી છે. તેનો મુદ્દાનો મજકુર નિચે મુજબ છેઃ—

"જત, રૂ. ૬૫૦૦ અંકે છોહજાર ને પાંચસો બાબાશાઇ શીકકાના શેહેરચલણી નીચેની વિગત પ્રમાણે તમારી પાસેથી કરજે લીધા છે.

૩,૪૧૩။— પ્રથમના તમારા લેહેણા, નોંધ ઉપરના અમારે ખાતે બાકી છે, તે વ્યાજ સુદ્ધાં સં. ૧૯૪૬ ના આસો વદી ૩૦ સુધીનો, હીસાબ કરી આ ખતમાં ચઢાવી આપ્યા છે તેની વિગતઃ—

---

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૧૧૯ સન ૧૮૯૦-૯૧.

(૧). આ ઠરાવ પછવાડે અનુક્રમે પૃષ્ઠ ૩૨ તથા ૩૫ ઉપર છે.

૩૬૫ા ૦ા	સં. ૧૯૪૩ ના ફાગણ સુદી ૧૩, રૂ. ૫૦૦ મુદ્દલ તથા વ્યાજના રૂ. ૧૭૭ાા ૦ા મળી રૂ. ૬૭૭ાા ૦ા થયા તે પૈકી રૂ. ૩૧૨ાા. સં. ૧૯૪૬ ના જેઠ સુદી ૨ પરી. હરજીવન કેવળ પાસેથી અમારી વતી તમોને વસુલ આવેલા જૂતાં બાકી રૂ. ૩૬૫ા ૦ા અંકે ત્રણસે સવાપાંસઠ ને પાઆનો ૧ રેખા તે,
૧,૧૯૯	સં. ૧૯૪૪ ના ભાદરવા વદી ૬, રૂ. ૧૦૦૦ મુદ્દલ તથા તેના વ્યાજના રૂ. ૧૧૯ મળી રૂ. ૧૧૯૯ અંકે એક હજારને એકસો નવાણું રૂપીઆ,
૧૮૨ાા ૭ાા	સં. ૧૯૪૫ ના ચૈત્ર સુદી ૧૩, કલાલભટીના કૉંપેનસેશન ઉપર રૂ. ૧૬૦ મુદ્દલ લીધેલાના વ્યાજના રૂ. ૨૨ાા ૭ાા મળી રૂ. ૧૮૨ાા ૭ાા અંકે એકસો પોણીતાસી રૂપીઆ ને પોણાત્રણ આના,
૬૧૭ા.	સં. ૧૯૪૫ ના ભાદરવા વદી ૩૦, રૂ. ૬૦૦ મુદ્દલ તથા વ્યાજના રૂ. ૧૭ા મળી રૂ. ૬૧૭ા છસો સાડા સતર,
૧૦૪૯ ≡	સંવત ૧૯૪૬ ના જેઠ વદી ૧૦, રૂ. ૧૦૦૦ મુદ્દલ તથા વ્યાજના રૂ. ૪૯ ≡ મળી રૂ. ૧૦૪૯ ≡ એક હજાર ને ઓગણપચાસ રૂપૈઆ ને ત્રણઆના.
૩,૪૧૩ાા ≡	

એ રીતે ત્રણ હજાર ચારસો પોણાચૌદ ને બે આના વ્યાજ સુદ્ધાંત થયા તે;

૩૦૮૬ ≡	હાલ નવીનં કરજ લીધા છે તે ત્રણ હજારને છાસી રૂપીઆ બે આના, આ રૂપીઆનું પેહેલા માસનું વ્યાજ તથા મનોતી અગાઉ કાપી આપી છે. બીજા માસથી વ્યાજ રામ બાર લેખે કર્યું છે, તે દેવા.
૬,૫૦૦.	

એણી વિગતે છ હજારને પાંચસો રૂપીઆનું વ્યાજ દરમાસે દર સેંકડે રામ બાર લેખે દીવાળીઆકી તથા અધીક માસ સુદ્ધાં ગણીને આપીશું, તથા દરસાલ દીવાળીશરપાવના રૂ. ૪૦ અંકે ચાળીસ રૂપીઆ દીવાળી થયેથી આપીશું. એ રૂપીઆ આપવાનો વાયદો સં. ૧૯૪૯ ના જેઠ સુદી ૨ નો કર્યો છે, એટલે, અમારા ઈનામી ગામ મોજે બ્યારા પ્રગણે ડભોઇના ગામની ઉપજમાંથી દરસાલ જેઠ શુદી ૨ ની મુદતે રૂ. ૬૬૦૦ અંકે છાસટસો પરી. હરીભાઈ ભગતીદાસ વિગેરેને અમારા દેવા મેટે, પરી. હરજીવનદાસ કેવળદાસની મારફત, અપાય છે અને સદર પરી. હરીભગતીદાસના લેહેણાનો નીકાલ સં. ૧૯૪૮ ના સાલમાં સદરહુ વળતરની રૂઇએ ચુકતો થઇ જાય છે, તેથી તે વળતર સં. ૧૯૪૯ ની સાલમાં છુટું થયેથી પૂરે પૂરાં રૂ. ૬૬૦૦ તમને આપવા બાબતની નોંધ સદર પરી. હરજીવન કેવળની દુકાને તમારી કરાવી આપી છે, તે પ્રમાણે સદરહુ મુદતે અમારો કોઈ પ્રકારનો અક્ષેપ નહીં લેતાં ગામના વહીવટ બશરત. તમને આપશે + + + ×"

અત્રે	મતુ.	અત્રે	સાખ.
*	*	*	*

આજમ ડભોઇ નોંધણીકામદાર પોતાના સદર, રીપોર્ટમાં લખે છે કે,વ્યાજ ઉપરાંત 'દર સાલ દીવાળીશરપાવના રૂ. ૪૦ દીવાળી થયેથી એ આપીશું', આ મજકુરનો સ્ટાંપનિબંધની કલમ ૨૦માં સમાવેશ થતો નથી. કેમકે, આવો કરાર કરજાઉ કિંવા બીજા દરેક ખતમાં લખવામ આવતો નથી, તેથી રીવાજ પ્રમાણે અંગભૂત કરાર માનવો અશક્ય છે. આવી રકમ મોટા લોકો પાસેથી દરસાલ બક્ષીસતરીકે કરી લે છે. આવા કરાર જેમાં આંકડો મુકરર કરેલો છે તેને માટે સ્ટાંપનિબંધના પરિશિષ્ટ ૧, રકમ ૬ (ખ) મુજબ નહીં પણ નિબંધની કલમ ૨૨, રકમ ૪ પ્રમાણે રૂ. ૨ નો સ્ટાંપ વધારે જોઇએ, તેમજ નોંધણીની બાબત પણ રૂ. ૧-૮-૦ વહીવટ મુજબ અનિયમીત મુદત છે ને રકમ મુકરર છે માટે દશપટ જેટલી જોઇએ વિગેરે:—

મે. વડોદરાપ્રાંત નોંધણી સરકામદારસાહેબ આજમ નોંધણીકામદારના અભિપ્રાયને મળે છે, ને તે પ્રમાણે ખુલાસો સ્ટાંપ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ મુજબ પુછેલો છે. આ લેખ રૂપીઆ સતાવીશ આનાસાડાની કિંમતના સ્ટાંપ ઉપર લખાયલો છે

ઠરાવ.

હાલના કરજખત સંબંધે હમારા આગળ પ્રશ્ન એટલોજ દેખાય છે કે, તેમાં દરવરસે દીવાળીશરપાવના રૂ. ૪૦ આપવાનો જે કરાર છે, તે સ્વતંત્રકરાર માની તે જૂદી સ્ટાંપ લાગતને પાત્ર ગણાય કે કેમ ?

આવી દીવાળીશરપાવની રકમનું ખરૂં સ્વરૂપ વ્યાજના જેવું ગણવાનું છે. વ્યાજનો દર મોટો ન દેખાડવાના હેતુથી સાવકારલોકો વટાવ, મનોતી, દીવાળીશરપાવ, કોટાશરપાવ કોથળી છોડામણી, વિગેરે ચાલુ અથવા એકદમ લેવાની રકમો આપવા બદલ દેણદાર લોકો, પાસેથી વ્યાજના કરાર ઉપરાંત કરાર લખાવી લે છે. પણ તે વ્યાજના સ્વરૂપનો સમજવાનો છે અને એજ ધોરણથી એક લેખમાં વટાવનો વ્યાજ ઉપરાંત કરાર હતો તેના સંબંધે આ કોરટે સ્ટાંપ નિબંધની કલમ ૨૦ માંનો વ્યાજની રકમને લાગતની માફી બદલનો નિયમ લાગુ પાડેલો છે. (જુઓ, આ કોરટના સ્ટાંપ ખુલાસા નં. ૧૨-૧૩ સન ૧૮૮૯-૯૦ ફેસલ તારીખ ૪-૪-૯૦). (૧) માટે હાલના દિવાળીશરપાવના કરારને પણ સદર કલમ ૨૦ નો માફીનો નિયમ લાગુ પડે છે એમ અમે ઠરાવીએ છીએ.

---

(૧). આ ઠરાવ પછવાડે અનુક્રમે પૃ૪ ૩૨ તથા ૩૫ ઉપર છે.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફ્જસ્ટિસ, તથા ખાનબાહાદુર અબ્બાસ શમ્સુદ્દીન તૈયબજી, જજ્ય, એઓસાહેબની રૂબરૂ. *

ફેસલ તા. ૭-૭-૯૧.

ઠક્કર કરશન તેજપાળ રેહેવાશી ઝર તાબે ધારી. દસ્તાવેજ કરીલેનાર.

અસીયા મોહા વીસા, તથા હાથીઆ વીસા, તથા ગોરખા વીસા. } દસ્તાવેજ કરીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધની કલમ ૪૩ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

ખાતું જેમાં વાયદેસર રૂપીઆ આપવાનો કરાર--વાયદાચિઠ્ઠી--પરિશિષ્ટ ૧, રકમ ૩૫ (ખ)—વાયદાઉપરાંત બાકી રહે તો કપાસ આપવાનો કરાર--અંગભૂતકરાર.

બાકીનું ખાતું જેમાં હીસાબ કરીને બાકી કાઢીઆપ્યાનું તથા બાકીની રકમ પાછીઆપવાનો વાયદો કરેલો છતાં વાયદા ઉપરાંત રહે તો કપાસ મણ ૧૯ વિગેરે આપવાનો કરાર કરેલો હતો, તથા એ ખાતાના લેખ ઉપર ખાતું પાડીઆપનારે પોતાની સહી ત્રીજા સખસ પાસેથી કરાવી લીધેલી હતી. ઠરાવ થયો કે;-

આ ખાતાનો લેખ વાયદાચિઠ્ઠીના સ્વરૂપનો છે અને તેમાં વરસ ૧ ની મુદતની અંદરનો વાયદો હોવાથી પરિશિષ્ટ ૧, રકમ ૩૫ (ખ) પ્રમાણે તે લાગતને પાત્ર છે.

વાયદા ઉપરાંત રકમ રહે તો કપાસ વિગેરે આપવાનો જે કરાર છે તે અંગભૂત કરાર હોવાથી લેખનું સ્વરૂપ જે વાયદાચિઠ્ઠીનું છે તે ફરતું નથી, અને એ કરાર લાગતને પાત્ર નથી.

દી. સ્ટાં. ખુ. ર. નંબર ૪૬ સન ૧૮૯૦-૯૧ નો ઠરાવ લાગુ કર્યો છે (૧).

હકીકત.

અમરેલી પ્રાંતના મેહેરબાન જજ્ય સાહેબની યાદી નંબર ૧૭૦ તા. ૧-૬-૯૧ ની યાદી આ કોરટ તરફ આવ્યાથી આ પ્રકરણ ઉત્પન્ન થયું છે.

સદરહુ યાદી સોબત સદરના પક્ષકાર દરમિયાન સંવત ૧૯૪૬ ના ચૈત્ર વદી ૩ ને રોજ લખત થયાની નકલ આવી છે તે નિચે મુજબઃ-

"ચોપડો ઠક્કર કરશન તેજપાળના નામનો બેઠા ખાતાનો. સં. ૧૯૪૧ ની સાલથી સં. ૧૯૪૬ ની સાલ સુધી તે ઉપરથી નકલ"

---

* દી. સ્ટાં, ખુ. ર. નંબર ૧૨૮ સન ૧૮૯૦-૯૧.

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૨૬૪ ઉપર છે.

"બશીયા મોકા વીસા, તથા બશીયા હાથીઆ, તથા બશીયા ગોરખા વીસા એકાજુતી ધુનીધૂર. સં. ૧૯૪૬ ના ચૈત્ર વદી ૩.

જ	ઉ
	૪૭ાા રૂ. ૪૭ાા કંપની બાકી લેણા છે તેનો વદાડ સં. ૧૯૪૭ ના ફાગણ સુદી ૨ નો કર્યો છે, તે ઉપરાંત રાખે તો કપાસ માણ ૧૯ પાકા તોલે લેવો છે. તે ઉપરાંત રાખે દેશારીતે વધારી સાથે લેના છે. હા. મોકા હાથીયા, ગોરખાહથું. ચઇતર વદી ૫. દા. મારવાડી લખમીચંદ વછરાજ ધણીના કેહેવાથી લી. બશીયા મોકાવીશા તથા હથીયાવીશા તથા ગોરખા વીશાની સહી દા. ઠક્કર પરાગ જેઠાનાધણીના કેહેવાથી."

મે. અમરેલી જજ્યસાહેબે પોતાની સદર યાદીમાં કઇ કલમ મુજબ આ ખુલાસો પુછે છે તે જણાવેલુ નથી. તેઓ લખેછે કે, દી. મુ. નં. ૪૦૫ સન ૧૮૯૦–૯૧ ના વાદી ઠક્કર કરસને પ્રતીવાદી મોકા વિગેરે ઉપર દાવો કર્યાના કામમાં આ ખાતું રજુ કરેલું તેને સ્ટાંપની જરૂર છે કે કેમ એ પ્રશ્નછે. જુના સ્ટાંપનિબંધમાં આવા ખાતાને સ્ટાંપની જરૂર રાખી હતી, કેમકે, તેમાં કંઇ કરાર હોય તો બુઝ છે. હાલના ખાતામાં રૂ ૪૭ાા નો વદાડ કરેલો છે ને તે ઉપરાંત રેહે તો કપાસ આપવાનો વિગેરે કરાર છે. એટલે જુના સ્ટાંપકાયદા મુજબ આવા કરારને લીધે એ ખાતું દસ્તાવેજ ગણાઇ છપાવવું પડે. અને આધાર વ. કો. શેરા જાવક નંબર ૯૭૮ તા. ૩૦–૧૧–૭૬ નો બતાવ્યોછે. પણ જણાવે છે કે, તે જુના સ્ટાંપનિબંધના વખતના ખાતાને લાગુ કરવાનો છે. હાલનું ખાતું નવો નિબંધ ચાલુ થયા બાદનું છે, તેથી હાલના કાયદા પ્રમાણે જે ખાતું ખતની વ્યાખ્યામાં આવે તેનેજ સ્ટાંપની અવશ્યકતા રાખેલી છે. નિબંધની કલમં ૩ ની રકમ (ગ) માં પણ આ ખાતું આવી શકે તેમ નથી, કેમકે, તે તળે સાક્ષી નથી અને તેથી તેની લાગત લેવાની નથી, એવી વાદીના વકીલની તકરાર બતાવી પોતાનો અભિપ્રાય મે. જજ્યસાહેબ એવો બતાવેછે કે, આવાં ખાતાં ઘણાં થવાનો આ દેશમાં રીવાજ છે, ને ખાતામાં જે જે વાતો કરાર વિગેરેની હોવી જોઇએ તે લખેલી હોય ત્યાંહાં ફકત સાક્ષી ન હોય એટલાજ સબબથી આવું ખાતું લાગતમાંથી બાતલ થઇ જાય એ બરોબર નથી. ને વળી બીજી બાબત તેઓ

એવી જણાવેછે કે, લખીઆપનારની વતી ત્રીજા શખસે તેમની સહીયો કરેલી છે તેને સાક્ષી ગણવો જોઈએ, એટલે તેમ ગણેથી સ્ટાંપની પાત્રતામાં આવું લખાણ આવી શકશે ને તેમ લાવવા એવો અભિપ્રાય આપે છે. કઇ કલમ પ્રમાણે આ ખુલાસો પુછયો છે તે તેઓએ જણાવેલુ નથી. આવેલી નકલ વાલુ ખાતું સાદા કાગળ ઉપર થયેલુ દેખાય છે.

ઠરાવ.

હાલના લખતના શરૂ મજકુરથી તેનું સ્વરૂપ 'વાયદાચિઠ્ઠીનું' ઠરે છે. કેમકે, તેમાં દેખાડેલી રકમ દેવી કબૂલ કરી તેનો લખીઆપનારે વાયદો કરેલો છે (જુઓ આ કોરટના સ્ટાંપ ખુલાસા નં. ૪૬ સન ૧૮૯૦-૯૧ ફેસલ તા. ૪-૬-૯૧). (૧) પરંતુ લેખમાં "તે ઉપરાંત રાખે તે કપાસ માણ ૧૮ આપવો, તે ઉપરાંત રાખે તો દેશા રીતે વધારા સોતા લેવા છે" એ મજકુર છે, તેથી એ લેખનું સ્વરૂપ ફરે છે કે, શું, તે જોતાં, આ કરાર મુળવાયદાનો ભંગ થાય, તો ઉપયોગમાં આણવા સારૂ કરેલો હોવાથી તે મુખ્ય વાયદાના કરારનો અંગભૂત છે, એવા અંગભૂત કરારથી હાલના લખતનું 'વાયદા ચિઠ્ઠીનુ' મુળસ્વરૂપ બદલાતું નથી. માટે હાલનો લેખ વાયદાચિઠ્ઠીના સ્વરૂપનો છે, અને તેનો વાયદો એક વરસની અંદરની મુદતનો તથા રકમ રૂ. ૨૦૦ થી અધીક નથી તેથી. પરિશિષ્ટ૧, રકમ ૩૫ (ખ) મુજબ બે આનાની લાગતને પાત્ર એવી વાયદાચિઠ્ઠીના' સ્વરૂપનો આ લેખ છે, એમ અમે ઠરાવીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, એઓસાહેબની રૂબરૂ *.

ફેસલ તા. ૮-૭-૯૧.

બાગત લાલુભાઇ લલુભાઇ રેહેવાશી કસબે સીનોર. દસ્તાવેજ કરીલેનાર.

બારોટ જેઠા નરશી રેહેવાશી અમીસરા તાબે સીનોર. દસ્તાવેજ કરીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણી ખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

એતોકનારે આપેલી કબૂલાત-હવાલદારી હકની રકમ તથા આગળ ઉપર જમીન ઉપર નવા હક થાયને બબ્વાર્ક રકમનો તેમાં બાને--પરિશિષ્ટ ૨, રકમ ૨-સ્ટાંપનીલાગતની માફી—નવીન હક બરીનો કરાર સ્વતંત્ર માનવો કે કેમ ?

---

(૧) આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૨૬૪ ઉપર છે.
* દો. સ્ટાં. ખુ. ૨. નંબર ૧૪૩ સન ૧૮૯૦-૯૧.

ખેતીકરનારાએ એવી કબૂલાત આપેલી કે, ખેડવા લીધેલી જમીનનો સાંથ દરવરસે રૂ. ૩૦॥ પ્રમાણે વરસોવરસ કબુલાત કરીલેનારે આપતા જવી; તથા હવાલદારી હક્ક રૂ. ૧॥ દરવરસે તથા નવા હક્ક જે થાય તે કરીઆપનારના શીર છે. એવી રીતે કબૂલાત લખી આપેલી હતી. ઠરાવ થયોકે

આ કબૂલાત ખેતીકરનારાએ આપેલી છતાં તેમાં સાંથની રકમ તથા હવાલદારી હક્ક સરકારમાં ભરવાનો તેની રકમ મળી રકમ રૂ. ૩૨ થાય છે તે પરિશિષ્ટ ૨ રકમ ૨, અન્વયે રૂ. ૧૦૦ની અંદર હોવાથી તેને સ્ટાંપની લાગતની માફી થાય છે. આ કબૂલાતમાં આગળ ઉપર નવીન હક્ક ભરવાનો કરારકરી આપનારે કર્યો છે તે અંગભૂત કરાર છે કિંવા સ્વતંત્ર કરાર છે એનો વિચાર કરવાની જરૂર નથી, કેમકે એ કરાર વિશેષ ગણાતા પણ લેખને સ્ટાંપ પરિશિષ્ટ ૧, રકમ ૯ (ખ) પુરતો લગાડેલો છે.

દી. સ્ટાં. ખુ. ર. નંબર ૨૫ સન ૧૮૯૦-૯૧ ફેસલ તા. ૨૯-૧૧-૯૦ નો ઠરાવ લાગુ કર્યો છે. (૧)

હકીકત.

આ પ્રકરણ આજમ શીનોરમહાલ નોંધણીકામદારની યાદી નંબર ૧૬૩ તા. ૯-૬-૯૧ લગત મે. વડોદરાપ્રાંત નાં. સરકામદાર સાહેબ તરફથી નાં. જા. નંબર ૧૮૩૭ તા. ૧૮-૬-૯૧ ના શેરા લખાણથી નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ મુજબ ખુલાસો થવા સારૂ આ તરફ આવ્યું છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમિયાન સં. ૧૯૪૭ ના ફાગણ સુદી ૨ ના રોજ દસ્તાવેજ થયો છે. તેનો મુદ્દાનો મજકુર નિચે પ્રમાણે છે:—

"જત સરવે નંબર ૧૯૭ ખેતર નામે જરાવ, કુંભા ૩-૫૮-૧૩, અમસરાની સીમની અમોએ તમારી પાસેથી દાણે ખેડવા સારૂ રાખી છે. તેના ખુટ * * * * એ ચતુઃસીમા વચેની જમીન અમોએ તમારે ત્યાંહાં ગીરો મુકી છે તેજ અમોએ દાણે ખેડવા રાખી છે. તેના દાણના રૂ. ૩૦॥ અંકે સાડી ત્રીસ કર્યા છે, તે દરસાલ ફસલના ફાગણ શુદિ. ૨ જે, અમો એ જમીન જ્યાંહાં સુધી ખેડીશું ત્યાંહાં સુધી આપીશું, ને સદર દાણ અમારા તરફથી મુદતસર ન પોહોંચે તો સદર જમીનનો કબજો તમોને બીનતકરારે સોંપીએ, તેમાં હરકત કરીએ નહીં.

દાણના રૂપીઆ દરસાલ અમારા તરફથી મુદતસર ન ભરાય ને ઉપરના કરાર પ્રમાણે વર્તણુક કરવા બદલનો જામીન મજકુરના પા. ભગવાન પરભુદાસને આપ્યો છે. તો તે દાણના રૂપીઆ દરસાલ અમારો અક્ષેપ ન લેતાં તમોને આપે.

હું જામીન મજકુરના પા. ભગવાન પરભુદાસ આ ગણોતમાં જામીન થઇ લખી આપું છું કે, આ ગણોતમાં લખેલા રૂપીઆ ન ભરાય તો મુદત વીતે હું મારે ઘેરથી એ ધણીનો અક્ષેપ ન લેતાં આપું, અગર તમારે અમારી પાસેથી વસુલ કરી લેવા, તથા એ જમીન છોડાવવાનો પ્રસંગ આવે તો તે વખતે એ ધણી કબજો ન મુકે તો હું છોડાવી આપવા પુરતો જવાબદાર છુ.

---

(૧). આ ઠરાવ પખવાડે પૃષ્ટ ૧૦૩ ઉપર છે.

એ જમીન ઉપર હવાલદારીહક્ક ભરવાનો ખેડુને શીર છે. આ ગણોતપટો અમો અમારી રાજી ખુશીથી લખી આપ્યો છે, તે સહી છે. * એ જમીન ઉપર હવાલદારીહક્ક શીવાય નવીન હક્ક થાય તે ખેડુને ભરવો. તે ખેડુને શીરે છે "

સહી. સાક્ષ.

× × × ×

"તમજા કલમે સદર ગણોતપટામાં હવાલદારી ભરવાનું હમારે માથે રાખ્યું છે, તે દરસાલ કું. ૧ નાં રૂ ૦-૮-૦ પ્રમાણે હક્ક લેવાય છે, તે રીતે થતાં કુંભા ૩ ના રૂ. ૧।। તથા આ ગણુવતની સાંથના રૂ. ૩૦।। મળી રૂ. ૩૨ ની જવાબદારીનું આ ગણુવત છે. તે અમારે કબુલ મંજુર છે."

સહી. સાક્ષ.

* * * *

આજમ નોંધણીકામદાર ઉપરની પોતાની યાદીમાં જણાવે છે કે, 'દસ્તાવેજ ગણવતપટાનો છે. સાંથે રાખનારે લખીઆપનારને આપવાના રૂ. ૩૦।। તથા સરકારી હક્ક ભરવાનો રૂ. ૧।। મળી રૂ. ૩૨ની જવાબદારી પોતાને માથે રાખી છે. છતાં વળી ઉપરાંત સરકારી નવીન હક થાય તે પણ ભરવાનું પોતાને શીર ઠરાવ્યું છે. દરસાલ ચાલી શકે એવો એ દસ્તાવેજ છતાં રૂ. ૧ ના સ્ટાંપકાગળ ઉપર કરેલો છે. આવા દસ્તાવેજને સ્ટાંપ ખુલાસા રજીસ્ટર નંબર ૨૫ સં. ૧૯૪૭ ફેસલ તા. ૨૯-૧૨-૯૦ ના ઠરાવ પ્રમાણે સ્ટાંપની જરૂર નથી પરંતુ સરકારી ધારો ભરવાની જવાબદારી ખેડુને માથે રાખી હોય તો તે રકમ પણ દસ્તાવેજના મોબદલાની સમજી સ્ટાંપ તથા લાગત લેવી એવું ઠરેલું છે (આ કચેરી ઉપર થયેલો હુકમ વ. કો. શેરા જા. નં. ૧૫૫ તા. ૩૦-૧-૯૧) અને તેમાં બતાવેલા આધાર જા. નં. ૩૩૬ તા. ૧૯-૧૦-૮૬)(૧) હાલના દસ્તાવેજમાં સરકારી નવીન હક થાય તે ભરવાની જવાબદારી ખેડુએ પોતાને માથે રાખેલી છે. એ રકમ અવલંબી કરારની હોવાથી હાલ તેની નક્કી રકમ ઠરાવી શકાતી નથી, જેથી એ બાબતને મોઘમ કરાર સમજી સ્ટાંપ તથા રજીસ્ટરની લાગત લેવી કે શી રીતે તેનો સંશય રહે છે. તેમજ વળી મોઘમ કરાર ગણવામાં આવે તો એને સ્ટાંપ જોઇએ કે શી રીતે અને જોઈએ તો કેટલો એનો ઠરાવ થઇ આવશે. પોતાનો અભિપ્રાય બતાવે છે કે, એવા કરારને બીજો કરાર અગર મોબદલો કહી શકાય નહીં. પરંતુ ઉપર બતાવેલા ખુલાસા નંબર ૩૩૬ તા. ૧૯-૧૦-૮૬ ના આધારથી સંશય રહે છે

• • •

પ્રાંત ન્યાયાધીશ નોંધણી સરકામદાર સાહેબે આજમ નોંધણીકામદારના અભિપ્રાયથી મળતા છે એમ બતાવી પ્રકરણ ખુલાસો થવા આ તરફ મોકલ્યું છે.

હાલના દસ્તાવેજને સ્ટાંપ રૂ. ૧ નો લગાવેલો છે.

ઠરાવ.

હાલના લેખથી ખેડુને જમીન ખેડવા બાબત દરસાલ રૂ. ૩૦।। દાણુના, તથા રૂ. ૧।। હવાલદારી હકો મળી રૂ. ૩૨ આપવાનો માલીકને કરાર લખીઆપ્યો છે, તેથી એ લેખ

---

(૧) આરોરો પત્રવાડે પૃષ્ઠ ૩૨૩ ઉપરછે.

કબુલાતના સ્વરૂપનો છે. આ કબુલાતમાં હવાલદારી હક્કસાથેની દાણની રકમ રૂ. ૩૨ છે. તે રૂ. ૧૦૦ની અંદરની રકમ હોવાથી પરિશિષ્ટ ૨૨ રકમ ૨ મુજબ તે માફીમાં આવે છે (જુઓ આ કોર્ટનો સ્ટાંપ ખુલાસા નંબર ૨૫ સંન ૧૮૯૦-૯૧ ફેસલ તા. ૨૯-૧૧-૯૦, જે તારીખ ૪-૬-૯૧ ની આજ્ઞાપત્રિકામાં પાન ૯૨ એ છાપવામાં આવ્યો છે).(૧) પણ આ કબુલાતમાં આગળ ઉપર કંઇ નવીન હક્ક એ જમીન ઉપર થાય તે ખેડુતને શીર છે એવો કરાર છે, તે વિશેષ કરાર ગણવો કે કેમ, એ આ પ્રકરણમાં સવાલ છે, આ પ્રશ્નનો હાલના લેખને સંબંધે વિચાર કરવાની જરૂર દેખાતી નથી. કેમકે, એને વિશેષકરાર ગણતાં પણ લેખ રૂ.૧ ના સ્ટાંપ કાગળ ઉપર થયેલો હોવાથી એ.કરાર પુરતી પરિશિષ્ટ ૧, રકમ ૬ (ખ) મુજબ લાગત લાગી ચુકી છે એમ અમે ઠરાવીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, એઓસાહેબની રૂબરૂ *

ફેસલ તા. ૯-૭-૯૧.

બાવા શામદાસ નરહરદાસજી રેહેવાશી વડોદરાના. દસ્તાવેજ કરીલેનાર.
બાવા. નરોતમદાસ નારાયણદાસ રેહેવાશી મજકુર. દસ્તાવેજ કરીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધની કલમ ૪૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

બાકીનું ખાતું જેમાં વ્યાજ આપવાનો કરાર હોય એવું—કબુલત-પરિશિષ્ટ ૧, રકમ ૪.

બાકીનું ખાતું જેમાં હિસાબ કરીને બાકી કાઢી આપ્યાનું તથા કાઢેલી બાકીની રકમ દેવાનું તથા વ્યાજ આપવાનું લખ્યું હોય અને તે ખાતા બાબે બાકી કાઢીઆપનાર દેણદારની માત્ર સહી હોય તો એવું ખાતું 'કબુલત' ના સ્વરૂપનું છે અને જો તેમાં રકમ રૂ. ૨૦ ઉપરાંત હોય તો તે ખાતાને પરિશિષ્ટ ૧, રકમ ૨૪ પ્રમાણે સ્ટાંપની લાગત પડવાની છે.'

હી. સ્ટાં. ખુ. ર. નંબર ૪૬ સન ૧૮૯૦-૯૧ ફેસલ તા. ૪-૬-૯૧ નો ઠરાવ લાગુ કર્યો છે (૧)

હકીકત.

આજમ સ્ટાંપકામદાર તરફ સદરના કરીલેનારે સદરના લખીઆપનારે અસલ ચોપડામાં ખાતું પાડી આપેલું સ્ટાંપ ચોડવા સારૂ રજુ કરેલું તે અટકાવી યાદી નં. ૨૨૭૭ તા. ૪-૭-૯૦ સોબત મે. વડોદરાપ્રાંતના સુબાસાહેબ તરફ મોકલેલું તેઓસાહેબે યાદી નંબર ૩૯૩ તા. ૨-૧૨-૯૦ સોબત આ તરફ મોકલ્યાથી આ પ્રકરણ ઉત્પન્ન થયું છે.

---

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ટ ૧૦૩ ઉપર છે.
*હી. સ્ટાં. ખુ. ર. નંબર ૧૫૨ સન ૧૮૯૦-૯૧.
(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ટ ૨૯૪ ઉપર છે.

એ પક્ષકાર દરમ્યાન થયેલું અસ્સલ લખત સદર સાથે આવેલાનો મજકુર નિચે મુજબ છેઃ—

"શ્રી દ્વારકાનાથજીના મંદીરના માનત નરોતમદાસજી ગુરૂ નારાયણદાસજીનું ખાતું સંવત ૧૯૪૬.

જ	ઉ
	૩૧૮। માહાવદિ ૯ રોકડા નગદી બાવાને મોજે·ચીખોદરાના મંદીર ખાતે ભગતા રણછોડ અજી (ની) મુકેલા હતા તે. રોકડા ઉપાડ વિગેરે ઉત્તર ક્રિયાના ઉપાડ ખરચ બદલના આજ દીન સુધી નક્કી કરીને રૂ. ૩૯૦। નીકળ્યા. અંકે રૂપીઆ ત્રણસેં સવા નેવુ તેને પેટે વસુલ રૂ. ૭૨ નું બદલ ખત ૧ ઢેડા ભવાનીયા ડાયડા વાળુ તમોને ઉપર લખેલા રૂપીઆ ને પેટે આપ્યું છે. તે જતાં બાકીના રૂ. ૩૧૮।. અંકે રૂપીઆ ત્રણસો ને સવા અઢાર નીકળ્યા તે દેવા. આ ખાતાનું વ્યાજ રામ ચાર આણા પ્રમાણે કર્યું છે. બાવા નરોતમદાસ નારાયણદાસજી સહી દા. પોતે"

મે. સુબાસાહેબ આ ખાતા બદલ સદર યાદીમાં બીજા ખાતાં મોકલેલા તે ભેગુ લખી અભિપ્રાય એક દર્સમાં બતાવ્યો છે, તે સ્ટાંપ ખુ નં. ૫૬ સન ૧૮૯૦–૯૧ ના ઠરાવના (૧) મથાળામાં આપેલો છે પણ તેમાં સ્પષ્ટ આ લખતને લાગુ પડતો મજકુર ચોખો ન હોવાથી અહીં ફરી દુબાર આપવામાં આવતો નથી.

ઠરાવ+

હાલના લખતમાં બાકી દેવું બતાવી તેના વ્યાજનો કરાર કરી આપી તે તુજે લખી આપનારે પોતાની સહી કરી છે. તેથી તે આ કોરટના સ્ટાંપ ખુલાસા નંબર ૪૬ સન ૧૮૯૦–૯૧ ફેસલ તા. ૪–૬–૯૧ (૭૧) ના ઠરાવમાં બતાવ્યા પ્રમાણે 'કબુલત'ના સ્વરૂપનો ઠરે

(१). આ ઠરાવ આગળ પૃષ્ટ ૩૭૫ ઉપર છે તે પ્રકરણ સાથે હાલનું પ્રકરણ આવેલું છે.

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ટ ૨૬૪ ઉપર છે.

+ટીપ—આ સંબંધે પછવાડે પૃષ્ટ ૧૧૧ ઉપર ઠરાવ તથા નિબંધની કલમ ૨૦ છે તે જુઓ.

છે. અને તે રૂ. ૨૦ થી અધિક રકમ બદલની હોવાથી પરિશિષ્ટ ૧ રકમ ૪ મુજબ એક આનાની સ્ટાંપ લાગતને પાત્ર એવી 'કબુલત' છે. એમ અમે ઠરાવીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખાનબાહાદુર અબ્બાસ શમ્સુદ્દીન તૈયબજી, જજ્ય, એઓસાહેબની રૂબરૂ *.

ફેસલ તા. ૧૦-૭-૯૧.

શા. છગનલાલ પરસોતમ રેહેવાશી વડોદરા. દસ્તાવેજકરીલેનાર.

મરેઠણ બાઇ રાઇ તે એસુની ઓરત રેહેવાશી મજકુર દસ્તાવેજ કરીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધની કલમ ૪૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલોછે).

બાકીનું ખાતું જેમાં વ્યાજનો કરાર હોય એવું—કબુલત—પરિશિષ્ટ ૧, રકમ ૪.

બાકીનું ખાતું જેમાં હીસાબ કરીને બાકી આપવાનું તથા કરજે લીધેલી રકમો લીધાનું સાવકારના બુક માં લખી આપનારે પોતાની તરફે લખાવી આપી એકંદર રકમને વ્યાજ આપવાનો ઠરાર કરેલો હોય તો એવું ખાતું 'કબુલત' ના સ્વરૂપનું છે. તથા તેમાં દેવાની રકમ રૂ. ૨૦ ઉપરાંત નહીં હોય તો તે પરિશિષ્ટ ૧, રકમ ૪ પ્રમાણે સ્ટાંપની લાગતને પાત્ર નથી.

હકીકત.

વડોદરા સ્ટાંપકામદાર તરફ સદરના દસ્તાવેજ કરીલેનારે સાદા કાગળ ઉપર કરી લીધેલું લખત સ્ટાંપ ચોટાડી આપવા સારૂ રજુ કરેલું તે તેમણે અટકાવી મે. વડોદરાપ્રાંતના સુબાસાહેબ તરફ યાદી નં. ૧૭૪૬ તા. ૨૦-૫-૯૦ થી મોકલેલું તેઓસાહેબે બીજા પ્રકરણ સાથે ખુલાસો થવા આ કોરટ તરફ સ્ટાંપનિબંધની કલમ ૪૧ અન્વયે યાદી નં. ૩૯૩ તા. ૨-૧૨-૯૦ થી મોકલ્યા ઉપરથી આ પ્રકરણ ઉત્પન્ન થયું છે.

એ લખાણ સોબત લખીલેનારના ચોપડામાં તેણે કરી લીધેલું લખત આવેલું તેનો મજકુર નિચે પ્રમાણે છે:—

---

* ડી. સ્ટાં. ખુ. ૨. નંબર ૫૬ સન ૧૮૯૦ ૯૧.

" મરેઠણ બાઇ રાધ મરેઠા યેસુની વહુનું ખાતું. સંવત ૧૯૪૫ ની સાલ.

જ	ઉ.
૩ સંવત ૧૯૪૬ ના કારતક વદિ ૫ વાર + +.	૯ાા૱ પાછળી બાકી હીસાબ કરીને કાહાડયા છે, આસો વદ ૧૩ સુધી તેની વીગત નિચે પ્રમાણેઃ—
૩ રોકડા નગદી હા. પોતે.	૪ાઃ સામાનના શા. હમારી ખાતાને ઉધાર કરેલા તેના બાકી.
	૫ાા૱ મરેઠા ગીરજાના ખાતાના બાકી રહ્યા છે તે કબૂલ.
	૯ાા૱
	૨ આસો વદી ૧૪ ને વાર બુધે
	૧ બાજરી મણ ૦ાાյ ૬
	૦ાાꟷ ગહુ માળવા શેર ૧૦
	૦ાꟷ ચોખા શેર ૪
	ꟷ) દાળ ચણાની શેર ૧
	૨
	૧ આસો વદ ૧૪ ને દીવસે * *
	૧૩
	આ ઉપર લખેલા રૂપીઆનું વ્યાજ રૂ ૧ કે જઇ ૧ લેખે કર્યુ છે. લખીતંગ શા. પરસોતમ ભોગીલાલ ધણીના કેહેવાથી ખાતું પાડી આપ્યું છે"

મે. સુબાસાહેબે પોતાની યાદીમાં તે સાથે મોકલેલા ત્રણે લેખો સંબંધી લખે છે કે તે ખાતા સામાદરકતના છે, એમાંના બે ઉપર દેણુદારની સહીઓ છે, અને સાક્ષી નથી. એટલે તે બેતો નીવળ સામાદરકતના ખાતા તરીકે છે. પણ તેમાં વ્યાજનો કરાર છે તથા ત્રીજા દસ્તાવેજમાં ખાતું પાડનારે દા. પોતે કરી લખ્યું છે અને તે ઉપર સાક્ષી છે. પણ તેમાં વ્યાજ વિગેરેનો કરાર નથી માત્ર બાકી કાઢીઆપીછે. આ ત્રણે દસ્તાવેજને ખાતાંતરીકે ગણવાં કે કેમ એ સવાલ છે. નં. ૧–૨ નો સમાસ (ખ)પ્રકારના ખતમાં થતો નથીઃ એ ખાતું પાડીઆપનાર પૈશા આપવાની જવાબદારી માથે લે છે, અને તેમાં કરાર પણ છે, પણ સાક્ષી થયેલી નથી. નંબર ૩ નો દસ્તાવેજ માં બાકી કાઢી આપી છે, ને પછી દરકત પોતે એમ લખ્યું છે ને તેની નીચે સાક્ષી છે, તેથી તેનો સમાસ 'ખ' માં થાય છે, તો તેને ખત ગણવું કે કેમ વિગેરે.

ઠરાવ.

હાલનું લખત 'કબુલત'ના સ્વરૂપનું છે, કેમકે લખીઆપનારે પોતાના કરજની કબુલાત લખીલેનાર શાહુકારની બુકમાં પોતાના તરફે લખાવી આપી છે, અને તે દેણુદારના કબજામાં

છે. આવી કબુલાત રૂ. ૨૦ થી અધિક રકમની હોય તો તે એક આનાની સ્ટાંપલાગતને પાત્ર થાય છે (પરિશિષ્ટ ૧, રકમ ૪) પણ હાલની કબુલતની રકમ રૂ. ૧૩ ની હોવાથી તે સ્ટાંપ લાગતને પાત્ર થઇ શકતી નથી. માટે સ્ટાંપની લાગતને પાત્ર નહીં એવી 'કબુલત' ના સ્વરૂપનુ આ લખત છે એમ અમે ઠરાવીએ છીએ.

ટીપ–એ સુબા સાહેબ તરફથી નંબર ૧–૨–૩ ના જે દસ્તાવેજો મોકલાવવાનું તેમના લખાણમાં લખ્યું છે તે સંબંધેજી.સ્ટાં. ખુ. ૨. નંબર ૬, ૧૫૨ તથા ૧૫૧ માં ઠરાવ થયા છે અને તે પૃષ્ઠ ૩૭૫-૩૭૩-૩૮૦ ઉપર છે. પુ. છા

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા રા. બા. આનંદરાવ સખારામ બર્વે, જજ્ય, તથા ખા. બા. અબ્બાસ શમ્સુદીન તૈયબજી જજ્ય એઓ સાહેબની રૂબરૂ *

ફેસલ તા. ૯-૭-૯૧.

મેમણ મંમદ ઇસા, તથા અબદુલ ઇસા, રેહેવાશી કોડીનાર માંત અમરેલી. } દસ્તાવેજ લખીઆપનાર (અરજદાર).

વીરૂ, પરભુજી દયારામ રેહેવાશી મજકુર   દસ્તાવેજ લખીલેનાર.

(નવા સ્ટાંપનિબંધની કલમ ૪૪ પ્રમાણે કરેલા અરજ ઉપરથી ખુલાસો થયેલો છે).

દસ્તાવેજને અપૂર્ણ સ્ટાંપ હોવાથી દંડ લેવા વિષે સુબાએ કરેલો ઠરાવ—એ ઠરાવ ઉપર અરજ સાંભળવાનો અધિકાર કોને છે–નિબંધની કલમ ૩૨-૩૩-૩૪-૩૫ ૪૪.

દસ્તાવેજને અપુર્ણ સ્ટાંપ હોવાથી નિબંધની કલમ ૩૩ પ્રમાણે દંડ લેવા વિષે પ્રાંતના સુબાએ કરેલા ઠરાવ ઉપર નિબંધની કલમ ૪૪ના હેતુ પ્રમાણે અરજસાંભળવાનો અધિકાર વરિષ્ઠ કોરટને નથી. પરંતુ એવા ઠરાવ ઉપર અરજ સાંભળવાનો અધિકાર સરસુબાસાહેબને નિબંધની કલમ ૩૪ પ્રમાણે છે.

હકીકત.

રૂપીયા ૨૪૦૦ નું વેચાણખત સ્થાવરમિલકતનું મેમણ મંમદ ઇસા વિગેરે એ પરભુજી દયારામને લખી આપ્યું છે. તે વેચાણખત રૂ. ૩૦ ના સ્ટાંપ કાગળ ઉપર જોઇએ, એમ છતાં લખીઆપનારે રૂ. ૨૨ ના સ્ટાંપ કાગળ ઉપર લખીઆપ્યું છે. દસ્તાવેજ લખીઆપનારે ખુટતી કિંમતનો સ્ટાંપ લગાડવા સારૂ સદર દસ્તાવેજ

---

* ડી. સ્ટાં. ખુ. ર. નંબર ૬૨ સન ૧૮૯૦-૯૧.

અમરેલીપ્રાંતના સુબાસાહેબ તરફ સ્ટાંપનિબંધની કલમ ૩૫ અન્વયે રૂજુ કર્યો. સુબાસાહેબે તા. ૧૯–૧૦–૯૦ ના રોજ ઠરાવ કર્યો કે, ખુટતી કિંમત બદલ રૂ. ૮ તથા દંડ બદલ રૂ. ૮૦ મળી રૂ. ૮૮ અરજદાર એટલે દસ્તાવેજ લખીઆપનાર પાસેથી લેઈ રૂ. ૮ નો સ્ટાંપ લગાડી આપવો.

એ ઠરાવ ઉપર દંડની રકમ માફ થવા સારૂ અરજદારે આ કોરટને સ્ટાંપનિબંધની કલમ ૪૪ લગાડી અરજ કરીછે. કમી કિંમતના કાગળ ઉપર દસ્તાવેજ થયાનુ કારણ અરજદાર તરફથી એમ બતાવવામાં આવે છે કે, ખાનગી વેપારી, તથા શાહુકાર, તથા સ્ટાંપવેન્ડર એ સઘળાની સલાહ પ્રમાણે રૂ. ૧૪૦૦ નું વેચાણખત કરવાને માટે રૂ. ૨૦ નો સ્ટાંપ બસ થશે, તેઉપરથી સ્ટાંપવેન્ડર પાસે સ્ટાંપ લેવાજતાં તેણે કીધું કે, રૂ. ૨૦ નો સ્ટાંપ શીલક નથી, તેથી રૂ. ૨૨ નો સ્ટાંપ ખરીદ કરી તેના ઉપર વેચાણખત લખેલું છે. શિવાય કાયદા વિષે પોતાની આણવાકેફગારી બતાવે છે.

ઠરાવ.

અરજદારે એક વેચાણખત રૂ. ૧૪૦૦ નું રૂ. ૨૨ ના સ્ટાંપકાગળ ઉપર કરી આપ્યું, પણ નવીન સ્ટાંપનિબંધના પરિશિષ્ટ ૧, રકમ ૨૯ મુજબ તે રૂ. ૩૦ ના સ્ટાંપ ઉપર લખાવવું જોઇતું હતું. અને કમી કિંમતનો સ્ટાંપ જે તેણે વાપર્યો, તે તેની કાયદાની આણવાકફગારીને લીધે વાપર્યો, એવું કારણ બતાવી, એ લેખ તેણે ખુટતો સ્ટાંપ ચોડાવવા સારૂ નિબંધની કલમ ૩૫ મુજબ અમરેલી પ્રાંતના સુબાસાહેબ તરફ રજુ કર્યો.

સુબાસાહેબે કમી સ્ટાંપ કાયદાની આણવાકફગારીથી વાપર્યો એ અરજદારનું કારણ યોગ્ય ન ગણી ખુટતા સ્ટાંપની કિંમત તથા તેના દશપટ જેટલી દંડની રકમ અરજદાર પાસેથી લેવા નિબંધની કલમ ૩૩ મુજબ ઠરાવ કર્યો. આ ઠરાવ ઉપર નિબંધની કલમ ૪૪નો આધાર બતાવી અરજદારે આ કોરટ તરફ હાલનો અરજ કરેલો છે.

એ લેખને પરિશિષ્ટ ૧, રકમ ૨૯ મુજબ રૂ. ૩૦ નો સ્ટાંપ જોઇએ, એ વિષે અરજદારની તકરાર જણાતી નથી, એટલે, તેનું માગણું માત્ર દંડનો ઠરાવ રદ થવા પુરતું દેખાય છે.

આવા દંડસંબંધે થયેલા ઠરાવ ઉપર નિબંધની કલમ ૪૪ મુજબ અરજ લેવાનો આ કોરટને અધિકાર છે, કે કેમ, એ આ પ્રકરણમાં મુખ્ય પ્રશ્ન છે.

આ કલમ ૪૪ માં " કોઇ પણ કોરટ કિંવા સુબાએ કોઇ પણ દસ્તાવેજને

લાગનારી લાગત બાબત ઠરાવ કર્યો હોય તે ઠરાવ બરાબર નથી એવી તકરાર પક્ષકારોમાંથી કોઇની હોય તો * * * પક્ષકારને વરિષ્ઠકોરટ તરફ અરજ કરવાનો અધિકાર છે * * * " વિગેરે. આ ઉપરથી વરિષ્ટકોરટે લાગત સંબંધેજ ઠરાવ કરવાનો છે, એટલે, દસ્તાવેજના સ્વરૂપ ઉપરથી તે પરિશિષ્ટ ૧ માંના ક્રિયા પ્રકારમાં આવી શકે છે; કિંવા તેમાં દેખાડેલા એકે પ્રકારમાં તે આવી શકતો નથી, એ વિષેજ આ કોરટ ઠરાવ કરી શકે. દંડ ઓછો કરવાનો અથવા સમુળગો માફ કરવા બદલનો અધિકાર આ કોરટ તરફ રાખ્યાનું જણાઇ આવતું નથી.(૧)

આ અભિપ્રાયને વધારે બળ એ ઉપરથી મળે છે કે દંડ માફ અથવા ઓછો કરવા બદલના અધિકાર સંબધે સ્ટાંપનિબંધમાં કલમો ૩૨-૩૩-૩૪-૩૫ છે. તેમાં એ અધિકાર સુબા તથા સરસુબા તરફજ રાખ્યાનું નિકળી આવે છે. વળી કોઈ સુબાએ દંડ બદલ કરેલા હુકમ ઉપર અરજદારને ઇલાજ લેવાનો મારગ રાખવાના હેતુથી સ્ટાંપનિબંધની કલમ ૩૪ ની પેટા રકમમાં જે નિયમ રચેલો છે, તેમાં ફક્ત સરસુબા તરફ અરજ કરવા સ્પષ્ટ રસ્તો દેખાડેલો છે. માટે આ માત્ર દંડ સંબધેના ઠરાવ ઉપર અરજ સાંભળવાનો આ કોરટને સ્ટાંપનિબંધથી મારગ રાખ્યો છે, એમ નિકળતું નથી.

---

(૧) આ પ્રકરણ આવ્યાથી પછી એ વિષે વિસ્તારપૂર્વક અભિપ્રાય નામદાર વરિષ્ટ કોરટે હુજુરમાં દીવાની અરજીબુક શેરા નંબર ૩૫૪ તા. ૩૧-૧-૯૧ ના લખાણમાં જણાવ્યો છે તે માહીતી સારૂ અહીં આપવામાં આવે છે.

વ. કો. દી. શાખા આરજી બુક શેરા નંબર ૩૫૪ તા. ૩૧-૧-૯૧ નો.

" અરજદારે એક વેચાણખત રૂ. ૧૪૦૦ નું રૂ. ૨૨ ના સ્ટાંપ કાગળ ઉપર લખીઆપ્યું, પણ નવીન સ્ટાંપનિબંધના પરિશિષ્ટ, ૧ની કલમ ૨૯ મુજબ તે રૂ. ૩૦ ના સ્ટાંપ કાગળ ઉપર લખાવવું જોઈતું હતું, અને કમી સ્ટાંપ પોતાની કાયદાની અણવાકફગારીને લીધે મારવામાં આવ્યો, એવું કારણ લખી તેણે તે ખત રૂ. ૮ નો ખુટતો સ્ટાંપ ચોડાવવાસારૂ અરજી સાથે અમરેલીપ્રાંતના સુબાસાહેબ તરફ રજુ કર્યું.

મેહેરબાન સુબાસાહેબે કમી સ્ટાંપ કાયદાની અણવાકફગારીને લીધે લગાડયાનું અરજદારે જે કારણ બતાવ્યું તે અયોગ્ય ગણી અરજદાર પાસેથી ખુટતા સ્ટાંપ બદલ રૂ. ૮ તથા તેટલી રકમના દશપટ દંડ બદલ રૂપીઆ ૮૦ મળી રૂ. ૮૮ લેવાનો ઠરાવ કર્યો. (નિબંધની કલમ ૩૩ મુજબ). તે ઠરાવ ઉપર નિબંધની કલમ ૪૪ ને આધારે જણાવી આ અરજ અપીલ તરીકે રજુ કરે છે.

નિબંધની કલમ ૩૩ માં સુબા તરફ કલમ ૩૧ માં જણાવ્યા પ્રમાણે અપિલા દસ્તાવેજ, કલમ ૧૧-૧૨ નો ભંગ કરી લખાયેલા નહોય તેના બદલ ખુટતા સ્ટાંપ બદલની રકમ તથા તેટલી રકમની દશપટ થાય તે મળી થનારી રકમ દસ્તાવેજ લખીઆપનાર પાસેથી લેવાનો

સબબ અરજદારની દંડ સંબંધી ઠરાવ ઉપરની આ અરજ આ કોરટ સાંભળી શકતી નથી. એમ અમે ઠરાવીએ છીએ.

ઠરાવ કરવાનો અધિકાર પ્રાંતના સુબાને આપેલો છે. અને સદર દંડ દશપટ કરતાં કમી હોવો જોઇએ, એમ કોઇ કામમાં સુબાસાહેબને લાગે, તો કેટલો દંડ લેવો વિગેરે બદલ તેમણે મેહેરબાન સરસુબાસાહેબ તરફથી ખુલાસો મગાવવો, એટલે. સરસુબાસાહેબ તે પ્રસંગે કેટલો દંડ લેવો અથવા દંડબદલ રૂ. ૫ કાયમ રાખી બાકીનો તમામ માફ કરી શકે છે (કલમ ૩૪). આજ કલમમાં વળી એવું પણ ફરમાન છે કે, દંડ ભરનાર દંડ ભર્યાની તારીખથી એક વર્ષની અંદર ભરેલો દંડ પાછો મળવા અરજ કરશે, તો સદર પ્રમાણે દંડ કમી કરવાનો અથવા કમી કરેલો દંડ પાછો આપવાનો હુકમ કરવાનો સરસુબાને અધિકાર છે.

' અને કલમ ૩૫–એ દસ્તાવેજકમી સ્ટાંપ પુરીકરી આપવા સારૂ કોઇપણ માણસ, કર્યાની તારીખથી એક વરસની અંદર સુબાતરફ રૂજુ કરે તો શી તજવીજ સુબાએ કરવી, એ સંબંધે છે. અરજદારે જે કલમ ૪૪ નો આધાર બતાવી આકોરટમાં અરજ કરીછે, તે કલમમાં એવા મોઘમ શબ્દછે કે, "કોઇપણ કોરટ અગર સુબાસાહેબે કોઇપણ દસ્તાવેજને લાગનારી સ્ટાંપની લાગત બદલ ઠરાવ કર્યો હશે, તે ઠરાવ બરોબર નથી એવી પક્ષકારની તકરાર હશે તો * * વિગેરે." તે ઉપરથી આ અરજદારે રૂજુ કરેલી સદર અરજનો નિકાલ કરવાનો અધિકાર એ કલમ ૪૪ મુજબ આ કોરટને પોહોંચે છે, કે કેમ, એનો સંશય રેહે છે, કેમકે સદર કલમ ૪૪ માં "સુબા એમણે * * ઠરાવ કર્યો હશે" એમ જે લખેલું છે. તેનો અર્થ સુબા એમણે અમુક દસ્તાવેજને અમુક કિંમતનો સ્ટાંપકાગળ જોઇએ, એવો ઠરાવ કર્યો હોય, તેવા ઠરાવ ઉપરના અરજ વિષે આ કોરટ ફેસલ કરી શકે, એટલોજ સમજવાનો છે, કે, કલમ ૩૩–૩૫ અન્વયે દંડ બદલ કરેલા હુકમ ઉપર અરજ લેવાનો આ કોરટને અધિકાર પોહોંચે છે? એ બદલ એ કલમ ૪૪ ની શબ્દ રચનાથી સ્પષ્ટતા થતી નથી, માટે એ વિષે હુજુરમાં વિચાર થઇ મરજી મુજબ ખુલાસો હાસલ થવાની મેહેરબાની થશે. '

દંડ માફ થવાની બધી અપીલો મુલકીખાતાવાળા સાંભળે, એવો ઉદ્દેશ દેખાય છે; અને આ અપીલ તેવા પ્રકારની છે. અપીલ આ કોરટ તરફ અગર રેવ્હીન્યુંખાતા તરફ એ બેમાંથી તે એક ઠેકાણે થવી જોઇએ. તેમ ન થાય, તો કોઇ કામમાં એકવાર અપીલનો નિકાલ રેવ્હીન્યુંખાતા તરફથી થયા પછી આ તરફ ફરી અપીલ થવાનો, અથવા આ તરફથી એકવાર અપીલનો નિકાલ થયા પછી રેવ્હીન્યુખાતા તરફ અપીલ થવાનો સંભવ છે. માટે એવી દુબાર અપીલ ન થાય, તે વિષે હુજુરથી ખુલાસો થવાની જરૂર છે.

અમારો પોતાનો અભિપ્રાય એવો છે કે, અમુક દસ્તાવેજને લાગત લાગે કે ન લાગે, અને લાગે તો કેટલી, એ બાબેનો નિર્ણય આ કોરટે કરવાનો છે. એ શિવાયની દંડ વિગેરે માફ થવાની બાબતોનો નિર્ણય આ કોરટથી થવો ઇષ્ટ નથી તે મેહેરબાનને વિદિત થાય."

આ લખાણ સંબંધે ખુલાસો થયેલો નથી પ્રકરણ પાછું આવ્યાથી ઉપરનો ઠરાવ નામદાર વરિષ્ઠકોરટે ઉપર પ્રમાણે કરેલો છે.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફ્‌જસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ શમ્સુદિન તૈયબજી, જજ્ય, એઓસાહેબની રૂબરૂ *.

ફેસલ તા. ૧૧-૭-૯૧.

પટેલ દામોદર દુલવ રેહેવાશી વડોદરા. દસ્તાવેજ કરીલેનાર.

પા. લલુ રણછોડ રેહેવાશી વડોદરા. દસ્તાવેજ કરીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધની કલમ ૪૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

સ્વદસ્તુરનું ખાતું જેમાં રકમ માત્ર ઉધારી છે તથા તળે સાક્ષી છે એવું-ખતની વ્યાખ્યા-કબુલત-પરિશિષ્ટ ૧, રકમ ૪.

દેણદારે લેણદારની સામાદસકતની ચોપડીમાં પોતાની તરફ ભાડાના લેહેણા રૂ. ૬ પોતાના હાથે ઉધારી આપ્યા અને તે નીચે ત્રીજા સખસની સાક્ષ કરી આપી. એવું ખાતું પાડી આપેલું હતું. ઠરાવ થયો કે,-

દેણદારે ખાતું પોતાને હાથે લખી આપ્યું છે તેથી તે તળે તેની સહી થયા બરોબર ગણવાની છે. ખાતાના તળે સાક્ષી થયેલી છે તોપણ જે અંશે તેમાં પૈસા આપવાની સ્પષ્ટ જવાબદારી લીધાનો મજકુર નથી તે અર્થે એ ખાતાનો લેખ 'ખત'ના સ્વરૂપમાં ન આવતાં પરિશિષ્ટ ૧, રકમ ૪ માં જણાવેલી 'કબુલત'ના સ્વરૂપમાં આવે છે, તથા તેમાં દેવાની રકમ રૂ. ૨૦ ઉપરાંત ન હોવાથી તે લાગતને પાત્ર થતો નથી.

ઇ. લા. રી. ૫ મુંબઇ પૃ૪ ૮૯ નો ઠરાવ વિચારમાં લીધો છે.

હકીકત.

વડોદરા સ્ટાંપકામદાર તરફ સ્ટાંપ ચોડાવવા સારૂ સદર પક્ષકાર દરમ્યાન થયેલું લખત રજુ થયે તેમણે તે અટકાવી અસલ યાદી નંબર ૧૦૨૪ તા. ૮-૧૧-૯૦ સાથે વડોદરા પ્રાંતના મે. સુબાસાહેબ તરફ મોકલેલું તેઓ સાહેબે આ. તરફ નંબર ૭૨૩ તા. ૨-૧૨-૯૦ ની યાદીથી આ તરફ મોકલ્યાથી આ પ્રકરણ ઉત્પન્ન થયું છે.

સદર પક્ષકાર દરમ્યાન થએલા લખતનો મજકુર તે અસલ ઉપરથી નિચે પ્રમાણે છે:—

---

* હો. સ્ટાં. ખુ. ૨. નંબર ૧૫૧ સન ૧૮૯૦-૯૧.

"સંવત ૧૯૪૬ ના બીજા ભાદરવા સુદી ૧૧ પા. લલુ રણછોડનું ખાતું.

જ	ઉ
	૬, બીજા ભાદરવા સુદી ૧૧. ૬, રૂપીઆ ભાડાના ચઢેલા ઉધારી આપ્યાંછે. હાસ્તેપોતે.
	૬
	૧. પા. લલુ રામદાસ સાખ."

મે. સુબાસાહેબ એમણે પોતાનીસદર નંબરની યાદીમાં તે સાથે મોકલેલા બધા લેખો બદલ એકત્ર અભિપ્રાય દરશાવેલો છે. તેમાંનો આ લખતને લાગતો સ્પષ્ટ જૂદો અભિપ્રાય ન હોવાથી તેયાદીનો મજકુર સ્ટાં. ખુ. નંબર ૫૬ સન ૧૮૯૦.૯૧×(૧) ના મથાળામાં આવેલો હોવાથી અહી દુબાર આપેલો નથી.

ઠરાવ.

હાલના લખતમાં દેણદારે લેણદારની સામાદસ્કતની ચોપડીમા પોતાનીતરફ ભાડાના લેહેણા રૂપીઆ પોતાને હાથે ઉધારી આપ્યા છે અને તે નિચે સાક્ષ ત્રીજા શખસે કરેલી છે.

આ રીતે આ લખત પૈશા સંબંધીનું છતાં લખી આપનારે પોતાને હાથે લખી આપ્યું હોવાથી તે તળે તેની સહી થયા બરોબર ગણાય (ઇં. લા. રી. ૫ મુંબઈ પૃષ્ટ ૮૯). આ શિવાય એ લખત તળે સાક્ષી થયેલી છે, તોપણ લખતમાં પૈશા આપવાની સ્પષ્ટ જવાબદારી લીધાનો મજકુર ન હોવાથી નિબંધની કલમ ૩, રકમ ૩ (ખ) માં બતાવેલા ' ખત ' ના સ્વરૂપમાં તે આવી શકતું નથી. માત્ર દેણદારે કરજના પુરાવા માટે લેણદારની સામાદસ્કતની ચોપડીમાં દેવી રકમ પોતાને હાથે ઉધાર માંડી આપી છે તેથી તેનું સ્વરૂપ પરિશિષ્ટ ૧, રકમ ૪ માં જણાવેલી ' કબુલત ' નું થાયછે અને એ કબુલતની રકમ રૂ ૬ ની હોવાથી સદર પરિશિષ્ટ ૧, રકમ ૪ મુજબ તે લાગતની પાત્રતામાં આવી શકતી નથી એમ અમે ઠરાવીએ છીએ.

× (૧). આ નંબર ૫૬ ના પ્રકરણનો ઠરાવ પછવાડે પૃષ્ઠ ૩૭૫-૩૭૬ પર છે

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફ઼જસ્ટિસ, એઓસાહેબની રૂબરૂ*.

ફેસલ તા. ૧૪-૭-૯૧.

શા. હીમતલાલ દ્વારિકા રેહેવાશી વડોદરા નરશીજીની પોળમાં.	દસ્તાવેજ લખીલેનાર.
શીલેદાર અનંદરાવ બળવંતરાવ ખાયબર રેહેવાશી મજકુરમાં મોગલવાડામાં.	દસ્તાવેજ લખીઆપ-નાર.

(સુબાસાહેબ તરફથી ખુલાસો (રેફ્રન્સ) પુછેલો છે).

ઘરની અનિયમિત મુદતની ભાડાચીઠી-કોરટે લીધેલી લાગત તથા દંડ-પરિશિષ્ટ ૧, રકમ ૨૦ (ક) તથા (ખ)-નિબંધની કલમ ૩૦ રકમ ૧ પ્રમાણે કોરટે લેવાનો દંડ.

ઘરની ભાડાચીઠી જેમાં દરમાસે (રૂ. ૩) ભાડું ચઢે ચઢે આપવાના, તથા જ્યાંહાં સુધી ઘરના માલેક ભાડે રાખે ત્યાંહાં સુધી રેહેવા વિષેના કરાર કર્યાની ભાડાચિઠી દીવાણી કોરટમાં પુરાવામાં રજુ થયાથી તે કોરટે પરિશિષ્ટ ૧, રકમ ૨૦ (ક) પ્રમાણે સ્ટાંપની લાગત રૂ. ૦-૪-૦ તથા દશ પટ દંડ રૂ. ૨-૮-૦ લીધા હતા તે વિષે નિબંધની કલમ ૩૧ પ્રમાણે તકતો સુબા તરફ જવાથી સુબાએ એ ભાડાચીઠીની લાગત અનિયમીત મુદતની ભાડાચીઠી તરીકે કોરટે નહીં લીધાથી તથા દંડની રકમ રૂ. ૫ કરતાં કમી લીધાથી ખુલાસો થવા માટે લખાણ કરેલું. તે ઉપરથી ઠરાવ થયો કે,-

એ ભાડાચીઠી અનિયમિત મુદતની છે અને તેને પરિશિષ્ટ ૧, રકમ ૨૦ (ખ) નો નિયમ લાગુ પડે છે અને તે પ્રમાણે એ ભાડાચીઠીની લાગત રૂ. ૧ તથા દશપટ દંડ રૂ. ૧૦ મળી રૂ. ૧૧ લેવા જોયતા હતા. કોરટે દંડની રકમ નક્કી કરતીવખતે નિબંધની કલમ ૩૦ રકમ ૧ માંના છેવટ ભાગના નિયમ પ્રમાણે કરવાનું છે, એટલે, દશપટ દંડની રકમ રૂ. ૫ થી કોઇ પણ પ્રસંગે કમી લેવાની નથી.

હકીકત.

રાવબાહાદુર સરદારકોરટના જજ્જ તરફથી પુરાવામાં લીધેલા એક લેખની

---

* ફી. સ્ટાં. ખુ. ર. નં ૧૦૧ સન ૧૮૯૦-૯૧.

મે. સુબાસાહેબે આ પ્રકરણ નિબંધની કઇ કલમ પ્રમાણે મોકલ્યું તે ન જણાવ્યાથી તથા આ સંબંધે નિબંધની કલમ ૪૧-૪૨-૪૪ લાગુ ન થવાથી નિબંધની કલમ અત્રે લખી નથી. દીવાની કોરટે લાગત તથા દંડ લીધો છે અને તે વિષે કલમ ૪૪ પ્રમાણે પ્રાંતના સુબાએ રેફરન્સ કરવા વિષે બ્રિટીશ આક્ટની કલમ ૫૦ પ્રમાણે અહીં ઠરાવ નથી. બ્રિટીશ આક્ટમાં કલમ ૩૯ માં જે નિયમ છે તેવોજ નિયમ અહીંછે. (નિબંધની કલમ ૩૬ ધારા ૩). અને તેથી કલમ ૫૦ પ્રમાણે તજવીજ એક માસના અંદર કલેકટર કરી શકે છે એ કલમ ૫૦ પ્રમાણે અહીંની કલમ ૪૪ માં ઠરાવ નથી. હાલ એ સબંધે વરિષ્ઠ કો. ની. ધોરણ નંબર ૨૧૯ તા. ૨૩-૬-૯૧ નો થયો છે. પુ. ભા.

લાગત તથા દંડ લઇ તેની નકલ વડોદરાપ્રાંતના સુબાસાહેબ તરફ મોકલ્યાથી મે. સુબાસાહેબે શંકા ઉઠાવી યાદી નંબર ૨૦૧ તા. ૬-૩-૯૧ ની આ તરફ મોકલ્યા ઉપરથી આ પ્રકરણ ઉપસ્થીત થયું છે.

સદરના લખાણ સાથે સદરના પક્ષકાર દરમ્યાન તા. ૨૪-૭-૯૦ ના રોજ થયેલા લેખનો મજકુર નિચે મુજબ છેઃ—

"જત આ ભાડાચીઠી લખીઆપુછું કે, અમારા રેહેતા ઘરની જોડે અમારા ભાઇ રામચંદ્રરાવ ગણપતરાવનું ઘર હમારે કબજે હતું તેની હરાજી થઇ છેસી માગણીમાં તમોએ રાખેલું તેનો કબજો તમને આપવા સારૂ આજરોજ કોર્ટ તરફથી કારકુન શીપાઇ આવેલા તેથી તમારી અમારી ખુશીથી એ ઘરનો કબજો તમને આપ્યો, ને એ ઘર તમારા તરફથી મેં ભાડે રાખ્યુછે. તેનું ભાડું માસ એકે રૂ. ૩ ત્રણ પ્રમાણે કર્યુંછે, તે ચઢાચઢે તમને આપીશું ને ઘરમાં તમારી ખુશીહોય ત્યાંસુધી રહીશું ને તમે જેવખત ખાલીકરવાનું કહેશો તે વખત બીન તકરારે ખાલી કરી આપીશું. આભાડાચીઠી લખી આપીછે તે કબૂલ મંજૂર સહી છે.

સહી. સાક્ષી.

*   *   *   *   *

મેં. સુબાસાહેબ પોતાની યાદીમાં જણાવે છે કે, લેખની લાગત અને દંડ જે લેવામાં આવ્યોછે તે નિબંધની કલમ ૩૦ મુજબ બરોબર નથી કેમકે લાગત રૂ૦—૪—૦ અને દંડ રૂ. ૨—૮—૦ એરીતે લીધાછે, પણ દંડની રકમ રૂ. ૫ થી સદર કલમ મુજબ કમી નહોવી જોઇએ. વળી ભાડાચીઠી અનિયમીત મુદતની હોવાથી પરિશિષ્ટ ૧ રકમ ૨૦ ની પેટારકમ (ખ) મુંજબ વેચાણખત પ્રમાંણે લાગત લેવી જોઇએ. તો એ ભાડાચીઠી અનિયમિત મુદતની ગણાય કે શીરીતે તેનોપણ ખુલાસો થવો જોઇએ વિગરે.

ઠરાવ.

હાલનો લેખ 'ભાડાચીઠી' છે એ વિષે શંકાઉઠેલી જણાતી નથી. તેવિષે પ્રશ્ન એછે કે, (૧) આ ભાડાચીઠીના સ્વરૂપ ઉપરથી તેને સ્ટાંપની લાગત પરિશિષ્ટ ૧, રકમ ૨૦ ની પેટારકમ (ક) મુજબ લાગવી જોઇએ, કે પેટારકમ (ખ) મુજબ લાગવીજોઇએ, અને (૨) બીજું કે, સરદારકોર્ટે દશપટ દંડની રકમ રૂ. ૨—૮—૦ લીધી છે તે બરોબરછે, કે (૩) તેઓથી આવા પ્રસંગે દંડની રકમ લેવાની તે કોઇ પણ પ્રસંગે રૂપિઆ પાંચથી ઓછી સ્ટાંપનિબંધની કલમ ૩૦ રકમ ૧ મુજબ લેઇ શકાયજનહીં?

સરદારકોરટે આ ભાડાચીઠીની સ્ટાંપની એનલાગત ચાર આના લીધી છે તે પરિશિષ્ટ ૧, રકમ ૨૦ ની કઇ પેટારકમ મુજબ ગણીને લીધીછે તે જણાઇ આવતું નથી. આ ભાડાચીઠી અનિયમીત મુદતની છે અને તેમાં માસીક ભાડું રૂ ૩ નું ઠરાવેલુ છે, એટલે લાગતને સંબંધે પરિશિષ્ટ ૧. રકમ ૨૦ પેટારકમ (ખ), નો નિયમ લાગુપડેછે. એ ધોરણે તેની લાગત ગણતાં વાર્ષિકભાડું રૂ. ૩૬ છે તે ઉપર સદર પરિશિષ્ટની રકમ ૨૯ મુજબ રૂ. ૧ થાય છે તેટલી લાગત તથા દશપટ દંડના રૂ. ૧૦ મળી રૂ. ૧૧ એ ભાડાચીઠી બદલ લેવા જોઇતા હતા. માટે ઉપર જણાવેલા ત્રીજા પ્રશ્નનો આ પ્રકરણને સંબંધે નિકાલ કરવાની જરૂર ન હોવાથી હુકમ કરવામાં આવેછે કે, સરદારકોરટે વસુલ લીધેલી રકમ, ઉપર દરશાવેલા રૂ ૧૧ માંથી બાદકરી, બાકીની રકમ લેખ રજુ કરનાર પાસેથી હવે કાયદેસરરીતે વસુલ કરવાની તજવીજ થવી જોઇએ.

આ ઠેકાણે એટલું લખવું જરૂરનું છે કે સરદારકોરટે દંડની રકમ નક્કી કરતાં સ્ટાંપનિબંધની કલમ ૩૦ રકમ ૧ માંનો છેવટ ભાગનો નિયમ ધ્યાનમાં રાખવો જોઇતો હતો.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ તથા ખા. બા. અબ્બાસ શમ્સુદીન તૈયબજી, જજ્જ, એઓસાહેબની રૂબરૂ ×.

ફેસલ તા. ૧૫-૭-૯૧.

બાઇ જીવી પટેલ નારણ રઘુનાથની વિધવા રેહેવાશી સાજીત્રા તાબે માદરા. } દસ્તાવેજ કરીઆપનાર.

પા. હાથીભાઇ દાજીભાઇ રેહેવાશી સારસા તાબે આણંદ. } દસ્તાવેજ લખીલેનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

મૃત્યુપત્ર કિંવા બક્ષીસપત્ર—મૃત્યુપત્ર હોવાથી સ્ટાંપ લાગતની માફી.

પોતાની મિલકત પૈકી થોડી મિલકતની મુવા પછી કેવી રીતે વ્યવસ્થા થવી તે વિષે દસ્તાવેજ કરીઆપનારે ઠરાવ કરી બાકીની મિલકત દીકરીને આપવા વિષે તથા તેનો વહીવટ દસ્તાવેજની તારીખથી કરવા વિષે વિગેરે મજકુર દસ્તાવેજમાં લખેલો હતો. ઠરાવ થયો કે,—

દસ્તાવેજના મજકુર ઉપરથી દસ્તાવેજ કરીઆપનારે પોતાની હયાતીમાંજ પોતાનો સર્વે હક ઉઠાવી પૂર્ણ સ્વામિત્વ સાથે મિલકત દીકરીને આપી દીધાનું જણાઇ આવતું નથી. તેથી દસ્તાવેજ બક્ષીસપત્રના સ્વરૂપનો થતો નથી. પરંતુ એકંદર મજકુર ઉપરથી મૃત્યુપત્રના સ્વરૂપનો છે અને તે સ્ટાંપની લાગતને પાત્ર નથી.

× ડી. સ્ટાં. ખુ. ર. નંબર ૬૪ સન ૧૮૯૦-૯૧

હકીકત.

રાવસાહેબ નોંધણી તપાસણીકામદારે આ દરબારની નોંધણીશાખા મારફત યાદી નંબર ૪૬૭ તા. ૧૭-૨-૯૧ ની લખેલી તે શીખાતરફથી નંબર ૧૮૭ તા. ૧૯-૨-૯૧ ના શેરાથી આવી તે ઉપરથી આ પ્રકરણ ઉત્પન્ન થયું છે.

સદર લખાણ સોબત સં. ૧૯૪૬ ના ભાદરવા સુદિ ૬ રોજ લેખ થયેલાની નકલ આવી તેનો મુદ્દાનો મજકુર નિચે મુજબ છે:—

" મારી વૃદ્ધ અવસ્થા થઇ છે ને મારૂ શરીર અશક્ત રહે છે. તેથી જીવનો ભરૂંસો નહીં, જાણી મારીપાછલ મારી મિલકત સંબંધી વાંધો ઉઠે નહીં તથા હરકત ફરીયાદી થાય નહીં, તેથી મારી મિલકતની વ્યવસ્થા નિચેમુજબ કરવા સારૂ આ વ્યવસ્થાપત્ર કરૂં છું તે નિચે પ્રમાણે:—

મારા પાસે હાલ નિચે મુજબ મિલકત છે તે મોજે સાધી ગામની છે.

૩૦૦) ઘર ૧ * * * *

૨૬૦) જમીન મોજે સાધીગામની સીમની નિચે લખેલા નંબર તથા ખુટની છે.તે * * *

એ રીતે મારીપાસે હાલ મિલકત છે તે નિચે મુજબ વ્યવસ્થા કરવા ઠરાવુંછું:—

૧૦), મારી પાછલ દીવસપાણી કરવામાં વાપરવા,

૫૦, મારા મરણપાછળ લોકો લૌકીકે આવે તેના ખર્ચમાં તથા મારી મરણક્રિયા વરસ ૧ સુધી કરવી પડશે તેમાં વાપરવા. અંકે પચાસ રૂપીઆ,

૪૨૦, મારી દીકરી નામે કરસન પટેલ હાથીભાઇ દાજીભાઇ રહેવાશી મોજે બારસા તાબે આણંદનાની વેરે પરણાવેલી છે. તે એકજ દીકરો શિવાય મારે બીજો પુત્ર નથી. તેથી એ મારી દીકરી મારી વારસ છે. તેથી તથા તે મારી દીકરી મારી ચાકરી બરદાસ કરે છે. ને મારી હવેપછીની અવસ્થામાં મારી ચાકરી બરદાસ કરશે એવો મને ભરૂંસો છે, તેથી રૂપીઆ ચારસેં ને વીસ તેને આપવાં, ને અમારી તમામ મિલકત આજથી તેના તાબામાં આપવી, ને તેણે તેનો વહીવટ આજથી કરવો, તથા મને હયાતી સુધી પાળવું, અને મારી હયાતી બાદ ઉત્તરક્રિયા વિગેરે ઉપર લખી તમામ વ્યવસ્થા કરવી. એ પ્રમાણે વ્યવસ્થા કરવાનું ઠરાવું છું.

ઉપર મુજબ મારી મિલકતની વ્યવસ્થા કરવાની તે સારૂ ટ્રસ્ટી પા. હાથીભાઇ દાજીભાઈ રહેવાશી સારસાના, જે કે મારા જમાઇ થાય છે, તેમને નીમ્યા છે; તેમણે ઉપર મુજબ વ્યવસ્થા કરવી કરાવવી. આ વ્યવસ્થાપત્ર મેં મારી રાજી ખુશીથી આરોગ્ય બેશી સાવધપણે કર્યું છે, તે મારે કબૂલ મંજૂર છે. * *

અત્રે મતુ. અત્રે સાખ.

+ + + + + + +

આ લેખ રૂ. ૩ ના સ્ટાંપ ઉપર થયેલો છે.

રાવસાહેબ નોંધણીતપાસણીકામદાર પોતાની યાદીમાં પાદરા નોંધણીકચેરી તપાસતાં આ લેખ વાંચવામાં આવ્યાથી તેમાં રૂ. ૪૨૦ સંબંધે જે મજકુર છે તથા લેખની

તારીખથી તમામ મિલકત તાબે આપ્યા વિગેરે મજકુર ઉપરથી તે વ્યવસ્થાપત્ર કે બક્ષીસપત્રમાં આવી શકશે કે કેમ, એ વિષે શંકા આવ્યાથી નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો પુછે છે.

ઠરાવ.

આ લેખના મજકુર ઉપરથી તેમાંની મિલકત લખીઆપનારે પોતાની હયાતીમાંજ પોતાનો સર્વ હક ઉઠાવી પુર્ણ સ્વામિત્વ સાથે પોતાની દીકરીને આપી દીધાનું જણાઇ આવતું નથી. એટલે, તેને બક્ષીસપત્રનું સ્વરૂપ આવી શકતું નથી. લેખના શરૂભાગમાં મરણ પછી મિલકત સંબંધી હરકત ન ઉઠાવવાના હેતુથી, એ મિલકતની લખીઆપનારના મુવા બાદ કેવી વ્યવસ્થા થવી, એ વિષે ઠરાવેલું હોવાથી આ લેખ મૃત્યુપત્રના સ્વરૂપનો જણાય છે, ને તેને સ્ટાંપની જરૂર નથી. લેખ રૂ. ૩ના સ્ટાંપકાગળ ઉપર વ્યવસ્થાપત્ર સમજી લખેલો દેખાય છે, પણ ઉપર જણાવ્યા મુજબ તે મૃત્યુપત્રના સ્વરૂપનો ઠરે છે. વ્યવસ્થાપત્ર કે બક્ષીસપત્રનું સ્વરૂપ તેને આવી શકતું નથી. એમ અમે ઠરાવીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, એઓસાહેબની રૂબરૂ *

ફેસલ તા. ૧૭-૭-૯૧.

બાઇ બઇજીબા, સોખડીયા અમલ સદાભાઇની વિધવા દીકરી રહેવાશી ડભોઉ તાબે પેટલાદ. } દસ્તાવેજ લખીઆપનાર.

મહીડા અભેસીંગ સજાભાઇ રહેવાશી મોજે મલાતજ. દસ્તાવેજ કરીલેનાર.

(નવા સ્ટાંપ નિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રે૯૨-સુ) પુછેલો છે).

મુખત્યારપત્ર કિંવા તોડજોડીનું ખત—પરિશિષ્ટ ૧, રકમ ૨૫ તથા ૧૪—લેખને વધારે સ્ટાંપ હોય તો તેનું સ્વરૂપ નક્કી કરવાની જરૂર નથી.

લેખ કરીઆપનાર શ્રી ક. એને લોકોનું દેવું હતું તેથી પોતાની મિલકત તથા દેવું જે હતું તેની વ્યવસ્થા કરવા તથા પોતાને દેવામાંથી મુક્ત કરવા માટે કરીલેનારને લેખ કરી આપેલો હતો તથા તે લેખને રૂ. ૧૫ નો સ્ટાંપ લગાડેલો હતો. ઠરાવ થયો કે—કરજ પતાવવાના હેતુથી કરીલેનારના વહીવટમાં મિલકત ક એ સોંપ્યા બદલનો લેખ હોવાથી એકરીતે તે મુખત્યારપત્રના સ્વરૂપનો ગણી શકાય(પરિશિષ્ટ ૧, રકમ ૨૫), તથા બીજી રીતે જોતાં આ લેખથી લખીઆપનાર દેણદારની મિલકતનો વહીવટ (કામ) તેના લેણદારના ફાયદા માટે ચલાવવા વિષે ઠરાવેલું હોવાથી તોડજોડીના ખતના સ્વરૂપમાં તે આવી શકે. (પરિશિષ્ટ ૧, રકમ ૧૪) આ મુજબ બેઉરીતે જોતાં દસ્તાવેજને જે અર્થે રૂ. ૧૫ નો સ્ટાંપ છે તે અર્થે લેખનું સ્વરૂપ નક્કી કરવાની જરૂર રહેતી નથી.

---

* ડી. સ્ટાં. બુ ૨. નંબર ૯૩ સન ૧૮૯૦-૯૧.

હકીકત.

રાવસાહેબ નોંધણી તપાસણીકામદારની યાદી નંબર ૪૮૧ તા. ૧૭-૨-૫૧ ની આ કોરટની નોંધણીશાખા મારફત આવેલી તે શાખા તરફથી આ તરફ શેરા નંબર ૨૦૦ તા. ૩-૩-૫૧ થી આવ્યા ઉપરથી (આ પ્રકરણ) નીકળ્યું છે.

સદર પક્ષકાર દરમ્યાનના સદર લખાણ સાથે આવેલા લેખની નકલનો મુદ્દાનો મજકુર નીચે મુજબ છેઃ—

"હું આ વ્યવસ્થાપત્ર * * ને કરી આપું છું કે, મને મારા બાપના વારસાની મળેલી મિલકત તથા લેણું દેવું તેની વ્યવસ્થા કરવા નીમું છું કે, સાથી કે, હું અસ્ત્રીજાતી ને ભણ્યા વગરની તેથી તમો મારા સગા થાઓ છો તેથી મને ફુરી ખાત્રી થાય છે કે, મારી મિલકતની તથાં દેવાની વ્યવસ્થા કરી આપશો. મારી મિલકત નિચે પ્રમાંણે ચતુર શીમાસાથેછે. + + (ખેતરો તથા ઘર) એ રીતે મારી મિલકત રૂ. ૩૫૦૦ ની છે.

મારા દેવાની તપશીલ * * (એ દેવું રૂ. ૪૦૩ નું દસ્તાવેજમાં બતાવેલું છે) * *

એ રીતે મારી મિલકત તથાં દેવું છે તેની વ્યવસ્થા તમારે આ લેખને આધારે કરવી ને મને દેવામાંથી મુક્ત કરવી. આ લેખ રાજી ખુશીથી લખી આપ્યો છે. * *"

અત્રે	સહી.	અત્રે	સાખ.
*	*	*	*

આ લેખ રૂ. ૧૫ ની કિંમતના સ્ટાંપ કાગળ ઉપર તારીખ ૨૨-૬-૫૦ ના રોજ થયેલો છે.

રાવસાહેબ તપાસણીકામદાર પોતાની યાદીમાં જણાવે છે કે, સોજીત્રાટપ્પાની નોંધણીકચેરી તફસતમાં આ દસ્તાવેજનું સ્વરૂપ નોંધણીકામદારે વ્યવસ્થાપત્ર માનેલું જણાય છે, પણ તેમાં ઠરાવી શકતું નથી એમ લાગે છે. પણ સંશય હોવાથી નિયમની કલમ ૧૧ મુજબ ખુલાસો પુછ્યો છે. વળી જણાવે છે કે, તેને પરિશિષ્ટ ૧ની એકે કલમ લાગુ પડતી નથી. અંગ્રેજી કાયદાના પરિશિષ્ટ ૧, કલમ ૬ મુજબ તેને સ્ટાંપ વાપર્યો છે. તેવી કલમ અહીંના નિબંધના પરિશિષ્ટ ૧ માં નથી. સ્ટાંપ નિબંધ જોતાં હાલનો લેખ માફીમાં આવે છે. પણ ખાતાની રૂએ તેઓ જણાવે છે કે, આવા લેખ માટે લાગત ઠરાવવી જોઇએ, કેમકે આવા લેખ ઘણા થાય છે. વિગેરે.

ઠરાવ.

લખીઆપનારે પોતાને વારસામાં મળેલી મિલકત હાલના લેખથી તેજ વારસા સાથે પોતાને માથે આવેલું કરજ પતાવવાના હેતુથી લખીલેનારના વહીવટમાં સોંપ્યા બદલનો આ લેખ છે. આવી સ્થિતીમાં આ લેખ પરિશિષ્ટ ૧, રકમ ૨૫ માં જણાવેલા 'મુખત્યાર પત્ર" ના

સ્વરૂપનો ગણી શકાય, અને દેવાની રકમો એકથી જાદે હોવાને લીધે એકથી અધિક વ્યવહારમાં કામ કરવા સારૂ તે આપેલું હોવાથી સદર રકમ ૨૫ (ખ) માં જણાવેલી રૂ. ૪ ની સ્ટાંપલાગતને તે પાત્ર થઇ શકે.

બીજી રીતે જોતાં આ લેખને પરિશિષ્ટ ૧, રકમ ૧૪ માં તોડજોડીના ખતનું જે સ્વરૂપ બતાવ્યું છે તે સ્વરૂપ પણ આવી શકે, કેમકે આ લેખથી લખીઆપનાર દેણદારની મિલકતનો વહીવટ (કામ) તેમો લેણદારના ફાયદા માટે ચલાવવા વિષે ઠરાવેલું છે. આ જાતના લેખને પરિશિષ્ટ ૧ ના વધારેમાં વધારે સ્ટાંપની લાગત રૂ. ૧૦ ઠરાવેલી છે.

આ બેઉ રીતે જોતાં જે અર્થે આ લેખને રૂ. ૧૫ ની સ્ટાંપ લાગત લાગેલી છે તે અર્થે સ્ટાંપની લાગત નક્કી કરવા સારૂ લેખનું સ્વરૂપ મુકરર કરવાની જરૂર રહેતી નથી એમ અમે ઠરાવીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, એઓસાહેબની રૂબરૂ *.

ફેસલ તા. ૧૭ ૭ ૯૧.

શા. બેચર જેચંદ મયતના નામથી વહીવટ કરનીર સુત ખેમચંદ બેચર, તથા ઉગરચંદ બેચર, રેહેનાર સાંતજ તાલુકે કલોલ.	દસ્તાવેજ લખીલેનાર.
પા. માધવજી ભગવાનદાસ, તથા શંકર ભગવાનદાસ, તથા કેવળ ભગવાનદાસ, રેહેવાશી મકનપુર તાબે કલોલ.	દસ્તાવેજ કરીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

ગીરોખતમાં ગીરો આપેલાં ઘરાં નવીન કરવાં પડે અથવા દુરસ્ત કરવાં પડે તેના ખરચના રૂપીઆ મુળ રકમ સાથે આપવાનો કરાર—એ અંગભૂત કરાર હોવા વિષે—અંગભૂત કરારને સ્ટાંપની લાગતની માફી—નિબંધની કલમ ૭.

દસ્તાવેજ કરીઆપનારે પોતાનાં ઘરાં કરીલેનારને કબજાગીરો આપેલાં હતાં. તે સંબંધે કરાર કરી આપેલો કે, એ ઘરાં નવીન કરવાં પડે અથવા દુરસ્ત કરવાં પડે તો તે વિષે જેટલી રકમ ખરચ થાય તેટલી રકમ તથા મુળ ગીરોની રકમ મળી કુલ રકમ આપી તે ઘરાં છોડાવવામાં આવશે એવો કરાર ગીરોદસ્તાવેજમાં કરેલો હતો. ઠરાવ થયો કે—એ કરાર અંગભૂત કરારના સ્વરૂપનો છે.અને એવા કરાર લેખમાં સ્પષ્ટ લખાયાના કારણથી તેના અંગભૂતપણામાં ફેરફાર થતો નથી. માટે એ કરાર નિબંધની કલમ ૭ અન્વયે જુદી લાગતને પાત્ર નથી.

---

* ડી. સ્ટાં. ખુ. ર. નંબર ૧૫૪ સન ૧૮૯૦—૯૧.

ડી. સ્ટાં. પ્રુ. ૨. નંબર ૧૪ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૨૫-૭-૯૦ નો ઠરાવ લાગુ કર્યો છે. (૧)

હકીકત.

આજમ કલોલ નોંધણીકામદારે રીપોર્ટ નબર ૨૨૭ તા. ૩૦-૬-૯૧ નો આ કોર્ટના નોંધણીદફતર તરફ કડીપ્રાંતના સરકામદારસાહેબ મારફતે મોકલેલો. તેઓ સાહેબે જાવક નંબર ૧૭૦૫ તા. ૬-૭-૯૧ થી આ કોર્ટ તરફ મોકલેલો તે નોંધણીદફતરથી જાવક નંબર ૩૯૩ તા. ૧૦-૭-૯૧ થી આ દફતરે મોકલ્યો છે.

સદર લખાણ સાથે સદરહુ પક્ષકાર દરમ્યાન સં. ૧૯૪૭ ના જેઠ વદ ૪ તા. ૨૬ જૂન સન ૧૮૯૧ ના થયેલા લેખની નકલ આવી છે. તેનો મુદ્દાનો મજકુર નિચે મુજબ છે:—

"જત રૂપીઆ ૫૦૦ અંકે રૂપીઆ પાંચસો પુરા રોકડા કલદાર લીધા છે. તેના અવેજમાં મોજે રતનપુર ગામ મધ્યે અમારાં ઢોર બાંધવાના ઘરાં નંગ ૨ × × તથા બીજાં ઘરાં નંગ ૨ અમારે રેહેવાનાં છે. તે + + તથા પડતર જમીન છે, તે તથા રતનપુર ગામની શીમમાં ખેતર નંગ ૧ + વીઘાં ૪॥ ના આશરાનું × તથા ખેતર નામે પીપરવાળુ વીઘાં ૪-૩-૧૮ * * તથા ખેતર નંગ ૧ * * વીઘાં ૫-૧૯-૮ * * તે સુધ્ધાંત તમોને ઉપર લખેલા રૂપીઆના પેટે ઘરાણે લખી આપ્યાં છે. તેના ખુટ × × એણી રીતે ચાર ખુટ વચલાં ઘરાં નંગ ૪ તથા પડતર જમીન, + તથા ખેતરાં નંગ ૩ ત્રણ તથા ચારડા નંગ ૪ ચાર તથા કુવાના આરાપાણી સુધાં તમોને ઉપર લખેલા રૂપીઆને પેટે ઘરાણે લખી આપ્યાં છે. આ રૂપીઆનું વ્યાજ નહીં તથા ખેતરાં ચારડાનો વજે નહીં, તથા ઘરનું ભાડું નહીં આ મિલકતનો કબજો આજ રોજ તમોને સોંપ્યો છે. તથા તે મિલકત તમો તમારા નજરમાં આવે તેને આપવા વાવેતર કરવા તથા કોઇને ઘરાંણે તથા સાનમાં આપો તેમાં અમો અમારાં વાલીવારસો સુધાં ઉપર લખેલા ધરાંણવટના રૂપીઆ તમારે ઘેર ભરતાં સુધી બીજી રીતે કોઇ પ્રકારની હરકત કરીશું નહીં. આ મિલકત પૈકી ઘરાં નંગ ૪ છે તે ઘરાં કોઈ વખતે નવાં કરવાં પડે અથવા દુરસ્ત કરવાં પડે ને તેમાં જેટલા રૂપીઆ ખરચના થાય, તેટલા રૂપીઆ તથા મુળ ઘરાણવટની રકમ મળી એકંદર રૂપીઆ આપીને છોડાવીએ. આ મિલકતમાં કોઇમાણસ કોઇ પણ હરકતહેલો કરે તો અમો અમારી તથા અમારા વાલી વારસોની મિલકતથી તથા સ્થાવરમિલકતથી જવાબ દેઇએ સહી."

અત્ર મતુ. અત્ર સાખ.

* * * *

આજમ કલોલ નોંધણીકામદારે, નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો પુછયો છે કે, લેખને રૂપીઆ ૩ નો સ્ટાંપ છે, પણ લેખમાંજ મજકુર એવો છે કે, નવીન કરાવવું પડે અથવા દુરસ્ત કરવું પડે તેના જે રૂપીઆ થાય, તે ઘરાણાંની રકમ, સુદ્ધાં એકંદર રકમ, આપેથી છુટે વિગેરે. એ કરારને જૂદોમાંની જૂદી લાગત તથા સ્ટાંપની તથા નોંધણીની લાગત રૂપીઆ ૨ વધારે લેવાનો

---

(૧). આ ઠરાવ પછવાડે પૃ ૩૫ ઉપર છે.

વહીવટ છે. પણ એ સ્વતંત્ર કરાર માનવો. કે અંગભૂત કરાર માનવો. આવા બાબીકરાર માટે સ્ટાંપ તથા નોંધણીની લાગત લેવી કે નહીં એ વિષે સ્પષ્ટ ઠરાવ થયેલાનો દાખલો તેમની કચેરીમાં નથી, તેથી ખુલાસો પુછ્યો છે વિગેરે. મે. નોંધણીસરકામદાર સાહેબે પ્રકરણ આગળ રવાના કરતાં કંઇ અભિપ્રાય જણાવેલો નથી.

ઠરાવ.

આ કોરટના સ્ટાંપ ખુલાસા નંબર ૧૪ સન ૧૮૮૯–૯૦ ફેસલ તા. ૨૫–૭–૯૦ ના ઠરાવ (૧)માં વિસ્તારપૂર્વક જણાવ્યા અન્વયે હાલના લેખમાં ગીરો મુકેલાં ઘર "નવીન કરાવવાં પડે અથવા દુરસ્ત કરાવવાં પડે તે તેમાં જેટલા રૂપીઆ ખરચના થાય તેટલા રૂપીઆ તથા મુળ ધરાણવટની રકમ મળી એકંદર રૂપીઆ આપીને છોડાવીએ," એવો જે કરાર છે તે મુળ ગીરો વ્યવહારનો અંગભૂત કરાર માનવાનો છે, કેમકે જો એવો કરાર લેખમાં સ્પષ્ટ પણે લખેલો નહોત ને લેખમાંનાં ગીરો મુકેલાં ઘર ગીરોરાખનારને તે પડી જવાથી નવીન વગેરે કરાવવાં પડે તો તેમાં જે ખરચ થાય તે તેને કાયદા પ્રમાણે મળી શકે છે, એટલે, આવો કરાર લેખમાં સ્પષ્ટરીતે લખાયાના કારણથી તેના અંગભૂતપણામાં કાંઇ તફાવત પડતો નથી.માટે એ કરાર અંગભૂત છતાં જુદી લાગતને પાત્ર નથી એમ અમે ઠરાવીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, એઓસાહેબની રૂબરૂ. *

ફેસલ તા. ૨૧–૭–૯૧.

પા. નરશીભાઇ મથુરભાઇ રે. સોજીત્રા. ઇસ્તાવેજ કરીલેનાર.

પા. લલુભાઇ ભીકાભાઇ બીન રણછોડભાઇ રેહેવાશી ભાદરણ. } દસ્તાવેજ કરીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

સ્ટાંપવેન્ડરે જોડસ્ટાંપ હોવાનો શેરો કરેલા સ્ટાંપ કાગળ ઉપર એક દસ્તાવેજ ન કરતાં કરેલા જુદા દસ્તાવેજ—એવા દસ્તાવેજ પુરી કિંમતના સ્ટાંપ ઉપર માનવા વિષે—સ્ટાંપ નિયમની કલમ ૫–૬–૭–૮.

સ્ટાંપવેન્ડરે સ્ટાંપ સંબંધે નિયમની કલમ ૮ પ્રમાણે રૂ. ૭ નો એક સ્ટાંપ ન હોવાના લીધે દર એક રૂ. ૩–૮–૦ ના એવા બે સ્ટાંપજોડ સ્ટાંપના શેરા કરી એક તારીખેજ વેચેલા હતા. તે કાગળ ઉપર એક દસ્તાવેજ ન લખતાં દર એક કાગળ ઉપર જુદોજુદો દસ્તાવેજ લખીને તે નોંધાવવા માટે રજુકરેલા હોય તો તે સદર નિયમની કલમ ૫–૬–૭ વિરૂદ્ધ થયેલા હોવાથી પુરી કિંમતના સ્ટાંપ ઉપર થયેલા દસ્તાવેજ માનવા કિંવા નહીં એ પ્રશ્ન હતો. ઠરાવ થયો કે,—

---

* હી. સ્ટાં. ખુ. ૨. નંબર ૮૮ સન ૧૮૯૦–૯૧. (૧). આ ઠરાવ પંચવારે પૃષ્ઠ ૩૭ ઉપર છે

જોડ સ્ટાંપનો શેરો હોય એવા બે સ્ટાંપ ઉપર એક દસ્તાવેજ નકરતાં સ્ટાંપની કિંમત પ્રમાણે જૂદા જૂદા બે દસ્તાવેજ કર્યાથી તે પુરી કિંમતના સ્ટાંપ ઉપર થયેલા નથી એમ કેહેવાને સદર નિયમની કલમ ૫-૬-૭ ઉપરથી આધાર મળી શકતો નથી. માટે કલમ ૬-૭ વિરૂધ્ધ આ લેખ થયા છે, એમ કેહેવાને કારણુ જણાતું નથી.

નવીન સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમ ૧૧ ના આધારે એવા પ્રશ્નનો ખુલાસો પુછવાને આધાર મળતો નથી.

ઈ. સ્ટાં. ખુ. ર. નંબર ર૭ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૧૮-ર-૯૧ નો ઠરાવ લાગુ કર્યો છે. (૧)

હકીકત.

પેટલાદ નોંધણીકચેરીની તપાસણી કરતાં નોંધણુક નંબર ૪, અનુક્રમ નંબર ૮, વા.૧ તથા નોંધણુક નંબર ૧ વા. ૩૪, અનુક્રમ નંબર ૨૪૪ આ બે દસ્તાવેજને સ્ટાંપ રૂ. ૭નો એકતારીખે જોડના શેરા સાથે વેચાણ લીધેલા તે ઉપર સદરના પક્ષકારોએ એકજ દસ્તાવેજ ન કરતાં રૂપીઆ સાડાત્રણના એક એક ઉપર અનુક્રમે રૂ. ૭૦૦ અને રૂ. ૫૦૦ના જૂદા ગીરોલેખ લખેલા. રાવસાહેબ નોંધણી તપાસણીકામદારના જોવામાં આવ્યા ઉપરથી એ દરએક લેખની નકલ તે ઉપરના સ્ટાંપ વિક્રીના શેરાસાથે લેઈ ખુલાસા માટે યાદી નંબર ૪૩૪ તા. ૮-૨-૯૧ ની આ કોરટ તરફ મોકલી તે સાથે વિચાર માટે મોકલીછે. રાવસાહેબ નોંધણી તપાસણીકામદાર પોતાની યાદીમાં એમ જણાવેછે કે, ઉપર જણાવ્યામુજબ જોડના શેરાવાળા સ્ટાંપકાગળો ઉપર એક લેખ ન કરતાં બે જૂદા જૂદા લેખ કરેલા છે. તે સ્ટાંપ સંબંધી નિયમની કલમ ૫-૬-૭ વિરૂદ્ધ થયેલાછે એમ લાગેછે. તે બરોબર નથી. એવા જૂદા લેખ કરવાના હતા તો જોડના શેરાવાળા સ્ટાંપ બદલાવી વગર શેરાના નવા સ્ટાંપ ખરીદકરી તે ઉપર જૂદા (લેખ) લખવા જોઇતા હતા વિગરે.

ઠરાવ.

આ કોરટે સ્ટાંપ ખુલાસા નંબર ૨૩ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૧૮-૨-૯૧ ના કામમાં ઠરાવ્યા (૧) પ્રમાણે. નોંધણીઅમલદારે પોતાના આગળ આવેલા દસ્તાવેજ વિષે જે જોવાનું છે. તેમાત્ર તે દસ્તાવેજના સ્વરૂપ મુજબ તે પુરી કિંમતના સ્ટાંપકાગળ ઉપર થયોછે કે નહીં એટલું જોવાનું છે.

હાલના લેખ સ્ટાંપસંબંધી નિયમની કલમ ૫ વિરૂદ્ધ થયેલા જણાતા નથી, અને કલમ ૬-૭ વિરૂદ્ધ આ લેખ થયાછે એમ કહેવાને પણ કારણ જણાતું નથી. માત્ર જોડના શેરાવાળા બે સ્ટાંપ કાગળઉપર એક દસ્તાવેજ ન કરતાં દરએક સ્ટાંપકાગળ ઉપર જૂદો જૂદો દસ્તાવેજ થયેલોછે, એટલા ઉપરથીજ તે પુરીકિંમતના સ્ટાંપ ઉપર થયેલા નથી એમ કેહેવાને સદરકલમ ૫-૬-૭ ઉપરથી આધાર મળી શકતો નથી. અને નોંધણીખાતા માટે સ્ટાંપસંબંધે થયેલા નિયમની કલમ ૧૧ ને આધારે આ ખુલાસો પુછેલો છે. તેવો ખુલાસો પુછવાને એ કલમ ૧૧ ઉપરથી નીકળી આવતું નથી. માટે હાલના જેવો ખુલાસો નોંધણી તપાસણીકામદારને સદર કલમ ૧૧ ઉપરથી પુછવાને આધાર મળતોનથી એમ અમે ઠરાવીએ છીએ.

---

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૧૩૯ ઉપર છે.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, એઓસાહેબની રૂબરૂ.+

ફેસલ તા. ૨૨-૭-૯૧.

ઠક્કર તારાચંદ ઓંગારજી રેહેવાશી મોજે જુનામાકા તાબેહારીજ. } દસ્તાવેજ લખીલેનાર.

કોળી હેમાંસુત બાહદર, તથા ભાઇઅદા તથા ભાઇમાંનો, વલદરતના, શાખે ગુજરવાડીયા રેહેવાશી મોજે થરોડ. } દસ્તાવેજ લખીઆપનાર.

(નવાસ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતામાટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલોછે).

ગીરોખત—પરિશિષ્ટ ૧, રકમ ૮ તથા ૯—નક્કી કરેલી રકમનો અર્થ.

લેણદારને ત્યાંહાં ગીરો મુકેલી જમીન (ખેતર) ના રૂ. ૪૦૦ આપવા કરી તે છોડવ્યાનું ઠરાવેલું અસ્તાં તે પૈકી રૂ. ૨૦૦ એક વરસની અંદર ભરવાનો અલાહીદા લેખ થયેલાનું લખી બાકી રૂ. ૨૦૦ બીજા વરસમાં ભરવાનું લેખમાં શરૂ ભોગમાં લખી છેવટ એકંદર રૂ. ૪૦૦ ભરાય ત્યારે જમીનની માલીકી ગીરોમુકનાર (હાલનો લેખ કરીઆપનાર) ની થશે એવા મજકુરનો લેખ થયેલો હતો. ઠરાવ થયો કે,—

એકંદર લેખના મજકુર ઉપરથી રૂ. ૪૦૦ ની રકમ બાબત બંદોબસ્ત કર્યાનું ઠરાવેલું દેખાય છે, તેથી પરિશિષ્ટ ૧, રકમ ૮ તથા ૯ પ્રમાણે નક્કી કરેલી રકમ રૂ. ૪૦૦ ની સમજવાની છે. અને તે ઉપર એ રકમ ૮ તથા ૯ પ્રમાણે સ્ટાંપની લાગત પડવાની છે.

પરિશિષ્ટ ૧, રકમ ૮ તથા ૯ માં નક્કી કરેલી રકમ ઉપર લાગત લેવાનું જે લખ્યું છે તેનો અર્થ લેખથી જેટલી રકમ લેવાનો બંદોબસ્ત કરી લીધો હોય તે રકમ સમજવી એમ કરવાનો છે, અને ઇંગ્રેજી સ્ટાંપઆક્ટ ઉપરથી એજ અર્થ થાય છે.

હકીકત.

આજમ હરીજ નોંધણીકામદારે આ કોરટ તરફ રીપોર્ટ નંબર ૭૮ તા. ૭-૩-૯૧ નોંધણી સરકામદાર સાહેબ મારફતે મોકલેલો છેવટ સરકામદારસાહેબે નંબર ૧૧૩૧ તા. ૨૧-૩-૯૧ થી આ તરફ રવાના કર્યા ઉપરથી આ પ્રકરણ નીકળ્યું છે.

સદરના પક્ષકાર દરમ્યાન સં. ૧૯૪૬ ના માગશર સુદી ૧ ના રોજ થયેલા લેખની નકલ સદર લખાણ સાથે આવ્યાનો મુદ્દામો મજકુર નીચે પ્રમાણે છે:—

"જત્રે અંગઉધારે જત્રે રૂ.૨૦૦અંકે રૂપીઆ બસે પુરા દેવા છે. તે રૂપીઆ સં.૧૯૪૭ ના માહા સુદી ૮ સુધી ઉછીતા ભરવા કર્યાછે, ત્યાર પછી ઘડી ૧ રાખવા નહીં. ઉપર લખેલા રૂપીઆમાં ખેતર નંગ ૧ વિઘાં ૨૨ નામે સેમાડીયું પ્રથમ તમારા ઘેર અમોએ રૂ. ૪૦૦માં અડાણવટ મુકેલું હતું તે આજ રોજ તમારા પાસેથી રૂ. ૪૦૦માંનું પાછું

* હી. સ્ટાં. ખુ. ૨. નંબર ૧૦૧ સન ૧૮૯૦-૯૧.

છોડાવ્યું છે. તેમાં રૂ. ૨૦૦ સં. ૧૯૪૬ ના માહા સુદ ૮ ઉછઉછીના ભરવાની બોલી કરી તેનો કાગળ ઉપર ખત કરાવી લીધું છે, ને રૂ. ૨૦૦ આગળ ઉપર સં. ૧૯૪૭ના માહા સુદી ૮ ઉછઉછીના ભરવાનું ખત કર્યું છે એરીતે રૂ. ૪૦૧ ઉછઉછીના ભરે ત્યારે ખેતરની માલકી અમારી થશે, તે સુધી રૂપીઆ બોલી પ્રમાણે ભરશે નહીં તે સુધીમાં ০।। ? (અર્ધા ?) માલીક તો ઠક્કર તારાચંદ ખેંગારજી છે. સરકારની વીઘોટી કોળી હેમાને શીર સંવત ૧૯૪૬ ની સાલથી છે. આ ખત કોળી હેમા રતનાએ ગામ જુનામાકાએ આવી પોતપોતાની અક્કલહુશીઆરીથી, લખી આપ્યું તે કબૂલ મંજૂર છે.

અત્ર	મતુ.	અત્ર	સાખ.
*	*	×	×

આજમ નોંધણીકામદાર જણાવે છે કે, લખીલેનારનું લખીઆપનાર તરફ રૂ. ૪૦૦ નું લેહેણું હોવાથી સં. ૧૯૪૬ ની સાલમાં રૂ. ૨૦૦ બસેં બસેંના દસ્તાવેજ કરાવી લીધેલા તે પૈકી એક દસ્તાવેજનો રૂ. ૨૦૦ નો વાયદો સંવત ૧૯૪૬ ના માહા સુદ ૮ નો હતો તે વાયદા વાળા રૂ. ૨૦૦ વસુલ થવાથી તે નોંધાવવા માટે રજુ થયો નથી; અને સંવત ૧૯૪૭ ના માહા સુદ ૮ ના વાયદાવાળો દસ્તાવેજ જે રૂપીઆ ૧ ના સ્ટાંપ ઉપર લખાયેલો છે તે નોંધણીમાટે રજુ થયેલો છે. આ દસ્તાવેજમાં રૂ. ૪૦૦ ઉછઉછીના ભરે ત્યારે સાનમાં લખી આપેલું ખેતર છુટે, એવો મજકુર હોવાથી લગાડેલો રૂ. ૧ નો સ્ટાંપ બસ થશે કે કમી મનાય એ વિષે સંશય હોવાથી નિયમની કલમ ૧૧ મુજબ ખુલાસો પુછયો છે, અને અભિપ્રાય એવો બતાવે છે કે હકીકત પ્રમાણે વધારે સ્ટાંપની જરૂર લાગતી નથી વિગેરે. રા. બા. કડ નોંધણી સરકામદારસાહેબે આ પ્રકરણ આ તરફ રવાના કરતાં કંઇ અભિપ્રાય જણાવેલો નથી.

ઠરાવ.

સાંપ્રતના લેખના શરૂ ભાગમાં જો કે માત્ર રૂ. ૨૦૦ દેવા કરેલાની વાત જણાવી છે, તોપણ એકંદર લેખ ઉપરથી તો રૂ. ૪૦૦ ની રકમ બાબત બંદોબસ્ત કર્યાનું ઠરાવેલું દેખાય છે. ને આવા ગીરોખતની સ્ટાંપ લાગત નક્કી કરવાની તે જેટલી રકમ લેખથી લેવાનો બંદોબસ્ત કર્યો હોય તે રકમ ઉપર લાગત લેવા વિષે ફરમાન છે. (જુઓ સ્ટાંપનિબંધ પરિશિષ્ટ ૧, રકમ ૮–૯ . કેમકે નિબંધના પરિશિષ્ટ ૧, રકમ ૮–૯માં 'નક્કી કરેલી રકમ' ઉપર લાગત ગણવા વિષે જે લખ્યું છે તેનો અર્થ 'લેખથી જેટલી રકમ લેવાનો બંદોબસ્ત કરી લીધો હોય તે રકમ' એમજ કરવાનો છે. પરિશિષ્ટ ૧, રકમ ૮–૯ ની સામ્યતાની ઇંગ્રેજી સ્ટાંપઆકટ (સને ૧૮૭૯ નો ૧ લો) ના પરિશિષ્ટની રકમ ૧૩ અને ૪૪ છે. તેમાં *amount secured* (જેટલી લેવાનો બંદોબસ્ત કરી લીધો હોય.) એમ લખેલું છે, તે ઉપરથી પણ એમજ નીકળે છે. માટે સાંપ્રતનો લેખ રૂ. ૪૦૦ નું ગીરોખત છે અને સ્ટાંપલાગત રૂ. ૪૦૦ની રકમ ઉપર બેસાડવી જોઇએ એમ અમે ઠરાવીએ છીએ.

———

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફ્જસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ અલ્લુદીન તૈયબજી, જજ્ય, એઓસાહેબની રૂબરૂ*

ફેસલ તા. ૨૨-૭-૯૧.

રાધાબાઇ ફોમવિઠ્ઠલ શ્રીધર ભાબુરકર રેહેનાર કસબે નવસારી.	દસ્તાવેજ કરીલેનાર.
યાદવ ધોંડદેવ ભાબુરકરઉર્ફે પાગેદાર રેહેવાશી મજકુર.	દસ્તાવેજ કરીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધની કલમ ૪૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલોછે).

કરારનો લેખ—ભિન્ન ભિન્ન બાબતો, જેવીકે, ખત, ફારગતી, તથા કરારની યાદીના સ્વરૂપની—નિબંધની કલમ ૭ તથા ૨૨ રકમ ૨, અને પરિશિષ્ટ ૧ રકમ ૮-૨૩-૬ (ખ).

દત્તકછોકરા ક એ પોતાને દત્તકલેનાર જે તેની મા તેના સાસુ ખને લેખ કરીઆપેલામાં મુદ્દાની બાબતો એવી લખી આપેલી કે. (૧), સદરહુ સાસુ ખ.ને તેની હયાતી સુધી દરવરસે રૂ. ૪૦૦ આપવાના એ વિગેરે બાબતમાં દત્તકલેનારણમાએ કરી આપેલા દસ્તાવેજની સરતોપ્રમાણે તે પ્રા તેની હયાતી સુધી વર્તશે, તથા તેની હયાતી બાદ સદરહુ માએ કરી આપેલી સરતો અન્વયે દતક છોકરો ક. પોતે વર્તશે, તથા (૨), સદરહુ સાસુખ.ની પાસે સ્ત્રીધનની જીનસો. ચાંદીનાં વાસણ, કપડ વિગેરે જે મિલકત હોય તેના ઉપર સદર સાસુખ.ની પુર્ણ માલીકી છતાં દત્તક છોકરાનો પોતાનો હક્ક નથી, તથા (૩) દત્તકછોકરાની માએ સદરહુ સાસુખ.ને રેહેવા માટે આપેલી જગા છે તે બાબતમાં તથા તેની પાસે ઘર વિગેરેના દસ્તાવેજ. કાગળપત્ર છે તે બાબતમાં હયાતી સુધી પોતે હરકત કરવાની નથી. એવી રીતે ભિન્ન ભિન્ન બાબતો સંબંધે એકજ કરારનો લેખ ક. એ. ખ. ને કરીઆપેલો હતો, તથા તે ઉપર સહીસાક્ષીઓ થયેલી હતી. ઠરાવ થયો છે,—

આ લેખમાં ભિન્ન ભિન્ન બાબતો છતા તે વિષે જુદા જુદા લેખ ન કરતાં એકજ લેખ કરેલો છે. માટે દરએક બાબતો સંબંધે જુદી જુદી સ્ટાંપની લાગત, નિબંધની કલમ ૭ પ્રમાણે, પડવાની છે, એટલે, (૧), રૂ. ૪૦૦ દરવરસે આપવા બદલ જે કરાર છે તે દત્તકથનાર માની પછવાડે સદર સાસુખ.ને રૂપીઆ આપવાની જવાબદારી માથે લીધાની બાબતનો છે અને તે 'ખતની વ્યાખ્યામાં આવે છે, માટે નિબંધની કલમ ૨૨ રકમ ૨ પ્રમાણે બારપટ રકમ ઉપર પારેશિષ્ટ ૧, રકમ ૮, અન્વયે સ્ટાંપની લાગત એ કરારને પડવાની છે; તથા (૨), સ્ત્રીધનની જીનસો ઉપરથી હક્ક છોડયા પુરતો મજકુર ફારગતીના સ્વરૂપનો છે અને તે રકમ ૨૩ પ્રમાણે લાગતને પાત્ર છે; તથા (૩), લેખમાં જે બાકીની બાબતો છે તે કરારની યાદી તરીકે છે અને તે રકમ ૬ (ખ) પ્રમાણે લાગતને પાત્ર છે.

હકીકત.

રા. બા. નવસારી પ્રાંતના સુબાસાહેબ તરફથી યાદી નંબર ૨૬૪ તા. ૧૯-૨-૯૧ ની આવ્યા ઉપરથી આ પ્રકરણ ઉપસ્થ થયું છે.

---

* હી. સ્ટાં. ખુ. ૨. નંબર ૯૧. સન ૧૮૯૦-૯૧.

સદરની યાદીસાથે સદરના પક્ષકાર દરમ્યાન સં. ૧૯૪૭ કારતક સુદિ ૨, તા. ૧૪ નવેંબર સન ૧૮૯૦, ને રોજ થયેલો અસ્સલ લેખ આવ્યો છે. તેનો મુદ્દાનો મજકુર નીચે મુજબ છે:—

"ऐसा कीं मजला आपली सून गंगारूप यमुनाबाई कोम धोंडोविठ्ठल यांनीं शरतीचे करारानें दत्तक आजरोजीं घेतलें आहे. त्यावरून मीं आपल्यास लिहून देतों तें खालीं लिहिल्याप्रमाणें:—

१. तुम्हांस गंगारूप यमुनाबाई कोम धोंडो विठ्ठल यानीं दस्तऐवज तुमचे हयातीपर्यंत दरसाल रु. ४०० चारशें अन्नवस्त्राबद्दल वगैरे मजकूरचे जे दस्तऐवज करून दिले आहेत ते दस्तऐवज मजला कबूल असून त्या दस्तऐवजाचे शरतीप्रमाणें यमुनाबाईचे हयातीपर्यंत ते पाळतील. त्यांचे हयातीबाद मीं एकंदर वरदर्शविलेल्या दस्तऐवजाच्या शर्तीअन्वयें अमल करीन. यांत तिळःप्राय अंतर करणार नाहीं. वर जे दस्तऐवज दिले आहेत ते दस्तऐवज दोन असून मिती अधिक भाद्रपद शुद्ध १५ संवत १९४६ चे आहेत, दस्तुर यादवराव धोंडो.

२. तुमचें स्त्रीधन, दागदागिने, सोनें, मोतीं, चांदीचे तसेंच चांदीचीं भांडीं, कापडचोपड वगैरे जे तुमचे तुमच्याजवळ असेल त्याचे पूर्णपणें तुम्हीं मालक आहांत, त्यांजवर माझा किंवा माझे वंशजांचा कांहीं अर्थाअर्थी हक्कसंबंध नाहीं.

३. आपल्यास राहण्यास जागा, पटवाशेरींतील राहते हवेलींतील जागेपैकीं गणपतीवाला दिवाणखाना व चौकास लागून असलेली जुनें देवघरवाली खोली, व हल्लींचे देवघरास लागून असलेली खोली, याप्रमाणें जागेंत आपण राहत असून हल्लीं आपले कबज्यांत आहे, त्याप्रमाणें आपले हयातीपर्यंत आपण वापरावी. त्यास यमुनाबाईचे हयातीपर्यंत ते हरकत करणार नाहींत. व त्यांचे पश्चात् मीं पण हरकत करणार नाहीं. तसेंच चौकांतील जागा समाईक आहे, तीपण कारणपरत्वें आपण वापरण्यांत घ्यावी.

४. जी जागा आपले ताब्यांत आहे त्याची डागडुग वगैरे आपण आपले नेमणुकींतून करावी. समाईक जागेची डागडुग करण्याची जरूर पडल्यास यथाविभाग सर्वांनीं ती करावी.

५. आपलें घर संबंधी एकंदर मिळकतींची अस्सल वेचाणखतें वगैरे जे कागद आहेत ते बहुत वर्षांपासून आजपर्यंत आपले ताब्यांत आहेत त्या प्रमाणें आपले हयातीपर्यंत आपल्या जवळ राहण्यास मीं हरकत करणार नाहीं. सदरहू कागदांची यमुनाबाईस जरूर लागल्यास कारणपरत्वें दाखविण्यास देत जाऊन कारणसरल्यावर आपण आपले जवळ परत घेत जावेत. त्यास हरकत आम्ही करणार नाहीं.

येणेंप्रमाणें करारनामा मीं आपले स्वसंतोषानें लिहून दिला आहे. जेणेंकरून आपले मनास वाईटन वाटेल अशा रीतीनें मीं आपले बरोबर वागेन. कोणत्याही प्रकारें आपल्यास त्रास व दुःख देणार नाहीं, दिल्यास श्रीकुलस्वामीची शपथ असे. हें करारपत्र स्टांपवर लिहून देण्याचें परंतु आजरोजीं वक्तशिर स्टांप न मिळाल्यामुळें साधे कागदावर लिहून दिलें आहे, तरी शिरस्तेप्रमाणें छापवून व रजिस्टर

करून घेण्यास आपण मजला मालक आहांत, त्यास मीं तक्रार करणार नाहीं. हें करारपत्र मीं आपले स्वंसतोषानें व अक्कल हुशारीनें लिहून दिलें सही. मिती कार्तिक शुद्ध २ संवत १९४७, तारीख १४ माहे नवेंबर, सन १८९० इसवी. दस्तुर मोहनीराज गोपाळ नांदूरकर."

सही. साक्ष.

× × × × × ×

આ દસ્તાવેજ સાદાકાગળ ઉપર થયેલો છે. તે કરીલેનાર તરફથી નિબંધની કલમ ૩૫ મુજબ સ્ટાંપ લગાવી આપવા સારૂ સુબા સાહેબ તરફ રજુ થતાં, તેના સ્વરૂપ વિષે તેઓસાહેબને સંશય આવ્યાથી સદર નંબરની યાદીથી તેઓએ ખુલાસો પુછેલો છે. એ યાદીમાં સુબાસાહેબ જણાવે છે કે, દસ્તાવેજનો કેટલોક ભાગ કરારમાં સમાવેશ થવા જેવો છે, અને કાંઇ ભાગ ખત જેવો પણ છે, અને અભિપ્રાય જણાવે છે કે, તેનો સમાવેશ કરાર, પરિશિષ્ટ ૧, કલમ ૬ (ખ) માં કરવા હરકત નથી.

ઠરાવ.

હાલના લેખનો કલમવાર મજકુર ધ્યાનમાં લેતાં તેમાંની કલમ ૧ એ ખતના સ્વરૂપની છે. કેમકે, તેથી લખીઆપનારે લખીલેનારની હયાતી સુધી યમુનાબાઇનીપશ્ચાત્ રૂપીઆ આપવાની જવાબદારી માથે લીધી છે, અને લેખ તળે તેની સહી તથા સાક્ષીઓ થયેલી છે, જુઓ સ્ટાંપનિબંધની કલમ ૩ રકમ ૩ (ખ).

લેખની બીજી કલમમાં 'ચાંદીનાં વાસણ, કાપડચોપડ, જે તમારૂં તમારી પાસે હશે, તેના પૂર્ણપણે તમે માલક છો તે ઉપર મારો કિંવા મારા વંશજોનો અર્થ અર્થી હક્ક સંબંધ નથી' એવો મજકુર છે તે ફારગતીના સ્વરૂપનો છે. કેમકે દીકક તરિકે એ મિલકત ઉપર લખીઆપનારનો હક્ક અગર લાભ હોય તે તેણે લખીલેનારના ફાયદા સારૂ છોડી દીધો છે. (જુઓ સ્ટાંપનિબંધ પરિશિષ્ટ ૧, રકમ ૨૩, તેમજ પુનુસ્વામી-કૃત સ્ટાંપ માન્યુઅલ, કોષ ભાગ પૃષ્ઠ ૨૩૬).

બાકીની લેખની કલમો છેવટની કલમ સુધ્ધાંતની ઉઘડ રીતે 'કરારની' યાદી (પરિશિષ્ટ ૧, રકમ ૬ (ખ) ના સ્વરૂપની છે.

માટે આ લેખની કલમ ૧ પુરતું 'ખત ગણી તે યમુનાબાઇની પશ્ચાત્ લખીલેનારની હયાતી સુધી દરસાલ રૂ. ૪૦૦ આપવા બદલનું હોવાથી તેની લાગત સદર રૂ. ૪૦૦ ના બારપટ (નિબંધની કલમ ૨૨ રકમ ૨) ઉપર પરિશિષ્ટ ૧, રકમ ૮

મુજબ ગણી નક્કી કરવાની છે. અને લેખના બીજી કલમમાં ફારગતીનો મજકુર છે તેની લાગત (પરિશિષ્ટ ૧ કલમ ૨૩) એ કલમમાં જણાવેલી મિલકતની કિંમત ઉપર નક્કી કરવાની, પણ લેખમાં કિંમત બતાવી નથી, માટે લખીલેનાર હાલ જો કિંમત બતાવવા રાજી હશે તો તેમનાથી તે નક્કી કરી લેઇ જે રકમ જણાય તે ઉપર સદર પરિશિષ્ટ રકમ ૨૩ મુજબ લાગત ગણી લેવાની છે; અને જો તેવી કિંમત લખી-લેનારજી બતાવે તો પછી ફારગતીને માટે એ પરિશિષ્ટમાં વધારેમાં વધારે રૂ. ૫ લાગતના ઠરાવેલા છે, તેટલી લાગત ગણી લેવાની છે. અને લેખના બીજાના મજકુર માટે, 'કરારની યાદી' તરીકે આઠઆનાની લાગત લેવાની છે. (પરિશિષ્ટ ૧. રકમ ૬ ખ). એ રીતે એકંદર લાગતની જે રકમ થાય તેટલી કિંમતની સ્ટાંપની લાગત કાયદા પ્રમાણે આ લેખને લાગવી જોઇએ, એમ અમો ઠરાવીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, એઓસાહેબની રૂબરૂ.

ફેસલ તા. ૨૩-૭-૯૧.

પા. ચતુરભાઇ મથુરભાઈ બીન સુરદાસ, તથા પા. ઝવેહેરભાઇ મનોરભાઇ બીન ગીરધર, રેહેવાશી તાબે પેટલાદ.	દસ્તાવેજ કરીલેનાર.
બાઈ ડહીબા, તથા જવેહેરબા, પા. મરઘાભાઇ બીવાભાઇના વિધવા ભારજાઓ, તથા બેનકુનીબા, પા. બોઘાભાઇ રણછોડની સધવા દીકરી રેહેવાશી મજકુર.	દસ્તાવેજ કરીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

*આડગીરોખત—નિબંધની કલમ ૩ રકમ ૭—નિબંધની કલમ ૭—પરિશિષ્ટ ૧, રકમ ૯.

જુદી જુદી રકમો માટે જુદી જુદી મિલકત ગીરો રાખ્યા પછી તે એકજે કુલરકમ માટે આડગીરો મુકયા બાબત લેખ કરવામાં આવેલો હોય તો તે લેખ ભિન્નભિન્ન બાબતો સંબંધે નસ્તાં ગીરોખતના સ્વરૂપનો છે, (નિબંધની કલમ ૩ રકમ ૭), તથા આવા ગીરોલેખ માટે સ્ટાંપની લાગત લેવામાં તે આડગીરો લેખથી ધીરેલા અવેજની રકમ ઉપર પરિશિષ્ટ ૧, રકમ ૯ પ્રમાણે, લેવાની છે.

દી. સ્ટાં. ખુ. ૨ નંબર ૬૪ સન ૧૮૯૦-૯૧ ફેસલ તા. ૫-૩-૯૧ તથા નંબર ૩૬ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૧૭-૩-૯૧ નો ઠરાવ વિચારમાં લેઈ લાગુ કર્યો છે. (૧).

---

* દી. સ્ટાં. ખુ. ૨. નંબર ૯૬ સન ૧૮૯૦-૯૧.

(૧). આ ઠરાવ પછવાડે અનુક્રમે પૃષ્ઠ ૧૫૪ તથા પૃષ્ઠ ૧૬૨ ઉપર છે.

હકીકત.

રાવસાહેબ નોંધણી તપાસણીકામદારે આ કોરટ તરફ યાદી નંબર ૫૧૩ તા.૨૨-૨-૯૧ ની નોંધણીશાખામાં મોકલી ત્યાંહાંથી આ તરફ નંબર ૨૦૨ તા. ૩-૩-૯૧ થી આવ્યા ઉપરથી આ પ્રકરણ ઉત્પન્‍ન થયું છે.

સદર લખાણ સાથે સદરના પક્ષકાર દરમ્યાન સં ૧૯૪૬ ના જેઠ વદિ ૧૩ તા. ૧૫-૬-૯૦ નો લેખ થયેલાની નકલ આવી તેનો મુદ્દાનો મજકુર નીચે મુજબ છેઃ—

" એકામતે એકાજતે હસ્તાક્ષરાણુ દતાન જત, ગ્રહીત. વસોની શીમતલની તથા ગામતળની તથા વસો તાબાના રામપુરની શીમની અમો ડહીબા તથા ઝવ્હેરબાના ખાવીંદ તથા અમો પૈકી બેન કુનીબાના ભાઇ મરઘાભાઈએ ગીરો રાખેલી તે આજરોજ તમોને આડગીરો આપીછે. તેની તપશીલ ખુટવાર નીચે મુજબઃ—

૧. ખેતર * * વિઘાં ૨ાા * વસોની શીમનું વસીના પા. + × ની વાલી બાઇ લાડબાઇ પાસેથી આ ખેતર તથા ડેહેલું રૂપીઆ ૧૫૦૧ * * માટે રાખ્યુ છે તે પૈકી એ ખેતરના ખુટની વિગતઃ -

૨. ડેહેલું એક તથા ડેહેલાની ઉત્તરે પડતર જમીન તથા ડેહેલાની પછીતે ઓરડી વસો મધે દુધીયા ઉપર * * *.

૩. ખેતરાં કીત્તાં ૫ થઇને વીસવાસી ૬ (છ) નોનરવો, અમારા ખાવીંદે વસોના પા. મુથુરભાઈ પુંજાભાઇ વિગેરે પાસેથી રૂ. ૧૩૯ * * માટે ગીરો રાખેલાં તેની તપશીલ નિચે મુજબ વિગતવાર. * * *.

૪. ખેતર નામે કાજીવાળું * * રામપુરની શીમનું, વિઘાં પાા. × × પા. લાલાજી મીઠાભાઇ તથા પા. ડુંગરભાઇ વેહેરીભાઇ સાથે સહીયારૂ કાજી મીરસાહેબ વિગરે પાસેથી ગીરો રાખ્યું છે. તેના ખુટની વિગત * * *.

એ રીતે ખુટ વચલું રૂ. ૮૬૫ + + માટે ઝાડ બીડ સહ રાખ્યું છે, તેમાંથી ભાગ ત્રીજો આવે તે.

૫. ખેતર કીત્તે ડોડીયાવાળું વિઘું, ૧ * * કુવાનો હીરસાસુધાંત પા. બીખાભાઇ બાપુભાઈ પાસેથી રૂ. ૨૦૧ * * માટે ગીરો રાખેલું છે. * * *.

૬. ખેતરાં કીત્તા ૪ નરવા, વસો પોણુ ને બે વીસવાશીના વીઘાં ૮ * આ. લાલાજી ઘોરીભાઈ વિગેરે પાસેથી રૂ. ૬૦૧ * માટે ગીરો રાખેલા તેના ખુટ * * * *.

૭. ખેતરાં કીત્તા ૨ બે થઈ વીઘાં ૪ પા. મીઠાભાઈ ઘોરીભાઇની વિધવા બારજા એ * પાસેથી રૂ. ૩૩૦૧ * માટે ગીરો રાખેલાં તેના ખુટ * *.

એરીતે ઉપર લખેલાં ખેતરાં તથા ડેહેલું તથા ડેહેલા સાથે પડતર જમીન સુધાંત તમોને અમારા કબજા ભોગવટાનો હક્ક ઉઠાવી આડગીરો આપ્યાં છે તેની ઉપર રૂ. ૩૦૬૦।।—। અ કે ત્રણ હજાર સાડીસાઠ રૂપીઆને સવાઆનો ભાગ્યાશાઇ લેઈને આડગીરો મુકયાં છે. તે રૂપીઆનું વ્યાજ નહીં ને ખેતરાં તથા ડેહેલાનું ભાડું તથા દાણ નહીં, ને પડતર જમીનનું ભાડું નહીં. મુદ્દલ રૂપીઆ આપે છુટે, ને સદર મિલકત અમારે ઘેર ગીરોમુકનાર જ્યારે તમારી પાસે છોડાવવા આવે ત્યારે છોડજો ને રૂપીઆ લેજો."

અત્ર મતુ. અત્ર સાખ.

* * * *

રાવસાહેબ નોંધણીતપાસણીકામદારે મોકલેલી સદર નકલ ઉપરથી રૂ. ૧૫ નો સ્ટાંપ આ લેખ માટે વાપરેલો જણાય છે. તેઓ પોતાની યાદીમાં જણાવે છે કે, સદર રકમનો સ્ટાંપ આ લેખને પુરતો છે કે શું ? એ બદલ ખુલાસો થવો જોઈએ. લેખમાં જૂદી જૂદી રકમોનો હક્ક આડગીરો આપ્યો છે. તેથી પ્રત્યેક રકમ બાબત જૂદો હક્ક ઉત્પન્ન થવાનો છે. ઈંગ્રેજીમાં એ બાબત કંઇ ઠરાવ નથી. કેમકે ત્યાંહાં હરેક ખત જૂદા લેખ કરતાં હશે, પરિશિષ્ટ ૧, રકમ ૧૮ માં 'ખત વિગેરે શબ્દ' છે તે એકવચની છે વિગેરે. આ ખુલાસો નિયમની કલમ ૧૧ મુજબ પુછ્યો છે.

ઠરાવ.

લખીઆપનારે લખીલેનાર પાસેથી અવેજ લઇ તારણમાં પોતાની ગીરોહક્કની મિલકતો આડગીરો મુકી છે તેથી આ લેખ ગીરોખતના સ્વરૂપનો ઠરે છે (જુઓ નિબંધની કલમ ૩ રકમ ૭). તારણમાં એક કરતાં જ્યાદે મિલકતો મૂકી છે તે ઉપરથી લેખનું ગીરોખતનું સ્વરૂપ ફરતું નથી, અમે આવીજ હકીકત વાળા લેખમાં તારણ જૂદી જૂદી મિલકતોનું આપેલું છતાં તેમને આ કોરટે ગીરો લેખજ ઠરાવેલા છે (જુઓ આ કોરટના સ્ટાંપ ખુલાસો નંબર ૬૪ સન ૧૮૯૦-૯૧ ફેસલ તા. ૫-૩-૯૧ તથા નંબર ૩૬ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૧૭-૩-૯૧) (૧). અને આવા ગીરોલેખની સ્ટાંપલાગત લેવાની તે તારણની મિલકતની કિંમત ઉપર નહીં પણ ધીરેલા અવેજની રકમ ઉપર લેવાની છે. (જુઓ પરિશિષ્ટ ૧, રકમ ૮ તથા ૯) અને તે ધોરણે લાગત ગણતાં લેખને લગાડેલો સ્ટાંપ પુરી કિંમતનો થાય છે. સબબ આ પ્રકરણને સંબંધે તપાસણી કામદારે ઉઠાવેલી શંકા લાગુ પડે તેમ નથી એમ અમે ઠરાવીએ છીએ.

---

(૧). આ ઠરાવ પછવાડે અનુક્રમે પૃ૪ ૧૫૪ તથા ૧૬૨ ઉપર છે.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ શમ્સુદીન તૈયબજી, જજ્ય, એઓસાહેબની રૂબરૂ *

ફેસલ તા. ૩૧-૭-૯૧.

બાઈ કરાણબાઈ તે ગઢવી ગીસાભાઈ માનભાઇ રેહેવાશી ગામ રામોદડી મહાલ પેટલાદ.	દસ્તાવેજ લખાવીલેનાર.
ગઢવી આવડદાસ જેઠાભાઇ તથા ગઢવી હદુભાઇ જેઠાભાઈ રેહેવાશી ગામ રામોદડી.	દસ્તાવેજ કરીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

વ્યવસ્થાપત્ર—નિબંધની કલમ ૩ રકમ ૯ (ખ)—પરિશિષ્ટ ૧, રકમ ૩૧.

લખીઆપનાર क. એ પોતાની કાકી લખીલેનાર ख. ને તેની હયાતી સુધી લેખના તારીખથી તેને રેહેવામાટે ઘર તથા ઉપજીવીકા થવા માટે કેટલાંક ખેતરાં ફક્ત તેની ઉપજ લેવા સારૂ સદરહુ કાકીને આપ્યા બાબતનો લેખ क. એ ख. ને કરીઆપેલો હતો. લેખમાં એ મિલકતની કિંમત રૂ.૩૯૯ જણાવેલી હતી. ઠરાવ થયો કે,—

આ લેખ સ્ટાંપનિબંધની કલમ ૩ રકમ ૯ (ખ) પ્રમાણે વ્યવસ્થાપત્રના સ્વરૂપનો છે તથા લેખમાં વ્યવસ્થા કરેલી મિલકતની કિંમત ઉપર પરિશિષ્ટ ૧, રકમ ૩૧ પ્રમાણે સ્ટાંપની લાગત હોવી જોઈએ.

હકીકત.

આ પ્રકરણ રાવસાહેબ નોંધણી તપાસણીકામદારે યાદી નં. ૫૪૬ તા. ૩-૨-૯૧ ના લખાણ સાથે નોંધણીખાતાની મારફતે પેટલાદમહાલની નોંધણીકચેરીના નોંધબુક નં. ૧, વા. ૩૨, અનુક્રમ નં. ૫૭૪, ના દસ્તાવેજને સ્ટાંપ કેટલો જોઈએ તેનો ખુલાસો થવા સારૂ નોંધણીખાતામાટે થયેલા નિયમની કલમ ૧૧ મુજબ નિર્ણય થવા સારૂ આ તરફ મોકલ્યું છે.

ઉપર લખેલા પક્ષકારોના દરમિયાન સં. ૧૯૪૬ ના અષાડ સુદ ૧૫, તા. ૨ જુલાઇ સન ૧૮૯૦, ના રોજ થયેલા દસ્તાવેજનો મુદ્દાનો મજકુર નિચે મુજબ છે:—

"જતે હમો તમોને લખી આપીએ છીએ કે, તમો હમારી કાકી થાઓ, માટે તમારા ભરણપોષણ સાર હમારા કબજા ભોગવટાનાં ખેતરાં નંગ ૪ તથા ઘર નંગ ૨ બે એ રીતે

---

* ડી. સ્ટાં. બુ ર. નંબર ૯૯ સન ૧૮૯૦—૯૧.

તમારા કબજાભોગવટામાં સોંપ્યાં છે, તેની ઉપજ આવે તે તમારે લેવી. તેના ખુટની વિગત,— ખેતરાં નંગ ૪ ચાર ગામ રામોદડીની શીમના તથા મામાનપુરા ? તથા નારની શીમનાં વિઘાં ૭ા તેની કિંમત રૂ. ૩૨૫. * * * એ રીતેનાં ખેતરાં વિઘાં ૭ા અદબદ ઝાડબીડ વાડવલગણી સેડાપાળી સમેતનાં તેની કિંમતના રૂ.૩૨૫.

ઘરનંગ ૨ ની ચતુઃસીમા * * ઉપરનાં ઘરાં નંગ ૨ એ અદબદ ઓસરી પરસાલ સાથેનાં અમારા કબજામાંનાં તે તમોને કમજા સાથે રેહેવાને સારૂ આપ્યાં છે તેની કિંમત આશરે રૂ. ૭૪ ની છે.

એરીતે ઉપરનાં ખેતરાં તથા ઘરાં નંગ ૨ એ તમોને રેહેવાસારૂ તથા ખેતરની ઉપજ આવે તે તમે દરસાલ ખાજો, ને ઉપરનાં ખેતરાં તમો જીવો ત્યાંહાં સુધી તમારી મરજી મુજબ ખેડી ખેડાવી ઉપજ લેઈ ને ખેતર આવાં આ ખેતરાંની ફક્ત ઉપજ ખાવાનો તમારો હક છે, બીજો કાંઇ હક નથી. તમો લખીલેનાર બાઇ ગુજરી ગયા પછી તેના માલીક હમો છીએ. એ ખેતર તમારાથી બીજાને ત્યાંહાં ગીરો કે સાન કે બીજા હકથી મુકાય નહીં, ફકત ઉપજ ખાવાનો હક તમારો છે. કોઇ સાલે ખાડીયું પડે તો તે સાલ અમો લખીઆપનાર તમારૂં ખરચ આપીએ, ને ન આપીએ તો ઉપરનાં ખેતરાં ગીરો મુકો તેમાં હરકત કરીએ નહીં * *. આ ખેતર તમો ગુજરીગયા પછી અમો અન્નેજણ તાબે કરી લેઇએ. * *."

અત્રે	મતુ.	અત્રે	સાખ.
+	+	+	+

રાવસાહેબ તપાસણીકામદાર ઉપરની પોતાની યાદીમાં જણાવે છે કે, "આ દસ્તાવેજમાં ખેતરાં નંગ ૪ તથા ઘરાં નંગ ૨ કબજામાં સોંપ્યાં છે અને તેની ઉપજ આવે તે તમારે ભરણપોષણ સારૂ લેવી એવો કરાર છે. જમીન તથા ઘરાંની કિંમત રૂ. ૩૯૯ લખી છે, એ રકમ ઉપર સ્ટાંપનિબંધ પરિશિષ્ટ ૧, રકમ ૮ પ્રમાણે સ્ટાંપ રૂ. ૨ એનો આ દસ્તાવેજને લગાડયો છે. દસ્તાવેજમાં જમીનની કિંમત લખી છે તે શા ધોરણ પ્રમાણે લખી છે એ સમજાતું નથી. આ દસ્તાવેજ સ્ટાંપનિબંધની કોઇ પણ વ્યાખ્યામાં આવે એમ લાગતું નથી. ગીરોખતની વ્યાખ્યા નિબંધમાં આપી છે તેના છેલ્લા ભાગમાં લખ્યું છે કે 'કાંઇ કરાર પુરો કરવા બાબત તારણ મુકી તે સંબંધમાં જે દસ્તાવેજ થયો હોય તેનો પણ સમાવેશ ગીરોખત આ શબ્દમાં થાય છે' એમ લખ્યું છે. એ ઉપરથી સદરહુ શબ્દોમાં એ દસ્તાવેજનો સમાવેશ થશે કે નહીં એનો સંશય છે. માટે હાલનો દસ્તાવેજ ક્રિયા સ્વરૂપમાં દાખલ થાય છે તેનો નિર્ણય તથા એને સ્ટાંપ શો જોઇએ તેનો નિર્ણય મેહેરબાનીથી થઇ આવશે." +

+ નોંધણીકામદારે આ દસ્તાવેજનું સ્વરૂપ ખોરાકી પોષાકીનો દસ્તાવેજ એમ માન્યું છે. હાલના દસ્તાવેજને સ્ટાંપ રૂ. ૨ નો લગાડેલો છે.

ઠરાવ.

હાલના લેખથી લખીઆપનારે પોતાની લખીલેનાર વિધવા કાકીને તેની હયાતી સુધી લેખની તારીખથી ઉપજીવીકા માટે કેટલીક સ્થાવરમિલકત આપેછે, એટલે એ લેખ સ્ટાંપનિબંધની કલમ ૩ રકમ ૫ (ખ) મુજબ વ્યવસ્થાપત્રના સ્વરૂપનો ઠરે છે. (જુઓ પુરુસ્વામી કૃત સ્ટાંપમ્યાન્યુઅલ ક્રોપ ભાગ પૃષ્ઠ ૨૫૨ પારિગ્રાફ ૪) અને વ્યવસ્થા કરેલી મિલકતની કિંમત લેખમાં રૂ. ૩૪૯ની આંતાવીછે, તે ઉપર પરિશિષ્ટ ૧, રકમ ૩૧ પ્રમાણે રૂ. ૨ લાગત થાય તેટલી લાગત લેખને લગાડીછે એમ આવેલી નકલ ઉપરથી જણાય છે.

સબબ આ લેખ વ્યવસ્થાપત્રના સ્વરૂપનો છતાં પુરી લાગત આપેલો છે એમ અમે ઠરાવીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખાન બાહાદુર અબ્બાસ શમ્સુદીન તૈયબજી, જજ્ય, એઓસાહેબની રૂબરૂ*.

ફેસલ તા. ૩૧—૭—૯૧.

મેહેતા છગન મંછારામ સુત ટોકર છગન રેહેવાશી કસબેખેરાળુ.	દસ્તાવેજ કરીલેનાર.
હોજા રંગુ ગણપતરામ રેહેવાશી મજકુર.	દસ્તાવેજ કરીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરંસ) પુછેલોછે).

ગીરોમિલકત ઉપરનો ગીરોરાખનારનો ગીરોહક્ક જૂદીજૂદી રકમ માટે આપ્યાનો લેખ—ભિન્ન બાબતો—નિબંધની કલમ ૭ —પરિશિષ્ટ ૧, રકમ ૧૮.

જૂદી જૂદી ગીરોમિલકત ઉપર ગીરો રાખનારનો જે ગીરોહક્ક, એટલે, પાંચ ગીરોખતાંથી ઉત્પન્ન થયેલો હક્ક જૂદી જૂદી રકમ માટે એકજ લેખથી વેચાણ આપવામાં આવે તો એ વેચાણનો વ્યવહાર બીજાના નામ ઉપર કરીઆપવાનો લેખ થાય છે, તથા તેમાં જૂદી જૂદી રકમો માટે જૂદો જૂદો ગીરોહક્ક આપીદીધાનું લખ્યું હોય તો તેથી તે ભિન્ન બાબતો સંબંધે લેખ નિબંધની કલમ ૭ પ્રમાણે થતો નથી, કારણ તે ગીરોખતાંથી લેખ લખીઆપનારનો જે એકજજાતનો હક્ક ઉત્પન્ન થયેલો હતો તે તેણે આપેલો હોય છે.

એવા લેખમાં જેટલી રકમનો ગીરોહક્ક આપી દીધો હોય તે ઉપર પરિશિષ્ટ ૧, રકમ ૧૮ પ્રમાણે સ્ટાંપની લાગત પડવાની છે.

હી. સ્ટાં. ખુ. ર. નંબર ૭૨ સન ૧૮૮૯-૯૦ ફેસલ તા. ૩-૬-૯૦ તથા નંબર ૫૨ સન ૧૮૯૦-૯૧ ફેસલ તા. ૨૭-૫-૯૧ નો ઠરાવ લાગુ કર્યો છે (૧).

---

* હી. સ્ટાં. ખુ. ર. નંબર ૧૨૩ સન ૧૮૯૦—૯૧.

(૧). આ ઠરાવ પછવાડે અનુક્રમે પૃષ્ઠ ૫૯ તથા ૨૪૨ ઉપર છે.

હકીકત.

રાવસાહેબ નોંધણી તપાસણીકામદારે ખેરાળુમહાલની નોંધણીકચેરી તપાશી તે બદલ નિયમની કલમ ૧૦૬ મુજબ તપાસણી યાદી મોકલ્યા અન્વયે આજૂર ખેરાળુનોંધણીકામદારે રીપોર્ટ નંબર ૧૩૦ તા. ૯–૫–૯૧ સાથે મંગાવ્યા મુજબ નોંધબુક નંબર ૧, વાલ્યુમ ૧૧, નો અનુક્રમ નંબર ૨ સન ૧૮૯૦–૯૧ ના લેખની નકલ પોતાની અભિપ્રાયે સાથે મોકલી તે ઉપરથી રાવસાહેબ મશારનીલ્હે એમણે શેરા નં. ૮૦૧ તા. ૨૦–૫–૯૧ થી આ ઈલાકાની નોંધણી શાખા તરફ તે નકલ મોકલી ત્યાંથી નં. ૩૩૪ તા. ૨૫–૫–૯૧ ના શેરાથી આ દફતર તરફ આવ્યા ઉપરથી આ પ્રકરણ ઉત્પન્ન થયું છે

સદર આવેલી નકલનો અસલ લેખ સદરના પક્ષકાર દરમ્યાન સં. ૧૯૪૭ ના આષાડ વદિ ૧ સોમવાર, તા. ૭–૭–૯૦, રોજ થયેલાનો મુદ્દાનો મજકુર નીચે મુજબ છેઃ–

"જત અમોએ આજરોજે તમારી પાસેથી નગદ રોકડા શિક્કાઈ રૂપીઆ ૨૫૧ * * લીધા તે અમોને ભરી પુરી પોહોંચ્યા છે એના અવેજમાં કસ્બે મજકુરની શીમનાં ખેતરો તથા ઝાડ મજકુરના ગલેચા જેહા ખુમા, તથા નારા ખુમા પાસેથી ગીરોખત નંગ ૫ લખાવી લીધાં છે તે ખત નંગ ૫ તેમાંની તમામ સરતો (સાથે) તમોને સદરહુ રૂપીઆ બસેં ને એકાવન સારૂં વેચાણ આપ્યાં છે. તેની વિગત નીચે પ્રમાણેઃ—

૨૪૪॥ ખેત નંગ ૩ ગલેચા નારાજી ખુમાજી પાસેથી લખાવી લીધાં છે. તે રૂપીઆ + + ના સ્ટાંપના કાગળ ઉપર;

૧૧૫ ખત નંગ ૧ સં. ૧૯૪૩ ના આષાડ વદ ૧૪ નું નોંધણી થયેલું તે + તે મધ્યે ખેતર નંગ ૧ * * કુવાના પાણી સુધી ઘરાણે રાખ્યું છે તેની હદ ચારની વિગત × × × ×

૯૫ ખત ૧ સં. ૧૯૪૬ ના જેઠ સુદ ૪ નું રૂ. ૯૫ નું તેની સાનમાં ઉપર લખેલું ખેતર છે × × × ×

૩૪॥ ખત નંગ ૧ સં. ૧૯૪૬ ના જેઠ સુદ ૬ નું રૂ. ૩૪॥ નું તેની સાનમાં ખેતર * * * તેની હદો ઉપર લખ્યા પ્રમાણે છે, તથા તે શિવાય ખેતર નંગ ૧ * * તથા ખેતરની ટુકડીયા ૨ સરકારી તથા આંબા નંગ ૩ તથા મહુડા ૫. તથા રાણો ૪, * * *

———

૨૪૪॥૯

૧૦૦॥ ખત નંગ. ૨ ગલેચા જેહાજી ખુમાજી પાસેથી લખાવી લીધાં છે. તે રૂ.૧૦૦॥— (નું) સ્ટાંપકાગળ ઉપર.

૬૨ ખત નંગ ૧ સં. ૧૯૪૩ ના આષાડ સુદ ૭ નું નોંધણીથયેલું * *

તે મધે ખેતર નંગ ૧ * * ધરાણે રાખેલું છે. તેની હદો * * * કુવાના પાણી સુધાં ધરાણે રાખેલું છે તે;

૭૮॥ ખત ૧ સં. ૧૯૪૬ ના ફાગણ વદિ ૫ નું ધાન્ય મણ ૭॥ તેની કિંમત રૂ. ૭૮॥ નું તેની સાનમાં પસાયતા ખેતરનો કકડીઓ ૩ * * તથા ઝાડ મહુડા નંગ ૫ તથી આંબા નંગ ૩ તથા રાણો નંગ ૪ એ રીતે સાનમાં છે.

૧૦૦।.

૭૪૪॥।

ઉપર પ્રમાણે રૂપીઆ ત્રણસેં પુણીપીસતાળીસનાં ખતાં નંગ ૫ તમોને ઉપર લખ્યા રૂ. ૨૫૧ * * લેઇ વેચાણ આપ્યું છે. માટે હવેથી સદરહુ મિલકતના ગાંરોહકથી તમો વહીવટ કરવા મુખતીયાર છો સહી, તથાસ દર ખતો બાબત મારે સરકારમાં ફરીયાદ કરવી પડે તે બાબત પાછશો.પુરાવો આપવો પડે તો, અમો હિસાબનો પુરાવો આપીશું. કદાપી પુરાવો અમે આપીએ નહીં તો રૂપીઆ લીધેલા વ્યાજસાથે પાછા આપીએ, તે બદલ ખરચ થાય તે તમારી પાસેથી લેવા. તે મેતા છગન મંછારામ પાસેથી લેવું. આ દસ્તાવેજ અમે અમારી રાજી ખુશીથી * * * ”

અત્ર મતુ. અત્રે સાખ

× × × ×

આ દસ્તાવેજ રૂ. ૧—૮—૦ ના સ્ટાંપ ઉપર થયેલાનું નકલથી જણાય છે.

આજમ નોંધણીકામદારે પોતાનો ખુલાસો એમ જણાવ્યો છે કે, જાદાં જાદાં ખતાં વેચાણ આપ્યાં છે. તેથી એ દસ્તાવેજ સ્ટાંપનિબંધની કલમ ૭ પ્રમાણે ભિન્નભિન્ન બાબત સંબંધી છે, એમ મને લાગતું નથી, પણ સ્ટાંપનિબંધના પરિશિષ્ટ ૧, કરમ ૧૮ (ખ) પેટારકમ (૧) પ્રમાણે વેચાણ આપેલાં ખતાંની કુલ રકમ રૂ. ૭૪૪॥। ઉપર રૂ. ૨ નો સ્ટાંપ જોઇએ. એ લેખને વેચાણના મોબદલાની રકમ રૂ. ૨૫૧ બદલ રૂ. ૧-૮-૦ નો સ્ટાંપ લગાડેલો છે, ને (ખત) પક્ષકારને પાછું અપાઇ ગયું છે, વિગેરે.

રાવસાહેબ નોંધણી તપાસણીકામદાર પોતાના શેરામાં જણાવે છે કે, પેટાનો લેખ કેટલી લાગતને પાત્ર છે એ વિષે શંકા છે. પરિશિષ્ટ ૧, રકમ ૧૮ માં બતાવેલા પ્રકારના અનેક દસ્તાવેજ વિષે એક લેખ હોય તો એજ રકમ પ્રમાણે કુલખતની રકમો ઉપર સ્ટાંપ લેવો એવો ઠરાવ નથી, તેથી, તથા ભિન્ન ભિન્ન બાબતો શાને સમજવી એ બદલ નિબંધની કલમ ૭ માં કિંવા આજસુધી થયેલા ઠરાવોમાં ખુલાસો થયેલો ન હોવાથી, આ લેખને કેટલી લાગત જોઇયે (સ્ટાંપની) એ વિષે સંશય આવે છે. એઓ અભિપ્રાય એવો જણાવે છે કે, એકંદર ખતાંની કુલ રકમ રૂ. ૭૪૪॥। ઉપર રૂ. ૨ નો સ્ટાંપ જોઇએ. જો કે લેખ કરીલેનાર તેમાંના દરેક ખતના લખીઆપનાર ઉપર જૂદો દાવો કરી શકે તો પણ ખતો એ મિલકત શોઝ ઇન ઍક્શન (chose in action) એકજ સ્વરૂપની છે. તેથી તે ભિન્ન બાબતો સમજવી નહીં. (સ્ટાંપ આનુભવપુતુસ્વામીકૃત પૃષ્ટ ૨૫ કલમ ૭ નીચે ટીકા), વિગેરે.

ઠરાવ.

હાલના લેખથી લખીઆપનારનો પાંચ ગીરોખતમાંથી ઉત્પન્ન થયેલો* પોતાનો હક્ક તેણે લખીલેનારને વેચાણ યાને તેને નામે કરી આપ્યો છે. એટલે, આ કોરટના સ્ટાંપ ખુલાસા નં. ૭ સન ૧૮૮૯–૯૦ ફેસલ તા ૩–૯–૯૦ તથા સ્ટાંપ ખુલાસા નં. ૫૨ સન ૧૮૯૦–૯૧ ફેસલ તા. ૨૭–૫–૯૧ (૧) 'મુર્જબ બીજાના નામ ઉપર' કરી આપ્યાના લેખ' (પરિશિષ્ટ ૧. રકમ ૧૮) ના સ્વરૂપનો ઠરે છે. પારિશિષ્ટ ૧ રકમ ૧૮ મુજબ આવા લેખની જે લાગત લેવાની તેજે રકમ માટે વેચાણ લીધું તે રકમ ઉપર ઠરાવવાની નથી, પણ જેટલી રકમનો હક્ક નામ ઉપર કરી આપ્યો હોય તે રકમ ઉપર, જે લેખથી એ હક્ક ઉત્પન્ન થતો હોય તે લેખના સ્વરૂપ મુજબ જે લાગત થાય, તેટલી લાગત લેવા વિષે તજવીજ કરવાની છે. એ હક્ક વેચેલા પાંચે ખતનો મળી રૂ. ૩૪૪–૧૨–૦ લેવાનો લેખમાં દરશાવ્યોછે તે સંબંધે એવી શંકા ઉઠેલી જણાય છે કે, વેચેલા દરેક ખતની રકમ ઉપર લાગત ગણી એકંદર જેટલી થાય તેટલી કિંમતનો સ્ટાંપ આ લેખને જોઈએ કે એ પાંચે ખતની ઉપર જણાવેલી રૂ. ૩૪૪–૧૨–૦ નીરકમ ઉપર એક લાગત ગણી લેવી જોઇએ. આ સંબંધે વિચાર કરતાં એમ જણાઈ આવે છે કે, વેચેલા પાંચે ખત ગીરોખતના સ્વરૂપના લેખ છે. એટલે એ પાંચે ખતથી લખીઆપનારને જે એકજ જાતનો હક્ક ઉત્પન્ન થયેલો તે તેણે હાલના લેખથી આપેલો છે, તેથી તે પાંચે ખત મળી રૂ. ૩૪૪–૧૨–૦ લેવાનો આખો હક્ક ગણી તેણે વેચેલો છે, એમ સમજવાનું છે. એ એકજ પ્રકારના ખતને ભિન્ન બાબતો ગણવા આધાર જણાઇ આવતો નથી, અને ઈંગ્રેજી કોરટોનું ધોરણ પણ એવુંજ જણાઈ આવે છે. (જુઓ પુનુસ્વામીકૃત સ્ટાંપમ્યાન્યુઅલ ભાગ પૃષ્ઠ ૫૯ તથા ૨૬૨).

હાલના લેખને મોબદલાની રૂ ૨૫૧ ની રકમ ઉપર લાગત, ગણી રૂ. ૧॥ નો સ્ટાંપ લગાડેલો છે તે ઉપર જણાવેલા ધોરણ વિરૂદ્ધ છે. તેની લાગત વેચેલા પાંચે ગીરોખતની એકંદર રકમ રૂ. ૩૪૪–૧૨–૦ ઉપર પરિશિષ્ટ ૧, રકમ ૧૮ મુજબ ગીરોખત તરીકે લાગત લેવી જોઈએ. માટે તે પ્રમાણે કાયદેસર તજવીજ થવા આ પ્રકરણ મોકલનાર તપાસણીકામદારે આ ઠરાવની નકલ તે પ્રાંતના સુબાસાહેબ તરફ મોકલવી, એમ અમે ઠરાવીએ છીએ.'

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ સુરુદ્દિન તૈયબજી જજ્ય, એઓસાહેબની રૂબરૂ +

ફેસલ તા૰ ૩૧–૭–૯૧.

શા. કિશોર નાથજી રેહેવાશી પીપળી. દસ્તાવેજ લખીલેનાર.

રામચંદ્ર જેઠા રેહેવાશી પીપળી. દસ્તાવેજ લખીઆપનાર.

(નવા સ્ટાંપ નિબંધ સંબંધે નોંધણીખાતામાટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

કરારનો દસ્તાવેજ—ગીરોખત—નિબંધની કલમ ૩ રકમ ૭—પરિશિષ્ટ ૧ રકમ ૬ (ખ)

---

* દી., સ્ટાં. ખુ. ર. નંબર ૧૫૬ સન ૧૮૯૦—૯૧. (૧). આ ઠરાવ પછવાડે અનુક્રમે પૃષ્ઠ ૫૯ તથા ૨૪૨ ઉપર છે.

દસ્તાવેજ લખીઆપનાર क. એનું બીજા પાસેનું લેહેણું હતું તે વસૂલ થવા માટે કોરટ સંબંધે ખરચ કરવો પડે તે વિષે લખીલેનાર ख ના ત્યાંહાંથી જે ઉપાડ કરવામાં આવે તે બાબત વ્યાજ વિગેરેના બદલીમાં કરીઆપનાર क. એ દસ્તાવેજમાં સરતો કરી આપેલી હતી કે, કોરટમાં દાવો કરતાં જે વસૂલ આવે તે કરેલા ઉપાડના અનુક્રમે જમા કરવું, તથા બાકી વધે તેનો ચોથો ભાગ ख. એ તથા ત્રણ ભાગ क. એ લેવા; કોરટમાં ખરચ કરવો પડે તે ख. ની પરવાનગીથી કરવો, તથા જે વસૂલ આવે તે ख. ને ત્યાંહાં ભરવા; હારેલા દાવાનો ખરચ કરીઆપનારે ભોગવવો, તથા તેનું વ્યાજ આપવું; કરીઆપનારના જે ત્રણ ભાગ ઠરાવ્યા છે, તે એકંદર ઉપાડ જે કરવામાં આવે તેમાં મજરે લેઇ બાકી વધે તે કરીઆપનારને હિસાબે આપે. એ વિગેરે સરતો દસ્તાવેજમાં કરીઆપેલી હતી, તે સંબંધમાં ઠરાવ થયો કે,—

આ દસ્તાવેજ કબુલાત કિંવા કરારની યાદીના સ્વરૂપનો છે, અને તે પરિશિષ્ટ ૧, રકમ ૬ (ખ) પ્રમાણે લાગતને પાત્ર છે.

દી. સ્ટાં. પુ. ૨. નંબર ૭ સન ૧૮૯૦–૯૧ ફેસલ તા. ૯-૩-૯૧ નો ઠરાવ લાગુ કર્યો છે(૧).

એકંદર ઉપાડની રકમો માટે લેખમાં જે ત્રણ ભાગ લગાડી આપ્યા છે. જેથી એ ભવિસ્યમાં આવનાર રકમ જંગમમિલકત છે. તેનો કબજો સોંપ્યા પેહેલાં એવી સરતથી માત્ર ગીરોનું સ્વરૂપ આવી શકે નહી. (નિબંધની કલમ ૩ રકમ ૭). માટે એ કારણથી આ લેખ ગીરો ખતના સ્વરૂપનો નથી.

હકીકત.

કોડીનાર નોંધણીકચેરી તપાસતાં રાવસાહેબ નોંધણી તપાસણીકામદારે એક દસ્તાવેજની નકલ નોંધબુક નંબર ૪, અનુક્રમ નંબર ૮, સન ૧૮૮૯–૯૦. વાળી મંગાવી પોતાના અભિપ્રાયસહ શેરા નંબર ૭૦૨ તા. ૨૫-૪-૯૧ સાથે કોડીનારમાંહાલના મુનસફ નોંધણીકામદાર મારફત મોકલી, તે તેઉ સાહેબે મે. અમરેલીપ્રાંતના નોંધણીસરકામદાર મારફત મોકલતાં મે. સરકામદાર સાહેબે આ તરફ તેમનો આ. નંબર ૧૧૦૦ તા. ૯-૭-૯૧ વાળા શેરાથી નોંધણીખાતા તરફ મોકલી, ત્યાંહાંથી નંબર ૩૯૬ તા. ૧૩-૭-૯૧ ના શેરાથી આ કોરટ તરફ આવા ઉપરથી આ પ્રકરણ ઉત્પન્ન થયું છે.

સદર લખાણ સોબત સદરના પક્ષકાર દરમ્યાન સં. ૧૯૪૬ ના પોસ સુદિ ૨ ના રોજ થયેલા લેખની નકલ (આવીછે). તેનો મુદ્દાનો મજકુર નિચે મુજબ છેઃ—

શા. કીશોર નાથજી જોગ. લખીતંગ રામચંદ્ર જેઠા પીપળી વાળા જત, આ મોઘમ કરાર હું તમને લખી આપું છું તે નિચે પ્રમાણેઃ—

૧. તમારે ત્યાંહાંથી લોકો ઉપર કમીશન વિગેરે ખરચમાં રૂપીઆનો ઉપાડ કરવોછે, તે એ પ્રમાણે કે, જે જે આસામીઓ બદલ રૂપીઆનો ઉપાડ કરીએ ને જેટલા દાવા ભરાય તે એકંદર દાવાના રૂપીઆમાંથી તમને વાંટો ચોથો દેવોછે ને વાંટા ત્રણ અમારા છે.

૨. કુલ દાવાના રૂપીઆમાંથી ખરચ બાબત તમારે ત્યાંહાં ઉપાડ થાય તે મજમુમાંથી તમને દેવા, ને બાકી વધે તેમાં તમને વાંટો ચોથો દેવો છે.

---

(૧). આ ઠરાવ પાછવાડે પૃષ્ઠ ૧૫૭ ઉપર છે.

૩. દાવાના કામમાં જે જે ખરચ થાય તે તમારા વિદ્યમાને કરવો, ને કાયદેસર કોરટખરચ દેવો, ને (એ) ઉપરાંત પરચુરણ ખરચ તમારી પરવાનગી શિવાય અમો કાંઇ પણ ખરચ કરીએ તો અમારે તમારી પાસેથી મજરે લેવાનો નથી, અમારે ખુદને ભોગવવો છે.

૪. તમારે ત્યાંહાંથી રૂપીઆનો ઉપાડ થઇ જેટલા દાવા ભરાય, તે દાવાની વસુલાત તમારે ત્યાંહાં કરવી છે, ને હુકમનામાં થાય તો તમો કેહેશો તો તમારા નામથી વેચાણ કરી આપવાં છે. તેમાં તકરાર કરવી નથી.

૫. જે દાવાની પ્રથમ વસુલાત થાય તે રકમમાંથી કુલ ઉપાડનાં રૂપીઆ તમો મજરે લેતાં બાકીનું અવેજ રહે તેની ઉપરપ્રમાણે ભાગે વેહેંચણ કરવી છે.

૬. ઉપર પ્રમાણે વ્યવસ્થા થઇ તમારે ત્યાંહાં હમારા વાંટા ત્રણના રૂપીઆ ભરાય તે રૂપીઆ તમારૂં અમારી પાસે લેહેણું જે તારીખ સુધી હોય ? તો તે લેહેણા રૂપીઆ મજરે વાળી બાકીનો હિસાબ અમોને આપજો.

૭. ઉપર પ્રમાણે અમારી લેહેણાની રકમોમાં તમને ભાગ આપી અમારા વાંટા ત્રણની રકમ તમને તમારા લેહેણા પેટે હાલમાં અમો લખીઆપી અમારા નામથી કોરટમાં દાવા ચલાવીએ તેમાં કોઇ નવા જુના કરજદાર તરફથી એ રકમોમાં હરકત આવે નહીં, ને કોઈ હરકત કરે તો અમોએ તમને થાળમાં લખી આપ્યાથી રદ છે એટલે એ લેહેણા ઉપર તકરાર કરનાર આસામીની તકરાર રદ છે.

૮. ઉપર પ્રમાણે અમો દાવા કરીએ કોરટમાં, તેમાં જે જે દાવા અમારા લાભમાં થાય તેની ઉપર પ્રમાણે સમજણ છે, ને જેટલા દાવાનો અમારા ગેરલાભમાં ઠરાવ થાય તો તે દાવા બદલના ખરચના રૂપીઆ અમારે તમને વ્યાજ શિકે દેવા છે તેમાં તમારો ભાગ નથી.

૯. હુકમનામાં અગર દાવા તમો વેચાણ કરાવી લેશો તો તમે તમારી મુખત્યારીથી ખરચ કરશો તે, ઉપર લખી કલમ (૩) પ્રમાણે અમારે દાવાના ખરચમાં મજરે દેવો છે.

૧૦. હુકમનામા ને દાવા એટલે લેહેણાની રકમો અમારા નામથી રેહેવા દેશો તો ઉપર પ્રમાણે વસુલની રકમો તમોને ભરવા લખી આપ્યું છે, તે પ્રમાણે પરબારૂ એટલે (અમારે ઘેર લેઇ નજતાં) તમારે ત્યાંહાં ભરવાછે. ને તમારી પરવાનગી શિવાય વસુલની રકમો અગર કોઇ પ્રકારની વ્યવસ્થા અમે તેજે આસામીની કરીએ તો તે આસામીની પાસે લેહેણા રૂપીઆમાંથી તમને તમારા ભાગ સરત પ્રમાણે રૂપીઆં અમારે જાત મિલકતથી દેવા છૈં, ને બાકીની આસામીઓના તમારે ત્યાંહાં રૂપીઆ ભરીએ ને તમારા વિદ્યમાને નિકાલવિગેરેની વ્યવસ્થા થાય તેની સમજણ ઉપર લખ્યા પ્રમાણે તમને વાંટો ચોથો દેવો છે.

૧૧. એ પ્રમાણે ઠરાવ કરી તમને વ્યાજના બદલામાં, અને તેમાં અમને રૂપીઆ ધીરો ઉપર પ્રમાણે, તેહ પેટે અમારા લેહેણાની રકમોમાં, તમને ઉપર પ્રમાણે ભાગ લખી આપ્યો છે. તેમાં અમારે કોઇ વાતે તકરાર લાવવી નથી. આ દસ્તાવેજ અમે અમારી રાજી ખુશીની સાથે

લખી આપ્યોછે. સં. ૧૯૪૬ ના પોસ સુદિ ૨."

સહી. સાક્ષ.

× × × ×

રાવસાહેબ તપાસણીકામદારનો અભિપ્રાય છે કે, આ દસ્તાવેજને સ્ટાંપ રૂ. ૦-૮-૦ નો છે, અને નોંધણીની લાગત રૂ. ૫ લીધી છે પરંતુ એ દસ્તાવેજ કરારપત્રમાં આવશે કિંવા નહીં તથા લગાડેલો સ્ટાંપ બરોબર થશે કે નહીં એનો સંશય આવ્યાથી નવીન સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે આ લખાણ કરવામાં આવે છે. દસ્તાવેજમાં કેટલો ઉપાડ કરવાનો છે તે લખ્યું નથી, અને નવીન સ્ટાંપનિબંધ જોતાં ઉપાડનો આંકડો નક્કી કરવાનો ઉદ્દેશ દેખાય છે; હાલના દસ્તાવેજમાં સહી સાક્ષી છે, અને તેથી, ખતની વ્યાખ્યામાં આવી શકે તેમ છે. પરંતુ હાલના દસ્તાવેજમાં ઉપાડની રકમ લખી નથી; તેથી કેટલો સ્ટાંપ જોઇએ તેનો આંકડો લખવાને અડચણ છે. સ્ટાંપનિબંધના પરિશિષ્ટ ૧, રકમ ૩૪ માં આ દસ્તાવેજ આવશે કે નહીં એનો સંશય આવે છે. કારણ પંતીઆળાના પક્ષકાર બંન્નેની સહી આ દસ્તાવેજ નીચે નથી. એકની સહીથી હાલના જેવો દસ્તાવેજ કરેલો હોય તો તે પંતીઆળાનો દસ્તાવેજ માની શકાય કે નહીં એ વિષે કાંઇ આધાર મળ્યો નથી, પરંતુ સર્વે પાર્ટનરની સહીનો લેખ ન હોય તો ચાલે એવો અર્થ કલમ ૨૩૯, કરાર આકટ, ઉપરથી થાય છે. આ દસ્તાવેજ ઉપર સહી સાક્ષી છે, તેથી કરારપત્ર ન ગણતાં ખત અથવા ભાગદારીનો દસ્તાવેજ ગણવા વિષે છે તો સ્ટાંપસંબંધે નિર્ણયકારક ઠરાવ થશે.

આજમ કોડીનાર નોંધણીકામદાર લખેછે કે, આ દસ્તાવેજને ખત અથવા ભાગદારીનો દસ્તાવેજ ગણવા ઘણી હરકતો છે; ખતમાં આંકડો નક્કી થવોજ જોઇએ તેમ નથી, ને ભાગદારીને દસ્તાવેજ ગણવામાં બે, નફા નુકસાનના જવાબદાર થવા જોઇએ તે પ્રમાણે આ દસ્તાવેજથી થતું નથી વિગેરે. મે. નોંધણી સરકામદાર લખેછે કે, આ દસ્તાવેજ 'કરાર કિંવા કરારની યાદી', 'ખત', 'તોડ જોડનું ખત,' કે 'પંતીઆળાનો લેખ,' છે એબદલ સંશય હોવાથી આ પ્રકરણ નિબંધની કલમ ૪૩ તથા નોંધણીખાતા માટે સ્ટાંપ સંબંધે થયેલા નિયમની કલમ ૧૧ (ક) મુજબ આ તરફ આવ્યુંછે. કરાર આકટની કલમ ૨૩૯ મુજબ પંતીઆળાની વ્યાખ્યામાં ન આવતાં કલમ ૨૪૦ લાગુ થાય છે. પરિશિષ્ટ ૧ ની રકમ ૮ માં ખત લખ્યાં છે તે પૈકી 'તોડજોડનું ખત' બતાવ્યુ છે, અને તેની વ્યાખ્યા રકમ ૧૪ માં લખીછે તેમાં હાલના દસ્તાવેજનો સમાવેશ થઇ શકે છે, કેમકે દસ્તાવેજની કલમ ૯ માં "હમારા વાંટા ત્રણના રૂપીઆ ભરાય તે રૂપીઆ તમારૂં અમારી પાસે લેહેણું જે તારીખ સુધી ? હોય તો તે લેહેણું રૂપીઆ મજરે વાળી બાકીનો હિસાબ અમોને આપજો," આવા શબ્દ છે, તે ઉપરથી સ્પષ્ટ થાય છે હવે આવા દસ્તાવેજમાં મોબદલાની રકમ સ્ટાંપનિબંધની કલમ ૨૪ મુજબ લખવી જોઇએ તે પ્રમાણે લખેલી નથી, દસ્તાવેજને રૂ. ૦-૮-૦ નો સ્ટાંપ છે, એટલે, રૂ. ૧૦૦ કરતાં વધારે ફાયદો લેવાનો હક નથી એમ કલમ ૨૩ પ્રમાણે સમજવું જોઇએ, એવો અમારો અભિપ્રાય છે, વિગેરે.

ઠરાવ.

હાલના લેખથી વાસ્તવિક કંઇ લેણદેણ થતું નથી, પરંતુ લેખમાં જણાવ્યા પ્રમાણે જો લેણદેણ થાય તો લખીઆપનારે લખીલેનાર સાથે તે દેવું વાળવાનાં સંબંધે કેવી સરતો પાળવી તે એમાં છે. જેમકે, દાવાખરચ માટે કરેલા ઉપાડનું ભરણું મજમુમાંથી કરવું, અને બાકી વધે તેમાંથી ચોથો ભાગ લખીલેનારને આપવો, કોર્ટમાં જે ખરચ કરવો તે લખીલેનારની પરવાનગીથી કરવો, ને દાવાનું વસુલ આવે તે લખીલેનારને ત્યાંહાં ભરવું, લખીલેનારની પરવાનગી શિવાય લખીઆપનાર કંઈ ખરચ કરે તે લખીલેનાર પાસેથી માગી શકે નહીં, જો પ્રથમ વસુલ આવે તો પેહેલાં કરેલા ઉપાડ પેટે લખીલેનારને ત્યાંહાં ભરવું, લખીલેનારને ત્યાંહાં લખીઆપનારના જે ત્રણ હિસ્સા દાવાના પતાવરામાં ભરાય તે એકંદર ઉપાડમાં મજરે લેઇ વધે તે લખીઆપનારના હિસાબે આવે, હારેલા દાવાના ખરચની રકમનું વ્યાજ આપવું, એ વિગેરેના કરાર માત્ર છે. માટે આ લેખ 'કરાર અથવા કરારની યાદી' (પરિશિષ્ટ ૧, રકમ ૫) ના સ્વરૂપનો ઠરે છે. (જુવો આ કોરટનો સ્ટાંપ ખુલાસા નંબર ૭૭ સન ૧૮૯૦–૯૧ ફેસલ તા. ૬–૩–૯૧)(૧).

આ લેખમાં એક વાત એવી લખેલી છે કે, જીતેલા દાવાના વસુલમાંથી લખીલેનારનો ચોથો ભાગ જતાં બાકીના લખીઆપનારના જે ત્રણ ભાગ રહ્યા તે આ થનાર લેણદેણની થાળમાં લખી આપ્યા છે. આ મજકુરને લીધે લેખનું સ્વરૂપ ગીરોખતનું થાય કે શું? એવી શંકા કદાપી ઉઠે, પણ એ ત્રણ ભાગની હજુ ભવિષ્યમાં આવનાર રકમ જંગમમિલકત છે, તેનો કબજો સોંપ્યા પેહેલાં માત્ર એવા લખાણથી આ વ્યવહારને ગીરોવ્યવહારનું સ્વરૂપ આવી શકે નહીં. (નિબંધની કલમ ૩, પેટા રકમ ૭).

સબબ આ લેખ 'કરાર કિંવા કરારની યાદી' પરિશિષ્ટ ૧, રકમ ૫ ના સ્વરૂપનો છે, અને તેને આઠ આનાનો સ્ટાંપ (સદર રકમ ૫, પેટા રકમ (ખ)) લગાડેલો હોવાથી તે પુરી લાગત લગાડેલો લેખ છે, એમ અમે ઠરાવીએ છીએ.

---

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૧૫૭ ઉપર છે.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ શમ્સુદ્દીન તૈયબજી, જજ્ય, એઓસાહેબની રૂબરૂ.*

ફેસલ તા. ૩૧–૭–૯૧.

શા. વીરચંદ ગોકળદાસ રેહેવાશી અમદાવાદના. — દસ્તાવેજ કરીલેનાર.

ભટ. નર્મદાશંકર ઉર્ફે છબાલાલ સાંકળેશ્વર, તથા મહારાજ મલુકરામજી ગુરૂ ગ્યાનીરામજી; તથા કાશીરામ લક્ષ્મીરામ, તેમાં નં. ૧–૨ રેહેવાશી સિદ્ધપુર, અને નં. ૩ નો રેહેવાશી સીહોર, તાબે ભાવનગર. — **દસ્તાવેજ લખીઆપનાર.**

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

પરહદમાં થયેલો દસ્તાવેજ–સ્ટાંપનિબંધની કલમ ૫ તથા ૧૬––લાગતની માફી.

પરહદમાં થયેલો દસ્તાવેજ એવો હોય કે, તેમાંની બાબત અથવા વાત આ રાજ્યમાં કરેલી અથવા કરવાની નાહોય તો, તથા તેમજ તે દસ્તાવેજ આ રાજ્યમાં હોનારી કંઈ પણ મિલકત સબંધી થયો ન હોય તો, એવો દસ્તાવેજ સ્ટાંપનિબંધની કલમ ૫ પ્રમાણે લાગતને પાત્ર એવો દસ્તાવેજ થતો નથી, તથા એવા દસ્તાવેજને પછી કલમ ૧૬ લાગેછે કિંવા નથી એનો ઠરાવ કરવાની જરૂર રેહેતી નથી.

હકીકત.

આજમ સિદ્ધપુરે નોંધણીકામદારનો આ કોરટ તરફ રિપોર્ટ નં. ૧૮૬ તા. ૨૯–૬–૯૧ નો કડી પ્રાંતના નોંધણી સરકામદારસાહેબ મારફત મોકલેલો તેઓસાહેબના નંબર ૧૭૩૦ તા. ૮–૭–૯૧ ના શેરાથી આ કોરટના નોંધણીદફતુર તરફ આવેલો તે દફતરે નંબર ૩૮૪ તા. ૧૩–૭–૯૧ ના શેરાથી આ કોરટ તરફ મોકલ્યાથી આ પ્રકરણ ઉત્પન્ન થયુંછે.

સદરના પક્ષકાર દરમિયાન સં. ૧૯૪૬ ના ચૈતર સુદિ ૯, તા. ૩૦–૩–૯૦, ના રોજ થયેલા લેખની નકલ આવીછે. તેનો મુદ્દાનો મજકુર નિચે પ્રમાણે છે:—

"હસ્તાખરાણુ દત્તવાન જત, અંગઉધારે જત રૂ. ૧૨૦૦ અંકે રૂપીઆ બારસો પુરા મુંબઇગરા દેવા, તેની બાબત જે–તમારો નિચે લખેલો નાટકનો આ ખતની સાનમાં લખેલો સામાન તમારી પાસેથી આજરોજ રૂ. ૧૩૦૦ તેરસો માટે અમોએ વેચાણ લીધો, તેની કિંમતમાં ખુટતા રૂ. ૧૨૦૦ રહ્યા, તેનું આ ખત લખી આપ્યુંછે. તે રૂપીઆ ભરવાનાં કાંધાં કર્યાં છે. તે માસે ૧ રૂ. ૫૦ પચાસ તથા તમામ રૂપીઆનું ચઢેલું બ્યાજ આપીએ, ને એ પ્રમાણે ચઢે ચઢે માસે ને માસે નાઆપીએ તો તમો તમામ રૂપીઆ બ્યાજ સાથે એકદમ આ સાનવાળી મિલકતથી તથા અમારી જાતથી તથા અમારી પાસેથી તથા તમો ગમે તે રીતેથી વસુલ કરી લો; ને

---

* ડી. સ્ટાં. પુ. ૨. નંબર ૧૫૭ સન ૧૮૯૦-૯૧.

આ ખતના રૂપીઆ તમોને એકામતે એકાજતે દેશપરદેશ આપીએ; અને આ નાણાની સાનમાં અમોએ તમારી પાસેથી આજરોજ નાટકનો સામાન પડદા, ચાદરાં, સાચા તથા ખોટા ડ્રેસો, તથા સાચા તથા ખોટાદાગીના, તથા પેટીઓ, તથા રંગીત તથા ધોળાં લુગડાં તથા સીનરી, તથા નાટકને લગતો તમામ સામાન × × × એ રૂપીઆના વ્યાજની સાનમાં લખી આપ્યો છે, ને આ ખતને પેટે જે કંઈ રૂપીઆ વસુલ આપીએ તથા પરભારે ઠેકાણેથી અપાવીએ, તે સરવે આ ખત નીચે વસુલ ભરાવીને અગર તમારા હાથ દસકતની પોહોંચ લેઈને આપીએ, તો તકરાર કરીએ તો તે તકરાર અમારી રદ છે. ને આ ખતની તમારે ફરિયાદ કરવી પડે તો છેવટ તમામ રૂપીઆ ખરચ સુદ્ધાંત જે તારીખે વસુલ થાય, તે તારીખના વ્યાજ સુદ્ધાંત વસુલ કરી લો, ને એ નાટકનો સામાન અમોએ આજ પેહેલાં કોઈને કાંઇ પ્રકારે લખી આપી જોખમમાં નાખીએ નહીં, એવો પાકો વિશ્વાસ આપીને સાનમાં લખી આપ્યો છે. તેમ છતાં કોઈને કોઈ પ્રકારે લખી આપી જોખમમાં નાખ્યો નિકળે તો અમે ફોજદારી ગુન્હાને પાત્ર થઈએ, તેનું આ ખત અમોએ અમારી રાજી ખુશીથી * * * લખી આપ્યું છે તે સહી છે. ને આ ખતના રૂપીઆનું વ્યાજ માસ એકે રૂ. ૧ દોકડા ૦ાા, પુણા, લેખે ચઢે જુમલે માસ ૧, રૂ. ૫ નવ વ્યાજના વર્ષતા ચઢે. ઉપર લખ્યું તે સહી છે"

અત્ર	મતુ.	અત્ર	સાખ.
*	*	*	*

આજમ નોંધણીકામદારે પોતાના લખાણમાં એવી હકીકત જણાવી છે કે, આ લેખ અમદાવાદમાં થયેલો તે આ રાજ્યની હદમાં તા. ૧૭-૧-૯૧ રોજ આવેલો છે. તે લખી લેનારે સિદ્ધપુર મુનસફકોરટમાં મુ. નં. ૫૨૯ સન ૧૮૯૦—૯૧ ના કામમાં રજુ કર્યો; એ લેખ ઇંગ્રેજી સ્ટાંપ ઉપર થયેલો છે, તેને આ રાજ્યનો સ્ટાંપ, નિબંધની કલમ ૧૬ મુજબ પ્રાંતના સુબા અગર સ્ટાંપકામદાર તરફથી, ચોઢાય એમ છતાં મુનસફકોરટે આ લેખની લાગત બદલ રૂ. ૭ કલદાર લેઇ તે ઉપર શેરો કરેલો છે. તેઓએ માત્ર એન લાગત લીધી છે તે બરાબર છે કે નહીં એ સવાલ છે, તેનો નિર્ણય થઈ આવવો વિગેરે, ને અભિપ્રાય એવો જણાવેછે કે, આવા લેખની ફકત એન લાગત લેવાનો મુનસફસાહેબને સદર કલમ ૧૬થી અધિકાર હોય એમ જણાતું નથી, વિગેરે.

મે. કડીપ્રાંત નોંધણીસરકામદારસાહેબે સ્ટાંપ સંબંધે થયેલા નિયમની કલમ ૧૧ નો આધાર બતાવી અભિપ્રાય શિવાય પ્રકરણ આ તરફ રવાના કર્યું છે.

ઠરાવ.

આ લેખની મતલબ ધ્યાનમાં લેતાં, તે પરહદમાં થયેલો છતાં તેમાં એવી કંઇ પણ બાબત અથવા વાતનો સંબંધ લખેલો જણાઇ આવતો નથી કે, તે બાબત અથવા વાત આ રાજ્યની હદમાં કરેલી અથવા કરવાની હોય; તેમજ તે આ રાજ્યમાં હોનારી કંઈ પણ મિલકત સંબંધી થયો હોય એમ પણ નિકળી આવતું નથી. તેથી તે લાગતને પાત્ર એવો લેખ ઠરી

શકતો નથી, (સ્ટાંપનિબંધની કલમ ૫). માટે આ લેખને સ્ટાંપનિબંધની કલમ ૧૬ લાગુ થાય છે કે કેમ તે ઠરાવવાની જરૂર રહેતો નથી, એવો અમે ઠરાવ કરીએ છીએ.

રા. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખા. બા. અબ્બાસ શમ્સુદ્દીન તૈયબજી, જજ્ય, એઓસાહેબની રૂબરૂ. *

ફેસલ તા. ૩૧-૭-૯૨.

વિપ્ર ચત્રુભુજ જેશંકર રેહેવાશી કસ્બે કોડીનાર. દસ્તાવેજ કરીલેનાર.

વિપ્ર દેવશંકર દેવરાજ રેહેવાશી મજકુર. દસ્તાવેજ કરીઆપનાર.

(નવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

બક્ષીસપત્ર કિંવા વ્યવસ્થાપત્ર—મિલકતની આકારણી—પરિશિષ્ટ ૧, રકમ ૨૪.

મંદિરમાં દેવની સેવાપૂજા કરવાનો હકમાં તથા તે સંબંધે જમીન વિગેરેનું જે કાંઇ ઉત્પન્ન આવે તેમાં, કરીઆપનાર ફ. નો અરધો હિસ્સો, જેની દરવરસની રકમ રૂ. ૧૦૦ છે, તે લેવાનો હક વિગેરે તેણે હયાતીમાંજ પોતાની ભત્રીજીના દીકરાને. નેતથા તેના વંશજોને આપી દીધાનો લેખ વ્યવસ્થાપત્ર નસ્તાં બક્ષીસપત્રના સ્વરૂપનો છે અને લાગત નક્કી કરવાને અર્થે નિબંધની કલમ ૨૨ નીરકમ ૩ પ્રમાણે વાર્ષિક ઉપજની હિસ્સાની રકમનું વીસપટ કરી જે રકમ થાય તે ઉપર પરિશિષ્ટ ૧, રકમ ૨૪ મુજબ સ્ટાંપની લાગત પડવાની છે.

હકીકત.

કોડીનાર નોંધણી કચેરી તપાસતાં રાવસાહેબ નોંધણીતપાસણીકામદારે એક દસ્તાવેજની નકલ નોંધબુકનંબર ૧ પૈકી નં. ૧૩ સન ૧૮૯૦-૯૧ વાળી મંગાવેલી આજમ કોડીનાર નોંધણીકામદારે યાદી નં. ૧૦૪ તા. ૧-૪-૯૧ સાથે મોકલી તે રાવસાહેબ તપાસણીકામદારે અભિપ્રાય દેખાડી શેરા નંબર ૭૦૧ તા. ૨૫-૪-૯૧ સાથે અમરેલીપ્રાંતના મેહેરબાન સરકામદારસાહેબ તરફ મોકલી તેઓસાહેબે આજમ કોડીનાર નોંધણીકામદારનો નંબર ૫૭ તા. ૫-૭-૯૧ વાળો ખુલાસો મંગાવી છેવટ જા. નં. ૧૧૧૭ તા. ૧૩-૭-૯૧ ના શેરાથી આ હુજુરની નોંધણીખાતા તરફ મોકલી ત્યાંહીંથી નં. ૪૦૫ તા. ૧૬-૭-૯૧ ના શેરાથી આ કોર્ટ તરફ આવ્યા ઉપરથી આ પ્રકરણ ઉત્પન્ન થયું છે.

સદરના લખાણ સોબત સદરના પક્ષકારના દરમ્યાન છેવટ તા. ૩૧-૧૨-૯૦, સં. ૧૯૪૭

---

* ફી. સ્ટાં. જ્યુ. રે. નંબર ૧૫૮ સન ૧૮૯૦-૯૧.

ના માગશર વદિ ૫ બુધવાર રોજ, થયેલા લેખની નકલ આવેલી, તેનો મુદ્દાનો મજકુર નિચે મુજબ છે:—

"હું વિપ્ર દેવશંકર દેવરાજ * * મારા નિચેના હક્ક બાબત હું નિચે પ્રમાણે વ્યવસ્થા કરું છું:—

કસ્બા મજકુરમાં શ્રીલક્ષ્મીનારાયણ(નું) મંદિર છે તેની પૂજા નૈવેદ્ય કરવાનો મને તથા મૈયત કાનજી દયારામને હક્ક હતો. કાનજી મૈયત થયા બાદ તેના ભાણેજ પ્રાણજીવન જેશંકરને તેણે તેની હયાતીમાં દત્તક લીધેલો હોવાથી સદરહુ કાનજીના હક્કનો વારસ સદરહુ પ્રાણજીવન કાનજી થયો છે.

હાલમાં મારી અવસ્થા ઘણીજ વૃદ્ધ થયેલી છે, જેથી હું શરીરે પણ અશક્ત છું. તેમાં વળી કસ્બા મજકુરના વાણિયા મહાજને તરફથી મને શ્રીરઘનાથજીની પૂજા સેવા કરવાનું કામ સોંપેલું છે. તે કામ અને શ્રીલક્ષ્મીનારાયણનું કામ મારી વૃદ્ધ અવસ્થાને લીધે હવે બની શકે નહીં, સબબ શ્રીલક્ષ્મીનારાયણની પૂજા સેવા કરવા, તથા તે સંબંધે જમીન વિગેરેનું જે કાંઇ ઉત્પન્ન આવે છે તે લેવા, તથા તેની વ્યવસ્થા કરવા, મારો જે હક્ક છે તે સઘળો હક્ક હું આ વ્યવસ્થાપત્ર ઉપરથી કસ્બા મજકુરના રહીશ વિપ્ર ચત્રુભુજ જેશંકર * * * તેમને આપું છું. કારણ મારે વંશવારસ કંઈ છે નહીં, અને તેઓ મારા નજીકના કુટુંબી, એટલે, મારી ભત્રીજી બાઈ જીવીના દીકરા છે; વળી સદરહુ ચત્રુભુજ સાત આઠ વરસથી કાનજીની જગોએ રહી શ્રીની પૂજા સેવા ઘણી કાળજી તથા લક્ષપૂર્વક કરે છે, તેથી મારી ખાત્રી થયેલી છે કે, તેઓ એક તો સુપાત્ર બ્રાહ્મણ અને સેવા કરવાનું કામ તેના હાથથી સંતોષકારક થાય માટે ઉપર મુજબ મારો હક્ક તેમને લખી આપું છું.

સબબ હવે પછીથી ચત્રુભુજ મજકુરે, શ્રીલક્ષ્મીનારાયણની પૂજા સેવા, કરવાનું કામ હાથે લેઈ સારી રીતે કરવું. અને ઉત્પન્ન આવે તે સંભાળી ઘટિત વ્યવસ્થા કરવી. હવેથી તે મંદિર ઉપર તેમજ તેની ઉપજ ઉપર હું મારો કોઇ પ્રકારનો હક્ક સંબંધ રાખતો નથી, અને તે ઉપરના મારા સર્વ હક્ક ચત્રુભુજ મજકુરને આપ્યા છે. માટે તેણે તથા તેના વંશવારસોએ તે હક્ક ચલાવી પૂજા સેવા, કાળજી તથા નીતિપૂર્વક કરી ઉત્પન્નની સંભાળ પણ સારીરીતે રાખવી, ને ઉત્પન્ન તેઓએ લેઇને શ્રીના કામમાં જે ખરચ થાય તે પણ તેઓએ કરવો. એમાં મારે કશી દખલ કરવી નહીં. આ વ્યવસ્થાપત્ર આજની તારીખથી મારી હયાતીમાંજ અમલમાં આણવાના ઇરાદાથી, કરેલું છે, એટલે, મારી હયાતી સુધી તથા ત્યાર પછી નિરંતર ઉપરનો મારો હક્ક સંબંધ મજકુર ચત્રુભુજ તથા તેના વંશવારસ તરફ કાયમ રાખવાનો મારો ઇરાદો છે. આ વ્યવસ્થાપત્ર મેં મારી રાજીખુશીથી લખી આપ્યું છે. × × મિતી સં. ૧૯૪૭ ના માગશર વદિ ૧ વાર શનિ, તા. ૨૭ માહે ડિસેંબર સન ૧૮૯૦ ઈસ્વી."

સહી. સાખ.

* *

"તાજાકલમ ઉપરના શ્રીલક્ષ્મીનારાયણના મંદિરના ઉત્પન્નમાં દેવસ્થાન ધર્માદાય હક્કથી બાદશાહીવખતથી નિચે પ્રમાણે જમીન છે:—

૧૪૦ કસબે કોડીનારમાં તળ ખાંડવાવનામે જમીન વિઘાં ૨૪* * તેની ઉપજ રૂ. ૧૪૦.
૬૦ મોજે પણાદરે તાબે કોડીનારમાં જમીન નામે ડોડીયાવાવ, તથા શીદોરીયાપા તથા માટીખાણની મળી કુલ વિઘાં ૪૧ ના.આશરે છે. તેની ઉપજ રૂ. ૬૦ની છે.

———
૨૦૦

ઉપર પ્રમાણે ઉત્પન્ન રૂ. ૨૦૦ માંથી અર્ધા હિસ્સાના રૂ. ૧૦૦ અંકે સો કલદાર સાલ દરસાલ મને મળવાના તે ઉપર પ્રમાણે આ વ્યવસ્થાપત્ર ઉપરથી તમારા નામ ઉપર કરી તેનો સંપૂર્ણ હક્ક તમને આપું છું. બાકી અરધો હિસ્સો મયત કાનજી દયારામના વારસ-પુત્ર**નો છે. એ શિવાય આ મંદિરનું બીજું કશું ઉત્પન્ન નથી, માટે અમારા હક્ક પુરતા ઉત્પન્નના માલેક હવેપછીથી તમે તથા તમારા વંશજો થયા છો. તેમાં અમારી કાંઇ પણ જાતની દખલ કે તકરાર નથી. તા. ૩૧ ડિસેંબર સન ૧૮૯૦ × × ×"

સહી. સાખ.

રાવસાહેબ તપાસણીકામદાર તરફથી સંદરહુ લેખની નકલ આવેલી છે, તે ઉપર રૂ. ૯ નો સ્ટાંપ હોવાનું લખેલું છે. તેઓ જણાવે છે કે, હયાતીમાં મિલકત સોંપ્યાનું લેખમાં લખેલું હોવાથી તે બક્ષીસપત્રના સ્વરૂપનો દેખાય છે. તેથી વ્યવસ્થાપત્રનાં ત્રણ સ્વરૂપ સ્ટાંપનિબંધની કલમ ૩ માં જણાવેલાં છે તેમાંનું એકે લાગુ પડી શકતું નથી. નોંધણીની લાગત ઉપજ રૂ. ૧૦ની તેના વીસપટ ઉપર લીધેલી છે તેનો આધાર સમજાતો નથી. સ્ટાંપનિબંધની કલમ ૨૨ હાલના લેખને લાગુ થતી નથી, પક્ષકારે દશપટ રકમ ઉપર ખત પ્રમાણે રૂ. ૯ નો સ્ટાંપ ભર્યો છે. અભિપ્રાય એવો આપ્યો છે કે, દશપટ ઉપર રૂ. ૨૦ નો સ્ટાંપ જોઇએ, અને એજ ધોરણે નોંધણીની લાગત રૂ. ૩ લેવી જોઇતી હતી.

આજમ કોડીનારમુનસફ નોંધણીકામદાર લખે છે કે, એ લેખ વ્યવસ્થાપત્ર હમે ગણેલો છે તે બરોબર છે. આ લેખથી આપેલી મિલકત વેચવા વિગેરે છ પ્રકારથી સત્વનિવૃતી કરવાનો અધિકાર આપ્યાનું જણાતું નથી, દેવના ઉત્પન્નની દેવ સારૂજ વ્યવસ્થા ચલાવવા વિષે દસ્તાવેજ છે, વિગેરે.

મે. અમરેલી સરકામદારસાહેબ કહે છે કે, આ લેખથી સેવાપૂજા નૈવેદ્ય કરવાનો પોતાનો માલિકીહક્ક તે બીજાને પ્રસન્ન થઇ આપ્યો છે, તે હકીકત સ્ટાંપ ખુલાસા નં. ૯ સન ૧૮૮૯–૯૦ ફેસલ તા. ૨૮-૩-૯૦ની હકીકતને મળતી હોવાનું લાગે છે. સદર દસ્તાવેજ બક્ષીસપત્રના સ્વરૂપનો છે એમ અમારો અભિપ્રાય છે વિગેરે.

હાલના લેખથી કોડીનાર કસ્બાના શ્રીલક્ષ્મીનારાયણમંદિરમાં લખીઆપનારનો સેવા પૂજા કરી ઉત્પન્નનો અરધો હિસ્સો લેવાનો હક્ક તે ઉપરનો પોતાનો સંબંધ ઉઠાવી લેઇ

ઠરાવ.

તેણે લખીલેનાર, જે લખીઆપનારની ભત્રીજીનો દીકરો થાય, તેને આપી દીધો છે. આવી હકીકત ઉપરથી આ લેખ 'બક્ષીસપત્ર'ના સ્વરૂપનો ઠરે છે.

લેખને સ્ટાંપ રૂપીઆ નવનો વાપર્યાનું જણાય છે, તે એકંદર ઉપજની વાર્ષિક રકમનું દશપટ કરી તે ઉપર પરિશિષ્ટ ૧ ની રકમ ૩૧ ના ધોરણે વ્યવસ્થાપત્રની લાગત ગણીને વાપરેલો દીસે છે. પરંતુ લેખ, ઉપર જણાવ્યા પ્રમાણે બક્ષીસપત્રના સ્વરૂપનો ઠરે છે, અને લખીઆપનારના અરધા ભાગની હક્કની રકમ લખીલેનારની માત્ર હયાતી સુધીજ આપેલી છે એમ નહતાં, તે ઉપરાંત પણ, તેના વંશજોને પણ મળવાની લખી છે. એટલે, લાગત નક્કી કરવાને અર્થે નિબંધની કલમ ૨૨ ની રકમ ૩ પ્રમાણે લખી આપેલી વાર્ષિક ઉપજની અરધી રકમના વીસપટ કરી તે ઉપર પરિશિષ્ટ ૧, રકમ ૨૪ મુજબ લાગત ગણીને જે થાય તેટલી કિંમત આ લેખને લગાડવી જોઇએ, એમ અમે ઠરાવીએ છીએ.

---

૨૬. બા. અંબાલાલ સાકરલાલ, ચીફજસ્ટિસ, તથા ખાનબાહાદુર અબ્બાસ શમ્સુદીન તૈયબજી, જજ્જ, એઓસાહેબની રૂબરૂ. *

ફેસલ તા. ૩૧-૭-૯૧.

બાઇ અમાબાઇ તે ઇસપજી મહમદ ચોથીઆની વિધવા ઓરત રેહેવાશી ખોલવડ તાબે કામરેજ.	દસ્તાવેજ લખીલેનાર.
કાસમ ઇસપજી ચોથીઆ: સગીરની વાલી મા બાઇ મરીઅમ તે ઇસપજી મહમદ ચોથીયાની વિધવા ઓરત, રેહેવાશી મજકુર.	દસ્તાવેજ કરીઆપનાર.

(આવા સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતામાટે થયેલાં નિયમની કલમ ૧૧ પ્રમાણે ખુલાસો (રેફરન્સ) પુછેલો છે).

કરાર તથા બક્ષીસપત્ર ભિન્ન બાબત—નિબંધની કલમ ૭-પરિશિષ્ટ ૧, રકમ ૬ (ખ), તથા રકમ ૨૪.

એક મુસલમાન દીકરા તરફે તેની વિધવા માએ પોતાની વિધવા શોક્યને એવો દસ્તાવેજ લખી આપેલો હતો કે, સ્થાવર મિલકતનો તથા ઉપજનો ભોગવટો વિગેરે એ શોકયે હયાતી સુધી કરવો, તેમાં દીકરાએ હરકત કરવી નહીં, તથા શોકય મુવાબાદ તેની દીકરીએ કાયદા મુજબ મિલકતમાં, તથા ઉપજમાં ભાગ આપવો. લેખની તારીખે જમીનનો કેટલોક ભાગ તે શોકયને પણ બક્ષીસ આપ્યો હતો. એવા મજકુરનો દસ્તાવેજ કરી આપેલો હતો. ઠરાવ થયો કે,—

---

* દી. સ્ટાં. પુ. ૨. નંબર. ૧૬૦ સન ૧૮૯૦—૯૧.

આ દસ્તાવેજ ભિન્ન બાબતો, એટલે, કરાર કિંવા કરારની યાદી, પરિશિષ્ટ ૧, રકમ ૬ (ખ), તથા બક્ષીસપત્ર, રકમ ૨૪, ના સ્વરૂપનો છે અને એ બે રકમો પ્રમાણે આ દસ્તાવેજને સ્ટાંપની લાગત પડવાની છે,

હકીકત.

આજમ કામરેજમહાલના નોંધણીકામદારે આ કોરટની નોંધણીશાખા તરફ જા. નં. ૧૦૦ તા. ૧૬-૭-૯૧ ની યાદી નવસારીના મે. નોંધણી સરકામદાર સાહેબ મારફત મોકલેલી તેઓએ નં. ૧૧૮૩ તા. ૨૦-૭-૯૧ ના શેરાથી આ કોરટ તરફ મોકલી અને આ કોરટની નોંધણી શાખા તરફથી શેરા નં. ૪૧૧ તા. ૨૧-૭-૯૧ નો કરી આ દફતર તરફ મોકલ્યાથી આ પ્રકરણ ઉત્પન્ન થયું છે.

સદર લખાણ સાથે સદરના પક્ષકાર દરમિઆન સં. ૧૯૪૭ ના પોસ સુદિ ૯ તા. ૧૮-૧-૯૧ નો લેખ થયેલાની નકલ આવી છે. તેનો મુદ્દાનો મજકુર નિચે મુજબ છે:-

“ જત હું લખીઆપું છું જે, મજકુર ગામે * * * ફળીઆમાં અમારા બાપીકું રેહેણીનું ઘર છે જેમાં તમો રહોછો, તે ઘરમાં તમો જીવો ત્યાંહાંસુધી તમારી હયાતી સુધી તમે ખુશીથી રેહો. એ ઘરમાં નીચે તમો રહો ને ઉપર માળપર હમો રહીએ, બીજો કોઇ રેહેનહીં. ને નીચે હમો આવીએ નહીં, ને ઉપર તમો આવો નહીં. માળ ઉપર જવાસારૂ આગળે બારણેથી રસ્તો છે, અને પાછલે બારણે હમારો અખત્યાર નહીં, ને તમો જીવો જાગો ત્યાંહાંસુધી એ ઘરમાં રહો, ને તમારા (મુઆ) બાદ તમારી છોકરી બેન ખતીજા તે ઈસપજી મહંમદ ચોથીઆની છોકરીને શરીઅત (શરે) પ્રમાણે એ ઘરના ઈમલામાં તથા એ ઘરની તળીએની દખણ દેશાતરફની જમીન ગજ ૨ અંકે બે પહોલી ને લાંબી ગજ ૨૦ અંકે વીશ તથા પાછલા ઘરનો અમલો છે તથા ઢેઢઅમારાવાળી જમીન જે ઈસપજી મેહમદ ચોથીઆએ વેચાતી લીધેલી છે, તે એ સરવેમાં તમો તથા તમારી છોકરી બાઇ ખતીજાનો શરેમુહમદી પ્રમાણે હિસ્સો છે, તે હમારે દેવો સહી. અને આજ દીને રેહેણીના ઘરના પાછળના ઘરમાંથી તીના તળીએની જમીનમાંથી ગજ ૦।। અંકે અરધો પહોળી દખણ દીશા તરફની ને લાંબી વાડાની જમીન સાથે ગજ ૩૦ અંકે તીસ, એ તમોને બક્ષીસ આપી છે, તે ઉપર હમારો દાવો રહ્યો નથી. બાકીની ગજ ૭ અંકે ગજ ૬ પોહોળી, ને લાંબી ગજ ૩૦ અંકે તીસ તે હમારી છે. ઉપરનો ઇમલો ભાગોભાગમાં છે. ઉપર લખેલી ઢેઢઅમરવાળી જમીન લાંબી ગજ ૧૭ અંકે સત્તર છે તથા પેહોળી ગજ ૧૭ છે એમાં બે ભાગીઆ છે. બીજું, તમો જીવો ત્યાંહાં સુધી પાછલા ઘરમાં તમારો તથા હમારો સરસામાન મુકીએ સહી. તથા એ ઘરનું ભાડું જે કંઈ આવે તે તથા નવાપરાનું ઘર, તથા ઘર પાસેની જમીનનું ભાડું, જે આવે તે, તથા ઉઘરાણી જે કંઇ અમારા મજકુર બાપ ઇસપજીની છે તે સરવેમાં તમારો તથા તમારી છોકરી બાઇ ખતીજાનો શરેહમુહમદી પ્રમાણે ભાગ છે ને તેનું જે ભાડું તથા ઉઘરાણી સરવે શરેહમુહમદી પ્રમાણે આપણે વહેંચી લેશું. ને ઘર બે વેચાય તો શરે પ્રમાણે તેની કિંમતના પઇસા જે કંઈ આવશે તે વેહેંચી લેશું. આ દસ્તાવેજમાં ઉપર લખી મિલકતોમાં મા બાઇ અમાબાઇ તમારા બાદ તમારી છોકરી

ખતીજાને શરેહમુહમદી પ્રમાણે તમારો હિસ્સો તથા તેનો હિસ્સો દેવો. તે બાદ તેની ઓલાદને દેવો. સહી. આ લખાણુ હમો હમારી રાજીખુશીથી × + „

અત્રે મતુ. અત્રે સાખ.

* * * * * * *

"આ દસ્તાવેજમાં ઉપર જે રેહેણીના ઘરથી પાછલનું ઘર લખેલું છે તે રેહેણીના ઘરને લગતુંજ છે અને તે પૈકી ગજે ૦॥ અરધો જમીન બક્ષીસ આપી છે તેની કિંમત આશરે રૂ. ૩૦ ત્રીસ છે ને ઉપર જે ઢેડાઅમારાવાળી જમીન બતાવી છે તે મજકુર ગામના ઢેડવાડામાં છે, તથા નવાપુરા તાલુકે નંદુરબાર જીલ્લે ખાનદેશના ગામે જે ઘર તથા જમીન લખેલી છે તે ગામના ઘાંચીવાડામાં છે"

સહી.

× × ×

સદરહુ લેખ આઠઆનાના સ્ટાંપ ઉપર થયેલો છે. આજમ નોંધણીકામદાર પોતાની મુળ યાદીમાં જણાવેછે કે, લેખમાં રૂ. ૩૦ ની મિલકત બક્ષીસ આપેલીછે અને બાકી કેટલીક મિલકતમાં ભાગ આપવાનો કરાર કરેલોછે, તો આ કરાર છે તે બક્ષીસનો અંગભૂત કરાર ગણવો કે શી રીતે? અને તેનો સ્ટાંપ જૂદો જૂદો લેવો એમ અભિપ્રાય આપે છે. મે. નોંધણીસરકામદાર સાહેબ આજમ નોંધણીકામદારના મળતો અભિપ્રાય આપે છે.

ઠરાવ.

હાલના લેખથી દીકરા તરફે તેની મા પોતાની સહવિધવા શોકયને એવો કરાર લખી આપેછે કે, પોતાના સહીઆરા ઘર વિગેરે સ્થાવરમિલકતનો ભોગવટો લખીલેનારે અમુક રીતે કરવો, તેમાં પોતે હરકત કરનાર નથી, તથા લખીલેનારની દીકરીનો કાયદામુજબ જે ભાગ હશે તે આપીશું. અને શિવાય ઉત્પન્ન લખી લેનાર સાથેવેહેંચી લેઇશું વિગેરે. માટે તેટલા પુરતો આ લેખ "કરાર કિંવા કરારનીયાદી" (પરિશિષ્ટ ૧ રકમ ૬) ના સ્વરૂપનો ઠરેછે. અને તેને માટે લેખને રૂ ૦-૮-૦ આઠઆનાનો સ્ટાંપ વાપર્યો છે તે તો બરોબર છે.

પણ આ લેખમાં ૦॥ ગજ પહોળી અને ૩૦ ગજ લાંબી એટલી જમીન બક્ષીસ આપ્યાનું લખ્યુંછે, તેટલા પુરતું લેખનું સ્વરૂપ "બક્ષીસપત્ર"નું ગણવું જોઇએ. (પરિશિષ્ટ ૧, રકમ ૨૪). એ જમીનની કિંમત લેખમાં પાછળથી લખેલી જણાયછે, તે ઉપરથી સદર રકમ ૨૪ મુજબ લાગત વસુલ કરવાની કાયદેસર તજવીજ થવા લેખ અટકાવી મહેરબાનસુબાસાહેબ તરફ નોંધણીકામદારે મોકલી દેવો, એવો હમે ઠરાવ કરીએ છીએ.

મહત્વના ખુલાસા, સરક્યુલરો તથા વટહુકમ વિગેરે.

સન ૧૮૯૦-૯૧ સાલના.

—⊖∘⊖—

વરિષ્ઠ કોરટના ખુલાસા.

—⊖∘⊖—

(૧). દસ્તાવેજની નકલ નિબંધ પ્રમાણે આવવી જોઇએ. તે આવેલી નથી તેથી ખુલાસો આપવો શકય નથી એવા મતલબનો ખુલાસો-(વ. કો. દી. શેરા નંબર ૪૬ તા. ૨૨-૮-૯૦).×

---

(૨). નિબંધની કલમ ૪૧ થી ૪૪ માં જણાવેલા સરકારીકામદાર શિવાય બીજા સરકારીકામદારને તેમની આગળ કામના સંબંધે દસ્તાવેજ આવ્યાથી તે દસ્તાવેજની સ્ટાંપની લાગત સંબંધે સંશય આવે તો શો વહિવટ રાખવો એ વિષે આપેલો અભિપ્રાય.

વ. કો. દી. શેરા નંબર ૪૭. તા. ૨૫-૮-૯૦*

(મે. રા. બા. હુ. અસિસ્ટંટસાહેબ તરફે).

"हें प्रकर्ण आपसाहेबाकडून अभिप्रायासाठीं इकडे आलें आहे. परंतु ता. ३१-८-८९. रोजीं इकडून इंग्रेजींत अभिप्राय लिहिण्यांत आला आहे त्याजवरून कळोन येईल. नवीन स्टांपनिबंधाच्या संबंधाचें सदर निबंधाचें कलम ४१ तागाईत ४४ यांत लिहिल्याप्रमाणें कायदेशीर रीतीनें वरिष्ठकोर्टाकडे आल्या शिवाय वरिष्ठकोर्टास त्याबाबदींत कांहीं ठराव करतां येत नाहीं. फारतर अशा कुमारावरून वरिष्ठकोर्ट अभिप्राय देऊं शकेल. परंतु ज्या अर्थी शेवटचा ठराव करण्याचें काम या कोर्टाकडे आहे त्या अर्थी रीतसर काम येऊन ठराव करण्याबद्दल केवळ अधुऱ्या माहितीवरून मत देणें बरोबर नाहीं, कारण प्रसंग विशेषीं असा बनाव बनेल कीं, ठराव करतांना प्रकरण रीतसर कोर्टापुढें येईल ते वेळेस पूर्ण माहिती कोर्टापुढें असोन त्या वेळेस कोर्ट ठराव करील तो प्रथम दिलेल्या अभिप्रायाविरुद्ध असूं शकेल. कलम ४१ तागाईत ४४ यांत कोर्टानें वगैरे वरिष्ठ कोर्टाकडे कामें कशीं पाठवावीं हें लिहिलें आहे, परंतु सरकारिकामदार कोर्टाचे अधिकारी नाहींत त्यांस स्टांपाविषयीं संशय आल्यास काय तजवीज करावी हें निबंधांत लिहिलेलें नाहीं. कलम २८ यांत खानगी मनुष्यास देखील जर स्टांपाचे लागतीविषयीं शंका येईल तर प्रांताचे सुभेसाहेब यांस विचारण्याचा अधिकार ठेविला आहे, मात्र त्याजबद्दल कांहीं फी देणें पडते. आमचे नजरेस असें येतें कीं हुजुरींतून एक सरक्युलर अशा मतलबाचें काढण्यांत यावें कीं, जे सरकारी अमलदार कोर्टाचे अधिकारी नाहींत त्यांस स्टांपाचे लागती विषयीं शंका येईल तर त्याजबद्दल लखाग स्टांपनिबंधाचें कलम २८ चे धोरणानें प्रांताचे सुभे यांजकडे करावें, व सुभेयांनीं पुढील तजवीज त्या धोरणानें करावी. मात्र अशा प्रसंगीं कलम २८ यांत लिहिलेली लागत सरकारी अमलदारापासून घ्यावयाची

× ડી. સ્ટાં. ખુ. ૨. નંબર ૧૯-૨૦-૨૧ સન ૧૮૮૯-૯૦.
* ડી. સ્ટાં. ખુ. ૨. નંબર ૨૦ સન ૧૮૮૯-૯૦.

नाहीं. सदरहू प्रमाणें तजवीज केली म्हणजे जेथें सुभेसाहेब यांस स्टांपाचे लागतबिद्दल शंका वाटणार नाहीं तेथें तेच निबंधाप्रमाणें खुलासा कारतील, व जेथें सदरहू विषयीं शंका वाटेल तेथें निबंधाचें कलम ४१ प्रमाणें प्रकरणं ते इकडे ठराव होण्यासाठीं पाठवितील.

या कोर्टानें आपकारी दारुचे इजाऱ्याच्या संबंधाच्या दस्तऐवजाचे स्टांपाचे बाबतींत स्टांप खुलासा नंबर ४९ ता. २३-१-९० चा ठराव(१) केला आहे त्याची नक्कल कदाचित् आपल्यास उपयोगीं पडेल असें जाणून ती पाठविली आहे. ता. २५-८-९०."

(सही). जनार्दन सखाराम गाडगीळ.

जज्य, वरिष्ठकोर्ट.

---

(૩) સ્ટાંપ નિબંધની કલમ ૪૧ તાગાઇત ૪૪ માં દરશાવેલી બાબતમાંજ વરિષ્ઠકોરટ તરફ પ્રકરણ મોકલવાનું છે. સ્ટાંપ મારેલા કાગળના દસ્તાવેજ સંબંધે નિબંધની કલમ ૧૧ છે.

વ. કો. ડી. શેરા નંબર ૪૮ સન ૧૮૯ -૯૧૦.+

(મે. વડોદરાપ્રાંતના સુબાસાહેબ તરફ).

"સ્ટાંપનિબંધ ભાગ ૫, કલમ ૪૧ તાગાઇત ૪૪ માં દરશાવેલી બાબતમાંજ વરિષ્ઠ કોરટ તરફ સ્ટાંપ સંબંધે ઠરાવ થવા સારૂ કામ મોકલવાનું છે. માટે તે બાબત. સંબંધે કામ ન હોય તો આ કોરટની મારફતે અથવા આ કોરટ તરફ તે મોકલવાનું કારણ નથી. તેથી આ તુમાર તથા પેટામાંના દસ્તાવેજ પાછા મોકલ્યા છે. તો જેની તરફ પ્રકરણ જવાનું હોય તેના તરફ મોકલવાની તજવીજ થશે. ઉપરમો આપનો ખુલાસો સેહેજ વાંચતાં આરંભમાં લખ્યું છે કે, નિબંધની કલમ ૧૧ એ કલમ ચોડવાના સ્ટાંપના માટે છે, સ્ટાંપકાગળો ઉપર થયેલા દસ્તાવેજને માટે એ કલમ નથી.' એ લખવું ભૂલ દેખાય છે. કલમ ૧૧ વાંચી જોતાં એ કલમ સ્ટાંપમારેલા કાગળ ઉપર દસ્તાવેજ લખવાના સંબંધે અને કલમ ૯-૧૦ ચોડવાના સ્ટાંપ માટે છે. હાલના દસ્તાવેજને સ્ટાંપ મારેલા છે માટે એ વિષે વિચાર થવો. તા. ૨૫-૮-૯૦"

(સહી) જ. સ. ગાડગીલ.

જજ્ય વરિષ્ઠકોર્ટ.

ટીપ-ડી. સ્ટાં. ખુ. ર. નંબર ૯ સન ૧૮૯૦-૯૧ માં ઉપરનો ખુલાસો લાગુ કરી પ્રકરણનો નિકાલ કરવામાં આવ્યો છે. (વ. કો. ડી. શેરા નંબર ૪૯ તા. ૨૫-૮-૯૦).

---

(૧). આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૧૦ ઉપર છે.
+ ડી. સ્ટાં. ખુ. ર. નંબર ૮ સન ૧૮૯૦-૯૧.

(૪). વરિષ્ઠકોરટ તરફ પ્રકરણ મોકલતી વખતે નિબંધની કલમ લખવી જોઇએ.

વ. કો. દી. રોઝ. નંબર ૫૧ સન ૧૮૯૦—૯૧ ×.

(મે. રાવબહાદુર કડીપ્રાંતના સુબાસાહેબ)

આપે આ પ્રકરણ સ્ટાંપ નિબંધની કઈ કલમ પ્રમાણે મોકલ્યું છે તે લખ્યું નથી. આપને સ્ટાંપનિબંધની કલમ ૪૧ પ્રમાણે જે આ કોરટ તરફ ફેસલા માટે હકીકત મોકલવાનો અધિકાર છે, તે પ્રમાણે હાલનું પ્રકરણ મોકલેલું જણાતું નથી. અરજદારે આપની તરફ કલમ ૩૫ પ્રમાણે લાભ મેળવવા અરજ કરેલો જણાય છે. તે વિષે ઠરાવ કરવો આપની મુખત્યારી ઉપર છે; લાગતની પાત્રતા વિષે અથવા રકમ વિષે આપને સંશય હોય ત્યારે કામ આ તરફ આવવાનું છે. × × તારીખ ૨૬ માહે આગષ્ટ સન ૧૮૯૦"

(सही) ज. स. गाडगीळ,
जज्य वरिष्ठकोर्ट.

---

(૫). વરિષ્ઠકોર્ટ તરફ પ્રકરણ મોકલતી વખતે નિબંધની અથવા નિયમની કઈ કલમ પ્રમાણે પ્રકરણ મોકલ્યું છે તે લખવું જોઈએ.

વ. કો. દી. શેરા નંબર ૯૯ સન ૧૮૯૦–૯૧.*

(મે. નવસારી પ્રાંતના સુબાસાહેબ તરફ)

"હાલનો પ્રશ્ન સ્ટાંપનિબંધની કઇ કલમ પ્રમાણે આપે મોકલ્યો છે, તે લખેલું નથી. અહીં પ્રશ્ન આપના તરફથી સ્ટાંપનિબંધની કલમ ૪૧ પ્રમાણે આવવાનો છે, તેમાં હાલનો પ્રશ્ન આવતો નથી. આપનો પ્રશ્ન મુખત્યારપત્રને સ્ટાંપ કલમ ૧૮ પ્રમાણે કિયા નાણામાંનો હોવો જોઇએ ને તે બાબત આપે કરેલા ઠરાવની નકલ મોકલી છે. એ કરેલો ઠરાવ બરોબર છે કે નથી એ વિષે નિર્ણય પ્રકરણ જ્યારે કલમ ૪૪ પ્રમાણે આ તરફ આવે ત્યારે કરવાનો છે, તેથી હાલ કંઈ અભિપ્રાય દરશાવવો બરોબર નથી, તેથી પ્રકરણ પરત મોકલ્યું છે. તા. ૧૧–૯–૯૦"

(सही) ज. स. गाडगीळ,
जज्य, वरिष्ठकोर्ट.

× દી. સ્ટાં. ખુ. ર. નંબર ૧૧ સન ૧૮૯૦–૯૧.

* દી. સ્ટાં. ખુ. ર. નંબર ૧૩ સન ૧૮૯૦–૯૧.

(૬) સ્ટાંપ કાયદા સંબંધે કોઇ પણ પ્રશ્ન વરિષ્ઠકોરટતરફ ખુલાસા માટે મોકલવાનો નથી. પરંતુ જે પ્રશ્ન કલમ ૪૧ તાગાઇત કલમ ૪૪ માં આવે તેજ માત્ર મોકલવાનો છે, અને તેનોજ નિકાલ વરિષ્ઠ કોરટને કરવાનો છે.

વ. કો. ઠી. શેરા નંબર ૧૫૯ સન ૧૮૯૦—૯૧. +

(મે. કડીપ્રાંતના સુબા સાહેબ તરફ).

"स्टांप निबंधाचें कलम ४१ तागाईत कलम ४४ प्रमाणें जे प्रश्न वरिष्ठकोर्टाकडे येतील त्यांचा निकाल वरिष्ठकोर्टानीं करावयाचा आहे. सांप्रतचे प्रकर्णांत स्टांप निबंधाचें कोणतें कलम प्रमाणें प्रकर्ण आपण पाठविलें आहे तें लिहिलें नाहीं. स्टांपकायद्याचे संबंधानें कोणत्याहि प्रकारचा प्रश्न निघाला तर तो वरिष्ठकोर्टाकडे पाठवावयाचा आहे असें नाहीं, व स्टांपाचा बोजा रयतेवर अमुक संबंधानें पडल्यानें तो फार होईल, किंवा कसें हा विचारहि वरिष्ठकोर्टास कर्तां येत नाहीं. अशा गोष्टींचा विचार खात्याचे मार्फत हुजुराहून झाला पाहिजे. हल्लींचे प्रश्नाचे संबंधानें निबंधाचे कलम ४१ अन्वयें काम वरिष्ठकोर्टाकडे फैसल करण्यासाठीं पाठविण्याजोगें आहे असें आपले नजेरस येईल तर रीतसर कलम ४१ यांत लिहिल्याप्रमाणें अभिप्रायासह काम इकडे आपल्यास पाठवावयाचें आहे. हल्लीं तुमारी प्रकर्ण आहे तें त्या स्वरूपाचें दिसून येत नाहीं. सबब हल्लीं कांहीं अभिप्राय दर्शविणें बरोबर नसल्यानें प्रकर्ण परत पाठविलें आहे. ता. १३-९-९०"

(सही). ज. स. गाडगीळ,

जज्य, वरिष्ठ कोर्ट.

---

(૭) નિબંધની કલમ ૩૦ રકમ ૧ ના છેવટ ભાગમાં કોઇ પણ પ્રસંગે દંડની રકમ રૂપીઆ ૫ કરતાં કમી લેવાની નથી એવો જે ઠરાવ છે તે ઠરાવ કલમ ૩૩ ને લાગુ પડે એ બહુ સંશયની વાત છે એવો અભિપ્રાય આપેલો છે.

વ. કો. ઠી. શેરા નંબર ૩૭૯ સન ૧૮૯૦-૯૧. ×

(મે. રા. બા. હુજુરઆસીસ્ટંટસાહેબ તરફ).

"सदरहू चाललेल्या प्रकर्णावरून विदित होईल. मेहेरबान रा. बा. सरसुभे साहेब यांनीं शेरा नंबर ५३३ ता. २४-९-९० चा खुलासा* दिला आहे कीं, मेहेरबान सुभेसाहेब यांनीं स्टांपनिबंधाचे कलम ३३ प्रमाणें रकम पांच रुपयांहून कमी दंड घेऊं नये या खुलाशाच्या संबंधानें सुभे साहेब याजला शंका येऊन त्यांनीं हकीकत शेरा नंबर ४८ ता. २९—१०—९० यांत

+ ઠી. સ્ટાં. ખુ. ર. નંબર ૩૦ સન ૧૮૯૦-૯૧.
× ઠી. સ્ટાં. ખુ. ર. નંબર ૩૭-૪૦ તથા ૪૧ સન ૧૮૯૦-૯૧.
* એ ખુલાસો આગળ છે.

लिहिलें आहे कीं, कलम ३३ यांत कलम ३० रकम १ प्रमाणें पांच रुपयांहून कमी दंड घेऊं नये असा ठराव नाहीं, सबब या कोर्टाचा ठराव होऊन येण्यासाठीं प्रकर्ण इकडे पाठविलें आहे. स्टांपनिबंधाचें कलम ४१ तागाईत ४४ पहातां सांप्रतचे प्रश्नाचा निर्णय या कोर्टास करितां येईल किंवा नाहीं याचा संशय आहे, कारण, एकतर, स्टांपखात्याचेराहे रा. बा. सरसुभेसाहेब यांनीं खुलासा दिला आहे, व दुसरे रितीनें पहातां ही बाबत सरकारचे उत्पन्नाची असून कलम ४१ तागाईत ४४ यांत लागतीचे पात्रतेविषयीं व लागतीची किती रकम असावी याविषयीं ठराव करण्याचा निबंधानें या कोर्टास अधिकार दिला आहे. सांप्रतचा प्रश्न दंडाची रकम कशी प्रकारें घ्यावी हा आहे, व दंडाचे संबंधानें ठराव करण्याविषयीं या कलमांत कांहींच लिहिलें नाहीं, सबब याविषयीं व हुजूरांतून विचार होऊन अशा बाबतींत निबंधांत खुलासा नसल्यानें नियम होऊन येण्याविषयीं व हल्लींचे प्रकर्णाविषयीं खुलासा मिळण्याविषयीं मेहेरबानीनें तजवीज होईल ता. ७–११–९०" * * "

(સહી). અંબાલાલ સાકરલાલ,

ચીફજસ્ટિસ.

ઉપરનો અભિપ્રાય હુજૂરમાં મોકલેલો વગર ઠરાવથતાં પરત આવ્યાથી વરિષ્ઠકોરટથી આખરૂ નિકાલનો જે શેરો થયો તે નિચે પ્રમાણે :—

વ. કો. દી. શેરા નંબર ૧૬૭૯ સન ૧૮૯૦—૯૧.

(મે. વડોદરાપ્રાંતના સુબાસાહેબ).

" નવીન સ્ટાંપનિબંધની કલમ ૩૦ રકમ ૧ છેવટ ભાગમાં કોઈપણ પ્રસંગે આ દંડની રકમ રૂપીઆ ૫ થી કમી હોવાની નથી એવો જે ઠરાવ છે, તેથી પુરાવા લેનાર અધિકારીએ રૂપીઆ ૫ થી ઓછી રકમ લેવી ન જોઈએ. પરંતુ તેવો ઠરાવ કલમ ૩૩ ને લાગુ પડે એ બહુ સંશયની વાત છે. પણ એ વિષે સંશયાત્મક ઠરાવ આ કોર્ટથી આવા લખાણથી થવા નિબંધ ઉપરથી આધાર જણાઈ આવતો નથી. (જુઓ સ્ટાંપનિબંધની કલમ ૪૧ થી ૪૪ સુધી). અને આપે પણ આ ખુલાસો કઈ કલમના આધારે પુછયો છે તે જણાવેલું નથી, અને સદરહુ પ્રમાણે એ બદલ હુજૂરમાં લખેલું અસ્તા કંઈ નિકાલ થયા વગર પ્રકરણ જેવું ને તેવું પરત આવેલું છે, તેથી અહીંના રજીસ્ટરમાંથી કામ નિકાલે કાઢી આપના તરફ પરત મોકલ્યું છે. તા. ૨૬–૭–૯૧ * * ."

(સહી). અંબાલાલ સાકરલાલ,

ચીફજસ્ટિસ.

---

(૮)સ્ટાંપનિબંધ પ્રમાણે દસ્તાવેજ દંડ લેવાને પાત્ર હોય ત્યારે વરિષ્ઠકોરટના ઠરાવમાં દંડ લેવા વિષે કંઇ લખ્યું નહોય તોપણ દંડ લેવાને બાધ આવતો નથી. પક્ષકાર સ્ટાંપની લાગત આપે નહીં તો તે શીરીતે વસુલ કરવી એ વિષે નિબંધમાં ખુલાસો નથી.

વ. કો. દી. શેરા નંબર ૬૪૬ સન ૧૮૯૦–૯૧. ×

(મે. વડોદરાપ્રાંતના સુબા સાહેબ તરફ)

"આ મોરતે દસ્તાવેજની લાગત રૂપીઆ ૦–૮–૦ લેવી એવો ઠરાવ કરી મોકલ્યો છે. દંડ લેવા વિષે ઠરાવમાં કંઇ લખવાની જરૂર નથી. સ્ટાંપનિબંધ પ્રમાણે દંડ લેવાને પાત્ર હોય તો તે લેવાની તજવીજ આપને કરવાની છે. અમારા ઠરાવમાં દંડ વિષે કંઇ લખ્યું નથી તેથી દંડ લેવાનો કોઈ બાધ આવતો નથી. સ્ટાંપની લાગત પક્ષકાર આપે નહીં તો તે શી રીતે વસુલ કરી લેવી એ બાબેનો ખુલાસો સ્ટાંપનિબંધમાં નથી, તેથી અત્રેથી એ વિષેનો ખુલાસો આપી શકાય નહીં. ને સ્ટાંપનિબંધ પ્રમાણે સદરહુ બાબત વિષે આ તરફ ખુલાસો પુછવાનો પણ આધાર નથી, માટે આ બાબે આપે યોગ્ય તે પ્રમાણે તજવીજ કરવી. તા. ૩૧–૧૨–૯૦."

(સહી) અંબાલાલ સાકરલાલ,

ચીફજસ્ટિસ.

ટીપ—જે ઠરાવમાં રૂ. ૦–૮–૦ ની સ્ટાંપની લાગતને દસ્તાવેજ પાત્ર છે એવું ઠરાવ્યું છે તે ઠરાવ પછવાડે પૃષ્ઠ ૫૯ ઉપર છે અને તેનો નંબર ૭૨ સન ૧૮૯૦–૯૧ છે ઉપર પ્રમાણે ખુલાસો શેરા નંબર ૬૯૭ તા. ૩૧–૧૨–૯૦ માં પણ કર્યો છે, અને એ શેરો પછવાડે પૃષ્ઠ ૫૬ ઉપર ઠરાવ છે તે વિષે છે.

---

(૯)જુના સ્ટાંપ નિબંધની કલમ ૨૫ ની બાબતમાં આપેલો અભિપ્રાય. સ્ટાંપનિબંધ પ્રમાણે કરેલા ગુન્હા વિષે પ્રાસિક્યુશન ચલાવવાનું કામ મુલકી ખાતાનું છે.

વ. કો. દી. શેરા નંબર ૬૮૮ સન ૧૮૯૦—૯૧.*

(મેહેરબાન સરસુબાસાહેબ તરફ)

" જુના સ્ટાંપનિબંધની કલમ ૨૫ માં સરકારમાંથી નીમેલા લોકો શિવાય બીજા કોઇ પણ સ્ટાંપ કાગળ વેચશે તો તેને શિક્ષા થશે એવું ફરમાન છે. પણ શિક્ષા શી કરવી તે ફરમાવેલું નથી, અને તે ઉપરથી આ તુમાર ઉત્પન્ન થયો છે. આ પ્રશ્ન પુછવામાં આવ્યો તે પેહેલાંથી ઇંગ્રેજી સ્ટાંપ આક્ટ ૧૮૭૯ નો ૧ અમલમાં છે, તેમાં પણ સરકારીવેન્ડર શિવાય બીજા કોઇ સ્ટાંપ વેચે તો તેને સજા ફરમાવેલી છે, ત્યારે આ રાજ્યના તથા ઇંગ્રેજી રાજ્યના કાયદાથી એકજ સરખો ગુન્હો થતો હોય, પરંતુ આ રાજ્યના કાયદામાં સજા વિષે ખુલાસો ન હોય તો ઈંગ્રેજીરાજ્યના કાયદાની સજા ઉપર નજર રાખી સજા કરવી એવો વહીવટ ચાલે છે.

× દી. સ્ટાં. ખુ. ૨. નંબર ૫૩ સન ૧૮૯૦–૯૧.

* દી. સ્ટાં. ખુ. ૨. નંબર ૬૧ સન ૧૮૯૦–૯૧.

(નવીન નિયમ બાબ ૧ કલમ ૨). વળી નવીન સ્ટાંપનિબંધમાં આવા કૃત્યને ગુન્હાનું ગણી સજા કરેલી છે. (જુઓ કલમ ૫૬). માટે હાલના કૃત્યને જુનાનિબંધ પ્રમાણે ગુન્હાનું કૃત્ય સમજી ઈંગ્રેજી રાજ્યના ૧૮૭૯ ના ૧ આક્ટ મુજબ સજા કરવાનો ખુલાસો આપી શકાય. પરંતુ આ ગુન્હાના કૃત્યને ઘણી મુદત થઇ ગઇ છે, અને આ કૃત્યને સજા ન કરવી એવો એકવાર આ કોરટનો અભિપ્રાય થઇ ગયો છે. માટે હાલ એ બાબતનું પ્રાસિક્યુશન ચાલવું દુરસ્ત થશે એમ અમને લાગતું નથી. આવા કામમાં પ્રાસિક્યુશન ચલાવવાનું કામ મુલકી ખાતાનું છે, માટે આ કામ માંડીવાળવા વિષે ઠરાવ આપસાહેબ તરફથી થવા વિષે વિચાર થવાનો છે. તે મેહેરબાનને જાણ થાય. પેટીમાં તમામ કાગળો સામેલ છે. તા. ૩૦-૧૨-૯૦ ".

(સહી). અંબાલાલ સાકરલાલ,

ચીફજસ્ટિસ.

---

(૧૦). દસ્તાવેજના સ્વરૂપ ઉપરથી સ્ટાંપની લાગત વધારે લગાડેલી હોય ત્યારે નિર્ણયકારક ઠરાવ થવા માટે ખુલાસો પુછવાનું કારણ નથી, અને એવા પ્રસંગે ખુલાસો વરિષ્ઠકોરટે આપવો ઇષ્ટ નથી.

વ. કો. ઠી. શેરા નંબર. ૧૦૭૦ સન ૧૮૯૦-૯૧.×

(મે. રા. બા. વડોદરા પ્રાંતના જમ્ય નોંધણી સરકામદાર સાહેબ તરફ).

"આ પ્રકરણ રાવસાહેબ નોંધણીતપાસણીકામદારે નવીન સ્ટાંપનિબંધ સબંધે નોંધણી ખાતા માટે તા. ૩૦-૧૧-૮૯ ના રોજ થયેલા નિયમની કલમ ૧૧ ના આધારે આ કોરટ તરફ મોકલ્યું છે. પણ એ કલમ તથા સ્ટાંપનિબંધની કલમ ૨૯ લક્ષમાં લેતાં એમ જણાઇ આવે છે કે, જ્યારે કોઇ દસ્તાવેજની ઇબારત ઉપરથી તેને મડનારી સ્ટાંપનો પુરી કિંમતનો સ્ટાંપ-કાગળ ગેરસમજથી અથવા સરકારનું ઉત્પન્ન ડુબાવવાના હેતુથી વાપર્યો ન હોય, અને એ દસ્તાવેજ કાયદા પ્રમાણે કેટલી કિંમતના સ્ટાંપ ઉપર લખેલો જોઇએ એ બદલ સંશય પડતો હોય તેવા પ્રસંગે આ કોરટનો નિર્ણય મેળવવાનું કારણ બને. રાવસાહેબ તપાસણીકામદાર હાલના દસ્તાવેજને સ્ટાંપનિબંધની કલમ ૨૧ લાગુ પડે છે, અને તેથી નિબંધના પરિશિષ્ટ ૧ ની કલમ ૧૮ રકમ (ખ) પેટા રકમ ૨ મુજબ રૂ. ૫ ના સ્ટાંપ ઉપર થયેલો જોઇએ એમ અભિપ્રાય દરશાવે છે. પણ એ દસ્તાવેજ રૂ. ૧૧ ના સ્ટાંપ ઉપર લખેલો છે, એટલે તેથી સરકારના ઉત્પન્નને હરકત આવી હોય એમ નથી, ને કંઇ નુકસાન થયું છે તે તો પક્ષકારને થયેલું છે, ને તે માટે પ્રકરણ આ કોરટ તરફ મોકલવાનું યોગ્ય કારણ હતું એમ અમને લાગતું નથી. તેવું કારણ જો આ દસ્તાવેજને રૂ. ૫ કરતાં કમી કિંમતનો સ્ટાંપકાગળ વાપર્યો હોત તો બનત. સદરહુ કલમનો ઉદ્દેશ માત્ર એટલોજ છે કે, ગેરસમજુતથી કિંવા બદદાનતથી સરકારના સ્ટાંપ સંબંધી કાયદેસર ઉત્પન્નને નુકસાન પોહોંચતું, સરકારીનોકરને જણાઇ આવે તો, તેનો અટકાવ કરી શકાય. પણ લોકોને કાયદાની ગેરસમજુતથી કિંવા

× ઠી. સ્ટાં. ખુ. ૨. નંબર ૪૦ સન ૧૮૮૯-૯૦.

અણુવાકફગારીને લીધે જોઇએ તે કરતાં વધારે કિંમતનો સ્ટાંપ વાપરવાથી નુકસાન થતું અટકાવાના હેતુથી એ કલમો રચેલી જણાતી નથી. એવા પ્રકરણ બાબત ખુલાસો માગવો ન જોઈએ ને આપવો ઇષ્ટ નથી. તા. ૩ અપ્રેલ સન ૧૮૯૧."

(સહી). અંબાલાલ સાકરલાલ,

ચીફજસ્ટિસ.

ટિપ—દી. સ્ટાં. ખુ. ર. નંબર ૬૫ સન ૧૮૮૯–૯૦ તથા નંબર ૩-૫-૭ સન ૧૮૯૦-૯૧ ના કામમાં આ ખુલાસો લાગુ કર્યા છે તેથી અત્રે તે ફરી આપેલો નથી. પુ. છા.

---

(૧૧) જુના સ્ટાંપનિબંધની કલમ ૧૧ તથા ૧૭ વિષે—વ્યવસ્થાપત્ર નોંધવ હોવાથી તે વિષે થયેલો ખુલાસો.

વ. કો. દી. શેરા. નંબર. ૭૫૧ સન ૧૮૯૦–૯૧.*

(મે. સરદારકોરટના જજ્યસાહેબ તરફ).

"હાલ જેટલી રકમનો દાવો કરવાનો છે. તેટલી રકમ ઉપર સ્ટાંપ જુના સ્ટાંપ નિબંધની કલમ ૧૧ પ્રમાણે લેવાનો છે બાકીના વિષે ફરી દાવો થશે ત્યારે વિચાર કરવાનો છે. દસ્તાવેજની રકમ કલમ ૩ માં રૂ. ૧૫૦૦ નો નેમણુકનો આંકડો બતાવીમાં આવ્યો છે, તે વંશપરંપરાનો હોવાથી નોંધણીનિબંધની કલમ ૩ પ્રમાણે દસ્તાવેજ સ્થાવરનો કેહેવાય. જુના સ્ટાંપનિબંધની કલમ ૧૭ પ્રમાણે આવા પ્રકારના સ્થાવરમાલ વિષે જે કિંમત લેખમાં દાખલ કરવાની તે સદરહુ મિલકતના એક સાલના ઉત્પન્નનું દશપટ કરવું, ને તે સ્થાવરમાલની કિંમત સમજી દાખલ કરવી. એ ધોરણે આવી બાબતમાં નોંધણીની લાગત લેવાનો વહીવટ છે. તેથી રૂ. ૧૫૦૦ પંદરસેંના દશપટ ઉપર નોંધણીની લાગત લેવી તથા દંડ લેવો જોઇએ. બાકીની રકમો લખવા સરખી છે ને લખી નથી તે બાબત પરિશિષ્ટ ૧ ની રકમ ૮ પ્રમાણે ઉચક લાગત રૂ. ૫ પાંચ દંડસહ લેવાની છે. તે મેહેરબાનને વિદિત થાય. તા. ૮ જૂન સન ૧૮૯૧."

(સહી). અંબાલાલ સાકરલાલ,

ચીફજસ્ટિસ.

---

* દી. સ્ટાં. ખુ. ર, નંબર ૧ સન ૧૮૯૦—૯૧.

(૧૨). મોઘમ પ્રશ્ન વરિષ્ટકોરટ તરફ ખુલાસા માટે મોકલવાનો નથી. કામના સંબંધે કોઇ દસ્તાવેજ આવે અને તે વિષે શંકા ઉઠે ત્યારે તે દસ્તાવેજના સ્ટાંપ વિષે નિબંધ પ્રમાણે ખુલાસો પુછવાનો છે.

વ. કો. દી. શેરા નંબર ૧૪૫૯ સન ૧૮૯૦—૯૧.*

(મે. કડીપ્રાંતના સુબાસાહેબ તરફ)

સિધ્ધપુર મહાલના વહીવટદારે રિપોર્ટ નંબર. ૯૦ તા. ૨૬-૯-૯૦ માં પ્રશ્ન એવો કાઢેલો કે, કોરટમાં કામ ચાલતાં હાજર રહી કામ કરવા બાબતનો તથા કોઇ પણ ખતેજ લેવાની બાબતની મુખત્યારનામાં કેવી કાગળ ઉપર લેવા ? વહીવટ સંબંધે વહીવટદાર એમણે એમ લખેલું કે હાલ સુધી કચેરીમાં ચાલતા વહીવટ પ્રમાણે એવાં મુખત્યારનામાં કોરટરી કાગળ ઉપર લેવાય છે. પણ હાલનો ચાલુ સ્ટાંપ આકટ્ તથા પાછળનો જુનો સ્ટાંપ આકટ્ જોતાં આવાં મુખત્યારનામાં દસ્તાવેજી કાગળ ઉપર લેવા જેવું લાગે છે, ને હાલના સ્ટાંપનિબંધમાં પણ મુખત્યારનામાં દસ્તાવેજી સ્ટાંપ ઉપર કરેલાં દાખલ છે. માટે ચાલતો વહીવટ બંધ કરી એવાં મુખત્યારનામાં દસ્તાવેજી સ્ટાંપ ઉપર લેવાં, કે શી રીતે એ પ્રશ્ન વિષે ખુલાસો થવા મે. કડીપ્રાંતના સુબાસાહેબ તરફ લખ્યાથી તેઓ સાહેબનું લખાણ નંબર ૨૬૮ તારીખ, ૩૦-૧૧-૯૦ નું આવ્યું તેથી આપેલો ખુલાસો.

"આજમ વહીવટદારને આપ લખી જણાવશો કે, આવા મોઘમ સવાલ ખુલાસા માટે ઉઠાવવા બરાબર નથી. તેઓ આગળ, કામમાં કંઇ તેવો દસ્તાવેજ આવે અને તે સંબંધે શંકા ઉઠે ત્યારે તે લેખની નકલસહ પ્રકરણ ખુલાસા માટે મોકલવું જોઇએ, એટલે, તે સંબંધે કાયદા પ્રમાણે યોગ્ય તે ઠરાવ કરવામાં આવશે. તા. ૧૦—૬—૯૧."

(સહી). અંબાલાલ સાકરલાલ,

ચીફ્જસ્ટિસ.

---

(૧૩). દસ્તાવેજને પુરો સ્ટાંપ ન હોવાથી પ્રાંતના સુબાસાહેબે લાગત તથા દંડની રકમ લેવાનો ઠરાવ કરેલો હતો તે કામમાં ખુલાસો પુછેલો કે, નિબંધમાં લાગત તથા દંડની રકમ વસુલ કરવા વિષે ખુલાસો નથી ત્યારે શી રીતે કરવું એ બાબત કાઢેલા પ્રશ્ન સંબંધે આપેલો ખુલાસો.

વ. કો. દી. શેરા નંબર ૧૫૩૮ સન ૧૮૯૦—૯૧. ×

(મે. નવસારીપ્રાંતના સુબાસાહેબ તરફ).

" સ્ટાંપનિબંધનો અમલ શી રીતે ચલાવવો એ બદલ નિબંધમાં જે જે રીત બતાવી છે તે પ્રમાણે આપે હાલના જેવા પ્રસંગે તજવીજ કરવાની છે. પણ જે બાબત વિષે તેમાં

---

* દી. સ્ટાં. ખુ, ૨. નંબર ૬૦ સન ૧૮૯૦-૯૧.

× દી. સ્ટાં. ખુ. ૨. નંબર ૧૩૬ સન ૧૮૯૦--૯૧

કંઈ પણ રીત આપ લખો છો તે પ્રમાણે બતાવીજ ન હોય તો તે બદલ આ કોરટનો ખુલાસો પુછવાનું કંઇ પ્રયોજન જણાતું નથી, કેમકે આવી સ્પષ્ટ કાયદામાંની ખામીઓ પુરી પાડવાનું કામ આ કોરટનું નથી. સબબ આ પ્રકરણ કયિદા પ્રમાણે યોગ્ય તે તજવીજ થવા સારૂ પરત મોકલવામાં આવે છે. તા. ૨૭-૬-૯૧. * *"

(સહી) અંબાલાલ સાકરલાલ,

ચીફજસ્ટિસ.

—o—

(૧૪). સ્ટાંપની ટિકીટ લગાડવા સારૂ દસ્તાવેજ આવે ત્યારે તેને પડનારી સ્ટાંપની એન કિંમત સ્ટાંપ લગાડનાર કામદારે નક્કી કરવાનીછે. એવી રીતે કિંમત નક્કી નથતાં સ્ટાંપ લગાડી આપ્યા પછી સ્ટાંપ કમી છે એમ પાછળથી જણાય તો ખુટતો સ્ટાંપ પુરો કરાવી લેવા બાબત નવા સ્ટાંપનિબંધ પ્રમાણે ઉપાય જુના સ્ટાંપનિબંધમાં રાખેલો નથી.

વ. કો. દી. શેરા નંબર ૧૪૯૧ સન ૧૮૯૦—૯૧. *

(મે. વડોદરાપ્રાંતના સુબાસાહેબ તરફ)

"જુના સ્ટાંપનિબંધની કલમ ૮ માં 'એમ ફરમાવેલું છે કે, 'સંવત ૧૯૨૫ની અવલ સાલથી બાનાખત શિવાય બીજા હરેક પ્રકારના દસ્તાવેજ સાદા કાગળ ઉપર કરશે તો તે દસ્તાવેજની રકમ બાબત એન કિંમત તથા ટીપટ લાગત લેઇ છાપ ચોહોડીઆપવામાં આવશે.' આ ઉપરથી એજ સાફ થાયછે કે, જે અંમલદાર આગળ સ્ટાંપ ચોટાડવા સારૂ એવા પ્રકારનો સાદા કાગળ ઉપર થયેલો દસ્તાવેજ આવે, તે અમલદારે દસ્તાવેજની એન કિંમત નક્કી કરવાની છે. (૧). આ મુજબ આજમ સ્ટાંપકામદાર તરફ હાલનો લેખ સ્ટાંપ ચોહોડવા સારૂ આવ્યો ત્યારે તેમણેજ તેની એન કિંમત નક્કી કરવાની હતી. હવે જયારે સ્ટાંપકામદારથી ઉપર મુજબ એન કિંમત નક્કી ન થતાં કમી સ્ટાંપ રજુકરનારના માગ્યા પ્રમાણે ચોહોડીઆપ્યા બાદ જાસ્તી સ્ટાંપ જોઇએ એવું જણાયું છે, તો સ્ટાંપ પુરો કરાવી લેવા બદલના જે ઉપાય નવીન સ્ટાંપનિબધમાં લેખ અટકાવવા વિગેરેના રાખેલા છે, તે જુના સ્ટાંપનિબંધમાં રાખેલા ન હોવાને લીધે, તેઓ વિશેષ તજવીજ એ બદલ કરી શકશે એ શક પડતું છે. માત્ર એ લેખું

* દી. સ્ટાં. જુ. ૨. નંબર ૮૨ સન ૧૮૯૦-૯૧.

(૧) આ સંબંધે હુજુર આસિસ્ટંટ કચેરીનો સરકયુલર નંબર ૨૨ તા. ૨૪-૬-૭૯ નો જુઓ. આ સરકયુલર પ્રમાણે સ્ટાંપ જે રકમનો અરજદાર માગે તે રકમનો સ્ટાંપ સ્ટાંપલગાડનાર આધકારીએ લગાડવાનો છે. અમુક રૂપીઆ લીધા શિવાય સ્ટાંપ લગાડનાર નથી એવું તેઓએ કેહેવાનું નથી. પુ. ૭.

કોરટ આગળ આવેથી કોરટ તરફથી એ બદલ તજવીજ થવા માર્ગ છે, બીજો ઉપાય નથી તે આપને જાણવા સારૂ લખ્યું છે તા. ૧૯-૬-૯૧."

(સહી). અંબાલાલ સાકરલાલ,

ચીફજસ્ટિસ.

(૧૫). સાક્ષી પાસેથી દાવાના પક્ષકાર દસ્તાવેજ રૂજુ કરાવે અને તે દસ્તાવેજને પડનારી લાગત તથા દંડ ભરવાનું પક્ષકાર રૂબરૂ કબૂલ કરે તો એવી પક્ષકારની કબુલતથી દસ્તાવેજ પુરાવામાં દાખલ કરવાનો નથી. નિબંધની કલમ ૩૦ પ્રમાણે લાગત તથા દંડ લેઇ પછી તે પુરાવામાં લેવાનો છે.

વ. કો. દી. શેરા નંબર ૧૫૮૭ સન ૧૮૯૦—૯૧ ×

(મે. અમરેલીપ્રાંતના જજ્યસાહેબ તરફ).

"લાગતને પાત્ર એવા કોઇ પણ દસ્તાવેજ ઉપર યોગ્ય રીતે લાગત લગાડી ન હોય, અને એવી સ્થિતિમાં તે દસ્તાવેજ કોઇ પણ સરકારીઅમલદાર આગળ કલમ ૨૯ માં લખ્યા પ્રમાણે આવ્યો હોય તો તેણે તે દસ્તાવેજ કોઇ પણ કારણ માટે પુરાવામાં લેવો નહીં, એમ સ્પષ્ટ રીતે સ્ટાંપ નિબંધની કલમ ૩૦ માં ફરમાન છે, અને કલમ ૩૦ જ્યહાં પુરાવામાં લેવાનો અધિકાર આપ્યો છે, તેમાં પણ લાગત અને દંડ લીધા વગર તેવો લેખ પુરાવામાં લેવાનો અધિકાર આપ્યો નથી. આવી રીતે લાગતને પાત્ર એવો કોઇ પણ દસ્તાવેજ તેની લાગત તથા દંડ લીધા શિવાય પુરાવામાં જ્યારે કાયદાએ સ્પષ્ટ પ્રતિબંધ કર્યો છે ત્યારે તેવા પ્રતિબંધ વિરૂદ્ધનો વહીવટ ગેરકાયદે ઠરે છે એ ઉઘાડ છે. એમ છતાં તેવો વહીવટ કોઇ અધિકારી તરફથી રાખવામાં આવે તો તેનું જોખમ તેમના શીર ઉપર રેહેવાનું છે. તે જાણવા સારૂ લખ્યું છે. તા. ૪-૭-૯૧."

(સહી). અંબાલાલ સાકરલાલ,

ચીફજસ્ટિસ.

(૧૬). જુના સ્ટાંપ નિબંધ પ્રમાણે થયેલો દસ્તાવેજ મહાલના વહીવટદાર તરફે ટિકીટ લગાડી આપવાસારૂ આવે તો તેઓએ તે લગાડી આપવો જોઈએ. એવા દસ્તાવેજના સ્ટાંપની લાગત વિષે સંશય આવે તો તે દસ્તાવેજ અટકાવી સુબા તરફ મોકલીદેવો.

વ. કો. દી. શેરા નંબર ૧૬૬૬ સન ૧૮૯૦—૯૧ ‡

(મે. કડીપ્રાંતના સુબાસાહેબ તરફ.).

"સદરહુ તુમારમાં આજમ વીસનગર વહીવટદારે જેવાંસો ઉઠાવેલો છે તે બીલકુલ બેજા છે. સોબતનું ખાતું સંવત ૧૯૪૧ ના નિબંધ અન્વયે થયેલું છે એમ કહેવાય નહીં. કારણ સ્ટાંપની

× હી. સ્ટાં. ખુ. ૨. નંબર ૧૪૭ સન ૧૮૯૦-૯૧.
‡ હી. સ્ટાં. ખુ. ૨. નંબર ૧૪૪ સન ૧૮૯૦-૯૧.

લાગત મુળ ઉપાડની રકમ ઉપર લખતના સ્વરૂપ પ્રમાણે પડવાની છે, તેમાંના આવા વસુલ ઉપર લાગત નાખવા આધાર નથી. સબબ આ ખાતું સંવત ૧૯૨૫ ના સ્ટાંપનિબંધ અન્વયે થયેલું ગણી અરજદારના માગવા પ્રમાણે કાયદેસર રીતે છાપી આપવા વિષે આપ આજમ વીસનગર વહીવટદારને લખી જણાવશો. આજમ વહીવટદારે આ પ્રકરણના અરજદારને જેવો જવાબ આપ્યો છે તેવો જવાબ તેમણે આપવો જોઈતો નહોતો. જો તેઓની આગળ આવેલા ખાતા વિષે તેઓને સંશય આવ્યો હોત તો કાયદેસર માર્ગ તેમણે એ લેવો જોઈતો હતો કે, તે લખત અટકાવી, મુનાસબ તજવીજ સારૂ આપની તરફ મોકલી દેવાનું હતું, તેમ ન કરતાં ખાતું પાછું આપી જવાબ અરજદારને આપ્યો, એ નવીન સ્ટાંપનિબંધ અન્વયે બરાબર કર્યું નથી, એમ પણ આપ તેઓને સુચવશો. × × તા. ૨૩-૭-૯૧."

(સહી). અંબાલાલ સાકરલાલ,

ચીફજસ્ટિસ.

---

(૧૬). સ્ટાંપની લાગતને પાત્ર છે એવો દસ્તાવેજ સાદા કાગળ ઉપર થયેલો હોય અને તે કામના સંબંધે સરકારી કામદાર તરફ રજુ થાય ત્યારે તેણે રજુકરનારને તે પાછો આપવાનો નથી તથી એ દસ્તાવેજના વિષય બાબત એવોજ યોગ્ય સ્ટાંપ ઉપર નવો દસ્તાવેજ કરેલો છે એવી ખાત્રી કર્યાથી પણ તે પાછો આપવાનો નથી. પરંતુ નિબંધની કલમ ૨૯ પ્રમાણે તે અટકાવી તે વિષે રીતસર તજવીજ કરવાની છે.

વ. કો. દી. શેરો નંબર ૧૬૯૭ સન ૧૮૯૦—૯૧. *

(મે. વડોદરાપ્રાંતના સુબા સાહેબ તરફ)

"આ પ્રકરણ આ કોરટના ખુલાસા માટે જે કલમનો આધાર બતાવી મોકલ્યું છે તે કલમમાં આવો બાબતનો સમાવેશ થાય એ શક પડતું લાગે છે. આવેલા પ્રકરણ ઉપરથી એમ જણાઈ આવે છે કે, અરજદારણ બાઈએ આજમ પાદરા વહીવટદાર પાસે પ્રથમ સાદા કાગળ ઉપરનો દસ્તાવેજ રજુ કરેલો તે છાપી લાવવા તેણીને પરત આપવામાં આવ્યો. તે ઉપરથી તે બાઈએ એ વિષય બાબત એવોજ યોગ્ય સ્ટાંપ ઉપર બીજો દસ્તાવેજ કરાવી લેઈ એ સ્ટાંપ ઉપરનો દસ્તાવેજ તથા પ્રથમ રજુ કરેલો એઉ આજમ વહીવટદાર આગળ ફરી રજુ કર્યા, તે આજમ વહીવટદારે આપની તરફ મોકલ્યા છે. આ આજમ વહીવટદારે કર્યું તે કાયદેસર કર્યું કેહેવાય નહીં. પ્રથમજ જેવો સાદા કાગળ ઉપરનો દસ્તાવેજ રજુ થયો તેવોજ તે તેમણે અટકાવવો જોઈતો હતો. આ સાદા કાગળ ઉપરના લેખ ઉપર સહી સાક્ષી થયેલી છે, અને જો કે ઉપર પ્રમાણે એજ બદલનો બીજો સ્ટાંપ ઉપરનો દસ્તાવેજ થયો, તોપણ તેટલા ઉપરથી એ પ્રથમના દસ્તાવેજને મુસદા તરીકે ગણી શકાય નહીં. તે મુસદો હતો એમ તકરાર પણ નથી, ને એમ કરવાથી લોકોને સરકારી ઉપજ ડુબાવવાનો રસ્તો કરી આપ્યા જેવું થશે. પ્રથમના સાદા કાગળ ઉપરના લેખને હવે સ્ટાંપ ચોહોડાવતાં દંડ આપવો પડે તેમાંથી બચાવવાના હેતુથી નવો સ્ટાંપ ઉપરનો લેખ કરી રજુ થયેલો છે. આ હેતુ પાર પાડવા દેવાય નહીં, કારણ તેમ કરીએ તો પછી લોકો પ્રથમ સાદાકાગળ ઉપર દસ્તાવેજો કરશે, અને જ્યારે તે બદલ દંડ

---

* દી. સ્ટાં ખુ. ૨. નંબર ૧૫૯ સન ૧૮૯૦-૯૧.

ભરવાનો પ્રસંગ આવે ત્યારે પ્રથમનો સાદા કાગળ ઉપરનો લેખ બાજુ ઉપર રાખી નવો લેખ સ્ટાંપ ઉપર કરી આગળ લાવશે, અને આમ થવાથી સ્ટાંપ કાયદાનો હેતુ વખતે નિષ્ફળ જવાનો સંભવ થાય. આ કામમાં અરજદારણે ફરીથી સ્ટાંપ ઉપરનો લેખ માત્ર રજુ કરવાનો તેમ ન કરતાં બેઉ પ્રથમના દસ્તાવેજ સાથે, ફરી કરાવી લીધેલો, એવા રજુ કરેલા છે, અને તેથી કરીનેજ એ સાદા કાગળ ઉપરનો લેખ કાયદેસર રીતે અટકાવી લાગત વસુલ મળવાનો પ્રસંગ મળી શકો. આ સંબંધે આયંદેને માટે આજીમ વહીવટદારને ઘટીત સુચના આપશો, અને આ સાદા-કાગળ ઉપરનો લેખ આ લખાણને આધારે અટકાવી તેની લાગત કાયદેસર રીતે વસુલ કરવા વિષે તજવીજ કરશો પેટામાં અસલ એ લેખ તથા બીજા આવેલા કાગળો સામેલ છે તા. ૨૩--૭--૯૧."

(સહી). અંબાલાલ સાકરલાલ,

ચીફજસ્ટિસ.

---

(૧૮). કોરટ તરફથી સ્થાવરમિલકતનું વેચાણ થયું હોય તેમાં સાર્વજનિકકામ માટે મ્યુનિસિપાલિટીએ તે મિલકત લીલામમાં રાખી હોય તો .. એવા વેચાણખતને સ્ટાંપની માફી નથી.

વ. કો. દી. શેરા નંબર ૧૨૭ સન ૧૮૯૦-૯૧.

(મે. મ્યુનિસિપાલ કમીશનરસાહેબ તરફ).

"કોરટ તરફથી સ્થાવરમિલકતનું વેચાણ થયું હોય તેમાં સરકારી અમલદાર તે મિલકત ખરીદ કરે અગર બીજો ત્રાહીત શખસ તે ખરીદ કરે તો તેને કંઈ સ્ટાંપની માફી નથી. માટે સ્ટાંપ નહીં લેતા સાદા કાગળ ઉપર સરટિફિકેટ આપવા કોરટને અધિકાર નથી, તે મેહેરબાનને જાણ થાય. તા. ૫-૫-૯૦"

(સહી) ખરસેદજી રૂસ્તમજી,

ચીફજસ્ટિસ.

---

(૧૯). પંચના ઠરાવને કેટલો સ્ટાંપ જુના સ્ટાંપનિબંધ પ્રમાણે જોઈએ એ બાબત તે નિયમમાં ખુલાસો નથી, માટે કોરટના વહીવટ પ્રમાણે એવા ઠરાવ સ્ટાંપની લાગતને પાત્ર નથી.

વ. કો. દી. શેરા નંબર ૩૧૯ સન ૧૮૯૦-૯૧.

(મે. અમરેલી પ્રાંતનાજજ્ય સાહેબ તરફ.)

પંચને આપેલા અધિકારપત્ર તથા તે ઉપરથી પંચે કરેલી ઠરાવને કેટલો સ્ટાંપ જોઈએ એ વિષે જુના સ્ટાંપનિબંધમાં ખુલાસો નથી, ને એવા અધિકારપત્ર ઉપરથી અગર ઠરાવ ઉપરથી દાવા થાય તો તે અધિકારપત્રને તથા પંચના ઠરાવને સ્ટાંપ લગાડી લેવા વિષેના દાખલાનો આદલ થતો નથી. ઉલટ એવા પંચે કરેલા ઠરાવ ઉપરથી કેટલાએક દાવા થયાછે તે ઠરાવને

સ્ટાંપ લગાડયા શિવાય દાવા લેવામાં આવેલા છે, એવા દાખલા છે, માટે જુનો સ્ટાંપનિબંધ અમલમાં હતો તે વખતે આપેલા પંચના અધિકારપત્રને તથા તે ઉપરથી પંચે કરેલા ઠરાવને સ્ટાંપ લગાડી લેવાની અવશ્યકતા જણાતી નથી.' એ વિરૂદ્ધ આપના ત્યાંહાં વહીવટ હોય તો દાખલા સાથે લખી મોકલવાની મેહેરબાની થશે. તા. ૩૦-૧૦-૯૮"

(સહી): અંબાલાલ સાકરલાલ,

ચીફ્‌જસ્ટિસ.

સદરહુ લખાણ ગયા પછી તે લગત મે. અમરેલીપ્રાંતના જજ્યસાહેબે સેરો નંબર ૪૯૫ તા. ૧૯-૧૧-૯૦ માં એવી માહિતી આપેલી છે કે, જુનો સ્ટાંપનિબંધ અમલમાં હતો તે દરમ્યાન પંચના ઠરાવને સ્ટાંપ લગાડવાનો વહીવટ હોવાનું તેઓની કોરટમાં જણાતું નથી. એ ઉપરથી ખુલાસો છેવટનો દી. શેરા નંબર ૪૫૯ તા. ૨૪-૧૧-૯૦ નો થયો કેઃ—

(મેહેરબાન અમરેલી પ્રાંતના જજ્ય સાહેબ તરફ)

"આપના ત્યાંહા પંચના અધિકારપત્રને તથા પંચે કરેલા ઠરાવને સ્ટાંપ લગાડવાનો વહીવટ અંગેર દાખલો નથી' માટે આ કોરટના પ્રથમના લખાણ પ્રમાણે સ્ટાંપનો અક્ષેપ નહીં લેતાં દાવાનું કામ આગળ ચલાવવા ઓખામંડળ મુનસફને લખી મોકલશો. તા. ૨૪-૧૧-૯૦"

(સહી) અંબાલાલ સાકરલાલ,

ચીફ્‌જસ્ટિસ.

હુજૂર સ્ટાંપખાતાના ખુલાસા, તથા સરક્યુલરો વિગેરે.

(૧) પાવતી—નોકર લોકોના પગાર, પેનશન, તથા વરષાસનનો અવેજ વિગેરે પોહોંચ્યા બાબતની પાવતીને સ્ટાંપ લાગતની માફી.

મ. સરસુબા કિ. જાવક નંબર ૨૦૭૩ સન ૧૮૮૮-૮૯.

(રાવસાહેબ હુજૂર તિજોરી આફીસરસાહેબ તરફ).

"નોકર પગાર, પેનશન, દેવસ્થાન, જેમણુકદાર, આસામદાર વિગેરેની જે રકમો આપવામાં આવે તે રકમ રૂપીઆ ૨૦ ઉપરાંતની હોય તો તેના ઉપર પાવતીની ટિકીટો ચોઢવાની જરૂરછે કે નહીં, તેનો ખુલાસો થવા આપની યાદી નંબર ૨૩૨૨ તા. ૧૩-૭-૮૯ ની આવેલી છે તે સબંધમાં લખવાનું કે,—

નવા સ્ટાંપ કાયદા પ્રમાણે ખુલાસો વરિષ્ટ કોર્ટના મે. ચીફ્‌જસ્ટિસ સાહેબે તા. ૨૪-૭-૮૯ ના રોજ છપાવ્યો છે તેની નકલ આ સાથે મોકલી છે તેની કલમ ૪ માં કઈ બાબતની પાવ-

તીને સ્ટાંપ લગાડવો જોઇએ તેનો ખુલાસો કર્યો છે તે પ્રમાણે અમલ કરવાની તજવીજ રહેવી જોઇએ. એ ઉપરથી નોકરલોકોના પગાર વિગેરેની પાવતી ઉપર ટિકીટ લગાડવાની જરૂર નથી એમ જણાશે તા. ૨૭-૭-૮૯."

(સહી). પી. જે. (सही). जयसिंगराव आंग्रे,

मु. सरसुभा.

ટીપ—આ સરક્યુલર તરીકે ખુલાસો પ્રથમ નમળવાથી પાછળ આપેલો નહોતો આવે તે અહીં દાખલ કરેલો છે. પુ. ૭૧.

---

(૨). રીસ્ટાંપવેન્ડરને રી બાબાશાઈ નાણામાં આપવા વિષે વિગેરે.

(સ્ટાંપ સંબંધી તા. ૪-૪-૮૯ ના નિયમની કલમ ૨૩ મુજબ વેન્ડરને રીઆપવાની તે બાબાશાઇ નાણામાં આપવી કે કલદાર નાણામાં આપવી એ સંબંધમાં મે. અમરેલી પ્રાંતનો સુભાસાહેબની યાદી નંબર ૪૩ તા. ૭-૧૦-૮૯ ની આજ્ઞા ઉપરથી થયેલો ખુલાસો).

હુ. સ્ટાં. હા. આવક નંબર ૧૧૭૩ સન ૧૮૮૯-૯૦.

(મે. શ. બા. અમરેલીપ્રાંતના સુભાસાહેબ તરફ).

"ચોથા ક્લાસના રીસ્ટાંપવેન્ડરને વેચાણની રકમ ઉપર મેહેનતાણો આપવાનો તે રૂ. ૭-૦-૦ કરતાં વધારે નહીં આપવા વિષે સ્ટાંપ સંબંધી નિયમની કલમ ૨૩ માં ઠરેલું છે. તે ઉપરથી બાબાશાઈ નાણામાં રી ગણી તે પૈકી વટાવ બાદ થઈ ચલણીનાણું આપવાનું છે. માટે તે પ્રમાણે વહીવટ મેહેરબાનીથી રેહેવો જોઇએ. આપના લખવામાં કલમ ૨૮ નમુદ થયું છે, તે પરવાનાવાળા વેન્ડરને તથા લોકોને લાગુ છે. તા. ૧૪ નવેંબર સન ૧૮૮૯."

(सही). रघुनाथ रामचंद्र. (सही). કેરશાસ્પ રૂસ્તમજી,

हु. स्टां. का. અ. મ. સરસુભા.,

---

(૩). નિબંધની કલમ ૨૯ તથા ૭૫ વિષે ખુલાસો—નિબંધની કલમ ૨૯ પ્રમાણે પોલીસ કામદાર સિવાય બીજા સરકારી અમલદાર તરફ કામના સંબંધે આવેલો દસ્તાવેજ યોગ્ય કિંમતના સ્ટાંપ ઉપર ન હોય તો તે અટકાવવાનો છે. એવા પ્રસંગે દસ્તાવેજ રજુકરનારની તે દસ્તાવેજને સ્ટાંપ લગાડી લેવાની ઇચ્છા હોય યા ન હોય તોપણ તે સરકારીઅમલદારે અટકાવવાનો છે. એવા પ્રસંગે તે અમલદારે કલમ ૭૫ પ્રમાણે ઈલાજ લેવા વિષે દસ્તાવેજ પાછો આપવાનો નથી.

(દસ્તાવેજ લખાવી લેનાર બાઇ દીવાળી રેહેવાશી સંખેડા એ વિગેરેના અરજ બાબત પ્રકરણ ચાલી થયેલો ખુલાસો).

હુ. સ્ટાં. દ્દા. આવક નંબર પર૯ સન ૧૮૯૦-૯૧

(મે. રા. બા. સુભાસાહેબ પ્રાંતવડોદરા એમની તરફે).

"पोलीस कामदारा खेरीज इतर कोणत्याहि सरकारी अमलदारासमोर त्याचे कामाचे संबंधानें कोणता-हि दस्तऐवज लागतीस पात्र असणारा येईल, आणि त्या दस्तऐवजावर योग्य किंमतीचा स्टांप मारलेला नाहीं, असें त्या अमलदाराच्या नजरेस येईल, तर, त्यांनीं तो अटकावून ठेवावा; असें कलम २९ यांत फर्माविलें आहे. त्या आधारानें जुने स्टांपनिबंधाप्रमाणें अगर नवे स्टांपनिबंधाप्रमाणें स्टांप लावून देण्यासाठीं अर्जदाराची इच्छा असो किंवा नसो तसा दस्तऐवज दृष्टीस पडतांच तोच अटकावून ठेवणें जरूर आहे. जुने स्टांपनिबंधाप्रमाणें स्टांप लावून देतां येत नाहीं, सबब नवे स्टांपनिबंधांतील कलम ३५ प्रमाणें योग्य इलाज घेण्यास सुभे यांजकडे जा असें सांगून त्या लोकांस परत द्यावें असें विषयीं कोणत्याही कलमांत लिहिलें नाहीं, अर्थात हुजूरस्टांपकामदार यांजकडेस रूजू जाहलेले दस्तऐवज अटकावून निकाल होण्यासाठीं कलम ३१ रकम २ प्रमाणें आपल्याकडे पाठविले ते बाजवी दिसतें. स्टांपसंबंधी नियमांतील कलम १२+ प्रमाणे परहद्दींतील दस्तऐवज या राज्यांत आलेले सहा महिन्यांचे आंत, अगर त्या दस्तऐवजावर सही साक्षी झाल्या नाहींत असे दस्तऐवज स्टांप लावून घेण्यास आले तर ते स्टांपकामदार अटकावूं शकत नाहीं, व त्या प्रकारचे दस्तऐवज आपल्याकडे पाठविले नाहींत. अर्जांचे फार्म सदर कलमांत दाखविलेले नमुन्याप्रमाणें मुळींच नाहींत. जुने स्टांपनिबंधा प्रमाणें रुजू होणाऱ्या दस्तऐवजाबद्दलचे आहेत. तसे अटकाविलेले दस्तऐवजांत परिशिष्ट २ निशाणी (ह) प्रमाणें दस्तऐवज रवाना झाले नाहींत. जो दस्तऐवज लागतास पात्र नाहीं असा आपण शेरा करून परत दिला तो सामादस्कताचे खात्यासारखा नव्हता, खताचे स्वरुपांत होता, यामुळें पाठविला. त्या दस्तऐवजासुद्धां सर्व दस्तऐवजाबद्दल जसें मत असेल तसा निकाल होण्याचा होता. तपासांत स्टांपाची लागत बुडविण्याचे हेतुनें साधे किंवा अपूर्णस्टांपावर दस्तऐवज झाले नसतील, अगर त्या लोकांस नवे स्टांपनिबंधाची वाकबगारी नाहीं, किंवा दुसऱ्या कांहीं योग्य हकीकती घडल्या आहेत, अशा संबंधानें दसपटी इतका दंड पडूं नये असें आपले विचारास येत असेल तर तशा प्रत्येक दस्तऐवजाबद्दल निरनिराळे कामानें अभिप्रायासह इकडे लिहून आल्यास कलम ३४ प्रमाणें निकाल करण्यास मार्ग आहे याजकरितां ह्या सोबतच्या दस्तऐवजाबद्दल आपल्याकडून मुनासब तसा ठराव जाहला पाहिजे. ता. २४-९-९०."

(सही). रघुनाथ रामचंद्र. (सही). जयसिंगराव आंग्रे,

हु. स्टां. का. म. सरसुभे.

+ टीप—कलम १३ पाहिजे. मुळ प्रमाणें येथें छापलें आहे. पु. छा.

(૪). નિબંધની કલમ ૩૧ તથા ૩૩ પ્રમાણે દશપટ દંડ લેવાનો તે રૂ. ૫ કરતાં કમી લેવાનો નથી.

(કારવાણના રહેનાર પંડયા વસંતરામ બાપુનો દસ્તાવેજ સ્ટાંપ કાયદા મુજબ અટકાવેલો તે કામમાં સ્ટાંપની લાગત સાથે દશપટ દંડની રકમ નિબંધની કલમ ૩૧ રકમ ૧ તથા ૩૩ પ્રમાણે લેવાની તે કલમ ૩૦ રકમ ૧ પ્રમાણે રૂપીઆ ૫ કરતાં ઓછી લેવી કે શી રીતે એ પ્રશ્નનો ખુલાસો).

હુ સ્ટાં. હા. આવક નંબર ૫૩૩ સન ૧૮૯૦-૯૧.

(મે. શા. બા. વડોદરા પ્રાંતના સુભાસાહેબ તરફ).

" लागतीस पात्र असलेल्या दस्तऐवजावर योग्य लागत लाविली नसेल, आणि या स्थितींत तो दस्तऐवज कोणत्याहि सरकारीअमलदारासमोर कलम २९ यांत लिहिल्याप्रमाणें आला असेल, तर त्यांणीं तो दस्तऐवज कोणतेहि कारणासाठीं पुराव्यांत वगैरे घेऊंनये, परंतु ज्या लागतीस तो दस्तऐवज पात्र असेल ती लागत किंवा त्या लागतीस उणी असेल तितुकी रकम व लागतीचे किंवा उणी असलेले रकमेचे (दसपट) इतका दंड अशी रकम दस्तऐवज रुजूकरणारानें दिली असतां तो दस्तऐवज पुराव्यांत घेण्यास सरकारीअमलदारास कलम ३० रकम १ पासून अधिकार आहे, मात्र कोणतेहि प्रसंगीं दंडाची रकम रु. ५ पेक्षां कमी असणार नाहीं. ही विशेष ठराव कलम ३१ रकम १ व कलम ३३ ह्या दोन्हीं कलमांस लागू आहे. केवळ कलम ३० साठींच लागू समजावा तर कलम ३४ प्रमाणें कांहीं प्रसंगीं पूर्ण अधिकार वापरतां येणार नाहीं. याजकरितां आमचें नजरेस असें येतें कीं, जे दस्तऐवज कलम २९ व ३० प्रमाणें असतील त्यांजबदल कलम ३१ व ३३ प्रमाणें जो दंड घ्यावयाचा तो रु. ५ पेक्षां कमी घेतां येणार नाहीं. कलम ३० रकम १ यांत सरकारीअमलदार आणि कलम ३१ रकम १ यांत दस्तऐवज अटकावून ठेवणारे अमलदारांस पुरावा घेण्याचा अधिकार असेल ते अमलदार याप्रमाणें निरनिराळे अमलदार निरनिराळे कलमांत दाखल असल्यानें कोणतेही कोर्टास व प्रांताचे सुभे यांस दंडाचा आंत करण्यास अधिकार आहे. ब्रिटिशअक्टांतील कलम ३४ रकम १ व कलम ३५ आणि ३६ पाहिलीं ह्मणजे त्याच धोरणानें येथील स्टांपनिबंधांतील कलम ३१ रकम १ व कलम ३३ साठीं, कलम ३० रकम १ यांत विशेषठरावानें दंडाची यत्ता ठरली असावी असें दिसून येईल. करितां आपल्याकडून मुनासब तसा निकाल व्हावा. मेहरबानास कळावें. ता. २४ सपटेंबर सन १८९०."

(सही) रघुनाथ रामचंद्र. (सही). जयसिंगराव आंग्रे.

हु. स्टां. का. म. सरसुभे.

+ ટિપ-આ ખુલાસો થવાથી મે. સુભાસાહેબે વરિષ્ઠકોર્ટમાં ખુલાસો થવામાટે રેફરન્સ કરેલા હતા, અને તે વિષે પછવાડે પૃષ્ઠ ૩૩૩ ઉપર ફુટનોટમાં તથા પછવાડે પૃષ્ઠ ૪૨૨-૪૨૩ ઉપર ખુલાસો ૭ તે જુઓ. પુ ૭.

(૫). અટકાવેલો દસ્તાવેજ જેના કબજામાંથી આવેલો હોય તેણે લાગત તથા દંડની રકમ ભરવાની છે અને તે તે ભરે ત્યાંહાં સુધી દસ્તાવેજ સુબાના રીકાર્ડમાં પડી રહેવાનો છે.

(ચોરંદાનો રેહેનાર સોની વલવ રણછોડનો દસ્તાવેજ અટકાવેલો હતો તે કામમાં પક્ષકાર લાગત દંડ ન ભરે તો શી રીતે કરવું એ બાબતનો ખુલાસો).

હુ. સ્ટાં. હા. આવક નંબર ૫૩૪ સન ૧૮૯૦-૯૧.

(મેહેરબાન વડોદરા પ્રાંતના સુબાસાહેબ તરફ).

" दस्तऐवजाची लागत कोणी द्यावी हें स्टांपनिबंधांतील २६ वे कलमीं स्पष्ट ठरलें आहे. परंतु ज्याचे कबज्यांतून तो अटकाविला असेल त्याजपासून योग्य लागत व दंड वसूल घेतला पाहिजे. करितां सदरहू दस्तऐवजाबदल आपल्याकडून मुनासब ठराव जाहल्यावर पक्षकार लागतीचे दंडासुद्धां रकम न भरील तोंपर्यंत तो दस्तऐवज आपले रिकार्डांत पडून राहण्याचा आहे.

कोणी जाणून बुजून स्टांपाची लागत बुडविण्याचे हेतुनें साधे कागदावर दस्तऐवज लिहून देईल व तें कृत्य गुन्ह्याचें केलें असें आपलें मत असेल तर त्याजबदलची कामें चालाऊन नामदार दिवाण बाहदूर दिवाणसाहेब यांजकडील नंबर ६३३ तां ३१-८-८९ चे ठरावांतील× कलम १ प्रमाणें हुकूम होण्यास हुजूर ज्युडीशीअल खात्याकडे पाठविण्यास हरकत दिसत नाहीं.

सदरहू प्रमाणें मेहेरबानीनें तजवीज ठेवीत यावें ता. २४-९-९०"

(सही). रघुनाथ रामचंद्र. (सही). जयसिंगराव आंग्रे.

हु. स्टां. का. म. सरसुभे.

(૬). નિબંધની કલમ ૨૭-૩૩-૩૫-૩૭ એ કલમો સંબંધે ખુલાસો.

સુબા સાહેબ પાસે આવેલા દસ્તાવેજ બાબત નિકાલ કર્યા શિવાય તે પાછો આપી શકાય નહીં. સુબા સાહેબે કલમ ૩૩ પ્રમાણે ઠરાવ કરવાનો છે, ફક્ત દસ્તાવેજ અટકાવીને રાખવાનો નથી, તથા અમુક રકમ આપીશું આ વિગેરે પક્ષકારનું કેહેવું સાંભળવાનું કારણ નથી.

(બુળજી રણછોડ રેહેવાશી કસબે સાવળી તે હાલ વડોદરા એણે તા. ૨૯-૫-૯૦ તારીખે દસ્તાવેજ નિબંધની કલમ ૩૫ પ્રમાણે સ્ટાંપની લાગત લગાડી આપવા માટે રજુ કરેલો તે કામમાં થયેલો ખુલાસો).

હુ. સ્ટાં. હા. આવક નંબર ૫૬૫ સન ૧૮૯૦-૯૧.

(મે. રા. બા. વડોદરાપ્રાંતના સુબા સાહેબ તરફ).

"सदरहू संबंधांत आपलेकडे नंबर ३८२४ ता. १०-७-९० चे यादी लिहिल्या खालीं नंबर ६१४ ता. १४-७-९० चा जबाब* आला तें काम सामील ठेवून पाठविलें आहे.

× આ ઠરાવ પછવાડે પૃષ્ઠ ૪૩ ઉપર છે.

* નંબર ૬૧૪ના લખાણમાં નંબર ૫૬ તા. ૨૪-૬-૯૦ ની યાદી મોકલ્યાનું લખ્યું છે તે વિષે હાલનો ખુલાસો છે

योग्य लागत न लागलेला दस्तऐवज कलम ३५ प्रमाणें लागत लावून घेण्यास अर्जदाराकडून एक वर्षाचे मुदतींत आपल्याकडे आला आहे. लागतीची रकम अमुक घ्या असें जरी अर्जदारानें स्पष्ट अर्जांत लिहिलें नाहीं तथापि किती लागत लाविली पाहिजे हा खुलासा त्याजला विचारला असतां तो सांगूं शकता, आणि तसें सांगितल्यावर ती लागत योग्य आहे व चुकानें किंवा मोठया निष्कर्षाचे कारणानें लागली नाहीं अशी आपली खात्री जाहल्यास फक्त लागत घेऊन त्या दस्तऐवजावर शेरा करण्याचा अधिकार होता. लागत न लावल्याबद्दल जीं कारणें अर्जदारानें कळविलीं तीं खात्रीलायक नसल्यावर त्याच वेळेस तो दस्तऐवज कलम २९ व कलम ३३ रकम १ प्रमाणें अटकावांत आहे असें समजून, त्याजबद्दल रकम ३ प्रमाणें ठराव करण्याचा असतां, इतर अमलदाराप्रमाणें ती दस्तऐवज अटकावांत ठेऊन अर्जदारास जबाब देण्यांत आला, आणि कांहीं दिवसानंतर लागतीची रकम स्पष्ट कळविली नाहीं, व फौजदारी केस करण्याची हल्लीं महकुबी आहे, अर्जदार त्या दस्तऐवजावरून योग्य कोर्टांत दाद घेईल तेव्हां कलम ३० प्रमाणें लागत व दंड वसूल येईल, सबब अर्जदारास दस्तऐवज परत द्यावा किंवा कसें हा खुलासा विचारण्यांत आला. त्यास स्टांपनिबंधांतील भाग ३ व ४ वरून, आपले समोर आलेले दस्तऐवजाबद्दल निकाल केल्यावांचून तो, ज्याचा त्यास परत देतां येणार नाहीं. आपण ठराव कराल त्याप्रमाणें पक्षकार लागतीची व दंडाची रकम भरणार नाहीं तर तो तसाच पडून राहील. कितीएक दस्तऐवज कोर्टांत जाण्याचा संभवही नसतो, आणि पक्षकाराची इच्छा त्याजवर योग्य लागत लागली नाहीं ती लावून घेण्याची नसते. तसे प्रसंगीं कांहींएक न करितां तो परत द्यावा असें कांहीं होणार नाहीं. याजकरितां या कामांत हाजर जाहलेल्या दस्तऐवजाबद्दल कलम ३३ प्रमाणें आपण ठराव करून अर्जदारास समजुत देण्याची मेहेरबानी व्हावी. ता. २४-९-९०.''

(सही). रघुनाथ रामचंद्र.
हु. स्टां. का.

(सही). जयसिंगराव आंग्रे,
म. सरसुभे.

(સદરહુ ખુલાસો થયા પછી ફેરી લખાણુ મે. સુભાસાહેબતરફથી આવ્યાથી, થયેલો ખુલાસો).

હુ. સ્ટાં. આવક નંબર ૬૬૯૩ સન ૧૮૯૦-૯૧.

(મે. વડોદરા પ્રાંતના સુભાસાહેબ તરફ).

''મુળજી રણુછોડ એમણે તા. ૨૫ મે સન ૧૮૯૦ (ના) અરજીમાં અમુક લાગત લગાવી આપવી એવું સ્પષ્ટ રીતે માગણું કરેલું નથી એટલા કારણુથી કલમ ૩૫ પ્રમાણે દસ્તાવેજ રજુ થયો નથી, તેમ યોગ્ય સ્ટાંપ કિયો આ ઠરાવી લેવાને કલમ ૨૭ પ્રમાણે મુદત બહાર અરજ કર્યા બાદ બંને કારણો ઉપરથી તેમને સુભા તરફથી દાદ મળવાને મર્જી નથી એવો જો આપણા લખાણુનો હેતુ હશે તો દસ્તાવેજ રજુ થતાંજ તેને ખુલાસા સાથે જવાબ આપવાનો હતો, પછી દસ્તાવેજ અટકાવવાનું કંઇ કારણુ નહોતું પણુ તે પ્રમાણે થયું નથી. કલમ ૨૭ પ્રમાણે જે જે કરવાનું પક્ષકારનું કામ હતું તે કર્યું નહીં માટે તે પણુ દસ્તાવેજ કલમ ૨૯ પ્રમાણે કામના સંબંધમાં સુભાની નજરમાં આવ્યાથી તે અટકાવી રાખી

શકે, તેમ કલમ ૩૫ પ્રમાણે યોગ્ય લાગત લગાવી ન લેતાં અધુરી લાગત લગાવી લેવાની અરજદાર માગણી કરે તો તે યોગ્ય લાગત નથી, તેથી કલમ ૨૯ પ્રમાણે અટકાવી કલમ ૩૩ પ્રમાણે તુર્ત કામ શરૂ કરી નીકાલ કરી શકાય છે. આ કામમાં મુળજી રણછોડ એમને ગેરસમજુતથી યોગ્ય લાગત કેટલી આ કીધું નથી, તોપણ આપણા હુકમ-ઉપર અવલંબી તેમનું માગણું હતું, કેવળ કલમ ૨૭ પ્રમાણેજ ઠરાવ કરી આપવો એવું તેમનું કેહેવું નહોતું એમ જણાય છે. સ્ટાંપનિબંધ પ્રમાણે કેટલો સ્ટાંપ જોઇએ આ તેની સમજુત થયેલી ન હોય, વ એક વર્ષની મુદતમાં તેની યોગ્ય લાગત લગાડી લેવાની માગણી થયેલી હતી, સબબ કલમ ૩૫ પ્રમાણે નિકાલ કરવા આ તરફથી લખાઇ ગએલ બદલ અરજદારને સમજ આપવાની, તે અર્થે યોગ્ય લાગતનો આંકડો કેહેવામાં આવ્યો હોત તો, કાંઈ ગેરકાયદા થાતજ નહીં. વળી અરજદારે પોતાના મતથી અમુક યોગ્ય લાગત લગાડી આપવી એમ આપના રૂબરૂ તેના થયેલા જવાબ તા. ૨૯–૯–૯૦ ના ઉપરૂથી દેખાય છે, અને તે યોગ્ય લાગત હોય ને લાગત નલગાડવાનાં કારણો સુભા એમને જાહેર કરતાં વ્યાજબી જણાય તો કલમ ૨૯–૩૩ પ્રમાણે કામ ન ચલાવતાં ફક્ત એન કિંમત લેઈ દસ્તાવેજ ઉપર શેરો કરી આપવાનો છે. યોગ્ય લાગત છે કે નહીં એ સુભા એમણે જોવાને ફરજ નથી એવું જે આપે માર્જનમાં લખ્યું છે તેનો હેતુ સમજી શકાતો નથી. જો ફક્ત યોગ્ય લાગત લઈ કામનો નિકાલ થતો હોય તો આજે અરજદાર બીનમાહીતીના લાંધે લાગત કહી શકતો નહીંહોય, અગર ઓછી કહેતો હોય, તો યોગ્ય લાગત નથી (એવી) ખાત્રી સુભાએ કરવી જોઇએ. કારણ એક વખત લાગત લેઇ સુભા એમણે શેરો કરી આપ્યો, એટલે દસ્તાવેજ યોગ્ય સ્ટાંપ ઉપર થયો છે એમ જાનવામાં આવે. યોગ્ય લાગત કેમ લગાડી નથી આ બાબતનું કારણ ખાત્રી લાયક આપને ન લાગે તો કલમ ૩૫ મુજબ નહીં કરતાં કમલ ૩૩ મુજબ દંડ સુદ્ધ અમુક રકમ ભરવી જોઇએ, એવો ઠરાવ કરવો સુભાના અખત્યારનું કામ છે. અમુક રકમ આપીશ આ વિગેરે પક્ષકારનું કેહેવું સાંભળવાનું કંઇ કારણ નથી. યોગ્ય તેજ ઠરાવ કરી પક્ષકારને સમજુત આપવી જોઇએ. થયેલા ઠરાવ પ્રમાણે રકમ ભરી કલમ ૩૭ પ્રમાણે ન લેશે તોજ તેવો શેરો કરી લેતાં સુધી દસ્તાવેજ સુભાના રીકાર્ડમાં પડી રહેશે. તા. ૨૨ જુલાઈ સન ૧૮૯૧."

(સહી). રંગનાથ શંભુનાથ — (सही). जयसिंगराव आंग्रे,

હૂ. સ્ટાં. કા. — म. सरसुभे.

---

(૭). નિબંધની કલમ ૩૩ વિષે ખુલાસો—નિબંધની કલમ ૩૩ પ્રમાણે લાગત તથા દંડની રકમ ભરવા વિષે સુભાએ હુકમ કરવો અને તે ભરે ત્યાંહાં સુધી દસ્તાવેજ દફતરે રાખવો, માત્ર નિકાલની ખબર અટકાવી રાખનારકામદારને આપવી. અટકાવમાં રાખેલા દસ્તાવેજના બદલામાં બીજો દસ્તાવેજ યોગ્ય સ્ટાંપઉપર કરેલોછે, અગર તે રદ થયોછે એવી સબબ કોઈ પ્રસંગે સાંભળવાની નથી.

(હીરા બેચર તથા દેવજી બેચર રેહેવાશી નારણપુર તાલુકે ડભોઈ એઓએ લલુ ભાઇચંદ રેહે-વાશી ડભોઇના એને રૂ. ૧૦૫-૫-૦નો વ્યાજુકો દસ્તાવેજ રૂ. ૦-૧૦-૦ ના સ્ટાંપ ઉપર કરી આપેલો હતો તે અધુરી સ્ટાંપકાગળ ઉપર હોવાથી તે સંબંધે થયેલો ખુલાસો).

હુ. સ્ટાં. શા. આવક નંબર ૫૪૮ સન ૧૮૯૦-૯૧.

(મે. રા. બા. વડોદરા પ્રાંતના સુભાસાહેબ તરફ).

" अटकाविलेले दस्तऐवजाबद्दल कलम ३३ प्रमाणें मुनासब तसा ठराव करून लागत व दंडा-ची रकम भरण्याविषयीं पक्षकारास हुकूम करावा. सदरहू रकम भरे तोंपर्यंत दस्तऐवज दप्तरी ठेऊन अटकाविणारे अमलदारास निकालाची खबर देण्यांत यावी. अटकाविलेल्या दस्ताऐवजाच्या बदल्यांत दुसरा दस्तऐवज करतील अगर आमचा दस्तऐवज रद्द झाहला आहे अशी सबब कळवितील तर ते ध्यानांत घेण्यासारखें नाहीं. जो दस्तऐवज अटकाविला जाईल त्याचा निकाल झाहला पाहिजे. जाणून बुजून जे लोक स्टांपाची लागत बुडविण्याचे हेतुनें कृत्य करतील तर त्यांजविषयीं व दंडाचे खुलासा विषयीं आजरोजीं दुसरे कामीं आपसाहेबाकडे लिहून जात आहे × त्याप्रमाणें तजवीज करण्यास हरकत नाहीं. आलेले पोष्टकागद रवाना ता. २४-९-९०."

(सही). रघुनाथ रामचंद्र. (सही). जयसिंगराव आंग्रे,

हु. स्टां. का. म. सरसुभे.

× ટીપ—આ ખુલાસો નંબર ૫૩૪ સન ૧૮૮૯-૯૦ નો પૃષ્ઠ ૪૩૬ ઉપરછે તે જુવો. પૃ. ૭૧.

---

(૯૮). સ્ટાંપ નિબંધની કલમ ૪૬ રકમ ૩ માટે મુદત કેવી રીતે ગણવી તે વિષે ખુલાસો.

(અરજદાર ચમાર ભાવસુંગ રેહેવાશી છત્રાલ પ્રગણે કલોલ એણે રૂ. ૧ નો દસ્તાવેજી સ્ટાંપ નંબર ૫૦૮૩૦ નો નિરઉપયોગી થવાથી રીતસર પૈસા મળવા બાબત તે અરજ સાથે રૂજુ કરેલો તે કામમાં થયેલો ખુલાસો).

હુ. સ્ટાં. શા. આવક નંબર ૫૭૬ સન ૧૮૯૦—૯૧.

(મે. રા. બા. કડીપ્રાંતના સુભાસાહેબ તરફ).

" स्टांपनिबंधांतील कलम ४६ रकम ३ वरून दस्तऐवज पुरा होण्यास जी हरकत उपस्थित झाहली असेल त्या हरकतीपासून ६ महिन्याचे आंतची मुदत गणली पाहिजे. सबब आलेला कागद पाहतां माघ शुद्ध २, ता. २२-१-९०, रोजीं (स्टांप) विघडला आहे. आणि तो ता. ९-७-९० रोजीं किंवा त्या सुमारास मोबदला मिळण्यास परत आला असल्यास मुदतींत आला असें होतें आहे. संवत् १९२५ चे सालचे स्टांपनिबंधाप्रमाणें जे स्टांप खरीद झाहले असतील त्याजला अधिकार पत्रकांतील मुदत लागू आहे, चालू स्टांपनिबंधांतील तमाम अधिकार त्या शिवायचे आहेत, सबब अर्जदाराकडून हजर केलेला कागद ता. १२-१-९० पासून ६ महिन्यांचे आंत परत आला असल्यास अर्जदारास योग्य मोबदला देण्याची मेहेरबानी व्हावी. ता. २४-९-९०."

(सही). रघुनाथ रामचंद्र. (सही). जयसिंगराव आंग्रे,

हु. स्टां. का. म. सरसुभे.

(૯). અટકાવેલા દસ્તાવેજ સુભાસાહેબ પાસે આવે ત્યારે કરવાની તજવીજ વિષે.

હુ. સ્ટાં. હા. આવક નંબર ૨૯૧૪ સન ૧૮૯૦.

(મે. વડોદરા પ્રાંતના સુભાસાહેબ તરફ).

પક્ષકારને થયેલો દસ્તાવેજ કબૂલ હોય કિંવા ન હોય તે બાબત ખુલાસો પુછવાનું ઈયા સાંભળવાનું કંઇ કારણ નથી, તે વિષે એક કામમાં આપના તરફ લખાઈ ગયું છેજ. દસ્તાવેજ અટકાવી રાખનાર અમલદાર તરફથી દસ્તાવેજ આવ્યો કે, તે લાગતને પાત્ર છે કે નહીં તે બાબત યોગ્ય તે ઠરાવ થવો જોઇએ. આવો નિકાલ થતાંજ દસ્તાવેજ અટકાવનાર અમલદારને ખબર આપવી. કદાચ આપે કરેલો ઠરાવ કબૂલ ન હોય તો તે બાબત રીતસર અપીલ કરશે અગર કબૂલ થઇ લાગત વ દંડ રજુ કરેથી દસ્તાવેજ ઉપર આપના તરફથી શેરો લખાનો લેસે. સ્ટાંપ નિબંધમાં અમુક ખુલાસો નથી વિગેરે વારંવાર લખાઇ આવે છે, તેથી અટકાવેલા દસ્તાવેજનો વેળાસર નિકાલ થતો નથી તે થવો જોઇએ. સ્ટાંપનિબંધમાં સ્પષ્ટ લખ્યું હોય તેટલાજ વિષય પુરતો આ તરફ અગર વરિષ્ટકોરટ તરફ ખુલાસો પુછવાનું કરવું.

આપે ઠરાવ કર્યા પછી પક્ષકાર તે પ્રમાણે કબૂલ ન કરે અને સ્ટાંપની ડયુટીનું નુકસાન લાગવાના હેતુથી જાણીબુજીને હરકત કરતાં હશે તો આપે જે દાખલો આપ્યો છે તે મુજબ કરવાને કંઇ હરકત જણાતી નથી. તા. ૨૯-૧-૯૧."

(सही). रघुनाथ रामचंद्र.
हु. स्टां. का.

(सही). जयसिंगराव आंग्रे,
म. सरसुभे.

+ ટીપ—ઉપર પૃષ્ઠ ૪૩૦ તથા ૪૩૮ ના ઉપરના ખુલાસા જુઓ. પુ. છા.

---

(૧૦). કબુલતો—ઘાસ, ફલ, ખાતર, અથવા જમીન લીધા બાબત સરકારને દસ્તાવો રાખનારે આપેલી કબુલાતને સ્ટાંપ લાગતની માફી.

હુ. સ્ટાં. આફીસ આવક નંબર ૪૦૯૭ સન ૧૮૯૦-૯૧.

(મે. વડોદરાપ્રાંતના સુભાસાહેબ તરફ)

"જે જે બાબત ઇજારા આપવામાં આવે તેનો વહીવટ શી રીતે કરવો તે બાબત ઇજારદારને પટે આપવો જોઇએ. તે પટાનો ઉલટ દસ્તાવેજ કબુલાત છે તેથી તેને સ્ટાંપની જરૂર નથી તા. ૯-૪-૯૧."

(सही). जयसिंगराव आंग्रे,
म. सरसुभे.

---

(૧૧). સ્ટાંપનિબંધ સંબંધે નિયમની કલમ ૭ વિષે ખુલાસો.

(થુવાવીના રહેનાર બારોટ લક્ષ્મીદાસ હરીભાઇએ સ્થાવરનું વેચાણખત રૂ. ૧ ના સ્ટાંપ ઉપર કરવાનું હતું તેથી ડભોઇના સ્ટાંપવેન્ડર તરફ રૂ.૧નો સ્ટાંપ ન હોવાથી આઠ આઠ આનાના બે સ્ટાંપ જોડી સદરહુ વેન્ડરે તેને સ્ટાંપ આપ્યો હતો. એ તેમનું કરવું નિયમ વિરૂદ્ધ છે અને તે વેન્ડરે સમજફેરથી આપ્યાનું બોલે છે તો એવા પ્રસંગે કેમ કરવું એ પ્રશ્ન બાબત ખુલાસો).

હુ. સ્ટાં. હા. આવક નંબર ૬૧૨૫ સન ૧૮૯૦-૯૧.

(મેં. રા. બા. સુભાસાહેબ પ્રાંતવડોદરા એમનો તરફ).

" આપે જે વરિષ્ટકોરટના ઠરાવનો આધાર બતાવ્યોછે તે ઉપરથી નિયમની કલમ ૭ રદ થઇ છે એમ સમજવાનું નથી. માત્ર બનેલો દસ્તાવેજ કાયદેશીર છે કે કેમ તેટલાજ પુરતો એ ઠરાવનો ઉપયોગ છે. કલમ ૭ ના સંબંધમાં કરેલી ટીકા, નિબંધની કલમ ૪૮ ની પેટા કલમ ૧ પણ જોવામાં આવી થયેલી હોય એમ જણાતું નથી. નિયમનું ઉલંઘન કરવા બાબત શું શાસન કરવું તે બાબત નિયમમાં ખુલાસો ન હોય તોપણ ખરાની રૂઇએ સ્ટાંપવેન્ડરની કસુર વિષે આપને વિચાર કરવા હરકત નથી. તા. ૨૨-૭-૯૧."

(સહી). जयसिंगराव आंग्रे,
म. सरसुभे,

ટીપ—આ ખુલાસામાં જે ઠરાવ વિષે લખ્યું છે તે પછવાડે પૃષ્ઠ ૧૩૯ ઉપર વરિષ્ટકોરટ હી. સ્ટાં. ખુ. ર. નંબર ૨૩ સન ૧૮૮૯-૯૦ નો ઠરાવ છે તે વિષે છે. વરિષ્ટકોરટના ઠરાવ પ્રમાણેજ હાલમાં બ્રિટીશ ઈન્ડીયામાં સરકારથી રૂલમાં ફેરફાર થયો છે અને એ ફેરફાર 'ગ્યાઝેટ આફ ઇંડીયા' નોટીફીકેશન નંબર ૨૧૭૦ તા. ૨૨—૫—૯૧નું પ્રસિદ્ધ થયું છે તેમાં છે. તે જુઓ પૃ. છા.

---

(૧૨). સ્ટાંપની શિલક તપાસણી બાબત પત્રકની સ્થળ પ્રત રાખવાની નથી એ વિષે.

હુ. સ્ટાંપ. હા. જાવક નંબર ૨૭૪૭

વટહુકમ.×

"માસ આખેર સ્ટાંપની શિલક તપાસવાના સારૂ નંબર ૧૨ પ્રમાણે પત્રક, તપાસણીકામદારને ડીપોનો અમલદાર તૈયાર કરી આપે છે. શિવાય તે પત્રકની એક સ્થળપ્રત પણ રાખે છે. નમુના નંબર ૨૯ ના રોજમેળમાં દરવાર સ્ટાંપની શિલક કાઢવામાં આવે છે, તેથી સદરહુ પત્રકની સ્થળપ્રત રાખવાની વિશેષ જરૂર દેખાતી નથી, સબબ આયંદથી તપાસણી અમલદારને આપેલી પત્રકની નકલ રાખવી ન જોઇએ' તા. ૧૭-૫-૯૧. મુકામ કરનાળી."

(सही). रघुनाथ रामचंद्र.
हु. स्टां. का.

(सही). जयसिंगराव आंग्रे,
म. सरसुभे.

× આ વટહુકમ આજ્ઞાપત્રિકા, ભાગ ૧ માં તા. ૨૯-૫-૯૧ રોજ પૃષ્ઠ ૨૯૧ ઉપર પ્રસિદ્ધ થયો છે.

(૧૩). ડિપોમાં ત્રણ મહીનાના ખપત જેટલા સ્ટાંપ કાગળની શિલક અવશ્ય રાખવા વિષે.

હુ. સ્ટાં. હા. જાવક નંબર ૩૧૫૯.

વટહુકમ.×

દરેક ડિપોના અમલદાર માટે.

"કોર્ટફીસ્ટાંપ શિલકમાં નથી તેવા પ્રસંગે સ્ટાંપની રોકડ કિંમત લેઇ સ્ટાંપ ખાતે જમાં કરી સાદા કાગળ ઉપર સ્ટાંપની કિંમત વસૂલ આવ્યા બદલ દાખલો લખાય છે. એવો વહીવટ બીન આધારથી મહાલમાં ચાલે છે, એવું જાહેર થવાથી ઠરાવમાં આવે છે કે, હાવે પછી આવીરીતે રોકડ કિંમત લઇ સાદા કાગળ ઉપર શેરો નહીં કરવો જોઈએ. વખતસર લોકોને સ્ટાંપ મળવા સારૂ ઠરેલા નિયમ પ્રમાણે ત્રણ મહીનાના ખપત જેટલા સ્ટાંપ કાગળની શિલક ડિપોમાં અવશ્ય રેહેવી જોઈએ. તા. ૩૦-૬-૯૧."

(सही). रघुनाथ रामचंद्र. (सही). जयसिंगराव आंग्रे,
हु. स्टां. का. म. सरसुभे.

---

(૧૪). ડાપોના અમલદારે સ્ટાંપના શિલકમાના કાગળો સુરક્ષીત રેહેવા માટે ઘણી કાળજી લેવા વિષે.

હુ સ્ટાંપ. જા. નંબર ૩૧૮૭

વટહુકમ.*

"એક ડીપોમાંથી મોટો સ્ટાંપ કાગળનો જથો ઉધાઇથી ખરાબ થયાનું લખાઇ આવ્યું છે. સ્ટાંપ કાગળો એ કિંમતી વસ્તુ છતાં તે સુરક્ષીત રેહેવા માટે ઘણી કાળજીથી ઈલાજ લેવો એ જે કામદારના તાબામાં સ્ટાંપ કાગળ વ ટીકિટોની શિલક રહેતી હોય તેનું કર્તવ્ય છે, અને તે બરાબર રીતે બજાવવામાં ન આવે તો તેની કસુર ગણાશે.

પેટી નબળી હતી વિગેરે નિરજીવ કારણો ઉધાઈ લાગ્યાના બચાવમાં આપવામાં આવે છે એ બરોબર નથી. એવા કાગળો મુકવા માટે ટીનના પત્રાની છિદ્ર વિનાની પેટીની યોજના કરવામાં આવે તો તે કીડીને ઉધાઈ અંદર પેસવાનો સંભવ નથી. સબબ સ્ટાંપ કાગળ સુરક્ષીત રેહેવા માટે જે બીજી તજવીજો થતી હોય તે સાથે સદર મુજબ ટીનની પેટીનો ઉપયોગ થવો જરૂર છે.

સ્ટાંપની શિલકની પેટી ઘણુંકરીને ઉંચી જગોએ મુકવામાં આવી તે ઉપર વખતે વખતે નજર રેહેવી જોઈએ કે જેથી આવો બનાવ બનવાનો થોડો સંભવ છે.

× આ વટહુકમ આજ્ઞાપત્રિકા, ભાગ ૧ માં તા. ૨-૭-૯૧ ના રોજ પૃષ્ટ ૪૯૮—૪૯૯ ઉપર પ્રસિદ્ધ થયો છે.

*આ વટહુકમ આજ્ઞાપત્રિકા ભાગ ૧ માં તા. ૯-૭-૯૧ ના રોજ પૃષ્ઠ ૫૪૬ ઉપર પ્રસિદ્ધ થયો છે.

ઉપર મુજબ ડીપોના અમલદારે તજવીજ રાખવી જોઈએ. તા. ૩-૭-૯૧."

(सही). रघुनाथ रामचंद्र. (सही). जयसिंगराव आंग्रे,
हु. स्टां. का. म. सरसुभे.

---

(૧૫). સ્ટાંપ કાગળના મોબદલાના પૈસા વરાતથી મોકલવાનું બંધ કર્યા વિષે ઠરાવ.

હુજુર સ્ટાંપ જા. નંબર ૩૨૯૩.

વટહુકમ. *

"બગડેલા તથા નિરૂપયોગી અને જરૂર ન હોય એવા સ્ટાંપ, ખરીદકરનાર સ્ટાંપનિબંધ અન્વયે, પાછો રજુ કરે તો તેનો યોગ્ય અધિકારિ તરફથી મોબદલો આપવાનો હુકમ થાય છે અને તે મોબદલા પૈકી જ્યારે રોકડ નાણુ આપવાનો પ્રસંગ આવે ને અરજદાર બીજા મહાલનો રેહેવાશી છે એવું જાણવામાં આવે ત્યારે તે પૈસા વરાતથી ટ્રેઝરી અમલદાર આપે છે એવુ જાહેર થવાથી મે. રા. બા. હુજુરઆડીટર સાહેબ તરફ લખતી તેઓ સાહેબનો શેરો નંબર ૫૯૫ તા ૨ ફેબ્રુવારી સન ૧૮૮૯ ના રોજ આવેલમાં આવા પૈસા ખાનગી છે, સરકારી નથી, એવુ લખાઇ આવેથી ઠરાવવામાં આવેછે કે, હવે પછી વરાતથી રોકડ નાણું આપવાનો ચાલેલો વહીવટ બંધ કરવો જોઈએ. તા. ૧૩ જુલાઈ સન ૧૮૯૧."

(सही). रघुनाथ रामचंद्र, (सही). जयसिंगराव आंग्रे,
हु. स्टां. का. म. सरसुभे.

---

(૧૬). સ્ટાંપ કાગળનો મોબદલો ઠરેલા નિયમ વિરૂધ્ધ ન કરવા બાબત.

હુજુર સ્ટાંપ હા. જુ. નંબર ૩૨૬૪.

વટહુકમ. ×

"પ્રાંતમાંથી સ્ટાંપકાગળના મોબદલા આપ્યાના કામો આવ્યા ઉપરથી દસ્તાવેજી કાગળને બદલે કોરટફીના અને કોરટફીના કાગળને બદલે દસ્તાવેજી કાગળ આપ્યાનું જણાઈ આવ્યું. આ પ્રમાણે મોબદલો આપવો એ કિંમતની બાબતમાં સરખાપણાને લીધે સરકારને નફો

---

* આ વટહુકમ આજ્ઞાપત્રિકા, ભાગ ૧ માં તા. ૧૬-૭-૯૧ ના રોજ પૃષ્ઠ ૫૯૭ ઉપર પ્રસિધ્ધ થયો છે.

× આજ્ઞાપત્રિકા, ભાગ ૧ માં તા. ૧૬-૭-૯૧ ના રોજ પૃષ્ઠ ૫૯૭ ઉપર આ વટહુકમ પ્રસિધ્ધ થયોછે.

નુકસાન જેવું ન હોય, તો પણ નિયમ વિરૂદ્ધ છે. માટે આયંદે એવા નિયમ વિરૂદ્ધ પ્રકાર જેમને નિયમથી અગર સરક્યુલરોથી મોબદલો આપવાનો અધિકાર છે તેમના તરફથી ન બનવો જોઈએ તા. ૧૩-૭-૯૧."

(सही). रघुनाथ रामचंद्र, (सही). जयसिंगराव आंग्रे.
हु. स्टां. का. म. सरसुभा.

---

(૧૭). સ્ટાંપની ટીકીટો કેવી રીતે રાખવી તે વિષે.

હુજુર સ્ટાંપ હા. જાવક નં. ૩૮૨૨.

વટહુકમ. *

"ગુલાબી તથા બીજા વર્ગની (?) (રંગની) વિગેરે ટિકીટોની પીઠે ગુંદર હોવાથી તે એકબીજાને ચોંટી જઈ ઉખેડતાં બગડી જઈ ખરાબ થાય છે, એવું કેટલાક તાલુકાઓ તરફથી એવી ચોંટેલી ટિકીટો આવવાથી જણાઇ આવ્યું છે. આ ટિકીટો ઘણું કરીને દફતરમાં સજડ બાંધવાથી અગર દાબી મુકવામાં આવ્યાથી અથવા હવાના ભીનાપણાને લીધે એક બીજાસાથે ચોંટી જાય છે તે જૂદી પાડવા માટે તેને પાણીમાં નાખી પલાળવામાં આવે તો સેહેજ ઉખડી શકે છે; માત્ર એ રીતે ઉખેડેલી ટિકીટો બ્લાટીંગપેપરમાં દાબી કોરી કરવી જોઇએ, એટલે, તે બગડયા વગર અગર રંગમાં કાંઇ પણ ખામી આવ્યા વગર જેવી ને તેવી રેહે છે, એવું અનુભવ ઉપરથી જણાઇ આવ્યું છે: માટે તે પ્રમાણે ચોંટેલી ટિકીટોના સંબંધે જેની પાસે એવી શિલક રેહેતી હોય તેણે ઇલાજ લેવો જોઈએ. ટિકીટો ઘણુ કરીને એક બીજાને ચોંટે નહીં એવો ઇલાજ લેવો વધારે જરૂરનો છે, તે સંબંધી નીચે મુજબ સુચના કરવામાં આવે છે:—

ગુંદર વાળી ટિકીટો દબાણમાં ન આવે એવીરીતે ખુલ્લી ટીનના ભુંગળામાં ગોળ વાળી ઘાલવામાં આવી અંદર હવાનો પ્રવેશ ન થાય એવી રીતનું બરાબર બેસતું ઢાંકણું બેસાડવામાં આવે તો ઘણું કરીને ચોંટશે નહીં અગર ટિકીટની નીચે ઉપર દરેક પાને બ્લાટીંગપેપર મુકવામાં આવે તો ચોંટવાનો સંભવ ઓછો રેહે છે; કદાચ બ્લાટીંગપેપરના બદલામાં પાતળું કોરૂં કપડું અગર બની શકે તો રૂવાટાં વાળો, કોરા કપડાનો કડકો નીચે ઉપર મુકવામાં આવે તો તેથી પણ ટિકીટના પાના એક બીજાને ચોંટી શકશે નહીં. તા. જુલાઇ સને ૧૮૯૧"

(सही). रघुनाथ रामचंद्र. (सही) जयसिंगराव आंग्रे,
हु. स्टां. का. म. सरसुभे.

---

* આજ્ઞાપત્રિકા, ભાગ ૧ માં તા. ૨૨-૭-૯૧ ના રોજ પૃષ્ઠ ૬૨૪ ઉપર આ વટહુકમ પ્રસિદ્ધ થયો છે.

વરિષ્ટકોરટ નોંધણીખાતાના સરક્યુલરો.

---

(૧). સ્ટાંપનિબંધ અગર નિયમ પ્રમાણે ખુલાસા માટે લખાણ મોકલ્યા વિષે દસ્તાવેજ રજુ કરનારને ખબર આપવી એ વિગેરે વિષે.

સરક્યુલર નંબર ૬ સન ૧૮૯૦—૯૧ *

"નવીન સ્ટાંપ નિબંધી સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમ પ્રમાણે સ્ટાંપ બાબત ખુલાસા મળવાની લખાણી વરિષ્ટકોર્ટ તરફ કરવાના તે બદલ પક્ષકાર લોકોને ખબર આપવા બદલ વરિષ્ટકોર્ટથી દીવાનીસરક્યુલર નંબર ૩ સન ૧૮૯૦—૯૧ નો થયો છે કે,—

" નવીન સ્ટાંપનિબંધ પ્રમાણે અગર સ્ટાંપનિબંધ સંબંધે નોંધણીખાતા માટે થયેલા નિયમ પ્રમાણે ખુલાસા મળવા માટે વરિષ્ટકોરટમાં રેફરન્સ કરવામાં આવે જે, તે દસ્તાવેજની પક્ષકાર લોકોને રેફરન્સ કરનારઅમલદારે કામી વરિષ્ટકોર્ટમાં ખુલાસાસારૂ મોકલ્યું છે, એ બાબે તથા પક્ષકારોને જે તકરાર જાહેર કરવી હોય તે જાતે અથવા વકીલ મારફતે કરવા વરિષ્ટકોર્ટમાં છુટ છે એ બાબે, પક્ષકારો રેફરન્સ કરનાર અમલદાર સમક્ષ હાજર હોય તો તેમને સમજુત આપતા જવી, ને હાજર નહીં હોય તો ઉપર પ્રમાણે નોટીસથી પક્ષકારોને ખબર આપતા જવી ને એ પ્રમાણે કર્યા વિષે જે લખાણ સાથે રેફરન્સ કર્યું હોય તેમાં લખવાનો વહિવટ રાખવો."

ઉપર પ્રમાણે પક્ષકાર આ કોરટમાં હાજર થશે તો તેમનુ કામ કઇ તારીખ ઉપર રાખવામાં આવ્યું છે એ બાબતની સમજુત તેમને આ કોર્ટથી આપવામાં આવશે."

સબબ આયંદેથી ઉપર પ્રમાણે વહિવટ દરેક નોંધણીઅમલદારે રાખવા માટે આ સરક્યુલરથી જણાવવામાં આવે. તારીખ ૧૨ માહે જાનેવારી સન ૧૮૯૧."

(સહી). અંબાલાલ સાકરલાલ.

ચી. જ. નોં. મુ. અ.

---

(૨). અટકાવેલા દસ્તાવેજ સંબંધે નોંધણી અમલદારોએ શીશી તજવીજ કરવાની તે વિષે.

સરક્યુલર નંબર ૭ સન ૧૮૯૦-૯૧. ×

"નવીન સ્ટાંપનિબંધની કલમ ૩૧ પારેગ્રાફ ૨ પ્રમાણે દસ્તાવેજ અટકાવી નોંધણીઅમલદાર પ્રાંતના સુભાતરફ મોકલે છે, તે જે લખાણ જોડે મોકલે છે તેમાં દસ્તાવેજ કીયા

---

* વડોદરાવત્સલ ગ્યાઝેટ ભાગમાં આ સરક્યુલર તા. ૧૮-૧-૯૧ ના રોજ પૃષ્ઠ ૨૧૫ ઉપર છાપેલો છે.

× વડોદરાવત્સલ ગ્યાઝેટ ભાગમાં આ સરક્યુલર તા. ૧-૨-૯૧ ના રોજ પૃષ્ઠ ૨૪૭ ઉપર છાપેલો છે.

કારણથી મોકલ્યો છે તથા સ્ટાંપ બદલ તજવીજ થઈ કીયા માણસને સ્ટાંપનિબંધની કલમ ૩૩ રકમ ૨ પ્રમાણે આપવો એ બદલ, તથા દસ્તાવેજ પ્રાંતના સુભા તરફ મોકલ્યો છે એવી ખબર, તથા જે કાંઈ એ સંબંધે જાહેર કરવું હોય તે સુભાસાહેબ રૂબરૂ હાજર થઇ જાહેર કરવું એવી સજુત જેના તાબામાંથી એ દસ્તાવેજ અટકાવી રાખ્યો હોય, નોંધણીઅમલદાર પાસે આવ્યો હોય તેને આપતા નથી, તથા સમજુત આપ્યા બદલ લખાણમાં સુભાસાહેબને લખી જણાવતા નથી, તેથી દસ્તાવેજનો જલદી નિકાલ થવામાં અડચણ આવે છે, એવું એક કામમાં જણાઈ આવ્યું છે. સબબ આ સરક્યુલર કરવામાં આવે છે કે, આગળથી જે દસ્તાવેજ તેઓ અટકાવી પ્રાંતના સુભાસાહેબ તરફ જે લખાણ જોડે મોકલે તે લખાણમાંજ નીચે પ્રમાણે માહિતી આપતા જવી:—

૧. અમુક કારણસર તથા અમુક કલમ વિરૂદ્ધ તે દસ્તાવેજ થએલો છે એ,

૨. નવીન સ્ટાંપનિબંધની કલમ ૩૩ રકમ ૨ પ્રમાણે તે દસ્તાવેજ કોને પરત મળવાનો છે એ,

૩. જેના તાબામાંથી એ દસ્તાવેજ રજુ થયો તેને દસ્તાવેજ સુભાસાહેબ તરફ મોકલ્યો છે એવી ખબર આપી છે તથા સુભાસાહેબ તરફ હાજર રહીને જાહેર કરવું હોય તે જાહેર કરવા સમજુત આપી છે.

ઉપર પ્રમાણે વહિવટ રાખવો જોઈએ. તારીખ ૨૬ માહે જાનેવારી સન ૧૮૯૧."

(સહી). અંબાલાલ સાકરલાલ,

ચી. જ. નો. મુ. અ.

---

(૩) નોંધણીકચેરીમાં સાધારણ મુખત્યારપત્રની નકલો કોરટ ફી સ્ટાંપ ઉપર લેવા વિષે તથા એવી નકલો દસ્તાવેજી સ્ટાંપ ઉપર લેવાની નથી એ વિષે.

સરક્યુલર નંબર ૧૧ સન ૧૮૯૦-૯૧.*

" નોંધણીકચેરીઓમાંથી નોંધબુકોમાંથી દસ્તાવેજની નકલો ઉપરથી લોકો નકલો માગે છે તે તથા સાધારણ મુખત્યારપત્રની સત્તાદસ્તાવેજ નોંધવા રજુ કરે છે તેની નકલ નોંધણીકચેરીમાં આપી અસલ સાધારણ મુખત્યારપત્ર રજુ કરનાર પક્ષકાર પાછું લે છે: આ બન્ને પ્રકારની નકલો કેવા પ્રકારના સ્ટાંપ કાગળ ઉપર હોવી જોઇએ એ બાબતમાં આ તરફથી શેરા જા. નં. ૪૫તા. ૧૪-૧૧-૮૯ તથા જા. નં. ૬૩૭ તા ૧૮-૧૦-૯૦ ના ખુલાસા ગયા છે, પરંતુ આ બાબતમાં સઘળી નોંધણી કચેરીઓમાં એક સરખો વહીવટ રેહેવા માટે એક પ્રકરણ રાવસાહેબ નોંધણીતપાસણીકામદાર તરફથી જા. નંબર ૩૦૦ તા. ૨૬-૧-૮૮ થી ઉપસ્થીત થયેલું હોવાથી તે બાબત એક સરખો વહીવટ રેહેવા માટે નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે:—

---

* આ સરક્યુલર આજ્ઞાપત્રિકા, ભાગ ૧માં તા. ૧૨-૩-૯૧ ના રોજ પૃષ્ઠ ૫૯ ઉપર પ્રસિદ્ધ થયો છે.

નવીન કોર્ટફી સંબંધે નિબંધ થતાં સુધી નોંધબુકમાંની નકલ ઉપરથી નકલ માગે તેને સાધારણ પણે કોર્ટફી સ્ટાંપ ઉપર આપવાને હરકત નથી. કરણકે, કોર્ટફી સંબંધે હજુ જુનો નિબંધ કાયમ છે, અને તેની નિશાણી ૨ ની રકમ ૬ પ્રમાણે સરકારી દફતરના કાગળની નકલ સહી સુદ્ધાંતની ચાર આનાના સ્ટાંપ ઉપર આપવાનો અધિકાર છે, અને નિશાણી ૨ માં બતાવેલા કાગળ કોર્ટફીના છે.

નોંધણી નિબંધની કલમ ૩૬ પ્રમાણે નોંધણીઅમલદાર પાસે અસલ મુખત્યારનામું રજુ થવાનું છે, તથા તે ઉપર અમુક રોજ નંબરના દસ્તાવેજના કામમાં રજુ થયું એવો દાખલો નોંધણીકામદારે લખવાનો છે, એટલે આ કાગળ સરકારી દફતરનો કાગળ માનવો જોઇએ. હવે સદરહુ મુખત્યારનામાની નકલ પક્ષકાર કરાવી લાવી ખરી નકલની સહી નોંધણી-કામદાર પાસે કરાવી તે દફતરે રાખવા આપી સદરહુ અસલ મુખત્યારનામું પાછું લે છે, એટલે, જુના સ્ટાંપનિબંધ પ્રમાણે સરકારી દફતરના કાગળની નકલ આ નકલને સમજવાને હરકત નથી, તેથી તે પણ ઉપર પ્રમાણે ચાર આનાના કોર્ટફી સ્ટાંપ ઉપર હોવી જોઇએ.

ઉપર પ્રમાણે આયંદેથી વહિવટ રેહેવો જોઇએ, તારીખ ૬ માહે માર્ચ સને ૧૮૯૧."

(સહી). અંબાલાલ સાકરલાલ

ચી. જ. નોંધણીખાતાના મુખ્યઅધિકારી.

---

(૪). અટકાવેલા દસ્તાવેજ વિષે જે ઠરાવ થાય તેની ખબર મે. સુબાસાહેબે અટકાવી રાખનાર નોંધણીઅમલદારને મોકલવા વિષે.

વટહુકમ નંબર ૧૪ સન ૧૮૯૦-૯૧.(૧).

"સ્ટાંપનિબંધની કલમ ૨૯ પ્રમાણે દસ્તાવેજ અટકાવી મે. રા. બા. સુબાસાહેબ તરફ કલમ ૩૧ પ્રમાણે મોકલવામાં આવે છે, તે કામમાં દસ્તાવેજ યોગ્ય સ્ટાંપ ઉપર છે એવો, કિંવા ઇતર પ્રકારનો, ઠરાવ સુબાસાહેબ તરફથી થાય છે તેની નકલ માહિતી સારૂ નોંધણી-કચેરીમાં આવતી નથી, તેથી વાર્ષિકપત્રકની નમુના (ખ) ના આસન ૪૨-૪૩ માં માહિતી ભરવાને હરકત આવે છે. માટે એ બદલ યોગ્ય તે તજવીજ થવા વિષે રા. ખેરાળુ નોંધણીકામદારે જા. નં. ૧૨૮ તા. ૯-૫-૯૧ થી કરેલું લખાણ મે. રા. કડીપ્રાંતના જલ્ય નોંધણી સરકામદારના નં. ૧૪૦૫ તારીખ ૧૯-૫-૯૧ થી તેમના અભિપ્રાયસહ આ તરફ આવેલું તે લગત જા. નંબર ૩૩૩ તા. ૨૨-૫-૯૧ નો શેરો આ તરફથી મે. રા. કડી-પ્રાંતના સુબાસાહેબ તરફ લખવામાં આવ્યો તેનો ઉતારો.

"સદરહુ ઉપરથી આપસાહેબના જાણવામાં આવશે. નોંધણીકામદારો જે લખાણથી આપસાહેબ તરફ અટકાવી રાખેલા દસ્તાવેજ મોકલે છે તે લખાણ લગત તે દસ્તાવેજોના સ્ટાંપના સંબંધે જે ઠરાવ કરવામાં આવે તેની ખબર નોંધણીકામદારેને આપવાનો વહિવટ રહેવો જોઇએ, કે જેથી વાર્ષિકપત્રકો સંબંધે માહિતી ભરવાને તેમને ઠીક પડે, તે મેહેરબાનને વિદિત થાય."

---

(૧). આ વટહુકમ આજ્ઞાપત્રિકા, ભાગ ૧માં તા.૨૮-૫-૯૧ના રોજ પૃષ્ઠ ૨૯૨ ઉપર પ્રસિદ્ધ થયો છે.

સદરહુ પ્રમાણે મેહેરબાન તમામ સુબાસાહેબો તરફથી નોંધણીકામદારો તરફ ઠરાવની ખબર આપવાનો વહિવટ રાખવાની તજવીજ મેહેરબાનીથી થવી જોઇએ. તા. ૨૨-૫-૫૧."

(સહી). અંબાલાલ સાકરલાલ,

ચીફજસ્ટિસ, નોંધણીખાતામા મુખ્યઅધિકારી.

સમાપ્ત.

સાંકળિયું (ઈનડેક્ષ).

(જે તે બાબતના મુળાક્ષરનો અનુક્રમ પ્રમાણે ટુકામાં કરેલું સાંકળિયું).

—o✻o—

અ

ઈ.

ઉ

બાબત. પૃષ્ઠ.

ઓ.

ક.

બાબત. પૃષ્ઠ.

ગ

બાબત. પૃષ્ઠ.

ત.

થ.

દ.

ફ.

બ.

મિલકતની કિંમત અથવા આકારણી દસ્તાવેજમાં ન લખ્યાથી તે ઠરી લેવા વિષે આગળચાલુ.

બાબત. પૃષ્ઠ.

શ.

સ.

બાબત. પૃષ્ઠ.

હ.

સમાપ્ત.

શુદ્ધિપત્ર

પૃષ્ઠ.	ઓળ.	અશુદ્ધ.	શુદ્ધ.
૪૫	૨૧	અથુારા	અમારા
૪૪	૧૦	તા. ૯	તા. ૮
,,	૧૭	તા. ૬-૧૦-૯૦	તા. ૬-૧૦-૮૯
૪૫	૧૩	ડીસેમ્બરનો સન ૧૮૮૯	ડીસેમ્બર સન ૧૮૮૯ નો
૪૬	,,	રકમ ૧૮	રકમ ૧૭
૪૮	૫	મુછત	પુછતાં
૬૩	૩૫	નંબર ૪૯	નંબર ૪૮
૬૫	૩	તા. ૧૯-૧૦-૮૯	તા. ૧૮-૧૦-૯૦
૬૮	૩	રકમ ૨૬	રકમ ૨૪
૬૯	૫	,,	,,
,,	૧૭	પરિશિષ્ટ ૧	પરિશિષ્ટ ૨
,,	૧૯	સન ૧૮૮૯	સન ૧૮૮૮
૭૧	૨૪	દી. સ્ટાં. ખુ.	*દી.સ્ટાં.ખુ.
૮૦	૭	પૃ. ૩૪૮	પૃ. ૩૪૯
૮૫	૧૮	તા. ૧૮-૧૦-૮૯	તા. ૨૬-૧૦-૮૯ (૧) નો
૯૧	૧૬	તા. ૨૯-૧૦-૮૯	,,
૯૩	૧	,,	,,
૧૦૦	૨૭	પ્રકાસ.	પ્રકારે
	૨૮	મારે	માસ.
૧૦૩	૫	બીજીએ	બીજાએ
૧૦૭	[illegible]	૧૧ (ક)	૧૧ (ખ)
,,	૨૦	અતુળ	આ તુળ
૧૦૮	૧૦	વેચણારના	વેચાણીનાં
૧૧૧	૧૪	પરિશિષ્ટ ૧ રકમ ૪	પરિશિષ્ટ ૧ રકમ ૬
૧૧૩	,,	સંદર્પ	સંદર્ભ
૧૨૦	૧૫	(હેડીંગ નથી)	હકીકત
૧૨૮	૨૭	4.9a	49/a
૧૪૦	૧૭	પૃષ્ઠ ૩૨	પૃષ્ઠ ૫૩૨
,,	૨૭	ખરદ	ખરીદ

પૃષ્ઠ.	ઓળ.	અશુદ્ધ.	શુદ્ધ.
૧૪૮	૧૬	દી. સ્ટાં. નંબર ૨	નંબર ૨૩
૧૫૦	૧૩	આગલા કુપર એવો	આગળ કુપર એવા
૧૫૮	૨૩	તેમેં	તેમાં
૧૬૦	૬	ઉઠાવવા	ઉઠાવવા
૧૬૪	૧૮	આવેશીલ	આપેથી
૧૬૫	ટીકા ૧	પૃ. ૧૫૪	પૃ. ૧૯૫
૧૬૬	૪	દર્શાતિ	દર્શિત
,,	૧૮	(સદ્ધપુર)	(સિદ્ધપુર)
૧૬૭	૨૩	તા. ૮–૫–૭૫	તા. ૮–૫–૮૫
૧૭૭	૨૫	ધારામાં	વધારીમાં
,,	છેલ્લી	પૃ. ૧૧૩	પૃ. ૧૫૭
૧૭૮	૧૬	તા. ૧૯–૫–૯૧	તા. ૨૯–૫–૯૧
૧૮૧	૧૮	હલનો	હાલનો
૧૮૨	૧૬	(ફૈરન્સ)	(રેફરન્સ)
૧૮૨	૪	તા. ૮–૯–૮૭	તા. ૮–૭–૮૭
૧૮૭	૧૧	લાગુ કર્યો છે.	લાગુ કર્યોછે.
૧૮૮	૬	સ્ટાંપની રૂર નથી	સ્ટાંપની જરૂર નથી
૧૯૦	૧	લખી ટીપ	લેખી ટીપ
૧૯૫	૭	પવ	પૂર્વે
૨૦૦	૫	લહી છે.	સહીછે.
૨૦૨	૨૦	નંબર ૧ ના	નંબર ૧ ના
૨૦૬	૬	નકકો	નકકોર
૨૦૭	૫	કલમ ૧૧ (૧)	કલમ ૧૧ (ક)
૨૦૯	૨૨	નંબર ૪૪ સન ૧૮૯૦–૯૧	નં. ૪૪ સન ૧૮૮૯–૯૦
૨૩૨	છેલ્લી	નંબર ૧૫	નંબર ૩૨
૨૩૭	,,	ઠરાવ પૃષ્ઠ ૧૧૬	ઠરાવ પૃષ્ઠ ૧૬૫
૨૩૮	૩	દરેલા	કરેલા
૨૪૬	૪	આપી.	આવી
૨૫૧	છેલ્લી	પૃ. ૮૯	પૃ. ૧૦૩
૨૫૨	,,	,,	,,
૨૬૨	૨૧	આપેલી	આવેલી.
૨૬૪	૨૩	મુંબઇ પૃ. ૫૧	મુંબઇ પૃષ્ટ ૫૧૧
૨૬૭	ટીપમાં કલમ ૨૩ છે		ટીપમાં કલમ ૨૦
૨૬૮	૯	બક્ષીસપત્ર, મૃત્યુપત્ર કિંવા	બક્ષીસપત્ર કિંવા મૃત્યુપત્ર
૨૭૦	૨૧	તથા દેવુ	તથા લેવુ
૨૭૧	૨૧	ત્યા ઠરાવથી	આ ઠરાવથી
૨૭૪	છેલ્લી	(બીજો એકડો) (૧).	(૨)

પૃષ્ઠ.	ઓળ.	અશુદ્ધ.	શુદ્ધ.
૨૭૭	૧૧	ચીફ્જસ્ટિસ એઓ,	ચીફ્જસ્ટિસ, એઓ
૨૮૧	૧૪	દસ્તાવેજનું	દસ્તાવેજના
૨૮૮	૨૩	તપાસતાં,	તપાસતું
,,	૨૨	સન ૧૮૯૦	સન ૧૮૯૦
,,	૨૪	ના મોજીના	નામે જુનો
૨૯૦	૧૪	પ્યારા ૨	પ્યારા ૧
,,	૧૭	રકમ ૧	રકમ
,,	૨૧	પ્યારા ૨	પ્યારા ૧
૨૯૨	૧૪	,,	;;
૨૯૮	૮	તી. ૧૯–૭–૮૮	તા. ૧૯–૭–૬૭
૩૦૫	૩	ખતર	ખેતર
૩૦૯	૨૪	કલમ ૨૩	કલમ ૨૦
૩૧૧	૧૫	પાસો	પાસે
૩૧૩	૧૮	રાજા	રાજ્ય
૩૧૯	છેલી	પૃ. ૨૭૦	પૃ. ૨૬૪
૩૫૨	૨૮	કોરટે મિમેલા	કોરટે નહીં નિમેલા
૩૨૪	૬	લાગત પાત્ર	લાગતને પાત્ર
૩૨૫	૯	લાગતં	લગત
૩૨૮	૨	આવો	આવા
૩૩૮	૫	નંબર ૭૬	નંબર ૭૫
૩૩૯	૨૩	કર્યાં છે (૨).	કર્યાં છે (૧).
૩૪૦	૨૮	લેપ્યથી	લેખથી
૩૪૩	૭	રકમ ૩ (ડ)	રકમ ૩ (ડ·)
૩૪૬	૧૮	લાગત	લગત
૩૬૧	છેલી	પૃ. ૨૯	પૃષ્ઠ ૨૮
૩૭૩	૧૯	રકમ ૨૪	રકમ ૪
૩૭૭	૬	નંબર ૬	નંબર ૫૬
૩૮૩	છેલી	તા. ૨૩–૭–૫૧	તા. ૨૩–૯–૫૧
૩૯૩	છેલી	પૃષ્ઠ ૩૫	પૃષ્ઠ ૩૭
૩૯૧	૧૫	તા. ૨૧–૭–૫૧	તા. ૨૨–૭–૫૧
૩૯૬	૩૦	સ્ટાંપવર	સ્ટાંપાવર
૩૯૮	૧૧	રૂબરૂ	રૂબરૂ*
૪૦૧	૧૦	રકમ ૮	રકમ ૯
૪૦૬	૨	નંબર ૭	નંબર ૭૨
૪૧૮	૨૮	નંબર ૧૯–૨૦–૨૧	નંબર ૧૯–૨૧–૨૩
૪૨૪	૪	નંબર ૬૪૬	નંબર ૬૮૬

પૃષ્ઠ.	ઓળ.	અશુદ્ધ.	શુદ્ધ.
૪૪૪	૨૨	તા. જુલાઇ	તા. ૧૮ જુલાઇ
૪૪૫	૧૮	આવે	આવે છે
૪૪[illegible]	૨	કરણુ કે	કારણુ કે